॥ ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

પ્રગટ ભગવાનની પરાવાણી



: પરાવાણી :

પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ

M.A.,Ph.D., D.Phil., D.Litt.

: પ્રાપ્તિ સ્થાન :

પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :

શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં ગીતામાં કરેલી 'સમ્ભવામિ યુગે યુગે'ની ઘોષણા પ્રમાણે સ્વતંત્ર અને સમ્રાટ એવા એ રાજાધિરાજને પૃથ્વી પર પ્રગટ થવાના કૃપા સિવાય કોઈ બાધ્ય કારણો હોતા નથી. ઘણી વખત એવું પણ બને છે કે તુચ્છ બુદ્ધિના માનવીઓ કે જે તેમના અવતરણનો હેતુ સમજી શકતા નથી. તેઓ પરમેશ્વરના માપદંડ કાઢવા બેસે છે પરિણામે કૂપમંડુક ન્યાયે તે પોતાની ગેરસમજણ દુનિયામાં ફેલાવે છે પરંતુ 'યમેવૈષ વૃણુતે તેનૈષ લભ્યઃ' આ વેદવાક્ય પ્રમાણે પરમેશ્વરે જેનું કૃપા વડે વરણ કર્યુ કે 'હું આને મળુ, હું આને ઓળખાવ, હું આને યથાર્થ સમજાઉં વગેરે... તેને જ પરમેશ્વર મળે છે, ઓળખાય છે, સમજાય છે. બીજાને તો મનુષ્યરૂપ ધારીને સામે ઉભા હોય તોય પોતાના જેવા જ લાગે છે.

પરમધામમાં સ્થિત પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણે માતા કંભરાલક્ષ્મી - પિતા ગોપાલકૃષ્ણ થકી કુંકાવાવ તીર્થમાં જન્મ ધારણ કરી, સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંત સ્વરૂપે રહી અનેક મહાન દિવ્ય સત્શાસ્ત્રોની રચનાઓ કરી. સર્વવિદ્યામહોદધિ એવા શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે સંસ્કૃત ભાષાને શાસ્ત્રરચનામાં સ્વીકારી. એવું બિલકુલ પણ ન હતું કે તેઓ એક સંસ્કૃત ભાષાના જ મહાવિદ્વાન હતાં. દુનિયાની દરેક ભાષા તેમના માટે સામાન્ય હતી. તેઓ જે ભાષામાં ધારે તે ભાષાઓમાં ગ્રંથોના નિર્માણ કરી શકત પરંતુ આર્ષ પરંપરાને અખંડિત રાખવા તેમણે સંસ્કૃત ભાષાને માધ્યમ બનાવી અનેક જીવાત્માઓના કલ્યાણ માટે સત્તાવન જેટલા સર્વશ્રેષ્ઠ કલ્યાણકારી શાસ્ત્રોની રચના કરી. જે તમામ શાસ્ત્રો જૂનાગઢધામ દ્વારા થોડા સમય પહેલા જ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

જે રીતે ભગવાન સ્વામિનારાયણના સમયમાં તેઓ જે કાંઈ પણ ઉપદેશની વાત કરતાં તો તેને નંદસંતો લખી લેતાં, જેથી આજે વર્ષો પછી પણ એ વાતોનો ગ્રંથ 'વચનામૃત' તરીકે પ્રસિદ્ધીને પામ્યો છે તેનો અનેક સંતો-ભક્તો કથાવાર્તામાં એ શાસ્ત્રનો લાભ લઈ રહ્યા છે.

માટે મહારાજના ઘણા ભક્તોની વર્ષોથી ઈચ્છા હતી કે, મહારાજના સ્વમુખની પરાવાણીનું પણ શાસ્ત્ર તૈયાર થાય તો કથાવાર્તા-સત્સંગમાં ઘણો લાભ મળે. તેથી ભક્તોની ઈચ્છા પૂર્ણ કરવા માટે ઘણા સમયના અથાગ પ્રયત્નોથી મહારાજના હયાતીના ઘણા જૂના ભક્તોના ઘરે જઈ મહારાજની પરાવાણીની ઓડિયો કેસેટો સૌ પ્રથમ મેળવી ત્યારબાદ એ કેસેટો સાંભળવામાં સૌને અનુકુળ રહે માટે તેને રેકોર્ડિંગ સ્ટુડિયોમાં શક્ય બને તેટલી ચોખ્ખી કરાવી તેની સીડી, પેનડ્રાઈવ તેમજ મોબાઈલ એપ્લીકેશન પણ બનાવી, જેથી આજે ઘર બેઠા અનેક ભક્તો મહારાજની પરાવાણી સાંભળવાનો લાભ લઈ રહ્યા છે.

મહારાજની જેટલી પણ ઓડિયો રેકોર્ડિંગની કેસેટો પ્રાપ્ત થઈ તે કેસેટોને સાંભળીને અક્ષરશઃ જેમ છે તેમ યથાર્થ લખવાનું કાર્ય શરૂ કર્યુ, તેમાં લખાણમાં પૂજાબેન ટાંક (C.A) તેમજ પ્રૂફરિડીંગમાં પ્રોફેસર પરસોત્તમ ચોટલીયા સાહેબે સહયોગ આપ્યો છે. તેમજ આ શાસ્ત્રના પ્રકાશન કાર્યમાં જે યશસ્વી યજમાન ભક્તોએ આર્થિક સહાય આપી છે, તે સર્વ ભક્તો પર પ્રગટ ભગવાન પોતાની પૂર્ણ કૃપાદૃષ્ટિ રાખે તેમજ તેમને આ લોક અને પરલોકમાં મહાસુખિયા કરે તેવી પ્રાર્થના સાથે પવિત્ર અધિકમાસમાં પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના દિવ્ય ચરણોમાં આ 'પ્રગટ ભગવાનની પરાવાણી' શાસ્ત્ર શ્રીકૃષ્ણાર્પણ કરતાં આનંદ અને ધન્યતાનો અનુભવ કરીએ છીએ.

- લી. શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી

❖ અનુક્રમણિકા ❖

ક્રમ	પરાવાણી	પેજ નં.
૧.	આત્મનિવેદી ભક્તિની સમજણ ભક્ત નરનારીઓએ જાણવા જેવો ઉપદેશ	૧
૨.	પ્રગટ ભગવાનની આ સમયે ભક્તો પર વિશેષ કૃપા પ્રગટ ભગવાનની સેવાનું ફળ	૪
૩.	ભગવાનની ભક્તો પર અપાર કૃપા પરમધામના દિવ્ય સુખનું વર્ણન	૭
૪.	પ્રેમલક્ષણા ભક્તિનું ફળ ભગવાનના દિવ્ય સુખનું વર્ણન	૧૮
૫.	પ્રગટ ભગવાનના ધામના સુખનું વર્ણન અનાદિ મુક્તો દ્વારા ધામમાં પ્રભુની સેવાનું વર્ણન	૨૩
૬.	મુક્તોની દિવ્ય સમજણ પૃથ્વી પર ભગવાનને મનુષ્યરૂપ ધરવાનું કારણ	૨૯
૭.	એકાંતિક ભક્તના લક્ષણો મુક્ત ભક્તોને પ્રગટ ભગવાનના અંતરના આશિર્વાદ	૩૪
૮.	ભગવાનની અનંત શક્તિઓનું વર્ણન સત્સંગીએ ભગવાનને બધુ કૃષ્ણાર્પણ કરતાં શીખવું	૩૯

૯.	બધુય પરમેશ્વરનું છે માટે અહમ્-મમ્નો ત્યાગ કરવો શાસ્ત્રો દ્વારા વર્ણિત મોક્ષમાર્ગ	૪૫
૧૦.	ભગવાનના સંતોનો મહિમા સંતની સેવાની રીત	૫૫
૧૧.	માનવ જન્મમાં પ્રત્યક્ષ ભગવાનની શરણાગતિથી લાભ નાનપણથી જ ભગવાન માટે જન્મ સુધારવો	૫૭
૧૨.	માનવ સૃષ્ટિમાં સમય-સમય પર ભગવાનનું પ્રાગટ્ય ભગવાનને ચિહ્નોથી પણ ઓળખી ભજી લેવા	૬૨
૧૩.	ભગવાન જેને ગ્રહણ કરે તે મુક્ત થઈ જાય માનસીપૂજાની રીત અને મહિમા	૬૪
૧૪.	ભક્તિનું માહાત્મ્ય ભક્તિના ફળરૂપે ધામની પ્રાપ્તિ	૭૧
૧૫.	પંચઈન્દ્રિયોને ભગવાનમાં જોડવાની રીત ભગવાનનો પૂર્ણ લાભ લેવા માટે પતિવ્રતાની ભક્તિ કરવી	૭૭
૧૬.	ભક્તને સુખી થવાની રીત ભગવાન લેખે કરે એ સુખિયો, નહિ તો દુખિયો	૮૩
૧૭.	ભગવાન જેમાં રાજી એવી સેવા કરે તો રાજીપો વર્તે પ્રગટ ભગવાન અને સંતની સેવાથી ધામની પ્રાપ્તિ	૮૬
૧૮.	ભક્તે ભગવાન પ્રત્યે રાખવાની સમજણ સખીપણે પુરુષોત્તમ નારાયણને સેવવા-ભજવા	૮૮

૧૯.	ભગવાનની અકળ કળા અને પ્રતાપ ભગવાનનું શરીરરૂપી બ્રહ્માંડનું અદ્‌ભુત સર્જન	૯૩
૨૦.	સંતરૂપે ભગવાન મળે એ જરૂર તારે ભગવાનના ધામમાં જવાય એ જ સાચી કમાણી	૧૦૨
૨૧.	નવ પ્રકારની ભક્તિની સમજણ ભગવાન ભક્તને બહુ દુઃખ આવવા દેતા નથી	૧૦૬
૨૨.	પ્રભુના રાજીપામાં વિઘ્નરૂપ બે દોષો : અહમ્ અને મમ્ ભગવાન પાસે કાયમ શું પ્રાર્થના કરવી ?	૧૧૧
૨૩.	અનેક દેવીઓને શ્રીકૃષ્ણ અવતારમાં સુખ મળ્યું ભગવાન ભક્તિમાં વિઘ્નરૂપ માયાને દૂર કરે છે	૧૧૫
૨૪.	સદ્‌ગુણોથી જીવને સાધુ બનાવવાની રીત દરેકમાં અવગુણ નહિ પણ ગુણોને જોતા શીખવું	૧૨૨
૨૫.	ગુરુ મહિમા સાચા ગુરુ ભગવાન	૧૩૦
૨૬.	સ્વાર્થ માટે ભક્તિ ન કરવી ભગવાનના પૂજારીએ શીખ લેવા જેવી કથા	૧૩૩
૨૭.	નિષ્કામભાવે ભક્તિ કરવી સત્સંગમાં માન-અપમાન સહન કરીને નિર્માની રહેવું	૧૪૧
૨૮.	સર્વસ્વ ભગવાન લેખે કરવું જીવાત્મા ભગવાનનો થાય તો ભગવાન એની સંભાળ રાખે	૧૪૯

૨૯.	સૃષ્ટિ રચવા પાછળ ભગવાનનો હેતુ ભગવાનની મૂર્તિમાં ઘણુંય રહ્યું છે	૧૫૨
૩૦.	ભક્તોના સુખ માટે પ્રગટ પ્રભુનું જગતમાં વિચરણ બધુય ભગવાનનું છે માટે તેમની પ્રસાદી કરીને વાપરવું	૧૫૫
૩૧.	ભગવાનની સંસારરૂપી નિશાળ શાસ્ત્રની કલમે કન્યાના ધર્મો	૧૫૮
૩૨.	ભગવાન ભક્તને માટે બધું જ કરે છે ગરીબ કુટુંબને ભગવાન પ્રત્યેનો પ્રગટભાવ અને શ્રદ્ધા	૧૬૪
૩૩.	શરણાગતિમાં છ પ્રકારના જ્ઞાનની સમજણ વિશ્વાસ, વરણમ્, ન્યાસ, કાર્પણ્યમ્, સ્થિરામતિ, અનુકુળ સંકલ્પ	૧૭૨
૩૪.	જૂનાગઢ મંદિરમાં પટેલીયાઓની દેખભાળ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પટેલીયાઓને સત્સંગ	૧૮૮
૩૫.	કુંકાવાવ તીર્થમાં મૂર્તિ પધરાવ્યાનું ભક્તોને ફળ પ્રગટ ભગવાનની સેવાથી ભક્તો વિશેષ સુખી થયા	૧૯૦
૩૬.	પ્રગટ ભગવાનનો રાજીપો એ જ ભક્તો માટે પુણ્ય પુણ્ય આપનાર - લેનાર અને ભોગવનારની વાત	૧૯૪
૩૭.	પૃથ્વીમાં સમય-સમય પર ભગવાનનું કાર્ય શ્રીકૃષ્ણએ ૧૬,૧૦૮ પટરાણીઓને પ્રાપ્ત કરી	૨૦૧
૩૮.	તીર્થધામ કુંકાવાવ મંદિરની રચનાનો ઈતિહાસ તીર્થધામ જામવણથલી મંદિરની રચનાનો ઈતિહાસ	૨૧૨

૩૯.	પૂજ્યવર્ગની મર્યાદા પાળવી પાખંડ ધર્મ પાળવો નહીં	૨૧૬
૪૦.	ભગવાનના પ્રસાદીના જળનો પ્રતાપ ભગવાનને જમાડવાનું તેમજ મંદિરના જીર્ણોદ્ધારનું ફળ	૨૨૪
૪૧.	અલૌકિક ધર્મ અને ભાગવત ધર્મના સ્વરૂપની સમજણ મહાભાગવત ધર્મ પાળવાથી આ લોક-પરલોકમાં સુખી રહેવાય	૨૩૩
૪૨.	શાસ્ત્રો દ્વારા વર્ણિત મૂર્તિની સેવામાં મર્યાદા મુશ્કેલીમાં અંતર્યામી ભગવાનને સંભારવા	૨૪૧
૪૩.	શાસ્ત્રીય ઉપાસનાની સમજણ શરણાગતિ પછી જ્ઞાન-ભક્તિના બળ-સ્વરૂપની સમજણ	૨૪૯
૪૪.	સદ્‌બુદ્ધિના લાભ અને અસદ્‌ બુદ્ધિના ગેરલાભ શુદ્ધિ-અશુદ્ધિનું જ્ઞાન, કથા પારાયણના ધર્મનિયમો	૨૬૨
૪૫.	મોક્ષ ઉપયોગી સાધારણ ધર્મ ગૃહસ્થ, ત્યાગી, આચાર્ય, સાધુના ધર્મોનું વર્ણન	૨૮૧
૪૬.	સત્સંગીજીવન ગ્રંથનું માહાત્મ્ય ભગવાનની કથા શ્રવણનું ફળ	૨૮૮
૪૭.	માનસ પ્રત્યક્ષ, લૌકિક પ્રત્યક્ષમાં અલૌકિક પ્રત્યક્ષની વાત ભગવાનના સંબંધ વિનાના પરધર્મની દૂર રહેવું	૨૯૪
૪૮.	દ્રૌપદી, સતી સાવિત્રી આદિક પતિવ્રતા નારીની કથા પતિવ્રતા નારીનો ધર્મ અને મહિમા	૩૦૧

૪૯.	દ્રોહના વચનો ન બોલવા કૃતઘ્નીનો સંગ ન કરવો	૩૦૬
૫૦.	જનકરાજાના વિદેહીપણાની કથા ઈન્દ્રિયોને ભગવાનમાં જોડવાનું અને ભોજનમાં પવિત્રતાનું મહત્વ	૩૧૨
૫૧.	ભગવાનનું સર્વપ્રકારે સ્વામીપણું ભક્તોને આનંદ આપવા માટે ભગવાનનું મનુષ્યરૂપ	૩૨૨
૫૨.	અધિકમાસના ધર્મનિયમ અને માહાત્મ્ય અધિકમાસમાં ભક્તોએ ધ્યાન રાખવા જેવો ઉપદેશ	૩૨૬
૫૩.	સાચા પરમેશ્વરની સમજણ સર્વ ઈન્દ્રિયોને ભગવાનમાં જોડવાની વાત	૩૩૪
૫૪.	शरणागति में छ प्रकार के ज्ञान की समजण विश्वास, वरणम्, न्यास, कार्पण्यम्, स्थिरामतिः, अनुकुल संकल्प	૩૬૫

⁂ પરાવાણી - ૧ ⁂

✪ આત્મનિવેદી ભક્તિની સમજણ
✪ ભક્ત નર-નારીઓએ જાણવા જેવો ઉપદેશ

માનવ જન્મ મોક્ષને માટે છે, મોક્ષ દેવા માટે ભગવાન અને મુક્ત લોકો પૃથ્વીમાં આવે છે. પૃથ્વીમાં સાત્ત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ પ્રકારના મનુષ્યો હોય જ છે. ભગવાન સાત્ત્વિકને ગમે છે, સંત પુરુષો પણ સાત્ત્વિકને ગમે છે. ધર્મ પાળવો સાત્ત્વિકને ગમે છે. શાસ્ત્રનું જ્ઞાન ભક્તિ, એ સાત્ત્વિક ભક્તોને ગમે છે. સાત્ત્વિક કુટુંબો ઘણાં છે. જે કુટુંબો ન્હાવા, ધોવા, પૂજા-પાઠ કરવા, ભોજન પાણીમાં પવિત્રતા રાખવી, દેવ મંદિરે જવું, દર્શન કરવા, ભક્તિ કરવી. એ આસ્તિકપણું છે. પરમેશ્વરને માટે થોડું ઘણું કાંઈ પણ કરી ચૂકે છે, વ્રત, નિયમ પાળે છે, દેવમંદિરના તીર્થો કરે છે, ત્યાં જાય છે, સાધુની સેવા કરે છે. કમાણીમાંથી પ્રભુને માટે કંઈ વાપરે છે. એવા ભક્તો છે તે હેતવાળા સાત્ત્વિક ભક્તો છે અને એવા સાત્ત્વિક ભક્તો સેવા કરતાં કરતાં દિવ્ય થઈ જાય છે. કારણ કે ભગવાન અને સંત એની મૂર્તિઓ દિવ્ય છે, એની ક્રિયા દિવ્ય છે, તેના કામકાજ બધા દિવ્ય છે. એનું બોલવું, હસવું, રહેવું, ફરવું, બેસવું, મળવું એ દિવ્ય છે, કારણ કે ભગવાન અને સંત એ દિવ્ય બ્રહ્મલોકના વતની છે. ભગવાન દિવ્ય છે, માટે એના સાધુ પુરુષો ભગવાન જેવા છે અને એમાં જો હેત થઈ ગયું તો ભગવાન પોતે કહે છે, જેવું સ્ત્રીમાં હેત છે, જેવું પુત્રમાં હેત છે, જેવું સગા-સંબંધીમાં હેત છે, જેવું દ્રવ્યમાં હેત છે એવું હેત ભગવાનના સંતમાં કરવું, ભગવાનમાં કરવું.

ભગવાન વાસ્તે તન, મન, ધન, ઘર, કુટુંબ પરિવાર એ બધું કરી રાખવું, પ્રભુ આ તમારું છે, મારું કંઈ નથી, તમારું આપેલું છે એ તો મારે સાચવવા પૂરતું છે. એટલે હું સેવા કરું અને તમે રાજી રહો. આ રીતે ભગવાન માટે તન, મન, ધન, અર્પણ કરીને જે રહે છે અને ભક્તિ કરે છે, સત્સંગ રાખે છે, તે બ્રહ્મલોકનો અધિકારી છે, મોક્ષનો ભાગીદાર છે, જરૂર તેને મોક્ષ મળે છે, મોક્ષમાં જાય છે. તેને કાંઈ ઝાઝું સાધન કરવું પડતું નથી.

શ્રીજી મહારાજ કહે, ધર્મ આ દુનિયામાં સુખી રહેવાનું સાધન છે અને સમજણ તે મનના ઉદ્વેગો ટાળવાનું કારણ છે, અને વૈરાગ્ય એટલે ક્યાંય બંધાય ન જવાય એટલા માટે બંધન તોડવાનું સાધન છે અને ભક્તિ એ પ્રેમ, પ્રીતિ, સેવા, રસબસપણું, એકાત્મપણું, તાદાત્મ્યપણું, આત્મનિવેદીપણું. મહારાજ, આ મારું શરીર તમારું છે.ઈન્દ્રિય અંતઃકરણ તમારા છે, મારું ધન તમારું છે, મારા ભોજન-પાણી તમારા છે, મારું ઘર-કુટુંબ તમારું છે, આ બધું તમારું છે ને હું વાપરું છું. આવી રીતે જે પરમેશ્વરની ભક્તિ કરવી એ ભક્તિ આત્મનિવેદી ભક્તિ કહેવાય, માટે આત્મનિવેદી ભક્તિ કરનારા છે તેની પછી ભગવાન સંભાળ લે છે કે, આ ભક્ત છે તે મારે માટે મંડ્યો છે તેને હું જરૂર મારી સેવામાં રાખીશ, મારે ત્યાં લઈ જઈશ. આમ, સાત્ત્વિક કુટુંબ, પ્રભુની ભક્તિ કરનારા ભક્તજનો પરમેશ્વર વાસ્તે તન, મન, ધન અર્પણ કરી અને જન્મનો સુધારો કરી લ્યે છે. બીજાને તો કે'દિ ટાણું આવે ને કે'દિ કરે ? ઈ તો રખડુંરામ છે, તે માયામાં રખડ્યા કરે છે.

પરમેશ્વરના ભક્તે એટલું જાણવું કે, ધન્ય છે આપણને કે ભગવાન ઓળખાણા, ધન્ય છે આપણને કે પ્રભુના સાધુની સેવા-ચાકરી મળી, ધન્ય છે આપણને કે પરમેશ્વરના આશીર્વાદ અને સંતના આશીર્વાદથી દાણા અને નાણાં મળ્યા છે, ધન્ય છે આપણને સાજા-નરવા રાખે છે અને આપણી સંભાળ રાખે છે. આપણને કોઈ જાતનો વાંધો આવવા દેતા નથી. પ્રભુનો આશ્રય થયો તેને કાળ નથી નડતો, કર્મ નથી નડતા, માયાં નથી નડતી અને તેનું કોઈ પ્રારબ્ધ ખરાબ હોય તો સારું થઈ જાય છે, એમ ભગવાનની

ભક્તિ કરનાર નર-નારી તેણે એમ જ સમજવું કે આ જગતના બગીચામાં આવ્યા છીએ એટલે માળીની પેઠે બગીચો સાચવી અને પછી ફળ-ફૂલ, બીજું-ત્રીજું જે કંઈ આવે તે પ્રભુ લેખે વાપરી અને પોતાનો જન્મારો સુધારી લેવો. આ કામ મોટું છે, વિશ્વાસ પ્રભુનો રાખવો, વરવું પણ પ્રભુને. ભગવાનને ઠીક પડે એમ વર્તવું અને ભગવાનની આજ્ઞા માનવી. એ આજ્ઞા આપણો ધર્મ છે, જીવ જગતના એવા છે રજોગુણી, તમોગુણી અને પોતાનાં કંઈક સમજણની, ગર્વ અભિમાનવાળા. એને પરમેશ્વર લેખે જે બધું કરી છુટવું જોઈએ. એમાં કાંઈક આડું રહે અને કરી શકતા નથી, તો જેટલું નથી કરતા તેટલું ભોગવવું પડે છે. દુનિયાના દુઃખ તો ઊભા થાય જ છે, તે'દિ સંભારે પછી એમ સમજવું કે, આમાં આપણો જ વાંક હતો, તે નડ્યો. તે નડે જ છે, તેમાં કોઈ વાંધો નથી. પરમેશ્વર પોતાના જીવને ઉગારે છે અને અવળો હાલે તેને ખસેડે છે. એમ નર-નારીઓએ જાણી રાખ્યું હોય તો એ પ્રભુનું ભજન કરી શકે છે.



※ પરાવાણી - ૨ ※

✪ પ્રગટ ભગવાનની આ સમયે ભક્તો પર વિશેષ કૃપા
✪ પ્રગટ ભગવાનની સેવાનું ફળ

બ્રહ્મધામમાં જવાય, ચરણની સેવામાં રહેવાય, ભેગું રહેવાય એવો યોગ ભગવાને આ વખતે આપ્યો છે અને ભગવાને કૃપા કેવી કરી છે ? કોક કોક તો ત્યાગી પુરુષો સંસારથી બિલકુલ નિરાળા વર્તે, અતિ આકરા વ્રત વગેરે પળાવ્યા પણ આ વખતે ભગવાને દેશકાળ પ્રમાણે એવી કૃપા કરી છે કે, જે સ્થિતિમાં ભક્તજનો પોતાના કામકાજ કરતા રહે અને સાધુપણું આવતું જાય અને ભગવાનની ભક્તિ થાતી જાય, તદાત્મકપણું થાય, આત્મનિવેદીપણું થાય, સમજણ આવે, બળ આવે, ભેગા રહે, સેવા ચાકરી કરે, નિર્મળ હૃદયથી રહે, નિર્લેપ રહે અને પ્રભુના ધામમાં ભેગા રહેવાઈ જવાય અને ધાર્યા પ્રમાણે સેવાઓ થાય. આ વખતે એવી કૃપા કરી છે. આ કૃપાને જો સમજે તો આગલા મુક્તો હતા એવા મુક્તો, એથી વધારે સેવક થઈને ભગવાનની મૂર્તિની સાથે રહેશે. ત્યાગ, વૈરાગ્ય, તપ વ્હાલા હતા એના કરતા ભગવાનને સેવા વધારે વ્હાલી છે, સેવા કરે એટલે રાજી થાય, સેવા શરીર વડે થાય, મન વડે થાય, ધન વડે થાય, ચીજો વડે થાય, વસ્તુઓ વડે થાય. વિશ્વંભર પ્રભુએ બધી ચીજો બનાવી છે, ભક્તોને આપી છે. ભક્તો સમજે છે કે આ ભગવાનની ચીજો છે, એની આપેલી ચીજો આપણે સ્વીકારી છે, પ્રસાદી તરીકે વાપરીએ છીએ પણ એ ભગવાનની છે. માટે ભગવાનનું બધું હો અને ભગવાન રાજી થાવ. ધન બધે ઠેકાણે છે પણ આસુરી પ્રજા

ઘણી છે, ત્યાંય ધન છે, પણ ભગવાનના ભક્ત પાસે ધન આવે તો એ ધન સાત્ત્વિક અને નિર્ગુણ વૃત્તિનું થઈ જાય. એ ભક્તજનોનું ધન ભગવાનને કામ આવે.

એમ આ પૃથ્વી, જળ, તેજ, વગેરે વગેરે પદાર્થો છે, એમાં ઘણી ઘણી લાખો પ્રકારની ચીજો થાય છે પણ ભક્તોના ઘરમાં હોય તો એ ભગવાનને કામ આવે, નાનો એવો ભક્ત પણ પોતાની વાડીમાં કે ખેતરમાં કે ઘરબારમાં નાની એવી સિંગ કે ચીભડું કે કોઈ પણ મીઠી ચીજ ભગવાને પ્રગટાવી કે પોતાના હાથમાં આવી અને લો પ્રભુ આપ જમો, પ્રસાદી હું જમીશ. આ રીતે ભક્ત સેવા કરે તો ભગવાન રાજી થઈ જાય છે. એની સેવા અંગીકાર કરે છે અને ધામમાં લઈ જાય છે. બાળ-બચ્ચા, નાના મોટાં, બાઈયું, ભાઈયું, છોકરા-છોરી. ઈ બધું શું શું છે ? ભગવાનની ભક્તિ કરનારા છે એ મુક્ત છે અને ભક્તિ નથી કરી શકતા તેને છૂટું પડવું પડે છે, પાછું સંસારમાં રખડવું પડે છે. પણ જો ભગવાનનો મહિમા સમજી લીધો કે આ પ્રભુ તારનારા છે, એના ચરણમાં પડ્યા એટલે ધામમાં. તો ઈ મારા ધામમાં જ છે, ઈ છોકરા, છોરીઓ, નાના-મોટાં સ્ત્રી-પુરુષો મારા ધામને વિશે બધા મુક્તો છે.

ભગવાન આનંદઘન છે. તેમાંથી જોઈએ એટલું ઘાટું ઘાટું સુખ લેતા જાય, ભગવાનને સેવતા જાય અને મરજી પ્રમાણે રૂપ ધારી ધારી અને ભગવાનની મૂર્તિને ઓળખતા જાય. ભગવાન જે લાખો ભક્તોને એકસાથે કરોડોગણા સુખ આપે છે, સુખના સાગર વરસાવે છે. એ ભક્તો-મુક્તો આંહિ પૃથ્વી ઉપર છે તેને પોતાની મૂર્તિનું સુખ આપવા માટે પધારેલા છે ઓળખાણ આ રીતે ભગવાનની રાખવી કે ભગવાનના ચરણ પવિત્ર છે, ભગવાનના પગ-પીંડીઓ પવિત્ર છે, ભગવાનનાં સાથળ પવિત્ર છે, ભગવાનના ઉદર, છાતી, હાથ પવિત્ર છે, ભગવાનનું મુખ તો સદાને માટે સુખિયા કરનારું છે. ભગવાનનાં રોમ, નખ અંગે અંગ પવિત્ર છે અને સુખ આપનારા છે, પાપ બાળનારા છે, દિવ્યગતિ આપનારા છે, ભગવાન પોતાના ખોળામાં રાખે, ભક્તોને, વ્હાલાને, પોતાના આત્મા ગણીને, જીવ ગણીને, પોતાના

દેહ ગણીને, પોતાનો હાથ ગણીને, પોતાની મૂર્તિ ગણીને, હૃદયમાં ગણીને ભક્તને પોતામાં કાયમને વાસ્તે સુખિયા રાખે છે. શરીરમાં રોમ છે, બાળપણથી ઉગ્યા હોય, હાથ-પગમાં ઠેઠ ગહઢીયા થાય ત્યાં સુધી એમ ને એમ રહે છે ખરતા નથી. ભગવાનના નેત્રની પાંપણો ખરતી નથી, ભગવાનની મૂર્તિમાં ઈ રીતે એના મુક્તપુરુષો ભગવાનની મૂર્તિને વળગ્યા છે તે કોઈ દિવસ આઘા જાતા નથી, એક રંગા રહે છે, સોળ વર્ષની અવસ્થાવાળા રહે છે. સુખના ઢગલા છે, એના પ્રવાહો કોઈ દિવસ ખૂટતા નથી. એવું ભગવાનની મૂર્તિનું સુખ ભક્તજનો પીએ છે, જમે છે, આનંદ લ્યે છે, અમૃતરસ પીએ છે અને ભગવાનની વાણીને સાંભળે છે, ભગવાનની સેવા-ચાકરી કરે છે.

આ પૃથ્વીમાં જેટલું કાંઈ કર્યું, ભગવાન લેખે કર્યું, તે ધામને વિશે એને કરવું આકરું નહીં પડે. અહિંયા સેવા કરશે, અહિંયા રાજી કરી લેશે અને અહિંયા ભગવાનના થઈ જશે તેને ભગવાન રસ્તે હાલતા, ધામમાં જાતા જાતા પોતાના કડમાં બેસાડી અને ત્યાં અક્ષરધામમાં મેલશે ત્યારે ત્યાંના લાખો મુક્તો જોશે કે, ઓહોહો આ ભગવાન આ હેત કરીને કેને આંહિ લાવ્યા ? માટે એના આપણે દર્શન કરીએ. એમ એ મુક્તોની સેવા ત્યાં ઓલા મુક્તો કરે છે, અહીંથી જાનારાની સેવા-ચાકરી કરવા માંડે છે. આટલો બધો અત્યારે પ્રતાપ ભગવાને વાપર્યો છે, વપરાય છે, લાખો ભક્તજનો સેવે છે, લાખો વિદ્વાનો સમજે છે અને શાસ્ત્રો રચવા માટે ભગવાને પોતાનું સર્વસ્વ શાસ્ત્રોમાં મેલ્યું છે સમજનારા સમજી લેશે, સમજણ નહીં હોય તો એટલું સમજશે કે, આ ભગવાન છે. તો એને કરવું અઘરું રહેશે નહીં. આ રીતે સુખી થઈ અને ભગવાનને સેવજો, તીર્થોમાં જાજ્યો, મૂર્તિના દર્શન કરજો, ચરણ-કમળને જોજ્યો, પ્રભુની લીલા ચરિત્રો વાંચજો, ચમત્કાર પરચા વાંચજો, દેશ-પરદેશમાં સંભારજો, ભગવાન ભેગા છે અને સુખી રાખશે. કાંઈ કરવું બાકી નથી.



✲ પરાવાણી - ૩ ✲

✪ ભગવાનની ભક્તો પર અપાર કૃપા
✪ પરમધામના દિવ્ય સુખનું વર્ણન

ભગવાન સામર્થ્ય વાપરે પણ ભક્તોથી સહન થાય તેટલું. એથી વધારે જો વાપરે તો ભક્ત ગાંડા થઈ જાય અને પછી ભગવાનને પણ ભક્તો એવા વાંસે પડી જાય કે અમને આ બતાવો, અમને આ કરો, અમને આવી રીતે અને અમને જ્યાં હોય ત્યાં તમારા બ્રહ્માંડોમાં બધે મોટા થઈએ એ પ્રમાણે સામર્થ્ય આપો. એમ ભક્તજનો છે અજ્ઞાનથી ભગવાનના સામર્થ્યોને લઈ લેવા માટે પણ પાછળ પડી જાય છે. માટે ભગવાન કહી દે છે કે, ભાઈ મારી પાસે કાંઈ નથી ને હું કાંઈ જાણતો નથી, તમે મને ઓળખતા હો તો, ઓળખાણ પૂરતાં ભજન કરો. એ તો દીનાનાથ છે, પરમકૃપાળુ છે, ભક્ત એની નજરમાં છે, જ્યાં હોય ત્યાં ભક્તોને ઓળખે છે, સંભારે છે, સાંભળે છે, દેખે છે, માટે એને કાંઈ નવું કહેવું પડતું નથી, નવું શીખવાડવું પડતું નથી, કાયમની માટે શીખેલા જ છે. કેમ રહેવું, અને કેમ કરવું અને કેમ ભક્તોને આનંદ આવે ? એ બાબતના ઢાળામાં ઢળેલા જ છે, હેતવાળા ભક્તજનો ભગવાનની આગળ કોઈ જાતનું આવરણ રાખતા નથી. પ્રીતિ વડે ભક્તિ કરવી, પ્રેમથી સેવવા, વચ્ચે કોઈ જાતના આડ અને આવરણો ન રાખવા અને ભગવાનની મૂર્તિ રાજી થાય, આપણે સેવાના ફળ વડે રાજી રહીએ, સુખી રહીએ, એવા લેવા શીખવા.

જ્યારે ભગવાન અષાઢી મેઘે આવી ચડ્યા, એમ જ્યારે આનંદ વરસવા માંડે છે ત્યારે જો ભક્તજન એ વરસાદી વૃષ્ટિને સુખસાગરથી ન લ્યે તો એ ભક્ત કાચો અને જો સમય પ્રમાણે ભગવાનના ઐશ્વર્યો, સામર્થ્ય, લીલાચરિત્રો તેને ઝીલી લ્યે તો એ ભક્ત સાચો. ભગવાનની મૂર્તિ ચિંતામણિ છે તેમાંથી બધું મળે છે, એવા ભગવાન તમારી ભેગા તમારી જેવા થઈને રહે છે. ભગવાન કોઈ બ્રહ્મલોકમાં, કોઈ ઈશ્વરલોકમાં, કોઈ ભૂમાપુરુષના લોકમાં, કોઈ વૈકુંઠમાં, ગોલોકમાં વચ્ચે ઘણા દેવતાના લોક છે, ત્યાં ન રોકાણાં અને અહીં તમારી જેવા, તમારી પ્રત્યે આ આનર્ત રાજાના સૌરાષ્ટ્રમાં આવી અને વસ્યા અહીં પ્રગટ થયા અને નાના નાના સેવકોને, ગરીબડા ગરીબડા સેવકોને પોતાના કરી રાખ્યા, અપનાવ્યા. કારણ કે તે ભગવાન થોડો'ક આવકાર આપે ત્યાં રાજી થઈ જાય અને તે સેવકો થોડીક ચાકરી કરે ત્યાં ભગવાન રાજી થઈ જાય. માટે સેવકોને ને ભગવાનને બને છે.

બહુ ઝાઝા પૈસાવાળાને, નાણાંવાળાને શેઠિયાને ભગવાન પોતાનો નથી ગણતા. કેમ એમ ? તો કે એને ત્યાં માયા છે ને. લક્ષ્મી ને પૈસો એટલે ઈ શેઠિયો એમ જાણે કે, હું મોટો છું એટલે એને પાણી પાવું, એને ખવરાવવું, એને વાહર નાખવો, એને ગાદલું નાખી દેવું, એની સારવાર કરવી ઈ ભગવાન પોતે કરે તંયે થાય. માટે ઈ તો ઊલટો સેવા-ચાકરી કરાવે, તો ઈ જે પુણ્ય લેવા આવ્યો છે, પવિત્ર થવા આવ્યો છે, આનંદ લેવા આવ્યો છે, ઈ આનંદ એને ન મળે, ઈ તો દેહનો દર્શી, એ દેહનો ભગત થયો. માટે આ ભગવાન એવા નથી કે એના થોકડાવના મોહમાં મોહી જાય અને વાહ વાહ કરવા માંડે અને ગરીબોને એકકોર આડે કરી દે. ગરીબો પહેલાં, મારા વિનયવાળા સેવકો પહેલા. મારી સમીપે રહો, મારી હાજરીમાં રહો, મારી સાથે રમો જમો, ખાવ-પીવો, ફરો-વિચરો, બેસો. એમ એને સુખી કરવા માટે ભગવાન બહું સાદાઈ વાપરે છે, સાદાઈ રાખે છે. જો ભગવાન એવાથી રિસાઈ અને તાલેવાનોનાં ભાઈબંધ થાય તો આ નાના નાના સેવકોનું કોણ ? એની સંભાળ કોણ લ્યે ? માટે આ વખતે તો ભગવાનને એક તલની મૂઠી નાખી આનીકોર સૌરાષ્ટ્રમાં. ત્યાં નવા નવા સેવકો જાગ્યા અને એની ભેગા જ આ

ભગવાન વિચર્યા. જ્યાં મારા સેવક ત્યાં મારું ધામ, જ્યાં મારા ભક્તજનો ત્યાં મારા કામકાજ અને જ્યાં મારા હેત ત્યાં મારું કુટુંબ અને જે મારી સેવા કરી, ચાકરી કરે તે મારા શિષ્યો અને જે મને જોઈને રાજી થાય એ મારું અંગ અને જે મારામાં કોઈ ભેદભાવ ન રાખે, કોઈ જાતનો સંશય ન કરે એ મારું અંગ કહેવાય, એ મારા ભક્ત કહેવાય. મારા અડધા અંગ, શરીર તરીકે ઈ મારો ભક્ત ગણાય.

નિર્વકલ્પ સમાધિનો અર્થ જ ઈ કે, ભગવાનમાં કોઈ જાતનો વિકલ્પ નહીં. પ્રભુની મૂર્તિ છે, એના મુખારવિંદના દર્શન થાય, એની વાણી સંભળાય, એના ઉજ્જવળતાના દર્શન થાય, એને બાથ ભીડીને મળાય, એના પગ ધોઈને જળ પીવાય, એની પ્રસાદી જમાય, એનો સુંઘેલો પુષ્પનો હાર ગ્રહણ થાય, ભગવાનને અત્તર, તેલથી ચોળીને નવરાવાય, ગરમપાણીથી નવરાવાય, ભગવાનને પંચામૃત ચડાવે, દૂધથી નવરાવે, જળથી પણ નવરાવે, અભિષેક કરાવે, આ બધાય સુખ ભગવાનની મૂર્તિમાં છે માટે કલ્યાણકારી છે અને એ સેવા-ચાકરી કરી ઈ જ્ઞાન કરતા ચડી જાય, જ્ઞાની જોલા ખાતો રહી જાય અને ભગવાનની ઓળખાણવાળો હેત, પ્રેમ વડે કરીને ઊંચે દરજ્જે ચડી જાય, અક્ષરધામનો અધિકારી થાય. ભગવાને પોતાના ભક્તને એની ભક્તિ સ્વીકારવા માટે, એમને પોતા પાસે રાખ્યા, આસપાસ રાખ્યા, આસપાસ રાખ્યા પછી ભગવાન ધારતા હતા કે, મારા સેવકને દુઃખ તો ન હોવું જોઈએ પણ સેવકોએ તો એમ ધાર્યું કે આપણાં ભગવાન છે, આપણાં પ્રભુ છે માટે એની સેવા-ચાકરી એના ધાર્યા પ્રમાણે કરી લેવી. તો તમે મૂર્તિ પધરાવી, ભારે ધામધૂમ કર્યા. પ્રભુને એમ થયું કે, આ છોકરાવની પાસે હોય તો બહુ વાપરે માટે એને સેવા-ચાકરીના ફળ દેવા જોઈએ, ત્યાં ભગવાને કોઈમાં પ્રવેશ કર્યો પડખાના દેશોમાં જે બહું આઘું નથી, બલૂનમાં બેસવાનું મળે, કામકાજ મળે, જોવાય અને સોનાના રાળ હાથમાં આવે એવો દેશ ખોળી કાઢ્યો. કામ-ધંધા તો એના એ જ છે પણ નાણાં ખૂબ દોઢ, બે, ત્રણ ગણા મળી ગયા. એવું પ્રભુએ ગોઠવી કાઢ્યું કે ભગવાનનો જેટલો સેવક વર્ગ છે તે આનંદમાં ને લ્હેરમાં વર્તે છે.

પ્રભુ તમને ખૂબ આપો, ખૂબ વાપરો, ઉત્સવ સમૈયા સારા કરો, ભોજન પાણી કરો, ભગવાનની મૂર્તિને પાસે રાખીને ઘડીક બે મિનિટ ધ્યાન કરો, ભગવાનને થાળ જમાડો, એકાદું ગુલાબનું ફૂલ મળે તો ભગવાનને સુંઘાડો, કોઈ સેન્ટ અત્તર કંઈ મળે તો ભગવાનને જરાક કાઢી પૂમડું ચોળવું. પ્રભુએ તો આ દુનિયા બનાવી છે એટલે બધી દુનિયા તો એની છે, પણ આપણનેય બનાવ્યા છે અને આપણનેય આપ્યું છે ને ઈ આપ્યું છે ને આપણા જેવા થયા છે. માટે આપણી ચીજોને ઈ ભોગવે એવા થયા છે માટે આપણું છે ઈ એનું છે, આપણામાં એનાપણું બધુંય છે. ભુવનો, બંગલાઓ, ઘરેણાઓ વસ્ત્રો, બાગ-બગીચાઓ, ખેતર-વાડીઓ, ઘરબાર કુટુંબ, બાળ-બચ્ચાં, છોકરા, પતિ-પત્ની, પરિવાર, માવતર, ગાયું, ભેંસુ, હાથી, ઘોડા, વાહન મોટરું, ભગવાને બનાવ્યું, ભગવાને આપ્યું માટે જેણે આપ્યું એનું છે. અને ભગવાનને સમર્પણ કર્યું એટલે એ પ્રસાદી થઈ ગઈ, આ પ્રસાદી ચીજો એ ભગવાનની આજ્ઞા વડે કરી આપણે એને વાપરીએ એટલે વપરાતી ચીજો ભગવાનનો પ્રસાદ આજ્ઞા વડે કરીને ગ્રહણ કર્યો જેથી કરીને આપણે આપણું માનીને અહં મમતાના દોષમાં પડતાં હતા, ઈ દોષ છૂટી ગ્યો તો ભગવાનને સમર્પણ આત્મનિવેદી ભક્તિ થઈ ગઈ.

આત્મનિવેદીઓના ધર્મમાં આ હકિકત લખી છે કે, તારો દેહ એ મારે માટે છે. તારું મન, બુદ્ધિ, ચિત, અહંકાર છે ઈ મારે માટે છે. તારી બાલ્ય, જુવાન અને વૃદ્ધ અવસ્થાઓ તે બધી મારે માટે છે. તારા શરીરમાં બળ, ઐશ્વર્ય, શક્તિ સામર્થ્ય સારા-નરસા ઈ બધું મારે માટે છે. તારા કામકાજ, ઉપજ, તારી મિલકત, તારા નાણાં ઈ મારે માટે છે. તારી શોભા બધી મારે માટે છે. તારા ગાદલા-ગલીચા, ઓશિકા, કામળિયું, રજાઈયું, બધું મારે માટે છે. તારી સંપત્તિ તને મેં આપી છે, તે મારી સંપત્તિ છે. માટે મારી સંપત્તિમાં તું તને પોતાનું માની અને મને આપ એટલે મારું જ છે અને મેં આપ્યું છે, મારું આપ્યું થકું ભોગવ. માટે સુખી રહે પણ મને ભૂલીશ મા. ભગવાનની પ્રસાદી હોય એને કોઈ ભૂલે નહીં. મોટા સમ્રાટે કોક દા'ડો કાંઈક ઈનામમાં કોઈ સિક્કો આપ્યો હોય તો ઈ માણસ આખી જિંદગી ઈ

સિક્કાને જોવે ત્યાં સમ્રાટ સાંભરી આવે અને એમ ગણે કે આને લઈને મારી મોટાઈ થઈ છે. એમ ભગવાને રાજીપાથી સિક્કા આપ્યા છે, પોતાની મૂર્તિ આપી, પોતાના કીર્તન આપ્યા, પોતાની દિવ્ય ભાવનાઓ આપી, પોતાનાં લીલાચરિત્રો આપ્યા, પોતે પણ તમને સોંપાઈ ગયા કે ભાઈ હવે મને તેમ કહો એમ હું વર્તીશ. તમે ખેતરવાડીમાં ફેરવો તો ત્યાં ફરું. ઘરે ખોરડે, ઓસરીએ બેસાડીને ચાંદલો કરો તો ચાંદલો કરી લઉં, કૂવા કાંઠે બેસાડીને નવારો તો નાહી લઉં. વસ્ત્ર ઓઢાડો તો ઓઢી લઉં, દૂધ પાણી કંઈ કરો તો પીય લઉં, કંઈક આપો તો લઈ લઉં અને પાછું તમારું છે તે તમે એને સાચવો, તમે વાપરો. મને તો આપો એટલે થોડુંક લઈ, પ્રસાદી કરી, આશીર્વાદ દઈ અને તમારી નજર રાખી સંભારુ, તમે પણ મને સંભારો એમ એકમેક થઈને રહો એટલે હું રાજી રાજી. અને એમ રહેશો તો બ્રહ્મલોકમાં હું જ્યાં હઈશ ત્યાંથી તમને એનું ટાણું આવશે ત્યારે પહોંચાડી દઈશ.

આ જગતની રીત છે ઈ રીત પ્રમાણે તો રહેવું જોઈએ. બાળ-બચ્ચા, બે છોકરા હોય તો સારું. પત્ની હોય આંગણું શોભે, માણસો વચ્ચે રહેવું ઘટે, નાણાં-દાણા હોય તો સારું, એટલા માટે આ કમાણી છે બધી અને કમાણી બધી પૃથ્વીમાંથી જ છે એ આપી છે. બુદ્ધિ આપી છે, ઈન્દ્રિયો આપ્યા છે, અંતઃકરણ આપ્યા છે, વિચાર આપ્યા છે, બધા સદ્‌ગુણ આપ્યા છે. પણ ભગવાન લેખે વાપર્યા એટલે નિર્ગુણ થઈ ગયા. ભગવાનના દર્શન કર્યાં એટલે આંખો નિર્ગુણ, ભગવાનની વાણી સાંભળ્યે કાન નિર્ગુણ, ભગવાનની પ્રસાદી જમે એટલે દેહ નિર્ગુણ, ભગવાન સાથે રમે, જમે, એટલે તમારા બધાંય હાથ-પગ વગેરે નિર્ગુણ થઈ ગયા અને નિર્ગુણ છે એમાં માયા રહેતી નથી અને માયા ને કાળ એની ઝપટ લાગતી નથી. ભગવાનની પ્રસાદીનો થાળ ભલેને મેસુબ હોય મોહનથાળ હોય સારી ચીજો હોય એને જમો, તો ઈ બંધન કરનાર નથી, અક્ષરધામમાં મોકલનાર છે. ભગવાને પહેરલું વસ્ત્ર વાપરો ઈ વસ્ત્ર ગમે ત્યાં ખંભે હશે તો પણ ભગવાનના ધામમાં લઈ જશે. એમ ભગવાનને છાતી ભીડીને મળો, ભગવાનના ઉદરના

દર્શન કરો, પગના દર્શન કરો, મૂર્તિના દર્શન કરો, ભગવાનને સંભારવા. ઈ દર્શન છે બધા. ભગવાનના ચરણ ચિહ્નો, બીજા ત્રીજા ચિહ્નો, ઈ બધા ચિહ્નોને જુઓ, દેખો, તે આખી જિંદગી સાંભર્યા કરે, એમ દેખવા, એમ દર્શન કરવા, એવી રીતે જે અલૌકિકપણું કંઈક ભગવાન પાસેથી ગ્રહણ કર્યું હોય તો ઈ અલૌકિકપણું આખું જીવન સાંભરે છે અને છેવટે પણ ભગવાન ઈ અલૌકિકપણાને લઈને પોતાના ભક્તને સંભારીને ધામમાં પહોંચાડે છે.

ધામમાં ઘણાં મુક્તો અનેક રૂપ ધારણ કરીને સેવા કરે છે એટલે ભગવાનને કાંઈ સેવકોનો પાર નથી. અનંત રાધિકાઓ, અનંત રમાઓ, અનંત લક્ષ્મીઓ, અનંત શ્રીઓ, અનંત જયાઓ, અનંત લલિતાઓ, અસંખ્ય એવી ભક્તાણીઓ, સખીઓ, દાસીઓ, એ તો ભગવાનને માટે જ ચારેકોર રમી રહી છે, ભગવાન એને મનોરથ પૂરા થાય એવા રૂપ ધારણ કરી અને એની ભેગાં ફરે વિચરે છે. મુક્તજનો ભગવાનની જેવી મૂર્તિ થઈ, બાળ સખાઓ 'સોળ સોળ' વર્ષોની મૂર્તિઓ રૂપાળી રૂપાળી ધારણ કરીને ભગવાન સાથે ગરબીઓ ગાય, રમે, હરે-ફરે. ત્યાં સમુદાયના સમુદાયો મુક્તજનો છે. ઉજળા-ઉજળા, ઉજળાપણાં જેવા સારા સુંદર સુંદર સોનેરી મૂછની ઝીણી ઝીણી રેખાઓ ચળકતી હોય એવા મુક્તો છે. ઈ જ્યારે રમતમાં ચડ્યા હોય છે ત્યારે ભગવાનને ક્યાંય બથું ભરે, ક્યાંય રમાડે, ક્યાંય જળના કુંડમાં નવારે, ક્યાંય પુષ્પોમાં ને, કોઈ ઝાડવાઓમાં ને, કોઈ બગીચાઓમાં ને, હરવા-ફરવાને સખા તરીકે રમતા જ હોય, ત્યારે એય મુક્ત તરીકે સુખ લ્યે છે. જ્યારે જ્યારે મરજી થાય કે, હવે બગીચારૂપે થાવું છે તો બધાય મુક્તો બગીચો થઈ જાય પછી ભગવાન એમાં ફરે, ત્યારે કો'ક ફળ આપે, ફૂલ આપે, પુષ્પ આપે, પાંદડા આપે, સુગંધ આપે. આ રીતે ભગવાન એની છાયામાં હરતા ફરતા કોઈને ઓઠિંગણ દેય, કોઈને પગ અડાડે, કોઈને હાથ અડાડે, કોઈનું પાંદડું જમે, કોઈનું ફળ જમે, એમ એ બગીચાઓની સેવાઓ અંગીકાર કરે છે, વળી મુક્તોને એમ થાય કે આજ તો સભા ભરવી છે, ત્યારે હજારો, લાખો, ભગવાન જેવી મૂર્તિઓ થઈને બધા સભામાં બેસી જાય, એથી મોટાં મોટાં વ્યાસો છે ઈ ભગવાનના ગુણ ગાતા હોય એને

સાંભળે, ગુણ પૂરા થઈ જાય ત્યારે ગવૈયાઓ મંડે ગાયન કરવા, એના ગાવણાઓમાં ભગવાનમાં તન્મય બધા થઈ જાય છે. એકદમ તલ્લીન થઈ ગયા હોય ત્યારે ભગવાનની મૂર્તિ અને એક ભક્ત, મૂર્તિ અને એક ભક્ત, મૂર્તિ અને એક ભક્ત એવા પ્રેમરસ લેવા માંડે કે, મુક્ત જાણે કે ભગવાન મારી હારે જોઈન્ટ થઈ ગયા છે અને ભગવાન જાણે આ એક મુક્ત મારી હારે જ મને ઝપટી પડ્યો છે. માટે મારું જેટલું સુખ છે એટલું તું લઈ લે. મુકત કહે, ભગવાન તમારું જેટલું સુખ હોય એટલું મને દઈ દ્યો.

આવી રીતે લાખો અને કરોડો મુક્તો કો'ક કો'ક વખતે સેવામાં ઉતરે છે ને રમૂજમાં ઉતરે છે ત્યારે ભગવાનનો પ્રેમરસ, એની તાકાતના બધા રસ છે ઈ મુક્તજનોને આપે છે અને મુક્તજનો ભોગવવા માંડે છે ત્યારે એને એક એક મટકું ભરે એટલામાં લાખો યુગના સુખ ઝરર ઝરર ઝરર થતાં હોય છે, એને આકર્ષણેય થાતાં હોય છે, એને આખા શરીરના ખેંચાણ ભગવાનની મૂર્તિમાં થાતાં હોય છે, ત્યારે એ ભગવાનની મૂર્તિ સિવાય બધુંય ભાન ભૂલી જાય છે, એક જ આનંદની લહેરો અને એના સાગરમાં જ ગરકાવ થઈ જાય છે, ત્યારે એમ થાય કે ઓહોહો ભગવાનની મૂર્તિમાં કેવા સુખ છે, આપણને ભગવાને કેવા સુખ આપ્યા ! મને કેટલું બધું સુખ આપ્યું ? આટલું તો કોઈને નહીં આપ્યું હોય ! અને એવી રીતે ઈ ભક્ત ભગવાનની સેવા-ચાકરીમાં ચડે ને પછી જો એને મસ્તી વધારે થાય, મારે ભગવાનને આજે બીજી રીતે સેવવા છે, તો તે જ વખતે મુક્તની મૂર્તિ હતી એ મુક્તાણિકા થઈ જાઈને પછી મુક્તાણિકા થઈને ભગવાનને હાવભાવ વડે કરીને ચોંટીને એના તમામ ઐશ્વર્યના, વીર્યના, બળના, ચૂમ્માના બધા અનેક પ્રકારના સુખોને ગ્રહણ કરવા મંડી પડે છે. આમ રાધા અને રમાઓ જેવા અનંત મુક્તો, મુક્તાણીઓ, એ ભગવાનને સેવે છે, સેવા-ચાકરીના સુખ લ્યે છે અને આવું આનંદમય સુખ ઈ સેવા ભક્તિ, પ્રેમપૂર્વક ભક્તિ, એ મોટામાં મોટો પુરુષાર્થ છે ભગવાનને રાજી કરવાનો અને ભક્તોએ રાજી થવાનો. અને જ્યારે ભગવાનની મરજી થાય કે હવે એને પૂર્ણ તૃપ્તિ થઈ જાવ, ત્યારે તૃપ્ત થયેલા ભક્તને એના આખા શરીરમાં જે આનંદના ફૂવારા છૂટતા હોય

છે ઈ તો કેટલાય કાળ સુધી એમને એમ લાંબા લાંબા ફૂવારાઓમાંથી ઉછળ્યા જ કરતાં હોય છે, ભગવાને આપેલા સુખ એક મિનિટના હોય તો કરોડો વર્ષો સુધી ભૂલાતા નથી પણ ઈ ઉછાળાને ઈ જાણતા જ હોય છે એટલે ભૂલાતા નથી. પણ આવી વાત આ જગતમાં તમને ભગવાન વિના બીજો કોણ કરે ?

માટે ભગવાનની મૂર્તિના સુખ છે ઈ ભગવાન જો હેત કરીને પોતાની બથમાં બેસાડીને તમારા સાથે ગાલ મેળવીને જો તમને બરાબર ખેંચાણ કરે તો તમારું શરીર આખું છે, તે મૂર્તિ આખી કમકમાટીથી ઉછળી પડે. મંડે રૂવાડે રૂવાડે પ્રેમરસ ઝરવા, સુખના આનંદ ઝરવા અને ત્યારે એમ થાય કે ઓહોહો આ તો મારામાં ભગવાન અને હું ભગવાનમાં. આવી જે સેવા-ચાકરીઓ છે એ બ્રહ્મલોકમાં મેલી છે, રાખી છે એ ભક્તને માટે છે. અહિંયાં જેણે જેવી સેવા ચાકરી કરી તેવા સુખ, તેવા આનંદ, તેવી લ્હેરો અને તેવી દાસી-દાસપણાની ભક્તિઓ, એ ભગવાન પોતાના ભક્તને આપે છે, જેણે અહિંયા સેવ્યા એને ત્યાં તેવા સૂખો આપશે અને તેવા સુખની આશાથી જ ધામમાં જવાનું હોય છે, ત્યાં આ જગત આખું માયાના સુખ છે તે તુચ્છ થઈ જાય છે. કરોડો કુમારીઓને જોવાના સુખ, ભોગવવાના સુખ, દેખવાના સુખ, અડવાના સુખ, તે પુરુષવર્ગને નકારા થઈ જાય છે, જ્યારે ભગવાનની મૂર્તિના સુખ લેવા માંડે છે અને ભક્તને એટલા બધા સુખ ઉછળી પડે છે જ્યારે ભગવાન પાસે અનંતગણા સાગર ઉછળે છે ત્યારે ભગવાન બધાયના સુખ લેવા માંડે ત્યારે રાધા અને રમા એકકોર બેસી જાય છે. ત્યારે કરોડો પ્રકારના સુખ ઉપજવા માંડે છે, કરોડો ભક્ત પોતાના તન, મનના ભાન ભૂલી જાય છે, કોઈ આડશ વિનાના એકમેક થઈને જે મોટા મોટા સુખના સાગરોમાં ઊતરી જાય છે ત્યારે એ સુખના સાગરોનો અંત આવતો નથી. ભગવાન આવી રીતે પોતાના સુખ આપે છે. આ તો ભગવાનની પોતાની સમૃદ્ધિઓની, સંપત્તિઓની, સેવકોની, જે ભક્તિ પ્રીતિવાળી, પ્રેમવાળી, સેવવાવાળી, અંગવાળી, રસબસ થવાની ભક્તિ તે ભગવાનને ત્યાં આવી છે, આવી ભક્તિ તમને વધારે વર્ણન કરીને બતાવી.

શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે પૃથ્વીમાં હતા ને રાધિકાજી પાસે હતા ત્યારે ગર્ગ નામના ઋષિએ એમની ભક્તિ આવી ઘણી પુરાણોમાં વ્યક્ત કરી છે અને રાસ રમ્યા ત્યારે પણ થોડી ઘણી વર્ણન કરી છે. માટે રસિક ભક્તે ભગવાનમાં રસિક થવું, ભગવાનમાં રસ રેડવા, ભગવાનનાં રસ લેવા, ભગવાનનાં સુખ માણવા અને ભગવાનને બધી રીતે ભોગવવા, તો જ પ્રભુમાં શરણે થયેલો ભક્ત એ અસંખ્ય સુખને મેળવે છે. આ એક જીવનમાં જેટલું સુખ લીધું, પછી ભવિષ્યમાં, ધામમાં ભગવાનની મૂર્તિના સુખ ઈ કોઈ દિ' એનો અંત આવતો જ નથી એવા સુખ મળે છે. આ બાબત ભક્તજનોએ એવી ધ્યાન રાખવી કે, અહિંયા સુખિયા થવા શીખવું એટલે ભગવાન એવા ને એવા સુખિયા ત્યાં કરશે.

આ લોકની ચીજો જેવી તેવી છે. ચોખામાં દૂધ, સાકર નાખે. ઓહોહો બહુ ભારે આજ તો સાકરિયા ચોખા જમ્યા, દૂધ ચોખા જમ્યા, પણ જીભને અડે એટલી ઘડી, પેટમાં જાય એટલે થઈ રહ્યું. અત્તર તેલ ફૂલેલ ચોળ્યા, ઓહોહો ભારે આનંદ, બહુ સુગંધ પણ એને તડકો ને વાયરો ન અડે ત્યાં સુધી, પછી ક્યાંય નાયા ધોયા વગેરે સુખ-સંપત્તિઓ, સારું કપડું, સુવાળું મલ્યું. કાંઈ ઘરેણું પહેર્યું, ઓહોહો ભારે સુખ, પણ કેટલી ઘડી ? પોતાને એમાં હેત હોય એટલી ઘડી. એ ઘરેણું ભૂલી જવાય તો ભલે ને હાથમાં ચોંટ્યું રહે ઈનો આનંદ નથી આવતો અને ભગવાન છે એનો આનંદ ભૂલાતો નથી, ભગવાન ભૂલાતા નથી, ઈ બધી ચીજોના જેટલા આનંદ છે ઈ તો એક ટાણે આખી મૂર્તિમાં ભગવાન હાથ, પગ, રોમ, પિંડી, પગ, માથું, છાતી, કડ, ઉદર, મુખ, નેત્ર, આખી મૂર્તિમાં ભગવાન રસબસ થઈને બધા સુખ આપે છે. ત્યારે એમ થાય ઓહોહો બ્રહ્માંડમાં કોઠીયું રચી છે એના સુખની આગળ કાંઈ ગણતરીના નથી, આવા સુખમાં ભક્તોને લઈ જાવા છે, રાખવા છે, એવા સુખ દેવા છે, માટે એવા સુખિયા થાવ.

આ મારો ઉપદેશ તો વેદ પુરાણ અને ઈતિહાસને પણ દિવ્ય બનાવી દે એવો છે માટે પાકા ભક્ત રહેજો, પાકા થાજો, પાકી ઉપાસના કરજો, પાકી સેવા કરજો, અને નિર્દોષ રહેજો અને કમાજો, ખાજો અને વાપરજો

અને ભગવાન માટે બધુંય છે માટે વચન પાળતા રહેજો.

સુખી રહો. પરદેશમાં ભગવાનની દૃષ્ટિ છે, બધાને સુખી રાખશે, ઝાઝા માણસો હોય એમાં કોકની આવરદા આવી રહીને કદાચને કો'ક અક્ષરધામમાં જાય, તો કે લે પરદેશ ગ્યો'તો ને ત્યાં મરી ગયો. ઈ નથી મર્યો, જીવતો છે. કેમ એમ ? તો કે ભગવાનને ભેગા રાખીને ગયો છે. હવે ઝાઝા પાંચ પચીસ હજાર હોય તો એમાં કો'કની આવરદા ખૂટે'ય ખરી. તંઈ ન મારે એવું હોય ? થાયે'ય ખરું. પણ ટૂંકી દૃષ્ટિવાળાને એમ થાય કે લે ત્યાં ગયો તો ને મરી ગયો. ત્યાં ગયો તો ને માંદો થયો, ત્યાં ગયો તો ને કોક ચોરી ગયું. કમાણી થઈતી'ને વાપરી ન શક્યો. પણ ઈ તો અહીં ક્યાં નહોતું ? આ દેશમાં ભગવાન પાસે હોય તોય થાય. તોય રોગી થાય, તોય મરી જાય, તોય ખિસ્સામાંથી પડી જાય, કોક કાતરી જાય, તોય કોક લૂંટી જાય, આ તો બધું થયા જ કરે ઈ તો જ્યાં જાય ત્યાં બધું ભેગું જ છે. આ દુનિયાના દુઃખ તો એવા જ છે, પણ એનાથી ઉપરવટ થઈને જો હૃદયમાં ભેગા રાખ્યા, હારે ભેગા રાખ્યા, ખિસ્સામાં રાખ્યા, મૂર્તિમાં રાખ્યા, દિલમાં રાખ્યા, આંખમાં રાખ્યા, પગમાં રાખ્યા, હાથપગમાં રાખ્યા એમ બધી રીતે રાખ્યા તો ઈ ગમે તે દેશમાં હોય ત્યાં આપણો દેશ છે, ગમે ત્યાં ભેગા હોય ત્યાં આપણું કુટુંબ છે, ગમે ત્યાં ખાતા-કમાતા હોય ત્યાં આપણું ખેતર છે અને જ્યાં રહેતા હોય ત્યાં સુખથી રહેતા હોય તો આપણું કુટુંબ છે. કારણ કે પ્રભુ ભેગા છે, એને કાંઈ આઘો દેશ નથી, એમ એને પારકું કોઈ નથી. બધુંય પોતાનું છે માટે આશ્રમ એવા છે ગૃહસ્થાશ્રમ; કે મારા બાળ બચ્ચા દેશમાં છે ને હું અહીં આવ્યો છું. ઈ તો આ લોકની દૃષ્ટિ, કાથાની સિંદરીની વળની પેટે વળ ચડી ગઈ છે, એટલે એમ સાંભર્યા કરે, થયા કરે, પણ ભગવાનતો આંયા'ય છે ને ત્યાં'ય છે. આંયા'ય બાળ બચ્ચા ભેગા છે, વિચરે છે અને ત્યાં'ય વિચરે છે. ને એની પાસે'ય રહે છે અને અહીં'ય રહે છે. અને ત્યાં'ય રાખ્યા હોય છે. આમ બધે ઠેકાણે પ્રભુ બેઠા જ છે. ક્યાંય નથી નથી, વયા જાતાં એમ નથી અને કદાચ કોઈક મોટો આપત્તકાળ આવે'ને ભગવાન ન દેખાય ઈ ટાણે હાજરો હાજર ન દેખાય તો એમ થાય કે આ ભક્તને ઘડીક દુઃખ

છે, એનું પ્રારબ્ધ છે, વેઠવાવું છે, તો વેઠવાવે'ય ખરા. એમાં કાચો-પોચો હોય તો પાછો પડી જાય તો એમાં ભગવાનને શી ખોટ ? પાછો પડે એને ખોટ.

માટે ભક્તોએ તો બહુ દૃઢતા રાખવી કે બધું ધાર્યું એનું થાય છે, એટલે આપણે જે ગોઠવી રાખ્યું હોય કે આ હલકું ને આ દુઃખ ને આ આપત ને પરદેશ ને આ મને ન ગમે એવુંને ઈ બધું ભગવાન વાસ્તે બધું પાંસરું પાડી દેવું. આ અમારી વાત બહુ ધ્યાનમાં રાખજો તો તમે ખબરદાર રહેશો, એવા નહીં હો તો લપસી પડશો. એટલે શું ? જુદા પડી જશો, ઘણાં'ય પડી ગયા જુદા અને ઘણાય આઘા ભાગે છે. તો એને કાંઈ બીજો કોઈ સંભાળ લેનારો નથી, મારા વિના. એટલું સમજતા હોય તો બસ છે અને જાણે કે આ ફલાણો મારી સંભાળ લેશે, ફલાણો ગુરુ ! હવે અઢાર ગુરુ પાસે જાવ તોય શું ? પણ ભગવાન ગુરુ જેવો બીજો કોઈ ગુરુ થાવાનો નથી, થાશે'ય નહીં. આ વાત ચોક્કસ છે, સમજી લેજો.



❊ પરાવાણી - ૪ ❊

✪ પ્રેમલક્ષણા ભક્તિનું ફળ
✪ ભગવાનના દિવ્ય સુખનું વર્ણન

જીવાત્મા ભગવાનના ગુણ ગાવામાં ક્યારેક પાછો પડી જાય છે કારણ કે આ લોકનો ડર લાગે એટલે પૂરા ગુણ ગાઈ ન શકે. ઈ ભક્તિની સેવાઓ આઘે રહી રહીને થોડી થોડી થાય છે. પછી વધારે સેવા કરવી હોય તો સારા મિષ્ટાન્ન કરે, કોળિયા ભરી ભરીને મોઢામાં મેલે, જમાડે, ગાલે ચુમ્મા લ્યે, ભગવાનને બહુ વધારે રમાડવા હોય તો બથ ભરી લ્યે ને જે મરડે ને મલ મરડે એમ. એમ પ્રભુને સ્પર્શ વડે કરીને ય પણ સેવે છે, હવે ઈ સેવાય જેમ રંગે રમવા, એકબીજાની છાતીએ ભીડીને મળવા. એમ ઘણા પ્રકારની સેવાઓ ભગવાનને માટે હોય છે. એ બધા સત્કર્મો પ્રભુની દિવ્ય લીલા-ક્રિયા રૂપે થઈ. પછી વ્યાસજી, શુકદેવજી, સનકાદિક, લક્ષ્મીજી, રાધિકાજી વિગેર વગેરે જે જે ભગવાનના એકાંતિક ભક્તો થયા, ઉદ્ધવજી; એ ભગવાનના એકાંતિક ભક્તોએ ભગવાનની પાસે કાંઈ પણ આડપ ના રાખી. પછી શાસ્ત્રો લખે છે કે, નવ પ્રકારની ભક્તિ કરવી અને એ ભક્તિ વડે કરીને ભગવાન રાજી થાય કે આ મારો ખરેખરો ભક્ત છે, લક્ષ્મી જેવો ભક્ત છે, મારી પત્ની જેવો ભક્ત છે. મને ખૂબ વિલાસ, ભોગ, આનંદ, સંભોગ, સ્વાદ, રસ, મીઠાશ વગેરેમાં રમાડે એવો ભક્ત છે. એ ભક્તને મારી મૂર્તિના અનેક સુખ જોઈએ છીએ, તો પછી ભગવાન એની પાસે કોઈ જાતનું આવરણ રાખ્યા વિના બધી રીતે રમે છે, રમાડે છે અને તેને સુખી

કરી દે છે કે જે બ્રહ્મલોકને વિષે મુક્તજનો સુખ લ્યે છે તેવા સુખ આપે છે. એ આપવાની કૃપા લેતા આવડવું જોઈએ.

જે ભક્તને સૂગ ચડે, છી છી કરે, ન ગમે, આવા તે શું ભગવાન ચિંટીયા ભરતા હશે ? એવા પ્રકારનો ભક્ત હોય ત્યાં કૃપા પાલવે નહીં, ઓછી થાય. માટે ખરો ભક્ત થતો જાય, તેમ તેમ કૃપા પાલવતી જાય. બધી ક્રિયાઓથી ઉપરવટ થઈને કૃપાળુ ભગવાન થાય ત્યારે ભક્તને કહી દે કે હવે હું કહું એમ કર, તારું કહ્યું હું નહીં કરું. મારું કહ્યું તું કર. આવી રીતની કૃપા થાય અને એ કૃપાને ઝીલતા શીખે તો સ્નેહનો સાગર રેલી દે અને એ સ્નેહ, પ્રેમ, પ્રીતિ ત્યાં પછી પડ આડું રહેતું નથી. એ પ્રીતિ વડે કરીને ગોપીયું શ્રીકૃષ્ણની સેવા કરી ગઈ અને એના ગોલોક ધામમાં પત્નીઓ થઈ ગઈ. એ પ્રીતિ વડે કરીને જયા લલિતાએ ભગવાનને ગઢપુરમાં સેવ્યા અને અક્ષરધામની પત્નીઓ, દાસીઓ, મુક્તાણીઓ થઈ ગઈ અને એ જ રાધા લક્ષ્મીઓ લખાઈ ગઈ અને એવી રીતે મથુરામાં કુબજા દાસી હતી અને કોકની સેવા કરતી'તી પણ ભગવાનને કહે, મહારાજ તમે મારી હારે બથોબથ રમો. હું તો ઘણા હારે આથડી પણ તમારું કામદેવનું સુખ મને આપો. તમે બ્રહ્મચારી છો પણ મારી મરજી પૂરી કરો.

ભગવાન કહે, આવશું. પછી એને ઘેર ગયા, એની ખાટલીમાં ફૂલની માળાઓ, હાર અને સુગંધ અને ચંદનને બધુંય તૈયાર કરી રાખ્યું હતું, ભગવાને કપડાં એક કોર મેલ્યા, કુબડીના કપડાં એક કોર મેલાવ્યા. ઓધવજીને કહી દીધું, તું પંખાનો પવન નાખ અને ભગવાને કુબડીને ભોગવી, સંભોગ કર્યો, આનંદ દીધો અને કુબડી સુખી થઈ ગઈ. પછી કુબડી કહે, મહારાજ આજ તમારો રાજીપો પૂરેપૂરો છે. તો ભગવાન કહે કે પણ તું વાંકળી છો તને પાંહરી કરી દઉં. પછી પગ ઉપર પગ મેલીને દાઢીએ હાથ અડાડીને સરખી કરી દીધી, લાંબી સરસ મજાની, આ રીતે કુબજા ઉપર ભગવાનનો રાજીપો થયો. પછી એના ગોલોક ધામમાં લઈ ગયા. આ જે ભક્તિ એ સ્નેહ વિના નથી થાતી. પ્રીતિ વિના નથી થાતી, રંગ વિના નથી થાતી. સર્વ અર્પણ વિના નથી થાતી. જરીકે'ય આડું પડ રાખે તો ન થાય,

પડ નથી રાખતા તે ખાટી જાય છે, પડ રાખે છે તે રહી જાય છે. માટે કૃપા, સ્નેહ, પ્રીતિ, પ્રેમ, હેત એ બેય એકમેક થઈ જાય ત્યારે ભક્તિનો, સેવાનો છેડો ટકી રહ્યો, ઘાટો થઈ ગયો, સ્થિર થઈ ગયો, એથી ઉપર પછી ભગવાનની બીજી કોઈ સેવા કરવાની રહેતી નથી. આવી સેવાઓ જે જે કરી ગયા છે તે શાસ્ત્રોમાંય લખાઈ ગયા અને દુનિયામાં એના કિર્તનો'ય પણ ચાલે છે. મીરાબાઈએ ભગવાનની એવી ભક્તિઓ કરી તો મીરાને ભગવાને ગ્રહણ કરી લીધી. નરસિંહ મહેતાએ એવી ભક્તિ કરી તો નરસિંહ મહેતાની ઘરે ભગવાન આવ્યા. પ્રહલાદ અને ધ્રુવ એણે એવી ભક્તિઓ કરી તો એને ત્યાં આવીને ભગવાન બેઠા. ભીલડી ભગવાનને બોર જમાડવા સારું થઈ મહેનત કરતી'તી ત્યાં ભગવાન એની પાસે ગયા, એના બોર જમ્યા, એને રમાડી, જમાડી, પાણી પાયું, આનંદ કરાવ્યો. એ પણ ખાટી ગઈ. એમ અનંત દેવ-દેવીઓ, એ બધાં પોતાના સ્વરૂપને ભૂલીને હું તમારી દાસી છું, એમ પ્રેમમાં પડીને ભગવાનને છોડે નહીં અને કાયમ પકડી જ રાખે, પછી ભગવાનની મરજી પ્રમાણે વરતે એ છેવટની ભક્તિ છે અને તેને ઊંચા દરજ્જાની ભક્તિ કહી છે.

ગોપિયું ખાટી ગઈ, ગાય માતાઓ ખાટી ગઈ, આકાશના પક્ષીઓ કૃષ્ણને ઓળખનારા ખાટી ગયા, દેવતા ખાટી ગયા, મેઘલાઓ છે એ ભગવાન ભેગાં હરતા-ફરતા ખાટી ગયા, વાંદરાઓ ખાટી ગયા અને ઘણાં ઘણાં છોકરાઓ ભગવાન હારે ગાયુ ચારતા એ બધાઈ ખાટી ગયા, બ્રાહ્મણની બ્રાહ્મણિયું ખાટી ગઈ અને બ્રાહ્મણો રહી ગયા. એ પાણી ઉડાડતા રહી ગયા. ૐ ભૂર્ભુવ સ્વઃ બોલે, ધાબળો ઊંચો કરે, હાથ જોડે, સૂર્યને નમે, પણ આ એનો બાપો આહીં ભેગો બેઠો છે એને કાંઈ ન કરે. એટલે એને સ્નેહ વડે ભજતા ભૂલી ગયા તો કાયમ ભૂલી જ ગયા એમ લખાઈ ગયું અને બ્રાહ્મણિયું તરી ગઈ તે ભગવાનના ધામમાં એની પત્નીઓ, મહારાણીઓ થઈ ગઈ. માટે આ જગતમાં તો બધાય મરી જવાના છે, શરીર મરી જવાનું છે, સારું હોય, રૂપાળું હોય, રાજાનું હોય, રાણીનું હોય, બ્રાહ્મણિનું હોય, બ્રાહ્મણનું હોય, કુમાર હોય, સોળ વરસ હોય, અઢાર હોય, યુવાન હોય,

પુષ્ટ હોય. જે કાંઈ છે એ પણ પૃથ્વીના ભોજન કરી કરી અને વિકૃતિ વાળું છે તે મરી જ જવાનું છે, બાળી દેવાનું છે, વયું જવાનું છે. એનાથી જો ભગવાનનો સ્વાદ લઈ લીધો તો ઈ તરી ગયા, એણે ભગવાનને રાજી કરી લીધા.

ભગવાન વિશ્વંભર છે. એને કાંઈ ક્યાંયથી હું સુખિયો થાઉં અને પૂરે પૂરો થાઉં એવું કંઈ ભગવાનને નથી હોતું. ભગવાન તો અખૂટ છે. અખૂટ સાગર છે, અખૂટ રસ ભર્યા છે, એની પાસે ખૂટતું જ નથી તે રસ પાયા જ કરે છે, આપ્યા જ કરે છે. ભોગ આપ્યા જ કરે છે. સંભોગમાંથી એને જ્યાં સુધી તૃપ્તિ ન થાય ત્યાં સુધી તેને નીકળવા દેતા નથી અને ઠેઠ એ બ્રહ્મલોકમાં પહોંચવાના અધિકારી થાય છે. આ મોટામાં મોટી આત્મનિવેદી ભક્તિ, શાસ્ત્રોમાં બધાને માટે ભગવાને કહી છે અને એમ કરનારા છે તે જ બ્રહ્મલોકના વતની થાય છે. છેવટે એવું કર્યા વિના છૂટકો જ નથી, પછી ભગવાન તો એય જેટલી મજૂરી કરી હોય એટલું ફળ આપે. કોઈ દંડવત્ કરે, કોઈ પગે લાગે, કોઈ પ્રદક્ષિણા ફરે, કોઈ જમાડે, કોઈ કપડું ઓઢાડે, કોઈ ઓહોહો ને વાહ વાહ કે ઝાંઝ વગાડે અને કોઈ ચીભડું ધરે, કોઈ ડોડો ખવડાવે, કાંઈનું કાંઈ આપે. એમ બધા સૌ માંડ્યા રહે છે. જીવ પ્રાણી પછી જેટલું કર્યું હોય એટલું ફળ મેળવે છે.

આ જીવ છે એ લાલચું છે, લોભી છે, લલચાયેલો છે, બંધાયેલો છે એટલે જે જોકમાં બંધાઈ ગયો ત્યાં જાય. બકરું એની જોકમાં જાય. ગાડરું એની જોકમાં જાય. ગધેડા, ઘોડા એની જોકમાં જાય. ઊંટિયા એની જોકમાં જાય. માણસ માણસની જોકમાં જાય અને બધા સિનેમામાં ભેગા થાય. પણ ભગવાનને ત્યાં જાવાને માટે રસ્તો ખોળે નહીં ને જો ખોળ્યો તો એને પછી આ દુનિયાની જોક પછી ગમતી જ નથી, તેને માયા ટળી જાય છે, અનંત સુખે સુખિયો થઈ જાય છે, દૂરનું દેખતો થઈ જાય, દૂરનું સાંભળતો થઈ જાય, દૂર બોલતો થઈ જાય, વચન સિદ્ધિ થઈ જાય છે. તેની આંખમાં જોનારા ભગવાન, તેના કાનમાં સાંભળનારા ભગવાન, તેની જીભમાં બોલનારા ભગવાન, તેની હથેળીમાં ભગવાન, તેના પગમાં ભગવાન, તેની રેખામાં

ભગવાન, આમ ભગવાનનો ભક્ત ભગવાન સાથે એક મેક થાય છે, પોષણ પામે છે, આવી બહુ મોટામાં મોટી છેવટની ભક્તિ છે. પછી ત્યાં આ વિધિ આમ કરો ને તેમ કરોને એ કાંઈ આડું આવતું નથી. નિષેધ આમ ન કરવું ને તેમ ન કરવું. એવું જે છે તે એ ઘડતરું બધીય એ આડી આવતી નથી. મારે ભગવાન હારે બધુંય કરવું છે. તો ભગવાન કહેશે આ ભગત માટે હુંય પણ બધુંય કરું, પછી ભગવાન ભક્તને એકાંતમાં ઉપાડી જાય, કહે છે હવે બોલ, તારે જેમ કરવું હોય એમ કર, તારે કોઈ પડ આડું નહીં આવે. આ રીતે ભગવાને આ દુનિયામાં કરોડો જીવોને પોતાની શરણમાં લીધા છે, લઈ જાય છે, અને હજુ લેતા જાશે. માટે એવા ભક્ત થાવું.



❊ પરાવાણી - ૫ ❊

✪ પરમધામના દિવ્ય સુખનું વર્ણન
✪ અનાદિ મુક્તો દ્વારા પરમધામમાં પ્રભુની સેવાનું વર્ણન

આ ભગવાન અને આ સંત પૂર્વેમાં તો કોઈને મળ્યા નો'તા, આ જમાનામાં મળી ગયા. બધા મંગળ, સારાવાના, ઉત્તમ ભાગ્ય અને પુણ્યના સમુદાય સેવા કરનારને મળી ગયા. ભગવાન બ્રહ્મલોકમાં હોય, એ મુક્તજનો સેવા કરે, રાજી કરે, આનંદ લ્યે, અનંતગણા સુખ ભોગવે. ભગવાને એવું રાખ્યું છે કે, મુક્તોને મરજી થાય એ પ્રમાણે ભગવાન તેના મનોરથ પૂરવા, તેની ધારણા પ્રમાણે તેવા સ્વરૂપવાળા થઈ એને તેને ભોગ આનંદ બધું આપે. એમને જેટલા પ્રકારના મૂર્તિમાંથી સુખ લેવા જોઈએ એ બધાં સુખ લ્યે.

સુખ સુખના સાગર, આનંદઘન ભગવાન છે, આનંદ મૂર્તિ છે, એમની આખી મૂર્તિ તેજ ભરેલી છે, વિર્ય ભરેલી છે, શક્તિ ભરેલી છે, જ્ઞાન ભરેલી છે, બળ ભરેલી છે, ઐશ્વર્યો ભરેલી છે, અખૂટ ઐશ્વર્ય છે. એક જ રીતે ભગવાન કાયમને માટે પૂર્ણ મનોરથ પૂરે છે, સેવા કરનાર ભક્તજનોને તૃપ્તિ થઈ જાય, ઓડકાર આવી જાય, આનંદમાં ગરકાવ થઈ જાય, સુખી થઈ જાય, એને એમ થાય કે હવે ભગવાન બસ. એટલે ભગવાન પરિપૂર્ણ સુખ સાગર, સુખના સમુદ્રો ભક્તમાં ઠાલવી અને પોતે વિરામ લ્યે છે, બ્રહ્મલોકમાં આવી રીતે છુટ મેલી છે.

બ્રહ્મલોકમાં સખા થાય, ગુરુ થાય, શિષ્ય થાય, ચેલી થાય, ચેલા થાય, રાધા થાય, કુમારી થાય, કુમાર થાય, મુક્ત થાય, મુક્તાણી થાય,

અવતાર થાય, અવતારિણી થાય, ઈશ્વરો થાય, ઈશ્વરાણી થાય. તન વડે, મન વડે, ધન વડે, મૂર્તિ વડે, ઐશ્વર્ય વડે, અંગો વડે, બધી રીતે ભગવાનને સેવી સેવી અને મુક્તજનો તૃપ્ત રહે છે, તેને ભૂખ-તરસ લાગતા નથી, ભગવાનની મૂર્તિની સેવાના ભૂખ અને તરસ છે, એ ભૂખ પૂરી થાય છે અને તૃષા છીપી જાય છે. આવા સુખના સાગર, આનંદના સમુદ્રો ઉછળે એ રીતે મુક્તને ભગવાન રાજી કરતાં જ હોય છે એટલે એવા ધામને વિશે જાવાની આખી સૃષ્ટિઓને મરજી થાય છે કે અખંડ સુખમાં રહીએ, અખંડ આનંદ લઈએ, ભગવાનની પ્રસાદીના મીઠા મીઠા સ્વાદ, અનંત પ્રકારના પકવાનો જમીએ, અનંત પ્રકારના શરબતો પીઈએ, અનંત પ્રકારના જળ પીઈએ, અનંત પ્રકારના ફળ-ફૂલ વગેરે ખાઈએ, અનંત પ્રકારના ભગવાનના સ્પર્શ કરીએ, ભગવાનને બથો ભરી ભરી અને મળીએ, ભગવાનને નવરાવીએ, ભગવાનને રાજી કરીએ, ભગવાનના અંગે અંગના ધ્યાન કરીએ, એમ ભગવાનની સાથે એક મેક થઈ અને ત્યાનાં મુક્તો હળીમળીને રહે છે.

અનંત મુક્તો છે, ભગવાન અનંત મૂર્તિઓ ધારણ કરે છે, જે મુક્ત જેવો, જેવડો, જેવી ભાવનાવાળો છે, તેવા ભગવાન તેની જેવા થાય ને તેની હારે રસ-બસ થઈ અને એક મેક થઈ જાય છે. આવા બ્રહ્મલોકના સુખ છે. તેને ઉપનિષદો ગાય છે, શાસ્ત્રો ગાય છે, વૈષ્ણવ સંપ્રદાયો કહે છે, નારાયણના ભક્તો, વિષ્ણુના ભક્તો, વાસુદેવના ભક્તો, કૃષ્ણના ભક્તો, રામના ભક્તો, લક્ષ્મણના ભક્તો, વામન-પરશુરામ વિગેરેના ભક્તજનો પણ એમ જ કહે છે કે, તમારી મૂર્તિના સુખ મળો. જ્યારે જ્યારે ભગવાનના અવતાર પૃથ્વી ઉપર થયા છે ત્યારે ત્યારે એ એ અવતારોને જોઈ જોઈને એમાં મોહિત થયેલા એવા ભક્તજનો, ભક્તાણીઓ આ ભગવાનનો સ્પર્શ ક્યારે થાય ? આ ભગવાનનું સુખ ક્યારે મળે ? ત્યારે ભગવાને કહ્યું, કે હું કોક વખતે તેમને આ બધા સુખ આપીશ, ભક્તિ કરો, ફળ ઉદય થશે ત્યારે બધા સુખ આપીશ, નહીંતર બ્રહ્મલોકમાં તો મારા સુખ પડ્યા જ છે, છે જ. અઢળક ઢળેલા છે, ત્યાં તમને ના પાડવાની જ નથી. તમારે માટે બંગલાઓ તૈયાર છે, સુખ-શયન તૈયાર છે, ખાવા-પીવા રહેવાના બંગલા ખુલ્લા જ છે. તમને

કોઈ રોકે નહીં અને ભગવાનને ખરીદી લ્યો તોય તમને કોઈ ના પાડે નહીં. આવા બ્રહ્મલોકના સુખે સુખિયા કર્યા છે અને એ જ મુકતો, ત્યાંના સુખ ભોગવનારા તે ભગવાન જ્યાં જાય છે સૃષ્ટિમાં, ત્યાં એની ભેગા થોડાક મુક્તો લઈ લ્યે છે, જેટલા પોતાને જોઈએ અને એટલા જ ભક્તોને વધારે સુખ આપે છે. બાકીના ભક્તો એના સમાગમ વડે કરીને સુખ લીધા કરે છે અને ભક્તજનોને પોતાની મૂર્તિના સુખ આપ્યા કરે છે.

શક્તિ અને સામર્થ્ય, તેજ, બળ, રૂપાળાપણું, સુગંધપણું, આનંદપણું, ચંચળપણું, ખૂબ મજબૂતી, ખૂબ કમાવ, ખૂબ ખૂબ અતિશય પ્રેમના પ્રવાહો. ઈ આ લોકમાં ભગવાન હોય ત્યારે પણ જેવો ભક્ત હોય એ પ્રમાણે તેને આપે જ છે. કારણ કે ભગવાનને પોતાને કાંઈ પણ રાખવાનું કે પોતાની પાસે ખૂટી જાય છે માટે રાખી લઉં એમ હોતું નથી, અખૂટ છે એને દેવાનું જ હોય છે અને આપે જ છે, સંઘરતા નથી. થોડુંક લઈ લેતા નથી, રાખી લેતા નથી કે હવે થોડુંક લેને એક ભક્ત સારું, થોડુંક બીજા ભક્ત સારું અને થોડુંક ત્રીજા ભક્ત સારું. એમ બધાને વેચી દેતા નથી. એ તો જેવો ભક્ત, જેવું જમનારો, જેવો સ્વાદ લેનારો, એ પ્રમાણે એને પૂરેપૂરો સ્વાદ આપી દે છે. ભગવાનની મૂર્તિમાં સ્વાદ ખૂટતો જ નથી. અમરફળ છે એ કોઈ દહાડે ઓછું થાતું નથી. અમૃતફળ છે, એમાં કોઈ દિવસ મીઠાશ ઓછી થતી નથી, એમ ભગવાનની મૂર્તિમાં મીઠાશ ઓછી થતી નથી. ભગવાનના આનંદમાં ભળેલી આખી દુનિયા છે, એના આનંદ વડે સુખી છે તોય ભગવાનમાં આનંદ ખૂટતો નથી.

આ લોકમાં મનુષ્યોના આનંદ કરતા રાજાઓના આનંદ સો ગણા છે, એના કરતાં દેવતાઓના આનંદ હજારો ગણા છે. તે લાંબો કાળ સુધી ભોગવે છે. એના કરતાં ઋષિ મુનિઓના અને પિતૃઓના આનંદો વળી અનંત ગણા છે. એના કરતા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, વૈરાટ, ઈશ્વરો એના આનંદ તો કરોડો વર્ષ સુધી રસ બસ લીધે જ રાખે. તોય આપ્યે જ રાખે તોય પણ અખૂટ છે, અખૂટ બળ છે, અખૂટ શક્તિ છે, અખંડ આકર્ષણ છે, અખંડ ચમત્કાર છે. એ અખંડ જે સુખ એ જ સાચું સુખ અને એ જ

આકર્ષણ, એ જ તૃપ્તિ અને એ જ પરમાત્માની મૂર્તિ વિશે પ્રીતિ અને એ જ વૃત્તિ એ મૂર્તિમાં ગરકાવ થયેલો કાયમ રહે છે માટે આ સૃષ્ટિમાં આવેલા એવા ભગવાન તે પોતાના ભક્તજનોને એની તૃપ્તિ મુજબ સુખ આપે છે અને તેને અક્ષરધામનો વતની બનાવે છે, અને ત્યાં પોતાના અનંત મુક્તોની સખા-સખીઓ તરીકે, પોતાના દાસ-દાસી તરીકે, પોતે પોતાને ત્યાં વસાવે છે અને તેને અનંત સૃષ્ટિઓ વઈ જાય તો'ય પણ તેને ત્યાં તો અંત આવતો જ નથી. એવા સુખના, ધામના બંગલા છે, બગીચાઓ છે, ભોજનની ચીજો છે, રસ લેવાની ચીજો છે, સુગંધની ચીજો છે, એના ચમત્કારની ચીજો છે, એના અનંત ઐશ્વર્યોની ચીજો છે, આકાર માર્ગે ઊડી જાવ, અનંત થઈ જાવ, મોટા થઈ જાવ, ઝીણા થઈ જાવ, શરીરે મૂર્તિમાં વયા જાવ, બેઠાં બેઠાં લાખો ગાઉ ઉપર ભગવાનની મૂર્તિને હાથમાં લઈને પોતાની છાતીમાં ભીડો, કામના પૂરી કરો, પોતે વશ થાવ અને ભગવાને વશ રાખો, આવી રીતે ત્યાંના ઐશ્વર્યો પણ અહીંયા જ છે અને અહિંયા પણ એ જ રીતે ભક્તોને આપે છે, ભક્તોની જેટલી પાત્રતા હોય તે પ્રમાણે ભગવાન તે ભક્તને ભરપૂર કરી દે છે, એને છલકવા દેતા નથી, અને જો છલકી જાય તો વળી ભક્ત પાછો આઘો વયો જાય કે હવે તો મારે પૂરું થઈ ગયું, હવે મારે ભગવાનની જરૂર નથી માટે જરૂરવાળો રહે એમ ભક્તજનને રાખે છે ને થોડું થોડું ઓછું આપે, બહુ ખાઈ લ્યે, બહુ પી લ્યે, બહુ તૃપ્ત થઈ જાય તો અણગમો આવી જાય, એ ન આવે એટલા માટે અધૂરું અને અધૂરું રાખે છે.

ભગવાન પોતાના મુખની ઉપર ઉજળાઈ, સુગંધ, રૂપ, આકર્ષણ એ બધું એવું રાખે છે કે જે ભક્તના મુખને કંઈ નડતર ન થાય. નહિતર ઠૂંઠા વાગે, એટલા વાસ્તે જ પંદર ને સોળ વરસની મૂર્તિ કે ક્યાંય ઠૂંઠા ઉગવા જ દેતા નથી. સોનેરી, કોમળ, બહુ સારા, બહુ ઝીણા વાળ, શોભાદાર રેખાઓ, સોનાની રેખાઓ, સોનાની મૂછું ઝીણી ઝીણી, માલિકોરથી મણીઓના ચમકારા દેખે ત્યાં થરેરાટી થઈ જાય કે, ક્યારે ચોંટી જાઉં ? આટલું બધું માલિકોરથી તીવ્રપણું ઉપજે છે. તે ભગવાનની મૂર્તિને ઘડીકે'ય છોડી, મેલી અને દૂર જઈ શકતો નથી. આવું આકર્ષણ ચુંબક ભગવાનમાં

રહેલું છે, ઈ પૃથ્વીમાં આવે તોય ભેગું હોય છે, જેટલો ભક્ત એટલું ચુંબક, જેવો ભક્ત એટલી ધીરતા-ગંભીરતા, એટલી ઉત્કૃષ્ટતા, એટલી ઉદારતા એ બધા ભગવાન ભેગા ગુણ છે તે ભક્તને માટે જ છે અને જો ભક્ત રમત રમાડે ભગવાનને અને ભગવાનને છેતરવા સારું જ માંડ્યો હોય તો ભગવાન જે છેતરીને નાખે'ને આઘો. જાય ઓલી કોર હજારો ગાવ, પછી મળે જ નહીં, પછી સો વાર હડકા કરે તોય શું ? જાણી લીધું આ તો સાળો છેતરપિંડો છે, જવા દે. એવા છેતરપિંડા કેટલાંય હોય છે, મજા'ય લેતા જાય અને છેતરપિંડીય કરતાં જાય. બીજાની સેવામાં ગળકાય જાય. ભગવાનને એવા બહુ ઘટે પણ આનું રૂંવાડું ક્યાં ઓછું થાય એવું છે ? માટે એવા છે એ છેટા થઈ જાય, પડી જાય ને મરી જાય.

સાચાં ભક્તો છે ઈ તો ભગવાનના ચિન્હો, ભગવાનના વેશ-આભૂષણો, ભગવાનના સુગંધો એને ધારણ કરનારા થાય છે. તન વડે, મન વડે સેવી લ્યે, ધન વડે સ્વભાવ વડે, પ્રકૃતિ વડે, શાંતિ વડે, આનંદ વડે ભગવાનને સેવે છે. કાંઈ સેવવામાં એકલું ચીભડું, કેળું ને કાકડીને કામ આવે એવું થોડું છે ? બધું'ય કામ આવે, ભક્ત જે આપે તે ભગવાન લ્યે અને ગ્રહણ કરીને પાછી પ્રસાદી આપે એમ રાજી કરે છે. માટે ભગવાને આ ભૂમિમાં રાખેલા પોતાના એકાંતિક, નિર્વિકલ્પ સ્થિતિવાળાઓ સાચું સુખ લ્યે છે, પાસે હોય તો'ય સાચું સુખ અને દૂર હોય તો'ય સાચું સુખ. પાસે હોય તો મૂર્તિને બથે સુખ, દૂર હોય તો મૂર્તિના દર્શને સુખ અને દિવ્ય મૂર્તિએ કરીને સુખ પણ સુખિયા જ છે એને દુઃખ કોઈ દિ' નથી. શાસ્ત્રો લખે છે, બહુ મોટો ભક્ત હોય તો વિયોગથી કાઈક મનમાં એમ થાય કે, આપણને જેમ આપણે છીએ એમ ભગવાન આપણી હારે બોલતા, ચાલતા, ખાતા, પીતા કાયમ રહે તો સારું. તો દ્વારિકામાં શ્રીકૃષ્ણે ઈ રીતે રાખ્યું'તું. કોઈના બંગલામાં ન રેય એમ નહીં. એમ ભગવાને સ્વયં રાખ્યું જ છે. અનેક બ્રહ્માંડોમાં અનેક ઠેકાણે મૂર્તિઓ છે પણ હવે બધાયને ઘેરે ભગવાનની મૂર્તિ જ રાખે તો હવે ઈવડા ઈ બારણામાંથી બહાર નીકળે જ નહીં. ઈ કાંઈ એનો વાવવાને લણવાને જાય નહીં ને, કાંઈ ખવાનું ભેગું રાંધે નહીં ને કરે

નહીં ને પછી બાચકા ભરે તમારી મૂર્તિમાંથી ખાય લઉં, મારે કાંઈ રાંધવું નથી ને મારે કાંઈ કરવું નથી. હવે એના સગા-સંબંધીઓ ઈવડા ઈ ય ભૂખ્યા રહે, છોકરાને છાબડા ન રાંધે તો શું કરે ? એને બધાને થોડું મૂર્તિમાંથી બાચકા મળે છે ? એટલે એ સૌને રીત પ્રમાણે રાખે, રીત પ્રમાણે આનંદ દે, રીત પ્રમાણે ભક્તિ કરાવે, રીત પ્રમાણે સેવે અને રીત પ્રમાણે આઘા'ય રહે. આઘા શું કામ રહે ? તો કે વધારે હેત થાય, વધારે આકર્ષણ થાય, વધારે સેવા કરે, પાંચ દિ' આઘા હોય તો છઠ્ઠે દિ મળે ને તે દિ' ત્રણ ગણું લઈ જાય. એ આ લોકની રીત છે. બહુ દૂર જાય કોક દિ' આવે તો મહિનો મહિનો લ્યે. એમ બધું સુખ ભોગવે છે, આનંદ નીકળવા ન દે, એમ સુખ વધે છે, ભક્તોને. દૂર નો અર્થ ઈ છે સુખ વધારવાના, દૂર નો અર્થ ઈ નથી કે ભક્ત ગણીને પછી દુઃખી કરવાના, કંઈ ફેરા ફરવાનો ઈ અર્થ નથી કે પછી જ્યાં ત્યાં રખડાવીને પછી ઉદ્વેગના ડુંગરામાં નાખી દેવા.

એમ પોતાના ઈષ્ટદેવ એવા સ્વામિનાથ ભગવાન એને જે જે વર્યા છે, જે જે શરણે થયા છે, શરણાગતિ લીધી છે તે મંડળ, એ બધાં ય ને ભગવાન કંઈ નાખી દેતા નથી. પણ ભગવાનને એમ થાય કે આને આ રીતે સુખ થાવ, આ રીતે સુખ થાવ, આ રીતે સુખ થાવ. ઈ રીતે એના ક્ષેમ અને યોગ ઈ બધે ઠેકાણે પૂરા કરાવે છે અને ક્ષેમ અને યોગ કરીને ભક્તજનો છે ઈ કાયમ સેવક થાય છે, સેવા કરે છે અને મોક્ષમાં જાય છે. મોક્ષમાં મૂળ સાધન તો ભગવાનની પ્રીતિ, ભગવાનની કૃપા, બાકી તો અહીંના બધા ઉચાળા છે, જ્યાં રહ્યાં ત્યાં ઉછાળા, ઉચાળા અને જેમ અધવારું કરે એવું અધવારું કરવા આવ્યા છે બધાય. મેલ પડ્યું ગામડું, મેલ પડ્યું ખેતર, મેલ પડ્યું કુળ-કુટુંબ, મેલ પડ્યો દરવાજો. એમ પડ્યું મેલી અને ભગવાનના ધામમાં જવું ઈ મોટો મુદ્દો છે, ઈ મુદ્દો નર-નારીઓએ હાથ રાખવો તો ભગવાન ભેગું રહેવાય અને ભગવાન પાસે જવાય.

❖❖❖❖❖

✲ પરાવાણી - ૬ ✲

✪ મુક્તોની દિવ્ય સમજણ
✪ પૃથ્વી પર ભગવાનને મનુષ્યરૂપ ધરવાનું કારણ

ભગવાન આપણી સાથે છે, જીવમાં બેઠા છે, નેત્રમાં બેઠા છે. આપણા વિચારોમાં બેઠા છે. કુટુંબમાં બેઠા છે. સુખ-સંપત્તિ, સમૃદ્ધિ બધી ભગવાન લેખે છે. ભગવાન બધા સાધનો આપે છે. હાથ, પગ, નેત્રે, શરીર, સુખ-સાધન કેવા કેવા સારા આપ્યાં છે ? જેને અંગે જીવાત્મા સુખી થાય છે. સુખિયો જીવાત્મા ભગવાનનો મહિમા સમજે કે મને ઈન્દ્રિયો, અંતઃકરણ, શરીર, કુટુંબ, ઘરબાર, બંગલા, પરિવાર, નાણાં, ભોજન, દાણાં, સંપત્તિ અને આવરદા, એમાં ય માનવજન્મ વગેરે પ્રભુએ આપ્યા છે, તે સુખિયા થવાં આપ્યાં છે. ચોરાસી લાખ ખાણોમાં તો દુઃખિયા જ જાનવરો છે. ભગવાનને સેવતા આવડે તે સુખિયો થાય, કમાઈને વાપરતા આવડે તો સુખિયો થાય. લોભી, કલેશવાળો, અજ્ઞાની, ઉડાઉગીર, વિચાર વિનાનો માણસ, તોરી માણસ, એ અથડાયા કરે, ભટકાયા કરે પણ સુખિયો થાતો નથી. જાંજવાના જળમાં દોડ્યા કરે પણ પાણીનો ઘૂંટડો મળે નહીં. સમજણવાળો, સ્નેહી, આત્મનિવેદી, ભક્તરાજ, હેતવાળો, અંતિમ જન્મ સમજનારો એવો જીવાત્મા તે ભગવાનને ઓળખી લ્યે છે, ભગવાનની સેવા ચાકરીમાં વર્તે છે, ભગવાનનો રાજીપો મેળવે છે. ભગવાન રાજી જ છે. જેટલી સેવા કરે તેટલા વધારે રાજી.

ભગવાનમાં તન, મન, ધન, સમૃદ્ધિ, પરિવાર, કુળ, કુટુંબ, ખેતીવાડી જે કંઈ ભગવાને આપણને આપ્યું છે તે તેનું છે ને હુંય તેનો છું, આવી સમજણવાળો એ જરૂર ભગવાનને માટે આ લોકમાં બધી ભક્તિ કરે છે. ભગવાનના ધામમાં ભેગું રહેવાય, ચરણમાં ભેગું રહેવાય, સેવા ચાકરી ભગવાન અંગીકર કરે, ભેગો ને ભેગો રાખે એવી સ્થિતિનો ભક્ત અક્ષરધામનો મુક્ત થઈ જાય છે, તેને ને ભગવાનને કાંઈ પણ એક દોરાનો ય ફેરફાર, ફરક કે ભેદભાવ રહેતો નથી.

ભગવાન એમ કહે છે કે, જે મારા પ્રતિ જેવી ભાવનાથી આવે, તેવી ભાવના વડે હું, તેની સેવા ચાકરી અંગીકાર કરું છું, તેને હું તિરસ્કારતો નથી, તેને તેના દુર્ગુણ ટાળી અને તેને સદ્‌ગુણી બનાવું છું. તેની માયા મટાડી અને દિવ્ય બનાવું છું. તેના આ લોકના બંધનો છે તે તોડી અને નિર્બંધન બનાવું છું. તેને દુઃખમાં વરતાવે એવા માયાના ગુણોને મટાડી અને સદ્‌ગુણી બનાવું છું, ભગવાન લેખે બન્યો પછી એના ઉપર કાળ, કર્મ, માયાનો કોઈનો ભાર નથી. સૂર્ય, ચંદ્ર, વરુણ, પ્રજાપતિ, મેઘ, પૃથ્વી, સાગર, ધ્રુવજી, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ બધાય ભગવાનને પ્રગટને ભજી ભજી અને મોટા થયા છે. તેથી દેવતાઓ કહેવાય છે, ઈશ્વરો કહેવાય છે, અનંત સમૃદ્ધિવાળા છે અને કાયમ સુખિયા છે અને પોતાના બંગલાઓમાં ભગવાનની મૂર્તિ રાખી અને ઉત્સવો કરે છે, ભજે છે, જન્મજયંતીઓ સારી રીતે ઊજવે છે અને ભક્તિ કરે છે. એને ભુક્તિ ને મુક્તિ એની સ્થિતિના સુખ અને મોક્ષના સુખ બેય સુખને સ્વર્ગમાં, આલોકમાં, પૃથ્વીમાં, ભૂમિમાં, સત્સંગમાં, મંડળમાં, દરેક ઠેકાણે એ સુખિયા થાય છે, સુખ લ્યે છે. અને સુખ લેતા આવડે છે.

માટે જે ભગવાનનો ભક્ત થયો તેણે ભગવાન હારે કાગળ જેટલુંય પડ આડું ન રાખવું. ભગવાન છે તે સાકરના રસના નારિયેળની મૂર્તિ છે, એની મૂર્તિમાં માગ-ત્યાગનો ભાગ નથી. એની મૂર્તિ દિવ્ય છે, પવિત્ર છે, એમાં અપવિત્રપણું કાંઈ નથી. ભગવાનની મૂર્તિમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ વગેરે જે કાંઈ હાથ, પગ, મસ્તક, મુખ, ઉંદર, છાતી, આકૃતિ, ઈન્દ્રિયો,

અંતઃકરણ દેખાય છે. એ ભગવાન ભક્તના શરીર એવા છે માટે એના સુખ એને આપવા સારું થઈને એના જેવા થઈ અને વર્તે છે પણ ભગવાન તો દિવ્ય છે. કુંતાજી પાસે સૂર્ય આવ્યા ત્યારે મનુષ્ય આદમી થઈને આવ્યા, એટલે કુંતાને સુખ મળ્યું. અક્ષરધામના અધિપતિ પ્રાણપતિ ભગવાન પુરુષોત્તમ નારાયણ કરોડો સૂર્યો ડુંવાડામાં સમાઈ જાય એવા તેજસ્વી છે, છતાંય છપૈયામાં પધાર્યા, તીર્થમાં આવ્યા તે તેની સેવા કરે એવા ગોપ-ગોપીઓ, તેના સુખને માટે, તેના જેવા થઈ અને તેના રમણમાં રમે, તેના જીવમાં ભેગા રહે, તેને પોતા ભેગા ભેળવે. તેના શાક, પાંદડા, રોટલા-રોટલી જમે, દૂધ-પાણી જમે, ગાયો ચારે, ભેગા ફરે, વિચરે, આનંદ કરે ત્યારે જીવને સુખ થાય છે.

રાજા પોતાના નોકર, ચાકર, ઘરબાર, કુટુંબ એની સાથે એના જેવો નાનો માણસ થઈ અને રહે તો બધાય માણસ એના સુખિયા વર્તે, પણ મોટો થાય ને હુકમ કરે, દંડ દે, આંખ્યું તાણે, વધારે સત્તા વાપરે, એમ વધારે જો પોતાનો રોફ લગાડ્યા રાખે તો એને સેવકવર્ગ કોઈ દિ' સુખિયો થાય નહીં. રાજા પોતાની રાણી પાસે રાણી સુખી થાય એમ વર્તે. રાજા પોતાની દાસી પાસે, નોકર પાસે, એને સુખ મળે એમ વર્તે, રાજા પ્રજા પાસે પ્રજા સુખી થાય એમ વર્તે. એમ ભગવાન રાજાધિરાજ છે. સાર્વભૌમ છે, સમ્રાટ છે, આખા જગતના નેતા છે. સૂર્ય પાસે સૂર્ય જેવા, ચંદ્ર પાસે ચંદ્ર જેવા, ધ્રુવ પાસે ધ્રુવ જેવા, બાળક પાસે બાળક જેવા, ગોપી પાસે ગોપી જેવા, ભક્તાણી પાસે ભક્તાણી જેવા, સેવકો પાસે સેવક જેવા, ઉદ્ધવ અક્રૂરની પાસે એના જેવા, બલદેવજીની હારે એના જેવા, અર્જુન પાસે એના જેવા અને આત્મનિવેદી ભક્ત અંબરીષ જેવા હોય, દાદા ખાચર જેવા હોય, જીવુબા લાડુબા જેવા હોય, એવા ભક્તો હોય, સાંખ્યયોગી હોય તો એની સાથે ભગવાન એના પતિદેવ તરીકે એના જેવા થઈને વર્તે છે અને એને જે ઠેકાણે જ્યાં જેવું સુખ જોઈતું હોય તેવું સુખ આપે છે.

ભગવાન બધાયના સહિયારા છે, જેવું પાત્ર તે પ્રમાણે પોતે થાય છે. તેવા થઈને વર્તે છે, રંગે રમવું હોય તો ભગવાન રંગ રમનારા ભેગા રંગે

રમવા માંડે, જમવાનું હોય તો ભેગા બેસીને જમવા મંડે, કોઈ ઉત્સવ, કિલ્લોલ, ગાયન, વાજિંત્ર વગેરે કરતા હોય તો એની ભેગા ગાવા લાગે. ગરબી ગાતા હોય તો ભેગા થઈને ગરબી લ્યે. ત્યાં બેસવું, ઊંઘવું, સૂવું-જાગવું, હરવું-ફરવું, બાગ-બગીચા, સુગંધ વગેરેમાં એની જેવા થાય તો જ ભગવાનથી ભક્ત સુખી થાય છે અને ભક્ત રમતે ચડ્યા હોય તો ભગવાન રમતે ચડે. અને ભગવાનના ઉપર બહું હેત વરસે તો પછી ભગવાનથી ભક્ત છેટે રહેતા નથી, પછી ભગવાન પાસે એટલા બધા રમૂજમાં અને સેવામાં વર્તે કે જાણે ભગવાનની આખી મૂર્તિ ને હું મારામાં લઈ લઉં, એમના સ્વરૂપને લઈ લઉં, એમના ગાલ, એમનું મુખારવિંદ, એમના હોઠ, એમના હાથ, એમની છાતી, એમના પગ, એમનું ઉદર વગેરે વગેરે મારી મૂર્તિમાં કઈ રીતે બેસી જાય ? એમ ભગવાન ભેગા રમવા માંડે, ત્યારે ભગવાન ભક્તની સાથે પણ એ જ રીતે રમવા માંડે. ચિંટીયો લે, બથ ભરે, રમાડે-રમે, નવરાવે-નાય, ખવડાવે-ખાય, રમૂજ કરે, તોફાન કરે, એમ બધી રીતે ભગવાન આ જગતના જીવને માટે એના જેવા થઈને એના પ્રાણપતિ વર્તે છે. આ સમજણ છે તે અક્ષરધામની છે, મુક્તોની છે, દિવ્યની છે, સંસારીની નથી. સંસારી સ્વાર્થી હોય છે અને ભગવાનની ભક્તિ કરનારો સ્વાર્થી નથી હોતો. એ ભગોદર્થી હોય છે, ભગવાનને માટે જે કાંઈ થાય, એ કરો. બીજું તો બધુંય થયા જ કરવાનું છે.

વરસાદ આવે તો ખેતીમાં પાકવાનું જ છે, મોલ થવાનો જ છે, દાણા થવાના જ છે, ખાવાનું જ છે, ઊંઘવાનું જ છે, ને ફરવાનું જ છે, રખડવાનું જ છે. આ દુનિયા ખેંચાઈ ગઈ જ છે. હાલીજ જાય છે બધેય. પ્રભુ મેળવી લીધા એટલે બધુંય મળી ગયું. મોક્ષ મેળવવાના સાધન કરવા માંડ્યો એટલે એ બધુંય કમાઈ ગયો, ભગવાને બહુ ગોઠવણી કરી છે, ઉદરનું સાધન, શરીરને પોષણનું સાધન, રહેવાનું સાધન, મૂંઝાણો હોય તો બે ઘડી ખુશીયાળીનું સાધન, સારી સુગંધીદાર ચીજો, રસદાર મિષ્ટ ચીજો, વાપરવાની ચીજો કુણી કુણી, કોમળ કોમળ, સારી સારી, સુંવાળી સુંવાળી બનાવી અને ખવાય-પીવાય એવી ચીજો આ બધુંય ભગવાને બનાવ્યું છે ઈ

જીવને બે ઘડી શાંતિ થવા માટે. મૂંઝાણો હોય તો મૂંઝવણ ટાળનાર જોઈએ, એને માટે ભક્ત ને ભગવાન મૂંઝવણ ટાળનારા છે, એને મૂંઝવણ આવતી નથી, આવે તો ભગવાન હારે બેસે એટલે ટળી જાય. પણ એવો જીવ ના હોય તો ઘડીક બાળબચ્ચાં હારે બેસે, એમ વાતચીત કરનારા હારે બેસે તો મૂંઝવણ ટળે, કાયમી મૂંઝવણ ટાળવી ઈ તો ભગવાન સિવાય બીજો કોઈ ટાળનારો નથી. એને ઓળખ્યા એટલે બધું ઓળખાણું, એને ભજ્યા એટલે બધુંય ભજાણું, એને સેવ્યા એટલે બધુંય સેવાણું અને એને જે કંઈ આપ્યું એટલે સર્વસ્વ અપાઈ ગયું. પછી ક્યાં તમારે તમારા દેહને આ દુનિયામાં મેલવો છે ? રાખવો છે, ને દાટવો છે ને, થાપણ મેલવી છે. કંઈ કરવાનું નથી. કોઈ થાપણ રહેવાનીય નથી, ભગવાન પોતાની થાપણ ને હું એનું નાણું. એમ ભગવાન હારે તન્મય થઈ જાવું. આમ સમજણથી ભક્ત થઈ અને ભગવાનને ભજવા.

❖❖❖❖❖

⁂ પરાવાણી - ૭ ⁂

✪ એકાંતિક ભક્તના લક્ષણો
✪ મુક્ત ભક્તોને પ્રગટ ભગવાનના અંતરના આશિર્વાદ

ભગવાન ભક્તપતિ છે, જગતપતિ છે, મુક્તપતિ છે, સર્વપતિ છે. માટે ભગવાન બધાનું પોષણ પાલન રક્ષણ કર્યા કરે છે. ત્યારે ભક્ત છે એ ભગવાનના સેવક છે, દાસ છે, રાજીપો લેવા ઈચ્છે છે અને ભગવાને જે જે સંપત આપી તેને વાપરવા ઈચ્છે છે; વાપરીને પણ મન, ઈન્દ્રિયો, અંતઃકરણ માયાના છે તો પણ તેણે કરીને જીવાત્મા ચેતન છે તે ભગવાનને અર્પ્યો એટલે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ તો અર્પ્યા છે. અને એ અર્પ્યા થકા દિવ્ય થાય છે. ભગવાનની ભક્તિ તો થઈ શકે છે. સ્નેહભક્તિ, પ્રેમભક્તિ, પ્રેમની સેવા તે દેહ વડે, ઈન્દ્રિયો વડે, અંતઃકરણ વડે, પ્રાણ વડે અને જીવ વડે થાય.

ભક્તનું સર્વસ્વ ભગવાનમાં છે અને ભગવાનનું સર્વસ્વ ભક્તમાં છે. માટે ભક્ત અને ભગવાન એકમેક તાદાત્મ્ય વર્તવા માંડે તો એને અક્ષરધામનું સુખ આવે. પણ જો ભક્ત ખોંચો કાઢવા માંડે તો એનો છેડો આવતો નથી અને ભગવાન મળ્યા છે તેનો લ્હાવો લેવાતો નથી અને ભગવાનને રાજી કરી શકાતા નથી. માટે ભક્ત તે ભક્ત. પણ કેવો ભક્ત ? તો કે એકાંતિક. એકાંતિક કેવો ? જેનામાં ભાગવતધર્મ વસ્યો છે, ભગવાન કહે એમ કરવું. જેનામાં સમજણ વસેલી છે કે, ભગવાન દિવ્ય છે એને સેવવાથી પુણ્ય થાય છે, પ્રસન્નતા થાય છે, મોક્ષ મળે છે પણ આ લોકના

રીત-રિવાજ આડા ન રાખવા. વૈરાગ્ય, ભગવાનમાં હેત કરવું અને બીજેથી હેત તોડવું, એનું નામ વૈરાગ્ય. ભગવાનમાં ગમે એટલો રાગ થાય તો પણ ઈ વૈરાગ્ય જ છે કારણ કે પ્રભુને નખ શિખા પર્યંત સેવીને રાજી થવાય છે, મોક્ષ મેળવાય છે. ભક્તિ એટલે પ્રેમપૂર્વક સેવા, પ્રેમથી સેવા કરો એનું નામ ભક્તિ. પ્રેમથી બધુંય થાય.

ભગવાન દિવ્યમૂર્તિ છે. સાકરનું નાળિયેર, સાકરના રસનું નાળિયેર એટલે ડાંડલો સાકર, છોતલા સાકર, ટોપરું સાકર, કાચલી સાકર, જળ સાકર, બધુંય સાકર. ઈ સાકર, સાકર ને સાકર. એમ ભગવાનની મૂર્તિ છે, ભગવાનની ચોટલી, ભગવાનના નેત્રો, તેના કાન, તેના હોઠ, તેના ગાલ, તેના પગ, તેનું ઉદર, તેની છાતી, તેના પગ, તેના અવયવો બધાં ભગવાન જ છે. મૂર્તિમાં ને મૂર્તિના અવયવોમાં ભેદ નથી. એકરસ ચૈતન્ય મૂર્તિ છે માટે ભગવાનને જે રીતે સેવો તેમાં આ પ્રભુ જ છે, ભગવાનની મૂર્તિમાં એક ઠેકાણે સેવો એટલે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, બધાય સુખ આવે. એવા મોટામાં મોટા સુખ લેવા શીખવું. મૂર્તિને અડો, દર્શન કરો, મૂર્તિનો રસ લ્યો, મૂર્તિની સુગંધ લ્યો, મૂર્તિ તમારી સેવા ગ્રહણ કરવા માટે જ ધારણ કરેલી છે. જ્યારે આ જગતના જીવ ભગવાનને નથી ઓળખતા તો તેને કંઈ ફળ મળતું નથી. પણ જો ભગવાનને ઓળખતા શીખ્યા તો તેને બ્રહ્મલોકનું સુખ આવે છે, જેણે જેણે ઓળખ્યા તેને પછી બીજા કાંઈ સાધન કરવા બાકી રહેતા નથી.

ભગવાનની આગળ તન, મન, ધન અર્પણ કર્યાં, સેવા-ચાકરી કરી, એટલું જ સાચું નાણું કમાણાં. પ્રભુ તો પૃથ્વીમાં છે એટલે તમારા જેવા થઈને તમારી ભેગા ભળે છે, તમારી સેવાઓ અંગીકાર કરે છે. જે કંઈ ગ્રહણ કરે છે તે તમારા કલ્યાણને વાસ્તે ગ્રહણ કરે છે. ગ્રહણ કરવાની ચીજ ભલે માયિક રહી પણ ભગવાનના સંબંધ વડે કરીને અમાયિક થઈ ગઈ. તમારું શરીર ભલે માયિક રહ્યું પણ ભગવાનનો સંબંધ થયો એટલે અમાયિક થયું. તમને ભગવાને તમારા જેવા થઈ અને સેવા આપી. તીર્થમાં ભગવાનને વસાવ્યા, ધામધૂમ કર્યા, સમૈયા કર્યાં, અનેક માણસોએ દર્શન

કર્યાં, જોયા, એ તમામના કલ્યાણ થઈ ચૂક્યા. એવું એકાંતિક ભક્ત હોય તે કરી બતાવે, બીજાથી ન થાય. બીજાને આ લોક આડું આવે છે, જેને લોક આડું આવ્યું તે સેવા ન કરી શકે. પણ ભગવાન અલૌકિક છે, તો એને લોકની રીતિ આડી રાખવાની જરૂર રહેતી નથી. પણ ભગવાન એટલું ધારે કે મારો ભક્ત સુખી કઈ રીતે રહે ? અને બીજા કોઈ આપણો અભાવ કેમ ન લ્યે ? એમ ભગવાને રહેવું ઘટે છે. ભક્તે પણ એમ જ રહેવું ઘટે છે.

ધર્મ પાળવો, જ્ઞાન કરવું, રાગ ન કરવો, ભજન ભક્તિ કર્યા કરવા અને જેવું ટાણું, જેવો સમય, જેવી સ્થિતિ તે પ્રમાણે સેવવા. નાણાં ખૂબ હોય તો નાણાંથી, દાણા અને ઘઉં ખૂબ હોય દાણા અને ઘઉંથી, શરીરનું બળ ખૂબ હોય તો શરીરથી દાબવા, સેવવા, રાજી કરવા. કારણ કે રાજીપા સિવાય બીજો કોઈ માર્ગ કલ્યાણનો છે નહીં. જે કંઈ કરો તે રાજીપા માટે થાય છે. માટે દેશમાં હોય કે પરદેશમાં હોય પણ હું અને મારા ભગવાન. આવી ધૂન લાગી હોય તો ભગવાનને પણ એમ રહે કે, મારા ભક્તો પરદેશ છે તોય પણ મને સંભાર્યા કરે છે. મારે માટે તન, મન, ધન અર્પણ કરી અને કમાય છે. મારૂં રાત-દિવસ ભજન કરે છ, સંભારણું રાખે છે. માટે એવા ભક્તને મારે સંભારવા જોઈએ તો સંભાળ લેતા રહે છે. ભગવાનને કાંઈ આઘું નથી. જેને જળના ને, પૃથ્વીના આવરણ હોય તેને આઘું છે, ભગવાનને કંઈ આઘું નથી, એને કોઈ આવરણ નથી પણ લોકમર્યાદામાં ઠીક રહેવાય એમ બધું સાચવે, ચલાવે, નભાવે. માટે જલ્દી અવાય-જવાય અને રૂપિયાવાળા થવાય. આ ભગવાનની કરામત છે.

જે ઠેકાણે વરસાદ નો પડે, ખબરે'ય ન પડે કે વરસાદ કેવા આવે છે ? ત્યાં વરસાદ વરસાવ્યા અને ત્યાંના આરબો ને ફકીરો એ વરસાદમાં દોડી દોડીને નહાવા માંડ્યા, ઓહોહોહો અલ્હા એ અચ્છું કર્યું, અલ્હાએ વરસાદ વરસાવ્યો. પણ ઈ અલ્હા બેઠા છે અહિંયા. ઈ આ અલ્હાએ ભક્તો વાસ્તે કર્યું છે. ભક્તો સુખી થાય, વરસાદ પડે, શાંતિ થાય, જ્યાં ભગવાનના ભગત હોય ત્યાં વરસાદ શું કામ ના પડે ? ખૂબ પડે. ભક્તોને પાણી મળે, પીવાનું મળે, જેને પરચાની ખબર નથી તેને પરચો પણ જણાય કે આ તો

ભગવાને આપણાં સારું કર્યું છે, બીજા સારું નથી કર્યું. બીજા તો વચ્ચે વચ્ચે લાભ લઈ લે. પાણી પીવે, ન્હાય-ધોવે અને લહેર કરે. પણ નામ તો લ્યે ભગવાનનું કે ભગવાન અચ્છું કર્યું, સારું કર્યું, ઠીક કર્યું, આટલો ગુણ લે તોય પણ તેની મોક્ષ ગતિ થાય.

તમે ધર્મવાળા છો, ધર્મ પાળો છો, નાહીં-ધોઈને પૂજા-પાઠ કરો છો તો બીજાને તમારો ભાર પડે કે આ માણસો સારા છે અને એટલો ગુણ લ્યે એટલામાં તો એનો મોક્ષ થઈ જાય. માટે પ્રભુ જેના થયા એને ભગવાન ગરુડ પર બેસારે, વિમાનમાં બેસારે, ધામમાં લઈ જાય, ભેગા બેસારે, ભેગા રમાડે, ભેગા આનંદ કરે, ખાય-પીએ, લહેર કરે. આપણે એમ સમજવું કે આપણા ધન્ય ભાગ્ય છે કે આપણો અવતાર છે મનુષ્યનો, તેમાં ભગવાન મળ્યા છે માટે બધા પુરણકામ થઈ ગયા છીએ. આમ સમજી સમજી અને સેવવા, ભગવાનનો ભેટો ન થાય તોય પણ અંતઃકરણમાં તો સંભારવા, જોયા કરવા, મૂર્તિમાં જોવા, ઈ સાક્ષાત ભગવાનને જોયા કહેવાય. મૂર્તિ રાખો, મૂર્તિની પૂજા કરો, આનંદ કરો. એમ ભગવાનને મળ્યા કહેવાય. માટે ભગવાન મૂર્તિ દ્વારા મળે છે, પ્રસાદી દ્વારા મળે છે, નેત્રો દ્વારા મળે છે, અંતઃકરણથી મળે છે, લોકમર્યાદા પૂર્વક મળે એટલે બધાયને સુખ. એમ ભક્તજનોએ મર્યાદા સાચવવી અને ભગવાનને સેવવા.

તમે પરદેશ રહ્યા છો, બધા સુખી થાવ, વધારે નાણાં મળો, હજુ આશીર્વાદ આપીયે છીએ, બે પાંચ વર્ષ સારા વયા જાય તો બધાયને હું સોનાની વિંટીયું પેરતા દેખું, સોનાનાં સાંકળા પેરતા દેખું. તમે મંદિરો કરો, સેવા કરો, તમારા માટે બધુંય તૈયાર છે. ભગવાન ચિંતવ્યા જ કરે છે કેમ કરવું, સારું થાશે કામકાજ મળ્યા કરશે, નિરોગી રહેશો, શરીરે સાજા રહેશો, તમારા છોકરા-છાબરાની સંભાળ રાખનારા મોટા છે, ધણી મોટા છે માટે ફિકર તો કરવી નહીં. એનું ધાર્યું થશે અને સારાવાના થાશે. ભગવાને બહું સારું ધાર્યું છે માટે સારાવાના થાશે આમ બધાને આશીર્વાદ આપું છું. તમે મૂંઝવણ થવા દેવી નહીં એમ વરતજો. દેશ-કાળ પ્રમાણે વર્તવું. દેશકાળમાં તો ભોજન, પાણી, રહેણીકહેણી, થોડુંક બીજા ભેગું ભળવું પડે તો ઈ દેશકાળને

અનુસારે ભળાય પણ પછી જ્યારે સ્વદેશમાં કે ભગવાનની પાસે કે સ્વગામમાં કે સ્વકુટુંબમાં આવો ત્યારે પાછા જે કાંઈ થોડા ઘણાં રીત-રિવાજો મેલી દીધા હોય તે પાછા લઈ લ્યે અને ભગવાન ભજે તો ઈ નિર્દોષ છે. અને પરદેશ છે એમાં પરાધીન થવું જ પડે. બધું પોતાનું ધાર્યું થાતું નથી. પણ ભગવાન જબરા છે તે તમારી નજર રાખશે, એટલે બધા સુખી રહો, લહેર કરો, સેવાઓ કરો, સારાવાના થાય.



⁂ પરાવાણી - ૮ ⁂

✪ ભગવાનની અનંત શક્તિઓનું વર્ણન
✪ સાચાં સત્સંગીએ ભગવાનને બધું કૃષ્ણાર્પણ કરતાં શીખવું

પુરુષોત્તમ નારાયણે, પરબ્રહ્મે શ્રીજી મહારાજે અક્ષરબ્રહ્મને પ્રેરી અને સૃષ્ટિ રચવાનો સંકલ્પ કર્યો હતો ત્યારે મુક્ત પુરુષોને સૃષ્ટિ રચવા માટે આગળ મોકલ્યા હતા. એ મુક્તોએ બ્રહ્માંડમાં આવી આવી અને ઈશ્વરોને પ્રેરણા કરી કરી અને બ્રહ્માંડોની અનંત સૃષ્ટિઓ એમણે રચી હતી. અને શ્રીહરિ પાસે પ્રાર્થના કરી હતી કે, ભગવાન અમે સૃષ્ટિઓ રચીએ પણ તમારાથી વિખૂટા પડી જઈએ માટે એવો વિયોગ ન થાય એટલે તમારે આવ્યા કરવું, જ્યાં જ્યાં અમે હોઈએ ત્યાં તમારે પ્રગટ થવું.

ભગવાન કહે, હું તમારી ભેગો છું. જ્યાં એવી જરૂર પડશે, ત્યાં ત્યાં તેવા રૂપ સ્વરૂપે આવી અને તમને મદદરૂપ થઈશ, તમારા કાર્યો કરીશ. તમારા કામમાં તમારે માયા સાથે ભેગું ભળીને પણ મને ન ભૂલવો. મારી ઉપાસના પ્રવર્તાવી. હું પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છું, મને ભજશે, મારી મૂર્તિનું ધ્યાન, ભજન કરશે, મારી સેવા-ચાકરી કરશે, મારા સ્થાનોની યાત્રા કરશે, મારા મૂર્તિના દર્શન કરશે, મારા નિયમ વ્રતને સ્વીકારશે, મારી કંઠી બાંધશે, મારું નામ લેશે, મારા અને મારા સંત પુરુષોમાં સ્નેહ કરશે તે બધાને હું મોક્ષમાં લઈ આવીશ અને તમે એને સત્સંગી બનાવજો એટલે મારામાં હેતથી તેઓ મને ભજે એટલે અક્ષરધામમાં આવે. તમે મહેનત કરેલી જીવ પ્રાણીમાત્રમાં સફળ ન થાય તો પછી મારા સામર્થ્યનું શું કામ ?

એટલે હું સામર્થ્ય વાપરીશ. ગમે એવો જીવ હશે પણ જો મારામાં નામથી, હેતથી શરણે આવ્યો તો હું એના પાપ બાળી દઈશ. એના જીવમાં બળ આપીશ, એને પ્રકાશ કરીશ, એની માયા ટાળી દઈશ, એના ઈન્દ્રિયો, અંતઃકરણ, શરીર, મૂર્તિ, કામકાજ એ બધા હું દિવ્ય બનાવી દઈશ. જેમ મારા મુક્તો મારી સાથે તમે દિવ્ય છો તેમ તેને પણ હું દિવ્ય બનાવી દઈશ, તેની માયાને અમાયા કરી નાખીશ. તેનું અજ્ઞાન, અવિદ્યા ટાળી નાખીશ, તેને પંચભૂતમાં કે પંચભૂતના શરીરોમાં જે હેત રહેશે અથવા બીજે ઠેકાણે થોડુંક તાણ, ખેંચાણ હશે તો હું એને ભોગ-વિલાસ આપીને પૂરા કરાવીશ, પણ મારા ભક્તને એમાં ડૂબવા નહીં દઉં એને છેવટે તારી લઈશ. માટે મારા ભક્તને થોડું ઘણું તમે આપતા રહેજો. શું શું આપશો ?

તો એક તો પુરુષોત્તમ નારાયણ અક્ષરધામમાંથી અહિંયા આવે છે, આપણી ભેગા રહે છે, એમના ચિહ્નો, એમના શણગારો, એમના વેશ, એમના રીત-રિવાજ એ બધા આપણી સાથે હળે ભળે એવા છે, શરણે આવેલા નર-નારીઓને તે ભગવાન પોતા ભેગા ભેળવે છે અને પોતાના તરફ ખેંચે છે, પોતામાં હેત કરાવે છે અને પોતે રાત્રિ દિવસ દેખાય અને સુખને આનંદ આપે એ રીતે વર્તે છે. આપણું આપેલું જમે છે, આપણાં આપેલા વસ્ત્ર વેશ પહેરે છે, આપણા આપેલા ચંદન ચર્ચે છે, આપણાં આપેલા અત્તર, સુગંધ-ફુલ-પુષ્પ હાર સુગંધ વગેરે ગ્રહણ કરે છે, આપણાં આપેલા શરબત પાણી વગેરે પીએ છે, આપણાં આપેલા ઘરબાર બંગલા, એને ભગવાન વાપરે છે. આપણે આપેલી સામગ્રી એની જ છે છતાં તમારે હાથે અંગીકાર કરે છે. તમારા ક્ષેત્ર, વાડી, ચીજો, દાણા, ફળ, ફુલ, બાગ-બગીચા, ગાયો, ભેંસો, વાહન, હાથી, ઘોડ, અશ્વો વગેરે જે કાંઈ છે એનું છે અને ભક્તને આપ્યું છે માટે ભક્ત તો એની પ્રસાદીને ગ્રહણ કરે છે ને ભોગવે છે. ભક્તજન એનું વળતર પ્રસાદી તરીકે ગ્રહણ કરીને પાછું ભગવાનને આપે છે, ભગવાન રાજી થાય છે. વાહ, ખરો મારો ભક્ત. મેં આપેલું મને આપે છે, ધન્ય છે.

ભગવાન તો કહે છે, મેં આખી સૃષ્ટિ સર્જી અને આખી સૃષ્ટિને આપ્યું છે પણ મને ભૂલી ગયા છે એ મને આપતા નથી, પોતાનું કરીને બેસી જાય છે, અંતે તો એનું નથી. મરી જાય ત્યારે હરે નારાયણ ! રહી જાય, કોઈ બીજા લઈ જાય, વળી એમાં ભક્ત થાય તો ભગવાનને આપે. દાદાખાચરે બધુંય આપ્યું, સર્વસ્વ આપ્યું. એમ પૃથ્વીમાં ઘણાં ઘણાં ભક્તજનો થયા છે. પરબતભાઈ કહે, મહારાજ આ બધું તમારું. ત્યારે શ્રીહરિ શરણાગતિ મંડળ કહે છે, આ બધું'ય ભગવાનનું, પ્રગટ ભગવાન મળ્યા પછી કેનું છે બધુંય ? પ્રગટ ભગવાનનું જ છે.

શ્રીજી મહારાજ પોતે કહે છે કે, પોતાને પૂર્વે મળ્યા એવા જે અવતાર એનું ધ્યાન, ભજન વગેરે જ્યારે અવતારી પુરુષોત્તમ નારાયણ મળે ત્યારે અવતારી પુરુષોત્તમ નારાયણના ધ્યાન ભજનની આગળ એની જરૂર રહેતી નથી. માટે હું જ્યારે તમારી સાથે હરતો ફરતો એવો અક્ષરાધીપતિ પુરુષોત્તમ નારાયણ હોઉં તમારા જેવો મનુષ્યરૂપે વરતું, તમારા આનંદ, કિલ્લોલ અંગીકાર કરું, તમારી ચીજ સામગ્રી કમાણીને ગ્રહણ કરું, એ બધુંય અહિંની લીલા અક્ષરધામની મોક્ષની લીલાઓ એક જ છે. અહિંયાના ઘરબાર, પરિવાર, કુટુંબ એ બધું ત્યાં છે, જો અહીંની દૃષ્ટિ ત્યાં પહોંચી જાય તો અહીં તમે કોઈ ઘડિકે'ય મિનિટે'ય રોકાવ નહીં, ત્યાં વયા જાવ, કારણ કે આ બધુંય પછી તમને એવું લાગે કે જાણે આ મેલું મેલું છે બધું'ય. આમાં રહીને શું કરવું છે ? આંહીનો પવન ને આંહિની પૃથ્વી ને આંહિના આ બધાં વિકાર, વિકૃતિઓ ઈ તો બિલકુલ ન ગમે.

ભગવાનની મૂર્તિ છે ઈ સર્વાંગ, દિવ્ય છે, ઊજળી છે, સુખમય છે, આનંદમય છે, આનંદ ભરેલી છે. ભગવાનને ચરણે અડો, ભગવાનના ઉદરે અડો, ભગવાનના મસ્તકને અડો, ભગવાનના હાથપગને દાબો, ભગવાનની સેવા-ચાકરી કરો, મૂર્તિમાંથી બધી જાતના સુખના, આનંદના સાગરો વહે, એવા તો સુખિયા અક્ષરધામના મુક્તો છે ને તેવા સુખિયા અહીં થવા માટે સેવા કરવાની છે. જો કે જીવને એમ હોય કે કુળ, કુટુંબ, પરિવાર અને રૂપિયા પૈસા જોઈએ. જિંદગી ખાય પીએ, પહેરે, સુખી રહે એવી જોઈએ,

છોકરાવ, છાબડાવ, વંશ પરિવાર વિસ્તારને કંઈક ટેકો'ય જોઈએ તો એને વાસ્તે આ જગતમાં માનવ સૃષ્ટિ એવી કરી કે એમાં એકબીજાના કામકાજ કરે, અને એમાંથી રૂપિયા, પૈસા મજૂરી મળે ને એમાંથી એકબીજાને દાણા-પાણી લેવા થાય. ચીજો તો બધી ભગવાનની જ બનાવી છે. શેરડી એવી બનાવી કે એમાંથી સાકર, ગોળ, રસ વગેરે થાય, લીમડો એવો બનાવ્યો કે એમાંથી લીંબોળી થાય, કડવું થાય, છાલ નીકળે, તાવ ટાળે, ચીભડા ને અમુક ચીજ એવી બનાવી કે ખાય તો કોઈ દિ વિકાર કરે નહીં, ઘઉં એવા બનાવ્યા કે આખી જિંદગી જમે તોય એનો ઉબકો આવે નઈ, દૂધ એવું બનાવ્યું કે એમાં બધાય તત્ત્વો મેલ્યા. શરીર એવું બનાવ્યું કે એમાં બધાય સ્થાન હાથમાં, પગમાં, કડમાં, ઉદરમાં, છાતીમાં, મુખમાં, જીભમાં, આંખમાં, કાનમાં, મસ્તકમાં, બ્રહ્મરંધ્રમાં, આગળ, પાછળ વાંસે, પગની આંગળિયોમાં, પોંચામાં બધેય ઠેકાણે બધી શક્તિઓ એવી મેલી કે જાણે ભગવાન પોતે જ કેમ ન બિરાજતા હોય ? અને બધી શક્તિઓ થઈને ભગવાન કેમ જાણે કામ ન કરતા હોય ? માટે ભગવાન જ બધામાં રહીને કામ કરે છે. પોતાની શક્તિઓ છે ઈ શક્તિઓ ભગવાને આપેલી છે એટલે કામ થાય છે. સૌ આનંદ સર્જવા વાસ્તે એક બીજાના આધાર કર્યા છે, એમાં ભગવાને પોતાનું સુખ મેલ્યું છે.

પૃથ્વી એની એ છે એમાં હિરા ય પાકે. પાસાણની પૃથ્વી છે એમાં સોનું'ય પાકે, રુપું'ય પાકે, તાંબુ પાકે, આમાં અનેક ચીજો પાકે. અનેક ઔષધીઓ થાય છે, અનેક રસો થાય છે અને ધાતુઓ થાય છે, અનેક જાતના પ્રાણી થાય છે. ચોર્યાશી લાખ જાત છે તેમાં અનેકને ભોજન આપે છે, અનેકને પાણી જળ આપે છે, અનેકને વરસાદ આપે છે, અનેકને સુખિયા કરી દે છે, બધા'ય થાકી જાય છે એને થાક ઉતારવા વાસ્તે ઊંઘ આપે છે. ઊંઘમાં વયો જાય કેવો પરાધીન થઈ જાય ? છતાં પ્રાણ લેતો હોય, જીવતો હોય, આનંદથી રહેતો હોય, સૂતો હોય, ઊઠતો હોય પોતે અર્ધો જાગ્રત હોય એમ જાણે કે હું સૂતો છું, ભગવાન એવી રક્ષા કરે છે. જીવપ્રાણી માત્રની રક્ષા ભગવાન કરનારા છે. ઉનાળો ખરેખરો પડતો હોય, ઉપર અગ્નિ જેવા

તાપ પડતાં હોય, ઝાડવા સૂકાઈ જાતા હોય, પણ મૂળની માલીકોર એના જીવને ભગવાન રાખી લે, ચાર ચાર મહિને ઈના ઈ ખડ, ઈના ઈ નાના કણ છે ઈ પાણી મળે એટલે તુરંત ઊગી નીકળે છે. બોલો ઈ જીવતા ભગવાને રાખ્યા, ભગવાન ભેગા છે માટે જીવતા છે.

આવી રીતે ગાય, ભેંસ, બકરી એવા પ્રાણી એમાં એવી નસ મેલી કે જેમાં ભોજન કરેલી ચીજ જાય અને એમાંથી દૂધ થઈને એના પુત્રોને પરિવારને મળે. ગાયું, ભેંસુમાં દૂધ થાય તેને ભગવાન જમે. ભગવાન દૂધ પીએ, ભગવાન ઘી જમે, અગ્નિદેવ જમે, દેવતાઓ જમે, બધા રાજી થાય. કેવી કેવી ચીજના યંત્રો બનાવ્યા છે, અગ્નિ એવો બનાવ્યો છે, એમાં કેટલું બધું જોર મેલ્યુ છે, ઝીણો એવો તાર એમાં અગ્નિ જાતો હોય પણ ઈ જે ઠેકાણે ભેગો થાય તયાં લાખો ટનની ચીજ એને ભડાકે ઉડાડી મેલે, આટલું બધું જોર ભગવાને એક તારના, વીજળીના, ઝીણા સરેડામાં મેલ્યું છે. આ આખી પૃથ્વી છે તે જીવપ્રાણી માત્ર ધારણ કરી રહી છે, સૂર્યનારાયણ આકાશમાં રહ્યા છે એને આધારે હજારોને લાખો તારોડિયાઓ અંજવાળું મેળવે છે, તમામ દુનિયાના જીવપ્રાણી માત્ર અને ગોળાઓ બ્રહ્માંડોના તેને સૂર્યના કિરણમાંથી બળતણ, એટલે વીજળી મળે છે ને એને લઈને બધા ચાલે છે, ફરે છે, આ રીતે ભગવાનની અનંત શક્તિઓ છે તેનો પાર કોઈ લઈ શકતું નથી. એવી અનંત શક્તિઓવાળા પરમેશ્વર તે બધી શક્તિ સંકેલી અને બાળકની ભેગા બેઠા હોય તો જાણે બાળક જણાય, જુવાનની સાથે બેઠા હોય તો જાણે યુવાન જણાય, નર-નારી ભક્તજનો છે, તો એની સાથે બેઠાં હોય તો જેવી ભાવના અને જેવો પ્રેમ, જેવી ભક્તની મરજી, તે પ્રમાણે ભગવાન તેની ભેગા ભળીને તેને આનંદ આપે છે, સુખ આપે છે, ભગવાન સદાને માટે નિર્દોષ છે, અનંતકોટિ બ્રહ્માંડોના દોષોને પી અને જીવોને નિર્દોષ કરી દે છે, પાવન કરી દે છે.

ભગવાનની સર્વે ક્રિયા મોક્ષ માટે જ છે. એક જીવ છે ઈ અનંત સૃષ્ટિઓમાં રખડતો રખડતો આવ્યો, અનંત કર્મોને ભોગવતો ભોગવતો આવ્યો, દુઃખી થઈ ગયો, હેરાન થઈ ગયો, જેનો છેડો ન આવે એટલા બધા

કર્મો હોય તોય પણ ઈ જીવાત્મા જો ભગવાનને કૃષ્ણાર્પણ થઈ જાય કે, હે ભગવાન હું શરણે આવ્યો છું, તમારો છું. આ દેહ તમારો, જીવ તમારો, ઈન્દ્રિયો અંતઃકરણ તમારા, મન તમારું, રૂપિયા નાણાં, બંગલા તમારા, પહેરવા ઓઢવાનું તમારું, ગાયો, ભેંસો, ખેતર વાડી બધું'ય તમારું. મિલકત તમારી, હું'ય તમારો, આમ જો ભગવાનમાં હેતથી અર્પણ થઈ જાય તો ભગવાન અક્ષરધામનો મુક્ત બનાવી દે છે. ચરણની સેવામાં રાખી દે છે, અને એને જોઈએ એવા સુખ આપે છે, સુખની લહેરુંમાં ઉછળતો હોય એવો સુખિયો બનાવી દે છે. એટલા વાસ્તે ભગવાન કરોડો યોજન આઘાથી પણ એક નાનકડો એવો સાડા ત્રણ હાથનો ભગત એની પાસે આવીને વસે છે. માટે એવા ભક્તોને સુખ દેવા માટે ભગવાન અહીં પૃથ્વીમાં વિચરતા હોય ત્યારે જીવને એમ જણાય કે આ તો ભગવાન આપણાં જેવા છે, માણસ છે, એને ભૂખ લાગે છે ને તરસ લાગે છે, એને ઊંઘ આવે છે, એને તાવ આવે છે, ઈ તો થાકી જાય છે, એને તો દાંત પડી ગયા છે. એને તો ધોળા મુવાળા થઈ ગયા છે, એને બધું થઈ ગયું છે પણ તને થવાનું છે ઈ તને નડવાનું છે, ભગવાનને જે થયું છે ને ઈ ભગવાનને નડવાનું નથી, ઈ બધું'ય તો આ લોકના દેખાવ વાસ્તે કરે છે. માટે ગોળ, ઘી, સાકર, ખાંડ એના મિષ્ટાન બનાવવા, ભગવાનને ધરવા, ભગવાનને જમાડવા અને ભગવાનને વાસ્તે બધું કરી રાખવું. બાળ, બચ્ચા, ખેતીવાડી, બીજું ત્રીજું બધું અર્પણ કર્યું એટલે આત્મનિવેદી ભક્ત થયો. પછી મહારાજ, આ બધું તમારું છે, મારે શું કરવું છે ? તમે જાણો અને તમારું કામ જાણે. આ ઈ રીતે કંઠી, માળા, તિલક બધું રાખીને કૃષ્ણાર્પણ વરતવું. એમ સાચો સત્સંગી આ રીતે ભગવાનનો ભક્ત છે.



✲ પરાવાણી - ૯ ✲

✪ બધુંય પરમેશ્વરનું છે માટે અહમ્-મમ્નો ત્યાગ કરવો
✪ શાસ્ત્રો દ્વારા વર્ણિત મોક્ષમાર્ગ

શરીરધારીએ પોતાને જીવાત્મા તરીકે ઓળખવો. આત્મા મરતો નથી, કાયમી છે, બ્રહ્મલોકનો વતની છે, પરમેશ્વરની ભેગો રહેનારો છે, દાસ છે, પ્રેમથી ભરેલો છે; આત્મા પોતે એ સમજવા માંડે અને પોતાને લઈને આ શરીર સજીવન છે. આત્મા નીકળી જાય તો પ્રાણ વયો જાય, પ્રાણ વયો જાય તો ઈન્દ્રિયો વઈ જાય, માટે જેટલી શક્તિઓ બધી યે ચાલતી થઈ જાય. જીવાત્મા હોય તો પ્રાણ સબળ રહે, ઈન્દ્રિયો બળવાળી રહે, પાંચ ભૂતના તત્ત્વો પણ બળિયા રહે, એવી રીતે આત્મા પોતાને ઓળખવા શીખે તો આ જેટલું કાંઈ બળ છે, તે મારું છે; જેટલા કાંઈ સુખ આનંદ ભોગ વિલાસ છે, તે મારા છે, જેટલી કાંઈ સંપત્તિ છે તે મારી છે, જેટલા કાંઈ રસ છે તે મારા છે. પરમેશ્વરમાં રસ રહ્યા છે, પરમેશ્વર જીવમાં રહ્યા છે અને જીવ રસવાળો રસિયો છે અને તે જીવ પોતે પોતાના રસને અનુભવે છે અને પરમેશ્વરના રસને ભોગવે છે તેણે કરીને સુખિયો થાય છે, માટે જેટલાં કાંઈ રસ એ પરમેશ્વરના છે, વૃક્ષ-વેલીઓમાં જેટલી કાંઈ મીઠાશ તે પરમેશ્વરની છે, દૂધ, દહીં, દુજાણામાં જેટલા કાંઈ મીઠાશના ભાગ તે પરમેશ્વરના છે. ઔષધીઓ ઊગે, પાંદડા મીઠાં થાય, એ પરમેશ્વરનો રસ છે.

મનુષ્ય મોટો થાય અને તેમાં સુખ અને આનંદના વરસાદો થવા માંડે છે તે પરમેશ્વરનો ભાગ છે. આકાશ પોલું છે. વાદળાં થાય તે પરમેશ્વરનો

ભાગ છે. શબ્દ પણ અનંત પ્રદેશોમાં પહોંચે છે તે પરમેશ્વરનો ભાગ છે. વીજળીનો એક કડાકો એક સેકંડમાં એંસી હજાર માઈલ જાય છે તે પરમેશ્વરનો ભાગ છે. જીવાત્મા સ્વપ્નમાં લાખો યોજનના પ્રદેશોને દેખે છે, પરમેશ્વરને દેખે છે, આકાશમાં ઊડે છે. સૂર્ય-ચંદ્રમાં જઈ આવે છે, આટલી બધી શક્તિ સ્વપ્નામાં પોતે સૂતો પડેલો હોય છે છતાં અંદર દેખે છે ઈ દેખવાની શક્તિ પરમેશ્વરની છે. માટે આંખને પરમેશ્વરની જ બનાવી નાખવી. આ મારી આંખ છે તે પરમેશ્વરની છે માટે દિવ્ય છે, તે આંખ જે દેખે છે તે બધું ભગવાનનું છે. તે આંખમાં સુખ રાખવું, આનંદ રાખવો, રમૂજ રાખવી, તેમાં વિનય રાખવો, પ્રેમ રાખવો, આંખની માલિકોર બધું'ય દેખાઈ આવે, એ પરમેશ્વરના સદ્‌ગુણો છે.

એમ વિવેક દસમો નિધિ છે ઈ વિવેક પરમેશ્વરનો છે. વિવેકમાં બધું'ય સૂજે. વિવેકવાળાને કાંઈ અજાણ્યું નથી. જગતની સાથે વિવેક રાખે તો વિવેકીજન કેને કહેવાય ? તો કે સંતને ને ભગવાનને ઓળખે ઈ વિવેકી થયો. બાળક નાનો હોય ત્યારે એણે શીખવાનું ઘણું તાન હોય, શીખી લીધા પછી કમાવાનું તાન હોય, કમાણા પછી શરીરની શક્તિઓ વધે ત્યારે તેને વરવા પરણવાનું ભાન થાય અને એ થયા પછી હવે હું કાંઈક સમર્થ થયો એવી સારી સમજણ આવે. લોકની ગણતરીમાં આવ્યો એવી સારી સમજણ આવે. કન્યાને અને વરને ગૃહસ્થાશ્રમ થયો ત્યારે બહુ મોટો આનંદ મનાય, એ બધો આનંદ પરમેશ્વરે આપ્યો એટલે છે. ભગવાને ન આપ્યો હોય તો એ આનંદ બધો ઊડી જાય, મનુષ્યની માલિકોર તત્ત્વોમાં રસ ભર્યાં છે ત્યારે પુરુષ ભોગ કરી શકે છે. જો એ તત્ત્વ ન હોય, ભગવાને આપ્યો ન હોય, તો આદમી તો ખરો, દેખાવ ખરો, મોઢે મૂછું ઊગે ખરી પણ નપુંસક કહેવાય. એને આનંદ ન હોય, એમ પૃથ્વી, જળ, તેજ, વાયુની ચીજો ઘણી બધી બનાવી છે, બની છે, ખવાય છે, પચે છે, ઓળખાય છે, એ તમામ ચીજો પરમેશ્વરની છે, એ આપણે ગ્રહણ કરીએ છીએ અને ભગવાનને ધરીએ પણ છીએ. ભગવાન પણ કહે છે કે, હું અંગીકાર કરું છું, મને અંગીકાર કર્યા પછી તમે વાપરો તો એ તમને મેં આપી માટે નિર્ગુણ છે.

એમ આ લોકમાં રાજગાદી મળે તો'ય પણ એમ સમજે કે આમાં મારું કાંઈ નથી. એમ મોટી સત્તાઓ મળે તો'ય એમ સમજે કે મારું કાંઈ નથી. એમ ગામડાં, સારી સારી મિલકત, કમાણી, સોના, રૂપા, હીરા, માણેક, સારી સારી લલનાઓ, સારા સારા રૂપ, આવકાર, કીર્તિ, જશ, બુદ્ધિ અનેક જાતના ઉકેલ, એ બધાં પરમેશ્વરે આપેલાં છે માટે ભગવાનના છે. પોતાનું રૂપ, સ્વરૂપ, સુંદરતા, કુળ, કુટુંબ, પરિવાર, સારી પત્ની મળવી, સારો વરરાજો મળવો, સારા સગાં સંબંધીઓ મળવા, સારા સદ્‌ગુરુ મળવા, પરમેશ્વર મળવા, ઓળખાવા, એ બધું પરમેશ્વરનું છે, પરમેશ્વરે મોટું પુન્ય આપ્યું. તેણે કરીને મળ્યું છે, તેણે કરીને ઓળખાણું છે, વળી વસ્તુઓને શાસ્ત્રે બતાવ્યું છે કે, તેને માયા વળગેલી છે પણ પરમેશ્વરવાળો જે ભક્ત તેને માયા ટળી જાય છે, માયા અમાયા થઈ જાય છે.

પરમેશ્વરનો ભક્ત જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિમાં જીવતો છે. તે પરમેશ્વરને જો ભૂલી ગયો તો જીવતો થકો પણ ભૂલી ગયો છે એટલે મરેલો છે. જેને ભગવાનની હારે હેત નથી, એને આ જગતમાં ક્યાંય માન નથી, જેને ભગવાનના સાધુ પોતાના નથી ગણાણા, તેને આખી દુનિયા ક્યાંય પોતાનું કોઈ ગણતું નથી, એમ કેમ ? તો કે એ માણસનો જીવ રજોગુણી ને તમોગુણી હોય છે. તેને લઈને ન કરવાના કરે છે, એટલે દુનિયા તેને તિરસ્કાર કરે છે. એટલે ભગવાન તરફથી એને તિરસ્કાર મળ્યો. પણ જો સારા કાર્યો કરતો હોય તો ભગવાન માટે છે અને સારું કરે એને કોઈ નરસો માણસ હોય એય વખાણે કે એણે કામ તો સારું કર્યું. સારી ચીજો, સારો ઉપયોગ, સારા દાન, સારા પુન્ય, સારા યજ્ઞ, બહુ સારા વાના, પરોપકાર, કોઈના ઉપકારો એ બધા કામકાજ કરનારો કદાચ આ જગતને વિશે ગાંડો ગણાતો હોય તો ય પણ દુનિયા એને સારો કહે કે ઈ ડાયો છે. જીવનું સાધે છે માટે ડાયો છે. જીવને પડ્યો મેલે ગણકારે નહીં, મારે શું છે ? પરલોક કેણે દેખ્યો છે ? આમ કરીને સારા કામ ન કરે તો જિંદગી વઈ ગઈ, તો ઈ વઈ ગઈ એટલે નઠારી થઈ ગઈ, ગોજારી થઈ ગઈ અને પછી પરમેશ્વરની માંગણી તે માંગણી ને બરાબર શું માંગણી ?

મારે શરણે આવો, મારું ભજન કરો, મારું ધ્યાન ભજન મૂર્તિ ગ્રહણ કરો, મને સંભારો, મને પૂજો, મને અર્પણ કરો. તમારું હું કાંઈ લઈ નહીં લઉં. ઊલટું લાખો ગણું આપીશ. થોડું આપશે તો ય ઘણુંય આપીશ. આ બ્રહ્માંડ આવડું મોટું બનાવ્યું તો ક્યાં અમે કોઈ આદમી થોડો બેસાડ્યો તો ? તમારે વાસ્તે હાથમાં સોપારી જેવડો ગોળો કરીને આકાશમાં મેલ્યો, ત્યાં લાખો યોજનનો મોટો ગોળો થઈ ગયો, તો પછી મારી હથેળી કેવડી ? સૂર્ય, ચંદ્રના કિરણ ન પહોંચે એ ઠેકાણું હું બેઠો હોઉં, તમે અહીં બોલો ઈ બધુંય સાંભળું, તમે દીવો ન કરો તો ય બધું ઈ જોઉં. તમે છેતરો, વાંકા, ત્રાંસા થઈ કે ભગવાનને કાંઈ ખબર નથી. તોય ઈ તો મને બધું આગળનું સૂજે. મારે જોવું હોય એટલું જોઈ લઉં. એમાં શું જગતના જીવોનું જોઈને માલિકોર ધ્યાન દેવું ? હવે આપ્યું જ છે, બનાવ્યું જ છે, કાદવ બનાવ્યો જ છે, પાણીની નદી છે, કિનારામાં ગારો છે, જાય તે ખુંતે. તરસ લાગી હોય તો પીએ, ડાયો હોય તો બેય ન કરે. કાંઈ નહીં કે આરો આવે ત્યાં પીશું અને છાંયો હશે તો વિસામો ખાઈશું. આડે વગડે બધા ભય છે, ભગવાનને માર્ગે ભય નથી.

જે લાલચુ થયો ઈ ભયમાં લપટાણો સમજવો. જેણે બધું તજ્યું ઈ નિર્ભય થયો સમજવો. એને કોઈ દિવસ ભયનું સ્વપ્ન ન આવે કારણ કે પોતે દૂર છે, જાગૃતમાં હતો પછી સ્વપ્નમાં શેનો પાછો પડે ? એને ભગવાન સ્વપ્નમાં જાગતા છે, એણે ક્યાંય દુઃખમાં જાવા દેતા નથી. એક આ જગતની એવી રીત છે સૌ ઠેકાણે. પક્ષી માળો કરે તો ઝાડવું મારું, તારું નહીં. નવું આવે એને તગડે, પણ રહેવા પૂરતું ને ? ઝાડવું સૂકાઈ જાય ત્યારે કે'નું ? કોઈનું નહીં. એમ પશુ પક્ષી ખેતરમાં ક્યાંક ખાવાનું પીવાનું હોય તો ત્યાં બળિયો હોય ઈ કે મારું ! ત્યાં બીજાને તગડે. એનું નહીં. પણ ઈ ખેતરે જે પાકી ગયું, ફળ વિનાનું થઈ ગયું ઢેફા થઈ ગયા. સૂકાઈ ગયું પછી કોનું ? તો ઓલો બળિયો છે ને ઈ એય ભાગે. આંહિ તો ક્યાંય નથી. હાલો... હાલો... સોનાની લગડી નીકળતી હોય ત્યા દોડે ન નીકળતી હોય ત્યાં શું દોડે ? ખોદી ખોદીને થાકે ને પછી કોલસા નીકળે તો ? ઓય ઓય આમાં

તો કાંઈ નથી. માટે મનાણું કિંમતી, ઉપયોગી એ પરમેશ્વરે આપેલું છે એટલે મનાણું. અને મનાણું એટલે પરમેશ્વરને આપવા માટે મનાણું છે. ભગવાન પહેલું તમારું, પછી મારું. આવી સમજણમાં ઘણાં ભક્તો તરી ગયા.

ઈ રાંધેલી થાળીમાંથી કોળિયો હાથમાં લઈને મુખમાં મેલે ત્યારે સમજણ એવી કે, લ્યો ભગવાન આ તમને જમાડું છું હો. આ મોઢું, મુખ તમારું છે. જીભ તમારી છે. સેવા કરે તો ભગવાનની સેવા કરે. આ સેવા હું તમારી કરું છું હો આ બીજાની સેવા નથી. ખેતર, વાડી, સંપત્તિ, છોકરા, છાબડા, સ્ત્રી, આ લોક, પરલોક ઈ બધું છે કોનું ? પરમેશ્વરનું. કેમ એમ ? તો કે જિંદગી આખી મારું મારું મારું કરીને ઘસાઈ ગયો અને પછી જ્યારે ઓલું ઉપડ્યું ને બધુંય અને કોક મોટો વેગ લાગ્યો ને કાં આકાશમાર્ગે ઊડી જાય, વંટોળિયો લઈ જાય, પવન લઈ જાય, પાણીના પૂર લઈ જાય, અગ્નિ લાગે તો બળી જાય અને લૂંટારાના લશ્કર આવે તો બધું ગામ ઉપાડી જાય. તંયે મારું મારું મારું કરવા મંડતો હોય તો ! મારું છે, મારું છે, મારું છે એમ પકડવા મંડ. મંડ બથું ભરવા. કાં વયુ જાય ? તે દિ' એમ થાય કે મારું સાળું કાંઈ આપણું નથી હો. ઢરડી ઢરડીને થાકી ગયા અને પાણીનું પૂર આવ્યું તો પટારો લઈ ગયા. પછી મારું કાંઈ નથી. તે શેનું હોય ? તારું હતું તેં ન વાપર્યું. ભગવાનનું છે, ભગવાન લેખે વાપર્યું હોત તો તને જરૂર બદલો મળત. તો તારું ન તણાત. પણ બધું તણાઈ ગયું કુળ કુટુંબ સહિત બધાય મરી જાય. મારું કુટુંબ, મારું કુળ, મારી સ્ત્રી, મારા છોકરા, મારું ઘર, મારો બંગલો. તારું હોય તો પડી શું કામ જાય ? તારું હોય તો મરી શું કામ જાય ? પણ તું તારો નથી તો પછી તારું બીજું કોણ થાય ? તું કા મરી જા ? તું જીવતો રહે ને તારી મેળે ! કાંઈ થાય નહીં. તું હજી રોટલો ખા તંયે જીવતો રહે છે. ઈ આમાં તારું શું ? કાંઈ મળે નહીં. છીંક ખાવી હોય તો ય સરખી ન ખવાય. ત્રાહીબાંગી ખાય તો દાઢી ખડી જાય, સરખું ભોજન કર્યું હોય ને બપોરે આરામ લેવો હોય પેટ તરેરાટ થાય અને મંડે પેટમાં દુઃખવા. ખાધા તો ચુરમાના લાડુ, પછી હેય નિરાંતે સૂઈશું. પણ ત્યાં ચોમાસાના ઘારમાં ઘસાઈ ગયેલા ઘઉં કાઢ્યા. તડકે નાખી અને બાટ કાઢી નાખ્યો પછી દળ્યા

પછી એના બનાવ્યા ચુરમાના લાડું, પછી ખાય, અને ચડે મીણો. ઈ ખારો ભાગ, ખોરો ભાગ, સડેલો ભાગ. કોઈ દિ' સારા તત્ત્વોમાં આવતો નથી અને એણે લઈને તને નડ્યો. કાં તારું હતું ને શું કામ નડ્યો ? ઘઉં તો તે જન્માવ્યા, ભેગા કર્યા. લોટ દળ્યો, પકવાન કર્યો. આ બધું ય માને છે મારું છે એમ. અજાણ્યો હોય ત્યાં સુધી માને છે કે મારું છે. એઈ જાણકાર થયો પછી એની મેળે પાછો વયો જાય છે પછી કોઈ ચીજ સાથે હેત તો રહેતું નથી. પણ એવું છે લોલમ લોલ જ્યાં રહેવું છે ત્યાં સૌ જાગીને બોલવા મંડે તે આપણે બોલવા માંડવું. બધા આંખ્યું વીંચી જાય તો આપણે ય વીંચી જાવી. દિ કાઢે તો દિ કાઢવો. કામે વળગતા હોય તો હાલો ને હું ય કામે વળગું. એમ કરી કરીને મહિનો, છ મહિના, બાર મહિના, બાર વરહ, બાવીશ વરહ, પચાસ વરહ કાઢી નાખ્યા. પછી પોતે પોતાની મેળે કામ કરવા જાય. ન હાલે ને તંયે એમ થાય કે મારી જોઈએ તો ઠીક છે. હમ્મ લેને મરી જાને. મરાયે ય નહીં, બીજું તો કાંઈ નહીં જવાય એ ય નહીં ક્યાંય.

એક વસ્તુ ભગવાન લેખે કરી, એમાં વૃત્તિ રાખી. તો ઈ સમર્થ દેવ છે. તે હજારોગણું આપવા કબુલ થયેલ છે. તે સારું કર્યું તો પરલોકે જવાશે. ત્યાં આડું કોઈ નહીં આવે અને આવશે તોય એને હટાવનારો જબરો છે. માટે બાળ, યુવાન, વૃદ્ધ, નર કે નારી, કામકાજ, સકર્મ કે નિષ્કર્મ, પ્રવૃત્તિ કે નિવૃત્તિ, સદ્‌ગુણ કે દુર્ગુણ જે કાંઈ અનુકૂળ કે પ્રતિકૂળ હોય પણ એમાં પરમેશ્વરને આડા રાખવા. ભાઈ તમે કરો છો, તમે દેખાડો છો, તમે સૂજાડો છો. હવે ખાય-પી લીધું હોય અને મોઢું ખખાડવું હોય તોય દાંતમાં ચોંટી જાય તે સળીથી ખંખેરવાનું વળી બ્રશ ઘસો તે વળી ધૂળ ઘસોને કાંઈ કોલસા બોલસા ઘસો તોય નિકળે નહીં, તોય દાંત તો એવા ને એવા જ રહે સડેલા. તંયે પછી તમારું શું આમાં ? કોઈ પાંસેરું ન હાલે, ખોંખારો ખાવ તો ગળામાં આવે. વધારે ખાધું હોય તો શરીરમાં કંઈક ને કંઈક ગુમડા થાય. હવે સારું હતું ને ઈ ક્યાંથી કોઈ ખરાબ થઈ ને નીકળે ઢોળો ? માટે તમારું કાંઈ છે નહીં. એકે એક તત્ત્વની ઉપર કાળનો વેગ છે, માયાનો વેગ છે.

એની ઉપર પરિણામ થાય છે. ઈ બગડે છે, રહે છે, એના રસ્તામાં, શેલામાં પાણી સરખું હાલ્યું જાય ત્યાં સુધી ઠીક છે પણ આ તો બંધાણ બંધાણું ને ક્યાંક ઝાડવા ભરાણા અને જો છલકાણું શેલું તો પડખાના પાળાને તોડીને બીજાની ક્યાંક મિલકત હોય એનેય ઉપાડી જાય, ખોદીને નાખી દે સમુદ્ર ભેગું. એમ તમારું શું ? મે વાવ્યું છે. મારું ખેતર છે. ખરેખરો મોલ છે. મારો મોલ કેમ તેં ચારી દીધો ? દે લાકડીઓ ને કુહાડીઓ લઈને પછી જ્યાં વાગે ત્યાં માર માથામાં ક્યાં ? મારા માથામાં માર્યું પણ તારા માથામાં માર્યું પણ તારું માથું ક્યાં હતું તે લાગ્યું.

જીવાત્મા છે ઈ જો પાછો વળી જાય તો તેને અહમ અને મમ મટી જાય છે. હું પણું પણ મટી જાય છે. કોઈ પ્રકારનું અભિમાન છે ઈ મટી જાય છે. એને શાસ્ત્રો એમ જ લખે છે કે, પોતે સુખિયા થવું હોય તો પોતાથી નાનો માણસ હોય એની સામે જોવું. પોતાને ગોદડું, ગાદલું પાથરવા મલ્યું કે ભીંતનો ઓથ મળ્યો કે ખાવાનું રાંધેલું મળ્યું. છતાં એમાં ઉણપ દેખાતી હોય તો પોતાની પડખે વાછડા, ગાયું ને ભેંસું, કુકડા ને કબૂતરા ને વાંદરાને આ બધાયને આપણાં જેવું છે ? એમ જોવું. એને આપણાં જેવું નથી. તો એના કરતાં આપણે છે ઈ સારું છે. આમ જોઈ માણસે સુખી થાવું. ગરીબના કૂબા અને મધ્યમ માણસના ઓરડા અને તાલેવાનનાં બંગલા અને રાજાઓના મહેલ એની સરેરાસ જોવો તો બધાયને શેર ખાવાનું જોઈ છે. બે પાંચ કલાક ઊંઘ જોઈએ અને બે પાંચ માણસની ભેગા રહેવું જોઈએ. શા માટે ? નિર્ભયતા માટે. ઈ નિર્ભયતા હોય તો નિરાંતે દિ જાય અને ક્યાંક વિરોધી વચ્ચે પડી ગયો તો નિરાંતે દિ નથી જાતો. દુઃખનો દિ જાય છે. જેલમાં પડ્યો તો વધારે દુઃખી થઈ જાય એમ જો કોકના કબજામાં આવી ગયો પરાધીન, તો ઈ વધારે દુઃખી થઈ જાય. માટે જીવાત્મા જમાવટ કરે છે. પોતાનું ગણે છે પણ એમ સમજવું કે હું તાળું કુંચી રાખું છું એટલે મારું છે. પણ હમણાં તાળું કુંચી ચોકમાં મેલીને કહી દઉં કે ભાઈ આ ફલાણા પટારાની તાળા કૂંચી છે. એમાં મેં આટલું મેલ્યું છે અને હું જાઉં છું હવે જાત્રા કરવા. તો જોજો ગામમાં કેટલા તૈયાર થઈ જાય તાળું કૂંચી પકડવા ને પટારો ઉઘાડવા ને લઈ

જાવા. માટે અહમ્ અને મમ ઈ બે પોતે પરાણે વસ્તુઓ ઉપર ઠેરાવ્યા છે. માટે કરવાનું કેટલું ? તો ભૂખ્યા તરસ્યા ન રહેવાય એટલું. આચરવાનું કેટલું ? તો કે ઊંઘ લેવાય એટલું. તંયે દિવસ કાઢવાનું કેટલું ? તો કે દરરોજમાં જોઈતી આવશ્યક ચીજ પૂરી પડે એટલું. તંયે જીવવાનું કેટલું ? તો કે ખખડી ભભડી જાય એટલું. તંયે મરવાનું કેટલું ? તો કે પરલોકમાં કામ આવે એટલું કમાઈ લીધું અને પછી મરાય ઈ મરવાનું એટલું અને પછી શું ? તો કે પછી મારે તારું છે ? કાંઈ નથી. આંહિથી ગયો બીજા બ્રહ્માંડમાં ત્યાં નવા ઓળખીતા. અહીંથી ગયો બીજી સૃષ્ટિમાં. વળી ગિરનાર જેવામાં તો કે ત્યાં નવી બધી ઝીણી ઝીણી કીડી ને મકોડી ને મછલા દેખાય ઈ એના ભાઈબંધ. માટે મરવામાં હું મર્યા પછી જન્મીશ તો મારી ભેગા ભગવાન રહેશે. એટલું કંઈ નવું સોનું કરી રાખવું. બાકી જૂનું હશે ઈ તો કો'ક લઈ જશે. ચોર આવે, લૂંટારા આવે, પૃથ્વી આવે, પાણી આવે ઈ બધાય લૂંટારા જ છે. એણે પેદા કર્યું ઈ લઈ જવાના છે.

માટે બાળપણમાં કમાવું. થોડી ઘણી કામગીરી શીખી લેવી, એની સાથે ભગવાન તો ભેગા રાખવા. થોડી ઘણી વિનય, રીતિ શીખી રાખવી એટલે માણસ ભેગું રહેવાય. ભગવાન કે સંત ભેગું રહેવા શીખવું. બીજે રહીને શું કરવું છે ? પણ હવે શું કરે ? સૌ દે દે કાર કરે છે. દે દે, હાલો હાલો એટલે બધાય જેલમાં. જુઓ આખા શહેરના શહેર બધાય જેલમાં કાં ? તો કે ઘરની ઘરધણી તાળું કૂંચી લઈને બેઠી હોય જવા ન દે ક્યાંય. ક્યાં ગયા હતા, કેમ આવ્યા નહીં ? આંહિ ઠરી ગયા દાળ-ભાત. હવે બોલો ઘરનો જેલર. હુકમ ચલાવે અને ખોળનું ઝેર ! પરાણે રહેવું પડે. ક્યાં જાય ? બહાર જાય તો કૂતરું કરડે કાં દીપડો લઈ જાય. કાં પૈસાવાળો હોય તો કોક દબાવીને મારીને ઉપાડી જાય. આ આખી દુનિયા જેલમાં પડી છે. પરાણે પૂરાવું પડે. કેમ એમ ? ઈ એવી રચાણી છે. એને કાંઈ ન હોય પાસે. બે ફાટેલા પહેર્યાં હોય. જાડી ગોદડી જેવું કરી રાખ્યું હોય ને ઝાડવા હેઠે જઈને પડ્યો રહે. બીજો ય પાસે જાતા ડરે. ઈ તો ગાંડો ક્યાંક પાણો મારશે. ક્યાંક આપણને મારશે. ઊલટા ભાગે. માટે પરમેશ્વર સાથે સાજું રાખવું. બાકી

દુનિયા હારે આવું ને આવું રહેવા જેવું છે. સાધુ થાય તંયે આ બધી આંખું ઉઘડે છે. જ્યાં સુધી સાધુ ન થાય ને ત્યાં સુધી નથી આંખ્યું ઊઘડતી. ત્યાં સુધી બધા જેવો. પચાસ ઘોડા હોય કે હજાર ઘોડા હોય કે બે ઘોડા હોય કે અમથો એકલિયો હોય. તો ઈ બધાય જેવો એમાં કાંઈ નહીં. એના તરંગો ને ઓના તરંગો સરખા જ હાલતા હોય છે. એના ભારખાના ને આના ભારખાના બધા સરખા જ હોય છે. પાછો વળ્યો ને પાંચ માળા ફેરવીને ભગવાન લેખે કરો, કંઈક દિવસની કમાણી થઈ ગઈ, સાંજ સવારનીય થઈ ગઈ, વરસ-દહાડાની થઈ ગઈ. હવે શું કામ માથા કૂટો છો ? કેના સારું કૂટો છો ? કોક લઈ જાવાના છે જરૂર. જો આવશેને કરજદાર, ઈ એનું કરજ ચૂકાવીને દઈ જશે અને લેણદાર આવશે એનું લેણું લઈ જાશે.

માટે જીવાત્માએ ભક્ત થાવું, ભગવાન ઓળખવા, સંત ઓળખવા, તારનારા ઓળખવા. તરી જવાય એવા માર્ગ લેવા અને જીવન પૂરું કરી રાખવું. સારું કર્યું છે સોની અંદર આવરદા છે. લાખ લાખ વરસની હતી ત્યારે હેરાન થઈ ગયા. એના આખ્યાન કેવા મોટા મોટા છે ! રાવણ હજારો બ્રહ્માંડોમાં ફર્યો. મારા જેવો કોઈ નહીં. ઓય, તારી ભલી થાય ! રામ કહે તંયે તારા જેવો હું, હાલ ને મારી હારે. લબકાવ્યા બાણ, ઉડાડી દીધો. માટે દુનિયામાં કોઈ કોઈનું નથી. સૂર્ય આવો જબરો છે પણ કોક દા'ડો જે ફાટશે ને મરી જાવાનો. સૃષ્ટિ ને બ્રહ્માંડ બધા આમ ને આમ છે. મરી ગયા. બધા રાતે મરી જાય છે. સાંજે ઊંઘમાં મસાણમાં વયા જાય છે અને સવારે પાછા જાગે. વળી મોઢું બોઢું ધોવે, જાગે. હવે આ કામ કરશું, તે કરશું, નવો સંસાર રચે બધોય. આ જીવાત્મા એવો છે. નવું રચવું પેટ પૂરતું, વધારે નહીં. ભગવાનને માટે બધું કરવું. સાધુ-સંતને રાજી કરવા. ધર્મ કાર્ય કરવું, પરોપકાર કર્યા કરવો. જેમાં સારું હોય એવું કરવું, બંધન થાય એવું ઓછું કરવું, ઓછું શીખવું, ઓછો અફસોસ કરવો, તેજુરીવાળા હોય ને તેજુરી વાળા ! નોકર હોય ને બેંકમાં રહેતા હોય ને ! તેજુરી લૂંટાઈ જાય. કેના બાપનું ગયું. ઉપરથી અફસોસ કરે અરેરે ! આપણી બેંક લૂંટાઈ ગઈ. આપણી તેજુરી લૂંટાઈ ગઈ, પણ નોકર છે ને ! એનો જીવ ન બળે, અરેરાટી

ન થાય. મારું શું ગયું ? ગયું એનું ગયું. આપણે બચ્યા એટલું ઘણુંય છે. આમ આ જીવાત્મા એવો જો ડાયો થાય ને અફસોસ જ ન થાય. જે ગયું ઈ ગયું ને રહ્યું ઈ રહ્યું ને આવ્યું ઈ આવ્યું, ને આવ્યું ઈ નહીં. છે ને નથી એમ. એમ પાંસરૂ રાખવું અને પછી ભગવાન ને સાધુ વધારે ભજ્યા હશું તો અંતકાળે આવશે, નહીં ભજ્યા હોય તો જેને ભજ્યા ઈ આવશે. બીજું શું ? આ ભૂતડા થાય છે ઈ બધાય ભજે એને આવે. ઘણા એવા છે. આખી સૃષ્ટિ એમને એમ હાલે છે. માંગણ બધાય હોય ને માંગણ, ઈ માગું લેવા આવે. એવા લાખો માંગણ છે, તે નવરો રેય નહીં માટે પ્રભુ ભજતાં રો.

બધા કથાકારો એમ કહે છે કે, આને શું કહ્યું તો કે પરમેશ્વરને ભજો. આણે શું કહ્યું તો કે, બહુ દુઃખી થવાય. માટે પરમેશ્વર ભજવા. આણે શું કહ્યું તો કે, ભગવાન વિના તલખતા'તા, તેના મનોરથ પૂરા કરીને ભગવાને એને કહ્યું હવે મને ભજો, ભજો. આ આવી રીતે શાસ્ત્રો બધા શરણાગતિને બતાવે છે. શરણે થાવું, શરણમાં રેવું. શરણે જેને ગયા એના ગુણ લેવા, એના સદ્‌ગુણો ગાવા. એની મૂર્તિને સંભારવી અને જીવાત્માને જાગતો થકો સૂતો રાખવો. તોફાને ન ચડાવી દેવો. જેટલું ઓછું તોફાન કરે એટલો સુખિયો. તોફાન કરીને વધવા જાય તો દુઃખિયો. હવે એમ કરતાં કદાચ તૃષ્ણા બેસી ગઈ તો મહાસુખિયો ! શું લેવાનું હતું ને શું લઈ ગયો ? ગમે તેટલી આવરદા હશે ને ગમે એટલું કર્યું તોય પણ જે રહેવાનું રહી ગયું, લૂંટવાનું લૂંટાઈ ગયું અને ભાઈ હાલતો થઈ ગયો. આગળ ભગવાન મળે તો ઠીક છે અને નહિ તો જમપુરી જ્યાં જાય ત્યાં ઊભી જ છે.



✳ પરાવાણી - ૧૦ ✳

✪ ભગવાનના સંતોનો મહિમા
✪ સંતની સેવાની રીત

પરમેશ્વરે ધર્મનો કાયદો માણસને માટે બાંધ્યો છે. મનુષ્યની સૃષ્ટિ પરમેશ્વરે બીજી સૃષ્ટિઓ કરતાં ઉત્તમ માની છે. ઉત્તમ સૃષ્ટિઓમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો પણ વધારે ઉત્તમ ગણાય. એમાં ય ભગવાનનો ભક્ત થયો હોય તે સર્વોત્કૃષ્ટ ગણાય, કારણ કે ભક્ત છે તે પરમેશ્વરને ઠેકાણે છે. પરમેશ્વરના એકાંતિકને ઠેકાણે છે. સૂર્ય, ચંદ્ર, વરૂણ, ઈન્દ્ર વગેરે જે મોટા દેવતાઓ તેને ઠેકાણે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણ દેવતાઓને ઠેકાણે છે. સર્વેના માવતરમાં બધા દેવતાઓ રહેલા છે. ગાયમાં દેવતા રહ્યા છે, તીર્થોમાં રહ્યા છે. એ તમામ નમસ્કાર કરવા યોગ્ય છે, ભજવા યોગ્ય છે, સેવવા યોગ્ય છે. એમાં પણ જે મનુષ્ય જન્મ લઈ અને ભગવાનની કંઠીવાળો વૈષ્ણવ ભક્ત થયો એને એ બધાયની સેવા જો સંતની સેવા કરી તો પૂરી કરી કહેવાય છે. માટે સંત પુરુષ પરમેશ્વરના અવતારો છે. પરમેશ્વરની માલિકોર નિરંતર રહીને પરમેશ્વર આપે છે. પરમેશ્વરને ભજાવે છે. પરમેશ્વર તરફ વાળે છે. પરમેશ્વરના ગુણ સંતમાં છે. માટે સંત પુરુષોની સેવા એ પરમેશ્વરની સેવા છે. પૃથ્વી ઉપર પીપળાને પણ પૂજે છે. તુલસીને પૂજે છે. ગાયમાતાને પણ પૂજે છે. ગુરુને પૂજે છે. ક્યાંય મૂર્તિ પધરાવવી હોય તેને પણ પૂજે છે. એ બધાંયની પૂજા સંત પુરુષોમાં આવી જાય છે. કારણ કે સંત છે એ મોક્ષને માટે તૈયાર છે અને ભગવાનના ધામમાં મોકલે છે.

સંત પુરુષોની સેવા આ દુનિયામાં એનો જોટો કોઈ થતો નથી એવી છે. સંતમાં ભગવાન વસ્યા છે માટે આ જગતમાં જેણે જન્મ લીધા એવા જે નર અને નારીઓ તેમણે ભગવાનના સંતને પૂજવા, સેવવા, તેના આશીર્વાદ લેવા, તેને જમાડવા, રમાડવા, એને દંડવત્ કરવા, એને પગે લાગવું. તેને કાંઈક વસ્તુ આપવી, આપીને પણ રાજી થાવું. આમ ભગવાનને માટે શાસ્ત્રો, વેદ, પુરાણો, ઈતિહાસો, આચાર્યો અને દેવ મોટા મોટા બોલનારા હોય તે બધાય પણ એ રીતે કહે છે કે તમે સાધુને પૂજો, સાધુનો આવકાર લ્યો. સાધુમાં ભગવાનની મૂર્તિ છે માટે એનાં જ્યાં ચરણ પગલાં થાય, ત્યાં પરમેશ્વરની મૂર્તિ આવે છે, વસે છે, સાંભળે છે, બેસે છે, બોલે છે, સંતમાં રહ્યા થકા ભગવાન સર્વત્ર રહ્યા છે. માટે સંતના સ્વરૂપના દર્શન કરવા, સંતના સ્વરૂપને સેવવું, સંતની મૂર્તિને જમાડવી, તેની મૂર્તિના આશીર્વાદ લેવા, મૂર્તિના નવારેલા જળ છે એ અશ્વમેધ યજ્ઞના પુણ્ય આપનારા છે. ભગવાનને નવારીને જે પાણી પાટોત્સવનું થાય છે એ દસ અશ્વમેધ કરતાં પણ વધારે પવિત્ર છે. તે પ્રસાદીના જળનું પાન કરવું.



✳ પરાવાણી - ૧૧ ✳

✪ માનવજન્મમાં પ્રત્યક્ષ ભગવાનની શરણાગતિથી લાભ
✪ નાનપણથી જ ભગવાન માટે જન્મ સુધારવો

માનવ જન્મ ભગવાન ભજવા માટે છે, અનેક જન્મના પુણ્યો ભેગા થયા હોય ત્યારે માનવ જન્મમાં ભગવાન એને જન્મ અપાવી અને સુખી કરે છે. બધાં પ્રાણ વાયુ કરતાં માનવજન્મમાં સમજણ, જ્ઞાન વગેરે વધારે છે. પૂર્વનો અભ્યાસ માનવજન્મમાં થાય છે. મનુષ્ય જન્મ્યા પછી તેને ભગવાન પોતે મંત્ર અને કંઠી અપાવે છે. કંઠી છે તો ભગવાનનું ચિહ્ન છે, કંઠમાં રહેનારી બે સરો એટલે ભગવાન અને ભગવાનની પત્ની. એ બંનેનું સ્વરુપ કંઠમાં પહેરેલું છે. માટે ભગવાન અને ભગવાનની પત્ની તેને ગ્રહણ કરનારી હોય, તે ભક્ત તે પણ એનો શરણાગત બાળક કહેવાય છે, આમ માનવ જન્મ મળે એક બે મહિના થયા તે તરત જ જન્મ સફળ થવા લાગે છે, તેને ભગવાનના નામ સંભળાય, ભગવાનની કીર્તિ સંભળાય, પ્રભુનાં દર્શન થાય, દેવ મંદિરમાં જવાય, સંત પુરુષના ચરણને અડાય, આશીર્વાદ મળે, ભોજન, પાણી, પ્રસાદી વગેરે મળે એટલે રગેરગમાં એ બાળક પવિત્ર થઈ ગયું કહેવાય છે.

પુરાણમાં એક કથા છે. એક સંઘ મથુરા જતો હતો ત્યારે વચ્ચે એક સન્યાસી મળ્યા. એ એના કમંડળમાં પ્રત્યક્ષ ભગવાનના પ્રસાદના જળ લઈ અને દ્વારિકાથી આવતા હતાં. ખીંજરાળો દેશ એટલે મારવાડ દેશ હતો. ત્યાં ઓલો સંઘ હતો તેના માથામાંથી કાળા કાળા કાગડા ઉડી ઉડીને ભાગ્યા.

સંઘે પૂછ્યું કે, તમે કોણ છો ? તો કહે, તમારા પાપ છીએ. તમે ઉડીને ભાગી કેમ જાવ છો, તો કે ઓલો સાધુ આવે છે એના હાથમાં કમંડળ છે એમાં ગોમતીજીનું પાણી છે. ભગવાનને નવડાવેલું છે. તમે ભક્ત સંઘ છો કદાચ તમને એકાદી અંજલિ જો નાખે સંઘ ઉપર તો અમે બધાય બળીને મરી જાઈયે. માટે મરીએ નહીં અને જીવતા ને જીવતા ઉડીને વયા જાઈએ, અને તમે જાત્રા કરીને આવશો એમાં જેમાં તૂટી હશે ને એને અમે પાછા વળગશું. ત્યારે ઈ સંઘ સમજી ગયો કે મથુરાનું તીર્થ ગંગાજીનું તીર્થ એવા પાણીના તીર્થ, પથ્થરના તીર્થ, સ્વરૂપ વગેરે બીજા બીજા તીર્થ એ કરતાં પ્રત્યક્ષ ભગવાન એ બધા પાપને બાળનારા અને સમર્થ છે અને મોક્ષમાં લઈ જનારા છે.

માટે ભગવાન પુરુષોત્તમ નારાયણ પ્રત્યક્ષ મળ્યા એના જેવો મહિમા કોઈનો નથી. પ્રત્યક્ષના ચરણને ધોઈને પીવા, પ્રત્યક્ષના પ્રસાદી જળ પીવા, પ્રત્યક્ષને કપડાં ઓઢાડીને સેવા કરવી, પ્રત્યક્ષને જમાડીને સેવા કરવી, તેમને ફળ ફૂલની વિગેરેથી સેવા કરવી, દંડવત્ પ્રદક્ષિણા, નમસ્કાર સ્તુતિ વગેરેથી સેવા કરવી અને રાજી કરવા. એને બાળકને કંઠી આપી ત્યારથી આશીર્વાદ છે. કાળ, માયા, પાપ, કર્મ, યમરાજાના દૂતના ભય, એ કોઈ મને ન આવે. હું એનાથી તમારે શરણે આવ્યો છું. તે મારું રક્ષણ કરો. આમ ભગવાનની પાસે શરણાગતિનો મંત્ર લેવાય છે. શરણાગતિના મંત્ર વડે ભગવાન પોતે એનામાં જઈને વસે છે, તે બાળકથી લઈને આખું જીવન ભગવાનની કંઠી રાખવી. સવારે ભગવાનની માળા ફેરવવી. દિવસે કમાણી કરવી. સાયંકાળે ભગવાનનું ભજન કરવું, પછી સૂવું. આમ તમામને આજ્ઞા છે.

માટે મનુષ્યએ પળાય એટલું પાળવું, પુન્ય થાય તેટલું કરવું, સુખી થવાય તેટલો ઉદ્યમ કરવો. અને મોક્ષ મળી જાય તેવું નાણું કમાવું. રાજીપાનું નાણું છે તે મોક્ષ આપે છે. સેવા-ચાકરી છે તે ધામમાં પહોંચાડે છે. વસ્તુની ચીજો છે તે રાજીપો આપે છે અને પોતે તન વડે, મન વડે, ધન વડે, ખેતી વડે, વેપાર વડે, બધી ચીજો વડે, કુટુંબ વડે સેવા-ચાકરી, છોકરા-છાબરા વડે, મંદિરમાં વસનારા એવા જે ભગવાન તેની અનુવૃત્તિ પાળવી, એ કહે

તેમ કરવું, એવી રીતે જે કાંઈ ક્રિયાઓ કરવી તે નિષ્કામ કર્મ અક્ષરધામમાં પહોંચાડનારું છે. અહિંયા જેવી સેવા કરશે. તેવી સેવાઓ ત્યાં મળશે. અહિંયા ભગવાન અને સાધુને રાજી કરશે તો આગલા લોક જેટલા છે એને ઉલ્લંઘીને એની ઓની કોર છે તેવા અક્ષરધામમાં જઈ અને ભગવાનના ખોળામાં બેસશે, ભગવાનના ચરણની સેવા કરશે.

આ લોકમાં શરીર છે તે કાં નરનું કે કાં નારીનું. શરીરમાં ભોજન પાણી સરખા છે. ભાવના, પ્રેમ, હેત, સ્નેહનો પ્રવાહ એ સૌનો જેવો ભક્ત તેવો હોય છે. માટે હેતમાં હેત ઝાઝું. શાસ્ત્રમાં લખ્યું છે કે, લક્ષ્મીજીનું હેત ઝાઝું. લક્ષ્મીજી ભગવાનના હૃદયમાં તલ્લીન થઈને બેઠા છે. માટે લક્ષ્મીજી ભગવાનના હૃદયમાં રહેનારા થયા અને રાધિકાજીને ડાબે પડખે ઊભા રહેનારા કર્યા કારણ કે ચિંટિયો ભરે, ઠોઠ મારે, કોણિયું મારે, ઝઘડા કરે, કોક દિ' રાંધે ન રાંધે, ભૂખી રહે, રિહાય ઈ બધુંય પડખે હોય એને થાય. હૃદયમાં બેઠા હોય એને ન થાય. તમે તેમ ભગવાન વાપરે, સેવા કરે, પણ ઈ તો ભગવાનના જીવમાં ચોંટી ગયા માટે લક્ષ્મીજી, રમા, રૂકમીણિ, ઈ બધા ભગવાન સાથે જીવમાં ચોંટી ગયેલા છે. ભગવાનના ભક્તે ભગવાનની સેવા-ચાકરી આત્મનિવેદીપણે રૂકમીણિ રૂપે કરવી. નારદજીની પેટે ભજન કરાવવું. નર નારાયણ ભગવાનમાં નર છે ઈ નારાયણના ભક્ત છે એવી ભક્તિ કરવી અને ભગવાનની સાથે એકમેક થઈ જાય આવી જાતનો ભક્ત છે તે જરૂર બ્રહ્મલોકમાં જાય છે.

આ લોકમાં ઘણી જાતના લીસરડા છે. પણ આંખ વડે, કાન વડે, જીભ વડે, હાથ વડે, કોઈનું સારું-નરસું કરાઈ ગયું હોય ઈ બધા કાળા લીટા. ઈ કાળા લીસરડા. જો નેત્ર ભગવાન માટે, કાન ભગવાન માટે, જીભ ભગવાન માટે, શરીર ભગવાન માટે, એમ જો ભગવાન વાસ્તે કરી રાખે તો કાળા લીસરડા ભૂંસાઈ જાય છે અને એ ઠેકાણે ધોળા લીટા ધામમાં જવાનો મોટો માર્ગ હોય તે થઈ જાય છે અને તે માર્ગમાં ચાલ્યો થકો ધામમાં પહોંચી જાય છે એને કોઈ ભેગો ભોમિયો જોતો નથી. ઈ લીટો જ્યાં જઈને ઊભો રહે ભગવાનના પગમાં ત્યાં જઈને ઊભો એટલે ભગવાન હાજર થઈ

જાય છે. તું મારે શરણે આવ્યો ? તો કહે હા. તો તે કે કેડો કોને બતાવ્યો ? તો કે તમે. પછી કે હવે મારે શું કરવું ? ભગવાન કહે હવે મારી સેવા કર. તને ઠીક પડે એમ છૂટ. કંઈ તને તાળું આડું નથી. આવી રીતે ભગવાનનો ભક્ત ભગવાનની પાસે તન, મન, ધન વડે સેવનારો તે ધામમાં પણ તન, મન, ધન વડે સેવનારો થાય છે. અને ભગવાનની બધી સંપત્તિ એને મળે છે. માટે જીવાત્મા એમ માની બેઠો હોય કે આ મારું નર શરીર છે કે નારી શરીર છે. ઈ તો આ લોકમાં એક બીજાના ભોજન પાણી, કમાવું, રહેવું, સાચવવું, એવા નિર્વાહ માટે કર્યા છે પણ ભગવાન તો બેયને પોતાને ખોળે બેસાડે છે કે તમે અમારા છો અને બહુ હેત થાય ત્યારે ભગવાન પોતાના રૂપ જેવું રૂપ આપે છે. પોતાની મૂર્તિના ઐશ્વર્યો બધા આપે છે. એના લોકમાં રહેવા માટે બંગલાઓ કરી આપે છે. આ જેટલા જેટલા એ દેશ પરદેશથી રૂપિયા કમાઈ કમાઈને મોકલ્યા તેણે અક્ષરધામને વિશે પોતાને રહેવાના બંગલા ચાલુ કરી દીધા. અને ભગવાનની સેવા કરી, ભગવાનને થાળ કર્યા, ભગવાનને જમાડ્યા, ભગવાનને માટે જે જે કામ કર્યા છે તે બધાય ત્યાં હાજરો હાજર તમને મળશે. આમ ભગવાન પોતાના ભક્તને દિવ્ય વિમાન, દિવ્ય દેહ, દિવ્ય બંગલા, દિવ્ય ભોજન પાણી અને અનેક પ્રકારના પોતાની મૂર્તિના દિવ્ય આનંદ ભરેલા સુખ એ આપે છે. એને એમ જ થાય કે ભગવાન મારે ત્યાં જ રાજી છે. બીજે ઠેકાણે જાતા કે ન જાતા હોય મારે શું જાણવું ? મારે બધુંય પૂર્ણ, પરિપૂર્ણ થયું છે. આમ જે ભક્ત એકાગ્ર એકાત્મતા, ઐક્ય તેને પામેલો થાય છે, ભગવાનને મરજી આવે તો પોતાની મૂર્તિમાં બેસાડી દે છે અને મરજી થાય તો જુદો પાડી અને સામે સેવા કરે એવો કરી દે છે. આ રીતે ભગવાન પોતાના સુખે સુખિયા કરી દે છે.

માટે બાળપણથી આરંભીને ભણવું તો ય ભગવાન વાસ્તે, કામકાજ કરવું ભગવાન વાસ્તે, વરવું-પરણવું ભગવાન વાસ્તે, કમાવું ભગવાન વાસ્તે, સેવા-ચાકરી કરવી ભગવાન વાસ્તે અને આંહિથી જવું ત્યારે આકાશમાંથી વિમાન આવ્યું, ભગવાન બેસાડીને લઈ જાય. ત્યાં સુધીનું બધું ભગવાન

વાસ્તે કરી રાખવું. પોતાને પોતાના શરીરના ભાન ભૂલી જાવા. અને શરીરના ભાન રહેશે ત્યાં સુધી આ દુનિયાની માયા તો વળગેલી છે. એમ જાણવું કે હું તો કોઈ બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, વૈશ્ય છું અથવા હું બ્રાહ્મણી છું, ક્ષત્રિયાણી છું, એવા શરીરના ભાન છે ઈ ભગવાન પાસે ન રાખવા. ભગવાનને તો બધુંય પ્રિય છે, વહાલું છે, ચોખ્ખું છે, પવિત્ર છે અને પોતાની ભેગું ઘેરે મોકલેલ દિવ્ય છે. આમ સમજી અને મૂર્તિની પૂજા કરવી, નમસ્કાર કરવા, દર્શન કરવા, કહ્યું માનવું અને ઓહોહો એમ માનવું કે આપણો જન્મ સુધરી ગયો. મનુષ્યનો જન્મ છે તે અંતકાળે સુધારવા જાય તે પરવશ થાય તો કેદિ' સુધરે ? પરવશમાં કોઈ પાણી નહીં પાઈ દે, કોઈ ટાંગો ય દાબે નહી અને થઈ જાય પરાધીન ને ઓય મા - ઓય બાપ કરવા માંડે. ઈ કરતાં નાનપણથી ભગવાન માટે જેણે જન્મ સુધાર્યો એ સુધરી ગયો અને મોક્ષમાં ગયો.



✳ પરાવાણી - ૧૨ ✳

✪ માનવસૃષ્ટિમાં સમય-સમય પર ભગવાનનું પ્રાગટ્ય
✪ મનુષ્યરૂપે રહેલા ભગવાનને ચિહ્નોથી પણ ઓળખી ભજી લેવા

ભગવાને સૃષ્ટિ રચી, રચ્યા પછી ઋષિઓ, મુનિઓ, દેવતાઓ, ઈશ્વરો, માનવો એક બીજા બોલી શકે, સમજી શકે પોતાની ભેગા રહી શકે એવા રચ્યા. મનુષ્યોએ માંગ્યું કે, દેવતાઓમાં સામર્થ્ય છે. પણ અમારામાં સામર્થ્ય બહુ નથી તો અમને કંઈક આપો. ભગવાન કહે, હું તમને આપ્યો. એટલે ભગવાન મનુષ્યોમાં જન્મે છે. માનવ સૃષ્ટિમાં કોઈ વર્ષો કે યુગ એવો ખાલી નથી કે જેમાં ભગવાન ન હોય. ભગવાને કહ્યું છે કે, હું તો યુગે યુગમાં, દિવસે દિવસમાં, મહિને મહિને, ઠેક ઠેકાણે જ્યાં મનુષ્યોને ભજન કરાવવાનું ટાણું આવે ત્યાં પ્રગટ થાઉં છું અને ભજન કરાવું છું, મારા ઘણાં ધામ છે, મારા ઘણાં લોક છે, મારી લાંબી સૃષ્ટિ છે પણ મારા ભક્તો એક મૂઠી જેટલા હોય તોય ત્યાં જાઉં છું પણ બીજો સમુદ્ર ભરાય એટલા હોય તોય ત્યાં જતો નથી. કારણ કે રજોગુણ અને તમોગુણ વાળા ઝાઝા. સત્ત્વગુણ વાળા અને ભક્તિ કરે એવા થોડા, તો ભક્તિ કરે એને ત્યાં ભોજન, પાણી સાથે રહેવું, વિચરવું, એના જેવા થવું, એની સેવા અંગીકાર કરવી વગેરે મને ગમે છે અને અસૂરો તો બહુ જાજા ભેગા થાય ત્યારે મને મારવા આવે છે પણ હું એનો સંહાર હું કરી નાખું છું. સંહાર કર્યા પછી ભક્તો સુખી થાય છે અને મને પણ નિરાંત, શાંતિ થાય છે. એવો હું ભગવાન તે જરૂર પૃથ્વીમાં હોઉં છું. સંત અને ભગવાન જરૂર પૃથ્વીમાં વિચરે છે, રહે છે,

પૃથ્વીના કેટલાક દેશો સાવ આસુરી દેશો છે, જે મદ્ય-માંસને મદિરા અને અવળા રસ્તા એમાં ને એમાં જિંદગી કાઢી નાખે છે પણ થોડાક દેશ એવા છે જેમાં ભગવાન ભજાય છે અને એ ભગવાન ભજનારી તમામ જ્ઞાતિઓ એમાં ભગવાનના ભક્તો પ્રગટ થાય છે, એ ભક્તો શુદ્ધ રહે છે અને ભગવાનની શુદ્ધ સેવાઓ કરી લહેર કરે છે, ચાકરી કરે છે, સેવાઓ કરે છે, ભગવાનને રાજી કરે છે અને આ લોકમાં મનુષ્ય જન્મ સુધારી અને બ્રહ્મલોકમાં, મોક્ષમાર્ગમાં જાય છે. એ ભગવાન અહિંયા છે, માણસ જેવા છે, આંખ્યું જેવી આંખ્યું, મસ્તક જેવું મસ્તક, હાથ-પગ જેવા હાથ-પગ, આપણી જેવડા હોય, સત્યુગમાં બહુ લાંબા માણસો તો એવડા થાય. આ યુગ બહુ ટૂંકો છે તો એના જેવડા થાય. પણ એની ઓળખાણ ક્યાંથી પડે ? તો જીવ પ્રાણીમાત્ર શરણે આવે એના દુઃખ ટાળે ઈ ભગવાન. એના દર્શનેય થાય. ઈ ભગવાનના ચિહ્નો શાસ્ત્રમાં લખ્યા છે ઈ માંઈલા બે, ચાર, પાંચ, દસ પણ ચિહ્ન હાથ પગમાં હોય તો એ ભગવાન. શાસ્ત્ર એમ કહે છે કે, જો ચિહ્નો દેખો તો પછી એમાં કાંઈ ચમત્કારની જરૂર જ રહેતી નથી. ચિહ્નો દેખો એટલે ભગવાન નક્કી જ લખાયેલ છે.

આ રીતે ભગવાનને ઓળખી ભજવા, સંભારવા અને સમય સમય પ્રમાણે પ્રાર્થના કરવી, હે પ્રભુ ! હું તમારો દાસ છું, મારી રક્ષા કરતાં રહેજો. દેશ અને પરદેશમાં અનાડી જીવની હારે રહેવાનું થાય એટલે અરણ્યોમાં સાવજની હારે, ખરાબ દેશોમાં મલેચ્છો હારે, અરણ્યોમાં ક્યાંય ડાકુઓ સાથે, કોઈ કામકાજમાં અને વનમાં ને ક્યાંય નદીઓના કાંઠામાં, ને ક્યાંક તામસી માણસો સાથે એમ બધાની સાથે જીવન તો ગાળવું પડે છે. પણ ત્યાં મારી રક્ષા કરજો, આમ સાંજે સવારે ભગવાન પાસે માંગવું. દેશ-પરદેશ કમાવું, વાપરવું, પ્રભુ રાજી કરવા, માવતર રાજી કરવા, કુટુંબનું પોષણ કરવું અને પોતે કોઈ દિ' મુંઝાવું નહીં. મારી જીવનનાડી ભગવાનના હાથમાં છે, માટે આપણને તારાનારા એ છે, દેખનારા એ છે, સંભાળનારા એ છે અને આપણી પ્રાર્થના વડે રાજી થઈને આપણાં ધાર્યા પ્રમાણે કામ પણ કરી દે છે, તેવા ભગવાન તે અમારી રક્ષા કાયમ કરતાં રહેજો.

✳ પરાવાણી - ૧૩ ✳

✪ ભગવાન જે ગ્રહણ કરે એ મુક્ત થઇ જાય
✪ માનસીપૂજાની રીત અને મહિમા

અક્ષરધામમાં બિરાજતાં એવા પરપુરુષોત્તમ નારાયણ સ્વયં પ્રગટ પૃથ્વીમાં થયા. એ ભગવાન પોતાની મૂર્તિના ચિહ્નો સાથે લેતાં આવ્યા. શાસ્ત્રોમાં ય લખેલું છે, હરિદિગ્વિજયમાં ય લખેલું છે, પદ્મપુરાણમાં ય લખેલું છે કે, એક-બે-ચાર-પાંચ-છ ચિહ્ન હોય તો એ ભગવાન પોતે અવતાર લઈને આવ્યા છે, એમ સમજવું. એવા ચિહ્નો વડે કરીને ઓળખાણ થઈ જાય તો ઓળખાણવાળાને નક્કી નિશ્ચય થઈ જાય કે આ ભગવાન છે. પછી તેને રમૂજ વાસ્તે કોઈ ઐશ્વર્ય, સામર્થ્ય, લીલા-ચરિત્રો જોવા હોય એવી મરજી થાય તો ભગવાન એ ભક્તો ભેગાં રહે છે માટે ભક્તની ઈચ્છા પ્રમાણે અનેક પ્રકારનાં લીલાચરિત્ર સામર્થ્ય ઐશ્વર્ય વાપરે છે. ભક્તોની સેવાચાકરી અંગિકાર કરે છે. એ બધું શા માટે ? તો ભક્તોની ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે. ભક્તોના દિલમાં એમ થઈ જાય કે, ઓહોહો ભગવાન આપણા ઉપર ખૂબ વરસ્યાં, ખૂબ રાજી થયા, ખૂબ કૃપાઓ કરી, ખૂબ આપણી ભેગા એકમેક થઈ ગયા. કુટુંબથી વધારે પણ ભગવાન આપણને હેતમાં અંગિકાર કરે છે. જીવને આટલું સમજાઈ જાય એટલે ભગવાન એના જીવમાં પ્રત્યક્ષ, બાહેર બેઠેલા છે એવા જીવમાં દેખાય. જ્યાં જાય ત્યાં ભગવાન ભેગાં જ છે એટલે એ એના સહાયક છે. અર્જુન જ્યાં જાય ત્યાં શ્રીકૃષ્ણ ભગવાન ભેગા હતા. એમ જે-જે ઠેકાણે પોતાને અંગિકાર કરેલો

ભક્ત છે એ જ્યાં-જ્યાં જાય ત્યાં-ત્યાં એને ભગવાન બહાર સાંભરે, અંદર સાંભરે, સૂતા-બેઠાં, ખાતા-પીતા, હાલતાં-ચાલતાં સાંભરે. અને મિત્રમંડળ હોય ત્યાં વાર્તા કરવા માટે ભગવાનની વાતો કરવા માટે એને સાંભરે. સગાં-કુટુંબ-પરિવારમાં પણ એ વાત થાય. આશ્રમમાં, ગૃહસ્થાશ્રમમાં, સગા-કુટુંબીઓમાં, ઘરવાળી બેઠી હોય, છોકરા બેઠા હોય ત્યારે કોક દિ' સારી વાત કરે તો એ જે ભગવાનની સારી વાત કરે. એને કરીને જે સાંભળે તેના જીવનું કલ્યાણ થાય. માટે ભગવાન જીવ જેવા થઈને એવા દેહ ધારણ કરીને એવી રીતે ભૂખ્યા તરસ્યાં રહીને ખાવું-પીવું, ઓઢવું-પહેરવું, અંગિકાર કરવું, પૂજા ગ્રહણ કરવી વગેરે વગેરે ભક્તોની ભેગાં મળીને ભક્તની સેવાઓ અંગિકાર કરે છે. ભક્તોને પૂર્વે સો જન્મનાં પુણ્ય હોય ત્યારે ભગવાન મળે છે.

શ્રીજી મહારાજે કહ્યું, સો જન્મનું બ્રહ્મચારીપણું જેણે પાળ્યું હોય તેને પ્રત્યક્ષ ભગવાન મળે છે. એવી રીતે ભગવાનનો મહિમા સમજીને ઓળખી લે કે આ મળ્યા છે તે અનંતકાળ પછી, અનંત સૃષ્ટિ પછી મળ્યા છે. અને ભારે જોગ તો એનું નામ છે કે ભગવાન હરતાં-ફરતાં હોય, જીવતા હોય તેની સાથે ભક્તજનોને રહેવાનો પ્રસંગ બને. તો ભગવાનની દરેક પ્રકારની સેવાચાકરી કરી શકે. પ્રભુ છે એ ભક્તોની ભાવના પ્રમાણે સેવાચાકરી અંગિકાર કરતાં જાય છે. રાજી થાતાં જાય છે, આશીર્વાદો દેતા જાય છે, ભક્તોનું ભાગ્ય મોટું કરતાં જાય છે. તેના ઈન્દ્રિયો અંતઃકરણને ભગવાન દિવ્ય બનાવી દે છે. દેખાય માયા જેવા પણ છે અક્ષરધામના પ્રકાશના. એમ પ્રકાશની મૂર્તિઓમાં પોતે પોતાને દેખવા માંડે છે કે, આ હું છું, આ અક્ષર છે અને આ પુરુષોત્તમ નારાયણ છે અને આ હું મુક્ત તરીકે તેમની પાસે બેઠો છું એની સેવા માટે. એની સેવાચાકરી એ મારું કામકાજ. એનો રાજીપો એ મારું મોટું પુણ્ય. અને એમની કૃપા એ મારી સંપત્તિ. આ રીતે ભગવાન પુરુષોત્તમ નારાયણને ભક્ત ઓળખવા શીખ્યો, અપનાવા શીખ્યો, સ્વીકારવા શીખ્યો, રમવા શીખ્યો, ભગવાનની કથા-વાર્તા કરવા શીખ્યો, શ્રીહરિની સાથે એકમેળ કરવા શીખ્યો. એ ભક્ત છે તેને શ્રવણ, મનન, નિધિધ્યાસ એવું કાંઈ કરવું બાકી રહેતું નથી. તેને નવ પ્રકારની

ભક્તિમાં સહેજે હેત ભક્તિ આવી જાય છે એટલે બીજું કાંઈ નવું સાધન જુદું કરવું પડતું નથી. જેણે ભગવાનનો રાજીપો મેળવ્યો તેણે બધું જ મેળવ્યું છે. જેના પર ભગવાનનો રાજીપો થયો તેને બધુંય મળી ગયું.

શ્રીજી મહારાજે મુકુંદ બ્રહ્મચારીને પોતાની સાથે રાખ્યા કારણ કે તે દરેક સેવાઓ કરતાં. મુક્તાનંદ સ્વામી ગુરુ હતા છતાંય પણ પોતાની સાથે રાખતા. કેમ એમ ? તો કે મુક્તાનંદ સ્વામી મોટા અનુભવી હતા. અને શ્રીજી મહારાજને પુરુષોત્તમ તરીકે ગાતાં હતા. અને એ રામાનંદ સ્વામી જેવા મોટા સદ્‌ગુરુ એના વચન વડે કરીને પુરુષોત્તમ નારાયણ છે તે આ પૃથ્વી ઉપર પોતાને ભગવાન તરીકે ભક્તજનોની સેવાચાકરી અંગિકાર કરે, ઓળખાવે, ગ્રહણ કરે એમ શ્રીજી મહારાજે પણ ભક્તજનોને પોતાના કરતાં દસ ગણી કિંમત વધારે માની અને ભક્તોને પોતાની પાસે રાખ્યા. એની સેવા અંગિકાર કરી, એને ધામમાં પણ રાખ્યા.

શ્રીજી મહારાજ કહે, આ તમે ને હું બેઠા છીએ એ કાંઈ ગઢડું ને ઓસરી દેખાતાં નથી. આપણે અક્ષરધામમાં છીએ. બધા અક્ષરધામમાં બેઠા છે. ત્યાં અક્ષરધામમાં તમારા માટે બંગલા તૈયાર છે. ત્યાં બધી સામગ્રીઓ તૈયાર છે. ત્યાં જમવાનું, રમવાનું, રહેવાનું, મરજી પ્રમાણે સ્વરૂપ ધારણ કરવાનું, પુરુષોત્તમને હાર પહેરાવવાનું, ચંદન ચડાવવાનું, તેને થાળ ધરાવવાનું, તેની આરતિ કરવાનું, પુષ્પ ચડાવવાનું, અત્તર-તેલ-ફૂલેલ સહિત ચંદન ચર્ચવાનું, નવરાવવાનું, ભગવાનની રોમેરોમની સેવા કરવાનું. ભગવાન કૃપાળુપણું વાપરે છે અને ભક્તની સાથે એકમેક થાય છે. પતિવ્રતાની ભક્તિ એવી ભગવાનને વિશે કરનારી એવી પત્ની તે અર્ધાંગના કહેવાય છે. એમ જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનનો અડધો અંગ કહેવાય. અને અડધો અંગ થાય કે, આ હું છું અને મારામાં ભગવાન બેઠા છે. માટે હું કાંઈ કામકાજ કરું છું એ ભગવાન કરે છે. એટલે એની ક્રિયા બધી દિવ્ય થઈ જાય છે. એ રોટલા ઘડે ને તો એ રોટલા પણ દિવ્ય થઈ જાય છે. એ કોઈ ખાઈને તો એને પણ સત્સંગ થઈ જાય અને એના જીવનું રૂડું થઈ જાય છે. ભગવાન ખેતરમાં ફરવા ગયા હોય અને ક્યાંયથી ડૂંડું લીધું, ક્યાંયથી ચીભડું

લીધું, કોઈ ફળ ખાધું, કોઈ પાંદડું ખાધું, ચોળાની શીંગ ખાધી. તો ઈ છોડવો છે ને એ મુક્ત થઈ જાય છે.

શ્રીજી મહારાજે અને સાધુએ એકવાર કેરીઓ ગુજરાતમાં ખાધી હતી. એકવાર બાલમુકુંદદાસ સ્વામીને પણ એક હરિભક્તે કેરી જમાડી હતી. પછી એ ભક્ત કેય એ ગોઠલી મારે લઈ જાવી છે. પછી સ્વામીએ ગોઠલી આપી પણ એ ભક્તે એ ગોઠલી વાવી તો ન ઊગી. પછી એ ભક્ત સ્વામીને કેય સ્વામી ! હું એ ગોઠલી લઈ ગયો તો ને વાવી પણ ન ઊગી, જમીનમાં ધૂળ ભેગી ધૂળ થઈ ગઈ, ત્યારે બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું હતું કે, સાધુ જે કેરીને જમે છે તેની માલિકોર ગોઠલીનું જે અંકુર છે તેમાં જે જીવ આવવાનો હોય એ ગોઠલીના પ્રસંગ વડે કરીને આવનારો જે જીવ બાકી છે એ જીવનું પણ કલ્યાણ થઈ ગયું એટલે ગોઠલી છે એને ટાઢ-તડકો વેઠવાનું, ઝાડનું જે જન્મપણું એ એની માથેથી ઉતરી ગયું. સંસાર ઉતરી ગયો. આટલું બધું પુણ્ય ભગવાન જે ફળ-ફૂલ જમે છે તો તેના ઉત્પન્ન થવાના, દુઃખ વેઠવાના એની માથે નથી હોતા.

ભગવાન જે ગાયનું દૂધ પીએ છે, જેના વૃક્ષ-ફળ-ફૂલ-પાંદડા ખાય છે, જેના હાર પહેરે છે, જે-જે ચીજને ભગવાન પહેરે છે, અંગિકાર કરે છે એ ચીજો જેને જેનેથી થયેલી હોય, તેનો જીવાત્મા જ્યાં જ્યાં ગયો હોય તે તે ઠેકાણે તેને પરબારા અક્ષરધામમાં નિવાસ કરાવવાને માટે ભગવાન કબૂલ થયા છે. તેનું કલ્યાણ થાય છે. આ રીતે ભગવાન કલ્યાણ કરે છે. માટે ભગવાનને જે કાંઈ સેવ્યા, જે કાંઈ ભગવાનની ઈચ્છા વડે કરીને સેવા કરી લીધી, પુણ્ય લઈ લીધા, રાજીપો લઈ લીધો તે ભક્તને બીજું કાઈ સાધન કરવું પડતું નથી. સાધનમાં એટલું કે સંભાર્યા કરે કે, ઓહોહો મને ભગવાન ભેટ્યાં, મને ભગવાન મળ્યાં, મને ભગવાને જમાડ્યા, મને ભગવાને રમાડ્યા, મારા પર ભગવાને કૃપા કરી, મને પોતાનો માન્યો. આ રીતે ભગવાન જેમ પોતાની મૂર્તિને પોતાની ગણે છે એમ ભક્તની મૂર્તિને પણ પોતાની ગણી અને મૂર્તિમાં અને ભક્તમાં, એવા સેવકમાં માલિકોર ભેગા રહે છે, ભેગા હરેફરે છે, ભેગા ખાય છે, ભેગા જમે છે અને મોક્ષ પણ છેક અક્ષરધામમાં

કરે છે. માટે આ લોકમાં રહેવું તો એમ સમજવું કે, મારી ભેગા મારા ભગવાન છે. અને મારો જેને જોગ થાશે તેનું પણ કલ્યાણ થાશે. એવું બળ રાખવું. કેમ એમ ? તો કે હું ભગવાનને સંભારીને પાણી પાઉં છું, એને રોટલો ખવડાવું છું, એને જમાડું છું, એને સત્કાર કરું છું, મહેમાન બીજા ત્રીજા ઘરે આવે તો ઠાકોરજીની મૂર્તિને ધરીને તેને જમાડુ છું. એવડા ઈ મહેમાન સત્સંગી હોય ને ડૂંગળી-લસણ ટટકારતા હોય ને તો પણ ભગવાન એના જીવાત્માને શુદ્ધ કરી દેય છે. એ પણ પાવન થઈ જાય છે.

દેશ-પરદેશમાં ગયા તો ભગવાને કહ્યું છે કે, કોક રાજાને વશ થાવું પડ્યું હોય અને કોકે કેદખાનામાં નાખ્યાં તો ત્યાં શું કરવું ? ત્યાં પૂજા-પાઠેય નો થાય, નાવાનું ય નો થાય, થાળ ધરવાનું ય નો થાય તો શું કરવું ? તો દિલમાં માનસી પૂજામાં બધું કરી લેવું. જેલમાં બેઠા બેઠા વખત મળે કે આ ઠીક કર્યું છે રાજાને ત્યાં આવીને બેસીને. આપણને કોઈ બોલાવતું ય નથી, ન લેવા ન દેવા. આઠ વાગે ત્યાં બેડી છોડીને એય કામકાજ કરાવે ત્યાં સુધી નવરો હોય ત્યારે ઠેઠ ભગવાનની ચોટલીથી ચરણારવિંદના નખ સુધી ભગવાનને જોવા. ભગવાનની સેવા કરવી, ભગવાન પોઢ્યા છે ને જાગ્યા. જાગ્યા એટલે મેં ગરમ પાણી કરી નવરાવ્યા, તેલ-ફૂલેલ ચોળ્યા, ભગવાનને ધોતિયા આપ્યા, કપડાં આપ્યા, હાર પહેરાવ્યા, ભગવાનને સોના-રૂપા-મણિઓના પણ હાર પહેરાવ્યા કે કેમ જાણે સોળ વર્ષનો નાનકડો રૂપાળો ભગવાન હોય. એવો સુંદર ચહેરો બનાવીને એને ટીલા-ટપકાં કરવા. એની સામું નાચવું, ગાવું, રમૂજ કરવું. એમ ભગવાન રાજી થાય છે.

એવી રીતે માનસી પૂજામાં ભગવાનને રમાડવા. પછી રસોઈ કરવી માનસી પૂજામાં. પછી થાળમાં ત્યાં માનસી પૂજામાં ક્યાં ચીજ લઈ આવવી પડે છે ? હજારો ચીજ, એકસો આઠ ચીજ, જેટલી સાંભરે તેટલી ચીજ સંભારીને પછી તેનું રાંધણું કરવું, એની રસોઈ કરવી પછી મોટો અન્નકૂટ પૂરવો અને ભગવાન જમે. ભલેને બપોર થઈ જાય. બધું ભગવાન જમતાં જાય છે અને મને કટકી આપતાં જાય છે. હું ય જમતો જાઉં છું. એમ જ્યાં બપોર સુધી કરીને ત્યાં એ ય ધરાય રહે. માટે પ્રભુની એવી દરરોજ માનસી

પૂજા કરવી દસ મિનિટ, અડધો કલાક, કલાક.

આ ચોમાસું આવું છે બધે ઠેકાણે. ત્યાં લખ્યું આ ચોમાસના નિયમ, ધ્યાન, ભજન, ભક્તિ, માનસી પૂજા એ જેટલું બને એટલું કરજો અને માળા નો હોય તો પાંચ માળા પણ એથી વધારે બીજું નડતર કરે એવું ન કરવું. નાવાનું નો થાય તો કાંઈ નહીં. પાણીનો છાંટો લઈ અને લો પ્રભુ આ તમે જળને અંગિકાર કરી લ્યો. પછી માથેથી પગ સુધી છંટકાવ કરી લેવો. લ્યો પ્રભુ આ નવાઈ ગયું. આમ જેવો દેશ તેવો વેશ. જ્યાં જેવી રિતી એવો વેશ. આપણે ઉગમણાંનો નિયમ છે તો બીજા દેશમાં ક્યાંય આથમણાનો નિયમ છે તો ત્યાં હારોહાર મંડી પડવું હાથ જોડીને. તને કાંઈ આવડે છે ? તો કે હા. હમકો આતા નહીં હૈ પર હમકો મુસલમાન હોના હૈ. તો ઓલો ફકીર એવો રાજી થાય, આરબો રાજી થાય. તો કે અચ્છા તો અબ પઢો હમ શિખલાયેંગે. પછી તો દેશ વયા જઈએ પછી કોણ પૂછે છે ? એવી રીતે દેશ-પરદેશમાં રહેવા શીખી જાઉં. સુખી થાવા શીખી જાઉં. ને જેવું ટાણું એમ રહેવાય છે. પછી જ્યારે દેશમાં આવો ત્યારે ભગવાનના પગનું થોડું ઘણું પ્રસાદીનું જળ એક એક ઘૂંટડો પી લે એટલે એનું પ્રાયશ્ચિત બધું થઈ ગયું. પરદેશના મટી ગયાને ઘરના થઈ ગયા.

આ રીતે ભગવાને છૂટ મેલી છે. નહિતર જીવ પાવન ક્યાંથી થાય ? કે'દિ પવિત્ર થાય ? ખાધા જ કરે, વાપરયા જ કરે, રમ્યા જ કરે અને જીવન કાઢ્યા જ કરે. હવે ઈ કે'દિ બંધનમાંથી છૂટે ? પણ ભગવાન એને છોડે છે. કેટલામાં ? તો ભગવાનને ધરેલું જળ છે પ્રસાદીનું તેનો એક ઘૂંટડો પીવે તો પણ છૂટી જાય. ગંગાજી એવડા મોટા છે વામન ભગવાનના અંગૂઠામાંથી પૃથ્વી પર આવ્યા. ઘેલા નદી એવડા છે એમાં શ્રીજી મહારાજ નાહ્યા, સાધુ નાહ્યા તો એનું શીશીમાં જળ હોય અને મરતી વખતે મોઢામાં એક ટીપું પડી જાય ને તો અક્ષરધામ ભેગો થઈ જાય. એને કોઈ ન નડે. યમરાજાના દૂતો આવ્યા હોય તો પણ એને પગે લાગીને વયા જાય. આવો ભગવાનનો મહિમા છે.

માટે ભગવાનની સેવાચાકરી તન વડે, મન વડે, ધન વડે, જીવ વડે, આત્મા વડે, બુદ્ધિ વડે, ઈન્દ્રિયો અંતઃકરણ વડે, સંપત્તિ વડે, ઘરબાર વડે, સગાં-સંબંધી વડે, કુટુંબ વડે કરવી. પત્ની-છોકરા-પરિવાર બધાં ભગવાન લેખે કરવા. આમ પ્રભુમય થઈ જાઉં. જ્યાં જાવું ત્યાં સમજવું કે આપણે ભગવાનના પડખામાં બેસી ગયા. પછી એને બીજા કોઈનો ડર આવે નહીં. એના ઉપરથી કાળ કર્મનો ભય વયો જાય એવા ભક્ત થાઉં. અને જ્યાં જાઓ ત્યાં એમ સમજવું કે અહીં મહારાજ બેઠા છે, આ મહારાજનું સિંહાસન છે, આ મહારાજનો ઓરડો છે, આ ચાવડા ને વંથલી એ મહારાજના ધામ છે. એમાં ભગવાન વિચરે છે. એમાં નીકળે છે. ક્યારેક તડકે નીકળે, ક્યારેક છાંયે નીકળે, ક્યારેક ખેતરમાં નીકળે, ક્યારેક મરજી થાય તો બાવળીયાની કાઠમાંથી ય નીકળે, ક્યારેક કાંકરા વીણવા ય જાય, ક્યારેક મરજી થાય તો આહીંથી ઓલે ગામ ને તે ગામ વાડીએ ને ઘોડીએ ને ભગવાન વિચર્યા જ કરે છે. એવા સંકલ્પો કર્યા કરવા.



✲ પરાવાણી - ૧૪ ✲

✪ ભક્તિનું માહાત્મ્ય

✪ ભક્તિના ફળરૂપે ધામની પ્રાપ્તિ

તમામ સૃષ્ટિને ભગવાને મળવા માટે બધી સગવડો આપી છે. અનેક જીવ જાત ભગવાનને ઓળખી શકતી નથી પણ મનુષ્ય ઓળખે છે. માટે ભગવાને મનુષ્યોમાં પોતાની ઓળખાણ રાખવા મનુષ્ય જેવા થવું, મનુષ્યની પેઠે રમવું, ખાવું, પીવું, ઊંઘવું, કામકાજ કરવા, મનુષ્યોને આનંદ આવે એ પ્રમાણે ભગવાન માણસોની ભેગા ભળીને, તેને પોતાના તરફ વાળીને પોતામાં હેત કરાવીને, પોતાની ઓળખાણ અપાવીને હું પરબ્રહ્મ છું મને ભજજો એ રીતે એના જીવમાં ઘડ્ય બેસાડે છે. જીવને ભગવાન જોઈએ છે પણ ભગવાન ઘરમાં રહે, આવે, બેસે, ભેળા રહે, ભેળા કામકાજ કરે, એવી લાયકાત મેળવતા નથી. જો ખરી લાયકાત મેળવે તો ભગવાન ઘરેથી ક્યાંય ના જાય. ત્યાં ને ત્યાં રોકાય, દેખાય ના દેખાય વાત જુદી છે પણ કાયમ સંભાળ રાખવા માટે બેઠા જ હોય છે. સુરા ખાચરને ત્યાં પહેલાં ગયા હતા મહારાજ, ખટવાંગ રાજાને ત્યાં ગયા હતા, એ રાજાઓની પહેલી ઓળખાણ હતી પણ જાણ્યું કે, આ ભક્તોના ધાર્યા પ્રમાણે હું રહેવા માંડીશ તો કદાચ એના ધાર્યા પ્રમાણે એ મારા તરફથી છેટા પડી જાય. માટે એવે ઠેકાણે રહેવું નથી. દાદા ખાચરના, એભલ ખાચરના કુટુંબને જોયું કે આ મારાથી જુદા પડે એવા નથી, તો એને ઘરે આખી જિંદગી રોકાણા, લોજ-માંગરોળ આવ્યા, ગયા, ફર્યા, માણાવદરમાં રહ્યા, જેતપુરમાં ગાદી કરી. પરબતભાઈને ઘરે રહ્યા,

વીસનગર, વડનગરમાં રહ્યા, આખા, પીપલાણામાં રહ્યા, કુશળકુંવરબાઈને ત્યાં પધાર્યા, દંઢાવ્ય દેશમાં વજીબાને ત્યાં ગયા. કચ્છમાં પધાર્યા. માતાજી સાથે પોતાની ઓળખાણ કરાવી. ઘણાં ઘણાં ભક્તો સાથે ભગવાન ફર્યા, પણ એ બધાય ઠેકાણે જરૂર કાંઈક ભગવાનને એક આની ઓછું લાગ્યું. જીવુબા, લાડુબા ને ત્યાં સોળ ને બદલે અઢારઆની એક અંગ દેખ્યું. તમામ કુટુંબને જો એવી રીતે આત્મનિવેદીપણું હોય તો ભગવાન ત્યાંથી દૂર જતાં નથી અને આત્મનિવેદીપણામાં કંઈક ખામી હોય તો ભગવાન પાસે આવતા નથી.

રામચંદ્ર ભગવાન અરણ્યમાં ફર્યા, બધે રહ્યા પણ હનુમાનને આત્મનિવેદીપણું થયું તો રામ ભેગા ગયા અને હનુમાનજીને આશીર્વાદ દઈ દીધો કે "હનુમાન તું ત્યાં હું અને હું ત્યાં તું". રામકથા થાય ત્યાં આપણે બેય. શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવને અને અક્રૂરને પાસ કર્યા, બાકી બધાને એક કોર મેલી દીધા. બ્રાહ્મણોને પાસ ના કર્યા. બ્રાહ્મણિયું ભક્તાણિયું હતી; જમાડ્યા તો ઈ ખરી ભક્તાણિયું ખાટી ગઈ, ભાગવતમાં લખ્યું. ત્યારે કપિલદેવજી થયા માતાજીને જ્ઞાન મળ્યું. દત્તાત્રેય થયા, ઘણાં અવધૂતો એની નીચે હતા, કેટલાય અવધૂતો ભજી ભજીને ચાલ્યા ગયા. નવનાથ, યોગેશ્વરો, ભરતજી, બુદ્ધ ભગવાનનાં ઘણાં ચેલા હતા પણ જડભરત જેવો કોઈ ના થયો. સ્વામિનારાયણ ભગવાનને ઘણા શિષ્યો હતા, શતાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, સંતદાસજી, કૃપાનંદસ્વામી અલમસ્ત જોગી આકાશમાર્ગે ચાલે એવા ભગવાન વિના ઘડીયે ન ચાલે. દલુજી જોગી, પરબતભાઈ, ભગવાન વિના ઘડીયે ન ચાલે. એવા એવા ભગવાનનાં એકાંતિક ભક્તો થયા જે અક્ષરધામમાં ભેગા છે. સુંદરજી સુથારને દેખાડી દેવું હતું કે, જૂના વખતમાં દરબારો સાધુ થાતાં એમ મારા વચનમાં સાધુ થાય. તો ઘણાયને કાગળ લખ્યો કે, ભૂજ તમે બધાય ત્યાગી થઈને મારી પાસે આવજો. બધા ત્યાગી થઈને આવ્યા, મૂંછ મુડાવીને. આવ્યા પછી મહિનો'દિ રાખીને કહ્યું કે, હવે સૌ સૌના ઘરે વયા જાવ, મારે તો દેખાડી દેવું હતું કે, મારા વચનમાં કેવા ભક્તો છે ! ઘરબાર, રાજ ત્યાગ કરી દીધા, ઘર શું કામનું છે ?

એવી રીતના ભક્તો ભગવાન લેખે જો તન, મન, ધનથી ન અર્પણ થઈ શકે તો ઈ અડધા ભક્તો હોય, પા ભક્તો હોય, પોણા હોય, કોઈ પોતાના અર્થ સિદ્ધ કરવા ભક્તિ કરતા હોય. ઘણાય એવા છે, તે દેખાઈ આવે. ટાણું આવે ત્યારે ખબર પડે કે આ ભક્ત એના આ કામ માટે ભગવાનને નમતો હતો. આ ભક્ત હા જી હા કરતા હતા. આવા ભક્તો છે એ બધું ફના મકા કરી નાખે એવા નથી, ભગવાન વાળે એમ વળે એવા નથી, એને માયા દેખાય છે, આપણું શું થશે ? એ કહે એમ કરશું તો આપણું શું થઈ જશે ? તો બીજા ક્યે એમ કરો એમાં જેમ થવાનું હશે એમ થાશે પણ ભગવાન ક્યે એમ કરે એમાં અવળું નહીં થાય, સવળું થાશે કારણ કે નજર રાખનારા છે, રક્ષા કરનારા છે, ભગવાનને બધુંય છે, વિશ્વંભર છે, કાંઈ અધૂરું નથી, તૃપ્તિ છે, ભગવાન પોતાના મહિમામાં જીવે છે. પોતાની સમૃદ્ધિમાં ગરકાવ છે. પોતાની રચેલી આ બધી જીવાત્માની સૃષ્ટિઓની માલીકોરથી જોઈએ તેટલું લઈ લે છે, બાકી એને કંઈ કોઈ અધૂરાપણું નથી. લાખો ભક્તો ઓળખી ગયા, ચાલ્યા ગયા અને પડીએય ગયા, જુદાય પડી ગયા, હાલ્યાય ગયા. કંઈ એનો ભગવાનને અફસોસ નથી કારણ કે, એની દુનિયા બહુ જબરી છે. આખી સૃષ્ટિઓ કરતાં જબરી છે, આવા કરોડો તારોડિયા, સૂર્ય અને ચંદ્ર એ તો એના એક ખૂણામાં ક્યાંક પડ્યા હોય, રમતા હોય છે, એવા તો ભગવાનના ધામ છે.

આખી દુનિયાના સુખ ભગવાનની મૂર્તિમાં ભર્યા છે અને એ સુખને લેવા કોણ પાત્ર થાય ? એ તો રસિયામાં રસબસ રસિયો થાય તો એ પાત્ર થાય, બાકી તો બધાં કાગળીયા છે. ઠીક છે, ભગવાન પરીક્ષા કરે કે કોઈ રીતે જીવ આપણી ઓથે ઓળખાણથી બ્રહ્મલોકમાં જાય, ઉપાસના વધે, સારાવાના થાય, ખબરદાર થાય. એમ ભક્તને માટે ભગવાન વિચાર્યા કરે છે. નર હોય કે નારી હોય પણ એને એટલું સમજાય કે, આ મને મળ્યા એવા જે ભગવાન તે સાચા ભગવાન છે. એનામાં ચિહ્નો છે, એનામાં ચમત્કાર છે, એનામાં ભગવાનપણાંની બધી ક્રિયાઓ છે, દિવ્યતા છે, પ્રભુપણું છે, છે ને છે. આવું નક્કી થઈ ગયા પછી ભગવાન માટે શું શું ના થાય ?

ગામ-ગરાસ તજે, ઘરબાર તજે, પુત્ર પરિવાર તજે, પતિ તજે, જે કંઈ પોતાને માન-મોટાઈ હોય એ બધું તજી દે. ભગવાન લેખે ખરેખરો નિષ્ફિકર પુરુષ મુક્ત જેવો થઈ જાય. ભગવાન આટલું બધું થવા નથી દેતા શું કામ ? જીરવી ના શકે માટે, થોડાક દિ' જીરવે પણ પછી પાછો હોય એવો થઈ જાય, નાસીપાસ. એટલે કેફ ચડ્યો હોય એ ઊતરી જાય. હવે તે દિ' એને ક્યાં સાચવવો ? જોગમાં હોય તંઈ કેફ ચડી જાય પણ પછી જોગમાંથી મટી જાય ને ચાર છ મહિના આઘો રહે તે દિ' એનો કેફ ઊતરી જાય ત્યારે થઈ જાય ઢીલો ઢફ. એને સાચવવો ક્યાં ? ક્યાં ઢેફાં ભેગો નાખવો ? એટલે ભગવાન બધા જીવને સદતું સદતું કંઈક ભજન ભક્તિ કરાવે છે, એમ કરતા ખાટી ગ્યો, તો બ્રહ્મલોકમાં પહોંચી ગ્યો અને ન ખાટ્યો તો બે ચાર જન્મે પહોંચે પછી ધીરે ધીરે ત્યાં ભક્તિ કરે, ત્યાં ઘણાય લાખો છે સેવકો, એની હારે ભેગો રહે ને લહેર કરે. એટલે અહીંથી પરબારું ભગવાન કંઈ પણ એકદમ આખા જગતથી જુદાપણું થઈ જાય એવું કરતા જ નથી, બધાય ભગવાને માણસો ભેગાં રહીને કામ કર્યું છે અને ઓળખાણો આપી છે પછી ધીરે ધીરે ભજતાં ભજતાં ઘણાય તરી જાય છે; માટે ભગવાનના આનંદોના, ભગવાનની કથાઓના, ભગવાનની લીલાઓના, એના ચમત્કારોનાં ગ્રંથ વાંચવા, બોલવા, શીખવા, એમાંથી સાર લેવો.

જન્મ્યા ત્યારે આપણું કંઈ નહોતું. ખાઈએ, પીએ છીએ એ શાક, ચા-પાણી, પાંદડું, દાણાં એ આપણાં કંઈ નથી. પંચભૂતનું શરીર આપણું નથી, કપડાં પહેરીએ એ આપણાં નથી, ખોરડું પાણાનું છે, શરીર ખોરાકનું છે, જીવ કર્મ-બંધન ભોગવે છે. આમાં ભગવાનનું શું ? ભગવાનને આપ્યું એટલું ભગવાનનું. આપવાનું શું હતું ? તમારું શું છે કે તમે આપશો ? ભગવાનનું આપેલું છે એમાંથી એમ કહેવું કે, ભગવાન આ તમે વાપરો, માત્ર પ્રસાદી મને આપો. એમ ભગવાનને સેવવા, એમ સેવે છે તો આ લોકમાં મહામુક્ત જેવો થઈ જાય છે અને જો નથી સેવતો તો રખડું રહી જાય છે. ઘણાંય ઘણાં અવતારોમાં ઘણાં ઠેકાણે જોગમાં આવ્યા ને રઈ ગયા, આઘા ભાગે, આઘા આઘા ભાગે એ રહી ગયા. તેની લખચોરાસી બહુ

લાંબી છે, અબજો વર્ષો વયા જાય તોય પાછો જોગ ના થાય. એવી લખચોરાસીમાં વીતી ગયા છે, પાસે આવ્યો અને મહિમા સમજાય ગયો, દિવ્યતા સમજાઈ ગઈ, ભગવાનના જોગમાં આવી ગયો, ભગવાનના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ભગવાનના આનંદમાં ગરકાવ થઈ ગયો, સુખ લેવા શીખ્યો એને ભગવાન અહીંયા ય ભેગો રાખે અને ધામમાં ય ભેગો રાખે. માટે પ્રભુને જે જીતવા, એ પોતે જીતાય જાય પછી પ્રભુ જીતાય. પોતે ન જીતાય તો પ્રભુ યે ના જીતાય. માટે ભગવાન એ ભગવાન, મળ્યા એ મળ્યા, ભજ્યાં એ ભજ્યાં, ભજવા એ ભજવા, બીજાને ભજાવવા અને પોતે ખબરદાર રહેવું, અધૂરું કંઈ ના માનવું. જીવન વીસ, પચ્ચીસ, પચાસ વર્ષનું, સો વર્ષનું હોય એ પૂરું કરવું જોઈએ અને એ તો મટકું મારીએ એટલી વારમાં વયું જાય છે. જન્મ્યા, મૂછ ઊગી, ધોળાં થયા અને ભાગ્યાં. ઓહોહો આટલા બધા વર્ષ વયા ગયા ? થોડીવારમાં વયા ગયા ? તો થોડીવારમાં વયા જાય.

એક ઋષિની કથા લખી છે. વર્યો, પરણ્યો, પછી એને એમ કે હવે ભોગ એક સામટા કરી લઉં, પછી મેલી દેશું, પણ ઓલી એવી ચાલક ને ત્યાંથી ઉઠવા જ ન દે. એમ કરતાં કરતાં પુરાણમાં વ્યાસ ભગવાને લખ્યું કે, સાંજે સંધ્યા કરવાનું ટાણું થયું તો ક્યે હજુ વાર છે. રાત વય ગઈ, બીજો દિવસ થયો, સંધ્યા કરવાનું ટાણું થયું તો ક્યે હજુ વાર છે. એમ કરતાં કરતાં પાંચ દસ દિ' ગયા, વીસ દિ' ગયા, બે મહિના ગયા, પાંચ મહિના ગયા, વીસ વર્ષ કાઢી નાખ્યા એક ઠેકાણે ને એક ઠેકાણે. જ્યાં નાવું-ધોવું, સંધ્યાનું નામ લે તો ક્યે હજુ વાર છે. ઓલી માયાએ એવા રોકી રાખ્યા પછી નારદજી આવ્યા ને કહે, ઋષિરાજ કેમ છે ? તો ક્યે મારે નાવું-ધોવું છે, તમે રોકાવ. હું સંધ્યા વંદન કરી લઉં, પછી તમને જમાડું. તો ક્યે આ વીસ વર્ષ તારા ક્યાં ગયા ? નાવું ધોવું હતું સંધ્યા કરવી હતી તે ? હેં ! વીસ વર્ષ વયા ગયા ? પૂછ તો ખરા આવડી આ ને ? પૂછ્યું, તો કે હા વીસ વર્ષ તો ગયા, તમારી સંધ્યા હજુ નથી થઈ. જીવ આવી રીતે મોહમાં પડેલો છે, જિંદગી વઈ જાય તોય એની સંધ્યા પૂરી ના થાય, કોઈનું પૂરું થયું નથી ને

પૂરું થવાનું નથી. ભગવાન કંઈક થોડું ઘણું ત્યાગ, વૈરાગ્ય થાવાનું મેલે તો જીવ મેલે. થોડોક તાવ મેલે, થોડુંક ઠોઠીયું મેલે, થોડુંક દાળદર મેલે, થોડુંક અપમાન મેલે, અશક્તિ મેલે, તઈ માલી કોર બેઠો બેઠો વિચાર કરે મારું હાળું આવ્યું ખરું, આવ્યું ખરું, આવ્યું ખરું, હાય હવે શું થશે ? હાય હવે શું થશે ? શું શું થવાનું ? ભગવાન ભજ ને તો કંઈ થવાનું નથી, થયું છે એ પણ ઉપાડી જવાનું છે અને પ્રભુ ભજીશ તો હું ઉપાડી જાઈશ. આ રીતે ભગવાન લઈ જાય છે. માટે નર કે નારી, રાજા કે પ્રજા, તાલેવાન કે ગરીબ, એના બધાયના ભગવાન છે. ભજે તેના ભગવાન, કાંઈ એમને ત્યાં પક્ષપાત નથી. સમજીને, વિચારીને, દેશ-પરદેશ જઈને પણ પ્રભુને મેલવા નહીં, એમ સ્વામિનારાયણ ભગવાન પ્રત્યક્ષ છે માટે એને ભજી લેવા.

✲ પરાવાણી - ૧૫ ✲

✪ પંચઇન્દ્રિયોને ભગવાનમાં જોડવાની રીત
✪ ભગવાનનો પૂર્ણ લાભ લેવા માટે પતિવ્રતાની ભક્તિ કરવી

ભગવાન ભક્તોના મનના, બુદ્ધિના, જીવના ભાવને ખૂબ તારી-તારીને ઓળખે છે અને એની ભાવનાને અનુસારે નેત્રો વડે તેને જોઈને, તેના નેત્રોમાં વસીને, પોતાના દર્શન આપે છે. એવા નેત્રો દિવ્ય કરી દે છે કે, ભગવાનની મૂર્તિ દિવ્ય દેખાય અને દિવ્ય દર્શન વડે કરીને તેનો આત્મા પણ દિવ્ય થઈ જાય અને દિવ્ય ભાવના કાયમ વરતે. નેત્ર વડે આખું જગત દેખાય છે, તેમ ભગવાન દેખાય છે તે તો વિલક્ષણ સ્વરૂપે દેખાય છે, દિવ્ય સ્વરૂપે દેખાય છે, ભગવાનની દિવ્યતા અલૌકિક છે. અનંત સૂર્ય-ચંદ્રો તેની મૂર્તિના, રોમના તેજમાં સમાઈ જાય છે તેવી દિવ્ય મૂર્તિ ભગવાનની ધામમાં રહી થકી, ઘેર આવીને દર્શન દેનારી થાય છે. આવી મૂર્તિ મળવી મુશ્કેલ. જે ધામમાં ચરણમાં રહીને સેવા કરે છે, તે જ અહીંયા પૃથ્વી ઉપર ગામમાં, ઘરમાં, ખોરડામાં, ખેતર-વાડીએ, બંગલા-બગીચામાં ઈ જ ભગવાન સેવા અંગીકાર કરે છે. બગીચામાં જાય ત્યારે ફળફુલ ખાય, કેળાં ખાય, જામફળ ખાય, સારા સારા ફળ ગ્રહણ કરે, સારા સારા પત્ર, સારી સારી તુલસી, સારા સુગંધ પુષ્પના હાર ગ્રહણ કરે તે ગ્રહણ કરી અને ભગવાન સેવા અંગીકાર કરે છે. તે જ ભગવાન બગીચામાં હર્યા-ફર્યા, તે અક્ષરધામના બગીચામાં રહ્યા ઈ બગીચો અહીંયા ઊગી આવે છે, અહીંના બગીચામાં લહેરું કરે છે અને ભક્તોને ભેગા રાખે છે, બગીચામાં બંગલા બનાવે છે

અને બગીચામાં ભગવાન ભક્તોને ઘરે રહે છે અને ભક્તને કહે છે કે આ મારું ઘર છે, તારું નથી, તારે તો મારી ભેગું રહેવાનું છે. તું તારે રોટલા પાણી ખાધા કર, લ્હેર કર્યા કર, મારો આનંદ લીધા કર, મારે સુખે સુખિયા થઈ જા. આમ ભક્તને સુખિયા કરે છે.

આંખ વડે ભગવાનને જોયા એટલે આંખ દિવ્ય થઈ ગઈ. પછી એ નેત્ર વડે આ જગતના જીવ માયા, ઈશ્વર કોઈ પણ સંપત્તિ સામું જુવે ત્યારે ભક્તને તો ઈ ભગવાનમય દેખાય છે. ભગવાન સિવાય કંઈ દેખાતું જ નથી. ભગવાનનો બંગલો તે જીવનો બંગલો, ભગવાનનો ખાટલો તે જીવનો, ઢોલિયોય એનો, ગોદડું ય એનું, ગાદલું ય એનું, મચ્છરદાનીય એની. ભગવાનની પટરાણીઓ છે ઈ બધીય એવા ભક્તોને આવકાર આપે છે. તમે ભગવાનના સેવક છો, ઓહોહો આવો આવો બેસો બેસો, થાળ જમો, ભગવાનની પ્રસાદી જમાડીએ, ભગવાનની સેવા કરાવીએ, એમ ભક્તોને બોલાવી બોલાવીને ભગવાનની સેવાઓ કરાવે છે. ભક્તાણિયું બધી એટલી બધી રાજી થઈ જાય છે. ખરો ભક્ત હોય તો રાજી થાય, ચિંટીયા ભરે એવો ભક્ત હોય તો છોકરાને મા છે એ હેત કરતી જાય પણ ઓરમાન મા છે એ ચિંટીયા ભરતી જાય. ને ઓલો રોતો જાય. હા બેટા રો માં, હા બેટા છાનો રહે પણ ઈ ઓરમાન મા, એમ આ ભગવાનને લાડ લડાવવા વાસ્તે આવે ઘણી, પણ ઈ ઓરમાન માયું બધીયું. પછી હેરાન કરે એવીયું. તો એના કરતાં માયા સારી. માયા છે ઈ ભગવાનની ભક્તિ કરવા દે છે, ઓલી તો ભક્તિ ન કરવા દે. માટે બેય જણાએ દીક્ષા લેવી, દીક્ષાનું એક એવું આવું કપડું પહેરવું, ભગવું પહેરવું, એને જોતાં જોતાં એમ કહેવું કે હું અડધો તો સાધુ થઈ ગયો છું, તો અડધી તું સાધ્વી થઈ જા. છોકરા અડધા સાધુ, ઈવડા ઈ ભગવાનની ભક્તિ કરે, ઈ છોકરાને જમાડો, મોટા કરો, જે કાંઈ આપો ઈ બધું તમારું છે, સંતને આપ્યું થકું પુણ્ય આપે છે એમ આ નાના નાના બચ્ચાં છે ને ઈ સંત છે તેને આપ્યું થકું પુણ્ય આપે છે. એને રાજી કરે છે, ઈ ભગવાન હારે હેતવાળા છે, માટે પ્રભુએ નેત્ર વડે પોતાનું બીજું સ્વરૂપ દેખાડ્યું, હૃદયમાં બેઠું, જીવમાં દેખાય અને ભક્તિ થાય.

ભગવાનની વાણી સાંભળે તો કાન સાંભળે, આંખ ન સાંભળે. એટલે કાન દિવ્ય બની ગયો. પછી ભગવાનને રમાડવા, રંગે રમાડવા, ઉત્સવ કરવા, ખેલ કરવા, આનંદ કરવા, બાગ-બગીચે ફરવા જાવા, એ બધું ય જે કાંઈ કીર્તન વંદન બધું થાય છે તે કાન સાંભળે છે અને જેવું સાંભળે છે એવા જ ભગવાનને સંભારે છે, એ ભગવાન રંગે રમ્યા, ગોપ-ગોપીઓના સમુદાયમાં રાસ રમ્યા, ગોલોક-વૈકુંઠમાં ફરવા નીકળ્યા, હજારો હાથી, ઘોડા, પાલખી, રથ, જય જય થતાં હોય ને બંદૂકું ફૂટતી હોય, ભક્તજન છે ઈ ઊંચા-ઊંચા ધજાગરા લઈ લઈને આગળ હાલતા હોય ને કીર્તન બોલતા હોય અને જય જયકાર કરતાં હોય ઈ બધું શબ્દ સંભળાય અને ઈ કાનમાં દિવ્ય થઈ જાય છે, પછી સૂતો સૂતો ઊંઘમાં પણ સાંભળે કે ભગવાનની જય જયકાર બોલાવી બધેય. આવી રીતે પ્રભુનું સ્મરણ કરનારના કાન દિવ્ય થઈ જાય છે. શબ્દ સાંભળનારાના કાન દિવ્ય થઈ જાય છે. જીવ દિવ્ય થઈ જાય છે, મુક્ત થઈ જાય છે, પ્રભુની ભક્તિ કરે છે. એમ ભગવાન જે ચીજ જમ્યા એ ચીજ છે તે દિવ્ય થઈ જાય છે, એની પ્રસાદી જે જમે તે આખાય દિવ્ય થઈ જાય છે, ગાયું, ભેંસુ કોઈ પણ પ્રસાદી જમે, કોઈ પણ પશુ-પક્ષી પ્રસાદી જમે એ બધાં દિવ્ય થઈ જાય છે, ભગવાનના ધામના અધિકારી થાય છે, પ્રભુની મૂર્તિના અધિકારી થાય છે, પ્રભુને સેવવાને માટે યોગ્ય થાય છે.

ભગવાને ઘણાં રૂપ ધારણ કર્યા, કોઈ સિંહનું રૂપ, કોઈ વરાહ ભગવાનનું રૂપ, માછલાંનું રૂપ, કચ્છનું રૂપ, હરિ સ્વરૂપે થયા, ચતુર્ભુજ રૂપ, હજારો ભુજ એવા રૂપ ધારણ કરે છે. ઈ રૂપ જેને ગમે ઈ મુક્ત થઈ જાય છે અને એવા રૂપની પૂજા કરે છે. બલીરાજાને એય આખું આકાશમાં જાતું જાય એવું મોટું રૂપ દેખાડ્યું તું. તો બલીએ દરવાજે માંગ્યા કે, આવા રૂપના દર્શન મને કાયમ હોજો, હું તમારી સેવા ચાકરી કરીશ, આવી રીતે ભગવાનને સેવા કરનારો જેવા હેતથી ઈચ્છે છે તેવા હેતથી દર્શન થાય છે. એવા ભગવાનમાં કાંઈ અધૂરું નથી. ભગવાન તો ભક્તને માટે છે, પણ ભક્તમાં ખામી ન હોવી જોઈએ, તો જ ભગવાન છે એ ભક્તની આગળ

આવે છે. ભક્ત પાસે નાચે છે, ભક્તને રમાડે છે, ભક્તને લહેરું કરાવે છે, ભગવાનની આડું ભીંતડા શું કામ જોઈએ, ભક્ત પાસે ? ભીંતડા તો જગતના જીવ માટે છે, ભક્તને માટે ભીંતડા નથી, ભક્તને માટે તો ભગવાન તૈયાર હોય છે, સુખી હોય છે, આનંદિત હોય છે, રમાડે છે, રમે છે, દર્શન થાય છે, સારાવાના હોય છે.

આ રીતે ભગવાનના મુખના દર્શન, હાથ-પગ છાતી બધાંય દર્શનો અને એની વાણી સાંભળવી, એની પ્રસાદીના રસ જમવા, એમાં ભક્ત ગરકાવ છે, લક્ષ્મીજી ભગવાનના તમામ અંગોને ચાંપે છે, દાબે છે, સેવે છે, દર્શન કરે છે, રમાડે છે, તો એને બધાય સુખ મળે છે. એને કાંઈ સાકર શેરડીનો ગાંગડો જુદો નથી ખાવા જાવો પડતો. ઈ તો ભગવાનની મૂર્તિને ગાલે અડે અને જીભથી ચુંબન લ્યે એટલામાં તો કોઈ હજારો જાતની સાકર અને સુગંધ બધા એને મળી જાય છે કારણ કે ભગવાનની મૂર્તિમાં એ બધુંય રહ્યું છે, ભગવાનની મૂર્તિમાં કોઈ ત્યાગ-માગનો ભાગ નથી રહેતો પણ લોકરીતિ પ્રમાણે ખાવું-પીવું, રહેવું-નાવું, કોઈ શરીરના જે ખાધા પીધેલા ભાગ છે, પરસેવો થવો, કોઈ ખારું કોઈ ખાટું, કોઈ દુર્ગંધ, એવી અનેક ચીજો એ તો પૃથ્વીના વિકારો છે, માટે વિકૃતિઓ વડે કરીને વિકાર પામેલી ચીજોને તો જેમ માણસો ત્યજી દે એમ ભગવાનેય ત્યજી દે છે માટે માયાના વિકારો ત્યજવા લાયક છે અને અક્ષરધામના વિકારો ગ્રહણ કરવા લાયક છે. ત્યાંની સેવા, ત્યાંના રંગ, ત્યાંના રાસ મંડળ, ત્યાંના હાવભાવ, ત્યાંની મૂર્તિને રસબસ રસિયા સાથે રંગથી ભેટવા.

ભગવાનને પોતાની છાતીનો હાર ગણી લઈ ફૂલડાના હારની પેઠે પોતાની છાતીમાં રાખે, બેસાડે, સુવાડે, ભગવાનની હારે હેત કરે ઈ હેતનો ભાગીદાર ઈ ભક્ત સુખિયો થાય છે, ભગવાનને ત્યાં તો સુખનો આનંદનો સાગર પડ્યો છે, ખૂટતો જ નથી, એવા સાગરવાળા પ્રભુ તે ભક્તને વાસ્તે જેટલું વાપરે એમાં ઓછું થતું નથી. ભક્ત ન હોય અને ભૂલથી એમ ભગતડો થઈ બેસે ને, પછી આવે તો એને થોડુંક ખળ તો થાય પણ ભગવાન જોઈએ એવો આનંદ તેને આપતા નથી, કારણ કે ભક્ત છે તે ઘણી જાતના

છે, કોઈ સ્વાર્થી હોય. કોઈ નાણાં માટે ભક્ત હોય, કોઈ રોગ જાવા માટે ભક્ત હોય, કોઈ રક્ષા માટે ભક્ત હોય, કોઈ ભગવાનના બ્રહ્મમહોલ, બંગલા, સંપત્તિ, દિવ્યતા અથવા ઐશ્વર્ય મેળવવા માટે ભક્ત થયા હોય, તો ભક્ત છે એ અનેક પ્રકારના હોય છે, તો ભગવાન છે ઈ ભક્તના પ્રત્યે પણ અનેક પ્રકારે વર્તે છે, રહે છે, રમે છે, સેવે છે અને સુખિયા થાય છે અને સુખિયા કરે છે માટે પ્રભુએ ભક્તને અધૂરો રહેવા દેતા નથી. એમ જ કોઈ વાહનમાં બેઠા, ફરવા ગયા, સારી હવા આવતી હોય છે, ભગવાન કહે છે આજ તો બગીચામાં રહેવું છે, તો ભક્ત કહેશે, બહુ સારું ભલે રહેશું. ભક્ત કહેશે, મારે ઘેરે જાવું છે. તો ભગવાન કહેશે, તારું ઘર વળી બીજે ક્યાં છે ? ઓલો પરણાવ્યો છે ને તો ઈ તો મારા સારું એને પરણાવ્યો છે. કાઈ એના સારું તને નથી પરણાવી. ઈ એવો ભગત હોય તો જ તને આજ્ઞા આપી હોય કે જા પરણ એને, પણ ઈ જો શિશુપાલ જેવો નીકળે અસુર, તો મારો દ્રોહ કરે તો મારે તો આઘુ રહેવું પડે. એમાં બાધવા તૈયાર થાય, તો એવાથી લાભ ન થાય. ભક્તને લાભ મળતો હોય તોય વયો જાય. માટે ભક્તે ભગવાનને માટે તન, મન, ધન, દ્રવ્ય, વસ્તુઓ, પોતે બધું અર્પણ થઈ જવું. પ્રભુને આડું આવરણ ન રાખવું તો ભક્ત છે ઈ બધા સુખનો લાભ લઈ શકે છે. માટે ભક્તિ કરવી તો એવી કરવી સાંભળે તો ય ભગવાનનો શબ્દ સંભળાય, જીભે બોલવા જાય તોય લ્યો કાનુડો કાનુડો લ્યો. દહીં કરતાં કરતાં લ્યો કાનુડો એમ ભગવાન સાંભરે, એમ નેત્રથી જોવા જાય તો જોતાં આગળ તો દેખાતું હોય બીજું પણ એમાં આડો કાનુડો દેખાય, ભગવાન દેખાય. એવી ભક્તિ વધવી જોઈએ.

ભગવાનના ચરણારવિંદ દાબવા મંડ્યો તો અક્ષરધામના સિંહાસનમાં બેઠા બેઠા દાબે છે એટલો બધો કેફ આવી જવો જોઈએ. તો ભગવાન એને આ લોકની જે ખોટી દૃષ્ટિ છે એને મટાડી દે છે અને સાચી દૃષ્ટિને આપે છે એ સારી દૃષ્ટિ વડે ભગવાન છે એ ભક્તોના મનોરથને પૂરવા વાસ્તે પોતે ભક્તના પ્રત્યે આવરણ રાખતા નથી. એટલે આવરણ રહિત થયેલો ભક્ત એ પૂરતી સેવા કરી શકે છે. આવરણવાળો ભક્ત છે તે સેવા કરી શકતો

નથી. એટલે ભગવાનના તમામ લાભને લઈ શકતો નથી. માટે ભક્તજને પૂર્ણ લાભ લેવો તો પતિવ્રતાપણું રાખવું, સેવા માટે કોઈ રૂપિયાથી સેવા કરે, કોઈ દાણા-પાણીથી, કોઈ રસોઈ જમાડવાથી, કોઈ દાબવાથી સેવા કરે, કોઈ દર્શનથી સેવા કરે અને કોઈ તદાત્મ્ય ભાવથી એટલે હું ઈ ભગવાન અને ભગવાન ઈ હું, મારામાં ભગવાન છે અને ભગવાનમાં હું છું. આવી રીતની ભાવના વડે કરીને સેવનારો ભક્તજન તે પૂરતા આનંદને મેળવી શકે છે અને દર્શન કરી શકે છે. એમ ભક્તજને પૂરતી રીતે દર્શન કરવા, સેવવા, આનંદ લેવો અને તન્મયપણું, તદાત્મકપણું છે ઈ ભક્તનું પૂરે પૂરું ગ્રહણ કરી લેવું. જરા તરાએ'ય અધૂરું ન રાખ્યું ભગવાન પોતાનું સામર્થ્ય, ચમત્કાર, ઐશ્વર્ય, અંજવાળું, શક્તિ, સ્નેહ, પ્રેમ પૂરેપૂરો આપે છે અને ભક્ત ગ્રહણ કરે છે, ગ્રહણ કરે પછી એની ભક્તને માટે તમામ સંપત્તિ થઈ ગઈ. એટલે ઘરબાર ઓરડા, છોકરા, છાબરા બધું ભગવાન વાસ્તે થઈ ગયું પછી એને કોઈપણ પ્રકારે ખામી રહેતી નથી.

સુદામા ભક્ત હતો, શ્રીકૃષ્ણ રાજી થયા એટલે સોના-રૂપાના બંગલા આપ્યા, પછી સુખ સંપત્તિ આપી, પછી ઘરના બંગલા, બીજું, ત્રીજું, બધું બનાવ્યું અને ગોલોકનો ભક્ત બનાવી દીધો, એ ગોલોકમાં રહેવા માંડ્યો એટલે સુદામા, ઈ ભગવાનનો સેવક, પાર્ષદ ગણાણો. માટે ભગવાનની ભક્તિ કરે તે પ્રભુના ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે. ભગવાન તેને બધા ઐશ્વર્યો આપે છે, સુખી થાય છે અને પૂરેપૂરી સંપત્તિ ભગવાન તેને આપે છે, તેને માંગવી પડતી નથી, એટલે પ્રભુ આપે છે, લ્હેર કરે છે, સુખી થાય છે અને ધામને વિષે ભગવાનના ભક્તો ભેગો ખાય પીએ રમે છે. માટે પ્રભુ ભેગું રહેવું, પ્રભુના ધામમાં જવું, પ્રભુની સંપત્તિ વાપરવી, પ્રભુને દિવ્ય દર્શને દેખવા અને પ્રભુમાં જે કાંઈ છે તે મારું છે એમ સમજી અને પ્રભુએ ભગવાનના સામર્થ્ય, ઐશ્વર્યો વાપરવા. દર્શન છે, પ્રસન્ન છે, ભક્તિ છે, માળા છે, કીર્તન છે, એમ ભગવાનના અનેક પ્રકારના ભક્તિના ભેદ છે ઈ એના પ્રેમના પ્રવાહને અનુસારે વિશેષ વિશેષ થયા કરે છે. માટે વધતાં જાય, ઓછું ન થાય, આનંદ થતો રહે અને દિવ્ય ભાવ વડે સેવાય આ રીતે ભગવાનને સેવવા.

✳ પરાવાણી - ૧૬ ✳

✪ ભક્તને સુખી થવાની રીત
✪ ભગવાન લેખે કરે એ સુખિયો, નહિ તો દુઃખિયો

ભગવાનને ઓળખવા, ભગવાનને સેવવા. આ જગત માયામય છે, તેમાં જીવાત્મા પ્રભુનો ભક્ત થઈ અને કલ્યાણને માટે જો તન, મન, ધન વડે સેવા કરનારો થાય તો પૂર્વના કર્મો સમાપ્ત થઈ જાય અને ભગવાન લેખેના નવા બંધાય અને ધામમાં જવાય. એક જન્મે કલ્યાણ થાય, મોક્ષમાં જવાય. આ લોકના બંધન બધા છૂટી જાય, એમ પ્રભુના મહિમા વડે બધું થાય છે. કુટુંબ, સગા-સંબંધી જન્મ દેનારા છે, મોટા કરનારા છે. પણ દેહના સંબંધી છે અને શરીરને અંગે વર્ણ આશ્રમ બાંધવા જોઈએ તો વર્ણમાં એકલું ચાલે એવી રીત આ જગતમાં નથી. જગતની રીત પરમેશ્વરે, બ્રહ્માજીએ, દેવતાઓએ, ઋષિમુનિઓએ, માવતરોએ બેવડી કરી છે એટલે વરવું, પરણવું જોઈએ અને વરવું, પરણવું તે યુવાન અવસ્થાને અંગે છે અને યુવાન અવસ્થા તે કમાણીને માટે છે. પછી યુવાન અવસ્થામાં બળ પણ હોય, કમાણી કરી શકે, સારા વિચારો આવે, પોતાને બળ વડે પોતે પોતાના ટેકા પર ઊભા રહી શકે એવી તાકાત પરમેશ્વરે આપી છે. એની સાથે બાર, પંદર વરસ, વીસ વર્ષ સુધીમાં દેશી ભાષા આવડી જાય, સેવા-ચાકરી આવડી જાય, કામકાજ આવડી જાય, એકલા રહેતા, મજૂરી કરતાં, કોઈ સારા કામકાજમાં આગળ વધી જવાય એ બધું'ય પંદર, વીસ વરસની અવસ્થામાં થાય છે અને તેમાં પોતાના આત્મબળે કરીને જો વર્તનારો હોય તો એ સુખિયો રહે છે.

આત્મબળ વિના સગા-સંબંધી, ભાઈ, માવતર, કુટુંબ-પરિવાર, મિત્ર એનો ટેકો રાખીને જો વર્તવા લાગે તો એ કહે એમ કરવું પડે અને એ અંગે એને બધાં કોઈ કલેશ કરનારા હોય તો એનો કલેશ આ આધાર રાખનારને પણ નડે, માટે આધાર રાખનારે પોતાના પગ ઉપર ઊભું રહેવાય એમ કમાતા થકા પોતાના ઘરબાર નિર્વાહ કરવો અને સુખી રહેવા શીખવું. આમાં ઓચિંતા ઉપડી જાય છે ત્યારે કોણ કેની સાથે જાય છે ? કોઈ જાતા નથી. સૌનું ભલું કરવા વાસ્તે ઈચ્છતા હોય એવો જે જણ તેનું પરમેશ્વર ભલું કરે છે અને પરમેશ્વરની ભક્તિ કરતાં કરતાં એ ઓળખાણને અનુસારે ભગવાનના નામ, ભજન, કીર્તન કરતાં રહેવું અને મન છે ઈ તો મૂંઝવણ આપે, કારણ કે બધુંય પરાધીન છે. દેહ પરાધીન સાજું હોય તો કામ થાય, નકર ન થાય, ઈન્દ્રિયો-અંતઃકરણ પરાધીન, ઠેકાણે હોય તો સારા કામ થાય, ઠેકાણે ન હોય તો મૂંઝવણ ઊભી થાય અને એ વખતે પોતે સંતની પેઠે જ્ઞાનીપણું વાપરવું કે દેહ ભગવાનનો છે, જીવ ભગવાનનો છે, જીવ ભગવાન પાસે જાવાનો છે. દેહ પૃથ્વીમાં ભળી જાવાનો છે અને હું જે કાંઈ સારી કમાણી કરીશ તેણે કરીને પરલોકમાં જાઈશ. એમ ખબરદાર રહેતા રહેવું.

માવતરની ઓળખાણ થઈ, પ્રભુની ઓળખાણ થઈ, ભગવાનની ઓળખાણ થઈ, સારાવાના બધાં'ય છે, માટે પુણ્યનું બળ જબરું છે અને પુણ્ય કરીને સુખી રહેવા શીખવું, દુઃખી ન થાવું, કાંઈ કમાવું એને સારે રસ્તે વાપરવું, પોતાની રીતે વાપરવું નહીં, અને બહુ ઝાઝા જ્યાં ઝઘડા, કલેશ થાતાં હોય તો થોડાં ઘણાં એને માથેથી ઉતારી રાખવા. એવી સ્ફૂર્તિ રાખવી. માટે ટાળવા શીખવું પણ વધારવા ન શીખવું. ઝઘડા વધારાય નહીં, સુખી રહેવાય, દુઃખ જાય અને સંપત્તિ મળે, કમાણી મળે, ઘરબારી થવાય, કુટુંબ-પરિવાર વાળા થવાય, એ બધાયમાં સુખ, સંતોષ, શાંતિ રાખે અને ભગવાન ભજતાં રહેવા, માળા ફેરવવી, ભજન કરવું, એકાદું કીર્તન શીખી રાખવું, કંઈ વાંચવાનું કરવું. એમ ભગવાન લેખેનું કરી રાખે ઈ સુખિયો. નહીં તો સદાને માટે દુઃખિયા થાય. કારણ કે પરાધીન રહે ઈ દુઃખિયો. સ્વાધીન રહે ઈ સુખિયો. માટે સ્વાધીન થાવા શીખવું અને જન્મ પછી અને યુવાન પછી

અને વૃદ્ધ પછી સુખ દુઃખની લહેરું બદલે છે.

કેટલાક પરાધીનતાના દુઃખ હોય બાળપણમાં ઈ વયા જાય. સ્વતંત્રતાના સુખ આવે, ઈ ય વળી અમુક થોડાંક વર્ષો સુધી વર્તે પછી વયા જાય, એમાંય પરતંત્રતા તો વાપરવી પડે પણ ભગવાન રાખ્યા હોય તો એને પરતંત્રતા ન આવે. માટે પ્રભુને ભજવા, ઘડીક માળા ફેરવવી, ઘડીક ભજન કરવું, ઘડીક ધ્યાન ભજન કરવું, બધાના વિચાર મગજમાં ન ફેરવવા. મગજમાં વિચાર ફેરવ્યા કરે તો એને વિચાર વડે કરીને અસંતોષ થાય અને કેવળ દુઃખ ઉપજે, માટે ભગવાનનું ભજન કર્યા કરવું.



✳ પરાવાણી - ૧૭ ✳

✪ ભગવાન જેમાં રાજી એવી સેવા કરે તો રાજીપો વર્તે
✪ પ્રગટ ભગવાન અને સંતની સેવાથી ધામની પ્રાપ્તિ

પ્રગટ ભગવાન અને પ્રગટ સંતને પૂર્વેના કોઈ પણ જીવાત્માઓએ રાજી કર્યા છે ત્યારે તેને સૂર્યના ને ચંદ્રના અવતારો મળ્યા છે. ભગવાનના, સંતના આશીર્વાદ વડે કરીને ગાદી ઉપર બેસનારા ઈન્દ્રો સ્વર્ગના રાજાઓ થાય છે. પ્રભુની મહેરબાની માંગી મળતી નથી, રાજીપાથી મળે છે. તો રાજીપો લેતા ભક્તને આવડવું જોઈએ, પ્રભુ જેમાં રાજી એવી સેવા કરવી એટલે રાજીપો વર્તે. ભગવાન બ્રહ્મલોકના વતની છે. એમની મૂર્તિ સાકરના રસનું બનાવેલું નારિયેળ, એમાં બીજી ચીજ હોય જ નહીં, એમ ભગવાનની મૂર્તિ સચ્ચિદાનંદ આનંદઘન મૂર્તિ છે અને સર્વજ્ઞ છે, એની મૂર્તિમાં કોઈ જુદા જુદા તત્ત્વો નથી.

સ્વામિનારાયણ ભગવાને કહ્યું, અહિંયા ને અક્ષરધામમાં. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, અક્ષરધામમાં ને અહીંયા રહેનારા એવા એ ભગવાન આ છે તે તે છે, તે છે તે આ છે. આ અને તે એક છે. માટે એમાં ભાગ ત્યાગનો માર્ગ નથી. અહીં દેખાઈ આપણાં જેવા શું કામ ? તો કે આપણી જેવા થાય તો આપણે સેવા કરી શકીએ, કોઈને દાબવાનું મન થાય તો પગ હોય તો દાબે. જમાડવાનું મન થાય તો મુખ ને ઉદર હોય તો જમાડે, નવારવાનું મન થાય તો શરીરને કોઈ ટાઢ-તડકા લાગતાં હોય તો ઉને ગરમ નવારે. એમ જે જે ભક્તને જે જે સેવામાં ઘણી ઘણી વૃત્તિ નિર્વિઘ્ન ધારા પ્રવાહની

પેઠે લાગી જ રહેતી હોય તો તે ભક્તને કોઈ સેવા આપ્યા વિના છૂટકો જ નહીં અને સેવા વડે જ બ્રહ્મધામમાં ચરણની સેવામાં રહેવાશે. સ્વામિનારાયણ ભગવાને તો કહ્યું કે, મારું અક્ષરધામ, ત્યાં મૂર્તિઓ મારી ને તમારી સરખી છે, પણ મારી સેવા કરવા વાસ્તે જે મુક્તને જે વખતે જેવું સ્વરૂપ ધારણ કરીને મારી સેવા કરવી હોય તેવું રૂપ ધારણ કરી અને મારી સેવા કરે છે. અક્ષરધામમાં અનંત મુક્તો છે, તે મને મારી આકૃતિ પ્રમાણે મારા જેવા થઈને મને સેવે છે. મારા રાધા-લક્ષ્મી સ્વરૂપની આકૃતિઓ ધારણ કરીને મને સેવે છે. માટે ત્યાં અનંત મુક્તો, મુક્તાણીઓ, ભગવાન, ભક્તાણીઓ વસે છે, સેવે છે, જમે-જમાડે છે, રમાડે છે, નવારે છે, ફળ-ફૂલ વૃક્ષ-બાગ-બગીચા, પ્રેમની નદીઓ, સ્નેહના સરોવરો, હેતના સાગરો અને પ્રેમરત્ન પ્રવાહો ઈ ભગવાનની મૂર્તિમાં અખૂટ છે અને ભક્તને આપે છે અને એ ભક્તો સેવા કર્યા કરે છે. કોઈ મુક્તને અધુરાપણું નથી. જેટલા મુક્ત એટલા ભગવાન. એની મરજી થાય એમ સેવે અને સેવા મુક્તિ ઈ અક્ષરધામની મુક્તિ છે. ત્યાં સોળ વર્ષની અવસ્થા બધાને માટે છે, અખૂટ અવસ્થા છે. રૂપ રૂપના ઢગલા છે, સુખ સુખના ઢગલા છે અને કોઈ ચીજ એવી નથી ભગવાનમાં ને મુક્તોમાં કે ખૂટી જાય, ખૂટતી જ નથી માટે એના આકર્ષણોના આનંદ અખૂટ છે.

આવી જાતનું પોતાને રહેવાનું બ્રહ્મલોકનું સ્થાન અક્ષરધામ તેમાં અહિંયા પૃથ્વી ઉપર રહેલા ભક્તોએ રહેવા માટે અહિંયા રાજીપો લઈ લેવો. ભગવાન ને ભગવાનના સંત પ્રગટ જરૂર પૃથ્વીમાં વિચરતા હોય છે. તેને ભાવના વડે કરીને એકાદવાર પણ સેવી લીધા તે અક્ષરધામના વતની થાય છે અને મહારાજના કુટુંબી થાય છે. માટે તેને માટે અક્ષરબ્રહ્મ ધામ છે અને તે ભક્ત અને ભક્તો તેને માટે ભગવાન એના સ્વામી, ઈ સદાને માટે હાજર રહે છે, માટે મુક્તોની વસ્તીમાં રહેવું. ત્યાંની મૂર્તિની સેવા કરવી અને અહીંની સેવા દ્વારા ત્યાં સેવા મળશે અને અહીંયા લોકમાં પણ ભગવાનના રાજીપાથી ઘણી કમાણી મળશે. માટે કમાવું, સેવવા, ભજવા, આનંદમાં રહેવું અને ધામમાં જાવું.

✳ પરાવાણી - ૧૮ ✳

✪ ભક્તે ભગવાન પ્રત્યે રાખવાની સમજણ
✪ સખીપણે પુરુષોત્તમ નારાયણને સેવવા-ભજવા

હે ભગવાન, વરસાદ વરસાવો તો પાણી ભેગા થાઈએ. કંઈક થોડું ઘણું ઉપજાવો, તો ભોજન ભેગા થાઈએ, નહિતર મરી જઈશું. પછી ભગવાનને ખૂબ સંભારે, એવા સંભારે સંભારે, ઓલા બ્રાહ્મણો નથી સાંભરતા એ એય જગન કરાવવા માંડે અને મંડે લાડુ બટકાવવા. માટે દુઃખમાં ભગવાન સાંભરે એમ કહેવત થઈ. શરીરમાં સાજો હોય પણ જ્યાં ન ધારેલું દુઃખ આવી પડે અને એમાં જો સાજો ભગવાન રાખી દે તો ભગવાનની કિંમત ખરેખરી થાય કે ભગવાને મને બચાવ્યો. કોઈ પાલખથી પડે, કોઈ લપટીને પડે, કોઈ ખોરડેથી પડે, કોઈ માંદો પડે એવી રીતે પડતી દશામાં જો બચી જાય, દુઃખ ઊભા ન થાય ત્યારે એમ થાય કે હું જાત હો, સાવ જાત, જીવથી જાત, મરી જાત, કાંઈનું કંઈ થઈ જાત, હાડકાં ભાંગી જાત, મારું શું થાત ? પાછલાનું શું થાત ? પણ મને ભગવાને બચાવ્યો. પછી ભક્તિ કરે. ખૂબ તાવ આવે ને કંઈ ન પચતું હોય, સાવ પરાધીન થઈ જાય, ખાટલેથી ઉઠાય નહીં. તો એમ કહે કે, હે ભગવાન હવે મારો છેડો લાવો. ત્યારે ભક્તિ કરે. પણ ખરેખરો લાડવો પચાવે એવો હોય, પાંચ પગથિયાં કૂદકો મારે એવો હોય, રૂપિયા પૈસા સારી પેઠે ગાંઠે થઈ ગયા હોય, રાજસત્તા થોડી આવી હોય તો ભગવાનને અહીંથી હજારો જોજનો આઘો મેલી આવે, જાવ અરબી સમુદ્રની ઓલિકોર, ભગવાન ન્યાં ભલે રહ્યા. અહિંયા અમારે હમણાં નથી

જોતાં, કોક દિ' વાત. આ જીવ એવો છે. અવળે રસ્તે ચડી જાય.

ઘરે માણસો કુળ કુટુંબ બધા સારા હોય, ખાધા, પીધાની ચીજો હોય, ખેતર વાડી સારા હોય, દુકાન સારી દૂજતી હોય, આવક બધી હોય, દૂધ-પાણી-સાકર, ઘી, ગોળ, અન્ન, શાક તમામ ચીજો અનુકૂળ હોય તો જીવાત્મા સાંજે અડધો કલાક કે કલાક ભગવાન વાસ્તે માળા ફેરવવી કે પ્રભુ ભજન કરવું કે ભગવાનના પગ દાબવા કે ભગવાનની સેવા કરવી, ભગવાનનું મંદિર વાળવું કે ધૂન ભજન કરવું એ કાંઈ કરી શકે નહીં. કેમ એમ ? તો કે એને માયા નડી. સારાવાના થઈ ગયા ઈ નડે છે. નરસા વાના હોય, ગરીબાઈ હોય તો સુદામાની પેઠે ન નડે, તો જાય કૃષ્ણ પાસે દોડતો દોડતો. પણ જેને સારાવાના નથી, કામકાજ મળતા નથી, હેરાન થવાય છે, દુબઈ જવાતું નથી, આઠ દસ હજાર માંગે છે પછી કાંઈ કોઈ મદદ કરે નહીં. હરેરી જાય પછી કેય, હે મહારાજ ! મા બાપ જલ્દી કરો ને હું જાઉં, કમાતો થાઉં, લે ભઈ, જા ને હવે, કૃપા કરી છે. તાં માળો પહોંચી જાય પછી જે કમાવા માંડે. કમાતા કમાતા ખૂબ કમાઈ, બધાને આપેય ખરો, લેય ખરો, ભગવાનને સંભારેય ખરો, પણ નો'તું ને સંભારતો'તો તો ય એટલું ન સંભારે, ઓછો સંભારે, માટે ભક્તોના લક્ષણ એ છે કાંઈ નો હોય તો ય બહું સાંભરે ભગવાન. મધ્યમ રીતે મળ્યું હોય તો ય ભગવાન બહુ સાંભરે અને ખૂબ રાજ સંપત્તિ મળી ગઈ હોય તોય ભગવાન તો બહું જ સાંભરે.

સમૃદ્ધિઓ છે ઈ તો બધી જીવવા વાસ્તે છે અને ભગવાન છે ઈ નિત્ય સુખનો આનંદ દેવા માટે છે, આ લોકના સંબંધો બધાય છે તે બંધનમાં નાખે એવા છે અને ભગવાન છે તે સંબંધોમાંથી ઉપાડીને પોતાના ધામમાં, પોતાના બંગલાઓમાં પોતાના ભક્તને પોતાની સેવામાં રાખે એવા છે. એ સેવા શાશ્વત છે, સુખમય છે, આનંદમય છે, ભરપૂર છે, રસબસ રસિયા છે. સાચી સગાઈ એ અક્ષરધામના અધિપતિ, પ્રાણપતિ ભગવાનની છે. જીવપતિ, આત્માપતિ, દેહપતિ, ઈંન્દ્રિયોપતિ, મનપતિ, બુદ્ધિપતિ, શરીરપતિ, ઘરપતિ, ખેતીપતિ, પ્રજાપતિ, રાજપતિ, દેવપતિ, ઋષિપતિ, ઈશ્વરપતિ, બ્રહ્મપતિ, મુક્તપતિ, માયાપતિ, સર્વપતિ પરમેશ્વર છે, ઈ બધાનું પાલન કરે

છે, બધાને પોષે છે, બધાને જીવાડે છે, બધાને કરે એવું આપે છે, સર્જે છે, રક્ષણ કરે છે, ખાવાનું આપે છે, લાડ લડાવે છે અને ભગવાનને જો રમાડે તો ભગવાન એને પોતાના ધામમાં રમાડે છે, બહુ સુખ આપે છે, અહીંનું સુખ જીભમાં સાકરનો ગાંગડો ચગળ્યો ત્યાં સુધી ગળ્યો લાગે, પણ ભગવાનની મૂર્તિમાં સુખ છે ઈ શાશ્વત ભર્યું લાગે. અહીંના ગોદડા, ગાદલાં, રીત-રિવાજ પાથરવાના, બેસવાના જો અનુકૂળ હોય તો સારા લાગે. શિયાળો ટાઢમાં ગરમ કપડાં સારા લાગે, ઉનાળામાં જીણા સારા લાગે. પાણીનું ય એવું છે, ખાવા-પીવાની ચીજોનું ય એવું છે. શિયાળે અડદિયા સારા લાગે, ઉનાળે શરબત સારા લાગે અને મધ્ય અવસ્થામાં ઘરબાર, નારી, છોકરા, પતિ ઈ બધા સારા લાગે. પણ એંશી ઉપર જાય પછી બધાય કડવા લાગે. એ સારા લાગે એ વખતે જો ભગવાન ભજ્યા હોય તો એંશી વર્ષે પણ ભગવાન ભજાય. ને ઈ થી ઉપર જાય તો ય ભજાય. અને ભજતાં ભજતાં સુખિયા થઈને ભગવાનના ધામમાં જાય.

માટે જીવે સમજવું કે, આ લોકમાં ભગવાન અને ભગવાનના સંત તે જરૂર વિચરતા હોય છે. તેમાં જો આ જીવને જોગ થઈ જાય, ઓળખાણ થઈ જાય, ભૂલેચૂકે પણ ભગવાનના સંગમાં આવી જાય તો પૂર્વ જન્મના, અનંત જન્મના પાપો હોય છે એ બધાય બળી જાય છે અને જીવ ચોખ્ખો થઈને ભગવાનના ધામનો મુક્ત થઈને સેવામાં જાય છે. માટે પૃથ્વીમાં વિચરતા એવા ભગવાન એ પ્રભુને, પરમાત્માને પોતાના જેવા હોય તોય ઓળખી તો લેવા. એના સામર્થ્ય વડે, એના ચિહ્નો વડે, એની મોટાઈ વડે, એના ઐશ્વર્યો વડે એને ઓળખાય. એને ઓળખ્યા થકા સેવાય. અને સેવ્યા થકા રાજી કરાય અને રાજી થયા થકા પોતે ભગવાન આપણને આઘા ન રાખે, પોતાની સોઢમાં ભેગા ભેળવી દે. પોતાના સિંઘાસનમાં ભેળવી દે. પોતાના શરીરમાં ભેળવી દે. પોતાની સાથે જમાડે, સાથે રમાડે, સાથે ફેરવે, પોતાથી જુદાઈ ન જણાવે, આવો આનંદ ભગવાનનો જે જીવને મળી જાય તેને જાણવું કે મારો જન્મારો સુધરી ગયો.

શરીર તો બે છે નર અને નારી. ભગવાન તો એક છે પુરુષ રૂપે. નારી ભગવાનમાં પુરુષમાં પતિ તરીકે હેત કરે અને નર વર્ગ છે ઈ ભગવાનમાં દાસ, ભાઈ, નોકર, ચાકર, પત્ની જેમ વળે એમ વાળ્યો વળે એવું હેત કરે. એ પુરુષ નર, બાળક, યુવાન, નર-નારી બધા તરી જાય છે. ભગવાન કેમ રાજી થાય એ કરતાં તો આવડવું જોઈએ ? ન આવડે તો રાજી ક્યાંથી થાય ? દેહદર્શી છે ઈ પોતાના જેવા સંસારી ભગવાનને પણ સંભારી જ દેખે, તો ઈ લાભ ન લઈ શકે. પણ ભગવાનને એમ સમજે કે ભગવાનની ક્રિયા બધી મોક્ષ આપનારી છે, ભગવાનનું જળ પીવું, ભગવાનનું ભોજન ખાવું, ભગવાનનું રમવું, ભગવાનનું ભેંટવું, ભગવાનનું સૂવું, બેઠવું, ઊંઘ લેવી, બોલવું, જે કાંઈ સ્પર્શ કરવા તે ભગવાનના બધાય અક્ષરધામ આપે એવા છે. દિવ્ય છે, ચમત્કારી છે, સાકરનો ગાંગડો બધી રીતે ગળ્યો જ છે. આમ ભગવાનના પ્રત્યે પોતાના ભક્તે સમજવું.

ભક્ત કેવા કેવા સ્વામિનારાયણ પ્રભુ પાસે થઈ ગયા ? પ્રેમાનંદ સ્વામી પુરુષ હતા. છતાં પ્રેમસખી. સખીપણે એમણે પુરુષોત્તમ નારાયણને સેવ્યા. આ જીવ બધા જ સખી જ છે. માયા માટે જ આવે છે માટે માયાની સખીઓ, એનું નામ જીવ. એ સખીઓ બધીયું જો ભગવાનને મુક્ત તરીકે ભજવા માંડે તો એ બ્રહ્મધામના વતની થાય છે. થોડી ચીજ વડે કરીને મોટો લોક જીતી જાય. રાજાને તરસ લાગી, કોઈ પાણી પાવા ગયો, ગ્લાસ પાણી પીધું તો આખું ગામડું આપ્યું. એમ રાજાધિરાજ એવા ભગવાન તેને જે મરજી થઈ એણે જરાક એક આની, બે આની પણ આપી તો ઈ ભગવાન પોતાનું અક્ષરધામ એને આપે છે કારણ કે આ ભક્ત મારું કહ્યું કરે એવો છે, ત્યાં મારે સેવાની જરૂર છે, સેવા સેવકો કરે છે એમ કરશે. એવા ભક્તને સાથે રાખે છે. માટે બાળક, યુવાન, વૃદ્ધ, નર-નારી, કુમાર-કુમારી, ભણેલા, અભણ, ધનાઢ્ય, અધનાઢ્ય, કમાતા મજૂર, સારાવાના, ખેતીવાડી, વેપારી, તમામે એમ સમજવું કે ભગવાન આપણાં પ્રાણપતિ છે, આત્મપતિ છે, દેહપતિ છે, સર્વ રીતે આપણા પતિ છે, તે આપણને પાળે છે, આપણે એની સેવા કરવી છે. તે ભગવાન જે રીતે રાજી થાય ઈ રીતે સેવા કરતી

રહેવી અને ભગવાનને ઓળખવા, ભજવા અને બ્રહ્મલોકમાં જાવાની તૈયારી રાખવી. જે દિ' લઈ જાય તે દિ' વયું જાવું. આ લોકનું બધું ય ખોટું છે એમ સમજી રાખવું.



⁂ પરાવાણી - ૧૯ ⁂

✪ ભગવાનની અકળ કળા અને પ્રતાપ
✪ શરીરરૂપી બ્રહ્માંડનું ભગવાનનું અદ્‌ભુત સર્જન

ભગવાને સુખિયા કરવા માટે જીવાત્માઓને પોતાના જેવી મૂર્તિઓ ઘડીને આપી, એ મૂર્તિઓ છે મનુષ્ય સ્વરૂપ, દેવ સ્વરૂપ, ઋષિમુનિ પિતૃ સ્વરૂપ, ઈશ્વર સ્વરૂપ, મુક્ત સ્વરૂપ અને પાતાળ આદિકના દૈત્યો, દાનવો, રાક્ષસો વગેરે પણ માણસ જેવા આકાર, આ આકાર ઠેઠ પરબ્રહ્મથી આરંભી અને છેવટની નાની સૃષ્ટિ સુધી બધી ભાષા બોલી શકે, બધી શાસ્ત્ર પદ્ધતિ ચાલુ રાખે, પરંપરાઓમાં પણ અવતરે અને એકબીજાને મોક્ષમાર્ગ આપે. એ મોક્ષ આપવા વાસ્તે અહીં ચોર્યાશી લાખ જાતની સૃષ્ટિઓ છે તેમાં માનવ સૃષ્ટિ ઉત્તમ મોક્ષ માર્ગે લઈ જનારી લખી છે ને કરી છે. ભગવાન પોતે અવતરે તો પણ મનુષ્યની સાથે જેટલી વાતચીત કરે એટલી જ વાતચીત મનુષ્ય કરી શકે. બીજા કોઈ પ્રાણી એટલી વાતચીત કરી શકતા નથી. માટે ભગવાન કહે છે કે, હું દેવોમાં, ઈશ્વરોમાં, ઋષિમુનિઓમાં, પિતૃઓમાં, માનવોમાં અને પાતાળવાસીઓમાં જ્યાં ક્યાંય પ્રગટ થાઉં છું ત્યાં બધી ભાષા બોલી શકે એવો પ્રગટ થાવ છું. નાનપણથી બાળક રવ, થોડું ઘણું શીખવું હોય તો શીખી લવ, નહીંતર મને બધુંય આવડે છે. ઈ આવડેલી ભાષાઓમાં પેલેથી સૃષ્ટિઓમાં મેં મારા પ્રાપ્તિના રસ્તાઓ મેલ્યા છે તેના અભ્યાસ વડે કરીને મારી જેવા મુખારવિંદની આકૃતિ બોલી શકે એવા લોકો મારી ભક્તિ વડે મારી પાસે આવે છે. માટે સૂર્યના એક દિવસમાં કરોડો

સૃષ્ટિઓ મારે ત્યાં આવે છે અને જાય છે. દરેકને મેં આપ્યું છે. પોતે માનવી એક છે પણ તે કરોડો તારોડિયાને દેખે છે. પૃથ્વી ઉપર અબજો પ્રાણીને દેખે છે અને સ્વર્ગને અને પૃથ્વીને બેયને દેખ્યા તો મારું કહેલું સ્વર્ગથી ઉપલા સ્વર્ગ એટલે વૈરાટના લોક અને મનુષ્યથી નાના સ્વર્ગ એટલે દૈત્ય, દાનવ, યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ એ બધી તમોગુણી સૃષ્ટિઓના લોક, એ તમામને માટે હું ઈશ્વર, પરમેશ્વર એક જ છું. પણ એની ભક્તિ પ્રમાણે તેને ત્યાં હાજર થાવ છું, તેને જોઈએ તેવા સ્વરૂપે તેની સાથે રહીને તેના જીવાત્માને રાજસભાવ વડે તામસભાવ વડે વાળીને મારા ચરણની સેવામાં લવ છું અને મોક્ષ માર્ગે એની પ્રજાને મોકલું છું.

બ્રહ્માના એકાવનમાં વર્ષમાં એક દિવસ હતો એનું નામ વરાહ કલ્પ હતું. સવારના પહોરમાં વરાહ ભગવાન ઉત્પન્ન થયા, વરાહને પૃથ્વી વરી, પૃથ્વીનો દીકરો થયો. એ ભોમાસુર થયો. તેને શ્રીકૃષ્ણ ભગવાને માર્યો. એવા લાખો ભોમાસુરને માર્યાં. એ બધાં હતા આપણી સાથે બોલે, ચાલે, ખાય, પીએ, રહે, બંગલા લઈ જાય, બધું લૂંટી જાય, ઘરબાર તમામ સરખું. પણ મારા ભક્તની રક્ષા કરીને એને હું મારે ત્યાં લઈ જાવ છું અને બીજાનો સંહાર કરીને હિમાચલ જેવા પર્વતને ડુંગરાઓમાં સુખિયા કરીને રાખું છું. કારણ કે એ ભક્ત નથી માટે એને હું મારે ત્યાં ક્યાં રાખું ? ઘરમાં રેય એટલે ત્યાં બધાં ઝઘડા કરે મને સરખે રહેવા દેય નહીં, સુખે સુવા દેય નહીં, સુખે ખાવા દેય નહીં, સુખે ભક્તની ભક્તિ ન કરવા દે, આડા ને આડા ફરતા હોય. પછી પ્રભુ એમ કહે છે, વરાહ ભગવાનને પૃથ્વીને ડૂબેલી હતી તે તારી અને વરાહ ભગવાનનો દિવસ આવ્યો. ઈ દિવસમાં વરાહ ભગવાનની પૂજા થતી હોય અને જગન્નાથ પૂરીનું મંદિર વરાહનું હતું. એ મંદિરને કાળે કરીને ડૂબાડી દીધું અને બીજું મંદિર થયું સમુદ્રને કાંઠે. એમાં નરસિંહ ભગવાન આવ્યા. વળી એનાય યુગાંતર ચાલ્યા ગયા. ઈ મંદિર ડૂબી ગયું. નરસિંહ પછી માતાજીનું મંદિર આવ્યું, દેવીનું મંદિર. એ પણ વયુ ગયું, ડૂબી ગયું અને દેવીના પંથ રહી ગયા અને એ મંદિર ડૂબ્યા પછી સાત મનવંતર વયા ગયા ત્યારે શ્રીકૃષ્ણ નામના એક પરમપુરુષ પૃથ્વીમાં

ચારેકોર આવ્યા. એનું મંદિર થયું એ આ જગન્નાથપુરી કહેવાય છે. ઈન્દ્રદ્યુમ્ન નામના રાજાએ એ મંદિર બનાવ્યું. સૌરાષ્ટ્ર દેશમાં ભગવાને પોતાના શરીરને તજ્યું. ત્યાંથી સમુદ્ર ઉપાડીને તે મંદિર સુધી લઈ આવ્યો અને મંદિરમાં શ્રીકૃષ્ણ, બલદેવ અને રેવતીજીના શરીરને સ્થાપ્યા. ઈ મૂર્તિઓ ઠૂંઠા-બૂંઠા હાથની, પગની રહી. છ મહિનાનો અવધિ કહ્યો હતો પણ રાજાએ ઉતાવળા થઈને બે-ચાર દિવસ વહેલી પેટીઓ ખોલી. હાથ-પગ અધૂરા હતા એ પછી એમના એમ રહી ગયા તે અત્યાર સુધી ચાલુ છે. પરમેશ્વરનો પ્રતાપ કેવો એ તો જુઓ. ક્યાં કાઠિયાવાડમાં સળગ્યા ને બળ્યા ને ક્યાં ઠેઠ જગન્નાથપૂરીમાં નીકળ્યા. માટે પરમેશ્વર અહીં ડૂબકી મારે અને બીજે નીકળે. એક બ્રહ્માંડમાં ડૂબકી મારે ને બીજા બ્રહ્માંડમાં નીકળે. એક ભગવાને એવી ડૂબકી મારી સ્વર્ગમાં ને ત્યાંથી નીકળ્યા ઈન્દ્રના ભાઈ થઈને વામનજી થઈને બલી રાજાને ત્યાં આવી દર્શન દીધા ને ઈ આ છોકરા જેવડા હતા નાના ઠીંગણા અને જૂનાગઢનાં ગિરનારને પડખે બલીરાજાના જગનમાં આવીને ઊભા રહ્યા.

બલીરાજા દૈત્ય હતો, પૃથ્વી ઉપર દૈત્યનું રાજ હતું. સ્વર્ગના તારોડિયાની ઉપર દૈત્યો રાજ કરતાં હતાં. ભગવાનને દેવતાઓએ સ્તુતિ કરી કે હવે તો અમને આપો, ઘણુંય ખાધું આણે. તો કહે, ભલે બહું સારું હું આવું છું. એમ કરી આકાશમાંથી ઉતર્યા. એવા વામનજી આકાશમાર્ગે દર્શન દઈને કહે છે કે, ચાલો મારે જવું છે. અહીં ઊભું નથી રહેવું. મારે એક કામ છે જમીન ઉપર, અહીંયા આવ્યા તો બલીરાજાનો જગન ચાલુ હતો છેવટનો દિવસ હતો, આવીને ઊભા રહ્યા ત્યાં માંગ્યું કંઈક આપ, હું બ્રાહ્મણ છું. બલી કહે, તમે જોઈ ઈ માંગો તો આપી દઉં. વામન કહે, તો પૃથ્વી આપને થોડીક ઝુંપડી કરવા. બલી કહે, ભલે જોઈએ એટલી લઈ લ્યો, માપી જુઓ. વામન ત્રણ ડગલાં માપવા ગયા ત્યાં તો બે ડગલામાં આખી પૃથ્વી ત્રિલોકી માપી લીધી. એક ડગલું બાકી રહ્યું તો વામન કહે, હજુ મારે ત્રીજું ડગલું જોઈએ છે. તો બલી કહે, ત્રીજું ડગલું હવે બીજી પૃથ્વી બાકી નથી, આ મારો વાહો છે, માટે ખંભે પગ મેલી દો અને મનેય

લઈ લ્યો. તો વામન કહે, શાબાશ, તું દૈત્ય છો પણ મારો ખરો ભક્ત છો. આમ સૃષ્ટિમાં દૈત્ય, દાનવ, રાક્ષસ, યક્ષ, રાવણનો ભાઈ વિભિષણ રામનો ભક્ત, પ્રહલાદ હિરણ્યકશિપુનો દિકરો છતાંય ભગવાનનો ભક્ત. આ ઘેટાં-બકરા ખાનારા મુસલા છતાંય અલ્લાહના ભક્ત, માછલાં ખાનારા અંગ્રેજો અને બીજા દેશો છતાંય એના જે સમુદાયે મળીને કબુલ કર્યો હોય કે, આ ખ્રિસ્તો નામનો સાધુ ઈ અમારો ગુરુ ભગવાન. તો એને માને એને માછલીયું ખવડાવે અને પોતેય ખાય. આ દુનિયામાં શું શું નથી, એ બધાયને ત્યાં ભગવાન પહોંચે છે. રજોગુણીઓને પણ ભક્ત કરે છે. તમોગુણીઓને પણ ભક્ત કરે છે.

અશ્વસ્થામા બ્રાહ્મણ હતો, તમોગુણી હતો, તેણે બધુંય મારી નાખવું હતું. તો પૃથ્વી ઉપર બધાય રાજાઓને મરાવી નાખ્યા. અર્જુન ભક્ત હતો, સાત્ત્વિક હતો છતાંય કે તારે ધનુષ તો ધારવું પડશે, હથિયાર ધારણ કરવા પડશે. હું કહું એમ કર, નહીં તો અધોગતિમાં જઈશ માટે મારે તારી ભાઈબંધાઈ કરવી છે. ઈ નર ને નારાયણ હતા. આખી પૃથ્વીનો ભાર ઉપાડ્યો. બલદેવજીને કહે છે કે, તમે અમારી ભેગા તો રહો તો કે હું આવી રંઝાડમાં ન રહું એ મને ન ફાવે. હું આકરો થાવ તે 'દી હળ ઉપાડું. આખી પૃથ્વીને એક હળ દવ ત્યાં આખી પૃથ્વીને પાથરી દઉં. એ મને ન ફાવે. ઈ કરતાં તો હું આઘો સારો, મારું બળ કોઈ જીરવી શકે તેમ નથી. એમ બલદેવજી ખસી ગયાં. ઈના ઈ ભગવાન પછી હવે કોઈ ન રહે ત્યાં આપણે સમુદ્રમાં જઈને રહેવું છે તો અહીં આવીને રહ્યા કાઠિયાવાડમાં. કેવી ભગવાનની અકળ કળા છે. એના મા-બાપ જેલમાં રહ્યા ને પોતે અહીં આવીને રહ્યા. રામના મા-બાપ સરયુને કાંઠે રહ્યા અને દશરથ રાજા મરી ગયા અને રામ છેક દક્ષિણમાં ક્યાં રામેશ્વર ? બે પાંચ હજાર ગાવ આઘા ગયાને ત્યાં રખડ્યા અને ત્યાં રાક્ષસો માર્યા, વાંદરાઓને ભેગાં લીધા અને કાંઈની કાંઈ લીલા કરી અને જગતનો મોટો વાંદરો ઠીક પડ્યો ઈ કોણ ? તો કે હનુમાન. એ એક જ બસ છે મારે, મોટો યોદ્ધો. આ રીતે રામચંદ્રજીએ કામ કર્યું અને દુનિયામાં જ્યાં જુઓ ત્યાં હનુમાન ગામડે ગામડે, માણસે માણસે પૂજાય છે.

એમ ભગવાનના ભક્ત છે એ કામે ય એવું કરે છે રજોગુણ, તમોગુણનું. પણ પાછી ભક્તિ એય એવી કરે છે કે ભગવાનની પાસે રહે છે. સનકાદિક સાધુ હતા છતાં પણ એમને વૈકુંઠના દરવાજે રાખ્યા. જય-વિજય પાર્ષદ હતા તો એને રાક્ષસ બનાવ્યા. રાવણ અને કુંભકર્ણ, એને મારીને પાછા ગોલોકમાં ચાલ્યા ગયા. આ કેવા કેવા કામ કરે છે ભગવાન. બીજાને એમ થાય કે આ શું હશે ? આમાં ભગવાનપણું હશે કે નહીં હોય ? પણ મારે રાવણને કુંભકર્ણ જોતાં હોય તો હું નાખું ક્યાં ? અને રાવણ અને કુંભકર્ણ વિના તમે આટલી મહેનત કરી શકો મારા માટે ? રાત'દાડો ઊંઘતા ન હોય ને આને કેદી મારીયે ? ક્યાં મારીયે ? શું કરીયે ? એમ વિચાર કર્યા જ કરે. અહીંયા મારી પ્રજા હેરાન થાય, ભક્તજન તે કેટલુંક કરશે ? એને બે-ચાર જણાં દબાવનારા મળશે તો એમ થાય ને ઓલો તો સામો થાય લશ્કર લઈને મારે મારવો છે કેને ? તો કે કૃષ્ણ કાનુડાને. ક્યાં રાખવો છે ? ક્યાંથી ક્યાં કોણ ક્યાંથી ક્યાં શું થાય છે ? માટે ભગવાનને ઓળખે એને કોઈ નહીં. એ કંઈ કંઈ જાતના કામ કરે છે ને કામ કર્યા પછી પૂરે પૂરા બધાં સ્થાપન કરીને વયા જાય છે.

તઈ દેવશીભાઈને એમ ખબર પડે કે, ઓહોહો આ તો કોઈ અલૌકિક પુરુષ હતા પણ આપણે મોટા ભેગાં રહ્યા તોય ઓળખ્યા નહીં. ચાખડી ચાખડી કરતાં જાય, ચાખડી પહેરતા જાય, ડંડીકો હાથમાં રાખતા જાય. કે'દી ચાખડિયું થાય ને કે'દી હાથમાં ડંડીકો આવે ? અને આવરદા તો વઈ ગઈ ને ઓળખાણ તો થઈ ગઈ અને લાલ કપડું તો પહેરી લીધું અને લહેર કરે. આવી ભગવાનની કૃપા અને કળા. માટે ઓળખવા શીખે તો ક્ષણમાં ઓળખી લ્યે.

ભીલડી બોર વીણતી ને રામ આવીને ઊભા રહી ગયા ને કહે, મને ઓલા બોર દે મીઠા. શબરી કહે, ઈ તો નો દવ, ઈ તો મેં મારા પરમેશ્વર માટે વિણ્યા છે. રામ કહે, દેતી નથી તો લઈ લવ. શબરીએ જાણ્યું કે આવડો આ પરાણે લઈ લેશે. તો આમ કરીને ઉલાળ્યા આકાશમાં લઈ લેજે હજાર હાથવાળા આજે મારું પરાધીન ખાતું થઈ ગયું છે. ત્યાં તો હજાર હાથ

કરીને પ્રભુએ બધાંય વીણી લીધા. આ જોઈ ભીલડી પગમાં પડી. આ તમે કોણ ? તો કે બોર ખનારો હું પરીક્ષા કરવા આવ્યો તો કે તારી કેટલી ભક્તિ છે ? માટે તારી પરીક્ષા કરી છે. તો ભીલડી કહે, ભગવાન પરીક્ષા કરવા આવે તો રોટલો ખાઈને રાજી થઈને આશીર્વાદ દઈને વયા જાય, બીજું શું કરું ? માટે ભગવાનની અકળ કળા છે. એને કોઈ ઓળખી શકતા નથી, તો ઓળખાણ વાળિયું ઓળખે ને ઓળખાણ વાળા ઓળખે અને એના સમુદાયો કાંઈ ટોળાં નથી હોતા. થોડાં થોડાં ભક્તો હોય. શ્રીકૃષ્ણ ભગવાનને ત્યાં તો બે જ ભક્ત હતાં, અક્રૂર અને ઉદ્ધવ. ત્રીજો કોઈ લખ્યો નથી. રામચંદ્રજીને એક લક્ષ્મણ અને વિભીષણ, ચોથો કોણ લખાણો ? તો કે એક હનુમાનજી એને પોતાની પાસે રાખ્યો. આ મારો ભક્ત ખરેખરો છે.

એમ અનાદિશ્રીકૃષ્ણનારાયણને એકાદો જોતો હોય તો પાસે રાખે કે આ ઠીક છે, કામ કરી દેય તેમ છે. વાતચીત કરવી, મુંઝવણ ટાળવી. શું કરવું ? માટે પોતે બંધાતા નથી પણ જેને ઓળખાણ થાય એને મેલતા પણ નથી અને ઓળખાણ કરનારો જો મેલી દે તો પછી એને હજાર વર્ષે પણ ભેગા થતાં નથી. આ ભગવાન આ રીતે પૃથ્વીમાં વિચરે છે, હવે એની તો શું વાત કરવી ? કેટલાય આવ્યા ને કેટલાય વયા ગયા ? ભગવાનને શું લેવા-દેવા ? માટે ભજન થયા કરે છે. નર-નારીના જન્મને અવતાર હોય તો એ જન્મમાં ને જન્મમાં સુખી થાય છે, ઓળખી જાય છે. એક જન્મે અક્ષરધામમાં જાય છે અને જો ન ઓળખે તો હાલ્યું જ આવે છે. સાત મનુ વયા ગયા અને હજુ સાત બાકી છે. ક્યાં કાળ છે ? દુકાળ ક્યાં છે ? હજુ ધ્રુવનો તારોડિયો અડધોય નથી ઘસાણો. ઈ જે 'દી બહાર આવશે ત્યારપછી તો ભગવાન કેટલીય જગ્યાએ જઈ આવશે, કામ કરી આવશે. પરમેશ્વરને કોઈ જાતનો અફસોસ નથી. એને કોઈનો ડર નથી, કોઈનો ભય નથી, કારણ કે આખી સૃષ્ટિ એની મૂઠ્ઠીમાં છે, ચપટી વગાડે ત્યાં રાખ થઈને ઊડી જાય એવા પરમેશ્વરને ભય શેનો હોય ? કોઈનો ભય નથી હોતો. માટે ઓળખ્યા એના ભગવાન અને ન ઓળખે એને મંદિર માયલો પથ્થર. પ્રભુ જાણે તો દંડવત્ કરે અને પ્રભુ નો જાણે તો કાંઈ ન કરે.

આમ ભગવાનના ભક્તો છે ઈ ભગવાનને ઓળખીને ભક્તિ કર્યા કરે છે. અને પરમેશ્વર છે ઈ અદૃશ્ય રહ્યા થકા અર્પણ કરેલી ભાવનાને ગ્રહણ કરે છે. ભગવાનને શું જોઈયે છે ? એને તો આ દુનિયા કેવી બનાવી ? એક એક દાખલો જુઓ તો કોઈ દુનિયાનો સર્જનહારો એવો નથી જે એના જેવું કરી શકે. ભોજન પાણી વૃક્ષમાં બને, જમવાનું મોઢામાં ન રે ઉદરમાં જાય શેકાય. તેના રસ, હાથ ને પગને બધેય ચડે અને જે ઠેકાણે જેવો જોઈએ એવો રસ થાય. કોઈ ડૉકટરે થોડાં મશીન મેલ્યા છે અહીં નખ પાસે. કે અહીં સુધી લીલું લીલું ને પછી આવીને થઈ ગયું સૂકું. આને પકાવવા ક્યું મશીન મેલ્યું ? ઈ કોઈને આવડે નહીં. અત્યારે આ બધું સુંદર કેવું મજાનું છે. નાવું ને ધોવુંને માલિકોર જોવો તો આમ સમાય નહીં એટલું બધું છે. ભાગી જાય છે પણ ઈ બધાયને આ ચામડી આમ રાખી મેલે છે તમે બધુંય અંદર રેજો હો ઉપર ઠીક છે અને એમ કરતાં કરતાં ટાણું થાય ત્યાં માંડે ફૂટવા. અહીં કોને મશીન મેલ્યા આહીં માલીકોર. આવા ઝીણા ઝીણા ધરુંના ગૂંમડા થઈ નીકળવા માંડે છે. માટે એની સૃષ્ટિને કોઈ પહોંચી શકે એમ નથી. આમ પરમેશ્વરે આ બધું બનાવ્યું છે.

એક હકિકત એવી તો જુઓ. કપાસનો કપાસિયો ઈ ભોમાં પડે પાણી દેય, એમાંથી કોટા થાય. ઈ જમીનમાંથી સાંઠી થઈ એમાંથી જીંડવું થયું, એમાં કપાસ થયો, ઈ કપાસ કોણે કેવી રીતે પકાવ્યો કે સો વર્ષ, પાંચસો વર્ષ વયા જાય તોય પણ ઈ એવો ને એવો. એને ગમે તેવો તડકામાં સુકવી નાખો ને તોય આ તૂટે નહીં. આવો ને આવો કૂણો. હવે આ કળા કેવી મેલી છે જે દુનિયામાં હાથમાં ન આવે, માટે એની ગોઠવણનો કોઈ પાર નથી કે આ બધુંય ગોઠવ્યું પણ બધાયને ખાવા માટે, ચાવવા માટે દાંત મેલ્યા, બોલો આંય માલિકોર મેલ્યા નડે જ નઈ, ગોખલો બનાવ્યો. ખાધે રાખે. ગાયું ને ભેંસુ ને મોટા લાંબા મોઢાવાળા હાથી જેવા, ડાળ ભાંગીને મોઢામાં લેય. ડાળ આખી હલતી હોય એ બધીએય ખાઈ જાઈ બધીએય પચી જાય અને એય જીવે. પરમેશ્વરે કેવું બનાવ્યું છે ઈ તો જુવો. એક જીણી એવી નાની ચીજ છે એનો કોઈ પાર આવી શકે એમ નથી માટે મનુષ્યનું

રૂપ બનાવ્યું છે. એ પરમેશ્વરને ત્યાં એની સમીપે એના જેવા રેવા માટે. ગમે તે દેશનો માણસ આવે પણ માણસને ત્યાં મહેમાન થાય તો એને પાણી પાવું, બેસવું, એના સુવાણ થાય. એમ ગમે તે દુનિયાનો કોઈપણ બે આયખું ને, બે કાન, નાક ને, એક મોઢું, માથું ને, બે હાથ ને, બે પગ ને એવો કોઈ પણ આવે અને ભગવાનને ત્યાં જઈને ઊભો રહે તો એવડા ઈ ને ખાવું ને પીવું ને રહેવું ને બધું હેળભેળ થઈ જાય. ખબરેય ન હોય. કરોડો ગાવ તારોડિયો આઘો છે પણ ભગવાન જઈને ઊભા રહે તો ઈવડા ઈ બે બોલવા માંડે. એની નિશાળું ક્યાં રાખી હશે ? ઈ સ્કૂલ ક્યાં ગોઠવી ? ઈ ભાષા બોલવા ને જાણવા ને આવડવું ને એકબીજાનું ઈ ક્યાંથી આવ્યું બધુંય ? માટે એની સૃષ્ટિનો હિસાબ જ નથી બોલો. વર્ણન કરીને કહે છે કે, એના શરીરમાં જેટલું સમાઈ ગયું છે. એ સમાઈ ગયેલું એના કરતાં તો દુનિયા અનંતગણી છે તોય સમાઈ જાય છે માટે એને આવડે. ઈ મહિમા સમજવા શીખે તો ભગવાનને ભજવા શીખે. મહિમામાં સમજણ ઓછી રહી ગઈ તો મારા જેવા તમે ને તમારા જેવો હું. બેયની જિંદગી વઈ જાય. નરસિંહ મહેતો જૂનાગઢમાં વયા ગયા ને શ્રીકૃષ્ણ જૂનાગઢમાં વયા ગયા. નો ઓળખે તો કાંઈ નહીં અને ઓળખે તો પરમેશ્વર મોક્ષમાં લઈ જાય છે.

માટે સમજનારાએ સમજી લેવું કે, જરૂર સૃષ્ટિમાં ભગવાન આવે છે, પ્રભુનાં ગુણ થોડાં ઘણાં વાપરે છે. વાપરીને ચાલતી પ્રજાઓની પરંપરાને થોડું થોડું આપતાં જાય છે. અહીંયા થોડું ઘણું શિખંડને પૂરી ખાઈ લે ને તો એનો દિવસ વયો જાય. ઈ ભગવાનના સદ્‌ગુણોને થોડાંઘણાં ગ્રહણ કરી લે તો મોક્ષમાં વયો જાય. એ કાંઈ એમ નથી કે'તા કે જાજું લે જે ને, જાજું કરજે ને, મારા સારું આમ ને તેમ ને ઈ તો બહુ આળસુ હોય ને એને માટે છે. વધારે ન ખમે એવો હોય ને એને માટે થોડું સવારે ઉઠતાંવેંત મને સંભારજે, થાકી જા તો સૂઈ જજે મને સંભારતો. તારું કામકાજ કર્યા કરને, તું તારું પૂરું કરીશ તો માવતરે જાણ્યું કે, છોકરો કમાઈ છે ને ખાય છે. એને આપણી તો ઉપાધી મટી. એમ પરમેશ્વરને આખી દુનિયાની ઉપાધી નથી. સૌને બનાવી દીધા કે ખળમાંથી થોડું વીણી ખાવ. જીવન કાઢો અને પાછા

ઈનાઈ જાડવા, વૃક્ષ, વેલી, પાન, જળ, તેજ, વાયુને એમાં ને એમાં સમાઈ જાવ. માટે જીવાત્માને મારે શરણે રાખશો તો હું લઈ જઈશ. મેલી દેશો તો પડ્યો રહેશે. નહીં સમજો તો ગયું અને સમજાણું તો તમારે માટે બલૂન હાજર છે, તૈયાર છે. આમ પરમેશ્વરને આમ સમજી અને આખી સૃષ્ટિમાં એને પોતાના જેવા બીબા બનાવ્યા. ઈ બધાય બીબા સૌ સૌની સૃષ્ટિમાં ઉતારી અને પરમેશ્વરને ભજે છે અને એના જેવા થઈને બેસે છે. આમ ભગવાને ઈ એક જાતિની જેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, મનુષ્ય એમ નથી. ચોર્યાશી લાખો ખાણો કરી છે. અત્યારે હવે આકાશમાં જુઓ તો ખબર પડે કેટલી ખાણું છે. ચારેય કોર ગોળા મેલી દીધા છે. ઈ સૃષ્ટિમાંથી મંડ્યા ઉપાડવા. જ્યાં એને મોક્ષ દેવો હોય તો મોક્ષ આપે ને ન દેવો હોય તો મુઠ્ઠી ભરીને નાખે આઘો, એમ ચાલ્યા જ કરે છે. માટે સમજી ઓળખીને પોતાનો જન્મ નિષ્ફળ ન જાય એમ સમજણથી ભજતાં રહેવા અને પ્રભુને મેળવી લેવા.



✳ પરાવાણી - ૨૦ ✳

✪ સંતરૂપે ભગવાન મળે એ જરૂર તારે
✪ ભગવાનના ધામમાં જવાય એ જ સાચી કમાણી

ઘણાં ભક્તોએ આશીર્વાદ લીધેલા હોય છે અને ઘણું પરમાર્થથી ધન ભેગું કરેલું હોય છે. એવા જીવાત્માઓ જ્યારે કોઈ નિમિત્તને અનુસારે ક્યાંક જન્મ લઈને અને મનુષ્યોમાં પુણ્યભૂમિમાં હાજર હોય અને ભગવાન કોઈ તેવા બહુ પુણ્યશાળીને ભગવાન પ્રગટ મળી જાય છે. પ્રગટને ઓળખવાના સાધનો ઘણાં છે. શાસ્ત્રોએ લખ્યું, ચમત્કારો વડે તો માણસો દોડે. પણ ચમત્કાર ન હોય અને ભગવાનપણું જણાઈ આવે એ તો એના એકાંતિકોને માલુમ પડી જાય છે. એકાંતિક ભક્તો છે એ ભગવાનની મૂર્તિમાં ભગવાનના શાસ્ત્રોએ વર્ણન કરેલા એના ચિન્હો, સ્વરૂપો, સ્વભાવ વગેરે જોઈ અને નક્કી કરે છે કે, આ મારા ભગવાન અને હું એનો ભક્ત.

ધર્મદેવ વર્ધમાન નગરની ધર્મારણ્યની ભૂમિમાં તપ કરતાં હતાં ત્યારે ભક્તિદેવી ધર્મદેવને કહે છે કે, તમે આખી જિંદગી આવું તપ શા માટે કરો છો ? તો ધર્મદેવ કહે, લોકના કલ્યાણ માટે. તો ભક્તિદેવી કહે, તપ કરતાં રહેશો તો હું સેવા ક્યારે કરીશ ? તમારે બદલે તપ કરે એવા સંતાન પુત્ર પ્રગટ કરો. ધર્મદેવ કહે, તમે સંકલ્પ કરો અને પુત્ર જોઈએ એટલા ચિંતવો એટલે હમણાં હાજર થાય. ભક્તિદેવીએ પુત્રો ચિંતવ્યા અને ધર્મદેવે સંકલ્પ કર્યો એવામાં બેયનું માનસ એક થવાથી ચાર પુત્રો એમની સમીપે સરખી ઉંમરના હાજર થયા. છોકરાઓ બોલ્યા, પિતાજી અમને શા માટે પ્રગટ કર્યાં ?

તો ધર્મદેવને એમ વિચાર આવ્યો કે, તમે આ માતાજીને પૂછો. ભક્તિદેવીને પૂછ્યું. તો ભક્તિદેવી કહે, ધર્મદેવ તપ કરે છે એને બદલે તમે તપ કરો. કંઈક કામ કરો તો અમે નવરા તો રહીએ. તો ભલે આજ્ઞા આપો એમ કરીએ. પછી ધર્મદેવે તેમના નાના છોકરાઓ નર અને નારાયણ એ બેયને તપ કરવાનું સોંપ્યું. કૃષ્ણ નામના છોકરાને અસૂરોનો સંહાર કરવા માટે અને ધર્મનું પાલન કરાવવા માટે તેમજ વિરોધી, તામસીઓને ઠેકાણે કરવા માટે આ જગત ઉપર નિરીક્ષણ કરવાનું સોંપ્યું અને હરિ નામના દિકરા એમને સાધુતા સોંપી એટલે સદ્‌ગુણો બધા. આચાર્યપણું સોંપ્યું, મોક્ષ સોંપ્યો, ઉપદેશ સોંપ્યો, શાસ્ત્રો સોંપ્યા. એ હરિને સોંપ્યા.

સૃષ્ટિમાં ચતુરવ્યૂહ ચાર ભાઈઓ એમ ભગવાન પ્રગટ થતાં આવે છે. સનાત, સનંદન, સનાતન અને સનત ઈ ચાર ભાઈઓ ચાર સંતાન છે. શ્રીકૃષ્ણ, બલદેવજી, અર્જુન અને એમના ભક્ત ઉદ્ધવજી એમ કરીને ચાર સ્વરૂપ થયા. રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન એ ચાર સ્વરૂપ થયા. કૃષ્ણ, હરિ, નર અને નારાયણ એ ચાર સ્વરૂપ થયા. એ ચારેય સ્વરૂપ, ચાર દેવ, ચાર વર્ણ, ચાર આશ્રમ, ચાર સાધન- ધર્મ, જ્ઞાન, અને વૈરાગ્ય, ભક્તિ. એવા ચાર ચારના સમુદાયોમાં એ પરમેશ્વરો પ્રગટ થાતાં આવે છે, પ્રગટ થાય છે, ધર્મ અને ભક્તિને માટે તપ પણ કરે છે. ભક્તિ પ્રવર્તાવે છે, ધર્મ પ્રવર્તાવે છે, લોકનું રક્ષણ કરે છે અને ચાર યુગમાં એ ચારેય હોય છે. ત્યારે ક્યારેક સાધુરૂપે હોય છે, ક્યારેક રાજારૂપે હોય છે, ક્યારેક તપસ્વીવેશે હોય છે અને ક્યારેક ત્યાગી મુનિ થઈ જાય છે. એમને ઠીક પડે એમ કરે છે. પણ એમનું કાર્ય સિદ્ધ કરવું હોય કે આ લોકમાં કોઈ વિઘ્ન ન આવે, આમનમ ચાલ્યા કરે અને એનું રૂડું થાય અને ભગવાન મળ્યા કરે.

સંતરૂપે ભગવાન મળે ઈ જરૂર તારે, તરે છે અને તારે છે. રાજારૂપે ભગવાન મળે તો દોષ ટળાવે, દંડ કરે, કબ્જે રાખે, પરાણે ભક્તિ કરાવે, ભક્ત હોય તો તો બ્રહ્મલોકમાં જાય પણ ભક્ત ન હોય તો પરાણે ઉહુહુ કરતાં પણ જાય અને નારાયણ ભગવાન છે તે જ્યાં જ્યાં પ્રગટ થાય છે તે મંત્ર દાન આપે છે, વૈષ્ણવ બનાવે છે, પ્રભુની કથા સંભળાવે છે, બદ્રિકાશ્રમમાં

વિચરે છે, ક્યાંક શેષ નારાયણમાં પ્રવેશ હોય, ક્યાંક નર-નારાયણમાં પ્રવેશ હોય, ક્યાંક વૈરાટ નારાયણમાં પ્રવેશ હોય, ક્યાંક શ્રીકૃષ્ણનારાયણની સાથે હોય એવી રીતે નારાયણો ઘણે ઠેકાણે છે.

બ્રહ્માની સાથે વિષ્ણુ એને પણ નારાયણ કહેવાય છે, નર ભગવાન છે એ જ્યારે જ્યારે ભગવાનને પોતાને પડખે બીજા યોદ્ધાની જરૂર પડે ત્યારે એ યોદ્ધા તરીકે પ્રગટ થાય છે, ક્યાંય ભાઈ તરીકે જરૂર પડે તો ભાઈ તરીકે પ્રગટ થાય છે, શ્રીકૃષ્ણ ભગવાનની સાથે બળદેવજી હતા તો એ ભાઈ તરીકે ગણાયા. રામચંદ્રજી સાથે લક્ષ્મણજી હતા ભાઈ તરીકે. એમ સ્વામિનારાયણ ભગવાનની સાથે રામપ્રતાપભાઈ હતા તે ભાઈ તરીકે ગણાયા, પણ સાધુ થાય ત્યારે સાધુને તો બધાય ભાઈ, આખું જગત કુટુંબ, માટે એને તો એની સેવાચાકરી કરી અને સાથે ને સાથે તન, મન, ધન વડે સેવક થઈને રહે એને ભાઈ તરીકે, શિષ્ય તરીકે જે કાય ભગવાન અપનાવે છે અને એને સાથે ને સાથે રાખે છે એટલે એ કામ બહું સારા કરે છે, મોક્ષમાર્ગમાં ટેકો આપે છે, સાવ એકલા ભગવાનને વિચરવું પડે તેને બદલે એક ભક્ત જોઈએ, એમ આ એક ભક્તને સાથે રાખે. વધારે જરૂર પડે તો વધારે સાધુઓ રાખે પણ જરૂર પડે તો.

આ લોક એવું છે, અમથું રક્ષણ કરવા બે આંખ, બે પગ, બે હાથ એમ બધું જોઈએ. એમ આ સાથે હોય એ બીજો નંબર કામ કરે. માટે ભગવાન પૃથ્વીમાં વિચરતા હોય ત્યારે એને મોક્ષને માટે તો કોઈની જરૂર જ નથી. જેને ચરણમાં લે એનો મોક્ષ, જેની ઉપર કૃપા કરે એનો મોક્ષ, જેની સેવા અંગીકાર કરે એનો મોક્ષ, નર-નારીઓ ભગવાનને ભજે એટલે ભક્તિ વડે એનો મોક્ષ. એમનો પ્રતાપ બહુ જબરો છે, આખા બ્રહ્માંડોને બ્રહ્મલોકમાં મોકલી દે એવો પ્રતાપ છે.

ભગવાન પોતે પોતાના બધા સામર્થ્યો ઢાંકી અને માણસ જેવા થાય છે અને મનુષ્ય ભેગા રહે છે અને મનુષ્યોને બ્રહ્મલોકમાં મોકલે છે. પોતે બેઠા હોય અને તેડવા જાય, ધામમાં મોકલી આવે અને અહીં બેઠાં જ હોય, એ ભગવાનનું મોટામાં મોટું સ્વરૂપ, ઐશ્વર્ય, સામર્થ્ય, બધુંય જે કાંઈ ગણીએ

એ રીતે વાપરે છે. અદૃશ્ય થઈ ગયા, બીજે દેખાયા અને આગળ બીજાને ખબર પડી, અહીં ખબર પડી એવું કાંઈ જાજું કરતાં નથી. એવું બહુ કરવા માંડે તો જે ખરો લાભ લેનારો હોય ઈ રહી જાય અને ડોળીયા છે ને એ ટોળાંને ટોળાં આને ઘેરવા માંડે, જાણે અહીંથી કંઈક મળી જશે, અહીંથી કંઈક લઈ લેશું, પણ પુણ્ય તો છે નહીં અને હેરાન કરે એટલે ભગવાન એનાથી આઘા રહે છે. માટે ભગવાન ખરા સેવકોને ખોળી લે છે, ખરા સેવકોના મનોરથો પૂરા કરે છે અને ખરો સેવક છે ઈ ભગવાનને ખોળે બેસી જ ગયો છે, ભગવાનથી જુદો રહેતો જ નથી. માટે ભગવાનને માટે તન, મન, ધન, સુખ, સંપત્તિ, પરિવાર બધું ભગવાન લેખે જ છે, નિર્વાહ કરવા જોઈએ તેટલા નિર્વાહ કરે છે બાકી પ્રભુ લેખે કમાય છે. સાચી કમાણી ધામમાં જવાય, ભગવાન ભેગું રહેવાય, ભગવાનના થવાય અને ત્યાં આનંદ મનાય. એ રીતે કર્યાં કરવું એનું નામ સાચું નાણું એ કમાવું.

❖❖❖❖❖

✳ પરાવાણી - ૨૧ ✳

✪ નવ પ્રકારની ભક્તિની સમજણ
✪ ભગવાન ભક્તને બહુ દુઃખ આવવા દેતા નથી

ભક્ત પ્રભુને ચમત્કારો વડે, ચિન્હો વડે, ઐશ્વર્ય-સામર્થ્યો વડે રૂપસુંદરતા, ઉજવળતા વડે ઓળખે છે. વચનસિદ્ધિ, સંકલ્પસિદ્ધિ અને ધારણા એ ચીજ ભગવાનમાં હોય છે, એ પ્રમાણે ભગવાનને શરણે આવેલા અનેક દુઃખિયાઓના દુઃખ ટળી જાય છે. ભગવાન સંકલ્પ કરે, સંકલ્પ પ્રમાણે દેશ-દેશાંતરમાં રહેનાર ભક્તજનોના મનોરથો પૂર્ણ થાય છે. ભક્તોમાં કચાશ હોય તે ટળી જાય છે. ભક્તોને કોઈ જાતની વિટંબના હોય એ મટી જાય છે. ભક્તો સકામ હોય તેને ત્રણ પ્રકારના મનોરથો પૂર્ણ કરવા હોય તો તે બધા મનોરથને ભગવાન દૂર રહ્યા થકા પણ પૂરા કરે છે. કારણ કે ભગવાનમાં દૂરથી સમજવું, દૂરથી જાણવું, દૂરથી દેખવું, દૂરને પાસે પોતાની નજીક હોય એવું કરી દેવું એ એનું મોટું સામર્થ્ય છે. એવા પ્રભુ બ્રહ્મલોકમાં રહે અને ત્યાં જે મુક્તોની સાથે આવરણ વિના હેતથી વર્તે છે, મુક્તોને રસબસ રાજી કરે છે તે એ જ ભગવાન પૃથ્વીમાં આવે ત્યારે પૃથ્વીના સેવક એવા માનવો નર-નારીઓ તેના જેવા થઈને એની સાથે પણ રસબસ વર્તે છે. તેની સુખ સંપત્તિને વધારે છે, એના આનંદના સાગર ઉછળાવે છે. તેના સ્વરૂપમાં બિરાજીને, તેના હૃદયમાં રહીને તેને ઠંડક આપે છે, શાંતિ આપે છે. સુખિયા કરી દે છે, જીવન બહું સારું બનાવી દે છે. ભગવાનની એવી કૃપા છે અને એ કૃપાને મેળવવા માટે ભક્તજનો તન વડે, મન વડે, ધન વડે, વસ્તુઓ

વડે, ચીજો વડે, સારી સારી વિભૂતિઓ વડે ભગવાનને રાજી કરી દે છે.

જીવોમાં સેવા ભક્તિ ઈ ઊંચી ચીજ છે. પગ દાબવાની સેવા, શરીર દાબવાની સેવા, શરીરને ચંદન ચર્ચવાની સેવા, અત્તર-તેલ-ફૂલેલ-જળ વગેરે વડે કરીને પ્રભુના શરીરને ચોળવાની સેવા, ફૂલહાર ધરાવવાની સેવા, શણગાર કરવા, રૂપાળા બનાવવા વગેરે સેવાઓ એ વધી જાય છે આમાં સાક્ષાત્ ભગવાનનો સંબંધ તેને અડવાનો વખત મળે છે. બીજી બધી ભક્તિઓ, શ્રવણ ભક્તિ તો થોડાક આઘે રહીને સાંભળો, શબ્દ મધુર લાગે, મીઠો લાગે, સાંભળવામાં ધરવ થાય નહીં, ખસાય પણ નહીં, તૃપ્તિ થયા કરે પણ થોડુંક આઘું રહેવું પડે. કીર્તન કરો તો ગુણ ગાવ, ગુણ ગાતા ગાતા અનેક ગુણ ગાવ પણ ભગવાનમાં એક-મેક થઈ જવાય એવો ગુણ ગાતા ને ગાતા ને ગાતા ને ભક્તને કદાચ પોતાનું ભાન ભૂલી જવાય તો હરકત નહીં પણ પોતાનું ભાન જો થોડું થોડું રહે તો ગુણ ગાવામાં પાછો પડી જાય કારણ કે આ લોકનો ડર લાગે એટલે પૂરા ગુણ ગાઈ ન શકે. એ ભક્તિની સેવાઓ આઘે રઈ-રઈને થોડી-થોડી થાય છે.

ભગવાને જીવપ્રાણી માત્રને સુખિયા કરવા માટે આ આખું જગત રચ્યું છે. એમાં પોતાની ભક્તિ કરવા માટે પોતાના ધામના લોકોને પણ પૃથ્વીમાં છૂટા છવાયા મોકલ્યા, જે જે ઠેકાણે પોતાના ભક્તજનો રહ્યા છે ત્યાં ત્યાં તેઓ ભગવાનની ઓળખાણ આપે છે, ભગવાનનું નામ સમરણ કરાવે છે, તેમની ભક્તિ કરાવે છે, તેમની સેવાચાકરી કરાવે છે. શાસ્ત્રોમાં ભક્તિ ઘણા પ્રકારની કહી અને ભક્તજનો હોય કે અભક્ત હોય પણ શ્રવણમ્ કાં તો ભગવાનની કથા સંભાળી લે. કાં તો કીર્તનમ્, કોઈ ગીત વડે કરીને ભગવાનના કીર્તનો ગવાઈ જાય. સ્મરણમ્, ભગવાન પૃથ્વીમાં હોય અને મનુષ્યો સાથે રહેતા હોય ત્યારે ઘણાય પ્રકારના સંભારણા કરાવી દે. પાદસેવનમ્, પગને તાપવા, દાબવા, શરીર દાબવું એવી સેવામાં ક્યાંક કામ આવી જાય. અર્ચનમ્, કોઈ ચંદન ચર્ચાતું હોય અને વચ્ચે કામમાં આવી જાય, વંદનમ્, હાથ જોડે કે હા મહારાજ, હા બાપુજી, હા ભગવાન. એમ નમ્ર ભાવે હાથ જોડાઈ જાય. આત્મનિવેદનમ્ દાસ્યમ્, કાંઈ સેવા ચાકરી

થઈ જાય, ઠામ વાળવા, પાણી ભરવું, કોઈ નાવાનું, જમાડવાના કામ, વાળવાના-ચોળવાના, કપડાં ધોવાના એવા કામમાં આવી જવાય. આત્મનિવેદનમ્, આત્મા એટલે શરીર. આત્મા એટલે જીવ, એનું નિવેદન - મહારાજ હું આ શરીર તમને આપું છું. મહારાજ આ મારું કામકાજ તમને આપું છું. મહારાજ આ મારા રૂપિયા પૈસા, ધન તમને આપું છું. એમ ભક્તજનો ભગવાનની સેવા કરે છે. નર કે નારી પોતાની જેવી ધારણા એ પ્રમાણે ભગવાનને સેવે છે અને ભગવાન રાજી થાય છે. ભગવાન તો પોતે રાજી છે જે પણ ભક્તની મનોકામનાઓ પૂર્ણ કરવા માટે ભક્ત જેમ ધારે તેમ ભગવાન અંગીકાર કરે છે.

જ્યાં જ્યાં પૃથ્વીમાં ભગવાન આવ્યા છે ત્યાં ત્યાં પેલા ભક્તને ઓળખ્યા અને ભક્તોએ ભગવાન ઓળખ્યા, ઓળખાણ વાળા કાફલાઓ જીતી ગયા, ઓળખાણ વિનાના છે ઈ કાફલાઓનો ઉકેડો માર્ગ મળ્યા પછી બીજે ઠેકાણે જાય. પણ ભગવાનના ધામના સુખને નથી પામતા. બીજે જાય એટલે ઘણા દુઃખિયા થાય. દુઃખના કોઈ હિસાબ નથી. ત્રણ જાતના દુઃખ તો લખ્યા છે. એક શરીરમાં તાવ વગેરે, બહેરા, લંગડા, બોબડા, સુખ-દુઃખ. પછી કુટુંબ કબીલાના, પછી ગામના, નાતજાતના ઘરબારના દુઃખ, પશુ-પક્ષીના દુઃખ, ભૂતપ્રેત વળગાડના દુઃખ, ડાકણ-શાકણના દુઃખ અને બહુ વૃષ્ટિ થાય કાં દુકાળ પડે, કાં પાકેલાં ખેતર ભેળવાઈ જાય, કાં સુકાઈ જાય. કાં બહુ તીડ આવી પડે, કાં કોઈ બહારવટિયા જેવો શત્રુ નીકળે એ બધાય દુઃખ, ઈ થી વધારે દુઃખ તો શું આકાશમાંથી વીજળી પડે, પૂર આવે અને તણાઈ જાય. ખોરડા સળગે અને ત્યાં અગ્નિમાં ફસાઈ જાય અને ક્યાંય લશ્કર લડતા હોય તો એમાં પકડાઈ જાય. કોઈ દેશ-દેશાંતરની ધાડ્યું આવતી હોય એમાં લૂંટાઈ જાય. આ બધા શરીરના, મનના, અડખાં-પડખાના, કુટુંબ કબીલાના, ગામના, ઘરબારના, દેવતાઓના, પૃથ્વી, જળ, તેજ, વાયુના દુઃખ ઈ જીવપ્રાણી માત્રને ઓચિંતા આવે છે. એ પણ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક. આધ્યાત્મિક એટલે આપણાં પોતાના, આધિભૌતિક એટલે ગામ કબીલાના, આધિદૈવિક એટલે આ દેવ સંબંધી બધાય વાવાજોડા. આ

દુઃખમાં પડેલા જીવાત્મા જો ભગવાનનો ભગત હોય તો તરી જાય અને એને દુઃખ આવતા નથી. પણ ભક્ત થઈ અને અભક્તનો સંગ કરવા માડે છે તો અભક્ત એને અવળે રસ્તે લઈ જાય છે અને અભક્ત તો દુઃખમાં પડેલો છે એમાં આ ભક્ત પણ દુઃખમાં ઓરાઈ જાય છે. પછી ભગવાનને પ્રાર્થના કરે. ત્યારે ભગવાન કહેશે તું શું કામ ભૂલ્યો ? હું તો સુખિયો કરું છું પણ તારે દુઃખિયા થાવું છે, તો એમાં હું શું કરું ? એટલે ઈ જીવ દુઃખિયો થઈ જાય છે.

ભગવાન કહે છે, હું સુખ આપું છું એટલા સુખ તો કોઈની પાસે નથી. હું જ્યારે સુખિયો કરવા માંડુ ને ત્યારે એને ભણતર આવડે, કામકાજ આવડે, નવી નવી કળાઓ આવડે, સારા સારા માણસો એમાં વચ્ચે પાડીને આગેવાન થાય, ઈ સલાહ આપે એમ બીજા કરે, મોટી બુદ્ધિવાળો થાય, દીવાન થાય, કાયદા જાણનારો થાય, દેશનો નેતા થાય અને વળી દિવ્ય ગતિવાળો પણ થાય. સારી સારી વાતો ઈ કરતો હોય, તેને લઈને આખો દેશ નભતો હોય, એવો મોટો માણસ થાય. મારો ભક્ત છે એને મોટો બનાવો ઈ મારે કાંઈ ગણતરીમાંય નથી. હું તો બહુ મોટા બનાવી દઉં છું, જગતમાં સૂર્ય અને ચંદ્રને, મોટા મોટા બનાવ્યા છે આખી દુનિયા એને પગે લાગે છે. રાજાઓ બનાવી દઉં. દેહ બધાય પાપી હોય રાજાઓના દારૂ-માંસવાળા. છતાંય એને સૌ કહે વાહ આ તો બહુ સારા, પાપીઓ ભેગા થઈને વખાણ કરવા માંડે, તે મુરઘીના ઈંડા ખાતો હોય તોય પણ ઘણા કહે, ઓહોહો રાજા તો કેવો તપસ્વી છે. આમ વાત વાતમાં વખાણ કરી બેસે. માટે ભગવાન પોતાના ભક્તના સારું થઈને અભક્તને પણ ભક્તના લાભમાં લાભ આપી દે છે. ભક્ત એની પાસે કેટલું હોય ? દાણા, કાવડિયા, શાકભાજી, કપડાં પહેરવા, ખોરડું રહેવાનું, ગાયું-ભેંસુ, દુજાણા, ખેતર-વાડી, વેપાર-ધંધા, સારા કપડાં લતા, કોઈ મિલ માલિક, કોઈ કાંઈ, કોઈ કાંઈ, કોઈ કાંઈ એમ થોડું થોડું સૌને આપ્યું હોય છે ઈ બધુંય હે પ્રભુ આ તમારું છે. સવારે ઉઠી પૂજા કરીએ ત્યારે કહેવું કે, હે ભગવાન આ બધું તમારું છે, મારે તો નિભાવવું છે, હું તો ઈ કામકાજ વાસ્તે જાઉં છું. આ રીતે કામકાજ

નિભાવવા વાસ્તે ભક્તજન જો સવારમાં પૂજા કરી અને ભગવાન લેખે કરે અને પછી જીવ રોટલા-શાક ભગવાનને ધરે, સાંજે ઘડીક ધૂન-ભજન કરે અને પછી પ્રભુને એમ કહી દે કે, હે મહારાજ મારી રક્ષા કરતાં રહેજો, મારી સામું જોતા રહેજો, તો ભગવાન એની ઉપર જરૂર રાજી થાય છે, રક્ષા કરે છે અને એની નજર રાખતા રહે છે. એને લખ્યા છે કુંજ પક્ષી જેમ સેવે એમ સેવે, આપત્કાળ આવવાનો હોય તો ન આવે, બહુ મોટો આપત્કાળ આવવાનો હોય તો થોડે આપત્કાળે પતાવી દે એમ ભગવાન ભક્તની રક્ષા કરે છે પણ ભક્તે પણ એવું થાવું જોઈએ કે, હું ભગવાનનો જ છું, મારું ધન ધાન બધુંય ભગવાનનું જ છે, હું જે કાંય કામકાજ કરું છું તે ભગવાન વાસ્તે કરું છું. ભગવાનની શરણાગતિ લીધી એટલે ભગવાનને વર્યા, ભગવાનના દાસ થયા, તેના દાસી થયા.

ભગવાન આપણા પતિ છે, સ્વામી છે, દેવ છે, ધણી છે. એમ ભગવાનની સેવાચાકરીમાં વળતો રહે એવો જીવ છે, ઈ આત્મનિવેદી કહેવાય અને એવો આત્મનિવેદી થાય અને તે જો ભગવાનને સંભાર્યા જ કરે કે, મારે પ્રભુ વિના બીજું કાંય નથી, તો ભલે ને જગતમાં ગમે ત્યાં રાખ્યો હોય પણ રક્ષા એની ભગવાન કરે છે અને એને બધું ભગવાન આપે છે, એટલા વાસ્તે જગતના જીવોએ ભગવાનની ભક્તિ કર્યા કરવી, પોતાને ઊગતો આથમણો રાત ને દિવસનો ટાઈમ એ પ્રભુ લેખે વીતાવવો, એ સિવાય કોઈ ચિંતા કરવી નહીં, ભગવાન જે કરે તે સારું કરે છે, એવો સત્સંગ કરવો, સુખ-દુઃખ માનવા નહીં. ભગવાને આપ્યું તે આપણું. એને આપ્યું એમાં સુખિયા રહેવું એમ પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરતાં કરતાં આખું જીવન પૂરું કરવું.

✳ પરાવાણી - ૨૨ ✳

✪ પ્રભુના રાજીપામાં વિઘ્નરૂપ બે દોષો : અહમ્ અને મમ્
✪ ભગવાન પાસે કાયમ શું પ્રાર્થના કરવી ?

ભગવાન ભજવા માટે મનુષ્યનો અવતાર છે અતિ અતિ શાશ્વત સુખ માટે પાલન સૌ કરે છે. દાણાપાણી માટે ખેતીવાડી સૌ કરે છે ને જીવનનિર્વાહ માટે કમાણી સૌ કરે છે, એ બધું અહીંની સારી સ્થિતિ માટે કરે છે. એવા માણસને ભગવાન સંત શાસ્ત્ર એમ કહે છે કે, જેટલું સ્વાર્થથી કરે છે ઈ સ્વાર્થ તજી ને એમ કહે કે મારામાં તમે બેઠા છો, મારા છોકરાઓમાં તમે બેઠા છો, મારા માવતરમાં તમે બેઠા છો, સ્ત્રી-પુત્ર પરિવારમાં તમે બેઠા છો, એ બધામાં તમે છો તો તમારા માટે આ હું કરું છું. છોકરા માટે કમાઉ છું એમ નહીં, તમારા માટે કમાઉ છું. તમારી પ્રસાદી છોકરા જમે છે, સ્ત્રી, પુત્ર, પરિવાર, મા, બાપ, કુટુંબ, કબિલા એને માટે કમાઉ છું, મહેનત કરું છું પણ એમાં બધામાં તમે રહ્યા છો, તમને રાજી કરી અને તમારી પ્રસાદી એ બધા જમે. ઘરબાર, ખોરડા, બંગલા, દાગીના, વસ્ત્ર, ધન, મિલકત આ બધું ફળ તમારી કૃપાથી મારા હાથમાં આવે છે તો ઈ હું તમારે માટે રાખું છું, તમે રાજી થાવ અને તમારી પ્રસાદી તમે આપો, તમારી આજ્ઞા પ્રમાણે અમે વાપરીએ. આ રીતે આ બધું મારું મેં માન્યું છે તે તમારું કરી રાખ્યું છે, તમારું છે, તમે આપ્યું છે, તમે વાપરો ને. તમે પ્રસાદી આપો તે હું જમું. હું એવો તમારો ભક્ત છું, એકાંતિક છું, સર્વનિવેદી છું, મને મારાપણું ભૂલી જવાય અને તમારાપણું થાય એવો

નિવેદી બનાવજો. હું આ જગતની રીત પ્રમાણે આ નારીનો પતિ છું. એ અભિમાન લાગી જાય છે, હું આની પત્ની છું, કે હું આનો છોકરો છું, હું આનો બાપ છું એ અભિમાન લાગી જાય છે. પણ મરે અને બાળી નાખે પછી કોણ કોનો બાપ ? કોણ કોનું છોકરું ? કોણ કેની પત્ની ? કોણ કેનો પતિ ? એમાં કાંય ખોટું છે ? તમે નિર્વાહ પૂરતું દીધું છે, ગોઠવણી થઈ છે, એ તમારુંય છે. તમે ભગવાન મારા પ્રાણપતિ, તમે મારા મોક્ષપતિ, તમે મારા બ્રહ્મપતિ, તમે મારા આત્મપતિ, મારા શરીરપતિ, મારા ઈન્દ્રિયો અંતઃકરણના અધિપતિ તમે છો. મારા દેવ તમે છો, સ્ત્રીના પતિ તમે છો, છોકરાના પતિ તમે છો, પુત્ર પરિવારના પતિ તમે છો. કુટુંબના પતિ તમે છો, સર્વપતિ, અક્ષરપતિ, ધામપતિ, મુક્તપતિ જે કાંય ગણો તે પાલન કરનારા, રક્ષણ કરનારા પતિ તમે છો. તે ભગવાન મારું મે માન્યું એ બધુંય તમારું અને તમારી કૃપા વડે હું એમ કહી શકું કે આ મારું.

આ રાજાનું રાજ એને નોકર એમ કહી દે કે, આ અમારું રાજ. પણ રાજાની કૃપાથી કેય છે. પણ અમારું રાજ છે. પછી એમ કેય કે આ રાજાનું રાજ નથી તો જોઈ લે. તરત દંડનો પાત્ર થાય, એમ મારું બધુંય છે એમ કહીને ભગવાનનું બધુંય છે એમ જો સમજવા શીખે તો કૃપાપાત્ર થાય. આ તો આપણું છે, ભગવાન ક્યાં નવરા બેઠા છે, એમ જો કહેવા માંડે તો દંડનો પાત્ર થાય. ઈ ભૂલો પડ્યો કેવાય, થોડું ઘણું પણ ડહાપણ છે ઈ આવી જાય ઈ ભૂલો પડ્યો. કારણ કે ધાર્યું ભગવાનનું થાય છે, જીવનું નથી થાતું, તો પણ જીવ એમ માને કે મેં કર્યું એટલે આડો પડ્યો. અને એટલે ઈ દંડનો પાત્ર થાય. કારણ કે તેં કર્યું.

એક સાધુ જૂના હતા, નદી કાંઠે રહેતા, બગીચો વાવ્યો. એ ઝાડવા સારા સારા થયા, ફળ ફૂલ થયા. કોઈ રસ્તે નીકળે એને ફળ ફૂલ જમાડે, આશીર્વાદ લે, અને બગીચો બહુ મજાનો છે, વરસાદ ન વરસે તો ભગવાનને કહે, તમે વરસાદ ન વરસાવ્યો. ભગવાનનો વાંક કાઢે તો આમાં કાંઈ પ્રભુની મહેરબાની ન થઈ. એમ જ્યાં હોય ત્યાં ભગવાનનો વાંક કાઢ્યા કરે, અને એમ કહ્યા કરે કે, આ શરીરને દેહ ને ઈન્દ્રિયો અંતઃકરણ, હાથ-પગ એ

આપણાં નથી, ભગવાનના છે એમ કહ્યા કરે. એ આરાધના કરે, ભક્તિ કરે, બધુંય કરે. પણ ભગવાન હજુ એની પરીક્ષા લીધા કરે કે, આને કેટલું અધૂરું છે. પછી ભગવાન થયા જાત્રાળુ. પહોંચ્યા બગીચે, કેમ બાવાજી ? તો કે હા પધારો ને, જે આવે એને કાંઈક ફળ ફૂલ તો જમાડું છું, તમે જમો ખાવ પીઓ, વાતુએ ચડ્યા બેય જણા. ભગવાન કહે, બહુ સારો બગીચો થયો છે. ભારે ફળ આવે છે, ખૂબ મીઠો થયો છે. તમે બહુ સારું કરો છો. આવો બગીચો કેમ કરીને થયો ! તો કહે મહારાજ સવારે ને સાંજે આ મારા હાથ વડે કરીને હું પાણી ખેંચું છું અને પાઉં છું તઈ આવો બગીચો થયો છે. ત્યાં ભગવાન સમજી ગયા કે હજુ મારા હાથ ને મારા પગ ને, હજી આને મારાપણું ગયું નથી. નહિંતર એમ કહેવું જોઈએ કે ભગવાનની ઈચ્છાથી આ જળ છે, સાધન છે, ભગવાન જે રીતે મને કહે છે, ઈ રીતે હું એની સેવાચાકરી કર્યા કરું છું અને ઈ રાજી થાય છે અને તમારામાં પ્રભુ છે તે તમને ફળ આપું છું, એનો બગીચો છે અને તમે એના છો. હું તો એનો દાસ છું તે નોકરી બજાવું છું. તો ઈ કાંઈક અભિમાન ઓછું ગણાત. પણ આ તો હું કરું છું. હવે તું જ કરે છે તો પછી વયા ગયા ભગવાન. એ સાધુ લાંબે કાળે માંદા પડ્યા, તોય આવે નહીં ભગવાન. કારણ કે હું માંદો પડ્યો, તો હું પણું એનું છેવટ સુધી ન ગયું એટલે ભગવાન એને તેડી ન ગયા. ઈ હું અહમ્, મારુ, ઈ ટાળવા સારું થઈને એને જન્માંતર લેવા પડ્યા. ભગવાનનું બધુંય છે પણ ભગવાનને આપી શકે નહીં, ભગવાન વાસ્તે કરી શકે નહીં. ભગવાનને બદલે પોતે બધું કરતો થઈ જાય, એટલે ભગવાન મેલી દે હવે ભલે કરે. પછી ભફ દઈને પડે ને તે દિ બધુંય તૂટી ફૂટી જાય.

એટલે ભક્ત થાવું, મુક્ત થાવું અને ધામમાં જાવું. જે કાંઈ વલણ છે સાત્ત્વિક, રાજસ, તામસ, સારા નરસા એ બધા ભગવાન લેખે કરી રાખજો. ભગવાન લેખે કમાજો તો ભગવાન તમારી રક્ષા કરશે. ભગવાનને આપતા રહેજો, ભગવાનને દૂધ જમાડતા રહેજો, ભગવાનને સંભારતા રહેજો, ભગવાન ન દેખાય તો કાંઈ નહીં. હાથમાં દેખ્યા સમજીને અર્પણ કરી જવું, પછી પોતે જમવું તો ભગવાન ના નથી પાડતા. એ કોક દિ' રાજી થઈ જાય

તો દેખાયે ય ખરા, દર્શને ય દેય અને વળી ભક્તોની ભક્તિ પણ જોવે. નહિંતર એય ભગવાનને ત્યાં કાંય ખોટ નથી. ભક્તમાં જેટલી અછત એટલા ભગવાન એના ઓછા. ભક્ત ખૂબ પૂરે પૂરો થાય તો ભગવાન એના પૂરે પૂરા. ભગવાનને ત્યાં કોઈ જાતની આધા, બાધા કાય છે નહીં. ભક્તને ત્યાં જેટલી નડતર એટલા ભગવાન આઘા અને ભક્તને મુક્ત મુમુક્ષો હારે તો મેળ ખાય પણ બુભુક્ષુ ભૂખ્યો, તૃષ્ણાવાળો, રાગદ્વેષી એવાની હારે મેળ ન ખાય તો ભક્તને ક્યાંક એવું કોઈ ભટકી ગયો તો ભક્તની કમાણી બધી ટાળી નાખે.

માટે ભક્ત નર નારી તેમને જો પ્રગટ ભગવાન મળી ગયા તો એના જેવું બીજું મોટું સાધન નથી. માટે એને સાચવવા, જમાડવા-રમાડવા, પૂજવા, ધ્યાનમાં રાખવા અને ધામમાં જાવા માટે માંગતું રહેવું કે મને લઈ જાજો. આ ઠીક છે આ તમારા ખેતરોમાં ફરીએ છીએ પણ લઈ જાજો. પોતાના કરજો. એમ ભગવાન પાસે પ્રાર્થના માંગવી. આમ જેટલા મોટા ભગવાનો થયા, અવતારો થયા, આચાર્યો થયા, દેવતાઓ થયા, ઋષિ મુનિઓ થયા, માવતરો થયા, ધર્મ ભક્તિ થયા, એ બધાય એમ કેય છે કે, આવી રીતે ભગવાન પાસે માંગતા રહેવું કે જીવાડો તો જીવીએ, રમાડો તો રમીએ, પૂરું કરાવો તો કરીએ અને ન કરાવો અને ઉપાડી જાવ તો તો સાથે વયા આવીએ, તમારા ધામમાં રહીને તમારા ચરણ દાબીએ. પછી તમે જેમ રમાડો, જમાડો એમ રમશું જમશું અને ત્યાં રહેશું.



✳ પરાવાણી - ૨૩ ✳

✪ અનેક દેવીઓને શ્રીકૃષ્ણ અવતારમાં ઇચ્છિત સુખ મળ્યું
✪ ભક્તિમાં વિઘ્નરૂપ માયાને ભગવાન દૂર કરે

ભગવાન મળવા બહુ મોટા પુણ્યનું કામ છે, પૂર્વે ઘણી સારી કમાણી કરી હોય, તો પ્રભુ મળે. ઘણાં જન્મો લઈ લઈ પરોપકાર કરતાં આવ્યા હોય, આશીર્વાદ લેતા આવ્યા હોય, સારા ધર્મ કાર્ય કર્યા હોય, તીર્થો, વ્રત દાન, નિયમ પાળ્યા હોય. કૃચ્છ, ચાંદ્રાયણ આદિ કર્યા હોય, સારા ધર્મ વ્રત પાળ્યા હોય તો એ બધું પુણ્ય ભેગું થઈ અને ભગવાનને લઈ આવે છે. જે જે કોઈ પૂર્વે ભક્ત થઈ ગયા અને અત્યારે થાય છે અને થશે એ તમામ લાખો વર્ષોની પોતાની કરેલી સારી કમાણીને એક જન્મમાં ભગવાનની પ્રાપ્તિ કરાવી દે એવી ભોગવે છે.

ગર્ગાચાર્યનો એક સંહિતા ગ્રંથ સારો છે, જૂના જમાનાનો. શ્રીકૃષ્ણના ગુરુ હતા ગર્ગાચાર્ય. તેણે લખ્યો ગ્રંથ. એ ગ્રંથમાં એવી હકીકત લખી છે કે, શ્રીકૃષ્ણ ભગવાને છૂટ શું કામ મેલી ? જે કોઈ સામે આવે તેને કઈ દે કે તું તારે આવ સેવા કર, ભક્તિ કર, ખુશી કર, તારી મરજી પ્રમાણે મારી હારે ખેલ કર, આમ શા માટે કર્યું ? ગર્ગાચાર્યએ લખ્યું કે, હું બહુ જૂના જમાનાનો આચાર્ય છું, ઘણાય અવતારો જોતો આવ્યો છું, હું મત્સ્ય અવતારમાં હતો ત્યારે માછલાઓનું રૂપ ધારણ કરનારા એવા ભગવાનને જોઈ અને મોહ પામી ગયેલી કેટલીક દેવીઓ એણે માંગ્યું કે, ભગવાન અમને તમારી સેવા આપો ને. તો ભગવાન કહે, એક વખત હું એવો આવીશ તે દિ'

આપીશ. આજ નહીં. કાચબાનો અવતાર થયો એમાંથી ભગવાન પ્રગટ થયા એમાં મોહ પામેલી નારીઓને માંગણી પ્રમાણે કાચબાએ કહ્યું કે, ભગવાનનો અવતાર હું ભવિષ્યમાં થઈશ તે દિ' તમને બધાયને અંગીકાર કરીશ, અત્યારે નહીં. વામન ભગવાન થયા ત્યારે ટચૂકડા હતા, નાના હતા, બ્રહ્મચારી હતા તેણે કેટલીક મોહિત થયેલીઓએ કહ્યું કે, ભગવાન અમને યોગ આપો. તો વામનજી કહે, અત્યારે નહીં કૃષ્ણ અવતારમાં આપીશ. રામચંદ્રને જોઈને ઘણી રાક્ષસણીઓ અને બીજી ત્રીજી દેવ-દેવીઓ મોહિત થઈ ગઈ તો એણે માંગ્યું કે, ભગવાન અમને જોગ આપો. તો રામચંદ્રજી કહે અત્યારે નહીં એક અવતાર લઈશ એમાં જોગ આપીશ.

કપિલજી, દત્તાત્રેય, સનકાદિકો, નારદજી વગેરે ભાત ભાતના રૂપાળા ભગવાનો હતા. લક્ષ્મીનારાયણ, નરનારાયણ, ચોવીસે અવતારોમાં ગર્ગાચાર્યે લખ્યું છે કે લાખો નારીઓ, જીવાત્માઓ ભગવાનમાં મોહ પામી-પામીને એમ કહેતા કે, પ્રભુ તમારા જેવો કોઈ ધણી નહીં મળે માટે એકવાર તો યોગ આપો તો અમારું રૂડું થઈ જાય. તોય ભગવાન કહેતા આવ્યા હતા કે, ના મારે કેટલાય કામ કરવા હોય ઈ જો તમને અંગીકાર કરવા માંડું ને એમાં ને એમાં રોકાઈ જાઉં અને આ અવતારો મારા બીજા કામને માટે છે. માટે મારા કામ રોકાઈ નહીં. બીજા કામને માટે મારે આમાં રહેવું જોઈએ માટે એ કામ પૂરા કરીને પછી એક એવો અવતાર લઈશ કે તમારી હારે જ રોકાઈશ. બીજા કામ તો થાતાં થાશે. એ નિમિત્તે મારા માટે મારામારી તડાફડી થવાની છે.

ગર્ગાચાર્યે છેવટે લખ્યું કે, રામચંદ્ર ભગવાને એક હજાર યજ્ઞ કર્યા અને તેમાં સીતાજીની પૂતળીઓ બેસાડી સોનાની. ઈ પૂતળીઓ એ માંગણી કરી ભગવાન તમારો જોગ તો આપો પડખે બેસાડીને શું મોટા થઈ ગયા છો તમે ? તો કહે, યોગ આપીશ પણ મારા બીજા અવતારમાં. આ વખતે તમ તમારે સમાધીઓમાં પડ્યા રહો. પછી જ્યારે જ્યારે ભગવાન સૃષ્ટિમાં નીકળે છે અને જે જે ઠેકાણે જ્યાં જ્યાં રૂપ દેખાડે છે તે તે ઠેકાણે ત્યાંની દેવીઓ, દેવતાઓ, યક્ષણીઓ, રાક્ષસણીઓ, દૈત્યાણીઓ, મનુષ્યાણીઓ આવી લાખો

ભગવાનની ભક્તાણીઓ ભગવાનની ઈચ્છા કરતી. ભગવાન કહે, મારો એક અવતાર આવશે એમા તમારા બધાયના મનોરથો પૂરા કરીશ. તે દિ' મારે બીજું કાંય કામ કરવું જ નથી.

તે ગર્ગાચાર્યે આખી સંહિતામાં વર્ણન કર્યું છે અને તે બધી આ શ્રીકૃષ્ણ ભગવાનના વખતમાં દેવીઓ પ્રગટ થઈ તે ભારતમાં તો ઠીક પણ આખી પૃથ્વીમાં પ્રગટ થઈ. સર્વત્રમાં પ્રગટ થઈ જ્યાં જેને ઠીક પડ્યું ત્યાં પ્રગટ થઈ ત્યાં સ્વતંત્ર રહી અને અસુરોની લડાઈઓમાં એને કેદખાને રેવું પડ્યું, પરાધીન રેવું પડ્યું ઈ જેટલી જણીઓ હતી તે બધીને વીણી વીણી અને શ્રીકૃષ્ણ ભગવાને પોતાના દ્વારકા નામના મોટા ટાપુમાં ભેગી કરી લીધી. ૧૬,૧૦૮ તો પરણેતરની અને ઈ સિવાય બીજી કોઈ દેવ-દેવીઓનો તો હિસાબ જ નથી. ત્રણ કરોડ ઉપર લખી છે. આ બધાને શ્રીકૃષ્ણ ભગવાને હજારો રૂપ લઈને તેના મનોરથો પૂરા કર્યા. તે ભગવાન જ્યારે પોતાની મૂર્તિમાં ઘી, દૂધ, દહીં ખાવા-પીવાના અખૂટ પ્રવાહો વહેતા જ હોય તેવી મૂર્તિ ધારણ કરે ત્યારે તે બધાયને યોગ આપી શકે. હવે સૂકો રોટલો ખાઈને, રોટલી ખાઈને, દાળભાત ખાઈને ઈ ભગવાન ક્યાં બધાને યોગ આપી શકે ? એનું શરીર તો સાંઠી જેવું હોય, ત્યાગી સ્વરૂપ હોય, સાધુ સ્વરૂપ હોય, વ્રત કરે, દેવતા હોય, કોઈ નિયમ હોય, વ્રત હોય, ધર્મ હોય, ઘણાં કામ કરવા માટે રહ્યા હોય. જો એમ એકલી સખીઓ થઈને સખા રહીને ભેગા રહ્યા તો ઈ સખાને બધાય ભેગા થઈને મારી નાખે ક્યાંય રહેવા ન દે એવી ખબર છે માટે સખીઓને આઘી રાખે.

એટલે પ્રભુ શ્રીકૃષ્ણ ભગવાનના અવતારમાં છૂટ મેલી અને સવાસો વર્ષો સુધી દેહ રાખ્યો હતો અને તમામને માટે મનોરથ પૂરા કર્યા અને પછી છેવટે ભગવાને કહ્યું કે, હવે આમાંથી નવરું થવાશે નહીં માટે હવે કાંઈ મૂકવુ ખરું. પછી પ્રભુએ એક એવી ગોઠવણી એવી ઊભી કરી કે, બધાયનો સંહાર થઈ જાવ અને હું પણ વયો જાવ. જેથી પાર આવે. બધાયનો સંહાર કરી પણ નાખ્યો અને પોતે ઉપડી પણ ગયા. પછી અવતાર તો પ્રભુના ઘણાં થાય છે ઈ પ્રભુ પોતે જાણે છે કે મારા કેટલા અવતાર થયા, તે હું જાણું છું

બીજો કોઈ નથી જાણતો. સૌને એવી ખબર નથી હોતી કારણ કે એમને ટૂંકી જ્ઞાનની વૃત્તિ હોય છે એટલે એ ભૂલી જાય છે. ભગવાનની જ્ઞાનની વૃત્તિ બહુ લાંબી હોય છે એટલે એ ભૂલે નહીં.

એ ભગવાન પોતે પૃથ્વી ઉપર વિચરતા હોય ત્યારે અનંત એવી રીતના સકામ ભક્તોની કામનાઓ પૂર્ણ કરવા વાસ્તે તે ભક્તો જેમ ઈચ્છે ઈ પ્રમાણે થોડું ઘણું પણ ભગવાન ઢળી ઢળીને, નમી નમીને, થોડાંક ભેગાં ભળીને, હાજી હા કરીને, એના મન સુખી રાખે અને ભક્ત કેમ મારી ભક્તિ કરે ઈ રીતે નિભાવી રાખે. પણ મારામારી ઊભી થાય એવું તો ઈ કૃષ્ણ ભગવાનના વખતનો રાજાનો દેહ, હારે અર્જુન ને હારે બીજા શસ્ત્રધારીઓ એણે ઈ કામ કર્યું. માટે જો ગામડાંમાં ને શહેરમાં ને જ્યાં જોવો ત્યાં ભક્તની ઘરે જાવું હોય, મરજી પ્રમાણે સેવા કરવી હોય અને કરાવવી હોય અને ઈ જો કરવા બેસે તો તલવારવાળા વાંહે થાય અને એણે ભાગવું પડે. એની વાંહે થવું પડે અને એની સામું લડવું પડે, ઉપાડીને લઈ આવીને નાખી દેય પોતાના બંગલાના. અને સાધુ રૂપે ભગવાન હોય તો ભિક્ષા માંગે અને રોટલો શાક આપે તો ખાય લે. ખોબો પાણી પીને ભાગી જાય. ઈ કાંય કોઈને ઘેર રોકાતા નથી. સાધુની વૃત્તિ એટલે શું ? સાવ નિર્લેપ વૃત્તિ. આપણું શું હશે ? હવે ઈ તો થયા જ કરે, દેખ્યા જ કરે, પગે લાગ્યા જ કરે, કોઈ પાર આવતું નથી. પછી પ્રાર્થના કરી કરીને થાકી જાય. તે પોસ્ટની ટપાલે ય કેટલાક તો રૂપિયા ખાય જાય. કેટલાક દિવસો આપણા ખાય જાય. કેટલાક વિચારો ખાય જાય. કેટલાકને ઊંઘ નો આવે અને ભગવાનને માંગણી કર્યા જ કરે કે, ભગવાન આવો, ભગવાન આવો, ભગવાન આવો. ભગવાન જાણે કે હવે આ તો હાલ્યા જ કરવાનું છે. એની મેળે થાકશે તંઈ મેલી દેશે. સમજણથી થાકે તંઈ મેલે. એમ ભગવાન છે ઈ સુખ દઈ દઈને દેય છે. માંગણી કરે તો ઈ ક્યારેક બહુ ભક્તિ પ્રમાણે આપી દેય પણ પછી પોતે એકાંતિક ભક્ત થવું જોઈએ.

ખરા ભક્ત થાય તો ભગવાન પોતે કેય છે કે, લક્ષ્મી ને રાધા ને એવી કરોડો લક્ષ્મીઓ અને કરોડો રાધાઓ છે. ત્યાં કાંય ખોટ નથી. મોટા

મોટા બગીચાઓ છે, મેડીઓ છે, બંગલાઓ છે, ખાવા પીવાના છે, વાહન છે, આકાશમાં ઊડવાના છે, ઘરેણાં તો એટલા બધા પહેરાવી દેય કે ઊભી ન થઈ શકે. બે બાવડા પકડીને ઊભી કરે, બે દેરાણીઓ ભેગી થઈ ને તંઈ તો ઓલી લક્ષ્મી ઊભી થાય. કા ? તો કે ભાર થઈ ગયો. હાય રે, એમ હીરા-માણેકને મોતી ઝવેરાતનો હિસાબ નથી. ખાવાનો હિસાબ નથી, આનંદનો હિસાબ નથી. પછી સારું પહેર્યું હોય એનેય એક કોર મેલી દેય કે આ શું કેશે આડું ? જળજળાટીયું મારે નથી જોતી. થોડું ઠીક છે, પછી એક કે કપડાં પહેરીને ભગવાન પાસે બેસે તો ભગવાન કહે, હવે ઠીક ઠેકાણે આવી. એવી રીતે પ્રભુ બધાયની ખબર લ્યે છે અને બધીયું ભગવાનને ભજે છે. આ રીતે આ સંસારમાં પ્રભુ આવે છે. એ નથી આવતા એમ નહીં. બહુ ભક્તિ કરે તો એને પહેલી બોલાવે છે, ન બોલાવે એમ નહીં. અને ભક્તજનો પણ તન, મન, ધન વડે પૂજા કરે તો એને બાથ ભીડીને મળે. એના સંકલ્પો પૂરા કરે, એના દુઃખ ટાળી દેય. એને આપત્તકાળ ન આવવા દેય, એને સારાવાના કરે, બાલ બચ્ચા આપે, દુજાણા આપે, પહેરવાના આપે, સોના-રૂપા આપે, મકાન આપે, બંગલા આપે, સાજા-નરવા રાખે, આરોગ્ય આપે, જશ-કીર્તિ આપે, જગતની રીત પ્રમાણે બધું આપે અને બહુ આપે તો બહેકી જાય. તો જમીનમાં બહુ વરસાદ પડે તો ફોરળા પડે અને ખૂંચી જાય.

માટે ભક્ત ઘરે સરખો રહી શકે અને પાછો ભગવાનમાં પ્રત્યે જઈ શકે એટલું ભગવાન રાખે છે, જો ઈ થી વધી પડે તો નવરો ન રહે. પછી ભગવાન વાટ જોવે ઓલો કેમ આવ્યો નહીં ? તો તો ઈ લક્ષ્મીજીએ માયાએ ઘેરી લીધો હોય એટલે ન આવ્યો. તો ભગવાન એમ વિચારે કે એની માયા ઓછી કરો તો આવશે. પછી ભગવાન એમ કરે. પછી રોવે, મહારાજ મારું બધું વયું ગયું. તમને ભજી ભજીને થાકી ગયો અને અમારું આમ કાં થાય ? તો તારું થાય જ ને. તને ઘણુંય આપ્યું છતાંય તે કાં મેલી દીધો. એની તો ગણતરી એવી કે, મહારાજ આજે મારે બહું કામ હતું, કામમાં સાંજ પડી ગઈ.

એક ગામમાં ગયાં, સવારે ગયા, બપોરે કોઈ આવ્યું નહીં. સાંજ સુધી ખબર આપી પણ કોઈ આવ્યું જ નહીં. હવે રાંધે શેમાં ? લાવે કોણ સીધો ? પછી હું ઘેરે ગયો. અરે મા-બાપ તમે આવ્યા છો ? પણ ઈ સાચું પણ આજ એકાદશી નથી તો પરાણે એકાદશી થઈ ગઈ. બીજું તો ઠીક પણ ત્યાં કૂવામાં પાણી નથી. હાંડલું તો મોકલવુતું, પાણી પીત તો ખરા, પછી ત્યાં એની ઘેર નાયા. ત્યાં એણે દૂધ-પૂરી ને બધુંય કર્યું. રાત્રે જમ્યા ઠેઠ. આ તો ખરા સારા સેવકની વાત છે, મોટા માણસની. તે મને તે દિ' એમ થઈ ગયું કે આ શાસ્ત્રો લખી ઈ બરાબર છે. મોટા માણસ છે જ નહીં. ઈ ભગવાનથીય મોટા હોય. કાંય પરવાહ ન હોય એની. તંયે ઓલી શેઠાણી ઘેરે એને એમ થયું કે, અરે રે આવા પુરુષ આપણે ઘેર પધાર્યા ને દિવસે પાણી'ય ન મોકલ્યું. ઈ તમે આંધળિયું છો બધી રાણીયું. મંદિરમાં ક્યારેય સાધુ આવે ત્યારે એટલું કહેવું તો જોઈએ ને કે પાણી પીઓ કે આવો કે બેસો. એટલું ય ન જુવે તો પછી એને કોણ ક્યે ઠેકાણે ભગવાન રાખે ? પછી બે ચાર દિ' રહ્યા અને વાહ વાહ ઓહોહો ને બધું કર્યું અને ખબર પડી કે આ તો ફલાણા આવ્યા છે, કહે કે અમને તો ખબરેય નોતી. તો અમે તો એવું જાણતાય નતા કે આ કોણ આવ્યા છે ? એટલે એમ થાય તે ઠીક થોડા થોડા નમતા રહે તો ભક્તને ભગવાન ભજી શકાય અને થોડું થોડું ઓછું રહે તો ભગવાન પાસે માંગી શકાય પણ બહુ થોકડા થઈ પડે તો એની વાંહે હજાર માખીઓ દોડે. તે માખીઓને મચ્છરને ભમરાને તેને સખણો જ ન રહેવા દેય. મને સો આપ, મને પાંચસો આપ, મને બસો રૂપિયા આપ, આયા ફલાણું થાય છે, આયા ફલાણું થાય છે ને એટલું થાય છે, આંયા મગન થાય છે ને આંયા જગન થાય છે ને આંય ગગન થાય છે. આમાં નાખ ને એમાં નાખ ને ઓમાં નાખ ને ફલાણે ઠેકાણે મારે આપવા છે. ત્યાં ક્યાં ખોટ છે ? તે ઈ કહેનારને જ ખોટ પડી. આને ક્યાં ખોટ છે ?

આ તો વિશ્વંભર છે, પણ વિશ્વંભરની હારે હેત રાખવું હોય તો ઈ હેત રખાવવા માટે વિશ્વંભર એની પોતાની કળામાં રમતા હોય છે. કોઈ ન જાણે રમાપતિની રીત, રમાપતિની રીત જગત આંધળું ભીંત. અને રમાપતિ

છે ઈ તો ખેલી ખેલીને વયા જાય છે, કેટલાય કામો કરીને હાલતા થઈ જાય છે, એને યમનો દૂત આડો નથી આવતો. આવી રીતે ભગવાનની સમજણ રાખવી, ભજવા, માળા ફેરવવી, સુખ-દુઃખ સહન કરવા, જગતમાં માણસો ભેગું રહેવાય એમ નિરાંતે રહેવું, કલેશ ન કરવા, પ્રભુના ગ્રંથ વાંચવા, મહિમા ગાવો અને જૂની જૂની ભગવાનની ભક્તાણીઓ થઈ છે એના જેવું આત્મનિવેદીપણું શીખી જવું. કેટલી કેટલી ભક્તાણીઓ થઈ ગઈ અને કેટલી પરમેશ્વરના લોકમાં ગઈ અને લક્ષ્મી અને રાધાજીની પડખામાં બેસી અને ભગવાનની સેવા કરે છે એમ સેવા કરવી. માલપુવા ઉડાવવા, પુરણપોળી ખાવી, ચુરમાના લાડું બચક બચક ચમકાવવા, દૂધપાકના સબળકા લેવા, શાક-રોટલી ખાવી, પ્રભુએ આપ્યું હોય ઈ પ્રમાણે રહેવું, કપડાંલતા પહેરવા પણ ભગવાનનું હેત ઈ તો રૂકમણી જેવું રાખવું. બધાયથી વધારે એટલે આપણે ખાટી ગયા તો ભગવાન ઘેરે જ બેઠા છે પછી બોલાવવા નહીં પડે.



❊ પરાવાણી - ૨૪ ❊

✪ સદ્‌ગુણોથી જીવને સાધુ બનાવવાની રીત
✪ દરેકમાં અવગુણ નહિ પણ ગુણોને જોતા શીખવું

જેનામાં એકાંતિકપણાનો સદ્‌ગુણ હોય એવા સત્પુરૂષ પાસેથી સેવા ચાકરી વડે પુણ્ય લીધું હોય કે આશીર્વાદ લીધા હોય તો ધાર્યું ઈચ્છ્યું કોઈપણ પદાર્થ મળે. જીવની ટેવ એવી ઘડાઈ ગઈ છે, મારું અને તારું બાળપણથી બાળકમાં એવા સ્વભાવ પડી જાય છે, મારું - તારું. આંખ સારું ય જોવે છે અને નરસું ય જોવે છે, હવે એનો સ્વભાવ પડી જાય છે સારું અને નરસું બેય જોતાં રેવું. પછી નરસી ચીજો ઉપર ઝાડવામાં કાગડો બેઠો હોય ને જેમ નવું ઝાડ થાય બીજું, એમ આ નરસુ જોનારામાં નવું ઝાડ એટલે નિંદા, બકવાસ, હલકાઈ, તોછડાઈ, દેખી ન ખમે ઈ કાગડાની ચરક જેવા ઝાડવા થાય. 'પરાંચિખાદીક વ્યતૂનત સ્વયંમભૂસતત્ પરમ પશ્યન્તે નાંતરાત્મન'.

બ્રહ્માને દૂરબીન ઘડતા બેય કોર આવડતું હતું પણ તેણે એક કોર દૂરબીન ઘડીને એક કોર સાદો કાચ રાખ્યો, એટલે આંખોની દૂરબીન બહાર ઘડી. પરાંચિખાદિ, ખ એટલે બખોલ, આંખની બખોલ, કાનની બખોલ, જીભની બખોલ. આ બખોલ્યું બધ્યું. પરાંચિ પર તેને અંચન, પરને ગ્રહણ કરવું. એમ બ્રહ્માએ વિચાર કરીને બધાયને ઘડતર કરી દીધી છે. તેથી તત્ પરાંત પશ્યંતિ માટે પર ના સામું જોયા કરે છે, આ નરસો ને આ નથી સારો ને, આ ખરાબ, આ આવો ને, આ તેવો.

નાંતરાત્મન એટલે અંદર જીવાત્માની માંહિલી કોર ભગવાન બેઠા છે એને જોવાનો દાખડો કરતો નથી. કેમ ? તો કે જીવ કુંભારના ચાકડા જેવો છે, ચાકડા ઉપર ગારાનો પીંડો મેલે ને કુંભાર ડંડીકો લઈને બેસે પછી સરખે હાથે બરાબર ફેરવે વાંકા ત્રાસો ન થાય એમ. અંગુઠો લગાડતો જાય ને કોડિયાં ઉતારતો જાય ને દોરે કાપતો જાય, એટલે ઉપલી ઘડતર પહેલી ઉતારે, ટપલું બપલું ઈ પછી બીજું ઘડાની માલિકોર એક રાખે ને એક બહારથી રાખે ને, સામે સામું ટીપે. સુથાર છે સામો લાગ રાખીને પછી આનીકોરથી હથોડી મારે, એમ આ મનુષ્ય જન્મમાં બાહેર બાહેરનું જોવા શીખ્યો. અંદર અંદરનું પોતામાં જોવાનો ક્યારેય પણ આગ્રહ કરતો નથી કે મારામાં કેમ છે ? એટલે ઈ પરાંપશ્યંતિ, બીજાને જોયા કરે છે. સાત્ત્વિક માણસ છે ઈ પોતાને જોવે છે કે હું જે બીજાને જોઉં છું અને ત્યાં દાખલ તરીકે નિંદાને ગ્રહણ કરું છું એ વસ્તુ મારામાં છે કે નથી ? તો પોતે હુતાસણીના ઘડા જેવો હોય છતાં પણ દિવાળીના માટલાં જેવો દેખાય. હુતાસણીનો ઘડો કાદવ ભરેલો હોય, પછી મારે લાકડી, ઓલ્યો જેણે માથે લીધો હોય ઈવડો ઈ જ ગારો ગારો થઈ જાય એટલે અંદરના ઘડાને જોતો નથી. નાંતરાત્મન એટલે અંતરાત્મામાં પોતાના જીવ તરફ જોતો નથી, જો જીવ તરફ જોવા જાય તો અન્યા વાચ્વ વિગુણથ્વ એટલે હવે બીજાની વાત પડતી મેલને, તને શેનો ફાયદો ? આવું જ્ઞાન થવા માંડે ધીરે ધીરે, હું મારી સાધના તો કરું ? કેટલી કરું ? એમ જો થોડું થોડું અંદર જોવા બેસે છે તો એનામાં સંતના ગુણ આવવા માંડે છે.

આજ તમને સભામાં વિશેષણ આપીને કહ્યું કે, ઓહોહો આ સાધુ જેવા પુરુષો, કેટલા હરિભક્તો ખેંચાઈને આવે છે, એના હૃદય કેટલા સાફ હશે ? એવી એવી વાતો થઈ. સંતમાં જો અવગુણ જોતો હોય તો એ માણસ એટલો ખંચાય નહીં. આ સાધુ અને આશ્ચર્ય ? અરે વાહ દેશ-પરદેશ જાત્રા પરથી આવ્યા છે બધા નવા નવા જોયા. ક્યાંથીન ? ક્યાંથીન ? ક્યાંથીન ? પૂનાના માણસો જોયા, મુંબઈના જોયા, સુરતના જોયા, કાન્દીવલી, કોઈ થાણાનો, કોઈ વડોદરાનો. તો વળી કોઈ દુબઈનો, કોઈ મસ્કતનો કે ક્યાંય

નો ક્યાંય વિલાયતનો. ગામડાંનાં, શહેરના. આ બધું ક્યાંથી થાય ? કાઢ્યું ક્યાંથી આ બધુંય ? આ બધુંય આવ્યું ક્યાંથી ? એ હકીકત એવી નીકળી કે, તમારી દૃષ્ટિઓ ચોખ્ખી શુદ્ધ છે. તમે સંતોના ગુણનો દેખો છો, અવગુણને દેખતા જ નથી. માટે અહીંયા આટલા ખેંચાય ને આવો છો, એથી થાય છે કે જરૂર કાંઈક સત્સંગ કરવામાં હવે જોશ છે.

એક વાણિયાણી જૂનાગઢથી બેઠી રેલગાડીમાં. અમે સેકંડમાં બેઠા અને ન્યાં જ સામી આવી. અમે જામનગર ઊતર્યા ત્યાં સુધી ઈ એય બેઠી, જામનગર ઊતરી. હવે કરવું શું ? જવું ક્યાં ? અમારે વહુજી બહુ સારા છે હો, સગડી એવી સળગાવે, કોલસા એવા સળગાવે કે ધૂમાડો જરાય એય ઘરમાં ના થવા દે. એવા સારા. ત્યાં વળી બીજી કેય, અમારે તો કહે એવું નથી કરતી, તાં વળી આવડી આ કેય અરે અમારે તો શાક ને રોટલી ને ભાત ને એવા મજાનાં સારા સારા કરે. તે ઈ રસોઈના વખાણ છેક જામનગર સુધી હાલ્યા. હવે જો એનો જીવાત્મા તન્મય એટલે શરીરને અંગે જે કાંય તન્મય ઘડાઈ ગયું. ત્યારે ભગવાનના ભક્તો હોય એને ભજન ગમે. જીભ તો બોલકણી હોય પણ ઈ બોલકણીને બંધ રાખીને ભજનમાં રહેવું ગમે. જરૂર જેને એમ થાય છે કે મારે ભગવાન પાસે જવું છે કે ક્યાંક મોક્ષમાં જવું છે તો એની જીભ જરૂર સારું બોલે, નરસું ન બોલે. એક દાખલો એવો વ્યાખ્યાનમાં દીધો'તો કે પાસે પાસે તો વાહવાહ ને પછી થોડાક આઘા જાય તો ઉંહ, એ થઈ રહે, ન્યાં મીંડું. એવા સ્વભાવના પણ કેટલાક માણસો હોય છે. વ્યાખ્યાનમાં આજ આવ્યું'તું. હવે ઈ ઉંહ કરે એટલે આગલું ભૂંસાઈ ગયું, એમાં દીધેલું વ્યાખ્યાન ભૂંસાઈ જાય એમ ભૂંસાય ગયું, સાવ ખાલી થઈ ગયું, કારણ કે એનો જીવ ઈ માંયલો છે, ઉપલી દૃષ્ટિ દેખનારો છે. ઉપલી એટલે દોષની.

જ્યારે સારી દૃષ્ટિને દેખનારો જીવાત્મા છે ઈ જરૂર સાધુ થાય છે, સાધુના જેવા ગુણ એનામાં પ્રગટ થાય છે. સમદૃષ્ટિ થાય છે, કે ભાઈ આ આના માટે ને આ આને માટે. બધા સરખા છે, તે દેવા દોને, આને માટે કંઠી રાખું તો ઓને માટેય રાખું ને, ઈ જે આવ્યો ઈ પહેલો લાભ લઈ જાય.

કંઠી રાખવી જોઈએ, ગુરુએ દેવી જોઈએ, તાં વળી ચંદનની ગોળીમાં જીવ જાય કે, આ ગોળી ચંદનની બહુ સારી છે, સુખડવાળી છે, સૂંઘવામાં આમ પીળી ધમરખને શું ? આ તો ફલાણા વાસ્તે રાખવી છે, બહુ વાલો ચેલો છે, તો આ ફલાણા આવશે ને એને આપણે આપશું. હવે તારે ફલાણા આવશે ને, ઓલા આવશે, સમદૃષ્ટિ થઈ ત્યાં શું, ફલાણા ને શું બીજા ? આવી ભાવના એવી ઊંચી થઈ જાય છે કે એનામાં નાની મોટી દૃષ્ટિઓના ભેદભાવ છે ઈ શમી જાય છે, પછી સુખ-દુઃખ શમી જાય છે. પછી આ સંસાર સારો ને નરસો એવુંય શમી જાય છે.

મુંબઈના ભિક્ષુક ભિખારી છે, તીર્થોના ભિખારી છે તે જાત્રાળુઓની પાછળ દોડ દોડ જાતા હોય હો, ટોળું મળીને જાતાં હોય કે એય તમે તો ભારત સરકાર છો, તમે તો દાનેશ્વરી છો, તમે તો રાજા છો, તમે તો અન્નદાતા છો, એક પૈસો લાવો. ત્યાં આઠ દસ જણાં એની વાંહે ઘેરો કરીને જાતા હોય. ઓલ્યો જાણે દસ પૈસા ઘોળ્યા. આ પાપ અહીંથી જાય તો. તો એકાદાને એક આપે તો બીજા દસ દોડે, હેય પણે નીકળું, મળ્યું કાંય ? પછી એના દોડ્યા જાવાના અમુક ઠેકાણે સીમાડા હોય છે, એની પાછળ ક્યાં સુધી જાવું, તો સામું ટોળું પાછું એની વાંહે આવતું હોય એ સીમાડામાં સામે ઓલિકોર ન જવું, પાછું વળી જવું. પછી એમ બોલે કે, યે મખ્ખીચુસીયા કયા દેગા, કંજૂસ હૈ. યે તીર્થકા હડાહડ પાપી હૈ, યે પાપી ક્યાં દેગા ? વળી બીજાને એમ કેય, અરે છોડ દો ઉસકે પીછે સે લૌટ આઓ, મત જાઓ ઉધર, ઈસને કભી પુણ્ય નહીં કીયા હૈં, તીર્થ મેં આયા પુણ્ય કહા સે કરેગા ? પાપ હી કરતા હૈ ઔર પાપ હી દેખતા હૈ, એક પૈસા નહીં કાઢતા. હવે બોલો વહી અચ્છા હી થા ઓર વહી બુરા હો ગયા. એમ જીવને સ્વભાવ પડી ગયો છે આગલા ના ઉપર સારું અને નરસાની ટાપટીપ કરવાનો. એટલે પછી મોઢું બહું સારું હોય, ઉજળું હોય, ચંદ્રમા જેવું રૂપાળું હોય પણ ખીલ નીકળવા માંડે, પંદર, સોળ વરસનો થાય ને દેખાઈ છે સારો પણ જ્યાં ફોડકાં નીકળવા માંડે એટલે મોઢું કહી દે કે હવે ખરબચડું થયું. બગાડી નાખે મોઢું ઓલા ખીલ. એમ દૃષ્ટિ, સારો વિચાર, પવિત્રતા, દુર્ગુણ, જેને

આપણે ગણ્યા હોય, શીખી લીધું હોય કે આનું નામ દુર્ગુણ અને આનું નામ સદ્‌ગુણ, તો ઈ દુર્ગુણને વિચારવાનું કામ શું ? એને સંભારવાની જરૂર શી ? બીજામાં છે એને જોવાની જરૂર શી ? પછી ડહાપણ કરવાની જરૂર શી ? વચ્ચે પડીને હેં ? હે શું ! ઓલ્યો કહે, ગ્યા ! વો હમ હી તો હૈ. ઓલ્યો હેં કરે ને આ હમ્મ કરીને બેસી જાય. હેં એ શું કહ્યું ? એ તો આ વાવાઝોડું થયું તે મોતીબાગની કેરીયું પડી ગઈ ! હેં ? હા એ ખરું કેરીઓ પડી ગઈ. તો કહે હા એ મેં જાણ્યું, કોક દિ'તો સાંભળતો હોય એનું કરને, નથી કેરી ખરી આમાં હતું કેનું ? પણ જીભ બોલ્યા વિના રહેતી નથી, બહારના વિચાર કરે છે, અંદરનો વિચાર કરતી નથી, ઘરેથી નીકળીને મંદિરે જાવું છે, દર્શન કરવા જાવું છે, ત્યાંથી એવો નિયમ લીધો હોય કે આ જીભને કોઈને હારે બોલવા દેવી નથી, માલિકોર ભજન કરતી હાલી જાય ને ભજન કરતી હાલી આવે, તો જોઈએ ઈ ભક્ત કેવો ખબરદાર ! બળવાન મુક્ત ! કો'કનું કલ્યાણ કરે, કોકને પાણી પાય તોય એનો મોક્ષ થાય; તો આંખની અડખે પડખે ક્યાંય જોવા દેવું નથી, છેક ભગવાનની મૂર્તિનું દર્શન કરવું છે, બીજું કાંઈ જોવું નથી, એટલે જરૂર અભ્યાસ થઈ જાય છે. પ્રભુની મૂર્તિ દેખાયા કરે ને હાલતો થાય એની વાહે વાહે દોડે.

આવા આવા ભક્તજનો પોતાના શરીરમાં ઈન્દ્રિયો અંતઃકરણ છે તેને કારેલાંના શાક જેવા કડવાં છે તેને ધોઈ ધકોઈને સાફ કરીને કડવું કાઢી નાખીને એને મીઠાશ આપીને, ગોળ થોડોક આપીને, મજાનું શાક વઘારે તો ભોજન કરવા લાયક થઈ જાય છે. થોડું વધારે ખાઈએ તો પેટનો દુઃખાવો મટી જાય છે એવું શાક છે. એમ આ દોષની માલિકોરથી જીણી જીણી જેવી તેવી જે આપણી એને હલકું પાડવાની કે પોતે હલકું થાવાની પોતાને ટેવ છે એ કાઢી નાખે છે તો જરૂર આ જીવ સાધુ થઈ જાય છે. સંત થાય છે ને સંતની ભેગો રહી શકે છે અને સંતના જેવું કાર્ય કરી શકે છે અને સંતના જેવા સદ્‌ગુણો વાપરીને બીજા જીવને પાવન કરી શકે છે, માટે ભગવાનના ભક્તે બેવડી કંઠી લીધી ત્યારથી એમ જાણવું કે મારે તો પાવન થાવું છે, પવિત્ર થાવું છે, પવિત્ર વિચાર કરવો છે, પવિત્ર સંતોની સાથે રહેવું છે,

સંતના હરેક કામકાજ, ક્રિયા, પ્રવૃત્તિ, બોલવું, ચાલવું, રહેવું, ભગવાનના લાડીલા છે, એનામાં ભગવાન વસેલા છે માટે ભગવાનની ક્રિયાની પેઠે નિર્ગુણ થયા એવા સત્પુરુષ છે, એના સ્પર્શ વડે પાપ બળી જાય છે, એના પગને અડવા વડે કરીને તણખલા, ખણખલા, વૃક્ષ-વેલ એ પણ ઉત્તમગતિને પામનારા થાય છે. એવા ભગવાનના સંત પુરુષો છે તે ક્યાંય દૂધની ટબૂડી જમ્યા, તો જેનું દૂધ હતું એવી ગાયો ભેંસો ઈ જીવનું પણ બહું રૂડું થાય છે, અતિ રૂડું થાય છે. ઓહો ! આવા સાધુ ! એટલો સદ્‌ગુણ આવી ગ્યો તો એ જીવ પરમપદનો અધિકારી થાય છે, કલ્યાણનો અધિકારી થાય છે, માટે હવે બીજું તો શું કહેવું ? પણ આમાં પાંચ પચીસ, પચાસ હજાર, બે હજાર, પાંચ હજાર જેણે મંદિરમાં આપ્યા, સેવા કરીને કમાણીમાંથી આપ્યા, ભલેને સ્વાર્થને માટે કરીને કે મારું પરદેશમાં જવાનું થાય ને કમાવાનું થાય, આશીર્વાદ ફળી જાય તો પહેલો મહિનો પાંચ હજારનો આવે તો પહેલું ભગવાનને આપી પણ દે અને પછી તો કમાવા ગ્યો છે તો ભેગું કરે, કુટુંબ વાસ્તે ગયો હોય છે તો એને આપે, સાચવે, પોતાનું દારિદ્રય ટાળે પણ ભગવાન લેખે કમાણી થોડીક કરી હોય અને ઈ આપ્યું હોય તો સ્વાર્થ, પરાર્થ કે રાજીપા વાસ્તે આપ્યું હોય કે પોતાના વિઘ્ન દૂર કરવા વાસ્તે આપ્યું હોય પણ આપ્યું તો ભગવાનને ને ? માટે પ્રભુ રાજી થઈ જાય છે. રાજીપાનું ફળ, એનું વર્ણન ન થઈ શકે એવું હોય છે, એટલું બધું ફળ એનું મળે, હજારોગણું ફળ મળી જાય.

મેં જામનગરમાં સોનાની લગડિયું દેખી. સોની કહે, આ તિજોરીમાં સોનાની ગિનિયું છે, અહીં હાથ અડાડો, હાથ અડાડો. હવે વય ગઈ બધી. વીસ પચ્ચીસ વરસ થયા પછી બધી વઈ ગઈ, મેં ઊંડો વિચાર કર્યો કે વય કેમ ગઈ ? કમાણીમાં તો જાય; પણ ઝાઝો એનો ઉપયોગ દેવને રાજી કરવા વાસ્તે કરી ચૂક્યા નહીં હોય તો એમ થયું હોવું જોઈએ; એમ બને. એમ તમારી અરબસ્તાની લગડિયો છે ને, એ લગડી જો આ એક એક પણ ભગવાન લેખે વપરાઈ ગઈ હોય તો પછી ઓલી લક્ષ્મી શુદ્ધ થઈ જાય અને નહિ તો એક કોર દાન દે ને એક કોર ગુરુમહારાજને લૂંટી જાય તો હવે

બેમાં કેના વખાણ કરવા ? પછી એમે ય બને કે, એક કોર દાન દીધું ને પુણ્ય આવે ને માંડ સરેડે ચડ્યો હોય. એકકોર કોકનું લઈ લીધું હોય એનું આવે પાપ, એટલે ઓલું હાલતું હોય ઈ બધુંય ભાંગી જાય. આવું થાય છે, બને છે, દાખલા ઘણાય છે દુનિયામાં. શાથી ? તો કે જીવ અલ્પજ્ઞ છે; થોડો છે સ્વાર્થી છે, ગણકારતો નથી. ઈશ્વર હવે શું કરશે ? હાલોને દઈ દયોને, વાપરી નાખોને. એટલે ત્યાં પડે ગાબડું મોટું, ગાબડું પડે કે ઉલટી કમાણી સાવ બંધ. આવી કમાણીના દાખલા કેટલાયના હાલ્યા ગયા, વયા ગયા અને દેખાતા નથી માટે એને દેખાય ને આપણને સુખ આપે, એવા રાખવા હોય તો જરૂર એમાંથી દસમો વીસમો ભાગ પણ ભગવાન લેખે કરવો, સેવા કરતી જાવી. આ વાત બરાબર સમજીને પણ ચૂકી ગયો તો દેવામાં બુદ્ધિ ગાબડું પડી જાય અને પછી બાખું પડે. પછી મને પૂછે આ શું ? ફલાણું થયું, ઢીંકણું થયું ! શું કરવું પણ હવે ? આડા હાથ દેવાય જાય ને ખરાબ ફળ આવ્યું એટલે એમ થાય.

માટે પ્રભુની ભક્તિ કરવી એ જીવના ઉત્કર્ષતાને વાસ્તે કરવી, ચોખ્ખાઈ માટે કરવી અને સારા ખજાના માટે કરવી પણ નબળા ખજાના માટે નહીં, નબળા ખજાનામાં ઉતરવા મંડે છે ત્યારે એને ખબર નથી રહેતી કે શું કરવું ? માટે નબળો ખજાનો ના મેળવવો, સારો ખજાનો મેળવવાનો. તો કુટુંબનું કલ્યાણ થાય, સારું થાય, સાજા નરવા રહે, કોઈ રોગ ન આવે અને કમાણીનો પૈસો લેખે ય લાગે. એવું ના હોય તો કમાણીનો પૈસો તો ઠીક આવ્યો હોય પણ પછી દેવાઈ નહીં. વરસ દિવસ થાય ને ત્યાં મંડે પટારાં ખાલી થવા, અને પછી થાય મૂંઝવણ. હવે શું કરશું ? આશીર્વાદ લેવા આવે. બહુ સારું બાપા આ લાવ્યા સાકરનો પડો, ફૂલનો હાર. હું કહી દઉં કે આ ભલે લાવ્યા, બધુંય પડ્યું છે. લે સાકરનો ગાંગડો ને થા વેતો અહીંથી.

એક જણો ઉપડ્યો તે ઠેક સમુદ્રની ખાડીમાં જ્યાં બંદર છે ને ત્યાં હાર ચડાવવા ગ્યો. એ ભાઈ ! પણ ઓલો જણ એવો પાકો ને ! હારે ય લઈ લીધા એને ત્યાં શીરો પૂરી જમી આવ્યા, એક બે દિ રહી આવ્યા, હવે આમાં આટલી આ સેવા કરો ને ! અરે ! સ્વામી, રૂપિયાના ઢગલાં છે ત્યાં

તો, તમે કહો એટલી સેવા કરીએ. શું રૂપિયાના ઢગલા છે ત્યાં તમે કહો એટલી સવા કરીએ, આ શિરા પૂરીની. પછી કાંઈ આપ્યું નહીં, કાંઈ ન આપ્યું હો. જીવે છે હજુ ! ક્યાં ગયું બધુંય ? એ તો કોણ જાણે ? મગફળી ચોરાઈ ગઈ એમાં વયું ગયું. એટલે જીવને સાધુ જેવો બનાવવો. સદ્‌વૃત્તિથી બનાવવો, આપણું તો કલ્યાણ થાય પણ છોકરા, છાબરા, પરિવાર બંનેનું થાય. બધાય પ્રભુને રસ્તે ચડે એવું કરવું.



✳ પરાવાણી - ૨૫ ✳

✪ ગુરુ મહિમા
✪ સાચાં ગુરુ ભગવાન

માનવ જન્મમાં મોક્ષ માટે ગુરુ કરવા પડે છે. તે સિવાયના જન્મમાં મોક્ષ માટે ગુરુ નથી હોતા. દેવતાઓમાં ગુરુ છે, દૈત્યોમાં છે, ઋષિ પિતૃઓમાં છે, પણ એ ગુરુઓ એના વ્યવહારિક કામકાજમાં હાજરી દઈ અને કાર્ય પતાવવા પૂરતા. એ ગુરુ એમ નથી કે'તા કે હાલ મારી હારે હું તેને મોક્ષમાં ઉપાડી જાઉં. મનુષ્યજન્મમાં શાસ્ત્રો પોતે લખે છે, મનુષ્યો એથી ઉપર ભૂત, પ્રેત, પિશાચ વિગેરેની પલટન, સ્વર્ગના દેવતાઓ, ત્રણ લોક પછી મહર-જન-તપ એ ઋષિમુનિઓ અને પિતૃઓ અને સત્યલોક બ્રહ્માદિક દેવતાઓનો. ત્યાં સુધી બધાને ગુરુ કરવા પડે છે. ગુરુ હોય એ ભલે બે અક્ષર આપે - હરિ, ત્રણ આપે - શ્રીહરિ, પાંચ આપે - શ્રીહરિ નમઃ, છ આપે - સ્વામિનારાયણ. આઠ આપે - શ્રીહરિ શરણં મમ, બાર અક્ષર આપે - ૐ નમઃ ભગવતે વાસુદેવાય. નારદપુરાણમાં એક હજાર મંત્રો આવા લખ્યા છે, એમાંથી જેને જે ઠીક પડે એ ગુરુમંત્ર લઈ લે. ગુરુ મંત્ર લીધો ત્યારે કાનમાં, જીવમાં ઈ શબ્દનો અર્થ પેઠો કે હું નગરો મટ્યો, ગુરુવાળો થયો. બીજા પ્રાણીમાં એ જરૂર નથી. ત્યારે ગુરુનો અર્થ એને જીવમાં શું પેઠો ?

"ગકારસ્ત અંધકારસ્યાત રકારસ્ત નિરોધકઃ વિકારસ્ત નિરોધકીય, અંધકાર નિરોધિત્વા ગુરુહિત્ય વિધિયતે" 'ગ' નો અર્થ છે અંધારું, 'ક'નો અર્થ છે ઉકરડો, અંધારાને ટાળે. 'ર' એટલે નિરોધ, અંધારાને રોકે, ઉકરડાને

કાઢે. અંધારું એટલે અજ્ઞાન, અણસમજણ એને કાઢે, ઉકરડાને ફેંકી દે. એટલે મારૂં ને તારું ને કાકો ને મામો, ભાભી ને કાકી ને મામી ને, આ મારું ઘર, મારી ઘોડી, મારી ગાય, મારું મારું ને મારું એ બધાય ઉકરડા. ઈ ઉકરડાને ફેંકી દઈને ફૂલના ગુલાબના સારા બગીચા બનાવી દે., ઈ 'ર'નો અર્થ ઉકરડાને કાઢી અને 'ર' સંપત્તિ, 'ર' એટલે રાજાપણું અને 'ગ' એટલે ગધેડાપણું. ગધેડાપણું કાઢી અને રાજાપણું આપે. પશુપણું કાઢી અને અંજવાળું આપે, દારિદ્રય કાઢી અને રૈ એટલે સંપત, એ ઉપરથી રાજ સંપત્તિવાળો કરે. જીવને ભોગવવાના ઘણાય દુઃખ હોય એને ઓછા કરી, ટાળી અને એ ઠેકાણે સુખના બી રોપી દે. આવા અર્થ ગુરુ શબ્દના છે, ઈ અંધકારનો નિરોધી માટે ગુરુ.

પતંજલિ ઋષિએ એક સૂત્ર લખ્યું છે એમાં લખ્યું છે કે, બધાઈનો ગુરુ કોણ ? તો કે તે ત્યાંનો આહીં. ત્યાંનો ભગવાન અહીં પધારે ત્યારે અહીં આપણી જેવા થઈ ને રહે છે ને એ ઉપદેશ આપે એ ગુરુ. ''સ એષઃ તે આ. પૂર્વે સામપિ ગુરુઃ'' આપણી પેલાના, એની પેલાના એની પેલાના યુગના, એની પેલાના સત્યુગના, એની આગલા બ્રહ્માંડના, એની આગળના... હાલ્યા જ જાવ, હજારો બ્રહ્માંડ સુધી જઈ થાકી જાવ, પછી એમ થાય કે હવે ન્યાં ઊભા રહો ને, તો કે ઈ પૂર્વેસમ. સૌથી પહેલાં નંબરનો. એના બધાયનો ગુરુ, કેમ એમ એને ગણ્યો ? આ બીજા નહીં ? તો કે ''કાલેન અન્વછેદાત્'' મહાકાળને કોળિયો નથી કરી જાતો, બાકી કાયમી છે અને બીજા બધાય કાળથી મરી જાય. કાળથી મરી જાય ઈ અધૂરા ગુરુ કાળથી ન મરે તે પૂરા ગુરુ. માટે ગુરુનું નામ, ગુરુની મૂર્તિ, ગુરુનું પૂજન-પાઠ, ગુરુનું ધ્યાન, ગુરુને જમાડવા, ગુરુને અર્પણ ઈ સાચો ગુરુ. એ ગુરુની સેવા-ચાકરીરૂપી સત્સંગ, ધ્યાન, એ મોક્ષમાં લઈ જાય છે. કારણ કે એનું સિંહાસન બહુ ઊંચુ છે. એની વાંહે કોઈ પહોંચતું નથી, એને કોઈ દિ' કાળ અડતો નથી અને ઈ કોઈ દિ' કાંય ભૂલતા નથી. જીવ એકવાર શરણે આવ્યો હોય તોય પણ એને ભૂલતા નથી. એને ચોપડે જમા થઈ જાય છે કે આ ફલાણો, ફલાણો, ફલાણો પૃથ્વીમાં આવ્યો ને તે મારે શરણે આવ્યો. આ ગુરુ. તે ભગવાન

એનો વાચક એટલે વાણીમાં બોલાય એવું નામ પ્રણવ ૐૐૐૐૐૐ પેલા એ ખોળ્યું. બ્રહ્માએ પહેલું ૐૐૐૐૐૐ એમ કર્યું એટલે ભગવાને એ કહ્યું કે, ઈ મારું નામ છે. પછી ? અ ઉ મ ત્રણ છૂટા પડ્યા. અ ઉ મ. અ ઉ નો ઓ અને મ. ઓમ. તો પહેલો અક્ષર ઈ મારું નામ છે. અ. અકારો વાસુદેવસ્યાત્. બધાઈ અક્ષરમાં અકાર પેસે, બારખડીમાં. માટે હું સર્વત્ર વ્યાપક છું. એવો વાસુદેવ, એ હું પરબ્રહ્મ પુરુષોત્તમ ગુરુ છું, એ એનું નામ. અને એ નામને અનુસારે તો બીજા હજારો નામ છે.

શ્રીકૃષ્ણઃ શ્રીવાસુદેવ, નરનારાયણઃ પ્રભુ, સ્વામિનારાયણ સ્વામિ કાળદોષનિવારક. આ બધાય નામ. આપણે ગાય એમ નામ લઈએ ત્યાં તમને બધાય ને ગાય હજાર થઈ જાય. અહીં આવી જાય ને. એમ ગુરુ. એમ જ્યાં નામ લ્યો ત્યાં પરમેશ્વરની મૂર્તિ આખી દેખાઈ આવે. ઘણુંય મન થાય આંખું વીંચીને માળા ફેરવું ને ભગવાન દેખાશે. ઈ એનો અર્થ. નામ નામનો અર્થ, એમાં ભાવનાથી હેત કરવું અને ઈ હેત કરતાં કરતાં જે દિ' ભક્તિ વધી જાય અને આવરદા પૂરી થઈ જાય, એટલે ભગવાનનાં ધામમાં જવાય. ગાય ભેંસ કામમાં આવે ? ઝાડવા, વૃક્ષ-વેલી કાં કેળ્યું આવે કામમાં ? કાંઈ ન આવે, ગામ આવે ? ઈ તો નાખી આવો બહાર મહાણખળીમાં. બળ્યા ભેગા થઈ જાય, અહીંથી વયો જા, સગા સંબંધી આવે ? ઓ ઓ ઓ ક્યાં ગ્યો ? વ્યો ગ્યો ? અરે ભાઈ ગ્યો. અરે હાલ તો ખરો. ત્યાં તો બીજો વળી કહે, ઓ ના ના ના. આ આખી દુનિયામાં આમ જ છે. માટે સાચા ગુરુ ભગવાન. એને જોવા, એને પૂજવા, એને સંભારવા, એનું નામ લેવું, એનું બધું કરવું, એની માળા કરવી અને એની ભક્તિ કરવી.

✲ પરાવાણી - ૨૬ ✲

✪ સ્વાર્થ માટે ભક્તિ ન કરવી
✪ ભગવાનના પૂજારીએ સીખ લેવા જેવી કથા

શ્રીજી મહારાજે છપૈયામાં વિચાર કર્યો કે, અહીં છપૈયામાં હું લીલાચરિત્ર ચમત્કાર દેખાડું છું પણ અહીંના જનોને મારી ચમત્કાર ભરેલી ઓળખાણ કે આ ઘનશ્યામ છે, હરિકૃષ્ણ છે, પરમાત્મા છે, એવી થાતી નથી. એનું કારણ શું હશે ? ભગવાને જાણ્યું કે, જો મારી ઓળખાણ થાવા માંડે તો મારા લીલાચરિત્ર ગાવા માટે જે ચમત્કાર વાપરવા છે તેનું ટાણું ક્યારે આવે ? તો ન માને, ઉપદ્રવ કરે ત્યારે ચમત્કાર વપરાય અને પછી લીલાઓ ગવાય. એટલે શ્રીજી મહારાજે આંબાનો બગીચો રમવા પસંદ કર્યો, ત્યાં પધાર્યા અને કાળિદત્તે શાયંકાળનો વખત લીધો અને આસુરી માયા વડે કરીને વાવાઝોડું ઉપજાવ્યું, છોકરાઓને હેરાન કર્યા. બાળક એવા ઘનશ્યામને મારી નાખવા વાસ્તે પ્રયત્ન તો કર્યો પણ જન્મ અને મરણ તો ભગવાનના હાથની વાત છે એટલે કાળિદત્ત પોતે જ ભગવાનની ઈચ્છાએ કરીને જન્મ્યો હતો પણ મર્યો'ય ખરો અને તેણે એટલો ઉપદ્રવ કર્યો, તો ભગવાનના ચમત્કારો આપણે ગાઈએ છીએ કે, ભગવાનને એક રુવાડું પણ અડ્યું નહીં. પછી ભલેને આસુરી બુદ્ધિથી ભગવાનની સેવા-ચાકરી કે યોગ કર્યો પણ એને ભગવાનના સ્મરણ તો થયા કર્યાં. રાત-દિવસ સાંભરે. એ છપૈયાનો બગીચો કલ્યાણકારી થઈ ગયો. જેટલા યાત્રાળુ જાય તે કાળિદત્તને ઓટે દર્શન કરવા જાય. આવી રીતે ભગવાને તેને સજીવન કર્યું. એમ તમે

ભક્તજનો શ્રીજી મહારાજને ભજો છો, ભગવાનની ભક્તિ કરો છો. અને કથા-કીર્તન, ઉત્સવ, સમૈયો કરવો જોઈએ તેને માટે તમને આ છપૈયાના બગીચા જેવી ફૂલવાડી આપી છે, ભજન થાય તેટલું કરવું, ઉત્સવ કરવો, સમૈયો કરવો અને શ્રીજી મહારાજને ભજવા. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ઓળખાયા છે તેને ભજવા. એટલે ભગવાને જે જે લીલાચરિત્રો કર્યાં હોય તેને ગાવા, સાંભળવા તો તે મોક્ષ આપનારા થાય છે. શ્રીજી મહારાજ વંથળીને પાદર થઈને નીકળ્યા એમ ગ્રંથોમાં લખાયેલું છે, ત્યારે જે પાણા નદીમાં પડ્યા હતા, તેમાં બે ત્રણ પાણા હતા તેમાંથી એક પથ્થર મંદિરમાં લીધો. એક પથ્થર આ ફૂલવાડીના ઓટામાં ચરણારવિંદની નીચે છે અને એક પથ્થર ત્યાં પડ્યો રહેવા દીધો હતો તેનો ઉપયોગ ગ્રામપંચાયતે કર્યો. એવી પ્રસાદીની ચીજ ભગવાનને અડેલી ઈ મોક્ષ આપનારી છે એમ સમજીને એ પાષાણ શ્રીજી મહારાજ જેની પર બેઠેલા, ભક્તો બેઠેલા, સંતો બેઠેલા તે આપણે લઈ લીધા.

આ લોકની વસ્તુઓ વિનાશ પામનારી હોય છે પણ આપણને તો મોક્ષ આપનારી થાય. ભગવાના સંબંધ વડે કરીને મોક્ષ આપનારી થાય માટે ભગવાન જે જે સ્થળે બેઠા, ફર્યા, વિચર્યા, અલૈયા મોડાના ધરામાં ન્હાયા, જમ્યા, ખેતર, વાડી, બાગ, બગીચા, ઘરોમાં પધરામણી કરી. એવા ભગવાન આપણી ભેળા જ છે. આપણું કલ્યાણ કરનારા છે માટે એવા સ્વામિનારાયણ પ્રભુને, પ્રત્યક્ષ શ્રીહરિને, પુરુષોત્તમ નારાયણને જરૂર સંભારવા, પૂજા-પાઠ કરવા, પત્ર, પુષ્પ, ફળ, જળ વગેરે તેમને ચડાવવા, સવારે રોજ દર્શન કરવું, રોજ સાકર વગેરે ધરવા, દરરોજ સેવા-પૂજા કરવી, દરરોજ ને દરરોજ ભગવાનને નવા અને નવા રાખવા, નવા સમજવા, જૂના થવા દેવા જ નહીં. ભગવાન કાયમી આપણે માટે નજર રાખી રહ્યા છે.

છપૈયામાં લીલાચરિત્રો કર્યા પણ પીપળા ઉપર ચડીને જોયું કે, મારા ભક્ત કઈ દિશા તરફ છે ? તે સૌરાષ્ટ્ર તરફ છે માટે ત્યાં જાઉં. તો જુઓ, સૌરાષ્ટ્ર તરફ પધાર્યા. કેટલા બધા દેશો વચ્ચે હતા ? કેટલી ચીજો આડી આવી ? હિમાચલ જેવો પર્વત આડો આવ્યો તો ત્યાં પણ ન રોકાણાં. નહીં

તો હિમાચળે ભગવાનને રોકી રાખ્યા હોત તો હિમાચળમાં નર-નારાયણ બિરાજે છે. હિમાચળમાં કૈલાશના શિખરમાં શંકરનારાયણ બિરાજે છે. હિમાચળમાં અનેક સાધુ-પુરુષો બિરાજે છે. એમ ભગવાનને જો હિમાચળે રોક્યા હોત તો આપણા ભાગમાં ન આવત. પણ આપણા ભાગમાં આવવા માટે હિમાચળને આશીર્વાદ આપીને ચાલી નીકળ્યા. શ્રીજી મહારાજે કહ્યું, મુક્તાનંદ સ્વામી સાથે ઠરાવ કર્યો કે, આપણે તો ત્યાગ વૈરાગ્યવાળા છીએ માટે વનમાં વસીશું અને નિરાંતે ભગવાનનું ધ્યાન કરીશું. આમ શ્રીજી મહારાજે પોતે પુરુષોત્તમ નારાયણે શાંતિ મેળવવા વાસ્તે પોતાની સ્થિતિને સમજાવી. એમને તો અનેક પ્રકારની શાંતિ હતી જ. પણ તે આપણાં માટે એમ કહ્યું કે, તમે ભગવાનની ભક્તિ કરો, આવા પવિત્ર સ્થાનમાં બેસો, ધ્યાન, ભજન કરો, કીર્તન કરો. તમને ભગવાન વધારે વધારે સાંભરે.

ભગવાન આગળ ચાલ્યા તે આવરણ તો ઘણાં આવ્યા, રાજાઓએ સત્કાર બહુ કર્યા, એકલશૃંગીનો સત્કાર કર્યો તે લોમપાદ રાજાને ત્યાં એકલશૃંગી રોકાઈ ગયા. ગૃહસ્થી થઈ ગયા. ભગવાનને તીર્થ યાત્રામાં, વનવિચરણમાં મોટા મોટા લોકોએ રાજયઅધિપતિઓએ રોકી રાખવા વાસ્તે બધા ઘણાં ઉપચારો કર્યા. કુળ કુટુંબ સહિત અર્પણ થયા. કન્યા આપવાની તૈયારી કરી. ભગવાન પ્રભુ ધારે છે કે, આ આખું જગત મારું છે એમાં વળી આ કન્યા ને ઓ કન્યા ઈ શું ? આ તો મારે જીવના કલ્યાણ કરવા છે માટે ક્યાંય રોકાવું નથી. મારા ભક્તો પાસે જઈને રોકાઈશ. આ લોકનું બંધન શ્રીજી મહારાજે આવવા દીધું નહીં. કેવી મહેરબાની ! શ્રીજી મહારાજ કહે છે કે, હું સંતની ભેગો રહું છું. સંતમાં વિચરું છું. સંતના મધ્યે પ્રગટ થઈને રહું છું. માટે સંતોમાં એ ભગવાન રહેવા રાજીખુશી છે. વન અને અરણ્યનો અર્થ જ ઈ. ભગવાનના એકાંતિક સત્પુરુષો રહેતા હોય એ ભૂમિ વનભૂમિ છે. ભગવાનના એકાંતિક ગૃહસ્થો વસતા હોય, સત્સંગીઓ વસતા હોય તે અરણ્ય ભૂમિ છે. આગળ જૂના જમાનામાં બ્રાહ્મણો જ્યાં વસતા એ નગર, પૂર વિગેરેને આરણ્યક એમ કહેવાતા. અરણ્યમાં વસે એ આરણ્યક. તમે બધા ભગવાનની ભક્તિ કરો છો માટે આરણ્યક જ છો. અરણ્યમાં વસો

છો. તમને જગત બાધ કરતું નથી. નાવા-ધોવા વગેરે કેવા પૂજા-પાઠ વગેરે કેવા બ્રાહ્મણના ધર્મ પાળો છો અને બીજા પણ કાન પકડી જાય કે ઓહોહો આવો ધર્મ આ બધા પાળે છે તો જરૂર મોક્ષમાં જશે. આપણે પણ એવો ધર્મ પાળીએ તો જરૂર મોક્ષમાં જશું. એમ તમારો પડઘો પડે છે.

શ્રીજી મહારાજે તીર્થોમાં ઘણે ઠેકાણે વિચરી વિચરીને જોયું કે, આ દેશ ભલો સેવક કે મારો સૌરાષ્ટ્ર સેવક ભલો ? પછી મહારાજ જગન્નાથજીની મૂર્તિમાં બિરાજમાન થયા. એક મહિનો સુધી મૂર્તિમાં રોકાણા. ઈન્દ્રદ્યુમ્નના સરોવરને કાંઠે પણ બેઠા હતા અને અહીંયા મૂર્તિમાં અંતર્યામી તરીકે બેસતા હતા. પછી પૂજારીનો ભક્તિભાવ જોયો કે ભક્તિ તો કરે છે; પૂજારી છે. મને ભગવાન માનીને મારી પૂજા-સેવા બધુંય કરે છે પણ મારા સૌરાષ્ટ્રના ભક્તો એનો જે પ્રેમ એ પ્રેમનો પ્રવાહ આનામાં વહેતો નથી. ભક્તજનને અને પૂજા કરનારને પ્રેમનો પ્રવાહ તો હોય નહિંતર પૂજા કરવી ટકે નહીં. પણ કેવો હોય ? ક્યાંક સ્વાર્થનો ભરેલો પ્રેમનો પ્રવાહ હોય, અને ક્યાંક સ્વાર્થ વિનાનો કેવળ રાજી કરવા, એવો પ્રેમનો પ્રવાહ હોય.

જગન્નાથજીનો પુરાણોમાં એક દાખલો લખ્યો છે બ્રાહ્મણ પૂજારી હતો, પ્રભુને વાસ્તે થાળ કરતો, એને ભગવાનમાં પ્રેમ હતો. ભગવાને પણ એની પરીક્ષા કરી. જેમ સ્વામિનારાયણ ભગવાને મૂર્તિમાં રહીને પરીક્ષા કરી તેમ ઈ પૂજારીની પરીક્ષા કરી. પૂજારી થાળ કરે અને પાણી રસ્તે છાંટવા જાય, મૂર્તિ સુધી જઈને વળી પાછો આવે ત્યાં થાળ ન હોય; થાળ ઉપડી જાય. કોઈ લઈ ગયું ખબર નહીં. પૂજારીને એમ થયું માળો કોક ઉપાડી ગયો. હવે બીજીવાર થાળ કરું અને ઠાકોરજીને ધરું. બીજીવાર થાળ કરે એય ઉપડી જાય. પછી થાકીને બેસી રહે, સૂઈ જાય. એમ બીજે દિવસે'ય થયું. ત્રીજે દિવસે'ય એમ જ થયું. ચોથે દિવસે'ય એમ થયું, પાંચમે, છઠ્ઠે અને સાતમે દિવસે પણ આમ જ થયું. સાત દિવસ સુધી થાળ ઉપડી ગયા. પૂજારીએ સાત દિવસ સુધી મોઢામાં અન્ન, જળ કાંઈ ન નાખ્યું. મારા ભગવાન ન જમે ત્યાં સુધી હું જમું નહીં અને પાણી પીઉં નહીં. આ કોક અસુર કે રાક્ષસ આવે છે તે મારું બધુંય અભડાવીને લઈ જાય છે માટે ભગવાન મારી રક્ષા કરો.

જગન્નાથજી ભગવાને જોયું કે, આ પૂજારી મારા માટે મરી જાશે માટે હવે તો મારે એને દર્શન દઈને કહેવું જોશે કે ભક્ત, હું તો તારી કેટલી શ્રદ્ધા છે તે જોવા માટે આ સાત દિવસથી તારી પરીક્ષા કરું છું. જોઈ લે થાળ મારે ત્યાં જ આવે છે અને હું જમી જાઉં છું. પણ તું થાળ ધર ને હું જમું, તો તને મારામાં કેટલી ભક્તિ છે એની પરીક્ષા કોણ કરે ? માટે તારી ભક્તિ જેટલી છે એટલી મારે દેખાડવી છે. એટલે હું થાળને છાના લઈ જતો હતો. હવે કે થાળ ધર. ઈ સાતમે દિવસે થાળ ધર્યો. થાળ ભગવાન જમી ગયા. ઈ થાળ ભગવાને આમ રોળવી મેલ્યો જે પગથિયાંથી હેઠો જઈ અને કોળિમાં કંઈક ભાતના દાણા વગેરે બચ્યા હશે તે ઢોળાઈ પડ્યા. એ રીતે થાળ, એની પ્રસાદી એ બધું ત્યાં છૂટું-છવાયું પડી ગયું. પૂજારીએ જાણ્યું, ઓહોહો ભગવાન મારે માટે આટલા બધા રાજી છે ? પછી હાથ જોડીને પૂજારીએ કહ્યું, "મહારાજ, તમે તો મારા ઉપર બહુ કૃપા કરી નહિંતર મારા જેવો આ જગતનો જીવ તેને ભગવાન ક્યાંથી મળે ? પણ તમે મારા ઉપર એટલી બધી કૃપા કરી છે કે, આ મારા હાથની રસોઈ આપ જમો છો અને આ થાળ હેઠા પડી ગયા, પ્રસાદી થઈ, આ દાણા પ્રસાદી થઈ. તો હાલો મને કંઈક વરદાન આપો, મારે કંઈ જોઈતું નથી પણ વરદાન એવું આપો કે જીવોના કલ્યાણ થાય. મારું કલ્યાણ કર્યું એવા કલ્યાણ થાય.

ત્યારે જગન્નાથજી ભગવાને કહ્યું કે, બ્રહ્મદેવ મને જે થાળ ધરાય છે, ઈ ચોખાના દાણા સાવ પવિત્ર જેને આભડછેટ નથી એટલા બધા પવિત્ર ગણવા. અને ઈ ભાતના દાણાને આ જગતનો જે કોઈ માણસ આવશે અને ખાશે તેના પાપ બળી જશે, ખરો ભક્ત થશે અને બ્રહ્મલોકનો અધીકારી થશે. આ હું તને આશીર્વાદ આપું છું. જગન્નાથજીનો ભાત જમે એમાં આભડછેટ નથી, જગન્નાથજીનો પ્રસાદ ભાતના દાણા એ આખા ભારતના ભક્તોને દેશ-દેશાંતરોના ભક્તિ કરનારા ભક્તોને જમવા માટે છૂટ આપી છે એ ભગવાને પોતે કહ્યું છે. પૂજારી બહુ રાજી થયો. તેણે કહ્યું કે, મહારાજ આ તો તમે કરોડોના કલ્યાણ કરશો. તો પ્રભુ કહે, તારી ભક્તિ વડે હું રાજી થયો માટે તારો આ દાખલો રહેશે અને જે કોઈ ભાત જમશે તેના કલ્યાણ

મારે કરવા છે. આમ રાજી થઈ અને ભગવાન અદ્રશ્ય થઈ ગયા. પછી પૂજારી દરરોજ થાળ કરતા.

સ્વામિનારાયણ ભગવાને આવો બધો ભક્ત પૂજારી હતો એ પાંચ હજાર વર્ષ પહેલાની વાત હતી કે જે પુરાણમાં લખાઈ ગઈ છે. ઈ શ્રીજી મહારાજે વિચારીને જોયું કે, આ અટાણના જમાનામાં હવે જગન્નાથજીની પૂજા એવી ભાવનાથી કરે છે કે કેમ ? એ જોવા માટે સ્વામિનારાયણ ભગવાને જગન્નાથજીની મૂર્તિમાં પ્રવેશ કર્યો. એક મહિના સુધી બરાબર જોયું, ત્યારે પાંચ હજાર વર્ષ પહેલાનો પૂજારી જેવો ભક્ત હતો એવી ભક્તિ, એવી મર્યાદા ચાલુ પૂજારીમાં ઓછી દેખાણી. ચાલુ પૂજારીમાં શું જોયું ? ભક્તિ તો ખરેખરી, કલ્યાણ કરે એવી, ભાતની હાંડીયું ખૂબ ચડાવે, ઠાકોરજીને ધરે, ખાય-પીએ, હજારોને જમાડે, પણ એમાંય એક હકીકત વધારે લોભની પેસી ગઈ કે ભાત વેચવા માટે સંઘરો કરે, ભક્તો આવે એને એમ ને એમ આપી દેવો એમ ન આપે. એના પૈસા લઈને આપે. ભગવાનની પ્રસાદીનો ભાગ વેચાણ હકમાં વયો ગયો. ત્યારે ભગવાન કરતાં, ભગવાનની પ્રસાદી કરતાં, જીવોના કલ્યાણ કરતાં, નગદનારાયણમાં પૂજારીને વધારે પ્રેમ થઈ ગયો કે પૈસા આપે તેને દેવો બાકી ન દેવો. સાંજ સુધી વેંચ્યા કરે. હવે આવી ભાવના થઈ જાય છે કે ભગવાનની પ્રસાદી છે, ઠાકોરજીની પ્રસાદી છે, એમાંથી પૈસા કમાઈ લ્યો. આવી કમાવાની જો ભાવના થઈ જાય તો તો મજૂરી થઈ ગઈ. પોતાનો જીવનનિર્વાહ થઈ ગયો. એટલે ભક્તિ મુખ્ય રાખે પણ જીવનનિર્વાહ કે લોભ ન રાખે એ વધારે શ્રેષ્ઠ છે એમ શ્રીજી મહારાજે જણાવ્યું. માટે ભક્તિ ભાવ કરવો પણ સ્વાર્થ વાસ્તે નહીં.

ભગવાન પોતે એમ કહે છે કે, સત્સંગ કરવો તો મોક્ષને વાસ્તે કરવો, ભગવાનને રાજી કરવા કરવો પણ નાણાં આવતા નથી તે ભગવાનનો સત્સંગ કરીએ તે નાણાં ખૂબ આવે, છોકરા મરી મરી જાય છે તે ભગવાનનો સત્સંગ કરીએ ને આશરો કરીએ તો છોકરા જીવતા રહે, ઢોર મરી મરી જાય છે તો ભગવાનનો આશ્રય કરીએ તો બળદ વગેરે જીવતા રહે. આ લોકમાં ક્યાંય માન મોટપ નથી અને જો ભગવાનનો આશરો કરીએ તો

માન મોટપ મળવા માંડે. ક્યાંય નોકરી-ચાકરી મળતી નથી, હાલોને કંઠી બાંધી લઉં તમારા ભગવાન જબરા છે. અરે હાલને ! તને આશીર્વાદ દેવડાવી દઉં તને તરત નોકરી લાગી જાય. એ ઓલો ફૂલાય અને આવે ભગવાનને શરણે કે મહારાજ, આને નોકરી લાગતી નથી, નોકરી લગાડી દો. હવે જા નોકરી લાગી જશે, હવે ભગવાનનાં પુણ્યથી એને નોકરી કરવી છે ઈ ક્યાંથી થાય ? એનામાં પુણ્ય નથી, પણ શરણે આવે એટલે ક્યાંક વચન ફળી જાય. આમ ભગવાનના ભક્તો ભગવાનને માટે જો તન, મન, ધન વડે સ્વાર્થ વિના આશરો કરે તો એને બધુંય થાય છે. પણ સ્વાર્થ માટે જો આશરો કરવા જાય તો થોડીક વારમાં જે'દી મન પૂરું ન થાય તે'દિ પાછો પડી જાય. સત્સંગ ત્યજી બજીને ચાલ્યો જાય. લે તારી કંઠી ! આ તો આશરો કર્યો તોય મારું તો કાંઈ થયું નહીં, અલ્યા એય તેં મને કહ્યું હતું ને તારો ભગવાન છે મને આપશે નોકરી, સારું કરાવશે, કે રોગ મટાડશે. કાંઈ કર્યું તો નહીં. તું ખોટો ને તારા ભગવાને'ય ખોટા. તો બહાર વાત સાચી છે પણ બોલનારો ખોટો પહેલો.

માટે શ્રીજી મહારાજે આવી પરીક્ષાઓ કરી કે, ભક્તમાં કેવું હોવું જોઈએ ? તીર્થોમાં વિચર્યા, જગન્નાથજીમાં રહીને પૂજારીનો ભક્તિભાવ જોયો. ભગવાને જાણ્યું કે અહીં તો કોક દિ' આવવા જેવું છે, કાયમ રહેવા જેવું નથી માટે ચાલી નીકળ્યા. ઘણાં ઘણાં અરણ્યોમાં વિચર્યા. સેવકરામ નામનો સાધુ મળ્યો એની સેવાઓ કરી, એનો દાખલો બેસાડવાને કે હું ભગવાન છું, મારે વાંહે ઘણાં માણસો દોડશે, સેવા કરશે, વિચરશે અને આવશે, સ્વાર્થથી આવશે'ય ખરા, આશીર્વાદ માંગશે'ય ખરા. રાજા અને પ્રજા એ બધાયમાં કાંઈક કાંઈક ઈચ્છાઓ તો રહેલી જ છે. આ લોક અભ્યુદયને માંગે જ છે, મોટાઈને માંગે છે. એ મોટાઈને વાસ્તે દોડશે તો એ બધાને એના પ્રારબ્ધ પ્રમાણે મળ્યા કરશે અને નવી મારી ભક્તિ કરશે તો કંઈક વધારે મળશે પણ આ તો પરબારું બીજાની સંપત્તિ માંગી લેવી અને મારું કરી બેસવું એવું ભગવાનની પાસે સંપત્તિ માંગી લ્યે. પ્રારબ્ધ હોય નહીં અને માગી લઈને વાપરવા માંડે એ કેટલા દિ' રહે ? એમાં કંઈ સુખદાયી ના

નીવડે. માટે મારે એવો એકાદો દાખલો તો બેસાડું. સેવકરામ સાધુ ભેગો હતો ભગવાને એની સેવા-ચાકરી કરી, કેળની પથારીઓ કરી દીધી. એને નવરાવતા, ધોવરાવતા, એને રસોઈ કરીને જમાડતા. મહારાજે ત્યાં સુધી કહ્યું કે, મને એણે કોઈ દિ' એને એમ ન કહ્યું કે અમારી સાથે તમે જમો. હું તો કહે ભિક્ષા માંગીને ખાઈ આવતો. માટે નામ સેવકરામ, એવા હોય ઈ ભગવાનની પાછળ બહુ પડે એટલે એનેય ઘણુંય મળી જાય પણ ફળે નહીં.



⁂ પરાવાણી - ૨૭ ⁂

✪ નિષ્કામભાવે ભક્તિ કરવી
✪ સત્સંગમાં માન-અપમાન સહન કરીને નિર્માની થઇને રહેવું

આ પૃથ્વીમાં વિચરવામાં ધ્યેય તો ઈ જ કે મારે મારા ધામમાં લઈ જાવા છે, ભગવાન કોઈના બંધનમાં આવતા નથી પણ ભક્તના બંધનમાં આવી જાય. દાદા ખાચર એવા ભક્ત કે એમના બંધનમાં આવ્યા, જીવુબા લાડુબા એવા ભક્ત તે ભગવાન ત્યાં રોકાણાં. બીજા ઘણાંય ભક્તો હતા પણ ક્યાંય રોકાણા તો નહીં. માટે એકાંતિક ભગવાનના ભક્તો ઈ ભગવાનને એકાંતિક સેવવા માટે જ ભજે છે. જ્યાં જ્યાં શ્રીજી મહારાજ પૃથ્વીમાં વિચર્યા ત્યાં એકાંતિક ભક્તો થયા એને મહારાજે કહ્યું, બહું સારું તમે કહેશો એમ કરશું. જૂનાગઢમાં ઝીણાભાઈએ કહ્યું, મંદિર કરો તો કહે બહુ સારું. મંદિર કર્યું. ઘોલેરાના દરબારોએ કહ્યું, મહારાજ મંદિર કરો. તો કે બહુ સારું. મંદિર કર્યું. ગઢપુરમાં કહે આંહી મંદિર કરો તો એ બહુ સારું મંદિર કર્યું. જોબનપગીએ કહ્યું આંહી મંદિર કરો. તો મહારાજ કહે, બહુ સારું આંહી મંદિર કરશું. આવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તોને એકાંતિક જાણીને ત્યાં મંદિર કરીને રોકાણાં. એમ તમે બધા વંથલી ગામના છો, વંથલીમાં રહો છો તમારી ભક્તિ સારી છે અને તમે મંદિર કર્યું છે અને કરો તો ભગવાન મંદિરમાં વાસ કરીને રહેશે, રહેલા છે અને વધારે રહેશે. પણ આપણે મંદિર તો કરવું જોઈએ.

મોટી મૂર્તિઓ જૂનાગઢના વચલા ડેરામાં છે એ લેવા ગયા ત્યારે શિલ્પીએ કહ્યું હતું કે, આવી મોટી મૂર્તિઓ ક્યાં પધરાવશો ? એનું મંદિર તો લાખો રૂપિયાનું જોઈએ. તો કહે, હવે મંદિર જેવું છે એ એવડી જ એના માપની જ આ મૂર્તિઓ અમે લેવા આવ્યા છીએ. માટે આપણાં હૃદયને મંદિર બનાવવું, એમાં ભગવાન રાખવા. જીવને શાંતિ થઈ જાય એમ કરવું. થોડાં વર્ષ રોકાય ઝાઝા રોકાય, સાજા રહે કે માંદા રહે, સેવા થઈ શકે કે નાં થઈ શકે પણ ઓળખાણની વાત છે એ બહુ જબરી છે. ઓળખાણ છે એ છેવટે કામ આવે અને આ લોકના રીત-રિવાજ છે એ તો થોડા ઘણાં કામ આવે અને વળી મટી જાય. માટે ભગવાન ઈ ભગવાન અને હું ભક્ત ઈ ભક્ત. મારે ને ભગવાનને થોડુંકે'ય છેટું નથી. એમ ભગવાનમાં હેત બાંધી અને કામકાજ કર્યા કરવા. આ જગતમાં તો જન્મ્યો, થોડાંક વર્ષો રહ્યો અને ચાલતો થઈ જાય. ત્યારે જનમ પહેલાં'ય ભગવાન હતા, અહીં રહ્યા તોય ભગવાન હતા અને ચાલતો થશે ત્યારે ભગવાન ભેગા આવશે. એ સમર્થ છે માટે સંભાળ લેશે. આખું જગત માયાનું છે એમાંથી બહાર કાઢવો એ તો ખરું કહ્યું કરનારો હોય એને બહાર કાઢે, પોતાનું ધાર્યું કરાવે ભગવાન પાસે તો ભગવાન કંટાળી જાય કે હવે એનું ને એનું ધાર્યું કરાવે છે, વારંવાર વાંહે પડ્યા છે. કાય નહીં, મેલો ને પડ્યું. એમ કંટાળો'ય આવી જાય.

શ્રીજી મહારાજ બધે ફરતા, કાઠી અસવારો હારે રાખતા, સાધુ-સંતો પોતાના જ હતા. જ્યાં જ્યાં જાય ત્યાં મૂળજી બ્રહ્મચારીને ભેગા રાખે. મહારાજને એ ગમ્યા હતા કે આપણું કહ્યું કરે છે. મહારાજ એકવાર થોડાક ઉદાસ થઈને કહે કે, અમારે ગુજરાત ફરવા જાવું છે. વડનગર, વિસનગરનો ને ખેડા જિલ્લાનો સૂબો છે, ઈવડો ઈ આડો ફરે છે, અવળો હાલે છે માટે એને પ્રતાપ દેખાડીને સત્સંગી કરાવો છે. પછી રાતે એકલા ઊઠીને હાલતા થઈ ગયા. મૂળજી બ્રહ્મચારી એ સૂતા રહ્યા. અરે મહારાજ તો વયા ગયા ને હું એકલો થઈ રહ્યો. હવે બધાય મને ઠપકો દેશે. મહારાજ ઉદાસ થઈને ક્યાંય વયા ન જાય. મૂળજી બ્રહ્મચારી કહે ન જાવા દઉં. પછી બ્રહ્મચારી ઊઠીને ગયા રાધાવાવે. મહારાજ ત્યાં હશે, મળ્યા. મહારાજ કહે, પાછો

ભાગી જા, મારે ભેગો નથી લઈ જવો. બ્રહ્મચારી કહે, મહારાજ પણ હું તમારા વિના જીવતો ન રહું ને ? મારે શું કરવું આંહી ? તમે જ્યાં લઈ જાવ ત્યાં હું હારે આવું. મહારાજ કહે, મારે નથી લઈ જવો. મારે એકલું જાવું છે. બ્રહ્મચારી કહે, કોની કોર જાવું છે ? મહારાજ કહે, અમારે ઓલા સૂબાને મળવા જવું છે. તો બ્રહ્મચારી કહે, ઈ તો તમારો વિરોધી છે. ઈ તો તમને કેદમાં નાખશે. મહારાજ કહે, તને આ હું પાછો વાળું છું ને નથી જાતા, તમે શું સમજીને નથી જાતા ? તો બ્રહ્મચારી કહે, તમે ભગવાન છો. મહારાજ કહે, હું ભગવાન હોઉં એમ તમે જાણો છો તો પછી સૂબો તો માણસ છે. ત્યાં ધાર્યું તો મારું થાશે ને ? બ્રહ્મચારી કહે, મહારાજ કેમ નથી હારે લઈ જાતા ? મહારાજ કહે, તો ચાલ, તુંયે. મૂળજી બ્રહ્મચારી કહે, મારા જેવો સેવક નહીં મળે માટે હું હારે આવું. પછી મહારાજ લઈ ગયા. એમ ભગવાનને પણ ગમી જાય એવો ભક્ત હોય કે ક્યારેય મન ઉદાસીન ન થવા દે. ભક્તિ તો આવી કરવી. આવી ભક્તિ કરતાં કરતાં ધામમાં જવાશે. પછી આ ઘર-કુટુંબ, પરિવાર ઈ કાંઈ ભેગું નહીં આવે. આ વંથલીના ખોરડાને ઈ બધું'ય પડ્યું રહેશે. આ ગામ ને, ગામનો ટીંબો ને, નાણાં બધું'ય પડ્યું રહેશે. કંઈ ભેગું આવવાનું નથી. ખેતર વાડીએ'ય પડ્યા રહેશે. ભગવાન હારે આવે અને ભગવાન ભેગા જાવ અને ધામમાં મોજ કરો. આવી ઈચ્છાથી ભગવાનને ભજવા.

શ્રીજી મહારાજ પોતે ઉપદેશ આપતા ફરતા કે, મોટા મંદિરો કર્યા શું કામ ? તો આ ઘણાંય જીવોનો સમાસ થાય. મૂર્તિઓને અંગે ભગવાનનું ભજન થાય અને ધામમાં જવાય. જો ઉદાસપણું રાખ્યું હોત કે સન્યાસીપણું રાખ્યું હોત તો કોઈ ને રોટલો'ય ખાવા ન મળત. પણ આ સહેજે સહેજે હરિભક્તો કમાય છે, ધર્માદા કર્યા કરે છે, રોટલા, નાણાં, દાણાં પાણાં આવ્યા કરે છે. સંતો ભજન કરે છે, ભગવાનની આરતીઓ વગેરે થાય છે. દેશ-દેશાંતરમાં ઠેકઠેકાણે સાંજે સવારે અમારું ભજન થાય છે. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એવું ભજન કરનારાને આ જગતમાંથી મન શાંતિવાળું થઈ અને ધામ તરફ વળી જાય છે. એને બંધન રહેતું નથી. માટે

કોઈપણ પ્રકારનું બંધન ન રહે એવી રીતે ભગવાનની ભક્તિ તો કર્યા કરવી.

ભગવાન તો જીવમાં બેઠા છે, આપણાં નેત્રોમાં બેઠા છે, હાથ-પગ વગેરેમાં બેઠા છે, વૃક્ષ-વેલીમાંય બેઠા છે. જેને ભગવાનમાં હેત છે એને ભગવાન સંભાર્યા કરે છે. ભગતને એમ થાય કે, કેમ મારી સામું ભગવાન જોતાં નથી. મને ભગવાન બોલાવતા નથી. શ્રીજી મહારાજ કહે, ઈ એના રૂડા સારું હું નહીં બોલાવતો હોઉં. મારે તો એનું ભલું જ કરવું છે. માટે ભક્તોનું ભલું કરવા ભગવાન વિચરે છે, જગતના સુખ-દુઃખ વેઠે છે, ભક્તોની સારું થઈને તપ કરે છે અને છપૈયામાં જોયું'તું કે સૌરાષ્ટ્રમાં મારા ભક્તો ખરેખરા છે માટે ત્યાં જાવું છે. એટલે આખું દક્ષિણ મેલી દીધું. નર્મદા મેલી દીધી, તાપી નદી મેલી દીધી. મોટી મોટી જગ્યાઓની મહંતાઈ મેલી દીધી. ક્યાંય ન રોકાણાં, ગુજરાત કેવો દેશ છે મજાનો, રળિયામણો ! પણ ત્યાં ન રોકાણાં અને હાલી નીકળ્યા. મારે તો રામાનંદસ્વામી પાસે પહોંચવું છે. સુખાનંદ સ્વામી ને બીજા બીજા સાધુઓ છે ત્યાં જઈને ઊભું રહેવું છે. તે ઉના, દેલાવાડાથી આરંભીને આનીકોર ગર્ય આવી તે, ગરના ગામડાંઓમાં હાલતાં હાલતાં પહોંચી ગયા અને લોજ, માંગરોળ આવીને રોકાઈ ગયા. ભગવાને કહ્યું એમ બધાએ કર્યું, માટે રોકાણાં. રામાનંદ સ્વામીમાં વગર દેખે હેત હતું. તો સ્વામીની વાટ જોઈને રોકાણા.

રામાનંદ સ્વામી કહે, ભગવાનને કાંઈ નડતર ન કરે. તે તમે સોનાનાં સાંકળા પહેરજો, વિંટીયું પહેરજો, મુગટ માથે ધારણ કરજો, કાનમાં કુંડળ પહેરજો, કંઠમાં સોનાની માળા પહેરજો અને બાઈઓને પણ ઉપદેશ દેજો. ભક્તજનોની સેવા-ચાકરી અંગીકાર કરજો. તમને કાંઈ પણ બંધન નહીં કરે. તમે નિર્લેપ છો, અક્ષરધામના ધામી છો. તમારી મૂર્તિ પાંચ ફૂટની બીજા દેખે છે પણ અમે તો ઠેઠ અક્ષરધામમાં બેઠેલી મૂર્તિ દેખીએ છીએ. તમે કંઈ કોઈને લઈને નાના થઈ ગયા એમ નથી. તેમ તમે આ લોકને લઈ અને માયામાં લપટાઈ ગયા એમે'ય નથી, માયા તો બધી તમારા ચરણમાં દાસીઓની પેઠે ફરે છે અને માયા પણ જો ભગવાનના જોગમાં આવે તો માયા છે એ અક્ષરધામરૂપ થઈ જાય. પછી માયાપણું રહેતું નથી. માટે

રામાનંદ સ્વામીના કહ્યા પ્રમાણે અમને આજ્ઞા થઈ એટલે વસ્ત્રો, ઘરેણાં વગેરે પહેરીએ છીએ. પણ સ્વામીએ કહ્યું કે, સત્સંગમાં રહેવું હોય તો થાંભલાને બાથ ભરીને રહેવું પડશે. એટલે અમે તરત થાંભલાને બાથ ભરી. મુક્તાનંદ સ્વામી કહે એમ નહીં, એનો અર્થ ઈ કે થાંભલા જેવા જડ માણસો હોય એની હારે પણ તમારે મેળ કરીને રહેવું પડશે, થાંભલો ખેસવ્યો ન ખસે પણ માણસને ખસવું પડશે, તેમ અડબંગ હોય એણે હઠ કર્યો હોય તો ઈ હઠ ન મેલે પણ ગુરુ હોય એણે હઠ મેલીને એની હારે રહેવું પડે. માટે સત્સંગમાં જે માન-અપમાન સહન કરશે તે જીતી જશે અને સામો થશે તે પડી જશે. માટે નિર્માની થઈ અને સત્સંગમાં જીવન કાઢવું.

સત્સંગ ઓળખાણો એ બહુ મોટી વાત છે. ભજન, પૂજન, કથા-વાર્તા, ધ્યાન, સ્મરણ જેટલું થાય એટલું કરતા જ રહેવું. કમાવું, ઉદ્યમ કરવો, પ્રભુ ભજવા અને સારી અવસ્થાઓ ગાળવી. થોડું જીવવું અને બહુ ઝાઝી ઉપાધી કરવી ઈ તો અજ્ઞાની માણસો કરે છે. છતાંય કંઈક લક્ષ્મી અને સંપત્તિ એવું બધું જોઈતું હોય તો ઉદ્યમ કરવો પછી મનને પૂર્તિ થઈ જાય કે હવે ઘણું થયું. એટલે ઉદ્યમ ઓછો કરી નાખવો, તો સત્સંગનું સુખ લઈ શકાય. શ્રીજી મહારાજ કહે મંદિર ઘણાંય થયા, સાધુ ઘણાંય થયા, આચાર્ય સ્થાપ્યા. બધુંય થઈ ગયું. હવે આયા રહેવું નથી, વયું જાવું છે. શું કામ ? તો કહે, હવે આપણે આપણું કામ નથી અહીંયા. અરે મહારાજ વયા જાવ તો આ બધું નોંધારું થઈ જાય ને ? ઉદાસ થઈ જાય. તંયે શું કરશો ? તો કે જળમાં કમળ નિર્લેપ રહે એમ રહેવું. ભક્તોને સુખ દેવું, આનંદ દેવો, દર્શન દેવા, બીજો શું તમને વાંધો છે ? મહારાજ કહે, ઈ ખરું પણ આ ઉપાધિ અમને ગમતી નથી. બધાયના ઝઘડા અમારી પાસે આવે એ અમને કાંઈ ઠીક પડતું નથી. તો કહે, મહારાજ ઝઘડા પતાવે એવા ચાર સદ્‌ગુરુ બનાવો. પછી નિત્યાનંદ સ્વામી વગેરે ચાર જણાંને તકિયા આપ્યા કે આ સદ્‌ગુરુ અમારે ઠેકાણે છે. હવે તમારે જે કંઈ કામ પડે ઈ એને ત્યાં જજો. એમ બધા ઝઘડા પતાવવા સારું થઈને અને સારા સારા ભક્તજનોને સેવકોને આગળ કર્યા હોય તો એની પાસે ઝઘડા પત્યા કરે.

ભગવાન અલખ નિરંજન ઓલિયા છે. એને કોઈનીય પરવા નથી, કોઈને દુઃખ દેવાના નથી, પાછા સુખિયા છે, પોતાના સુખે સુખિયા બીજાને રાખે'ય છે. માટે તમે કમાવ, ખાવ લ્હેર કરો, વાપરો, મંદિર કરો, ઉત્સવ-સમૈયા કરો અને એમ માનો કે આ બધું ભગવાન લેખે કરીએ છીએ. અક્ષરધામને માટે ઓરડા તૈયાર કરી રાખવા આ લોકમાં. એટલે ત્યાં સુખી થવાય. અને નિષ્કામવૃત્તિ રાખવી. મહારાજ આટલું મને આ કરી દો તો ઠીક. આટલું સિદ્ધ થઈ જાય તો ઠીક. એમ કર્યા કરે એને તો આખી જિંદગી વઈ જાય છે. કોઈ દહાડો એને શાંતિનો વખત મળતો નથી. કારણ કે ટેવ પડી ગઈ. કેવી ટેવ પડી ? તો ઓણ શિયાળે ચણિયાબોર આપણા ખેતરમાં સારા આવે ભગવાન કરે તો ઠીક. અહીં મોટી બોરડી છે એમાં સારા બોર ભગવાન આપે તો ઠીક, આંબલીને સારા કાતરા આપે તો ઠીક, ગાય વિંયાય તો સારી પેઠે દૂધ થાય તો ઠીક. આ ત્રણેય બેનું જ આપી છે ને દીકરો થાય તો ઠીક. ખેતીમાં વાવ્યું છે ને જો સારું પાકે તો ઠીક અને આ ગૂમડું થયું છે મટી જાય તો ઠીક અને આ ભાવ વધી જાયને તો ઠીક અને પેટમાં પચી જાય તો વળી વધારે ઠીક અને આ ખોરડા ઉપર નળિયાં દેશી છે તો સારા નળિયાં થાય તો ઠીક, બે માળ થઈ જાય તો બસ. ઈ તો બધુંય થવાનું જ છે. ભગવાન રાજી થયા તો એને બધુંય થવાનું જ છે. આ લોકના શેઢા સીમાડા ઈ તો પરાણે સારા થાવાના જ છે.

વરસાદ વરસે ત્યારે મોલ થાય. ભગવાનનો રાજીપો થાય ત્યારે સુખિયા થઈ જવાય, સંપત વધે, મેડિયું થાય, કુળ કુટુંબ સારું થાય, ભણ્યા પછી પણ સારું થાય. આમ ભગવાનને આધારે બધુંય થાય છે પણ એમાં સકામ ભાવના કાયમ કર્યા કરે અને નિષ્કામ ભાવના કોઈ દિ' ના કરે. ભગવાન જાણે માળો આ તો એકલો સકામ ને સકામ. મને આપો, મને આપો એમ જ કર્યા કરે. અરે ભાઈ, ભગવાન રાજી થઈને તમને અપાઈ ગયા હવે બીજું શું જોઈએ છે ? માટે તન, મન, ધન વડે ભગવાનને સેવી લેવા, સેવવાનું ટાણું છે. ઓળખી લેવા, ઓળખવાનું ટાણું છે. ભક્તિ આદિ કરી અને ધામમાં જાવાની લાયકાત મેળવી લેવી એનુંય ટાણું છે, પછી

ભાતભાતના કલેશ અને ઝઘડા થતાં હોય ઈ કાંઈ આડા આવવા દેવા નહીં. ભગવાન સારું કરશે. વધારે તો બીજું શું ? કાઠિયાવાડમાં રહે તો ધરમ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય બધુંય મળે અને ક્યાંક બંગાળ જેવામાં જાય તો બધું ધરમ બરમ ઓછો થઈ જાય. ને વિલાયત જેવામાં જાય તો તો વળી કાંઈનું કાંઈ થઈ જાય. એમ જેવો દેશ એના રીત-રિવાજમાં ભળે ત્યારે એને સુખ થાય. ભળે નહીં તો કેટલાંક દુઃખ ઊભા થાય.

ભગવાન ઓળખાણા, ભજન થાય છે, શરણાગતિ લીધી છે, શ્રીહરિ શરણાગતિ મંડળ મજબૂતાઈથી ભક્તિ કરે છે. એમ મજબૂતાઈથી ભક્તિ કરે તો એને મૂંઝવણ ના થાય. રાજા કોઈ રૂઠ્યો અને ક્યાંક કેદમાં નાખ્યા તો શ્રીજી મહારાજ કહે, મૂંઝાઈ ન રહેવું. ભગવાનને જેમ ગમતું હશે તેમ થયું હશે. એની મેળે રોટલા ઈ આપશે. કેદમાં પડ્યા પડ્યા માળા ફેરવવી, મારું ભજન કરવું, ત્યાં પૂજા-પાઠ ના સંભારવા. એમ જેવા દેશ જેવા સમય ઈ પ્રમાણે રહેવું, ઈ પ્રમાણે ભજન કરવું. જેવી પોતાની સ્થિતિ ઈ પ્રમાણે આનંદમાં રહેવું. થોડી કમાણી, ઝાઝી કમાણી, એમાં સંતોષ માનવો.

મનુષ્યને તો જીવન છે ઈ જીવવું જ ઈ જ પેલો હીરો. પછી જીવનમાં સાધન દાણા-પાણીના, ઈ બીજો રત્ન અને પછી કુટુંબને અડખે-પડખેની બધી ભલાઈ હોય તો ત્રીજું રત્ન, કામકાજ થતું હોય મજૂરી આવતી હોય તો ઈ ચોથું રત્ન, ઊંઘ નિરાંતે આવી જાય, ખાઈ પીએ આનંદ કરે અને કુટુંબમાં કલેશ ન થવા દે, આ બધા રત્નો છે. સમજીને રહે ઈ સુખિયો. એમ કરતા વર્ષ વીતી જાશે અને આવરદા'ય વીતી જાશે. તેમ ભગવાને'ય બધુંય એક કોર મેલાવીને કહેશે હવે હાલને, આમાં શું બંધાણો છો ? મંડ, ઉપડ. તો કહે, તંયે બહુ સારું ઉપડો. પણ આ આનું ને આનું હજી આ બધું'ય થોડું ઘણું દેવું-લેવું છે ઈ ? તો કહે, એ અમે કરી લેશું. મેલ ને તારું પડ્યું. શું લેવા-દેવાનું હતું ? બે સૂંડલા હોય બહુ તો સાંઠીયુંના વિણેલાં. એકાદો કોથળો રાખ્યો હોય પાથરવાનો, બીજું શું હોય ? બે પાટિયા હોય ઘરમાં. કદાચ હોય થાળી, વાટકો કે તપેલું ને એમાં ય જીવ શું રાખવાનો ? ભગવાન કહે, હવે અમારે ત્યાં કેટલાંય ગણું છે. અમે ક્યાંય જીવ રાખતા

નથી. માટે કોઈ જીવને ક્યાંય રહેવા દેતા નથી. અસદ્‌વાસના હોય તો ટાળી નાખીએ છીએ. સદ્‌વાસના ઉપજાવીએ છીએ. અમારામાં હેત ઉપજાવીએ છીએ અને લઈ જઈએ છીએ. આમ ભગવાનમાં એકાંતિકપણું રાખી અને ભજ્યા કરજો. સમય આવ્યે ઉત્સવ આવ્યે ફંડફાળા, શક્તિ પ્રમાણે રૂપિયો રળો પણ મેલી અને ઉત્સવ સારા કરવા અને આનંદ માનવો. આપણો આત્મા છે ઈ સુખી રહે, ભગવાન સાંભર્યા કરે. અને ભગવાનને બહુ મહારાજ તમે રોજ દર્શન દેજો, રોજ મને મારું ધાર્યું તમે કરજો. ઈ તો ઠીક ભગવાન તો દયાળુ છે પણ એટલું બધું જો ભગવાન કરવા બેસે તો આ જીવને પછી ગરજ મટી જાય, કે મારે ઘેરે તો રોજ ભગવાન આવીને બેસે છે. અરે ! રોજ આવીને બેસે છે પણ તને ભક્તિ મટી ગઈ ઈ ! એટલે કાયમ સાંભરે, સ્નેહ રહે, પ્રભુ ભજાય એમ ભજવું, સુખિયા રહેવું, આત્માને બ્રહ્મરૂપ માનવો. ભગવાન ભજવા, ભગવાન લેખે કરવું, ભગવાનને માટે છીએ, ભગવાન ભેગું રહેવું છે, ભગવાનના બ્રહ્મમહોલમાં આનંદ કરવા છે અને ભગવાનને હાથે બધી સિદ્ધિઓ છે, ભગવાન બધું પૂરું પાડે છે. જમીનમાંથી દાણા બનાવે છે, વૃક્ષ-વેલીઓમાંથી ભોજન બનાવે છે. ગાય-ભેંસમાં દૂધ બનાવ્યા. પણ ઈ આ બધું પાંચ ભૂતની સૃષ્ટિમાંથી ઊગી આવે છે અને એમાંથી બધી સારી ચીજો ઉપજાવે અને ઉપયોગમાં આવે છે.



✳ પરાવાણી - ૨૮ ✳

✪ સર્વસ્વ ભગવાન લેખે કરવું
✪ જીવાત્મા ભગવાનનો થાય તો ભગવાન એની સંભાળ રાખે

ભગવાન આપણી ભેગા છે, આપણે ભૂલવા નહીં. દેખાય, ન દેખાય ઈ તો એની ઈચ્છાની વાત છે. દેખાણા તો ભાગ્યનો પાર નથી, ન દેખાય તો તો બહુ ઝાઝા ભાગ્યા છે. કારણ કે વધારે સાંભરે, ક્યારે દેખાશે ? ક્યારે સેવા થશે ? ક્યારે આનંદ મળશે ? ક્યારે સુખી થવાશે ? ક્યારે કમાણી વપરાશે ? ક્યારે કુળ કુટુંબને લાભ મળશે ? ક્યારે આ બધુય જગત છે આપણામાંથી છૂટશે અને બ્રહ્મલોકના વતની થવાશે ? આમ સમજણમાં પ્રત્યક્ષ ભગવાનના યોગ વડે કરીને મોક્ષમાં, અક્ષરધામમાં, બ્રહ્મલોકમાં, ભગવાનના ચરણમાં, સેવા-ચાકરીમાં બેઠેલો આત્મા છે એમ સમજી લેવું. એને કાંઈ નવો મોક્ષ મેળવવો બાકી રહેતો નથી.

પહેલા બાળક કંઠી બંધાવે. બાળકને કાનમાં મંત્ર અપાય, બાળકને સ્વામિનારાયણ સ્વામિનારાયણ સાંભળવાનું થાય, અનાદિશ્રીકૃષ્ણનારાયણને ઓળખતો થાય, સંતમાં હેત થાય, સત્સંગ ખરેખરો થાય. પછી ભગવાનની ભક્તિ વધે અને વધતાં વધતાં ચિત્તવૃત્તિ પવિત્ર થઈ જાય પછી ભગવાનમાં ને સંતમાં લીલાચરિત્ર ભાસે, બધા કામ છે ઈ દિવ્ય દેખાય. જમવું, હરવું-ફરવું, નવારવું, ધોવારવું, રમવું, રમૂજ કરવી, ચરણ દાબવા, શરીરે સેવા કરવી. ઈન્દ્રિયો, અંતઃકરણ, આત્મા, જીવ, બુદ્ધિ, મન બધા પાવન થઈ જાય ત્યારે ભગવાનના ભક્તને પાંચ તત્ત્વની પૃથ્વી ઈ પણ પાવન થઈ જાય, જળ

પાવન થઈ જાય. તેજ પાવન થઈ જાય. વાયુ પાવન થઈ જાય. અગ્નિ પાવન થઈ જાય. આકાશ પાવન થઈ જાય. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ ઈ પાંચભૂતનું શરીર પાવન થઈ જાય. શરીર વડે સેવા-ચાકરી પાવન થઈ જાય. શરીરના ઈન્દ્રિયો, અંતઃકરણ છે ઈ ભગવાનને લેખે થઈ જાય, કમાણી સંપત્તિ ભગવાન લેખે થઈ જાય. ઘરબાર કુટુંબ, પરિવાર બધું ભગવાન લેખે કરી રાખે, ભગવાનને લેખે કામ આવ્યું તે કામનું, ભગવાન લેખે કામ ન આવ્યું તે નકામું. કારણ કે આપણે ભગવાન પાસે જાવું છે. આપણા જોગમાં આવેલા જે હોય તેને સત્સંગ ખરેખરો થઈ જાય તો ભગવાન પાસે જાવાને લાયક થઈ જાય. માટે એને પણ ભગવાન પાસે મોકલવો છે, ભગવાનનો થાય તો ભગવાન રાખે અને ભગવાનનો ન થાય તો ભગવાન ન સંભાળ લે.

અનંતકોટિ બ્રહ્માંડો થયા, ઘણી સૃષ્ટિઓ થઈ, ઘણું જગત ચાલ્યું જાય છે, ઘણાં ભક્તો થાય છે, બધા ય ભક્તોએ ભગવાનને સર્વસ્વ અર્પણ કરી દીધું છે, બધું ય તમારું. મારા છોકરા, છાબરા, ઘરવાળી, કુટુંબ પરિવાર, લક્ષ્મી બધું ય તમારું. ભગવાનનું આપેલું છે. માટે ભગવાનને આપ્યું પણ આ તો ભગવાને ઉછીનું આપ્યું છે તે ભોગવી લઈ લેવાના. ત્યારે આપણે પહેલેથી સમજીએ કે એનું છે ઈ લઈ લ્યે, એમાં મારું શું હતું ? માટે એની કૃપા છે કે આટલું બધું આપ્યું. ભગવાને જીવને સુખી થવા માટે ઈ બધું આપ્યું છે, સળી જેવું છે, આગળના ભક્તો થયા એ તમામના હજારો નામ શાસ્ત્રોમાં છે, એ ભક્તો એવું ભગવાનને સમર્પણ કરતાં શીખી ગયા, તેણે માયાને માયા માની નહીં. માયા પણ ભગવાનની પત્ની થઈ ગઈ એટલી બધી આપી દીધી.

ઘરબાર, કુટુંબ, પરિવાર, નાત-જાત બધું ભગવાનનું છે, આપણું કાંઈ નથી એમ ભગવાનને આપી દીધું. એમાં ભગવાન રહે છે, ફરે છે, ખોળે છે, સંભારે ત્યારે આવેય છે, જમવા બેસાડે ને જમાડે તો જમેય છે, પાણી આપો તો પાણી પીએય છે, એમ ભગવાનની સેવા-ચાકરી કરનારો ભક્ત, તે ભક્ત ભલે બાળક હોય, યુવાન હોય, વૃદ્ધ હોય, નારી હોય, કન્યા હોય, વૃદ્ધા હોય, કોઈપણ હોય પણ ભગવાન ઈ એને પોતાના અંગ તરીકે

પોતાને રહેવાનું સ્થાન તરીકે, પોતાના દાસદાસી તરીકે ભગવાન એને અંગીકાર કરે છે. પોતાને ત્યાં રાખે છે. પોતાની પાસે મુક્ત મંડળમાં બેસાડે છે અને પોતાની જેવા એને ઐશ્વર્યો આપે છે, એવા સમર્થ બનાવી અને અક્ષરધામની સ્થિતિનાં આનંદ અને સુખ આપે છે.

નાના મોટાં તેમને આ લોકની રીત પ્રમાણે ખાવું-પીવું, બેસવું, ઊઠવું, હરવું-ફરવું, ઓઢવું, પહેરવું, કમાવું, લઈ જાવું, આ લોકની રીતમાં રહેવું. સવારે શીરો-પૂરી ખાવા, બપોરે દૂધ પાણી ખાવા, દાળ, ભાત, શાક રોટલી ખાવા, મિષ્ટાન્ન ખાવા. સારું જીવન વીતાવો, સુખી રહો અને ભગવાનમાં સુખ છે એમ માનવું. જો આવી રીતે ભગવાનમાં સુખ માનીએ તો એનું બધુંય ભગવાન લેખે છે, આ લોકનું તમામ ભગવાન લેખે થઈ ચૂક્યું છે, હવે મારું કાંઈ નથી, પરમેશ્વરનું છે માટે હે ભગવાન તમે સંભાળજો.



✳ પરાવાણી - ૨૯ ✳

✪ સૃષ્ટિ રચવા પાછળ ભગવાનનો હેતુ
✪ ભગવાનની મૂર્તિમાં ઘણુંય રહ્યું છે

મનુષ્ય જન્મમાં આ ભગવાન, આ સંત, આ અક્ષરાતીત પુરુષોત્તમ નારાયણ, અક્ષરધામના મુક્તો અને આપણું કલ્યાણ કરે એવા બ્રહ્મચારી, સાધુઓ, પાળાઓ વગેરે સત્સંગ તથા હરિભક્તો, એ બધા દિવ્ય છે, ધામમાં બેઠા છે, શ્રીજી મહારાજની મૂર્તિમાંથી સુખ અને આનંદના ફૂવારા પીએ છે, ભગવાનની મૂર્તિના સુખે સુખિયા છે, અક્ષરધામમાં અનંતકોટી ગણું સુખ મેળવે છે. હરેક ઈન્દ્રિયોના આનંદો મૂર્તિમાંથી મળે છે, ભગવાનની મૂર્તિ રેલમછેલ આનંદ વરસાવે છે અને આપે છે. જે ભક્તને જેવી ઈચ્છા થાય, દર્શન વડે, મુખ વડે, છાતી ભીડીને મળવા વડે, શયનમાં સુવા વડે, હાથ-પગ દાબવા વડે, જ્યાં હેત હોય મૂર્તિમાં તે તે સ્થળે પોતે દાસ-દાસી થઈને ભગવાનને લપેટીને જેટલું કાંઈ સુખ લેવું ઘટે તે બધુંય સુખ લ્યે છે. ભગવાનના ધામમાં, મૂર્તિમાં જે મહાઆનંદ ભર્યો છે, જેની જરમરો આખી દુનિયામાં જરા જરા આપી છે તોય આખી દુનિયા સુખી થઈ ગઈ છે, એવા સુખ તો એની મૂર્તિના એક રોમને અડવા વડે મળે છે. આવા સુખે સુખિયા થયેલા મુક્ત પુરુષો તેને ભગવાન આજ્ઞા કરે છે કે પૃથ્વીમાં જાવ મારે આવવું છે. ત્યારે થોડાં ઘણાં મુક્તો સાથે લાવે છે. તે મુક્તો ભગવાનની ઓળખાણ કરાવે છે. બીજા જીવ તે ભગવાનને સેવી ધામમાં જાય છે. જેમાં જેને ઝાઝી પ્રીતિ તેમાં તેને ઝાઝી સેવા મળે. કોઈને જમાડવામાં, કોઈને

હેત-પ્રીતમાં, કોઈને ભોગવિલાસમાં, કોઈને ભગવાન ભેગું ફરવામાં, કોઈને ભગવાનને રાજી કરવામાં, કોઈને સેવા-ચાકરી કરવામાં, વસ્ત્ર, દાન, દંડવત્, પ્રણામ, સ્તુતિ, પૂજાપાઠ, દૂધ પાવા, જમાડવા, દર્શન કરવા અને મૂર્તિના રસ લેવા. આમ જેને જેને જેવી ઈચ્છા તે ભગવાનમાં જે જે આનંદ ઉપજાવવો ઘટે, તે તે આનંદ ઉપજાવી ઉપજાવીને ભગવાનને કહે છે કે, મને ભરપૂર રાખો. મારી મૂર્તિ તમારી મૂર્તિમાં તન્મય રાખો એટલે તમારી મૂર્તિના સુખ બધા મને મળે, એમાં જે જે કાંઈ મોટામાં મોટા આનંદો છે, તે બધાય આનંદોની ભગવાને છૂટ મેલી છે અને ભગવાન પોતાના ભક્તોને આનંદથી સાગરની પેઠે છલકાવી દે છે. એ ભક્તજનો પોતાની ભક્તિ કરવાનું જો જાણતા હોય, તો તે ભગવાન મળ્યા ત્યારપછી તેના જીવનનો સમય ખાલી નકામો જાવા દેતા નથી. સુખની મૂર્તિ એનું સુખ લ્યે છે. સુખ આપવા ભગવાન આવ્યા હોય છે, સુખ લેવા માટે ભક્તજનો હોય છે, પણ જેના ભાગ્યમાં ફેરફાર પડી ગયો હોય તેને સુખ લેવાનું સૂઝતું નથી, સુખ મળતાં નથી અને લેવા જાય તો ય મેળ ખાતો નથી.

માટે આ ભગવાન, આ પ્રગટ પુરુષોત્તમ નારાયણ, આ શ્રીજી મહારાજ, આ શ્રીહરિ, આ અક્ષરધામના અધિપતિ, આ પ્રાણપતિ, આત્મપતિ, જીવપતિ, દેહપતિ, સર્વપતિ, સર્વ રીતે પાલન પોષણ કરનારા એવા આ ભગવાન તેનું એક અણુ માત્ર પણ સુખનું પરમાણું મળી ગયું તો કલ્યાણમાં કાંઈ ફેર નથી. ભગવાનના ચરણ દાબવા, સેવા કરવી, રાજી કરવા, તન વડે, મન વડે, ધન વડે, સંપત્તિ વડે, સ્ત્રી પુત્ર પરિવાર વડે ભગવાનને રાજી કરવા. પોતે પોતાના દેહ વડે પણ ભગવાનને રાજી કરવા. આખી સૃષ્ટિ રચવાનો ભગવાનનો આ હેતુ છે મને રાજી કરીને મારા બ્રહ્મલોકમાં આવે એટલે માયામાં રખડતાં જીવો મટી જાય. ભગવાન હોય મનુષ્ય જેવા પણ ઓળખવાની તાકાત, શક્તિ ભક્તમાં હોય છે અને ભક્ત ઓળખે ને પછી કહે કે આ ભગવાન છે એટલે એમાં વિશ્વાસ રાખે ત્યારે એને ભગવાનપણું દેખાય અને એને લાભ થાય.

ભગવાનની મૂર્તિમાં અનંત ચિન્હો છે, ભગવાનની મૂર્તિમાં ચંદ્ર જેવા અજવાળા છે, ભગવાનનાં નેત્રમાં સૂર્ય-ચંદ્ર જેવા તો તેજ છે. ભગવાનના મુખારવિંદમાં બધી સરસ્વતીઓ અને વેદો રહ્યા છે, ભગવાનના હાથમાં ધારણ શક્તિ છે. ભગવાનના પગમાં બહુ બળની શક્તિઓ છે, ભગવાનના હૃદયમાં બધા ભક્તોને સમાવી લ્યે એટલા બધા હેતના સાગરો ભર્યા છે, જેટલા ભક્તો આવે તેટલાને છાતીમાં સમાવી લ્યે. લક્ષ્મીજી ભગવાનના સાથળમાં રહ્યા છે, કેડે રહ્યાં છે, અડખે-પડખે રહ્યા છે, મૂર્તિમાન થઈને ભગવાનને ટાણે ટાણે સેવે છે, તે અદ્રશ્ય રૂપે સેવે છે, કેટલીક લક્ષ્મી છે તે જન્મ લઈને અને જ્યાં ત્યાં રહીને પણ ભગવાનનો ભેંટો કેમ થાય એ રીતે રાધિકાજીની પેઠે સેવે છે. આ બધી લક્ષ્મીઓ ભગવાનની મૂર્તિની શક્તિઓ છે, અક્ષરધામની સેવિકાઓ છે અને બ્રહ્મલોકમાં મહારાજની સાથે રહે છે.



✲ પરાવાણી - ૩૦ ✲

✪ ભક્તોના સુખ માટે પ્રગટ પ્રભુનું જગતમાં વિચરણ
✪ બધુય ભગવાનનું છે માટે તેમની પ્રસાદી કરીને વાપરવું

જીવાત્મા માયા ટાળી અને મુક્ત થઈ જાય છે. નર-નારીઓ, ભક્તજનો ભગવાનને ભજનારા તે બ્રહ્મલોકના વતની થાય છે અને બ્રહ્મલોકમાં રહેનારા હોય એવા થાય છે. આ પૃથ્વી, માણસો, પશુઓ, ખેતર વાડી, બગીચાઓ, મોલ બધું પરમેશ્વરને માટે કલ્પાયેલું છે, એના ઉપયોગનું છે અને એને હિસાબે એ દિવ્ય થઈ અને ભજન કરનારું છે. માટે પ્રભુના લોકમાં જવાને માટે જે કાઈ હવે બાકી રહ્યું એવું એને માટે રહેતું નથી. જ્યાં ભગવાન ત્યાં અક્ષરધામ, જ્યાં પુરુષોત્તમ નારાયણ ત્યાં મુક્ત મંડળ, જ્યાં પુરુષોત્તમ નારાયણના લીલાચરિત્રો કથાઓ વંચાતા હોય ત્યાં મુક્તમંડળના સભાઓના સમુદાયો ભગવાનની સામે હેત કરી રહીને જોઈ રહ્યા હોય તેવા આનંદની લહેરું લૂંટતા હોય છે. તેવા ભક્તજનોને બ્રહ્માંડોમાં વિચરવા મોકલે ત્યાં બધે અક્ષરધામના સુખ આવે છે, પરમેશ્વરની મૂર્તિના સાક્ષાત સુખ મળે છે અને બ્રહ્મલોકમાં જવાને માટે એને હવે નવી તૈયારી કરવી પડતી નથી એણે ભગવાનને સંભાર્યા માટે ભગવાન તેને સંભારે. આટલી બધી ભગવાનની કૃપા થાય છે, આલોકની ગણતરી પ્રમાણે ભગવાન જ્યાં રહેતા હોય ત્યાં બ્રહ્મલોક અને અક્ષરધામ છે જ પણ ભક્તજનોને એમ જણાય કે આપણે થોડાક દૂર છીએ તો આ બ્રહ્માંડ અક્ષરધામ રૂપ થઈ ગયું તો હવે દૂર શેના ? પણ છતાંય લોકદૃષ્ટિએ એમ થાય કે સ્વદેશ અને

પરદેશ, અહિંયા અને ત્યાં, થોડાક આઘા. આવી દૃષ્ટિથી કાંઈક કાંઈક દૂરપણું મનાય પણ એ તો વહેવારે હોય છે, કારણ કે અહીં તો આગળ છે, એટલા આગળ બેસે. અંજવાળું હોય તોય વાંહો ન દેખાય એમ ભગવાન ભેગા હોય તોય અંજવાળું તો ભગવાન સામા હોય તો દેખાય. આહિં વાંહે ઊભા હોય તો ન દેખાય ? એ તો આ લોકનો ભાવ છે, ભાવના. તેવી ભાવના વડે, દેશ-પરદેશ એવી ભાવના વડે, ઓરા આઘા પણ વહેવાર થાય છે પણ ભગવાન આઘા નથી. જ્યાં ભગવાનની મૂર્તિ છે ત્યાં અક્ષરધામ છે, જ્યાં ભગવાન છે ત્યાં બ્રહ્મલોકના મુક્તો છે, અને ભેગા ભળે છે કાંઈ ભગવાનને વાર નથી લાગતી. આંયથી ઊઠી એક ડગલું ભરે ત્યાં તો આમ થી આમ ને આંહીથી ક્યાંય વયા જાય છે. લાખો ગાવ લાખો યોજન ઊભા હોય સ્વપ્નમાં દેખાય છે ત્યાં ભગવાનને આવવું પડે થોડું. આકાશમાંથી વિમાન લઈને થોડા આવે છે કે હવે તમારે ત્યાં આ દસ કલાક, વીસ કલાક વાટ જોજો, હારતોરા લઈને ઊભા રહેજો. એ કાઈ એવી વાટ જોતાં નથી, એ તો પછી શું બાકી હોય છે ? તમારા હાથ જોડાવાની વાટ જોવે, ઈ તો આવ્યા બેઠા, દર્શન દીધા અને ચાલ્યાં ગયા. ભક્તજનને આનંદ થઈ જાય આ રીતે સુખી કરવા માટે, પ્રગટ પ્રભુ જગતમાં વિચરે છે, આનું નામ પ્રત્યક્ષ ભગવાનનો સાક્ષાત્કાર, એનો રાજીપો, જીવમાં આનંદ અને એની રીત પ્રમાણે સુખિયા.

હવે ભક્તજનો પોતાની ઘરબારની રીત પ્રમાણે સુખિયા વર્તે, એને માટે કમાવું પડે, નાણાં હોય તો આ જગતની રીત છે કે નાણાં વડે સુખી થાય. ઘરબાર હોય છોકરાવ હોય તો લોકની રીત પ્રમાણે બધા કૂળ-કુટુંબ, પરિવાર, ગણતરીમાં આવે એ રીતે સુખિયા કરે છે અને એના સારું થઈ કમાવા જાવું પડે છે, છે તો બધું ભગવાનનું જ, ભગવાને આપેલું છે. પોતાને જમવું હોય તો રસોઈ કરે, ભગવાન કહે મને ધરીને જમાડીને પછી જમો એટલે તમારે ઈ તૃપ્તિ થઈ જાય અને હું પણ તૃપ્ત છું તો તમને પ્રસાદી મળી જાય. તમારું બધુંય અમારું છે, ભગવાનનું છે, પ્રસાદી કરીને વાપરવું, ખાવું-પીવું અને લ્હેર કરવી, કમાવું અને દેવું ભગવાનને, ભગવાનનું છે અને

ભગવાને બનાવ્યું છે. ભગવાન તમને સાજા નરવા રાખે. કુંજડા પોતાના બચ્ચાને દૂર દેશમાંથી નજરથી સેવે, ભગવાનની નજર લાંબી છે માટે દૂર દેશમાં હોય તોય પણ દેશકાળમાં બેઠા બેઠા બધે ઠેકાણે સેવે છે, દેખે છે, રાખે છે, એના ધ્યાનમાં બધુંય છે, એનાથી અળગું કાંઈ પણ નથી. પણ આ લોકની રીત પ્રમાણે ભગવાન અજાણ્યા થઈ અને વર્તે છે એટલે બીજાને ભક્તોને ભક્તિ કરવાનું સુખ મળે અને અભક્તોને દ્રોહ કરવાની મજા આવે. ભગવાનમાં અનંતકળા છે, અનંત લીલાઓ છે, સંકલ્પ સિદ્ધી અને ધાર્યા પ્રમાણે કામ થાય, ધાર્યું કરે છે અને માળી સારો હોય, ફૂલવાડીને સૂકાયેલી દેખે તો એને ન ગમે. જરૂર પાણીની સગવડ કરે, કરાવે. મહેનત કરે, સુંદર બગીચો કરે અને પછી ફુલડાં મજાનાં સુગંધ દેતા હોય તે દેખે, ફળફૂલ દેખે ત્યારે માળી રાજી થાય. ભગવાન બગીચો લીલો દેખે તંઈ રાજી થાય છે એમ આ બગીચો લીલો કર્યો છે. હવે લીલો બહુ રહે છે, મેડી ને બંગલા ને મોટરું ને ઘોડા ગાડીયું ને, વાહનો ને, સોનાની ગિનિયું ને હવે ભક્તજનોને મળ્યા કરશે હવે વાંધો નથી. પડખાના દેશ ખોલી દીધા છે, હીરા-માણેકના ખોલી દીધા છે, બહુ ભારે કામ થયું છે. બધાએ સુખી રહેવું ને આનંદમાં રહેવું અને ભગવાનને સંભારવા ને ભજવા. જેમ બને એમ સવારે દર્શન કરીને કામે જાવું. ઈ કાંય ઝાઝું નથી કેતા કે તમે આખો દિવસ અને રાત મને ભજ્યે રાખો, સવારે માથું નમાવીને પગે લાગી લેવું, સાંજે સૂવું ત્યારે પગે લાગી લેવું, બપોરે ખાતા-પીતા હો તયે કોળિયો મોઢામાં મેલો ત્યારે આ એક કોળિયો ભગવાનના મોઢામાં અને એક કોળિયો મારા મોઢામાં એમ એકાદો કોળિયો જમાડી દેવો પછી ભલેને ભૂલી જાવ, મારે કાંય વાંધો નથી. અમે જમી લઈએ છીએ, પાણી પી લઈએ છીએ, તમારું આપ્યું ગ્રહણ કરીએ છીએ. દેશકાળ તો આવ્યા કરે, અંતકાળ આવે તો ભેગો ભગત બેઠો હોય તો એનેય ટાળી નાખે. એમ આસુર પ્રદેશ મલીન, એમાં ભગત ગયો હોય તો ઈ તો ક્યાંક નડે ય ખરો, ક્યારેક બહારવટીયાને ધોકે ચડી ગયો તો બે બંધુકના ઘોદા ખાય, હું હું હું થાય, હાડકુંય દુઃખે. પણ પછી રોજ ભગવાનને સંભારે તો દુઃખ મટી જાય.

✳ પરાવાણી - ૩૧ ✳

✪ ભગવાનની સંસારરૂપી નિશાળ
✪ શાસ્ત્રની કલમે કન્યાના ધર્મો

આવરદાના દિવસો સુર્ગ ઊગે અને આથમે એટલે ઓછાં થતાં જાય છે, કોઈ પૂછે તમે કેટલા વર્ષના થયા ? તો કે દસના, પંદરના, પચ્ચીસના, પણ એટલાં વર્ષો વયા ગયા, ઓછા થયા એમ કોઈ ન કહે. મને આટલા વર્ષ થયા એમ સૌ કહે. પણ આવરદા હતી એમાંથી ઓછા થયા એમ કોઈ ન કહે. માટે બાળકને જન્મથી દિવસો ગણાય છે. દસ વર્ષ, પંદર વર્ષ અભ્યાસના અને પછી કામકાજ શીખવાના, સોળ સંસ્કાર હરેક માનવોમાં કરવા પડે છે, જેવો દેશ તેવા રીત-રિવાજ ઈ પ્રમાણે એના સંસ્કારો થાય અને એ બાળક મનુષ્યોની ગણતરીમાં આવ્યા પછી ગૃહસ્થોના વ્યવહારોમાં લાયક થાય. બાળક હોય બાળકી હોય એને શિક્ષણ જોઈ જોઈને મળતું જાય છે. ત્રણ વર્ષના બાળક-બાળકીઓ બોલતા શીખી જાય છે. ઈ નિશાળ કેવડી મોટી બધુંય બોલતા આવડી જાય. ઈ મોટા માસ્તર તો મા-બાપ કહેવાય. ભાઈઓ, બહેનો, સગા-સંબંધી રોજ એટલું બધું બોલવાનું એની સાથે એને પ્રસંગ બને છે. તેમાં બધી ચીજોના નામ આવડે. ઊઠવું, જાગવું, બેસવું, ખાવું, પીવું, કપડાં પહેરવા એ બધું જ્ઞાન મળે. પોતે બાળક બ્રહ્મરૂપ એટલે ભગવાનની મૂર્તિ જેવા હજુ સાવ સ્વચ્છ, નિર્દોષ ચોખ્ખા હૃદયવાળા હોય છે. એટલા માટે માતૃભાષા આવડી જાય, કુળ-કુટુંબની બધી જ ક્રિયાઓ આવડી જાય. એને ખાવા-પીવા, ન્હાવા-ધોવા, ઊંઘવા, રહેવા, માવતર કહે

એમ કરવું, ભણવું, વાંચવુ, જોવું, દેખવું ઈ બધા શિક્ષણ નિશાળે બેસાડ્યા વિના આવડી જાય છે એમ ભગવાને આ સંસારને નિશાળ બનાવી છે, બાળકોને શીખવા માટે.

સૌના કુટુંબમાં પ્રભુએ પરમેશ્વરની ભક્તિ રૂપી ઉપાસના આપી છે. મા-બાપ કિર્તન બોલે, ઠાકોરજીની મૂર્તિને ધરે, પૂજાપાઠ કરે, એને બાળક દેખે. સાધુ સૌને પગે લાગવા જાય તો કેડ્યમાં બાળક તેડ્યું હોય ઈ બધું નવું નવું જોવે કે અહીંયા પગે લગાણું, અહીંયા હાર પેરાણો, અહીં આશીર્વાદ લેવડાયો, કંઠી પેરાવાઈ, ગુરુ થયા, દેવ-દર્શન થયા, ભગવાનને આમ પગે લગાય, એમ માવતર એને દંડવત્ કરાવે, બેસાડે, રાજી કરે, બે હાથની તાળી પડાવીને ધૂન કરાવે. આ બધુંય કંઈ નિશાળમાં શીખવાનું ? ભગવાન અને સંતની નિશાળમાં. માટે માવતર જે ત્રણ ચાર વર્ષમાં બાળકને શીખવાડે છે એવું કોઈ શીખવાડતું નથી. એમાંથી બધું શીખી લે છે પછી તો એકડા ઘૂંટવા માસ્તર શીખવે. ઓલો માસ્તર નિશાળિયો, એનાથી વધુ ચોપડી વાંચતાં શીખે, પછી પોળા વ્યવહાર શીખે, દિકરો અને દીકરી. દિકરો છે એ વંશ વિસ્તારને સાચવનારો છે, દીકરી છે એ બીજાઓની સાથે સંબંધ બાંધી અને સગા-સંબંધીઓની સાથે વિસ્તારવાળા થયા એટલે કુટુંબોનું પરસ્પર મિલન એક જ નાતમાં, એક જ સમુદાયમાં, એક ગામમાં, ગમે ત્યાં જાય પણ ઈ એનું અહીંનું શિક્ષણ છે ઈ તેને ત્યાં કામ આવે છે. ત્યાં નવું શીખવાડવું પડતું નથી.

માટે કન્યાને શાસ્ત્ર લખે છે - ''અષ્ટવર્ષા ભવેત ગૌરી, નવવર્ષા તું રોહિણી, દસ વર્ષા ભવેત કન્યા, અત ઊર્ધ્વમ રજસ્વલા''. આપણો હિંદુસ્તાન સૂર્યવહી ગરમ દેશ છે. માણસો તડકાં વડે કરીને શરીર વધારે પાકેને જુવાનાશ્રમને લાયક થઈ જાય છે. એટલે જૂના વખતના બ્રાહ્મણોએ એવી હકીકત લખી કન્યાદાન. તો કન્યા કોને કહેવાય ? સૌ કહે છે, કન્યા પરણાવી ન હોય ત્યાં સુધી કન્યા. પણ ધર્મશાસ્ત્રોના શબ્દો કન્યાપણું કોને કહે છે ? એના શ્લોકો સ્મૃતિઓમાં લખ્યા છે. પછી દક્ષિણમાં વધારે તડકો, કાઠિયાવાડ ગુજરાતમાં મધ્યમ ઋતુ, જમ્મુ અને કાશ્મીર ને એ ઉત્તર ભાગમાં વધારે

ટાઢ એને અનુસારે આ શ્લોકો લાગુ પડે. અષ્ટવર્ષા ભવેત ગૌરી. આઠમું વર્ષ બેસે એટલે પાર્વતીજીએ તપ કર્યું તું અને ગૌરી તરીકે નામ પડ્યું તું અને શંભુ દર્શન દેવા આવ્યા'તા ઈ પુરાણમાં મોટી કથા છે. શંભુ વૃદ્ધ સ્વરૂપે આવ્યા'તા અને પાર્વતીજીને ના પાડી કે શંભુ તો સર્પ રાખે છે, ખોપડીઓ પહેરે છે ને એના માટે તું તપ શું કામ કરે છે ? તો કહે, મારે તો એક જ ધણી છે બીજો નઈ. એમ કહી તગડી મેલ્યા. પછી સાત ઋષિઓ આવ્યા ને કહે, દીકરી ઈ તો ગાંડો છે, રખડું છે, એની પાસે તો ભૂતડા રહે છે, રખડું છે, ઈ ખોપડી પહેરે છે, ઈ સારો માણસ નથી. તો એના સારું શું કામ તપ કરે છે ? તો કહે, મારે તો એને જ વરવું છે ઈ ગમે ઈ હોય. એમ કહીને ઋષિઓનેય ભગાડી મેલ્યા. ત્યાં નારદ આવ્યા એને પણ બહુ ના પાડી. તો કહે, તું હજુ વર્યો-પરણ્યો છે ? નથી પરણ્યો, તો મને ના પાડવા આવ્યો છો. તું તો પેલા ઘરબારી થા. એટલે નારદ વયા ગયા પછી શંભુને ખબર આપ્યા કે આ છોકરી છે ઈ તમારા સારું થઈને જ તપ કરે છે માટે એની ઉપર કૃપા કરો અને એ હિમાલયની દીકરી ગણાય, પાણાની પથ્થરની, એટલે કાળો રંગ હોય, એની મા મેના એટલે મેના નામની પક્ષી ગણાય. ઈ કાળી હોય એટલે છોકરી કાળી છે. માટે તપ કરે છે શંભુને વરવા. શંભુએ કહ્યું કે, ગૌરી હશે તો હું વરીશ, કાળીને નહીં વરું. એટલે પાર્વતીએ કાળું ખોળિયું ઉતારી નાખ્યું અને ગૌરી થયા. તે દિવસથી આઠ વર્ષની કન્યાનું નામ ગૌરી પડ્યું છે. આ ગૌરી શંકરના પત્ની.

પછી જે વિવાહ થયા અને શાસ્ત્રમાં લખાયું. એટલે એવું કહે છે, અષ્ટવર્ષા ભવેત ગૌરી. આઠ વર્ષની પુત્રી થઈ જાય ત્યારે એનું નામ ગૌરી પડાય એટલે એને વરરાજાની ઈચ્છા થાય કે મારે પરણવું તો જોશે. ઈ બાળકીપણામાંથી એને પત્નીપણાંનું ભાન એને બીજિયુંને જોઈ જોઈને થવા માંડે કે હું મોટી થઈશ એટલે મારે આની જેમ પરણવું પડશે. એટલે અષ્ટવર્ષા ભવેત ગૌરી. આઠ વર્ષ પૂરા થઈને નવમું વર્ષ જ્યારે પૂરું થાય ત્યારે નવ વર્ષા તું રોહિણી, ત્યારે નવમે વર્ષે એને શરીરના રોમ એટલે લોહી પરિપકવ થાય, યુવાનપણાંની થોડી થોડી કુદરતી ગરમી આવવા માંડે અને રોમનું

ઊગવું કે દેખાવું, ઈ જણાવા માંડે, એટલે નવ વર્ષા તું રોહિણી. રોહિણી એટલે ઝીણા ઝીણા રોમ એના શરીરના ભાગોમાં સહેજ રુવાંટી દેખાવી, એ નવ વર્ષા રોહિણી. પછી નવ પૂરા થયા અને દસમું વર્ષ થયું. માટે આખા ભારતમાં એમ લખાય છે કે, દસ વર્ષા તું ભવેત કન્યા. દસમું વર્ષ પૂરું થયું એટલે એનું કન્યા નામ પડે છે, કન્યા નામ પડ્યા પછી શું થયું ? અત ઊર્ધ્વમ્. દસ વર્ષ પછી ભારતની કન્યાઓને રજસ્વલા એટલે એના શરીરમાં કોઈ સુખ-આનંદ જણાય એવી જાતના જે ધાતુના ભાગો ઈ જરા જરા ક્યાંક ક્યાંક ઉપજવા લાગે અને રૂપ એનું બદલાવા લાગે એટલે અગિયાર વર્ષે, બાર વર્ષે, તેર વર્ષે ઈ કન્યાઓને દાનની અધિકારી લખી છે. એને દાન દીધા પછી વિવાહ પદ્ધતિ થઈ ગઈ એટલે એને સંસ્કાર થઈ ગયો. ઈ સંસ્કાર પૂરો થયો એટલે એનામાં વરરાજાનો હક આવ્યો અને એને પોતાનેય એમ થયું કે, મારું ઘર ફલાણે ઠેકાણે છે. કેવી કુદરત ભગવાને કરી છે. મા બાપ હોય, ગામ હોય, ઘર હોય, કુટુંબ હોય, સગા-સંબંધી હોય પણ ઈ કન્યા કન્યાઓ ભેગી થાય અને જો વાતો કરવા માંડે કે, તારું ઘર ક્યાં ? તો કે મારું ઘર તો બીજું છે. મા બાપનું ઘર ઈ ઘર નો માને. આ રીતે ભગવાને, કુદરતે એને મેલી દીધી છે કે હવે હું ફલાણા ઠેકાણાંની ઘરધણી છું. ઈ માણસમાંય રજોવીકાર એટલે રજોગુણોના ભાવો ઈ એને આવવા માંડે. માથું ઓળવું, ઘરેણું શણગારવું, આયખું સરખી કરવી, સારું કપડું સરખું પહેરવું ઈ બધું બાર વર્ષ પછી એને થવા માંડે, પછી જેવો દેશ જેવી રીત.

બાર પછી છે એ વ્યન્વય છે એમ ધર્મશાસ્ત્રો ભારતમાં લખે છે. રજસ્વલા થનાર ઈ કન્યાનું દાન પૂરેપૂરું શાસ્ત્રએ સફળ લખ્યું છે. એટલે પછીથી એને વરરાજા માટે જિગ્નાસા થતી હોય ઈ પછીથી થવી જોઈએ, પછી ઈ સ્ત્રી બને. આમ સ્ત્રીઓને ભગવાને કુદરતી રીતે બારથી પંદર વર્ષ સુધીમાં પોતાના પત્ની તરીકેના ધર્મો પાળવાના આવશે એ સમજણ આપી છે. ત્યારથી એ બધા વ્યવહાર આગલે ઘેર જ્યાં જઈશ ત્યાં મારે કરવું પડશે ઈ ઘરેથી શીખવા માંડે અને મા પણ કહેવા માંડે કે શાક કર, રોટલી કર,

ઘરનું કામકાજ કર, ભાજી કર, ચા કર, આ બધું કરવા શીખ, પછી જ્યારે તારા વિવાહ થશે ત્યારે તારે બધુંય કરવું પડશે. નહીં આવડે તો ટોકશે કે, તારી માએ શીખવાડ્યું નથી. ત્યારે ઈ રોટલી, દાળ, ભાત બધું શીખવા માંડે. બાર તેર વર્ષની થાય ત્યાં બધો ઘરનો વ્યવહાર સંભાળી લ્યે. આ રીતે ભગવાને કન્યાઓને એવો ધર્મ આપ્યો છે કે, જે ઘરના ધર્મ હતા માવતરના ઈ અહિંયા દાન અપાઈ ગયા એટલે વરરજાના ધર્મ હોય ઈ સ્વીકારવા પડે. ધર્મશાસ્ત્ર પણ એમ કહે છે કે, કન્યાનો વિવાહ થઈ ગયા પછી ઈનો ધર્મ જે પતિનો ધર્મ તે ધર્મ, આ રીતે જો કન્યા સમજી જાય તો એને કોઈ દી' દુઃખ આવતા નથી, અહીં મા બાપ કહે એમ કરવું અને ત્યાં પતિ કહે એમ કરવું, સાસુ-સસરા કહે એમ કરવું, ઘરબાર છે એનું કામકાજ કરીને સુખી થવું પણ ઝઘડો કરીને સામું ન થવું. એ કહે એ મા બાપ કહે છે એમ માનીને કરે છે ઈ કન્યા સુખી થાય છે, એના ઘરમાં જાવ ને તમને સુખ મળે, એના ઘરમાં સંપ, ભગવાનની ભક્તિ, ઘરનું કામકાજ અને રીત-રિવાજના પ્રકરણો એ ખેતીવાડી હોય કે વ્યાપાર-ધંધા હોય કે મજૂરી હોય કે ઈ બધાયમાં સંતોષ પોતાને હોવો જોઈએ કે આ મારું ઘર ને આ મારી પેદાશ. એમ એણે પતિ ધર્મ વડે કરીને ધર્મ, એનું નામ પત્ની.

એ કન્યા પત્ની થઈ અને પછી ગૃહસ્થાશ્રમી થઈ એટલે એણે જે જે માનસિક, રાજસીક જે જે યુવાન અવસ્થા આવતી જાય એ એને પતિને કહે છે પછી ઈ અવસ્થા એને દુઃખ દેતી નથી અને સંસાર વ્યવહારમાં સામેલ થઈને જીવન પ્રભુ રાજી થાય એમ ભજન ભક્તિ વડે પૂરું કરે છે. આમ આખા સંસારની નારીઓ એ જન્મે માવતરને ત્યાં અને વિવાહ થઈને રહેવું પતિને ત્યાં અને જીવન બધું એ ધર્મ પાળીને પૂરું કરવું. કામ કરે, રોજ પાંચ માળા કરે, પ્રભુ ભજન કરે, નાહી ધોઈને પવિત્ર રહે, ત્યાં ભગવાનને માટે શું કરવું ? તો રસોઈ કરવી, એકાદી થાળી ધરવી. શાકભાજી, પાંદડા, ફળ-ફૂલ ઘરમાં ચીજ આવી હોય તો ભગવાનની મૂર્તિ રાખી હોય થોડી ઘણી વાટકીઓમાં મેલીને ધરવી પછી ખાવી. એ આખો ધર્મ એમ પત્નીએ પાળવાનો હોય, સાંજ પડે એટલે રસોઈ બધી તૈયાર હોય. હવે જમીને

ભગવાનની ભક્તિ કરો, ત્યારે બધાયને કોઈને ઉપાધિ ન થાય એ સેવાઓ તૈયાર રાખી હોય, બધાં આનંદથી ધૂન-ભજન કરે, ભગવાનનું નામ લે, આ વાસ્તે મંદિરો કર્યા છે કે ઘડીક બેસીને સૌ ભજન કરે. આમ કન્યાના ધર્મો એ શાસ્ત્રોએ બહુ વિશેષ વર્ણન કર્યા છે અને એને આવરેલા ઘર છે એ વિશેષ છે શોભાસ્પદ છે. ઘરનું આંગણું શોભે છે. મહેમાનની આગતા-સ્વાગતા, ભગવાનના નામ, છોકરા-છાબરા, ગાયું, ભેંસુ જે કાંઈ સમૃદ્ધિ હોય ઈ એને સાચવે એ એનું કામ છે અને પ્રભુની ભક્તિ કરવી અને મોક્ષમાં જવાય એ એનું કામ છે પણ ઘરમાં ગોળ ભાંગવા આવ્યો વરરાજો, તેને ગોળ ભાંગવા વાસ્તે, લાય ને એકાદૂ ભીલું ભાંગીને મારા ભાઈને ઘેરે લઈ જાવું. એમ જો કરવા માંડે તો એ કન્યા છે એ પોતાના વરરાજાના ઘરની ચોરી કરનારી થઈ. તો શાસ્ત્રએ ના પાડી છે કે, પરમેશ્વર લેખે કરવું પણ ઘરને માટે લઈ જવું એ સંબંધ એને સુખ કરનારા નથી દુઃખ કરનારા છે. એમ ધર્મ પાળવો અને સુખી રહેવું, ભક્તિ કરવી અને ભક્તાણી થાવું.



✳ પરાવાણી - ૩૨ ✳

✪ ભગવાન ભક્તને માટે બધું જ કરે
✪ ગરીબ કુટુંબને ભગવાન પ્રત્યેનો પ્રગટભાવ અને શ્રદ્ધા

અમદાવાદ સાબરમતી નદી છે, ત્યાં બઉં વરસાદ પડ્યો, પાણીના પૂર આવ્યા, બેય કાંઠે ફેલાઈ ગયા. નદીના કાંઠે માઈલ માઈલ જે લોકો રહેતા હોય ને ઝુંપડામાં. એ ઝુંપડા સુધી પાણી ફરી વળ્યા. પછી લોકો એવો આપત્તકાળ હોય ત્યારે ભગવાનને સંભારે. પણ પોતાના રક્ષણ વાસ્તે ઝાડવાના ડાળોના બેલાખળામાં માળા બાંધી રાખ્યા હોય એમાં ઉપર ચડી જાય. ખાવા-પીવાનું એવું રાંધેને સાથવો, શેકેલા દાણા એવું ખાય ને એક બે દી' કાઢે ત્યાં પૂર ઉતરી જાય.

એક લાકડા કાપીને વેચનારું કુટુંબ હતું. એને પરમેશ્વરની ઉપાસના બહુ હતી. એ કુટુંબને આવું પાણી આવ્યું એટલે ઝાડવા ઉપર ચડી ગયા. એ કુટુંબને પૂર્વે કોઈ સાધુ મળ્યા, એની જ્ઞાતિના. સાધુ એટલે રોટલે પાણીએ ખપે, એ સાધુનો ઉપદેશ કે, અમે આ રખડપાટમાં પડીએ છીએ અને દુઃખી છીએ, હલકું વરણ છીએ. માટે અમારો મોક્ષ કઈ રીતે થાય ? અમને પરમેશ્વર કઈ રીતે મળે ? સંત કહે, અહીંયા તમે કાય મંદિર, મૂર્તિ સેવા એ તો કરી શકો નહીં. ત્યારે તમને પ્રભુ ક્યાંથી અહીં સવારે, બપોરે, સાંજે રોજ દર્શન દેય ? પણ આવું અરણ્ય જંગલ છે એમાં તમારે એવું કરી રાખવું કે, ઝુંપડીમાં એક ખૂણે ધૂળનો ઢેફો થોડોક રાખવો અને ઈ ઢેફા ઉપર ગારાના નાના નારાયણનું પૂતળું કરીને મેલવું. એ લોકોને આવડશે, બે પગ,

બે હાથ, માથું એમાં ચણોઠિયું બે ચોડે એટલે આયખું થઈ જાય. ફૂલ મળતા હોય એનો હાર કરીને પહેરાવે, પગે લાગે, રાંધતા હોય એ જમાડે, સેવા કરે. સાધુએ ઉપદેશ આપ્યો હતો કે, તમારે આ પૂજાપાઠ કરવા. એને કરીને ભગવાન તમારું કલ્યાણ કરશે, તમારે એમ જાણવું કે, આ ભગવાન છે.

હવે આવું પૂર આવ્યું. એટલે ઓલી ઠાકોરજીની મૂર્તિ હતી ને એ લઈને ઠેઠ ઝાડવા ઉપર એ લોકોએ ચડાવી દીધી. એની શ્રદ્ધા કેટલી ? અને ત્યાં જે કંઈ સૂકા ચણા બધા ઠાકોરજીને ધરીને ખાધા હશે. ઠાકોરજીને ધરીને ખાતા હતા. એમાં ક્યારેક પૂર એવાય આવે કે મૂળિયાં ખોદી નાખે, ઝાડવાના મૂળ ખોદી નાખ્યા તે ઝાડવું પડ્યું ઊંધુ. ભારે કરી, હવે શું થાશે ? આ છોકરાને છાબળા, ખાવાની ચીજ અને ઝાડવું તો તણાય જાય પછી. બે દીકરીયું ને એક દિકરો અને બે માવતર, પાંચ જણાં હતાં, છોકરો ડાળે ચડી ગયો ઊંચો. દીકરી એના મેડામાં બેઠી'તી. મા બાપ ડાળું પકડીને બેઠા'તા, પણ ઓલું પૂર હતું ને એમાં ઓલો બેસવાનો મેળો જે હતો ને દીકરીઓ વાળો, ઈ પાણીમાં ડૂબી ગયો. મા બાપ પડખાની ડાળુંમાં ડાળું પકડીને બેઠા રહ્યા, છોકરો ઊંચો ચડી ગયો. ઓલી છોડીયુંએ મૂર્તિ પકડીને પોતા પાસે રાખી પણ ગારાની મૂર્તિ તૂટી ધોવાઈ ગઈ. પછી ગમે એમ થાય પણ પકડી રાખી પાણીમાં પણ એમ નમ નો રેય ને, બધુંય નો રેય ને ધ્યાન, માટે આકળા બાંકળા થઈ જાય. હવે આ સંતાનોને માવતરનો ઉપદેશ હતો કે, ઝાડવાની મોટી ડાળ હોય, એ ઊંધી પડીને આડી આવે તો એની પડખે થઈને પાણી પડે તો બે હાથ આઘું પડે અને વચ્ચે છે ને એમાં તાણ નો હોય, ડાળને ઓથે રહી જવાય. દીકરીઓ બે છે એ ડાળને ઓથે રહી ગઈ. એમાં ઠૂંઠા હતા એક બે એ પકડી રાખ્યા, પાણીની અડખે પડખે થઈને ઊંચું વયું જાય અને આ બેયની ઓલા પાણીના ખાડામાં વચ્ચે ડાળની આડું મોઢાબાર રહ્યા.

મોટીબહેન નાનીબહેનને કહે છે કે, આપણાં ભગવાન ક્યાં ? તો કહે, મેં પકડી રાખ્યા છે. એને એ ખબર નથી કે એ પલળીને ભાંગી ગયા છે, એને એમ કે મેં આયા ભગવાન પકડી રાખ્યા છે, મારી પાસે છે, તો

સારું એને આ પાણી ઉતરી જાય ધીરે ધીરે અમને તાણે નહીં, એમ ભગવાનને કહ્યું. પાણી ઉતરી જાય મહારાજ અમને તાણી નો જાય, મેં તો ભગવાનને કહ્યું છે. પાણી સૂકાવા માંડ્યું. એના ઉપદેશમાં લખ્યું છે, ભગવાનને રાંધેલું જમાડીને પછી જમવું. એને પાણી પાઈને પછી ખાવું-પીવું, એને ખંભે કપડું નાખીને પછી પહેરવું, શાકભાજી, ફળ, ફૂલ જે કાંઈ મળે એ ભગવાનની મૂર્તિને આપીને પછી જમવું. હવે ત્યાં પાણીમાં ચણાની પોટલી તણાઈ જાય, ક્યાંથી આવે ? એણે ભગવાનને કહ્યું, મારી બા પાસે પોટલી છે, હું માંગી લવ. તમને ભૂખ લાગી હશે, જમાડવા હશે કઠણ ચણાના ડાળીયા, એ બા પાસે માંગ્યા. ઓલી પોટલી તણાઈ ગઈ'તી. નાની દીકરીએ માંગ્યા કે બા ઓલા ચણા આપો, ઠાકોરજી ભૂખ્યા થયા છે. મારે એને જમાડવા છે. બા એ કાંખમાં પોટલી રાખી'તી. જ્યાં હાથ નાખ્યો ત્યાં તો પોટલી તણાઈ ગઈ'તી એ ઠેકાણે બીજી પોટલી આવી. ભગવાને ચણા કરી દીધા શેકેલા. કે લે બાપા, ઓલી દીકરીયુંને આપ્યા કે આલ્યો. એણે લઈ લીધા. પણ પાણીમાં છોડવા ક્યાં ? છોડે તો વયા જાય બધાય. એટલે ભગવાનની મૂર્તિ હતી એ તો તણાઈ ગઈ તી અહીં તો બીજી મૂર્તિ થઈ ગઈ કે લ્યો આ. આ તમે જમી લ્યો પછી અમે મુઠી મુઠી ખાશું. પછી પોટલી આપી. ભગવાન થ્યાં લાંબા. આમ લાંબા થયા ત્યારે ડાળ હારે માથું ઠેઠ હાથ એક ઊંચું થઈ ગયું. પાણીથી, ડાળની વાહે પાણી હોયને, રેલો આવે તો ડાળમાં એક વેંત એક ઊંચું ચડી જાય પછી પડખે પડે. એ ખાડામાં બે બહેનો બેઠી'તી ને પાણી છે એના કરતાં ઉપરવટ માથું. ભગવાન કેમ જાણે ઊભા હોય ? લ્યો મહારાજ આ પોટલી. નઈતર તણાઈ જાશે. પેલા તમે ખાઈ લ્યો, પછી અમે ખાશું. અમને આપજો મુઠી મુઠી, પોટલી તમે સાચવજો. ભગવાનને આપી.

ભગવાને ઊભા ઊભા પોટલીને એમનમ બાંધી લઈ, ચાર છેડા ભેગા કરીને પછી એક ગાંઠ વાળે એમ પોટલી વાળી દીધી એને એક ખૂણો છે ને આંગળી અંગૂઠો આવે એમ એક ભાગવાળો જરાક ખેંચીને ચણા હાથમાં આવે એવું કર્યું. પછી એને ત્રાંસી કરી એટલે માલિકોર સાંથળીમાં પોટલી પડી. ચણો એકેય પલળ્યો નહીં. ભગવાને ફાકડો નાયખો મોઢામાં,

એક ફાકડો ખાધો કે મને ભૂખ બહુ લાગી'તી તમે ચણા લાવ્યા ઠીક કર્યું. બીજો ફાકડો પણ ખાઈ લવ. બીજો ફાકડો લઈ મોઢામાં નાખ્યો, આંહિ હોઠે ચણા પેલા વેલા નાખે ને દાંતે આડા આવેને, પણ બેય બેનું એ એમાંથી દાણા લઈ લીધા લાંબો હાથ ધરીને. નાખો તમે મોઢામાં. બેયે ખાધા, માળી હોશિયાર છે. પ્રસાદીના ખાધા ઈ ઓલામાં નો લ્યે ? પ્રસાદીના ખાધા. પછીના ઉપદેશો પુરાણમાં લખ્યા છે કે, ભગવાન છે ઈ જ મા બાપ, જો એ ન હોય તો આ પાણીમાં ક્યાંથી તરીયે ? ભગવાન છે એ જ આપણું ઘર, ભગવાન છે એ ઘરધણી, ભગવાન છે એની પાસેથી જ આપણને ખાવાનું મળે, જે કાય કામકાજ કરો એ ભગવાનને સંભારીને કરો. ભગવાન ઊભા છે હો ચણા ખાય છે હજી.

પછી દીકરીયું કહે, હે પ્રભુ ! આ પાણી ક્યાં સુધી રહેશે ? તો કે હું ચણા ખાવ ત્યાં સુધી, બધાં દઈ દે. એક તમે ખાવ. ખાધા હશે બે ફાકડા વધારે. ઓલું પછી આડું કોઈ સેલું બેલું હશે ને ઈ ધોવાણું અને પાણીનો પ્રવાહ ઓલિકોર વળી ગ્યો ઉપરવાહેથી. હેઠવાહ જમીન હતી અને વયો ગયો પ્રવાહ. અહીંથી ગયો હેઠો પ્રવાહ. કારણ કે કાંઠો હતો આ કાંઠો. ઓલા કાંઠામાં ગમે એમ થાવ પણ આ કાંઠો જ્યાં ભક્તોનું રક્ષણ કરવું છે. એ કાંઠાનું પાણી ઉપરવાહથી સેલું ધોવાય, લહેર જેવું થઈ ગયું અને પાણી એનીકોર વળી ગયું. પછી મૂળિયાં થ્યા ખાલી. ઓલિકોર પાણી દેખાય સામે કાંઠે. નદી ભરપૂર હાલી જાય છે, આ પાણી આમ વયું ગયું. અહીં માવતર દેખે, છોકરો દેખે કે પાણી આમ વયું ગયું. ભગવાન કહે, હું બેઠો છું હો તમે ડરશોમાં. નીચે પાછા ઉતરી કે તમે પછી જ્યાં જે ખાવાનું કરશો એ હું ખાઈને પછી જાઈશ. ભગવાન રહ્યા ત્યાં રોકાયા, પણ એ ડાળમાં લાંબા થતા'તા ને બે-અઢી હાથ. ઈ મૂર્તિ રોકાણી. ઓલા તો ક્યાં હતાં ? ગારાના તો વયા ગયા'તા. પણ આને એટલી બધી ભક્તિ, ભગવાન મારી ભેગા છે, તે એને ભગવાન દેખાણા, ચણા ખાધા, ભગવાને પછી મૂઠી મૂઠી આપ્યા, બધાને દીધા, માવતરને આપ્યા, દીકરીઓને આપ્યા, છોકરો એક ઊંચો હતો, હાથ નો આંબે એમ, થયા લાંબા, હાથ કર્યો આમ, સરખાં અપાય

એમ આપ્યા. લે આ લે ખા બેઠો બેઠો, એણે ત્યાં ખાધા. પાણીનું તો ચોમાસું ભરપૂર હતું. એટલે તરસ કાય એવી હોય નહીં. પીવું હોય તો ક્યાં થોડું હતું પાણી ઘણુંય હતું. વયું ગયું બધુંય, ક્યાંક કાદવ જામે ને ક્યાંક કાદવ ધોવાઈ જાય. ત્યાં ઝાડવું ઊખડ્યું ત્યાં કાદવ ધોવાઈ ગ્યો'તો, એના મૂળિયાના પડખામાં જ ટાશ નીકળી ગઈ એટલે કાંઈ ચોખ્ખું કરવું પડ્યું નહીં, તો પાણી ઉતરી ગયું. નદીનુંય ઉતરવા માંડ્યું ને ઓલુંય ઉતરવા માંડ્યું. ચારેકોરથી વહી ગયું.

આમ ભક્તિ કરતા કરતા ભગવાન રક્ષા કરે પછી એને પાણીના પૂર હતા તે કોરું તો કાય મળે નહીં રાંધે શેમાં ? અને ઝાડવું તણાયું નોતું. એમને એમ આડું ઊભું રહ્યું. એમાં ઉપલી ડાળ છે ને ઈ સુકાયેલી દેખી. છોકરો બેઠો'તો એણે એની ડાંડલિયું ભાંગી, પાંદડા ભાંગી હેઠા નાખ્યાં. સૂકા સાવ. તા ટાશ હતી તે ઢેફાં કર્યાં પણ ત્યાં મળે શું ? તાવડી વીના એને શેકે શું ? ને ખાય શું ? પણ એક ઘડો તણાતો આવે. ઈવડો ઈ ઓલા તાશના ઠેકાણે આવીને પડ્યો તો. એમાં જ્યાં જોયું ને તો માલિકોર ચોખા. એલાં કેય આમાં તો ચોખા છે ખાવાના. કરંટ આવી ગયો. કાઢ્યા. એને જોઈ એટલા લીધા છ જણા ખાય એટલા. કપડામાં કાઢ્યા. કાઢીને ઘડો મેલ્યો ઊંધો તન ધફા વચ્ચે. અને એમાં મેલ્યા પાંદડા ઓલી ડાંડલિયુ. હવે દિવાસળી ક્યાંથી લાવવી ? તો ભગવાન કે'ય ઈ તો મારી પાસે છે. આ રહી મારી પાસે. કોરી રહી ગઈ છે જો. મેં બાંધ્યું એવું કંઈક બાંધ્યું ઈ જ્યાં ખોલ્યું માલિકોર ડાબલી નીકળી. હવે તરત પાંદડાને અડાડી. તાપ થઈ ગ્યો. ઘડામાં તાપ થાય ને ઈ તાપ એને બહુ લાગે. પડખેથી પવન જાય. માલિકોર તાપ જાઈ ઈ બહુ બમણો થાય. ઈ બમણો મેલ્યો. ઓલા ચોખા સાફ કર્યાં. ઠીકરાની થાયળી દેખાણી. કે ઓલું શું પડ્યું છે ? લઈ આવો તો તરત. આમ ગોળ થાયળી ઠીકરાની એની માથે મેલી. ઓલો અગ્નિ છે ઈ ઘડામાં ભરાય જાય પછી અંદર ન જાય પછી બારથી જાળ આવે. એમ બાર જાળ નીકળીને ઠીકરાને લાગી. એમાં આવડું આ ડોળું પાણી છે ઈ મેલ્યું માલી કોર એટલે ડોર મટી ગયો. ઈ પાણીમાં ચોખા ચડી ગયા. પછી તો ઓલી

ટેવ હોય ને મોળું ખાવાની ને જેવું મળ્યું ઈ ખાવાની, ચોખા ચડી ગયા એટલે ભગવાનને કહે, હવે તમે જમો. તો કહે ભલે જમું, બેઠાં જમવા. ઈ થાયળીમાં જેટલા ચોખા હતા ને ઈ બધુંય જમી ગયા.

આવડા વિચારે કે ભગવાન બહુ ભૂખ્યા છે હો. બહું ભૂખ્યા છે હો. હવે કાંઈક બીજું હોય તો ખવાડીએ. ત્યાં તો ભો ધોવાઈ ગયેલી એમાં આવડા આ ઓલા શક્કરચંદ ને ગાજર ને એવા દેખાણા મૂળ ઈ કાઢ્યા. કાઢીને ધોઈને ભગવાન પાસે મેલ્યા. ઈ એય જમી ગયા, તો ઓડકાર ખાધો હાશ હવે તૃપ્તિ થઈ પણ તોઈ આયા કોઈએ એમ ન કહ્યું કે, અમે ભૂખ્યા છીએ હો આપશો ? પછી મા અને દીકરીનો સંવાદ છે ત્યાં. દીકરી કહે, મા હવે આ ભગવાન છે એને અહીંથી જવા નથી દેવા આપણે. ઈ હોય તો ખાવાનું મળે, આપણી રક્ષા કરે. જોવો આજે કેવું ભોજન પાણી બધુંય મળ્યું. બધુંય એના માટે છે હવે આપણને કાય ભૂખબુખ લાગવાની નથી. ભગવાન કેય એમ હાલે ? મારે તમને ખવડાવવું જોઈએને. કંઈક તો દેવું જોઈએને. ઓલી જે થાયળી ભરી તી ને ઈ આખી ખાય ગયા તા ઈ આખી પાછી ભરાઈ ગઈ ચોખાની. મહારાજ તમે ખાધા નથી ? મેં તો ખાધા પણ આ ચોખા વધતાં જાય છે માલિકોરથી. તો કે ક્યાંથી વળી આવ્યા ? તો કે તમારા દિલનું જે હેત છે ઈ હેતરૂપી જે ક્ષેત્ર છે ઈ ક્ષેત્રમાંથી ચોખા નવા પેદા થાય છે ને સીધા થાયળીમાં આવે છે, અને એને હું જમું છું. જો ઈ હેતના ચોખા નીકળ્યા, જમ્યા.

પછી છોકરાને કહ્યું, હેઠો આવ. તે હેઠો આવ્યો, એને ખવાડ્યા, માવતરને ખવાડ્યા, ઈ તૃપ્ત થઈ ગયા. તોઈ ચોખા થાયળીમાં ખૂટ્યા નહીં એટલાને એટલા જ રહ્યા. થર જામતો જાય. છોડીયુંએ છેવટે ખાધું બેયએ. ભગવાન હવે તૃપ્તિ થઈ ગઈ, ખૂબ તૃપ્તિ થઈ ગઈ. તે કહે, ભગવાન છોડીયું મોટી થાય છે. હવે એનું ક્યાંક કોઈ સારું ઠેકાણું ખોળી દેશો ? ભગવાન કહે, ઈ તો તમારે ખોળવું જોઈએ કે મારે ખોળવું જોઈએ ? માવતર ખોળે. હું તો રક્ષા કરવા આવ્યો તો, રક્ષા કરી દીધી. તો છોડિયું કહે, હું વરરાજાને મોઢામાં કોળિયો આપીશ. કન્યાને કોળિયો આપે વરરાજો. થાય ને માંડવામાં એમ.

ત્યાં આણે અમને ચોખા જમાડ્યા અને અમે એને જમાડ્યા. હવે ઈ કેય છે તમે વરરાજાને ખોળવા જાવ. શું કામ ખોળવા જાવ ? આ સારો વરરાજો છે અમને બેયને આપી દ્યો. આવો વરરાજો ક્યાંથી મળવાનો છે ? આ ઈ ભગવાનને કન્યા અપાઈ ગઈ. એનો જન્મ સુધરી ગયોને પછી પુરાણોમાં કથા લખી છે. ભક્તિ હતી તો એને ભગવાન મળી ગયાં, રક્ષા કરી એને જમાડ્યા. પણ ભાવના કેવી કે, અમે કલવો જમી લીધો અને ભગવાને હાથ પકડી લીધો તે હવે અમે બીજો વરરાજો શું કામ ખોળીયે ? આ વરરાજો ઠીક છે. આવો વરરાજો ક્યાંથી મળવાનો છે ? ઈ બેય કન્યાઓ એને પરણી.

પછી ત્યાં ભક્તિનું પ્રકરણ બહું લખ્યું છે કે, આત્મનિવેદી થાવું તો આવા આત્મનિવેદી થાવું કે, આપણે તો ભગવાન પાસે નો પહોંચી શકીએ પણ ભગવાન આપણી પાસે પહોંચી શકે. આપણી પાસે આવે, આપણી રક્ષા કરે, ટાણે ટાણે ચિંતા કરવી ઈ ભગવાન ઉપર કરવી. ભગવાન ઉપર ચિંતા નાખવી, તમે રક્ષક છો, તમે ઘરધણી છો, તમે અમને સુખ-દુઃખે જોવો છો. જ્યાં નો'તું ત્યાં તમે આ વસ્તુ લાવ્યા માટે પ્રભુ તમારા ઘરમાં બધુંય છે, તો પછી હવે અમારા જેવા ભગત તમારા ઘરમાં ન હોય તો જાય ક્યાં ? કેની સેવા કરે ? માટે અમે તો તમારા ઘરમાં રહેશું. ભગવાન કહે, આ એક ભાઈને પડ્યા મેલીને તમે મારા ઘરમાં રહેશો તો આ માવતરને ભાઈ ઈ બધાંય તલખશે, દુઃખી થશે. તો કે ભગવાન આ મારા ભાઈને લઈએ ભેગા ને આ અમારા માવતર છે એને તમે ધામમાં લઈ જાવ એટલે દુઃખી થાતાં મટે. ઓહોહો ઓને પૂછ્યું તમારે કેમ છે ? તો કે હાલો તમારી હારે જ આવવું છે. દીકરીઓ તમને આપી અમને બેયને તમે ધામમાં લઈ જાવ. આને તો તમારે સાચવવા છે ને છોકરો છે ઈ ભેગો આવશે. ઓલા બેયને ધામમાં લઈ ગયા, હવામાં પૂરને વેગે. ઓલા છોકરાને કેય તું બહેનું ભેગો રેજે, એને ઉપાડ્યો અને બેનુને લઈને હાલ્યા, ભગવાન આકાશમાં ગયા, એમ ઈ ને ઈ દેહે લઈ ગયા. એક સુવર્ણમુખડી એવા નામની નદી છે એના કાંઠે ગયાં. શ્રી શૈલ એવા નામનો ડુંગરો છે, ઈ ડુંગરા ઉપર ગ્યાં તો ત્યાં મોટો જબરો બંગલો, ને મંદિર ને શિખર ને બગીચાને બધું દેખાડ્યું. ભગવાન

કેય હમણાં આપણે અહીં રહેવું છે પછી છેટે જાશું. એને શ્રીરંગક્ષેત્ર કેવાઈ છે દક્ષિણમાં. આવું મોટું ભગવાને એનું રક્ષણ કર્યું. એને પત્નીઓ કરી. દિકરાને ઘરનો સેવક કર્યો અને માવતરને ધામમાં લઈ ગયા. ભક્તિ હતી તો પાણીના પૂરમાંથી તાર્યા અને પોતાનું ઘર વસાવ્યું અને ભગવાને ઈ ભક્તોને ભેગા રાખ્યા. બોલો ભગવાન ભગતને માટે આટલું બધું કરે છે.



✳ પરાવાણી - ૩૩ ✳

✪ ભગવાનની શરણાગતિમાં છ પ્રકારના જ્ઞાનની સમજણ
✪ વિશ્વાસ, વરણમ્, ન્યાસ, કાર્પણ્યમ્, સ્થિરામતિ, અનુકુળ સંકલ્પ

(નોંધ : પરાવાણીના આ ગ્રંથની અંતમાં જે હિન્દી ભાષામાં પરાવાણી છે તેનું ગુજરાતી ભાષાંતર દરેક ભક્તો વાંચી અને સમજી શકે માટે નીચે પ્રમાણે છે.)

જે દેશમાં જે ભક્ત જે ભાષાનો જાણકાર હોય છે તે ભક્ત માટે તે ભાષામાં ભગવાન પોતાનું જ્ઞાન, સમજણ અને ઉપદેશ દેતાં રહે છે. ભગવાન માટે એ જરૂરી છે કે હું સૃષ્ટિમાં જાઉં તો મને ભક્તો ઉપદેશ દ્વારા ઓળખે, મારી મૂર્તિ અને મારા સ્વરૂપના દર્શન કરીને પણ મને ઓળખે. મૂર્તિમાં ઘણાં પ્રકારના ઐશ્વર્યો રહેલા હોય છે. ભગવાનની મૂર્તિમાં ચિહ્નો પણ રહેલા હોય છે. એ ચિહ્નોનાં દર્શન કરીને પણ ભકતો ભગવાનને ઓળખી લ્યે છે. ભગવાનનાં ચમત્કાર અલૌકિક હોય છે. ખૂબ જ ચમત્કાર હોય છે. ક્ષણ ક્ષણમાં અને મિનિટ મિનિટમાં પણ મોટાં મોટાં ચમત્કારો ભગવાનનાં થતાં જ જાય છે. એને ઓળખનારા સાચાં ભક્તો પવિત્ર હૃદયવાળા હોય છે. એ ભગવાનને ચમત્કારોથી ઓળખી એમની ભક્તિ કરવા માટે આતુર થઈ જાય છે.

જે ભક્તો ભગવાનનું જ્યાં નિવાસસ્થાન, મૂર્તિ, વિચરણ, રહેવું વગેરે હોય તે જગ્યાએ જો ભક્ત ન આવી શકે તો તે ભક્ત માટે ભગવાન તેને મૂર્તિ દ્વારા દર્શન આપે છે, શાસ્ત્ર દ્વારા પણ ભક્તોના જીવમાં બેસે છે. ભક્તોને કોઈવાર કોઈ સુખ-દુઃખ કે સકામ સ્થિતિ ઉભી થાય છે ત્યારે એ

સમયે એ ભક્ત એવો વિચાર કરે છે કે ભગવાન મારા માટે સમય સારો બનાવી દે, મારા કામકાજ પૂરાં કરી દે, મારી ઈચ્છાને પૂરી કરી દે, મારા આ લોકમાં રહેવાના ઘરબાર, સ્ત્રી, પુત્ર, પરિવાર, સત્તા, ઐશ્વર્ય, સામર્થ્ય, સન્માન વગેરે જે મારે જોઈતું હોય અને જરૂરી હોય એટલું જો ભગવાન દઈ દે તો હું ભગવાનનું અનંતગણું ભજન કરી શકું અને વારંવાર સેવા પણ કરી શકું. પછી તો હું કોઈના બંધનમાં ન રહુ, કોઈની સાથે ક્યાંય જાવ પણ નહીં, કોઈ મને રોકે તો હું રોકાવ પણ નહીં અને કહી દઉં કે મારા અને ભગવાનની વચમાં આવવું નહીં નહિતર તોપના ભડાકાની જેમ ઉડી જઈશ. મારા ભગવાન મારા સ્વામી છે અને હું એમનો સંત છું, દાસ છું, સેવક છું.

જેમ પતિ પત્નીના સંકલ્પને પૂરા કરતાં હોય છે તેમ ભગવાન પોતાના ભક્તોના સંકલ્પને પૂરા કરે છે. ભક્તો પોતાના જીવાત્માનો મોક્ષ કરવા માટે ભગવાનની શરણાગતિ સ્વીકારે છે. જીવ શરણમાં જાય છે, દંડવત્ કરે છે, નમસ્કાર કરે છે, ફળ-ફૂલ-ચીજવસ્તુઓ વગેરે પોતાની શ્રદ્ધા પ્રમાણે ભગવાનની આગળ વસ્ત્ર, ઘરેણાં, ધન વગેરે ભગવાનની સામે રાખે છે. કેમ કે, ભગવાનને રાજી કરવા માટે ભક્તના માટે જગતની ચીજવસ્તુઓ ખૂબ ઉપયોગી હોય છે. પછી એના બદલામાં ભગવાન હજારોગણું દે છે અને એ જ ચીજોથી ભક્ત પણ સુખી રહે છે અને ભગવાનને પણ સેવે છે. એવી સેવા કરવા માટે ભક્ત પહેલાં કંઠી પહેરે છે, દીક્ષામંત્ર પણ લ્યે છે. ભગવાનનો ખાસ દીક્ષામંત્ર છે - કાલ, માયા, પાપ, કર્મ, શત્રુ, યમદૂત ભયાત. શૂલ, મીન, ધ્વજ, ધનુષ્ય, ચક્ર સ્વસ્તિકવાન અવ. અનાદિશ્રીકૃષ્ણનારાયણઃ સ્વામી પતિશ્ચમે. હું એમની પત્ની છું અને એ મારા પતિ છે. એ મારા નાથ છે અને હું એમની નાથિની છું. એ મારા ગુરુ છે અને હું એમની શિષ્યા છું. એ ભગવાન મને મોક્ષ દેવાવાળા છે અને હું મોક્ષ મેળવવાવાળી છું. આત્મા એવી રીતે ભગવાન પાસે માંગણી કરતી રહે છે. હવે શ્રીહરિઃ શરણં મમ્ - હું શ્રીહરિના ચરણમાં અર્પણ થાઉં છું. મારી આત્મા પણ અર્પણ થાય છે. આ રીતે ભગવાન એના શરણમાં ભક્તોને રાખે છે.

આ રીતે આઠ અક્ષરનો અર્થ સમજીને ભગવાનના ચરણમાં, શરણમાં, ખોળામાં અને ભગવાનના હૃદયમાં તેમજ મૂર્તિમાં સમર્પિત થઈ જાય છે એવો ભક્ત અને એ ભક્તની આત્મા પણ ભગવાનનો શિષ્ય થઈ જાય છે, ભગવાનનો અંગ થાય છે. એને ભગવાનની પાસેથી બધી જ મિલકત મળી જાય છે. ભગવાને એ આત્માને પોતાની આત્મા બનાવી, પોતાની શિષ્ય બનાવી, પોતાના અનેક ઐશ્વર્ય, ગુણ બધું એ આત્માને દઈ દીધું. એ આત્મા મંત્ર લઈને ભગવાન પાસેથી આ વાતને ગ્રહણ કરે છે કે, પહેલાં ભગવાનના ચરણને તીર્થના જળથી ધુઓ અને એ જળને પીવો. ભગવાનને જમાડીને પછી એ પ્રસાદી જમો. ભગવાનને ફૂલોથી પૂજો. ભગવાનને ચંદન ચર્ચો. ભગવાનને ધૂપ-દીપ-નૈવદ્ય અર્પણ કરો. ભગવાનની આરતિ ઉતારો. ભગવાનને દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ, નમસ્કાર કરો અને ભેટ અર્પણ કરો. ભગવાન રાજી કઈ રીતે થાય છે એવી બધી જ ચીજો તેમને અર્પણ કરો.

શરણાગતિ લીધા પછી મૂર્તિની આ પ્રકારે સેવા-પૂજા કરવી. ભગવાનને સાકર, પેંડા, બરફી, મિષ્ટાન્ન જમાડો, ભગવાનને મીઠાં મીઠાં જળ પીવડાવો, ભગવાનને સુગંધી અત્તર, તેલ, ફૂલેલ, સરસ સુગંધ ફેલાય એવી ચીજો ભગવાનની મૂર્તિ પર ચોળો, માલિશ કરો, એની સુગંધ લો. ભગવાનની મૂર્તિને દૂધથી નવડાવો પછી જળથી નવડાવો, ફરી દહિથી નવડાવો પછી મધથી નવડાવો પછી ઘી-દૂધથી માલિશ કરીને નવડાવો અને અત્તરને તો ખૂબ ચોળો તેમજ સાકરને શરીરમાં ચારેય તરફ ખૂબ ચોળીને નવડાવો. ઠંડા સરસ જળથી સ્નાન કરાવો. પછી ભગવાનની મૂર્તિને છાતીમાં લઈ-લઈને વારંવાર ભેટો જેથી ભગવાનની મૂર્તિની પૂજા કરી છે એના બધાં જ પ્રકારના અંશ, સુગંધ, મીઠાશ, તેજ, ઐશ્વર્ય, ઉજળાઈ એ બધી જ તમને મળશે. ફરી શુદ્ધ જળથી નવડાવો. પછી ભગવાનનો અભિષેક, ભગવાનને જરૂર હોય તો ઠંડા પાણીથી અને જરૂર હોય તો ગરમ પાણીથી નવડાવો. પછી શુદ્ધ, કોમળ વસ્ત્રથી ભગવાનની મૂર્તિને ચારેય તરફથી લૂછો, સાફ કરો પછી જે તમને સારા લાગે એવા ભગવાનને વસ્ત્ર, અલંકાર પહેરાવો. ચરણમાં ચાખડીઓ પાદુકાઓ સોનાની પહેરાવો, ચાંદીની પહેરાવો, મખમલ

રેશમની પહેરાવો. ભગવાનને ધોતી પહેરાવો, પેન્ટ પહેરાવો, મોજા પહેરાવો. ભગવાનને અનેક જાતનાં વસ્ત્રો પહેરાવો, ઘરેણાંઓ પહેરાવો. ભગવાનને કમર પર સત્યાવીશ સેરનો સરસ સોનાનો કંદોરો પહેરાવો. ત્યારબાદ ભગવાનને બંને ખભા પર વસ્ત્ર પહેરાવો. એમની આંગળીઓમાં સોનાની વીંટીઓ પહેરાવો. મસ્તક પર મોરપીંછ ધારણ કરાવો તેમજ ફૂલોનો મુગટ, સોનાનો મુગટ અંદર મણિઓ ચળકે તેજ-તેજ થઈ જાય એવા ઘરેણા પહેરાવો. કંઠમાં જે હાર દોરાથી નથી બનતો પણ પુષ્પ-પુષ્પથી બને છે જેનું નામ છે બિનગુણહાર. એવા મોટાં-મોટાં હાર કંઠમાં પહેરાવો. અબજો રૂપિયાની કૌસ્તુભ મણિ પહેરાવો. જે એક મણિ પહેરાવાથી સૂર્ય જેવું અજવાળું થઈ જાય. એવી પોતાની મનની ભાવનાથી ભગવાનને પહેરાવો. કાનમાં કુંડળ ધારણ કરાવો પછી પુષ્પની માળાઓ પહેરાવો. પછી ભગવાનની આટલી પૂજા થયા પછી હવે જે જ્ઞાન લેવાનું છે એ જ્ઞાનને સમજો. પૂજા પછીનું જ્ઞાન શું ?

"વિશ્વાસોવર્ણમ્ન્યાસઃ કાર્પણ્યમ્ સ્થિરામતિઃ આનુકૂલસ્ય સંકલ્પઃ પ્રતિકુલ્ય વિવર્જનમ, શડ્વિધા શરણાગતિઃ" ભગવાનના શરણમાં આવીને છ પ્રકારનું જ્ઞાન લેવું અને આ સમજણ પૂજા કરીને ભગવાન પાસેથી લેવી. ભગવાન કહે છે, ભાઈ તું મારા શરણમાં આવ્યો એટલે હવે મારો શિષ્ય થયો છો. હવે શિષ્યમાં પહેલાં શું જોઈએ ? વિશ્વાસ. તમે ભગવાન છો, દુઃખ દૂર કરશો અને સુખ દેશો. હે ભગવાન હું તમારો શિષ્ય થયો છું એટલે તમારો મને વિશ્વાસ છે. તમે મારા મા-બાપ છો. અને મા-બાપ પુત્રની રક્ષા કરે છે તેવી રીતે આ ભક્તની રક્ષા પણ હે મારા મા-બાપ તમે કરશો આવો મારો વિશ્વાસ છે. ક્યારેય પણ અમારા મનમાં એક અંશ જેટલો પણ આ વિશ્વાસમાં ખામી ન આવવી જોઈએ કે ભગવાન આવશે નહીં ? રક્ષા કરશે કે નહીં ? દુઃખ દૂર કરશે કે નહીં ? શું જાણે શું કરશે ? હેરાન તો થઈ રહ્યો છું પણ હવે ક્યારે દર્શન દેશે ? આવતા તો નથી. કહેતા હોય છે કે હું આવીશ અને દર્શન દઈશ. આ રીતે તો કેટલાય વર્ષો ચાલ્યાં ગયા. છતાંય ભગવાન દેખાતાં તો નથી. તો આપણા વિશ્વાસમાં

ખામી છે નહિતર રોજ-રોજ દર્શન દે. નદીની જેમ જો પ્રેમના પ્રવાહ ઊછળે તો રાત્રે જ આવી જાય, છોડે નહીં. કામ પર સમયે આવી જાય પણ ભક્તને છોડે તો નહીં જ. માટે માતા-પિતાની જેમ ભગવાનમાં વિશ્વાસ રાખવો. હું એનો છોકરો છું, એ મારી રક્ષા કરશે જ. બીજો વિશ્વાસ રાજાની જેમ, રાજા પ્રજાને દુઃખી નથી કરતાં પ્રજાનું રક્ષણ કરે છે. એવી જ રીતે શત્રુઓથી ભગવાન પોતાનું રક્ષણ કરે જ છે. ભક્તો માટે તો ભગવાન ભક્તના શત્રુઓ સાથે લડવા માટે પણ તૈયાર થઈ જાય છે અને ભક્તને પોતાની પાસે રાખીને રક્ષા કરે છે. પ્રહલાદ હિરણ્યકશ્યપુનો છોકરો હતો છતાં પણ હિરણ્યકશ્યપુને પ્રહલાદની બાજુમાં રાખીને પણ માર્યો અને પ્રહલાદ ભક્તની રક્ષા કરી. આ નાની વાત નથી. બધી દુનિયાને સમજવા માટે આ વાત છે કે, ભક્ત માટે ભગવાન છે પણ અભક્ત માટે નથી. ભક્તનો જે શત્રુ હોય તે ભગવાનનો શત્રુ છે. આ વાતનું હંમેશા ધ્યાન રાખવું જોઈએ. માટે રાજાની જેમ ભગવાનમાં વિશ્વાસ રાખવો જોઈએ કે રાજા મારી રક્ષા કરશે જ.

પક્ષી આકાશમાં ઊડતું જઈ રહ્યું છે અને કોઈ ધનુષધારી પક્ષીને મારવા માંગે અને પક્ષી ભાગીને કોઈની ઝુંપડીમાં ઘૂસી જાય અને ઝુંપડીવાળો જો ક્ષત્રિય હોય તો પક્ષીને બેસવા દેશે અને શિકારીને કહી દેશે કે, ચાલ્યો જા અહિંથી. આ પક્ષી મારી શરણમાં આવ્યો છે. તને નહીં દઉં. ત્યારે ભલે ઈ પક્ષીનું બચ્ચું છે પણ શરણાગતિમાં છે. પક્ષીને વિશ્વાસ છે કે, આ વ્યક્તિ મને નહીં મારે પણ ઓલો મારશે. બંને છે તો માણસો પણ એક માણસની ઝુંપડીએ આવવાથી એ મારી રક્ષા કરે છે અને એક માણસ મારી પાછળ ધનુષબાણ લઈને આવી રહ્યો છે એ મને મારશે. પ્રજાની આ રીતે રાજા રક્ષા કરે છે. મનુષ્ય પશુ-પક્ષીની રક્ષા કરે છે પણ પારધી તો હિંસા જ કરે છે એટલે ભગવાન પારધીને મારે છે. આ રીતે પક્ષીની રક્ષા કરવાવાળાની જેમ ભગવાન પોતાની ઝુંપડીમાં ભક્તને લઈને રક્ષા કરે છે. માટે રાજાની જેમ, રક્ષકની જેમ ભક્ત ભગવાનમાં વિશ્વાસ રાખે છે.

અન્ન, ફળ, ભોજન જમાડવાવાળી, રસોઈ કરવાવાળી એમાં આપણને વિશ્વાસ છે એટલે આખી જિંદગી રસોઈ જમીએ છીએ પણ ક્યારેય

અવિશ્વાસ નથી થતો કે આ મને રસોઈમાં ઝેર દેશે અને હું મરી જઈશ. ભોજન કરાવવાવાળીમાં, પાણી પીવડાવવાવાળીમાં, સેવા કરાવવાવાળીમાં જેમ બાળકને વિશ્વાસ છે, પતિને વિશ્વાસ છે, ભાઈ-બહેનને વિશ્વાસ છે, સગાં-સંબંધિઓને વિશ્વાસ છે એવો વિશ્વાસ અન્ન અને જળ દેવાવાળા ભગવાનમાં રાખવો કે આ મારું જીવન નિભાવવાવાળા છે પણ ક્યારેય જિંદગીમાં મારવાવાળા નથી. મારી રક્ષા અને પોષણ કરવાવાળા છે માટે ક્યારેક ને ક્યારેક મને ખવડાવશે, મારું પોષણ કરશે પણ ભૂખે મારશે નહીં. જો આ વાતની શરણાગતિ હોય તો ભક્ત ક્યારેય અન્ન-જળ વગર રહેતો નથી, દુઃખી થાતો નથી.

ચોથો નંબર ધનવાનની જેમ. ધનવાન માણસ ખૂબ સંપત્તિવાળો હોય, નોકરોને સમયે-સમયે ખૂબ ચીજવસ્તુઓ આપતો હોય. ખાવાના સમયે ખાવાની ચીજવસ્તુઓ આપતો હોય, પહેરવા માટે વસ્ત્રો આપતો હોય, વાહન પણ આપતો હોય, સારાં સારાં ઉત્સવ પ્રસંગોએ નાણાંની મદદ કરતો હોય છે. સેવક નોકરને એના શેઠમાં વિશ્વાસ હોય છે કે હું મારા શેઠનો વફાદાર નોકર છું માટે એ મારા કુળ-કુટુંબના બધા જ વ્યવહારને સાચવવા માટે પોતાના ખજાનામાંથી જરૂર કાંઈક આપશે અને મારો વ્યવહાર ચાલતો રહેશે. એમ ભગવાનને ખબર જ છે કે આ મારો ભક્ત એનો વ્યવહાર ચલાવવા માટે અશક્ત છે, માટે એનો વ્યવહાર મારે જ ચલાવવો પડશે. જેમ નરસિંહ મહેતાનું મામેરૂ ભગવાને પૂરૂ કર્યું એવો વિશ્વાસ હોવો જોઈએ. તો ભગવાન હંમેશા એની ખબર રાખશે.

પાંચમું - શબરી જંગલમાંથી નાનાં-નાનાં અને મીઠાં-મીઠાં બોર વીણી વીણીને ભગવાન માટે ભેગાં કરતી હતી. એને વિશ્વાસ હતો કે મારા પ્રભુ આવશે અને એમને હું જમાડીશ. હું એને જમાડીને એમની પ્રસન્નતા મેળવીશ. એને ભગવાનમાં વિશ્વાસ હતો માટે ભગવાન આવ્યા અને મળ્યાં પણ. ત્યારે શબરીએ પહેલાં તો બોર દીધાં નહીં પણ આકાશમાં ઊડાડ્યાં. તો ભગવાને તરત હજારો હાથ કરીને દરેક બોર પકડી લીધાં અને ખાધાં. ત્યારે શબરીને આશ્ચર્ય થયું અરે પ્રભુ ! તમે અહિંયા ક્યાંથી ? ક્યાંથી આવ્યા ? કેમ આવ્યા ?

ભગવાન કહે, તારા પ્રેમથી ખેંચાઈને આવ્યો છું. હું ન આવત તો આ તારા બોર કોને દેત. એટલે હું તારા માટે આવ્યો છું. મને હજી વધારે બોર આપ મારે ખાવા છે. આવ મારી પાસે અને સુખી થઈ જા અને મારી આ મૂર્તિને યાદ રાખજે. હવે તારે કોઈ બીજું કામકાજ, ભજન-ભક્તિ મારા માટે કરવાની જરૂર નથી. બસ આ મારી મૂર્તિને યાદ રાખી જોયા કરજે. આ રીતે વિશ્વાસ હોવો જોઈએ ત્યારે ભગવાન આવે. એવો વિશ્વાસ ભેંસ, ગાય, બકરી એને ચરાવવાવાળો એક જ માણસ હોય છે છતાં એ પશુઓ એમ સમજે છે કે આ માણસ અમારી રક્ષા કરશે. માટે જંગલોમાં જ્યાં જ્યાં ચરાવવા જાતાં હોય ત્યાં પણ એ સમજે છે કે અમારું રક્ષણ કરવાવાળો એક છે. એ કહે એમ કરશું એટલે કોઈ સિંહ, વાઘ કે કોઈપણ હિંસક પ્રાણી આવી પણ જાય તો પણ અમારી રક્ષા કરવાવાળો તરત અમારું રક્ષણ કરશે. એવી રક્ષા કરવાનું કામ ભગવાનનું છે. માટે માણસ દૂધ દોહે છે ત્યારે પશુ ઉભુ રહીને પણ આનંદથી દૂધ દે છે. કોઈ બીજું માણસ આવીને દૂધ દોહવા જાય તો ગાય ઉભી ન રહે અને શિંગડા ચડાવીને મારે. એવો વિશ્વાસ ભગવાનમાં હોવો જોઈએ કે ભગવાન અમારા રક્ષક છે. કૂંજ પક્ષી પોતાના ઈંડાંને કોઈ ટાપુ ઉપર રાખીને ચાલ્યા જાય છે. મહિનાઓ સુધી ચારો ચરીને પાછા આવે છે. પણ આવે છે ત્યારે કૂંજ પક્ષીના બચ્ચાઓ તૈયાર હોય છે. કૂંજ એના સેવક છે માટે છોડી નથી દેતી. એમ ભગવાન ક્યાંય પણ હોય પણ પોતાના ભક્તને સેવે છે રક્ષણ કરે છે. આવી શરણાગતિ ઘણાં પ્રકારની છે. સિંહ પોતાના બચ્ચાનું રક્ષણ કરે છે અને બીજા પશુઓને ખાય જાય છે. બિલાડી પોતાના બચ્ચાની રક્ષા કરે છે અને ઉંદરને ખાય જાય છે. જીવપ્રાણી માત્ર ભગવાનમાં વિશ્વાસ એવો રાખે કે, હું તમારો છું અને તમે મારા છો. તો ભગવાન રક્ષણ કરે છે.

ભગવાને પૃથ્વી બનાવી, જળ બનાવ્યું માટે ખાવો અને પીવો. ભગવાને પ્રકાશ બનાવ્યો, વાયુ બનાવ્યો. માટે એ પ્રકાશમાં આનંદ કરો અને જીવો. ભગવાને સંપત્તિ આપી એને વાપરો. ખાઓ-પીઓ અને સુખી રહો. ભગવાને થોડીવાર આનંદ મેળવવા માટે કુટુંબ બનાવ્યું. એ કુટુંબમાં

સમય-સમય પ્રમાણે આનંદથી રહો અને સુખ લો. જુઓ, સાંભળો, ગાઓ, કિર્તન કરો, નાચો, ભજન કરો, ભગવાનની પ્રસાદી જમો, ઉત્સવ કરો, વાજિંત્ર સાથે ફરો. ભગવાનના મંદિરમાં ઘણાં પ્રકારનાં લીલા પાંદડાંથી તોરણ બાંધો. ભગવાનની મૂર્તિનો શણગાર કરો. ખૂબ આનંદથી ભગવાનની સામે વિશ્વાસ રાખવો કે પ્રભુ અમારા છે અને અમે પ્રભુના છીએ એ ક્યારેક ને ક્યારેક જરૂર અમારી સંભાળ લેશે. આ થયું વિશ્વાસનું અંગ.

માછલીને પાણીમાં વિશ્વાસ છે કે, પાણીમાં જ મારું રક્ષણ છે, શિષ્યને ગુરુમાં વિશ્વાસ છે કે આ ગુરુ જ મને વિદ્યાદાન દઈને, ભણાવીને મારી રક્ષા કરશે. એવી રીતે બધાય લોકોને જ્યાં જેનો વિશ્વાસ હોય છે એવો વિશ્વાસ ભગવાનમાં રાખવો. આ એક જ્ઞાન થયું. એવી વિશાળતા રાખો.

બીજો નંબર છે વરણમ્ એટલે વરવું, ભગવાન સાથે જોડાઈ જવું. ભગવાન પાસે વરદાન માંગી લેવું કે, મારા જીવનમાં રક્ષક તમે જ છો, તમે જ મારા સ્વામી છો, તમે જ મારા નાથ છો, તમે જ મારા ભગવાન છો, તમે જ મારા ઘરધણી છો. હું તમને વરું છું. માટે તમે મારી રક્ષા કરતાં રહેજો. મને જોતાં રહેજો. મને જે રીતે કામમાં લેવો હોય તે રીતે લેતાં રહેજો. મને છોડતાં નહીં. ક્યાંય વિયોગમાં ન રાખતાં. વરણમ્ એનું નામ છે વરદાન માંગવું. બધા લોકો વરદાન માંગે છે કે, હે ગુરુદેવ ! મારી આત્માનું રક્ષણ કરજો. મારા કુળકુટુંબનું રક્ષણ કરજો. હે ભગવાન પાપોથી મારી રક્ષા કરજો. હે પ્રભુ શત્રુથી મારી રક્ષા કરજો. હે ભગવાન બધી બાજુથી મારી રક્ષા કરજો. દુષ્કાળથી રક્ષા કરજો, રોગથી રક્ષા કરજો, મારી રાત-દિવસ જેવી અવ્યવસ્થા થઈ હોય તો એમાં પણ મારી રક્ષા કરજો. હું ક્યાંય ફસાઈ ગયો હોય ત્યાં મારી રક્ષા કરજો. કોઈ મારી પાછળ પડી ગયું હોય ત્યાં મારી રક્ષા કરજો. હું ક્યાંય ભૂલો પડી ગયો હોઉં ત્યાં મારી રક્ષા કરજો. તમારી ગદા, તમારું સુદર્શન ચક્ર, તમારી માળા, તમારી મૂર્તિ, તમારા આ બધા હથિયાર એ હંમેશા મારી રક્ષા કરતાં રહે એવું વરદાન ભગવાન પાસે માંગતું રહેવું. મારા બાળબચ્ચા તમારા છે. મારું કુળકુટુંબ તમારું છે.

વર્ષની જે ઉપજ આવક છે એ પણ તમારી છે. તમે કમાવવા માટે મને બુદ્ધિ આપી છે અને હું કમાઉં છું, બધું તમારું છે માટે તમે સ્વીકારો. જેવો ભક્ત એવું વરદાન ભગવાન આપે છે.

ત્રીજો નંબર છે ન્યાસ. ન્યાસનો અર્થ છે ગિરવે રાખવું. વસ્તુ સારી છે પણ અમે ઘરમાં એનું રક્ષણ નથી કરી શકતાં માટે મોટાં ઘરમાં રાખશું તો ત્યાં રક્ષા થશે. એ જે રક્ષા થાશે એનું નામ છે ન્યાસ. થાપણ ભગવાનને દેવી. હે મહારાજ ! હું તમારી થાપણ છું અને મારી ઘરવાળી પણ તમારી થાપણ છે. મારા બાળકો પણ તમારા થાપણ છે. મારું ઘર, બગીચો, બધું જ તમારી પાસે ગિરવે રાખું છું. તમે તેની રક્ષા કરજો. એના બદલામાં વ્યાજ મારે નથી જોતું. વ્યાજમાં તો બસ તમે એને સેવો અને એ સેવાનો આનંદ મને આપો. જેમ કે, હું બહું નાનો ભક્ત છું તો આનંદમાં મારું જીવન કાયમ સુખી રહે, હું ક્યારેય ઉદાસ ન થાઉં એવું ન્યાસ ગિરવે રાખવું. થાપણ આ મેં તમારા ખોળામાં દીધી છે, તમારી સાથે હું છું, બધું તમારું જ છે.

ત્રીજા નંબર આ પણ સમજી રાખવું જોઈએ કે રાજાની ગાદી મળે, દીવાન થઈ જાઓ, સેનાપતિ બનો કે દિલ્લીની ખુરશી પર બેસો, ગર્વનાર થાઓ, કલેક્ટર સાહેબ થઈ જાઓ, ગામડાંના સરપંચ થઈ જાઓ, ચેરમેન થઈ જાઓ, મંત્રી બનો, સત્તાવાન બનો, બુદ્ધિમાન થઈ જાઓ, લાખો માણસોના ગુરુ થઈ જાઓ તો પણ કાર્પણ્યમ્ આ ચોથો નંબર. હું કૃષ્ણદાસ તમારો સેવક છું. તમારી પાસે મારું જે કાંઈ પણ છે એ તમે જ આપેલું છે. હું તો તમારો દાસ છું. જે કાંઈપણ મને આપ્યું છે એ બધું તમારું છે માટે દાસનો દાસ, એનો દાસ, એનો દાસ. અંતિમ કોટીનો સૌથી નાનો દાસ. આ દાસપણાનું અનુસંધાન ભગવાન પ્રત્યે રાખવું જોઈએ. આવું દાસપણું હશે તો એ દાસપણું કામ કરશે. ભગવાન જેમાં જમ્યાં હોય એ વાસણ એને માંજવામાં વચ્ચે માન ન રાખવું, તરત ઉભા થઈને વાસણ માંજયાવવું. ભગવાનની પગચંપી કરવામાં વચ્ચે મોટાઈને ન રાખવી. અભિમાન ન રાખવું. રાજા હોય તો પણ ભગવાનના ચરણમાં મુખ, લલાટ, નેત્ર સ્પર્શ કરીને

દંડવત કરવા. આ દાસપણાનું કામ છે. અને દાસી તો જેવું કામ હશે તેવું કરશે. તો દાસ-દાસીપણું મારામાં જે છે એ હે ભગવાન તમારા માટે છે. ભલે જે પણ સંપત્તિ હોય એ તમે આપેલી છે. માટે તમારી જ છે. તમે દાસીના માટે દીધું છે માટે દાસ-દાસી સુખી રહેશે અને તમારી સેવામાં કાયમ હાજર રહેશે. માટે અમને દૂર ન કરતાં. આ છે સેવા અને દાસ-દાસીપણું.

હવે ચોથો નંબર છે કાર્પણ્યમ્. કોઈ ગરીબ હોય એને એના મોટા લોકો તિરસ્કાર કરે તો એને અપમાન નથી માનતા. એ તો કહે છે, આ તો આપણા માલિક છે, ધણી છે એ તો કેય. તો દાસ છે એને ભગવાન દાસના રૂપમાં જ બોલાવશે. દાસના રૂપમાં જ એને અપનાવશે. એને પોતાની પાસે રાખશે. અને દાસના રૂપમાં જ એને શિક્ષા પણ દેશે અને કહેશે પણ. આ પ્રકારે ભગવાન દાસ-દાસીને પોતાની પાસે પોતાની ગૃહિણી, પોતાનો પુત્ર અને પોતાનો શિષ્ય એના કરતાં પણ વધારે પ્રેમથી એનો નિભાવ કરતાં રહેશે. આ છે દાસપણું, ગરીબપણું, કોમલપણું, નમ્રપણું અને નિષ્કપટભાવથી રહેવું.

ભગવાન એ ભગવાન અને હું ભક્ત એ ભક્ત. ભગવાન અને ભક્તની વચમાં કોઈ બીજો આવે તો કહી દેવું કે ભાઈ હું તો પતિવ્રતા ભક્ત છું, આ મારા ભગવાન છે અને હું એનો ભક્ત છું. માટે તું વચ્ચે ના આવીશ. તારે ભજવું હોય તો ભજ, સેવા કરવી હોય તો કર નહિતર અહિંથી દૂર ચાલ્યો જા. અમારી ભક્તિની વચમાં ન આવ. આ રીતે જે ભક્ત દાસીપણા અને નોકરપણાથી ભગવાનમાં સમર્પિત થાય છે એનું નામ છે કાર્પણ્યમ્.

ખૂબ ગરીબાઈ, ખૂબ કોમળતાં, ખૂબ વિનય આ ચોથા નંબરનું જ્ઞાન જોઈએ. રાજા હોય કે પ્રજા હોય, નાનો હોય કે મોટો હોય તેણે ભગવાનની મૂર્તિની સામે મોટાઈ ન રાખવી કે, ભગવાનની મૂર્તિની આજ શોભાયાત્રા છે, ગામમાં ફરવાની છે. પણ હું રાજા છું, બીજા બધાંય તો નાના લોકો છે, તો હું એમની સાથે કેમ ચાલું ? તો ભલે નાના માણસો રહ્યા પણ ભક્તિથી

મોટા છે. પણ તને એવી લોકદૃષ્ટિ છે કે હું રાજા છું. પણ ભગવાનની આગળ કોઈ રાજા નથી. એટલા માટે એકદમ સાદાઈથી એમના ઉત્સવમાં જાવું, કિર્તન કરવું, દ્રવ્યથી મદદ કરવી, બધું જ કરવું. આ ચોથા નંબરનું ધ્યાન રાખવું.

પાંચમો નંબર છે સ્થિરામતિઃ. ભક્ત કહે, હું ભગવાનની ભક્તિ કરું છું, એ કહે એમ કરું છું, એ મારી નજર રાખે છે, સમર્થ છે. હું એમના માટે બધું જ કરું છું. છતાં પણ લોકરિતી પ્રમાણે રહેવામાં કોઈ ભૂલ થઈ જતી હોય તો ક્યારેક કોઈ મુશ્કેલી કે દુઃખ બીજા લોકો દ્વારા ઉભું થાય છે એ વખત ભગવાન મારા દુઃખને તમે દૂર કેમ નથી કરતાં ? ભગવાન કહે છે, ભાઈ ! તે કર્યું તારી ભૂલ એમાં હું શું કરું. તું રાજાના દંડમાં આવ્યો. અરે તમે ઘરમાં બે જણાં પતિ અને પત્ની. ઓલીએ રસોઈ બનાવી, તું ભોજન કરવા બેઠો, રસોઈમાં મીઠું ઓછું પડ્યું ત્યાં તો કેવી પત્ની છો ? રસોઈ તો આવડતી નથી, આમાં નમક તો થોડું નાખ્યું ને થોડું નથી નાખ્યું. આમ ગુસ્સે થઈ ગયો. તો સામે પત્ની પણ ગુસ્સે થઈને કહી દેશે કે, તો બીજી પત્ની લઈ આવજો મીઠું પૂરું નાખવાવાળી. આ બંનેમાં થયો ઝઘડો. હવે આ ઝઘડાને ભગવાન ક્યાં મટાડવા આવે. શું મીઠું નાખવા આવે ? શું તારી પત્નીને સમજાવવા આવે ? તારે પત્નીને ના કહેવા આવે ? આ કોઈ વાત વગર બંને ઝઘડી ગયા. હવે આમાં કરવું શું ? માટે સ્થિરામતિઃ. એ વખતે મનને સમજણથી સ્થિર રાખવું. સ્થિર એવી રીતે રાખવું આ તો આપણો ઝઘડો છે બીજાનો નથી. આ તો આપણે બેયે સમજવું જોઈએ આમાં ભગવાનને શું ? તો પછી પત્ની કહેશે કે, ભગવાનનાં માટે નવા નવા થાળ કરી કરીને, દૂધ પીવડાવી પીવડાવીને હું તો થાકી ગઈ છું. ભગવાન તો ક્યારેય જોતાં જ નથી, આવતા પણ નથી. મને જ્યારે તાવ આવે છે ત્યારે તાવ ઉતારતા પણ નથી. આ મૂર્તિમાં ક્યાં ભગવાન છે ? લાંબા કાળે પણ આવો વિચાર ન આવવા દેવો. સ્થિરમતિ રાખવી કે, ભગવાન ભગવાન જ છે. અને હું તો ચિભડા ખાઉં છું તો તાવ આવે. તો શું કરવું ? થોડું ખાઉં. છાશ બહું પીઉં છું તો કળતર આવશે અને રોગ થાવાથી પગ દુખશે

અને ખૂબ ચટણી ખાઈશ તો માથું પણ દુખશે. આ રીતે જો પોતાની ભૂલથી શરીરમાં કાંઈ પણ થાય છે અને કોઈપણ રીતથી કાંઈ થોડું વધારે જો સુખ-દુઃખ આવે ત્યારે ભગવાનમાં સ્થિરમતિ રાખવી. ભગવાન મારી બુદ્ધિ સ્થિર રાખશે અને તે મારા માટે સારું જ કરશે ખરાબ નહીં કરે.

હવે બીજી વાત - ક્યારેય છોકરો મરી જાય, પત્ની મરી જાય, પતિ મરી જાય, સારી ગાય-ભેંસ મરી જાય. આવું કેમ થાય છે ? ભજન કરતાં કરતાં, સત્સંગ કરતાં કરતાં, ભગવાનને ભજતાં ભજતાં બાળકોય મરી ગયા, દુનિયા કહે છે કે તે એમની કંઠી બાંધી, એમનો શિષ્ય થયો તો તારો છોકરો મરી ગયો. હવે તોડી નાખ કંઠી. એનો શિષ્ય ન થા. આ બાજુ આવી જા. બીજો છોકરો થાશે. ઘણાં લોકોને, ઘણી સ્ત્રીઓને આવું આવું કહેવાવાળા મળે છે કે, તે પહેલાં ગુરુનો આશ્રય કર્યો એટલે તને આ દુઃખ આવવા લાગ્યું છે. પણ એ તો સંસારનું દુઃખ છે, એ કોઈ ભગવાન કે એના આશ્રયે કરીને દુઃખ નથી આવ્યું. પણ જગતના જીવ કહેશે કે, તમને ભગવાનના આશ્રયે કરીને દુઃખ આવ્યું છે. એવા સમયે રાખવાની છે સ્થિરામતિઃ.

શાસ્ત્રોમાં લખ્યું છે કે, કોઈ ગામગરાસ માટે ભગવાનની ભક્તિ ન કરવી. ક્યાંક કોઈ બાળબચ્ચા મરી જાય છે તો એને જીવાડવા માટે ભગવાનની ભક્તિ ન કરવી અને શરીરમાં ખૂબ બિમારી છે તો ઈ બિમારી ચાલી જાય એટલા માટે કંઠી બાંધીને શરણાગતિ ન લેવી. કંઠી બાંધો, નાવો, ધુવો, ભગવાનની પૂજા-પાઠ કરો, ભગવાનની પ્રસાદિ જમો, એમને આનંદથી સેવો અને કોઈ મુશ્કેલી આવે તો એમાંથી મન પાછું ન પાડવું. શ્રદ્ધાને તોડવી નહીં, ભાગી ન જાવું. જે પતિવ્રતા છે એના જે પતિ સાથે લગ્ન થયા હોય, પતિને ત્યાં બંગલા અને ધન હોય તો બહુ સુખી રહે પણ કોઈ કાળના વેગથી, વાયુના વેગથી, પૃથ્વીના વેગથી, વરસાદના વેગથી, અગ્નિના વેગથી એ બંગલો બળી ગયો, ધન-સંપત્તિ સળગી ગઈ તો એ પછી કહે કે, આના ઘરમાં રહીને શું કરવું ? હવે તો ખાવાનુંય નથી મળતું. ગરીબ થઈ ગઈ તો ચાલો છુટાછેડા કરી લઉં અને બીજાને અપનાવી લ્યે. તો એ પતિવ્રતા શેની ? એ તો સ્વાર્થવ્રતા બાઈ છે. એકમાં સારું હતું તો ભોગવ્યું અને નબળું થયું

તો છોડીને ચાલી ગઈ. એ તો સ્વાર્થી છે. તો ત્યાં સ્થિરમતિ રાખવી.

ભગવાન કહે છે, શરણાગતિમાં એક વાત છે. નળરાજાની સાથે દમયંતિ રાણી જંગલમાં સાથે જ તપ કરવા નીકળી ગયા. એ પતિવ્રતા હતી. રામચંદ્રજીની સાથે સીતાજી પણ વનમાં ગયા. એવી રીતે ભગવાનની મરજીમાં સુખ, ભગવાનની મરજીમાં દુઃખ. એવી શરણાગતિથી મંડળ વધો અને પ્રભુની ભક્તિ કરો. ભગવાન બધાય માટે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને સારાં સારાં બધાય માટે છે. ભગવાન તો હરિજન માટે પણ છે, બધાય માટે છે. માટે બધાંય ભજો, બધાય આનંદ કરો અને સ્થિરમતિ રાખો. તો ભગવાન તમારા ધન, સંપત્તિ બધું સ્થિર રાખશે.

હવે છઠ્ઠો નંબર આનુકુલસ્ય સંકલ્પઃ પ્રાતીકુલ્ય વિવર્જનમ્. એનો અર્થ થાય - 'અનુકૂળતા વિચાર'. ભગવાનને કઈ ચીજો ગમે છે ? એમને શું અનુકૂળ છે ? કઈ રીતભાતમાં ભગવાન રાજી છે ? એ રીતભાત પ્રમાણે હું રહું. જેમ આ પ્રત્યક્ષ ભગવાનનું તમે ભજન કરો, મૂર્તિની સેવા કરો, મૂર્તિને નૈવેદ્ય અર્પણ કરીને તમે ખાઓ, પીવો અને ઉત્સવ સમૈયા કરો અને ધૂન-ભજન કરો. કિર્તન ભગવાનને પ્રિય છે. બસ આટલું કરો. કાંઈ વધારે નથી કહેતા. થોડુંક તો કાંઈક કરવું જોઈએ ને ? કેમ કે, જીવાત્માને ભગવાન પવિત્ર હશે તો પોતાની પાસે રાખશે. માટે કપટ, અન્યાય, કોઈ અનિતી, કોઈને દુઃખ દેવું વગેરે ના હોવું જોઈએ. ભગવાન આમાં રાજી નથી. કરવું તો આ જોઈએ - મંદિરમાં બધાં સાંજે ભેગાં થાઓ, કિર્તન કરો, વાજિંત્ર વગાડો, ભગવાનને પ્રસાદ ધરી અને જમો, ક્યારેક મહિને-બે મહિને કે ચાર મહિને સારા દિવસો આવતા હોય ત્યારે ભગવાનને હાર-તોરા-ગજરા-ફૂલ-સુગંધ-જળ એનાથી ભગવાનની સેવા કરો. ગરમીના દિવસોમાં ભગવાનને ગળ્યાં ઠંડા જળ પિવડાવો. ચોમાસાના ભાદરવામાં દૂધપાક જમાડો, દૂધપુરી જમાડો. આસો મહિનાની પૂનમ આવે ત્યારે ભગવાનને રાસ રમાડો. ભગવાનને દૂધ-પૌઆ જમાડો. શરદઋતુમાં ભગવાનને હિંડોળામાં આનંદથી ઝુલાવો. કારતક, માગશર અને પોષ મહિનામાં ભગવાનને ઠંડી તો ન લાગે પણ છતાંય લાગે તો ગરમ શાલ પહેરાવો. કેરીનો મુરબ્બો જમાડો,

ગુલાબજાંબુ જમાડો, ભગવાનને સારા-સારા મિષ્ઠાન્ન જમાડો અને તમે પ્રસાદી જમો. આવી રીતે ભગવાનની બારેય મહિના સેવા કર્યા કરો. આનું નામ છે અનુકૂળતા. ભગવાનને જે અનુકૂળ હોય તે કરવું જોઈએ. ભગવાનને અનુકૂળ હોય તો સત્સંગ કરો અને સત્સંગને વધારો. વધારે સત્સંગી થાઓ અને ભગવાનનું ભજન કરો તો ભગવાન તમને ધામમાં લઈ જાશે નહિ તો દુનિયાના ફેલ-ફતૂર અને પાપ લાગશે. કોઈપણનું ખરાબ કરશો તો તમારું પણ ખરાબ થાશે અને એનું પાપ લાગશે. એ બધું છૂટશે ક્યાં ? પણ ભગવાનના માટે બધી રીતે અનુકૂળ વર્તો તો બધુંય છૂટી જાશે. ભગવાનનો જન્મદિવસ આસો વદ આઠમ એ દિવસે ખૂબ ધામધૂમથી મહાસમૈયા-ઉત્સવ કરો, ધૂન કરો, બાળકોને જમાડો, ખાઓ-પીઓ, ઉત્સવના દિવસે ભોજન-પાણી કરાવીને બધાને આનંદ કરાવો. ભગવાનના ઘણાં સારા દિવસો આવે છે. એ સમયે સમય પ્રમાણેની અનુકૂળતા પ્રમાણે સેવા કરો. મંદિરમાં કેળાનાં થંભ ઉભા કરો. આસોપાલવના લીલા પાંદડાંના તોરણ બાંધો. સારા-સારા વસ્ત્રોના મંડપ બનાવો. મંડપમાં સિંહાસન બનાવો અને એમાં ભગવાનની મૂર્તિનું સ્થાપન કરીને ભગવાનની સેવા-આરતી-પૂજા-ધૂન વગેરે વગેરે કરો. આનું નામ છે ભગવાનને અનુકૂળ રહેવું. અનુકૂળતા પ્રમાણે ભગવાનના પૂજા-પાઠ કરતાં જ રહેવા જોઈએ. તો અનુકૂળતાનું વર્તન ભક્ત માટે પૂરું થયું કહેવાય. હવે પ્રાતીકુલ્ય વિવર્જનમ્.

છઠ્ઠા નંબરમાં આવે છે કે, ભગવાન કહે એમ કરવું. પણ આપણને જે અનુકૂળ હોય એ ન કરવું. નહીં હું નહીં જ કરું આ રીતે ના નો કહેવી. 'પ્રતિકૂળ એટલે ભગવાનને જે વાત નથી ગમતી.' એનો ત્યાગ કરવો જોઈએ. હું તો આવું નહીં કરું. ભગવાનના આશ્રિત ભક્ત માટે થોડા નિયમ છે. તે પ્રતિકૂળ નિયમ હોય. જેમ કે, ખાવા-પિવામાં અશુદ્ધ વસ્તુ ખાવી, કોઈકથી કોઈ અપવિત્ર વસ્તુનો ઉપયોગ થયો આ બધુ પ્રતિકૂળ છે. તે ભગવાનને નથી ગમતું. ભગવાનને ગંદી વસ્તુ જેમ કે, ડૂંગળી વગેરે પ્રભુને ગમતું નથી. એમણે બનાવ્યું છે પણ એમને એમાં રુચિ નથી. એવા પ્રભુની જ્યારે ભક્તિ કરતાં હો ત્યારે એ પ્રભુમાં જ પોતાની ક્રિયાઓ, સેવાઓ, પોતાની આંખ,

પોતાના કાન, પોતાની જીભ, પોતાની ભાવના આ બધું જ ભગવાનમાં એકત્રિત કરીને રાખવું જોઈએ. ત્યારે વચ્ચે-વચ્ચે પ્રભુને બાજુ પર રાખી દેય અને કોઈ પોતાની મિત્ર આવી જાય ત્યારે ઓહોહો સખી, દેવી, શેઠાણી તમને કેમ છે ? તમારા દીકરા-દીકરીને કેમ છે ? શરીરે સારું તો છે ને ? કોઈ શેઠિયો આવે તો તેને કહે તમારો વ્યાપાર ઠીક ચાલે છે કે નહીં ? કોઈ સાહેબ આવે. સાહેબ સલામ, નમસ્કાર, જય જય. ચાલો આપણા ઘરે. આ શોભાયાત્રા જઈ રહી છે પણ તમે મારા ઘેર આવો. ચા-પાણી પીતાં જાઓ. પછી અહીંથી જજો. આ બધું ભગવાનને માટે પ્રતિકૂળ છે. ભગવાનનું કામ પૂરું કરીને જ આ બધું કરવું જોઈએ. પૂરું કરીને ન કરે અને જો વચ્ચે બીજી પ્રવૃત્તિમાં જાય તો પ્રતિકૂળનો સ્વીકાર કર્યો કહેવાય. એ સ્વીકારનો ત્યાગ કરવો જોઈએ. ભગવાનની સામે, મંદિરની સામે એમને ન ગમે એવું કાર્ય ન કરવું જોઈએ. શાસ્ત્રો કહે છે કે, ભગવાનની સામે ઘણાં પ્રકારનાં અપરાધ થતાં હોય છે. રાજાને કહ્યું છે કે, ભગવાનની મૂર્તિની સામે કોઈને હુકમ કે દંડ ન દેવો જોઈએ. ભગવાનની બાજુમાં કે ભગવાનની સામે પગ રાખીને ન સૂવું. ભગવાનના બધાંય પ્રકારના સુખ લેવા. ભગવાનની ચીજો જ્યાં ત્યાં ઉપયોગમાં ન લેવી. ભગવાનમાં મંદિરમાં દેવું પણ મંદિરની ચીજો પોતાના ઉપયોગમાં ન લેવી. તેથી ઋણ લાગે છે.

ભગવાન અને ભગવાનના સાધુ એ જગત માટે કલ્યાણકારી છે. તમે બધાં ભગવાનનું ભજન કરવા અને ભગવાન માટે તૈયાર છો, માટે આગળ ભક્તિમાં વધજો અને આ જે શરણાગતિ કીધી છે તેનું અનુસંધાન રાખજો. હવે આ તો ભક્તોની વાત કહી. હવે ભગવાન જુઓ કેવો ય પણ અપરાધી, કેવો ય પણ ભક્ત હોય તો પણ ભગવાન એ ભક્તને પોતાનો અપરાધી નથી ગણતાં. ભક્ત કોઈપણ જ્ઞાતિનો હોય ભગવાન એની અશુદ્ધિને નથી માનતા. ભગવાનના ભક્ત ભગવાન માટે હંમેશા શુદ્ધ જ છે. ભગવાનની મિલ્કત એ ભક્તની મિલ્કત જ છે. ભગવાનનું જે કાંઈપણ જે એ ભક્તોનું જ છે. તમે બધાં ભક્ત છો માટે સત્સંગ કરો, આગળ વધો, કથા-કિર્તન કરો અને ઉપયોગી થાય તેવા સત્શાસ્ત્ર વાંચો. શાસ્ત્રોમાં બધી જગ્યાએ

ભગવાનનું વર્ણન લખ્યું છે. ક્યાંક રામ રૂપે છે, ક્યાંક કૃષ્ણ રૂપે છે, ક્યાંક કૃષ્ણવલ્લભ રૂપે છે, ક્યાંક શ્વેતાયન વ્યાસ રૂપે છે, ક્યાંક શાસ્ત્ર રચવાવાળા છે, ક્યાંક સ્વયં ઉપદેશ દેવાવાળા ભગવાન સંતરૂપે કેસેટમાં બોલી રહ્યાં છે અને તમે લોકો સાંભળી રહ્યાં છો. તમે બધાં મૂર્તિની પ્રસાદી લેજો અને ભજન કરજો અને કંઠી પહેરજો અને મંત્ર જે કહ્યો છે તે રાખજો અને સત્સંગ વધારજો, શરણાગતિ મંડળ વધારજો. મંદિર કરજો, સુખી રહેજો. આ ભગવાનના અનન્ય આત્મનિવેદી રહીને ભક્તિ કરવી. આત્મનિવેદીપણામાં કોઈ ભૂલ ન આવવા દેવી અને કોઈપણની બાજુમાં ચડી ન જાવું. કોઈપણ આવે, કેવો પણ ઉપદેશ દેય પણ ભક્તિમાંથી કે ભગવાનની પ્રસન્નતામાંથી પાછાં પાડી દેય એવું ન કરવું. ખૂબ મજબૂત રહેવું. તમે બધા ભગવાનની ભક્તિવાળા ભેગા થયા છો, માધવજી અને બીજા લોકો ઉત્સવ કરો છો માટે આનંદમાં રહેજો, સુખશાંતિથી રહેજો. ભગવાનનું ભજન કરજો. બધા લોકો ભગવાનની ભક્તિ જ કરે છે. ભક્તિ વિના ક્યારેય ઉદ્ધાર નથી. માટે ભગવાનને ભજો, ભગવાનનો સત્સંગ કરો અને આગળ મૃત્યુ પછી ભગવાનના ધામમાં જાઓ. તૈયાર રહો અને સુખી થાઓ.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની જય.

શ્રીશ્વેતાયન વ્યાસની જય, શ્રીહરિની જય, બધા સંતોની જય.

બધા હરિભક્તોની જય, આજના ઉત્સવની જય.

સ્વામિનારાયણ ભગવાનની જય.

✳ પરાવાણી - ૩૪ ✳

✪ જૂનાગઢ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પટેલીયાઓની દેખભાળ
✪ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા સૌરાષ્ટ્રના પટેલીયાઓને સત્સંગ

વર્ષો પહેલાં સૌરાષ્ટ્રના ગામડાંઓના મોટેરા ગૃહસ્થો બધા વૈષ્ણવની તપેલી ઉપર આવેલા ત્યારે તેમને સન્માન નહીં મળેલું, ત્યારે એ લોકોની સાથે સ્વામિનારાયણના હરિભક્તો હતા તેમણે કહ્યું કે, ચાલો જૂનાગઢ સ્વામિનારાયણના મંદિરે. ત્યાં તમને વાળું કરાવીએ, ભોજન કરાવીએ, ઉતારા આપીએ. ત્યાં સગવડતા છે. અહીંનો ઠોર વેચાતો લઈને ખાવામાં આપણે ઠોર થઈ જઈશું. પછી ગુણાતીતાનંદ સ્વામીની પાસે સાંજે ત્રણસો પટેલીયાઓ કાઠિયાવાડના મોટેરા મોટેરા હતા એ ત્યાંથી અહિંયા આવ્યા. એ વખતે આપણા બાપ-દાદાઓ પણ એની ભેગા હતા. તે ગુણાતીતાનંદ સ્વામીને આવીને પગે લાગ્યા કે, મહારાજ અમારે આશરો જોઈએ છે. સ્વામી કહે કે, મોટો આશરો આપીએ, બોલો શું કામ છે ? તો કહે, વાળું કરવાનું છે. ઈ સ્વામીએ તુરંત ખીચડી મેલાવી, રોટલા ઘડાવ્યા, તે વખતે તાજી છાશ કરાવી અને રાત્રિએ બધાને વાળું કરાવ્યું અને રાત્રિએ પુરુષોત્તમ નારાયણની, સ્વામિનારાયણ ભગવાનની અવતારીપણાની વાર્તા ગુણાતીતાનંદ સ્વામીએ કહી. ત્યારે પટેલીયાઓને એમ થયું કે, ઓહોહો આવા સાધુ છે અહિંયા ? આવું મંદિર છે ? આવું ભજન કરવાનું સ્થાન છે ? આંહિ તો શ્રીકૃષ્ણ ભગવાન દ્વારકાધીશ બેઠાં છે તો પછી આપણે એના છીએ તો ગુણાતીતાનંદ સ્વામીએ જે કહ્યું છે એ વાતને અંગીકાર કેમ ન કરીએ ? માટે ત્રણસો

પટેલીયાઓમાં જે નથી કંઠીવાળા તે ઠરાવ કરો કે સ્વામીના હાથની કંઠી બાંધીએ. પછી સવારે નાહીને જ્યારે શણગાર આરતી થઈ ત્યારપછી બધા સભામાં બેઠા.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, કેમ પટેલીયાઓ તમારે શું જોઈએ છે ? તો કે મહારાજ, આજથી તમને માથું સોંપીએ છીએ અને કંઠીનો થોકડો મંગાવો અને અમને બધાને પહેરાવી દો. આ રીતે ત્રણસો પટેલીયાઓને ગુણાતીતાનંદ સ્વામીએ કાઠિયાવાડના ગામડાંના મોટેરાઓને કંઠી બાંધી અને એમાં આપણા બાપ દાદાઓ ભેગા હતા એ સૌએ કંઠી બાંધી અને મોટા આશ્રિત સ્વામિનારાયણ ભગવાનના ગામડે ગામડે થયા અને તેમણે આ સત્સંગ પ્રવર્તાવ્યો છે અને તે સત્સંગના પ્રવર્તક એવા સ્વામી અને સ્વામીના શિષ્યો એ પણ પ્રભુ જેવા ભક્તો હતા ને એ ભગવાન જેવા સાધુઓ જેમણે આ સત્સંગને વિકાસ આપ્યો, સમર્થ હતા, ઐશ્વર્યશાળી હતા, વાકૂસિદ્ધીવાળા હતા. અનેકના કલ્યાણ કર્યા અને તેની વંશ પરંપરામાં આપણે બેઠા છીએ, આજ એમના સ્મરણ કરવા માટે, સ્મરણ તો કાયમ છે પણ એમને ભક્તિ દેખાડવા માટે, એમનો રાજીપો લેવા માટે ઉત્સવ કરીએ છીએ.



✳ પરાવાણી - ૩૫ ✳

✪ કુંકાવાવ તીર્થમાં મૂર્તિ પધરાવ્યાનું ભક્તોને ફળ
✪ પ્રગટ ભગવાનની સેવાથી ભક્તો વિશેષ સુખી થયા

ભગવાને ભક્તોને કૃપા કરીને સુખિયા કરી દીધા છે. કામના ઢસરડાં ઝાઝા, ઉપાધિ, સુખ-દુઃખ, માંદા વગેરે વાળું જીવન અને એવા જીવનવાળા ભક્તોને ભગવાન પાસે જરૂર એવી પ્રાર્થના થાય કે, મહારાજ બાર મહિના અમારા રોટલા પાણી સુખેથી જાય એટલો તો આશીર્વાદ દેજો. તંઈ ભગવાનને એમ થાય કે મારા ભક્તોના ઘરમાં કાંઈ ન હોય તો મને ક્યાંથી રોટલાનો સાંધો કરી દેય માટે એની પાસે હોય તો કંઈક સેવા ચાકરી તો કરી શકે. ઘણાં વર્ષો એમને એમ વીત્યા, જીવ્યા, ભક્તજનોને જોતાં ગયા. ઉત્સાહ સેવાનો જબરો, પણ જ્યારે દર્શન કરે ને ત્યારે ખીસામાંથી કાઢે તો આખો રૂપિયો એ પણ માંડ નીકળી શકે. સો રૂપિયા વપરાણા અને મનમાં રાજીપો એવો થયો કે ભગવાને બહુ સારો યોગ આપ્યો પણ મારા સેવકો પાસે જો નાણાં હોય તો એ બધાં બહુ સેવાઓ કરી શકે. એમાં કોઈ પુણ્યનો એવો પ્રવાહ ઊગમણી દિશા તરફ ગિરનારને વળોટી અને ફેંક્યો કે જન્મ સ્થાનમાં ત્યાંના માણસો, સરપંચો, તેમણે એવો વિચાર કર્યો કે શાસ્ત્રીજીને મૂર્તિમાન અહીંયા બેસાડ્યા હોય તો આપણે પણ વફાદાર અને ભગવાનની ભક્તિના સહાયપણા કહેવાઈ. તો ઈ લોકોએ એવું ધાર્યું કે અહિંયા આપણે શાસ્ત્રીજીનું સ્વરૂપ પધરાવીએ તો મારા ગરીબ સેવકો છે એમણે વચન એવું ઝીલી લીધું કે ઈ તો અમે જેટલું બનશે એટલું અમારી કમાણીમાંથી કરી અને શાસ્ત્રીજી

મહારાજને સરકારી મકાન કરી તેમાં અમે બેસાડી દેશું. એટલે ભગવાન એવા રાજી થઈ ગયા પ્રત્યક્ષ ભગવાન તો અઢળક ઢળી ગયા. એને એમ થઈ ગયું કે આનું ફળ આ બસો પાંચસો આપનારા સેવકોને ખૂબ મળો, બીજા તો હજારો છે. ઠેકઠેકાણે સેવકો કમાય છે, ખાય છે, પણ આ નાના નાના ગરીબડાઓને ક્યાંથી મળશે ? તો આ શુભ સંકલ્પ, સત્ય સંકલ્પ એટલો બધો ફળીભૂત થઈ ગયો કે અડખાં-પડખાના દેશમાંથી મકાનોનાં કારીગરોને બોલાવવા આવવા અને મોકલવા એવી બધી પ્રક્રિયાઓ થવા લાગી. ત્યારે ગુરુજી પ્રત્યક્ષ ભગવાનને એમ થઈ ગયું કે હવે આ બધાને રજા આપું ત્યારે પરદેશ જાવા માંડે, નામ લેવા માંડે અને દેશકાળ પ્રમાણે રહેવા માંડે અને કમાવા માંડે. ભગવાને એવું પાંસરુ પાડી દીધું કે, સત્સંગીઓ બધા જ્યાં ગયા ત્યાં આગળ આગળ મળતા ગયા, સાઈડ છૂટી થતી ગઈ, કમાણીઓ પણ બબે, અઢી, ત્રણ, ચાર, પાંચ સુધી હજારો હજારની મહિનામાં દેખાવા લાગી. અને ઉપરા ઉપર તમામ મારા સેવકોને મોકલાવી દીધા. કોઈ એમ પૂછે મારે જાવું છે, તરત જ આશીર્વાદ દઉં કે તું રવાના થા, ટિકિટ લઈ લે, ટિકિટ મળે એટલે બેસીને વયો જજે અને ત્યાં જઈને પછી તારું સરનામું લખજે ને મને પૂછવા રહે તો નહીં ને અંહિયા દર્શન કરવાય આવતો નહીં, પરબારો વયો જાજે.

આમ બધાને મોકલી દીધા. એક વર્ષની અંદર તો બધા કમાતા થઈ ગયા. અત્યારે વાહ વાહ એટલું બધું હૃદય રાજી થાય છે સારી કમાણીઓ દેખીને. તમે ભક્તજનો ઊંચે દરજ્જે ચડ્યા અને ચડશો, મુંઝાવું નહીં, પરદેશ છે, ભક્તિ કરવી, ઘરબાર છોકરા-છાબરા દેશમાં બધા સુખિયા છે. તમે કમાવ તો ઈ કમાણીમાંથી તમારા છોકરાવ ખાઈ પીવે અને લ્હેર કરે છે, આનંદમાં છે અને તમે બધા પાસે જ છો, બે કલાકનો રસ્તો છે, બહું આઘું નથી. સાવ પડખાનો દેશ છે. આવી સોનાની કમાણીઓ આપી છે માટે ભજન-ભક્તિ થાય એટલી કરજો, બે-પાંચ માળાઓ ફેરવજો, જરીક બેસીને ભગવાનનું સ્વરૂપ જોવું. વાર-તહેવાર આવે તે દિ' વળી જેટલું ભેગું થવાય તેટલું થવું. વળી બાર મહિને એકાદું ભોજન સમુદાય કે ઉત્સવ સમૈયો

કરવો અને સુખી રહેવું. ખૂબ કમાવ અને ભગવાનનો રાજીપો છે એથી વધારે વધારે તે રાજીપો લેતો રહેવો. તમારા સમાચાર લખતા રહેવા અને સૌ કોઈએ આળશ ન કરવી. પોત પોતાને કાગળ આવે તો મને એમ થાય કે આ અમુકનો કાગળ, આ અમુકનું એડ્રેસ આવ્યું. માટે એણે સ્વતંત્ર જવાબ લખવો. ઝાઝા ભેગા મળીને કાગળો આવે છે એમાં ભેગા મળીને નામ લખું છું, એકનું આવે તો એકનું ને ચાર લખ્યા હોય તો ચારને અને દસનો આવે તો દસને અને કાંય ન હોય તો દોઢસોને. એ આમ બધું લખીને મોકલું છું. કેટલાય વાંચે છે. તમારી સંભાળ એવી રાખું છું અને તમે મને સંભારીને રાજી રહેજો.

શાસ્ત્રોમાં હકીકતો છે, જે મળ્યા એવા ભગવાન એમને રાજી કર્યા તેની માથે કાળ, કર્મ, માયા, સ્વભાવનો ભાર નથી, એના પ્રારબ્ધ ભગવાનના હાથમાં છે. એણે સારા સમય આપ્યા છે, કમાવ છો, આનંદ કરો, માંદા સાજા તો તમારા ભાગ્યમાં હોય અને એવું થવાનું હોય તોય ન થાય. ઝાઝું હોય તો ટૂંકમાં પતી જાય. થોડુંક વેઠીને પણ મૂંઝાવું નહીં અને ભજન-ભક્તિ વધારે કરવી. બાકી દેશ પ્રમાણે ધર્મ, કર્મ એ બધું જેટલું સદે એટલું કરવાનું હોય ત્યાં પરદેશમાં બધોય ભાર નથી. પણ એ ગુરુ તો જબ્બર સમર્થ હોય તો ઈ જે દિ' ચરણજળ પાય તે દિ' બધુંય જે કાય કસૂર છે એ મટી જાય. આવું બળ રાખવું. આ ભગવાન તમારી નજર રાખે છે માટે દુબઈ, સાઉદી અરેબિયા, મસ્કત, સલાલા, બહુદી, કતાર, દોહાકતાર અને કુવૈત, ઈરાક ઘણા ઘણા સ્થાનો છે બધેય ઠેકાણેથી અમારે પાસે એડ્રેસો છે, આવી ગયા છે અને બધા પત્રો લખે છે, આશીર્વાદ દેજો. હું આશીર્વાદ દઉં છું તમે સુખી રહો. પોતાના સેવકોને, છોકરાઓને, બગીચાઓને, ફળ-ફૂલને સારા દેખે એટલે માવતર રાજી થાય. એમ હું તમારો માવતર રાજી થાઉં છું, બધા સુખી રહો, આશીર્વાદ દઉં છું, સારાવાના હો અને વારંવાર બીજું પૂરતું કઈ વધારે હવે તમને કહેવું પડે એમ નથી. તમે તમારી મેળે બધું સમજી લીધું છે એટલે મારે કહેવું પડે એમ નથી કે હવે મને ભજો ને આને ભજો ઓને ભજો ને. માટે તમને છૂટ છે સુખી થાઓ. જય સ્વામિનારાયણ...

બીજું તો આ વર્ષ જામવણથલીનું ફૂલવાડી માટે બધાયે સમજી અને સ્લેબ ભરીને એક મોટો વંડો કરી લેવો છે. હજાર હજાર પાંચસો પાંચસોથી વધારે પચાસ સો જણા આપશો તંઈ મોટું કામ થઈ જશે, ટાણું છે અને પછી વચ્ચે બીજું ત્રીજું જે કરશે ઈ બધું થાશે. શ્રીહરિ શરણાગતિ મંડળની જય.

ચાવડા, જામવણથલી ત્યાં ભગવાન બહુ ફર્યા છે, ડગલે ડગલે પવિત્ર કર્યું છે, ભગવાનને તમે ઓળખ્યા છે, ભગવાનનાં દર્શન કર્યા છે, જમાડ્યા છે, બધું સારાવાના છે, વળી છોકરાવ પરદેશ છે એની નજર રાખે છે, તમને સેવે છે, તમારે ત્યાં નાણાં આવે છે અને આવશેય. જમીનો પણ મળશે, વરસાદ પાણી પણ સારા થશે. ભગવાનની નજર અને સત્ય સંકલ્પ ઈ બધું કામ કરશે માટે બળમાં રહેવું, ભજન કરવું અને કોઈને કલેશ ન થાય એમ સત્સંગ રાખવો, એમ રહેજો. એવી અમારી ભલામણ છે.



✳ પરાવાણી - ૩૬ ✳

✪ પ્રગટ ભગવાનનો રાજીપો એજ ભક્તો માટે પુણ્ય
✪ પુણ્ય આપનાર - લેનાર અને ભોગવનારની વાત

પૃથ્વી ઉપર પરમેશ્વરના અવતારો હોય જ છે, તેને ઓળખવા માટે કંઈ ઐશ્વર્ય, સામર્થ્ય, મનોકામના પૂર્ણ કરો તો તમે ભગવાન. એમ એની વાંહે પડવા જેવું નથી. કોક વખતે ધારેલો મનોરથ પૂરો ન થાય ત્યારે એ લાલચુ માણસ પાછો પડી જાય અને ભગવાનને મેલ પડ્યા, પછી ઈનો મનોરથ તો ખાખી બાવા પૂરો કરે. ખાખી બાવા જેવો કોઈ મંત્ર તંતરિયો હોય તો એની વાંહે દોડે. એ સ્વાર્થી ભક્ત કહેવાય. સ્વાર્થી ભક્ત થયેલા ગુરુ કરીને પછી પડ્યા મેલે તો પછી એવો ભક્ત ન થાય તો શું ખોટું ? તો શું કરે એને આ દુનિયાની લાલસાઓ લાગી હોય કે ક્યાંથી મનોરથ પૂરો કરે ? તો મનોરથ પૂરો કરવા આવે. મનોરથમાં શું હોય ? કાં એમ કે સ્વામી બહુ વહેવારે તાણ પડે છે, તે થોડા ઘણાં કાંઈક મળી જાય એવા આશીર્વાદ આપો. આશીર્વાદ તો આપીએ પણ મારા પુણ્યને લઈને તમને ક્યાંથી મળે ? તમારામાં તો પુણ્ય હોય નહીં ને ? તો શાસ્ત્રો લખે છે કે સાધુ-પુરુષોની સેવા કરવી, ભગવાનની મૂર્તિ સંભારવી, માળાઓ કરવી, ભજન કરવું, દાન-પુણ્ય દેવું, સારા તીરથમાં જાવું. ઝાઝું કર્યું હોય એના હજારો ગણા બદલાઓ મળે છે.

કોઈને થોડીક માંદગી હોય અને તમે અમથા ઘડીક જ એના પગ કળતા હોય ને દાબો તો એનો જીવ કેટલો રાજી થાય ? ઈ આશીર્વાદનું

પુણ્ય થાય, પુણ્ય થાય એટલે સેવક છે ને ઈ સેવકને ઈનો બદલો ઓલો દિલમાંથી કાઢે એટલો બધો મળે. આ રાજીપાના બદલા છે. માટે જેણે છતે દેહે ભગવાનને રાજી કર્યાં તેને બીજા પુણ્ય કરવા પડતાં નથી. શાસ્ત્રો લખે છે કે, ભગવાનનો રાજીપો ઈ ભક્તોનું પુણ્ય અને બીજા જીવને માટે શાસ્ત્રો લખે છે કે એને આ લોકના નાણાં, દાણા, કુટુંબ પરિવાર, બંગલા, કોઈ વાહન, સત્તા, રાજ, બીજું ત્રીજું બધુંય જોતું હોય છે એટલે એને મેળવવા સારું થઈ અને કરે છે તો ઈ કરવાનો બદલો તેને પુણ્ય મળે છે, ત્યાં રાજીપો આઘો રહે છે. ઈ જે કરેલું છે ઈનો બદલો મળે તો ખોરડા સારા થાય, બલૂન એકાદું મળે, મોટર મળે, કોટ પાટલૂન મળે. હવે દેશ-પરદેશ જાય તો માંગો ઈ મળે. પણ ઈ પુણ્યની ઘરે ને ઘરે સમાપ્તિ. ભેગું લઈને ન જાય. ભેગું લઈને જાય, ક્યું પુણ્ય ?

પુરાણમાં દાખલો આપ્યો છે. એક રાણી સ્વર્ગમાં ગઈ'તી. એનું પુણ્ય ખૂટી ગયું. દેવતાઓએ કહ્યું હવે તું હેઠી જા, પૃથ્વી પર જન્મ લે. ઓલી કહે મારે જન્મ તો નથી લેવો. તો દેવતાઓએ કહ્યું કે, તારું પુણ્ય ખૂટી ગયું છે, લેવો પડશે. ઓલી કે પણ પુણ્ય બીજું નવું થાય તો શીખવાડો ને તો હું લઈને આવું, તો દેવોએ કહ્યું તું પૃથ્વી પર જા. પેલા સાંજ થયે રૂપાળી, અંજવાળા વાળી વહુ થઈને ફરજે ગામમાં, માણસોને ખબર પડી જાય કોક બહુ રૂપાળી બાઈ આવી છે, ત્યારે પૂછે કોઈ તો એમ કહેવું કે હું તો સ્વર્ગની દેવી છું, હરવા-ફરવા આવી છું. પછી ગામને પાદર જઈ અને થોડુંક પુણ્ય છે એનો બંગલો કરી લેવો અને બંગલાની અડખે-પડખે કોઈ ન દેખે એમ બંધ કરી દેવો અને એમ કરીને ઘરે બોર્ડ ચોડવું એમાં એમ લખવું કે, મને એકેય એકાદશીનું પુણ્ય જે આપે એને મારા દર્શન થાય બાકી કોઈને હું દર્શન ન દઉં. બોર્ડ લીધું, લખ્યું, ઈ બધાએ એમ નક્કી કર્યું કે હું એક એકાદશીનું પુણ્ય આપું મને દર્શન દયો. એટલે ઓલું પુણ્ય છે ઈ આને મળવા માંડ્યું, અને ઓલા વ્રત કરવા લાગ્યા. ત્યાં આખા ગામના પાંચ દસ હજાર માણસ છે, એ બધાય આ રીતે પાંચ દિ' સુધી આની વાંહે પડ્યા અને પુણ્ય આપતા ગયા. આના પાપ ધોવાઈ ગયા. આને દસ હજાર

એકાદશીનું પુણ્ય મળ્યું અને દર્શનેય થઈ ગયા પછી ચાલતી થઈ ઈ પુણ્ય લઈને બંગલી ફંગલી બધી ઉડાડી દીધી અને સ્વર્ગમાં ગઈ ત્યાં તો પુણ્યનો હિસાબ નહીં. સામા વિમાન આવે, દેવી-દેવતાઓ સત્કાર કરવા માંડ્યા અને એનું પાછું હતું સ્થાન ઈ એને મળ્યું.

વ્યાસજીએ લખ્યું છે, આવી રીતે જે પુણ્ય આપે છે તો પુણ્ય લેનાર પણ જોઈએ અને એને ભોગવનારો પણ જોઈએ. પણ એ સ્વર્ગમાં રહું, દેવતા થાઉં, રાજા થાઉં, કંઈ ને કંઈ થાઉં એવી આશાવાળાને માટે છે. પણ જેને એમ જ છે કે મારે અક્ષરધામમાં જાવું છે ને બ્રહ્મલોકમાં રહેવું છે, એને ત્યાં મારે પ્રગટ ભગવાનના પગ દાબવા છે, તેને જમાડવા છે અને નવરાવવા છે, ખવારવું છે, પીવારવું છે અને સેવા કરવી છે અને ત્યાંનો આનંદ લેવો છે પછી આ માયાના લોકમાં ક્યાંય રોકાવું નથી. આ બધા જુદા પડી જાય છે, જેવું જેનું કર્મ કર્તવ્ય હોય ઈ પ્રમાણે આઘા પાછા જાય છે, કાંઈ પાંચ-દસ માણસ ભેગા ક્યાંય જાતા નથી. તો જે પચ્ચીસ-પચાસ વર્ષે છૂટું જ પડવાનું છે તે ઝાઝું ભેગું રાખીનેય શું કરવું ? દેડકાની પાનશેરી કરી અને કાંઈક તોળવા માંડ્યા ત્યાં ભેગા થાય જ નહીં. મેલે માંલિકોર અને કૂદી પડે બહાર. એમ આ જગતના પુણ્ય છે ઈ એવા જ છે. ભેગા થતાં નથી, અને કૂદીને બહાર પડે અને તમે એને ખાય-પી લ્યો એટલે ત્યાંથી એને પડવું પડે અને બીજે ઠેકાણે જાવું પડે. આમ ને આમ આવા-ગમન એટલે સંસારમાં રખડવાનું. સારું પુણ્ય હોય તો સારો માણસ થાય, વધારે કાંઈ ખાવું-પીવું તો ઈ ને ઈ શાક પાંદડા, ગલકાને, ઘીસોડા છે પણ એમ કહેવાય કે હું બહુ મોટો માણસ છું. એમ કહેવાય કે ઘરે કોથળો પાથર્યો છે, ગોદડું પાથર્યું છે, હોય તો રૂનું. મારા જેવા ગાલીચો પાથરીને બેસે છે, મારે ત્યાં પાંચસો રૂપિયાનો ગાલીચો છે, પણ છે તો ઈ નું ઈ બે, આમ આખા સંસારને સરખું છે એમાં કાંઈ આઘું પાછું નથી. તમામને શરીર તો છે અને ખાવા પીવાના વિકારો છે અને પછી વધારે હોય તો ઈ બીજાને દેવાનું, આપવાનું અને આપવાનો બદલો પુણ્ય જોતું હોય તો પુણ્ય વાપરવાનું અને ઈ પુણ્યને પોતે ભોગવવાનું. માટે ધર્મ એટલે પુણ્ય ઈ આ લોકનું સાધન છે, મોક્ષનું સાધન નથી.

ભગવાનને રાજી કરવા હોય તો સત્કર્મ કરે એટલે જોઈ અને રાજીપો થાય જ. દાન કરો, પુણ્ય કરો, સત્કર્મ કરો, જાત્રા કરો, કોઈ પરોપકાર કરો, ઈ બધુંય છે કમાણીનું. એને ભેગુ કરવાનું તો છે જ. કમાવ છો અને ખાવ છો, પણ ભગવાન જેવી મૂર્તિ પધરાવીને રાજી થઈ ગયા તો પડખે આપી દીધો અરબસ્તાન. ઘરમાં, સીમાડામાં ઈ સોનાની લગડીઓ આપી. એમ કોઈ આપે ? ઈ તો ઈ રાજી થાય તો આપે, માટે પોતાના સેવકોને સાવ પાસે કમાણી આપી દીધી. ઈ આમ જગજાહેર કરીને દેખાડી. જાવ, કમાવ, સારી પેઠે વાપરો, ખાવ, શરીર સાજા નરવા રાખો, માંદા ન પડો, કામકાજ કરો, રાતપાળીઓ કરો, ખૂબ કમાવ, ભેગા થાવ. પચી પચાસ હજાર, સો હજાર ભેગા થઈ જાય તો કુળ-કુટુંબ રૂપિયા પૈસાવાળું થાય ઈ ધ્યાન રાખવું અને ફાળા કરનારા તો વાંહે પડ્યા જ છે જ્યાં જોવો ત્યાં ઉગમણાથી ને આથમણાથી, અડખેથી ને પડખેથી, જે જૂનો ગુરુ ને નવો ગુરુ ને, હું તારો ગુરુ અને હું તારા ગામનો ને હું તારા ફલાણાનો, હું તારા બાપનો ને એમ કરતાં કરતાં આ દસ, વીસ, પચ્ચીસ ફાળા તો વર્ષ દિવસમાં કાગળિયા આવે, આવે ને આવે, મને આટલું આપજે જ, તું આટલું આપજે જ. તને મેં આશીર્વાદ આપ્યા, તને મેં આટલું કર્યું તું.

આમ સેવકો માટે બધાં એ આ ધ્યાન રાખવાનું છે કે, બે ચાર વર્ષ કમાણી આવે છે એ લાખ લાખ રૂપિયો ભેગો કરી લેવો. પછી તમારા છોકરાવ ખાધા કરે એના વ્યાજમાંથી ને મહિને મહિને હજાર હજાર, બબ્બે હજાર રૂપિયા આવ્યા કરે, લ્હેર કરો. ખેતરમાં બહુ પાકે તોય કણબી ફુલાય, તે આ હેઠા બેઠા હોય ત્યાંથી હવે જૂની જાર આપવા માંડો, ડૂંડા આપવા માંડો, કોઈ આવે એને આપવા માંડો, ખાવા માંડો, ખવારવા માંડો, દિવાળીએ તો અન્નકૂટ કરવા છે, ઓણ તો આમ કરવું છે, ઓણ છોકરાના વિવાહ કરવા છે, છોડિયું પરણાવવી છે, બે ખોરડા જૂના થઈ ગયા છે, તો નવા બંગલા બે કરી લેવા છે, ગામને ઝાંપે આમ પટલાઈ દેખી આપણે પટલાઈ લેશું. થોડાક રુપિયા વાપરીએ, વોટ લઈએ, સરખું ખાઈએ, ઓલું ખેતર દેખાઈ છે ને એટલે આ બધું ધાર્યું છે. એની વંડી ચણાવા માંડે અને પછી

રૂપિયા વાપરે અને વીસ પચ્ચીસ હજાર કાઢી નાખે, સૌને દઈ દેય, વાહેથી વોટિંગ ઓછા થાય એટલે ઘેરે સાહેબ આવે, હતું ઈ લાલચમાં ગયું. નવું આવ્યું નહીં એટલે પુણ્ય ખૂટી ગયું. બાકી એવું પુણ્ય ખૂટવા ન દઈએ. બહું વધે એવું ન થાય કે ખૂબ વાપરી નાખવું. હમણાં ખૂબ આવે છે, ખૂબ કરી નાખું. મારી તો ઈચ્છા છે ગરીબડા સેવકો હતા ઈ બધાને પચાસ પચાસ હજાર ઉપર મૂડી હાથમાં આવી જાય. એટલે એને હજાર રૂપિયો ક્યાંયથી આવ્યો છે, ગરીબોને છોકરા પરણવવા હોય, કોઈ રોટલા ખવરાવવા હોય, કોઈ દુકાળ પડે તો ખેતરવાડી ઢંકાય તો તમે બધાય સો બસો પાંચસો જેટલા મારા શરણાગતિ મંડળના સેવકો છો તો અમારી સામાં ફેણ ચડાવીને ઊભા છો.

ઈ બધાને હું આ આશીર્વાદ આપું કે તમને સોનાની લગડીઓ આવે, તમારી બે પેઢી ત્રણ પેઢી ખાય એટલું કમાઓ અને વાપરતા જાવ, ભગવાન લેખે વાપરતા જાવ. અડબંગા જેટલા ઘરે છે એને અડખે-પડખે લઈ કાગળ મોકલે, ઓલો મને દે, મને દે, મારે આ કરવું છે, આ કરીશ, આ એમ ને એમ દઈ. ઈ તો તમારા બાર મહિનાની કમાણી ચારેકોર વય જાય ઈ નો અર્થ નહીં. ગામનો કે નાતીલો કે મારે ધર્મશાળા કરવી છે. કાં કે મારે નાતની જગ્યા કરવી છે, કોક ગરીબડી છે એને પરણાવી છે, કાંકે આ ખેતર લેવું છે, કાંકે ઓલો દુઃખી છે એને આ કામ કરવું છે, એમ તો અડખે પડખેના આખો દેશ વાંહે પડશે. એનું કારણ શું ? વાહ દુબઈ જાય તે બહુ કમાઈ છે, પેલા મુંબઈ જતાં કમાઈ છે, પેલા મુંબઈ જાતા બહુ કમાતા. એની વાંહે પડતા ને હવે મુંબઈ કૂમબઈ ફરી ગયું. હવે પરદેશ વાંહે જશે, એની વાંહે પડશે, આફ્રિકા જાય એની વાંહે પડશે ખૂબ. ત્યાં હજીય ગાલા પાટોળિયા, સાચી રીતે કમાણીઓવાળા લઈ જાય અને કચ્છમાં લ્હેરોય કરે છે અને હજુ ઘણા જાય છે પણ એવી રીતે હું તો એવું દેખું કે તમારે ત્યાં એવડો ઢગલો હોય કોક દિ'ક એવું બોલું આમાંથી ખોબો આપી દે ને. ત્યારે ભક્તને એમ થાય કે એક ખોબો શું ? બે ખોબા લઈ જાવ. એવી છોળો ઊડતી હોય ઘરમાં. એવું દેખીને તે દિ' ખુશી થાય. અત્યારે

આશીર્વાદ આપ્યા કરું. સૌને કહ્યા કરું જાવ, જાવ. ખાજો, પીજો, સુખી રહેજો. દેશકાળ પ્રમાણે વરતજો અને કામકાજ સારી પેઠે કરજો, સોનાની લગડીઓ મેળવજો અને પાછા બેંકોમાં જમા કરતા રહેજો, વાંહે સાડી ફાટી ગયેલી હોય એને ન મળે અને ત્યાં ઓલા કાગળિયાઓમાં મેલ્યા કરે. લે આ ફલાણા લખ્યા. તાં ઓલો અહીંથી લખેલો તું બહુ સારો ચેલો હો તને બહુ આશીર્વાદ આપું છું, બહુ સુખી થઈશ. આંયા ઓલી ઘરવાળીની તો સાડી ફાટી ગઈ છે, ઈ પહેરતી નથી ને આવડો આ સાળો ત્યાંથી પરબારો લઈ ગયો. માટે બહુ ધ્યાન રાખીને કમાજો, ખાજો, લહેર કરજો. બાકી નવું મંડળ ખરેખરું છે, એને આશીર્વાદ આપ્યા, બાકી તો ઓળખો છો ને જાણો છો એમાં આગળ ઓળખવું વધુ પણ અડખે પડખે ધોકા મરનારા મારે એને કહીએ આઘો રે બાપા, તારો ધોકો મારે નથી ખમાતો. જે ગુરુ જે ભગવાન જે પ્રભુ જે ઈશ્વર જેને જે લગની લાગી તે લાગી પછી એમાં વળી પાછું કોઈની પડખે ચડે, તે ચડનારા ચડે, બળ હોય એટલું ચડે પણ તમારું બળ ઝાઝું દેખાય એટલે એની મેળે પાછા પડી જાય. હવે તમારે જુદો માર્ગ કરે બીજે કે મસકતમાં કે જ્યાં જ્યાં તમે છૂટા છવાયેલા છો તે બધે ઠેકાણે એક બીજા શુક્રવારે મળો છો, કોઈ સમૈયામાં મળો છો, ક્યાંક ભેગા થઈ જાવ છો, પણ ઉપાસનાનું બળ સારી રીતે રાખજો.

'સલ્પ મધ્યસતે ધર્મષ્ય ત્રાયતેમહતે', શ્રીકૃષ્ણ બોલે છે હો 'સલ્પ મતિ અત્યધ્યાયત્ય' આ શ્રીકૃષ્ણ ભગવાનનો સલપ્મ એટલે જરાક એટલે થોડોક એવો પણ તમે ધર્મ એટલે ભાગવત ધર્મ ભેળો કરી રાજીપો ઈ લીધો હોય તો ત્રાયત એટલે રક્ષા કરે, કેનાથી ? તો કે મહત્વની રક્ષા, બહુ મોટા મોટા ભય આવ્યા હોય તોય એને આડા થઈને કાઢી મેલે છે. આ લોક તે રાખવા પૂજન કરજો, હવે જાજુ એમાં શું કહેવાનું હોય ? સમજે તે સમજે છે, એમાં સમજણમાં કાંઈ વધારે એમ ધાબો દેવો કે સાંબેલા પરાણે મારવા હોય ? ઈ તો કાચા ને મરવા પડે પાકા ધાબાને શું છે ? સમજતા જજો ને ભજન કરતાં જાજો. કેટલાકને ગમે અને કેટલાકને ન ગમે, હવે દુનિયાનું કરવું શું ? ન ગમે કાંય નહીં. ગમે ત્યાં ઘણાય વયા ગયા, ઘણાય છૂટા પડી

ગયા, ઘણાય ન લખે ને ઘણાય લખે ને ઘણાંય ગુરુમાને ને ઘણાય ન માને અને ઘણાય ને સદે નહીં. ન સદે તો ઓછું લખે આપણે શું ગયું ?

હમણાં ફૂલવાડીનો સાડાસાત હજારનો ફાળો આવ્યો. કૂવામાં ભોયતળામાં પાણી તો બહુ છે, ભવિષ્યમાં સારડો નખાવશો તો ઉછળીને પાણી જાશે, એવી પાણીની સગવડ કરવી. વંડી પણ થઈ જશે. પછી તો ધજા ફરકશે. ફરકાવવી એ તો તમારા હાથની વાત છે. મારે તો માથા પર ચોટલી છે એ ય ધોળી થઈ ગઈ છે. માટે એક લક્ષ્ય, એક ભગવાન, એક ઈષ્ટદેવ, એકની પ્રસન્નતા એમાં બધુંય આવી ગયું.



✳ પરાવાણી - ૩૭ ✳

✪ પૃથ્વીમાં સમય-સમય પર ભગવાનનું કાર્ય
✪ શ્રીકૃષ્ણએ ભોમાસુરનો મોક્ષ કરી ૧૬,૧૦૮ પટરાણીઓ પ્રાપ્ત કરી

ભગવાનને અનેક રૂપ ધારણ કરવા પડે છે, પોતે એક છે પણ ભક્ત અનેક છે માટે. અવતારો ઘણાય થાય છે અને એનો મેળ નથી. સાત્ત્વિકમાંથી ભગવાનની ભક્તિ કરનારો જીવાત્મા ક્યાંક વધારે જો પવિત્ર થાય, પાત્ર થાય, તો ભગવાન એની પાછળ ફરે છે. છપૈયાથી પરબારા અહિંયા કેમ ન આવ્યા ? અને ક્યાંક અરણ્યોમાં ફરવા ગયા એવી શી જરૂર પડી ? તો આપણે તો દોઢસો બસો વરસો થયા અને એમાં ક્યાંય તપ કરવાનો તો મોકોય નથી મળતો. નવ લાખ જોગી નવલખા ડુંગરામાં કેટલાય યુગથી તપ કરતાં હતાં. નવ લાખ તો કુંડ હતા પાણીના. બીજા નવ લાખ પાણીના ટાઢા ને ઉના. ત્રીજા નવ લાખ કુંડ અગ્નિ દેવના એની મેળે પ્રગટ થયા કરે, લાકડું ય ના નાખવું પડે. એમાં જેવી રુચિવાળો જોગી એવી રુચિવાળો તપ કરે. કોઈ ઊંધે માથે લટકે ટાંગા બાંધીને, કોઈ ઊના પાણીમાં બેઠો રેય, કોઈ ઠંડામાં બેઠો રેય. ઝાઝામાં ઝાઝી જે માગણી કરે ઈ ઉદર તો અડખાં પડખાનાં ઝાડવાના કૂંપળા ખાઈ ખાઈ જેટલો વખત નીકળે એટલો જાવા દે. તે દિ' લખેલું કે એક કૂંપણ ખાય તો એક વર્ષ વયું જાય, તો ય ભૂખ ન લાગે. અહીં દસ રીંગણાના શાક ખાઈ જાવ તો ય સાંજે ઓળો જોઈએ. ઓના તપને અને આના તપને કેટલો ફેર ? ઈ નવ લાખ યોગી આગળ થયેલા અવતારો એને ઓળખતા હતા.

સત્યુગમાં તો ઠીક હતું પણ ત્રેતાયુગમાં તપશ્ચર્યા છે ને એનાથી ભગવાન રાજી થાય. માટે એ લોકો તપશ્ચર્યાને રસ્તે ચડ્યા હતા. ક્યાંના હતા ? અને કેદિ'ના હતા ? એ તો હવે સૃષ્ટિઓમાં લખાયેલા છે. કોઈ બ્રહ્માના પદ્મ દિવસના સાથે વરાહ દિવસના. એક દિવસમાં એકોતેર ઈન્દ્ર મરી જાય એવડા લાંબા દિવસ અને દિવસનું નામ કલ્પ. સોમ, રવિ, મંગળ એમ પાંચ-સાત દિવસ કલ્પ્યા એના નામ પાડ્યા, એના બે જુદા જુદા નામ હતા ઈ જુદા, એવા એકોતેર ઈન્દ્ર મરે ત્યારે દિવસ થાય. એક દિવસમાં ભગવાન સવારના પહોરમાં પ્રગટ થયા હોય ઈ એનું નામ દિવસનું. આ દિવસ થયો આ ચાલુ. ત્યારે પૃથ્વી દેવી પાણીમાં આવ્યા તો ખરા પણ ડૂબ્યા એટલે ભગવાને વરાહ રૂપ લીધું અને પૃથ્વીને ઊંચી ઉપાડી એટલે પૃથ્વી કન્યારૂપે થઈ ગઈ. પછી પૃથ્વી કહે, મારી રક્ષા તમે કરી તો હવે કાયમ રક્ષા કરજો. પછી પૃથ્વી ભગવાનને વર્યા, વરાહ ભગવાનને વિવાહ કર્યા પૃથ્વીને. પૃથ્વી થઈ પત્ની. એને સાત મનવંતર વયા ગયા, આપણે બેઠા છીએ ઈ વખતે. સાત મનવંતર એટલે સીતેર સત્તા સત્યુ સત્યુ ઓગણપચાસ. ચારસો ને નેવું, એટલા યુગ ગયા, ચારસોને નેવું યુગ. વરાહ ભગવાન પરણ્યા એને. અને વરાહ ભગવાનનો દીકરો પૃથ્વીનો દીકરો થયો ભોમાસુર. ભૂમિ એટલે પૃથ્વી. ભૂમિનો દીકરો ભોમ. અને ભોમ એટલે મંગળ, લાલ તારોળિયો. ઈ પૃથ્વીનો દીકરો છે. આનો કટકો. આનો દીકરો, અને જન્મ્યો પૃથ્વી ઉપર ત્યારે એનું નામ પડ્યું ભોમાસુર. અસુર કેમ ? તો કે જ્યાં કણે ભગવાન હોય ત્યાં કણે આડો હાલે. બધે આડો હાલે. એને ત્યાં મોટો નગારો હતો, આ ઓરડાથી મોટો હશે. એક મકાનથી મોટો હશે, એને અડખે પડખે જ્યારે સૈન્ય આવે ત્યારે ઈ નગારો ધડ ધડ વાગવા માંડે. એની મેળે. ત્યારે તેનું લશ્કર તૈયાર થઈ જાય લડવા વાસ્તે, પોતે ત્યાર થઈ જાય. એની પાસે કોણ જાય ? ઈ ધરણીનો દીકરો ભોમાસૂર એને આટલા યુગ હતા ચારસો ને નેવું યુગ તો વયા ગયા.

બર્માનો રાજા હતો બ્રહ્મદેશનો, એનો એ રાજા હતો. એણે એવું કામ આદર્યું કે હું વરાહનો દીકરો છું ને મારી મા ક્યાંય ડૂબી જતા'તા એને આ

ભગવાન ઉગારી આવ્યા અને એ ભગવાન થકી હું જન્મ્યો છું તો મારા જેવો કોઈ નથી. એ રૂપ ધારણ કરે. ત્યારે હવે આપણે ગિરનારની ઉપમા આપી પણ તે દિ' તો મેરૂ-મુરૂ ઉપમા આપી એવા મોટા રૂપ થાય. એવો થાય ત્યારે એક કૂદકો મારે તંયે ઈ ચંદ્રમા સુધી પોંચે ને ? એક જ કૂદકે. આકાશ માર્ગમાં હાલ્યા જાતા હોય તો વાંહે પચી પચાસ તારોળિયા ખેંચાઈ જાઈ. પાંચ પાંચ પચીસ, પચીસ હજાર ગાઉથી આઘા હોય ને લાખ લાખ ગાઉથી ત્યાંથી તણાય, ખેંચાઈ જાય, ઊભો રહે ત્યારે એના વાંસામાં ભટકાય એવડો. ઈ ભોમાસૂરે પોતાના બળથી ભગવાનપણાના બળથી આ એક પૃથ્વી એટલે એક રાજ્ય એવા જેટલા ગ્રહ છે આકાશમાં ચારેકોર ભર્યા છે. આપણે રાત્રે દેખીએ એટલે એમ થાય કે આ માથે આટલા છે પણ એક દડાના દસ ભાગ કરીયે ત્યારે સરખા થાય. તો એક દડો દેખાય છે. નવ દડા તો આપણે દેખતા નથી. ઈ બધાય માં જાતો, કોણ ? ભોમાસુર. અને ત્યાંનો મોટામાં મોટો રાજા હોય ને ત્યાં જઈને પડકારો મારે. હું વરાહનો દીકરો ભોમાસુર, તમને જીતવા આવેલો છું. મારે બહાર નીકળો ને લડાઈ કરો અને કાં અમારે આધીન થાઓ.

ઈ કેવો હનુમાન કરતાંય જબરો થયો ને ? હનુમાન તો આમાં ને આમાં દોડીને પાછા બેસી જાતા. ઓલ્યો તો ત્યાં અંધકારમાં આકાશ માર્ગના અંધકારોમાં જાતો. ઈ આકાશમાં અમાસને દિવસે અંજવાળું દેખાય છે ઈ સુર્યના કિરણોનું, સૂર્યનું નહીં. બહુ મોટું અંધારું. અંધારાની પાર સૂર્યની માળા છે અને ઈ સૂર્યના તેજનો જબરો ધોધ ઈ જેની કોર જાય છે ઈ ધોધ આખો સોંસરવો દેખાય છે આ સૃષ્ટિમાં. બધાને દેખાય આપણે દેખીએ જે દિ' અમાસે નીકળે અંધારૂ તે દિ' દેખાય એમ દેખાય. પણ ક્યાંથી ક્યાં જાય છે એ આપણને આંખ્યું ન પહોંચે. પછી ક્યાં જોવાનું રહે ? ઈ મોટો ધોધ સૂર્યમાળા. આમ ચક જબરું એની અંદર હજારો સૂર્ય ઉગેલા છે એનું એ અંજવાળું. ઈ અંજવાળું બેટરીથી આમ દૂર પડે તો બેટરીમાં જોર હોય એટલે સુધી જાય. પછી અંધારું થઈ જાય. એમ ઓલા સૂર્યનું જોર કિરણોનું જેટલું હાલતું હોય એટલે સુધી અંજવાળું બ્રહ્માંડોમાં ગયું. જ્યાં જઈને અટકી

જાય ત્યાં અંધારું થાય, ઈ જ્યાં અટકી ગયું છે ત્યાંથી આપણી પૃથ્વી ઉપર પહોંચે એને ત્રીસ હજાર વર્ષ લાગે ત્યારે અહિંયા પહોંચે. જો ત્યાંથી આઘું મોકલે તો ? માટે ઈ અંજવાળું અટકી ગયું તો આ બીજા સુર્યની જરૂર પડી. આ સૂર્યને પાછા ગ્રહ ચારેકોર છે. એના અંજવાળા એને મળે. ભોમાસુર ઈ સૂર્યમાં ગયો. પૃથ્વીનો દીકરો. ના કોણ પાડે ? અને પરમેશ્વર વરાહ ભગવાન આખી સૃષ્ટિને જે હાથ ઉપર ઉપાડે એવા જબરા. એટલે કાં લડાઈ આદરો કાં રાજ દઈ દયો. બધાય કહે લઈ જાને ભાઈ અમારે શું કરવું છે ? કરવેરા ભર્યા કરશું. અહીં જીવવા તો દઈશ ને ? તો કહે હા. તો કે પછી વેતો થઈ જાય.

હવે સૃષ્ટિને જીતી લીધી તે પછી એને રહેવું ક્યાં ? એમ સૌ સૌના વ્યાસ સૌ જુદું જુદું લખે. આપણી પૃથ્વીના વ્યાસો થઈ ગયા છે તેણે લખ્યું કે પરાગ જ્યોતિષ નામનો પૃથ્વી ઉપરનો દેશ, ત્યાં એણે બંગલા બનાવ્યા. ઈ બર્મા. આ રંગુનબર્મા. ત્યાં હીરાવતી નદી. ઈ હીરાવતીના કાંઠે એના બંગલા. ત્યાં એને ફાવ્યું. બીજે ન ફાવ્યું. ત્યાંનો રાજા ગણાણો. એને મૂછું કેદિ' ઊગી અને કેદિ' ધોળી થઈ ઈ તો ક્યાંય લખ્યું જ નથી. ચારસોને નેવું ઈન્દ્ર જીવે એટલો લાંબો ઈ જીવ્યો, મર્યો નહીં. એક દિવસમાં ચૌદ ઈન્દ્ર મરે એવા ચારસોને નેવું મરે એટલો જીવ્યો. એને આવરદા માંગવા જાવું પડ્યું ક્યાંય ? પછી જ્યારે જીતીને પાછો વળે ને ત્યારે ભેટ ધરવી જોઈએ. ત્યારે ઓલા સમ્રાટો જે જે ગોળાના છે એ ભેંટ ધરે. એટલે સોનું રૂપું તો આંહિનું છે, પૃથ્વીનું. એને હીરા ને રત્નો ને અને એની હારે રાજકુમારી, એની હારે હાથી, એની હારે ઘોડા, એ બધું આપીને વળાવે એટલે પછી ફરીવાર પાછો કોઈ દહાડો લૂંટવા ન આવે. બોલો પૃથ્વીમાં આવો જબરો થયો અને એવા બે બીજા થયા મધુ અને કૈતભ બે ભાઈ. મેરું પર્વતનીય બેય કોર ફરે. બેય જણા ગદા ઉપાડી ઉપાડીને મારે. મેરુને મારે. દેવના સ્થાન છે ઈ પણ કંપે. ઉડીને આઘા વયા જાય. ક્યાંક તૂટી પડશે, મધુ અને કૈતભ. ઈ પુરાણોમાં લખાતું આવે છે મધુસૂદન એટલે મધુને મારનારો અને કૈતભારી એટલે કૈતભનો શત્રુ ઈ ભગવાન. હવે એવા જબરા અસૂરો થયા એ માંહિલો આ તેદિ'નો કોટીનો.

જ્યારે સૃષ્ટિના આદિ સ્વરૂપો ચાલુ થયા તે દિ' એવો ને એવો દાખલો આગલા દિવસનો મોટો પ્રલય થયો, ત્યારે ભગવાને એક વહાણ બનાવ્યું. અહીં વહાણ દસ હાથનું હોય. પણ ઓલું વહાણ તો હશે હજારો ડુંગરાઓ સામી જાય એવું. ઈ વહાણ બાંધ્યું કોણે ? સમુંદરમાં ડૂબી જાય તેટલે પોતે માછલો થયા સાંજે. માછલાનાં શિંગડા જબરા. એની વચ્ચે સાચવ્યું. બાંધી દીધું. સાંજથી સવાર સુધી મહાપ્રલયમાં જીવે. વરાહનો અવતાર થયો ત્યારે ઈ માછલો મટ્યા અને વરાહ થયા. ઈ વહાણ શું કામ બાંધ્યું તું ? તો કે આગલી સૃષ્ટિનું બધું બીજ દુનિયાનું ઈ વહાણમાં સંઘર્યું નાનું નાનું. આખી રાત એને સાચવ્યું અને સવારે વરાહને સોંપ્યું. એમાં વૈવશુત નામનો મનુ પેલો પેલો દીકરો છે ઈ રાજાનો વૈવશુત મનુ એને એણે આ આખી સૃષ્ટિમાં પાછા બી નવા રોપ્યા. ચોરાસી લાખ જાતની સૃષ્ટિ. ઈ રાજા જેને વહાણ સોંપ્યું'તું ઈ રાજાનું નામ સત્યવ્રત. સત્યવ્રત રાજા આગલી સાંજથી ચાલ્યો, વહાણમાં બેઠો અને બીજે દિ' સવારે બી સોંપીને પછી મર્યો. ઈ રાત કેટલી લાંબી ? ચારસોને નેવું યુગ વયા જાય તેટલી. તે સતયુગની ચારસોને નેવું યુગ એટલી રાત્રિ અને ચાસરોને નેવું યુગનો દિવસ. ઈ થયા રાત્રિ દિવસ ત્યારે બ્રહ્માજીને એક રાત દિવસ થાય. એમાં બે ત્રણ વાર ભોજન લ્યે. આ ઈ સત્યવ્રત રાજા પણ એટલું જીવ્યો વહાણ સાચવવા. ત્યારે ભગવાને એણે પુરાણની કથાઓ કહી ઈ કથાનું નામ થયું મત્સ્યપુરાણ. માછલારૂપે રહી અને રાજાને બોધ આપ્યો ઈ થયું મત્સ્યપુરાણ. અઢાર પુરાણ માંહિલ આ. આ વ્યાસ ભગવાને મત્સ્યપુરાણની ટૂંકમાં કથા લખી.

એવા મધુ અને કૈતભ થયા. એવો ભોમાસુર જે જ્યાં જીતે ત્યાંથી એક કન્યા લઈ આવે, જ્યાં જીતે ત્યાંથી એક કન્યા લઈ આવે અને રાજા ભેંટો આપે એટલે ફરીવાર આવે નહીં, લડાઈ થાય નહીં. આપણું લઈ નો જાય. આ એવી એને કેટલી કેટલી યુદ્ધની સ્થિતિમાં સોળ હજાર કન્યા ભેગી કરી બર્મામાં બ્રહ્મદેશમાં. ઈ સોળ હજાર કન્યાની આવરદા કેટલી હશે ઈ ખબર છે ? જે દિવસે લઈ આવ્યો તે દિ' તો સાચી, જે દિ' ઉપાડી આવ્યો હોય તે દિ' તો સાચી પછી કેટલા યુગ ગયા હોય. પચીસ હજાર, પાંચ

હજાર, દસ હજાર, બે હજાર એટલી આવરદાવાળી તો હોય ને બધ્યું. આ સતાવીસમો યુગ પૂરો થયો. અઠાવીસમો લાગ્યો. તો પણ ભોમાસુરને કોઈ મારી શક્યું નહીં. મારવાને વાસ્તે બ્રહ્માએ યજ્ઞ કર્યો ગંગાજીને કાંઠે. યજ્ઞમાં ભગવાને બ્રહ્માને કહ્યું, તમે માંગજો પણ એવું માંગજો આવડા આને મારે એવું ભોમાને. ભગવાનના દીકરાને ભગવાન મારે, બાકી મરે એવો નથી. તો કહે ઠીક ઈ ગોઠવશું. જેમ આપણા નારણધરે જગન કર્યા'તા આગળ, એવી રીતે લક્ષ્મણ ઝૂલામા જગન કર્યા અને ઈ જગનમાં થોડીવાર લાગી બ્રહ્માને ને ઓલી દેવીઓને આવતા એટલે બ્રહ્માને વિષ્ણુ ભગવાન કહે, ઓલી કાળના મોઢામાં આહુતિ પડશે હમણાં માટે બહુ જલ્દી હવન કરો, તો બોલાવી ઓલી બધયુંને. તો ઓલી ગીત ગાતી ગાતી અને ટીલા ટપકાં કરતી, ફલાણી ન આવી ને વો ન આવી ને ગાતી ગાતી જાય. દેવતા અકળાણા કે આ બ્રહ્માંડનું કામ છે અને પેલો દિવસ છે, આમાં હવે શું કરશું ?

વિષ્ણુ ભગવાન કહે, હું કહું એમ કરો. આમાં તમારે કોઈને ગતિ નહીં કે શું કહ્યું ? તો કહે આ અડખે પડખેથી કોઈ જોવા ભેગો થયો છે વર્ગ અને ઈ જંગલી ઝાડવામાં રહેનારા છે બધાય. હજી ચાલુ સૃષ્ટિ છે. માટે એક નાની કન્યાને ઉપાડીને બેસાડી દયો બ્રહ્માને પડખે. ઈ ઉપાડી ને બેસાડી દીધા બ્રહ્માને પડખે. અને ગળામાં નાખી દીધી માળા બેયને. અને દેવતાના ગોર બૃહસ્પતિ. એ બૃહસ્પતિ માંડ્યા બોલવા કે સહ ધર્મમચલેતામ, વીંટી હારે પેરેતામ. એમ બોલી ચાર અંજલિ નખાવી દીધી અગ્નિમાં ઘી ની ત્યાં ઓલું મુહૂર્ત હતું ઈ સચવાય ગયું. બે મિનિટ રહી હજુ. ત્યાં ઓલિયું ગાતીયું ગાતીયું આવીયું. ટીલા ને ટપકા કરી કરીને ત્યાં તો એની અડખે દેખાઈ બેઠેલી. ઓલિયું ખીજાણિયું બધિયું માંડિયું દેવતાઓને જેમ આવે એમ સોંપાવા. ઓલ્યું તો ઠીક જેની છોડી ઉપાડી'તી ઈવડા ઈ ગોવાળિયા હતા. એ લાકડિયું લઈને થયા ઊભા. મારો આવડા આને. આપણી દીકરી કેમ ઉપાડી જાય ? ત્યાં તો ચારેકોરથી ઝઘડો ઘરમાં ય ઝઘડો અને બારેય ઝઘડો. હવે ઈ તો થયું તો થયું પણ મુહૂર્ત તો સચવાઈ ગયું કહે છે. તો ભલે ઈ કામ કર્યું. તો હવે શું કરશું ? તો કે ઓલા લાકડિયું વાળાને પેલા

શાંત કરો પછી આ બધિયું તો ઘડીક ગાળ્યું દઈને બેસી જાશે. ઈ જેટલા દેવોની સ્ત્રીઓ હતી ઈ હજુ ડખો કરે છે ને ત્યાં ઓલા ગોવાળિયા આવ્યા એને કહી દીધું વિષ્ણુ ભગવાને કે મારું એટલું માનશો ? તો કહે હા. આને મારો માં. બ્રહ્માને હો. હા બાપ દાદા પણ ઈનો વાંક નથી, વાંક મારો છે તો મને દંડ દો કંઈક. તો કહે દંડ શું ? તો કહે માંગો ઈ આપું. એમાં દંડમાં હોય શું બીજું. તો કહે બ્રહ્માની પડખે તમે બેસાડી દીધી તમે અમારી ગોવાળિયાની દીકરીને ઈનો વંશ થાય, ઈ વંશ ગોવાળિયાનો વંશ ગણાય અને ઈ ગોવાળિયાના વંશમાં તમે જન્મો, અમારા વંશમાં. આ જોયા ને બધા ય આહીર ભરવાડ જે ગોપીઓ, ગોવાળિયા એણે આ વરદાન માગ્યું કે, અમારા વંશમાં તમે જન્મો એટલે અમારા હજારો વંશ મોક્ષમાં વયા જાય. તો કહે જા તથાસ્તુ. પણ મારે ટાણું આવશે તે દિ'. હજુ આ સૃષ્ટિમાં ઘણા કામ છે. તે દિ' નક્કી કરી દીધું એટલે ઓલા શાંત થયા અને એ બધાયને વેવાઈ વેલા બનાવ્યા અને ટીલા-ટપકા કર્યા ને, ખવારયાને, જમાડ્યાને વયા ગયા. અહીં શું થયું ? ઓલી જે નવી કન્યા બેસાડીને હવે બ્રહ્માની જોડ થઈ અને નવા થ્યા ત્યારે બ્રહ્મા પાસેથી કાંઈક વરદાન તો મળવું જોઈએ ને ? હાથઘરણાંની રીત તો છે. કાં વરરાજા તરફથી મળે અને કાં સામાથી મળે માંડવાથી પણ દે તો ખરાને કંઈક.

આ રીતે બ્રહ્માએ વરદાન દીધું કે, આ છેવટની કન્યા છે એનું નામ ગાયત્રી. ભરવાડની દીકરી, બ્રહ્માની પત્ની. નામ પાડ્યું ગાયત્રી. પણ ઓલી સાવિત્રી હતી એ રહી ગઈ. માટે આળસુ ઘરવાળી હોય તો ત્યાં ઘર લૂંટાઈ જાય. ઈ મોટો દાખલો. પછી ઓલા કુળ કુટુંબ હોય ઈ લટકી રહે અને ઓલો વરરાજો છે એનું કામ સાધવા સારું થઈને મંડે ભાગવા કે પછી એની મેળે ભેગું થાશે. આ ઈ ગાયત્રી. તો આ ગાયત્રીનું શું કરશો ? તો કે ઈનો મંત્ર કરું "ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સ વિતુર્વરેણ્યમ્ ભર્ગો દેવશ્ય ધીમહિ ધીયો યોનઃ પ્રચોદયાત્" સૂર્યની દીકરી સાવિત્રી, ત્યારે આ ગોપની દીકરી ગાયત્રી. સાવિત્રીનો મંત્ર ગાયત્રીને અપાણો. આખી દુનિયાના ગુરુ ગોર, બ્રાહ્મણ, શાસ્ત્ર બીજા ત્રીજા સવારના પહોરમાં "ૐ ભૂર્ભુવઃ સ્વઃ" ગાયત્રીનું ભજન

કરે. ગાયત્રી જપે. આટલું એનું પૂરું કામ કરી અને પછી ભગવાનને બ્રહ્મા કહે છે કે, હવે બીજા કામ કરવા તમે કેદિ' આવશો ? તો કે તમને હું બતાવું. ઓલો બર્માામાં હજારો ગોળાઓને સંઘરીને બેઠો છે. એને મારા વિના કોઈ મારે એમ નથી. માટે હું જે દિ' ટાણું આવશે તે દિ' આવીશ. ત્યાં સુધી વાટ જોજો. તો ઈ લોકોને તો કાળ લાંબો હોય તો ય ઠીક અને ટૂંકો હોય તો ય ઠીક. તે આઠ મનુ મરી ગયા, આઠ. આઠ મનુ મનવંતર તે આઠ સત્તા છપ્પન જુગ થયા. આટલા જુગ ગયા ત્યાર પછી વિષ્ણુએ નક્કી કર્યું કે, હવે મારે પૃથ્વીમાં જાવું. પછી એની આખી કથા સંહિતામાં છે કે, એ વખતે કોણ થયાં અને ભગવાને એને ના પાડી. હું એક અવતાર એવો લઈશ કે આખી દુનિયાનું હાલરડું મારે ત્યાં ભેગું કરીશ તે દિ' તમને મારા દર્શનનો યોગ થાશે ત્યાં સુધી નહીં. એ શ્રીકૃષ્ણ ભગવાનનો અવતાર વાસુદેવ દેવકીને ઘેર થયો. એને ત્રણ જણા ભેગા થઈ ભીમ, અર્જુન અને કૃષ્ણે બ્રાહ્મણનો વેશ લીધો ટીલા કર્યાં, ધનુષ કામઠા તો હતા હારે પણ તે દિ' બ્રાહ્મણો પણ ધનુષ કામઠા રાખતા.

પછી ભોમાસુરને ત્યાં ગયા ત્યાં ઓલો નગારો માંડ્યો વાગવા ધડ ધડ ધડ ધડ એટલે ઊંઘ વઈ ગઈ. તે ઓલા ભોમાને ખબર પડી કે કોઈ જબરા આવે છે. કોઈ દુનિયામાં એવો નથી કે મારો નગારો વાગે. ઈ નગારો કહે છે ખબરદાર રેજે. નીકળ્યો બારે જોયું ત્યાં ત્રણ બ્રાહ્મણ. આટલા યુગ ગયા પછી અને ઓલો બગીચો તો સોળ હજારનો એમ ને એમ રખડે છે હજી. એને એમ હતું કે દુનિયામાં એકવાર પરમેશ્વર જે કહે છે કે હું અવતાર લઈશ એને સોળ હજાર એક સો ને આઠ પટરાણીઓ હશે ઈ આગળથી ચાલ્યો આવે છે ઈ મારે એવું ભગવાન થાવું છે. તે આઠ હજુ બાકી હતી સોળ હજાર ભેગી કરી ત્યાં કૃષ્ણ પહોંચ્યા. નગારો બોલતો હતો. એમાં અવાજ આવ્યો - ભિક્ષામ્ દેહિ રાજન, ત્રણેય જણા કહે. તો ઓલો કહે છે, વાંસડા જેવા લાંબા ખંભે યજ્ઞોપવિત જનોઈવાળા, હાથની આંગળિયું ધનુષની દોરડીથી ઓલી રેઢી થઈ ગયેલી, કામઠા છે ને વળી ટીલા કર્યા છે. આ આવા વેશધારી તમે કોણ આવ્યા ? મારું નગારું એમ કહે છે કે કોઈ

આવે છે. મારો નગારો અમથાની હારે નો બોલે. માટે તમે કોક જબરા છો. તો કે જે છઈએ ઈ છઈએ, ભિક્ષા દે. વિચારમાં પડી ગયો, બોલો ઈ આપી દઉં. તો કે અમે ભૂખ્યા નથી. તે કહ્યું કે આંગળિયું કેમ બધી રાંઢવા રાંઢવા થઈ ગઈ. અમે ભિક્ષા માંગીએ છે યુદ્ધની. અમારી સાથે લડાઈ કર. ઓલો પાછો ન પડે. જાવ તૈયાર થાવ, આપું છું. એણે બિંગળ વગાડ્યું તે જેટલું લશ્કર હતું ઈ બધું જોવા ચારેકોરથી તૈયાર થઈ ગયું. બિંગળ વગાડવા એની ગદાને ઓલા મધૂ અને કૈતભ હતા ઈ ઉપાડે તો દબાઈ જાય હેઠે હાથ એવડી તો ગદા. ઈ કેવડી હશે ? આપણા ડુંગરા ગિરનાર જેવડો તો ઈનો હાથો હશે તો ગદો કેવડો હશે ? હા ઈ ગદાને લઈને નીકળ્યો ભોમાસુર. ગદા માંડ્યો ફંગોળવા. ફંગોળવા માંડ્યો એમાં પવન ફંગોળાઈને વાંસે કેમ માખ્યું ને ભમરા ખેંચાઈ જાય એમ ઓલા તારોળિયા આકાશમાં હતા ને ઈ આની ગદાના ફંગોળાવાથી એની વાંસે પવનમાં ખેંચાણાં. માંડ્યા ધડાધડ ગદામાં લાગવા ટૂટવા. ઈ ગદા ફંગોળવી બંધ કરી કે હવે લડાઈ આદરો. તો એનું નામ બાહુ યુદ્ધ, ઓલા મલ લડે ને ? ઈ આહાહાહા પકડી રાખજે હો ક્યાંક આપણે બેય પડશું. ફડાકો મારે એની જેમ ભોમાસુરે આમ ફડાકો માર્યો ને સૂર્યનારાયણ કોઈ દિ' હલતો નથી ઈ હલી ગયો. સૂર્ય હલે એટલે એના કિરણો બધા હલે. ઈ બધા હલે એટલે ગ્રહ આખું ચક્ર હલી ગયું.

પૃથ્વીનો કોપ થયો કે શું આ અને પછી ખડ ખડ ખડ ખડ હસ્યો. ઓલો ફડાકાથી તો હલી ગયું બધું'ય પણ ખડ ખડ ખડ ખડ હસ્યો તો બ્રહ્માંડમાં જ્યાં વામનનું જે પગલું અડ્યું હતું ત્યાંથી અવાજ ઉપર વયો ગયો. ભગવાનને એમ થયું કે, હવે પૃથ્વી ઉપર ઓલો છોકરો છોડી આવ્યો છું, એના અવાજ સિવાય આવો ધડાકો કોઈ નો ન હોય. અને ઈ ભગવાને તરત કૃષ્ણની માંલિકોર સોળ કળા મેલી. શ્રીકૃષ્ણ ઈ વખતે નહીં તો બાર વરહના ગણાતા અને નાનું એવું રૂપ હતું. ઈ આવી ત્યાં કૃષ્ણનું રૂપ છે ઈ આમ બાહુની ભૂજાનો ફડાકો કર્યો ને તો ભોમાસુરના નગારાનું પડ હોય ને ઈ તૂટી ગયું આ કૃષ્ણના ફડાકાથી. હજુ લડવાનું તો આઘું હતું. તંઈ ભોમાસુરને એમ થયું કે હવે હું મર્યો. મારું નગારું એના ફડાકાથી તૂટી ગયું

તો એની ગદા મને વાગશે તો શું થાશે એમાં ? પછી કહે હવે વચન આપી ચૂક્યો છું માટે લડો. પછી ગદાએથી લડ્યા, લડીને ભીમડો થાકી જાતો હતો. આને મારવો કઈ રીતે ? પણ એક રાક્ષસણીનું એને વરદાન હતું ઈ જરાસંધનું લખાઈ છે પણ આ ભોમાસુરને હતું એના ફાડા કરો તો ઈ ભેગા થઈ જાય જીવતો થઈ જાય. કૃષ્ણ ભગવાન કહે, હવે જાલવા તો દે. આમાં અઢાર દિવસો લખ્યા છે, ઓછું જેમ મહાભારતનું છે એમ. પણ કોણ જાણે કેટલા દિ' હાલ્યું હશે યુદ્ધ ? ભીમડો બેઠો બેઠો કહે છે મામા કાલે હું મરી જઈશ. હેં હેં કાલે મરી જઈશ. કૃષ્ણ ભગવાન કહે, નહીં મૂકવા દવ તું રોય છે શું કામ ? તો કે ઓલાએ મારા હાડકાં ભાંગી નાખ્યા છે હવે આમાં કાંઈ સાજું નથી રહ્યું. તો કૃષ્ણ કહે, પેલો તું યુદ્ધમાં ઉતરજે. હું બાંકડે બેસીશ તારા વારામાં મારી સામે જોયા કરવું. હું પગ વડે સળી ઉપાડું અને હાથ વડે આમ કરું દાંત ખોતરું. તારે એમ જાણવું એવડા ઈ ના બે ટાંગા પકડી ચીરી નાખવો. અને એક ટાંગો પગ હેઠે રાખજે અને બીજો ફેંકી દેજે ભેગા નહીં થાવા દેજે અને વચ્ચે ધૂળનો ઢફ્ફો કરી દેજે એટલે બેય ભેળા નહીં થાય. એવું વરદાન હતું. શિવનું બાણ વચ્ચે કરી નાખવું એટલે ભેગા જ નો થાય. ભોમાસુરને ઈ રીતે માર્યો.

પછી બગીચામાં ગયા ત્યાં સોળ હજાર રાજા કેદમાં હતા ઈ બધાય ઓળખાય નહીં કોઈ. એના દાઢી-મૂછ બધા કઢાવ્યા અને રાજાનો વેશ પહેરાવ્યો ત્યાં ને ત્યાં. ભોમાસુરનો છોકરો હતો ઈ ભગત હતો તો એણે બધું કાઢી દીધું અને ભગવાને એના બગીચામાં ફરી ફરી બધા રાજાઓને તમે ક્યાં ક્યાંના રાજાઓ છો ? ઈ જ્યાં જ્યાંના હતા ત્યાં ભેગો દૂત મોકલી બધા રાજમાં મોકલી દીધા અને પછી બર્માંમાંથી કન્યાઓ ભેગી કરી'તી. ઓલા રાજાઓએ કહ્યું કે હવે અમે શું તમને ભેટ આપીએ ? તો કહે કાંઈ જોતું નથી. ઓલો ભગાડી ભગાડીને લઈ આવ્યો છે ઈ બધી પલટણ હું લઈ જાઉં. ઈ સોળ હજાર ઉપાડ્યા બર્માંમાંથી અને દ્વારકાના ટાપુ ભેગા કરી દીધા અને ભોમાસુરને ઠેકાણે કર્યો. આમ જ્યાં કામ કરવું ઘટે છે ત્યાં એવું ય કરે અને મથુરામાં પાંચ ગદા મારે તો બધું ય ભાંગી જાતું એટલે ત્યાં

કાંઈ ન કર્યું શું કામ ? તો કહે જે ભૂમિમાં જન્મ્યો હોય ઈ માતૃભૂમિ છે એને ન મારવી. એની રક્ષા કરવી. ગોવાળિયાએ ગિરધરે અને અહીંયા કાંઈ ચમત્કારની બહુ જરૂર નતી પછી પરણવું હતું ત્યારે થોડોક ચમત્કાર બતાવ્યો. ઓલાની મૂછ મૂંડીને, ઓલાને માથામાં માર્યોને એમ તો ઘણું ય કર્યું. બધુંય પછી ધીરે ધીરે, ધીરે ધીરે ઈ કૃષ્ણ દ્વારકાના કૃષ્ણ કેવાણા. પછી જેવા અવતારો પણ ભોમાસુરને મારવો'તો ઈ જીવ્યો કેટલો ઈ જોવો. આઠ મનવંતર આઠ મનુ મરી જાય, આઠ સૂર્ય વયા જાય એટલું તો ઈ જીવ્યો પૃથ્વી ઉપર. એટલે ક્યે વખતે શું કામ કરવા છે ? એ તો નારાયણ નો નારાયણ જાણે પણ એની ઉપર આવી પડે તે ચારેયકોરથી આવી પડે તે દિ' પોતે એમ જાણે કે બાણની વૃષ્ટિ થાય ખરેખરી. ગદાઓની વૃષ્ટિ થાય, આવવા દો, ચારેકોરથી ભલે આવે. ઓલો લાકડી માથે રાખી દેય ફાંગોડાઈ જાય ને પાણી માથેથી વયું ગયું એમ થાય. ખરો ભગત હોય એને એમ થાય.



✳ પરાવાણી - ૩૮ ✳

✪ તીર્થધામ કુંકાવાવ મંદિરની રચનાનો ઇતિહાસ (ટૂંકમાં)
✪ તીર્થધામ જામવણથલી મંદિરની રચનાનો ઇતિહાસ (ટૂંકમાં)

આ જન્મઘર આપણે ખરીદી લીધું, સોળકહજાર એકાદો વધારે થયો હોય તો ભલે ઓફિસે. નામ છગન ભગતના હાથે લઈ લીધું, એના નામે. એટલે એ બહું કામ સારું થયું, પછી એમાં સુધારા થયા, ડંકી નાખી, નાવાધોવા ગાદલાં-ગોદડાં લીધા. ત્યાં ભજન ચાલુ જ છે, બાયું બધા પાસે પાસે બેસીને ભજન કરવા માંડે એટલે એ હાલયું. પછી નારિયેળ સાકર ધરાય, પછી કોક દિક કાંઈ હોય તો મોકલી દઉં, પ્રસાદી માટે. ત્યાં કંઠી મંડી બંધાવા. બહુ કામ છે ત્યાં, મારે એક સેવક નવો આવી ગયો, મારી પાસે રયો, હરિભગત આવે બધા ગામના, ઓળખે તો ખરા. ત્યાં બાપા આવા માંડ્યા, નાના, એની ઓળખાણ થઈ. ત્યાં આપણાં બાપા આવ્યા ફૂલવાડી સાચવે ઈ. બાર ઈ ઓળખાણ નીકળી. ત્યાં સામે અમદાવાદથી ભાઈ આવ્યા'તા એકવાર એની ઓળખાણ થઈ. ત્યાં પછી આ કુંકાવાવ વાળા, બસ વાળા માંડ્યા આવવા અને સત્સંગી થાવા. આ તો ભારે કામ થયું, તૈયારે તૈયાર બધું ય. ગામની બસ તૈયાર, વાહનવાળો કોણ મળે ? અને ઈ બસમાં બેસીને આ ચાલુ. મંડ્યા સંઘ આવવા. અને ખબર પડવા મંડી કુંકાવાવમાં બહુ સારું થાય છે, મંદિર થાશે થાશે એમ મંડ્યા કરવા, મંદિર થાશે વરહમાં. હમણાં હમણાં વેગ સારો છે. વાત બહાર પડી ગઈ, હે દોઢ લાખ રૂપિયો ભેગો થઈ ગયો. અબુધાબી, બેહરીન, આઈસલેન્ડ એમ જુદો રહ્યો. મારા હાથમાં જમણાં હાથમાં આંહી આવી ગયા તો દેખાણું.

મેં પોપટભાઈને કહ્યું, તમે આપો જમીન ? ત્રણ છોકરા તમારા નભે એવા પ્લોટ લઈને ખોરડા કરી દેશું અને આ અમને સોંપી દેવું વેચાતું. તેણે ઉદ્‌ગાર કાઢ્યો કે, હું આમાં રહીને સુખી થયો છું એટલે મારે એમાંથી તો જાવું નથી. તો છોકરાવ તો હા ન પાડે ને ? એટલે ઈ કામ બંધ રહ્યું. હવે શું કરવું ? ત્યાં વેલજી રાવજીનો કાવળ આવ્યો કે, કુંકાવાવમાં ન થાય તો જામવણથલીનો તમારો ચેલો છે એમના રૂપિયા છે. માટે જામવણથલીમાં જમીન હતી, માથે મંદિર હતું ઈ મારા હાથમાં હતું, મારા નામે હતું, ત્યાં કરો, એના લેખમાં છે, કોઈ ધર્મ કાર્ય થાય. ભગવાનનું કાર્ય થાય. વિદ્યાઉત્સવ થાય, એવું આમાં કરવું એને અનુસારે આ ખેતીમાંથી ગામ જમીન કરાવી અને પછી એમાં લાઈનું નખાવી પ્લોટ પડેલા ને પછી ઈ વેલજી રવજી કહે છૂટી આપો તો કામ ચાલું થાય. એટલે મેં શરણાગતિ મંડળમાંથી અહીં કાયમ કોણ રહેશે ? કામ કરે એવા હિંમતવાળા, પરદેશ હોય ઈ નહીં, આંહિ હોય એને ખોળો એટલે કામ ચાલુ થાય. જી કરવું હોય ઈ થાય. જૂના ટ્રસ્ટીઓ બદલી નાખ્યા. આ ટ્રસ્ટીઓનું શું ? પછી છગન ભગતને મેં લખી આપ્યું, બક્ષિસ.

ઈ જમીન, બક્ષિસ લખી પછી આવડા આ ટ્રસ્ટીઓને કહીએ કે હવે તમે સરકારમાં નામ નોંધાવી ટ્રસ્ટી મંડળ થાવ. તમારો નંબર કાઢો, બેન્કનો નંબર કાઢો, કંપલીટ કામ કરો. ઓડિટર આવે એને બધું દેખાડાય. અને પછી છગન ભગતને કહ્યું, તમે એને રીતસર જે રીતે અપાતું હોય, સરકારી રીતે ઈ રીતે તમે સહી કરીને આપી દેજો, એ હું છૂટો થયો છગન ભગતથી અને છગન ભગત છૂટા થયા એનાથી અને હીરાપેથાને લુવાર આ બે ભાયું. એ ચાર જણાને રાખ્યા. એ કામ ચાલુ થયું, ત્યાં બસુ મંડી આવવા, કૃષ્ણવલ્લભાચાર્ય મહારાજની જય. બસુ ત્યાં ઊતરી. ગામવાળાઓએ જમાડ્યા. બે ચાર વાર બસ આવી ગઈ ને ત્યાં તો તીર્થધામ થયું. એ કૂવો પ્રસાદીનો છે, સ્વામિનારાયણ ભગવાન ત્યાં વડ હેઠે બેસતા. કૂવો વયો ગયો ને નાળ હતી લાંબી ઊતરવાની પાણી ભરવાની. ઈ નાળ ને દીવાલ ચણી લીધી એટલે શું ઓચિંતા કોઈ જાનવર બીજા ત્રીજા માંલીકોર પડે નહીં

પાણી બગડે નહીં અને થોડીક ખોદાવી ઊંડી. પછી ટાંકો બાંધ્યો, ઓરડા બાંધ્યા, ટ્રસ્ટી મંડળને સોંપી. એને નંબર કઢાવ્યો. કઢાવ્યા પછી મેં આ રૂપિયા સોંપ્યા કે હવે તમે કામ ચાલુ કરો. નકશો કરાવ્યો મોટા મંદિરનો ઈ એની મેળે, તમને ઠીક પડે એમ કરો, હું તો તમને છૂટ આપું છું, આગળ કામ વધારો. ત્યાં તો એણે શિખરવાળા મંદિરનો નકશો કરાવ્યો થયું બે માળનું. નકશો મજાનો મેં જોયો મને ગમ્યો. ઠીક આગળ વધે, ટૂંકું ટૂંકું નથી કરતા, મોટું મોટું કામ કરે છે. ઈ જુનાગઢ મંદિરથી ચાર છ ફૂટ વધારે લાંબો, પહોળો એવો ઈ ઓટલો છે બધોય આખોય. પાણા ઘડાવ્યા, પાયા ખોદાવ્યા, તંયે પાણી આવ્યું દસ ફૂટ. એમાં શીલાનું પૂજન કરવા બેઠા ત્યાં હું જઈને પડખે બેઠો, સર્પનો ફણો થઈને, ત્યાં ને ત્યાં બેઠો રયો ઠેઠ સુધી. કોઈ અડે નઈ, આમ હાથ અડાડે, ફૂલ નાખે પાણી નાખે, બ્રાહ્મણ કેય એને અડવું નઈ. જાનવરને ભય લાગે પણ નિર્ભય થઈને બેઠો છે માટે એને બેસવા દયો. એના ફોટા લીધા છે લોકોએ પણ આવ્યા નથી. કો'ક કેઈને મહારાજ એરુ થયાતા. એ એવું સરસ કામ થઈ ગયું હતું.

ભગવાનજી ચૌહાણ પાડાબેકર્ડ રામપરવાળા એને હિરાપેથાએ કહ્યું હતું કે, તને બાળક ભગવાન આપશે. યજમાન થા. એને યજમાન ઠેરાવી દીધો તો, ત્યારે મને ખબર પડી. મે કહ્યું, આને યજમાન ન રાખવો કારણ કે એને બાળ-બચ્ચા નથી એટલે તરત જ હિરાપેથાએ ત્યાં જઈ એને ઘરે એને કઈ દીધું ભઈ અમારે યજમાન બીજા કરવાના છે. છોકરાવાળા હોય ઈ. પછી રાઘવ ભગતનો દીકરો દીકરીવાળો હતો. જે નામ હતું ઈ નામ ઉપર ભરતને બેસાડજો, બાકી બીજા યજમાન ગમે એટલા બેસો. બ્રહ્મપૂજા આને હાથે કરજો. પછી યજમાન બેસાડ્યા અને શીલા પણ મેલાઈ ગઈ, ભરતી પણ થઈ ગઈ પછી ચણતર પણ થઈ ગયું, નકશાને અનુસારે. એ મંડ્યું કામ હાલવા તંયે ઈ લાખ રૂપિયા આવી ગયા. અને એય કિલ્લોલ થાવા મંડ્યો. મંદિર થાય, મંદિર થાય, હું તો માલિકોર દેખ્યા કરું કે, આટલું કામ થયું છે, તાં વળી દર્શને કોઈ આવે તો વાતચીત કરું. ગમે તેમ હોય તો એમ કરો. ત્યાંના વહીવટનો મારી હારે સંબંધ તોડી નાખો. અહીં

પૂછવા ન આવવું, હું તમને નહીં પૂછું. તમે પરબારો હરિ શરણાગતિ મંડળ, બસો ત્રણસો જણા છો, ત્યાં સ્વામિનારાયણ ભજો. એ બધાય પરસ્પર કાગળ, પત્રના વ્યવહાર કરો, તમારા નંબરના વ્યવહાર કરો, સરકારી નંબરનો અને ઈ બહાર પાડો, અને તમારા ડ્રાફ્ટ આવે ઈ નંબરે આવે, આંહિ ન આવે. આંહિ બધો વ્યવહાર સીધો કરી નાખ્યો.

પછી મને એક દિ વિચાર થયો કે કોઈને પણ આટલો વ્યવહાર નથી તો એને થોડું થોડું કોણ ક્યાં રહે છે ? એટલું તો જણાવું જોઈએ ને ? પછી એ શું કરે ? કેને લખે ? એટલે મેં બેઠા બેઠા મારી પાસે બસોક સરનામા હતા ને એમાંથી સેવા કરનારા જે જે હતા ને એના અમૂક સરનામા મેં તારવી નાખ્યા, મેં કીધું આને પૈસા વાપર્યા છે મારા માટે, માટે આ સરનામા ન્યાં ન આપવા અને સેવા કરનારા નહોતા થોડી સેવા કરનારા હતા એક એક વાર, એ બધાયના સોએક સરનામા લખ્યા, પછી ઈ સરનામાનો કાગળ લખ્યો આંહિ હિરાપેથાને. એને નકલ લખી હરિલાલ વેલજીને, તયે બધા ઉપર નકલો કરીને મોકલી આપી કે આ પચા, પચ્ચીસ, ત્રીસ આટલા આટલા તમારે દેવાના છે. ઈ પાસરું પડી ગયું. જો એ બુદ્ધિ એની. એને કબુલ્યું બધાએ. ઈ પણ સૌની બુદ્ધિ. મેં હજુ કાગળ રાખી મેલ્યો છે, એકવાર વાંચીને રાખી મેલ્યો છે. એ પ્રમાણે બધાયની સેવાઓ આવી ગઈ. બે લાખ રૂપિયો આવી ગયો. ઈ થી વધારે આવી ગયો ત્રણ આવી ગયો. એક માળ આખો પૂરો થઈ ગયો. હવે મંદિરની શોભા દેખાવા મંડી, કમાનો ઘડવા બેસેને ચણવા બેસે તો વાર લાગી જાય. અહીં આવ્યા તે મને વાત કરી મેં કીધું કુંડિયો મેલીને થાંભલા આટલા ઊભા કરી દયો. પચી-પચા-સો થાંભલા સરખા દેખાઈ, દૂરથી દેખાવ આવવો જોઈએ. ઈ પ્રમાણે કર્યું પછી વચલા ખાના બૂરી લેવા. એ રીતે તૈયાર થઈ ગયો એક માળ, ઘડાઈ ગયો. અત્યારે એક વર્ષ થઈ ગયું છે.



✳ પરાવાણી - ૩૯ ✳

✪ પૂજ્યવર્ગની મર્યાદા પાળવી
✪ પાખંડ ધર્મ પાળવો નહીં

સ્વામિનારાયણ ભગવાન કહે છે, શિવનું મંદિર દેખાયું, કોઈ દેવતાઓનું મંદિર દેખાયું, કોઈ માતાજીનું મંદિર દેખાયું, નરનારાયણ ભગવાન કે બીજા કોઈ અવતારોના મંદિર દેખો અથવા પડખેથી ચાલ્યા જતાં હોય તો તે મંદિરને નમસ્કાર કરવા. વૃદ્ધ મનુષ્યો કે કોઈ મોટા પ્રતિષ્ઠીત લોકો કે સાધુ-સંતો પડખેથી નીકળે તો તેને માર્ગ દેવો અને તેને નમસ્કાર કરવા. પોતાનું જમણું પડખું તેના તરફ રહે એમ ચાલવું, ઈ જમણું પડખું તેના તરફ રહે, એટલે આપણું ડાબું પડખું બહાર રહે. જે તરફ જમણું પડખું રહે તેનું નામ પ્રદક્ષિણા. દક્ષિણ એટલે જમણું, તેને પૂરેપૂરી રીતે પાર પાડવું માટે પ્રદક્ષિણમ્. આમ તેમને પ્રદક્ષિણા કરવી, તેમને નમસ્કાર કરવા, તે દેવના દર્શન આદરથી કરવા, દેવો આપણને દેખે છે. આપણે તેમને દંડવત્ કરીએ, નમસ્કાર કરીએ, તેમના સ્વરૂપને સારી રીતે ચિંતવીએ, ત્યારે દેવ અંદર બેઠેલા ખુશી થાય છે કે આ મનુષ્ય મારે માટે મને અઢળક રીતે સમર્પણ થઈ ગયો છે. આ રીતે દેવને નમસ્કાર કરવા માટે શાસ્ત્રો લખે છે, સ્વામિનારાયણ ભગવાન કહે, આપણાથી મોટા હોય તે દેવ સ્વરૂપમાં છે, માટે માવતર, ગુરુ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, આચાર્યના પ્રતિષ્ઠિત, રાજ્યના પ્રતિષ્ઠિત, ધર્મના પ્રતિષ્ઠિત તે દેવ કોટીમાં છે. દેવતાઓમાં ભૂદેવ. પૃથ્વીના દેવતાઓ તે બ્રાહ્મણો ગણાયા છે. આકાશના દેવ સૂર્ય, ચંદ્ર વગેરે. સ્વર્ગના

દેવ ઈન્દ્ર, વરુણ વગેરે. એથી ઊંચા લોકના દેવ ઋષિઓ, મહર્ષિઓ, પિત્રીઓ વગેરે. એથી ઊંચી કોટિના દેવ પછી અવતારો, ઈશ્વરો વગેરે. તેની સ્થાપના જ્યાં હોય ત્યાં દર્શન જરૂર કરવું. તપસ્વી બ્રાહ્મણને દેખો કે તુરત જ નમસ્કાર કરવો. ગુરુદેવને દેખવા ત્યારે નમસ્કાર કરવો, વશિષ્ઠ ઋષિ લખે છે, સંન્યાસી સાધુ-સંત આવતા હોય તો નમસ્કાર કરવો. સતી-સાધ્વી કોઈ ચમત્કારી ઈશ્વરની ભક્તાણી નારી હોય તો મર્યાદા પ્રમાણે તેને પણ નમસ્કાર કરી લેવો. આમાં ઊંડું બીજ શું છે ? નમસ્કારને યોગ્યને જો નમસ્કાર ન થાય અને તેની યોગ્યતામાં તેને કદાચ સમજણમાં અઘટિતપણું આવી જાય કે સામો મળે છે, મને ઓળખે છે, જાણે છે, પણ એક જરાક નમન નથી કરતો કે જયકાર નથી બોલતો તો તેને દેવના અપમાનનું પાતક લાગે છે. એ દેવની હેલના. હેલના એટલે દેવની કદર એમની કદર આપણે ન કરી ન રાખી, ઈ બેકદર થયા. ત્યારે એવી બેકદરો દોષિત હોય છે.

બીજી સ્મૃતિમાં એમ લખ્યું અતિથિ, સંત, ગુરુદેવ, આચાર્યદેવ, સાસુ, સસરો, માતા, પિતા અને તેવા વ્રજ કોટિના બ્રાહ્મણો વગેરે ઘેર આવે, ફળીએ આવે, રસ્તામાં કે ગામમાં કે વાડીએ આવે, આશ્રમમાં આવે ત્યારે ઊભું થવું, નમસ્કાર કરવો અને મીઠી વાણીથી કહેવું, આવો આવો પધારો. વાહ તમારા દર્શન વડે હું ખુશ થાઉં છું. મારી ભૂમિ પવિત્ર થઈ. આજે મારા પાવનપણા બધા પૂર્ણ થયા, તમે આવ્યા તે મારું ભાગ્ય વધ્યું, ભલે આવ્યા, ઠંડા પાણી લાવું છું, શરબત લાવું છું, કંઈક ફળફૂલ જમજો, થોડુંક મધુપંતો એટલે મીઠાસ મુખમાં નાખીને પાણી પીજો, આવી મધુર વાણી કહેવી. આસન આપું છું, બિરાજો. આપ તો દેવપુરુષ છો મારી ઘેરે આવ્યા, મારું મોટું ભાગ્ય, આવી મીઠી વાણી બોલવી. જો ન બોલે તો હેલના-અપમાન, ઈ અપમાન કરાયેલું થયું એને કરીને અપમાન કરનારાનું પુણ્ય ખેંચાઈ જાય છે. એ પુણ્ય ચાલ્યું ગયું, એને મેળવવા માટે, ન વયું જવા માટે મોટાને નમસ્કાર, દેવના મંદિરને નમસ્કાર વગેરે કરતું રહેવું.

જ્યારે ભગવાનની સ્તુતિ થાય છે, માણસ દુઃખિયો થઈ ગયો હોય છે, મારી રક્ષા કરજો, મારી રક્ષા કરજો એમ વારંવાર બોલતો હોય છે. કોઈ

દેવનું અપમાન જેવું થઈ ગયું હોય તો હયગ્રીવ નામના ભગવાન મારી રક્ષા કરજો. હે શ્રીહરિ ભગવાન મારી ચારેકોરથી રક્ષા કરજો. એમ સવારના પહોરમાં કહેવું. તમે ગરુડ ઉપર બેસનારા છો, ધોળા હાથી ઉપર બેસનારા છો, ચાર દાંત વાળો હાથી. બ્રહ્મલોકમાંથી તેડવા આવે ત્યારે ચાર દાંતવાળો ધોળો હાથી તેના ઉપર ભગવાન બેસીને ક્યારેક પધારે છે. આપણે સિંહાસન કહીએ, પણ ભગવાનને ત્યાં તો બહું મોટું આસન છે, સિંહના નહોરિયા દેખાય માટે સિંહાસન. પ્રાણીનો રાજા છે, વનનો રાજા છે માટે સિંહાસન. પણ ભગવાનનું આસન એ તો ઈથી એય મોટું છે, ઊંચું છે, ગરુડાસન છે. પોતાના ધર્મ પાળવા. ધર્મમાં આળસ ના કરવી. કદાચ ઠીક પડી ગયું, પોષ મહિનો ટાઢ પડી. આપણે બારે મહિનાનો ધર્મ છે કે નાવું-ધોવું પ્રાતઃકાળમાં નાવું. ટાઢે પાણીએ નાવું, ગરમ પાણીએ નાવું, કાંઈ શાસ્ત્ર ના નથી પાડતું, પણ સ્નાન કરવું, આ નાવાનો ધર્મ ભગવાને આપ્યો. પણ કદાચ ભાઈબંધ એવા મળી ગયા હવે ટાઢમાં નાહીને શું કરવું ? રહેવા દે ને ? પરધર્મ - ન નાવું. એ વિપરીત ધર્મ પરધર્મ થયો. ન નાવાના પંથો ઘણા છે. મેલ ખાઈ ગયો, હાલો આ ઠીક થઈ ગયું. હાલો નહીં નાહીએ. એવો ધર્મ એ ભગવાન કહે છે, તમે આળસના માર્યા અંગીકાર કરી ન લેતા. નાવાનો ધર્મ રાખજો, પણ ન નાવાનો ન રાખતા. જેમાં થોડી ઘણી ધર્મની ખામી આવી જતી હોય, ખંડન થઈ જતાં હોય, એવા ધર્મને પાખંડ ધર્મ કહેવાય છે.

પાખંડમાં ઉપલો દેખાવ ધર્મનો, આંતરિક દેખાવ અધર્મનો. રાવણ ધર્મિષ્ઠ હતો પણ એણે ઉપલો સાધુનો વેશ લઈ સીતાજીને ઉપાડ્યા. ઉપલો દેખાવ સાધુનો પણ આંતરિક દેખાવ અપહરણનો. જેમાં ધર્મનું સ્વરૂપ કંઈક ખંડિત થઈ જતું હોય એવો પાખંડ ધર્મ તેમાં ખેંચાઈ ન જવું. મંત્ર શીખવનારો મંત્ર શીખવાડે કે આટલો મંત્ર શીખી લે. દોરાને સાત ગાંઠ્યું વાળજે. સાત પ્રકારના દોરા રાખજે. કોક મળે તો દોરા ઉપર ફૂંકી અને એના ઉપર દાણા ફેંકજે કે દોરો નાખજે એટલે દુઃખી થાતો થાય. એનું પવન પોતે ઈ મંત્રની વચ્ચે હથેવાળો થાય એટલે પ્રાણવાયું માથાને ધુણાવે. એના જઠરની અંદર જે વાયુ અપાન પાન ઉપાન બેઠેલા છે એ એને તકલીફ આપે છે એટલે

અંદર પ્રવેશ થયેલો મંત્ર રૂપી દેવતા તેની અસર એને થવા લાગે. આ અસર થવા લાગે એ પાખંડમાં ગણાયેલ છે. બીજી હકિકત એવી છે કે, સ્વામિનારાયણ ભગવાનના આપણે આશ્રિત છીએ, એમના આપેલા મંત્રને ગ્રહણ કરીએ છીએ, કોઈ શ્રીકૃષ્ણના આશ્રિત, કોઈ રામચંદ્રજીના આશ્રિત, કોઈ સૂર્યના આશ્રિત તેના તેના ગુરુઓ પાસેથી મળેલા મંત્ર તે શાસ્ત્રીય રીતીથી યથાર્થ છે. નારદપંચરાત્ર શાસ્ત્ર એના ઉપરથી નારદજીએ મહાપુરાણ લખેલું છે. નારદીય મહાપુરાણમાં અઢીસો ત્રણસો શ્લોકના મંત્રો છે. એ મંત્રો એક અક્ષર, બે, ચાર, છ, આઠ, દસ, સો, હજાર સુધીના મંત્રો છે અને તેમાં શબ્દ બોલીએ તેની અંદર જેનું સ્મરણ આવે એનું નામ આવા દેવી-દેવતા, પંચભૂતની માલિકોર રહેલા બ્રહ્મ દેવતા છે, તેમાંથી એક શક્તિ પેદા થાય છે ને તે મંત્રની સાથે જોઈન્ટ થઈ જાય છે, તે ભેગી ભળે છે. એ મંત્રનો ઉચ્ચાર કરો અને મંત્ર દાણા ઉપર નાખો અને દાણા જેના પર નાખો તે દાણામાં અક્ષરોની સાથે હેળમેળ કરી ગયેલી દેવી-દેવતા કે દાણા ઉપર પડી ગયેલી તે આગલા ઉપર પડે.

એવી જ રીતે ભગવાનના નામનો મંત્ર ગ્રહણ કર્યો અને પછી કંઈક લાલચને લઈને કે ભગવાનનો ભક્ત તો છું પણ તેની સાથે હવે બીજુંય મારે કંઈક સાધવું છે તો સાધના આપો ને ! એવી રીતે સમજીને બીજી સાધના કરવા માંડે. ભગવાનનો તો ભક્ત છે પણ ભૈરવનાથની સાધના કરવા માંડે. દેખાવ રાખે ભગવાનના નામની જપમાળા અને માલિકોર મંત્રની માળા બીજી હોય, તો એ પુરુષોત્તમ નારાયણનો આશ્રિત ખંડિત થઈ ગયો. એમાં પા ભાગ ખંડિત થયો. પાખંડ, એ મંત્ર પાખંડમાં ચાલ્યો ગયો. ભલે ભગવાનના નામનો મંત્ર જપે. બે સદ્‌ગૃહસ્થો એકની ચડતી કળા થઈ ત્યારે બીજાને એમ થયું આની ચડતીકળાને પાડું. કઈ રીતે પાડું ? ત્યાં નાળિયેર પ્રગટ કરનારા, ગોળા પ્રગટ કરનારા એવા ભટ્ટ બ્રાહ્મણ મળે કે ભઈ મારે આટલું કામ છે, આવડા આને પાડવો છે. આયાં માલિકોરની ભાવના નઠારી થઈ ગયેલી. અરધે ભાગે ખંડિત થઈ ગયેલી, તે ભગવાનનો આશ્રિત હતો એ બીજાનો આશ્રિત થયો. એટલે આમ તે ખંડિત થયો, એના ધર્મમાં

પાખંડપણું આવ્યું, બીજાને દુઃખી કરવા માટે તેણે જાપ જુદી રીતનો આદર્યો. બીજી ઉપાસના કરી અને બીજા ઉપર અભિચાર ચાલુ કરી દીધો, આવી રીતે એક પુરુષોત્તમ નારાયણના ધર્મમાં બીજો ધર્મ ભેગો ભળી જાય, એને ખંડિત ધર્મ, પાખંડ ધર્મ, એટલે છેતરવાનો ધર્મ, છળકપટનો ધર્મ, આવા ધર્મને સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, રખે કોઈ દિ પાળશો નહીં. આમ ભગવાનને આ ઉપદેશ આપ્યો છે.

વળી શ્રીહરિ કહે છે, વેદ વિરુદ્ધનો ધર્મ એ પાખંડ. વેદ વૈદિક શાસ્ત્ર એમણે કહેલો ધર્મ. દેવની ઉપાસના કરો, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને ભજો. પોતાની મુક્તિ થાય તેવા સાધન સાધો. મુક્તિને વાસ્તે યાગ, યજ્ઞ કરો અને દેવતાઓને તૃપ્ત કરો અને તેમાં પુરુષોત્તમ નારાયણની મૂર્તિને ભોજન જમાડીને આરતી કરીને રાજી કરો અને તમારું પુણ્ય મેળવો. આ વૈદિક ધર્મ ચાલ્યો આવે છે. વેદે બતાવેલો ધર્મ છે. વેદે એવી હકિકતો લખી તમારું કલ્યાણ થાય. ઘરબારનું કલ્યાણ થાય. અનુષ્ઠાતાનું કલ્યાણ થાય, યજમાનનું કલ્યાણ થાય એવા ધર્મો છે. માટે વૈદિક ધર્મ તેનું અનુષ્ઠાન કરજો. પણ વૈદિક ધર્મનું પતન જેમાં કરે એવે માર્ગે ન ચડી જશો. ભગવાન સ્વામિનારાયણે આપણને મંત્ર આપ્યો, માળા આપી, જપ આપ્યા, મંદિર આપ્યા, દેવ આપ્યા, શિક્ષાપત્રી આપી, શાસ્ત્રો આપ્યા, પાળવાનું આપ્યું. બધી વસ્તુઓ સારી સારી આપી. સંત પુરુષો તમને દર્શન આપી બ્રહ્મલોકમાં લઈ જાય ત્યાં સુધીની સાક્ષી રાખી, તથા તેમાં જો ભગવાનની દીક્ષા મેલી દે, ભગવાન સ્વામિનારાયણનો માર્ગ મેલી દે, ભગવાન સ્વામિનારાયણનું કેટલુંક બાનુ એને ચાલુ રાખે અને કલ્પિત વસ્તુઓને પ્રચાર કરવા માંડે તો સ્વામિનારાયણ ભગવાનનો પરમ ધર્મ છે તેમાં પા ભાગે ખંડિત, અર્ધ ભાગે ખંડિત, આ ખંડિત ચર્ચા હાલતી ગઈ તેને પાખંડ શબ્દથી જણાવેલ છે.

એક લુગરિયાનો ગ્રંથ છે. લુગરિયાનો. કાકાનો ગ્રંથ. મેં વાંચ્યો છે, આપણા કાઠિયાવાડ દેશમાં કાકાનો પંથ છે. આપણે વૈદિક શબ્દથી લખીએ 'ગાયત્રી' ત્યારે એમાં લખ્યું છે 'ગાવંત્રી'. આપણે લખીએ 'ભૂર્ભુસ્વઃ'. ભૂઃ એટલે પરમેશ્વર પુરુષોત્તમ નારાયણ., ભુવઃ એટલે એનું અક્ષરધામ અને

સ્વઃ એટલે તેની સૃષ્ટિ. પદ્મપુરાણમાં આ અક્ષર વ્યાસ ભગવાને લખેલા છે ગાયત્રીના. ત્યારે ઓલી પોતાની ગાવંત્રી અને એ કાકા સાહેબે રચેલી એટલે ભાષા, ઉપાસના તો ઠીક, શ્રદ્ધા પણ ઠીક, બધું સારું વાનું. પણ અપભ્રંશમાં ચાલ્યું ગયું. એવા ઘણાં ધર્મો છે જેના મંત્રો પણ કાંઈથી કાઢેલા હોય છે અને એમાં શ્રદ્ધા હોય પછી લોક અને પરમેશ્વર શ્રદ્ધા પ્રમાણે ફળ તો આપે છે. પણ વેદને પૂછીએ તો વેદ કહે, આ માયામાંથી કલ્પિત થયેલા છે. માટે એવા કલ્પિતને અનુસરશો તો તમારા જીવના મોક્ષમાં ખામી ઊભી રહેશે. માટે એવા પાખંડને ગ્રહણ કરશો નહીં.

ભગવાનની ભક્તિ જેના સંગ વડે કરીને મેલી દેવાય, ન પાળી શકાય. એવો ભાઈબંધ ન કરવો, ભાઈબંધ એવો કરવો કે ભક્તિમાં વૃદ્ધિ કરાવે અને બોલવાથી એવો સમય આવે કે પરમિટના ચોખા મળે, પરમિટના ઘઉં, ગોળ, ઘી, ખાંડ પરમિટથી મળે. ભાઈ, એમને પરમિટ આપો. ત્યારે અમે સાધુઓ તો પાંચ કે દસ મંદિરમાં જ્યાં નાના મંદિરમાં રહેતા હોઈએ એ દસના તો નામ લખાવીએ, પણ અમારા મંદિરમાં આટલી મૂર્તિઓ છે તેના નામ સાથે રાખો એટલે પાંચ છ મૂર્તિઓના નામ લખાવીએ. એકવાર મારે પ્રસંગ બન્યો, લખાવવા ગયો. મને કહે મહારાજ આ તમે જમો એ દેવને જમાડીને જમો તમારા દસ નામ છે એમાં આ ચાર જણા તો આવી ગયા, મંદિરના દેવ. માટે એના નામ જુદા ન લખાવવા જોઈએ કે આટલી મૂર્તિઓને પણ પરમિટ કાઢી દો. એમણે હકિકત ઠીક કહી. એની ગતિ પ્રમાણે કહી. પણ આપણી ગતિની રીત જેને જાણવામાં ન આવી. આપણી ગતિની રીત શું છે ? દરરોજ ભગવાનની મૂર્તિની પાસે મહેમાનો આવે છે. બે ચાર, છ, આઠ, દસ મહેમાન તો આવતા જ હોય, એ મહેમાનને પ્રસાદી આપવી જોઈએ ત્યારે ચાર મૂર્તિને માટે જો વધારે પરમિટ હોય તો તે વધારાની ચીજો ભગવાનને ધરેલી તે મહેમાનને થાળ પાણી ધરાવનારને, સેવા પૂજા કરાવનારને, જમાડવા માટે એટલો વધારો ઉપયોગી થાય છે. આ આપણી ગતિ છે ઈ એને ખબર ન હોય. ચાર મૂર્તિઓનો વધારો હોય, પાંચ મૂર્તિઓનો વધારો હોય તો તે વસ્તુઓ આવેલા મહેમાનને રાજી કરનારી

થાય છે. મને પરમિટના સાહેબ કહે કે, ભગવાન તો જમતા જ નથી તમે લઈને હાલ્યા છો. મેં કહ્યું ત્યારે પ્રભુ જમે તો છે પણ તમારે માટે હવે જિંદગીમાં જમનારા નથી, તમે ઈ લઈને હાલ્યા છો, અને ખીજાણા. મહારાજ એમ કેમ કહો છો ? મેં કહ્યું તમે તમારી માનીનતા અને મેં માનીનતા. આ તો સ્વતંત્ર વાદ છે. અમારી માનીનતા પ્રમાણે પરમેશ્વર જમે છે અને તેના ભક્તને આપવું પડે છે. માટે પરમિટ જોઈએ. ત્યારે તમે કહો છો, ભગવાન જમતા નથી. રાંધેલું તમારું છે, તમારી પરમિટમાં ખાઈ લે છે. તમે ખાઈ લો તો શું વાંધો ? પણ મેં કહ્યું, આ તો એના ભક્તજનો આવે છે એને માટે આ ઠાકોરજીના થાળ વપરાય છે, અમે રોજ જમીને પચકાવી જઈએ તો દેવ મંદિરમાં અતિથિઓ આવે એનું શું કરવું ? એની પરમિટ તો મારે ત્યાં હોય, ક્યારે કઢાવવા આવવી ? તો કે ના ના ઈ કાંઈ હું માનતો નથી. હું વાડાને માનતો નથી. તે દિ'થી મને વાડો હાથ આવ્યો કે આ વાડાને ય ગણે છે.

ઠીક છે ઈ તો દુનિયા જેમ ચાલતી હોય એમ ચાલ્યા કરે, પણ વાડા વિના આ અત્યારે જોઈ લો મહેરામણ ઉખડ્યો છે ઈ વાડા વિના ક્યાંથી ઉખડે ? પરમેશ્વરની ભક્તિ કરનારા વાડા છે. પ્રજા ભલે ભક્તિ કરે છે. રાજ કાયદા ભક્તિ કરાવે છે. બધાનું ભલું કરાવે છે. રાજ કાયદાથી દારૂબંધી નથી થતી અને આ ભગવાનના ભક્તો દારૂબંધીનું હાથમાં પાણી આપે એટલે કોઈ દિ' જિંદગી જાય તોય ઈ માણસ ન પીએ. આ વાડા કામ કરાવે છે. આ જો સરકાર તરફથી છૂટછાટ ચાલુ થઈ જાય, તો હવે કામ કોની પાસેથી કરાવીએ. દીક્ષા વડે કરીને ચારેય કોર આખા દેશમાં કામ કરી દઈએ. દારૂ, માટી, ચોરી, અવેરી. ભઈ, સરકારની મનાઈ છે કોઈ કરશો નહીં. આ રીતે કરી શકાય. માટે શાસ્ત્રો લખે છે. અંદરખાને જુદા પડીને મોટા મોટા બંડ નીકળ્યા કરે છે. એ બંડમાં કંઈક પાખંડ તો હોય જ છે, પાખંડ ન કરે તો પાછળ માણસ ન દોડે. આ જરા વાજા વાળા વાજા વગાડે છે એમાંય પણ એક મોરલો રાખ્યો છે, ઊંચો નીચો થયા કરે, હવે આ સાચો મોરલો છે કે ખોટો મોરલો છે, માલિકોરનો માણસ હોઈ ય મોરલો. દેખાવ મોરનો અંદર માણસ બીજો. માટે પાખંડ ધર્મ ઘણી ઘણી જાતના છે.

એમાંથી સાવચેત રહેવું. તો પાખંડ પાળતો હોય ત્યારે તો એમ કહે કે સાળું મારા ધર્મનું ખંડન થયું. પણ એમ નથી. એ પાખંડના સ્વરૂપનું નિરૂપણ થાય કે આને પાખંડ કહેવાય. પછી તો કયો ધર્મ ? પણ એને અધર્મ, જે અધર્મ હોય એણે ધર્મના રૂપમાં ગણી કાઢ્યો માટે એ પાખંડ છે. માટે ભગવાનની ભક્તિ કરવામાં કોઈ પાખંડ આડું આવે એને પડ્યું મેલવું. જેને ગુરુમાં ભક્તિ છે, જેને દેવમાં ભક્તિ છે, જેને માળામાં-જપ કરવામાં, ભગવાનના નામમાં ભક્તિ છે, જેને વિષ્ણુની મૂર્તિઓમાં ભક્તિ છે, જેને પરમાત્મા તરીકે પૂરતી ભક્તિ છે. એ કહેશે કે નારાયણનું નામ લો તો, બે ચાર નામ લઈ લેવા પણ ભક્તિ વિનાનો માણસ એમ કહે છે કે સવારના પહોરમાં શું ખોટે ખોટું આદરે છે ? તો એ ખોટે ખોટું આદરવું એમ કહીને આપણી ભક્તિ ન થવા દે તો તેને શાસ્ત્ર કહે છે કે, તેની ભક્તિનું ખંડન કરનારાનું વચન ગ્રહણ ન કરવું, એના મુખની વાણી ન સાંભળવી.

✳ પરાવાણી - ૪૦ ✳

✪ ભગવાનના પ્રસાદીના જળનો પ્રતાપ
✪ ભગવાનને જમાડવાનું તેમજ મંદિરના જીર્ણોદ્ધારનું ફળ

શાસ્ત્રોમાં હકીકત લખી છે એ પ્રમાણે શ્રીજી મહારાજ કહે છે કે, જેણે મોઢામાં મદીરાનો ઘૂંટડો મૂક્યો તો તે જે કાંઈ સેવા કરે છે, વ્રત પાળે છે, નિયમો પાળે છે, જ્ઞાન-ભક્તિ-હોમ-હવન-જપ-યજ્ઞ-દર્શન આ યત્નો વડે કર્યું હોય તે બધું ધોવાઈ જાય છે. નિષ્ફળ થઈ જાય છે. માટે પોતાને અશુદ્ધ ન થાવું. અશુદ્ધ શરીર છે આમાં લાળું ઝરે, શેડા ઝરે, પરસેવો ઝરે, શરીરમાં ઘણી એવી ચીજો અશુદ્ધિઓની નીકળે, મળ-મૂત્ર થાય છે, પરસેવા આવે છે પણ એની શુદ્ધિ રાખવી. ઉપરથી શુદ્ધિ માટે શુદ્ધિ, એને અંગીકાર કરી ભગવાને. એ શુદ્ધિને અશુદ્ધ ના કરી નાખવી. જેમ અભિષેકનું જળ પાવન કરે છે એમ અભિષેક જેણે ગ્રહણ કર્યો એટલે નાહ્યા એવા ભગવાન એને અધિકાર આપ્યો કે, હું જેને અભિષેક કરાવું એનું પગનું જળ એને પીયે તો ય પણ પંચમહાપાપ બળી જાય છે. ભગવાન કેનો અભિષેક કરાવે ? તમારા છોકરા નાનકડા-નાનકડા મંદિરમાં આવીને સંત પુરુષો અમારું મુંડન કરાવે, ઓલો માથું મૂંડી નાખે પછી આજે ઉપવાસ કરે, ઉપવાસ કરાવે પછી સો માળા ફેરવાવે, દંડવત્ કરાવે, પાણી નહીં પીવાનું હો પૂજા કર્યા વિના. ભલે બહુ સારું. ભગવાનની જે ઈચ્છા મળે એ અભિષેક કર્યો કહેવાય. માથા ઉપર જળ છાંટે, હોમ-હવન કરાવે, ભગવાનના પ્રસાદીનું જળ માથે છાંટી પછી આચાર્ય મહારાજ તેને કાનમાં મંત્ર આપીને જનોઈ પહેરાવે અને ગુરુ

ભગવું વસ્ત્ર પહેરાવે, આ તુરંત જ બદલી ગયું બધું. સગો બાપ હોય તો ય છોકરાને દંડવત્ કરે. કેમ એમ ? તો કે એ ભગવાનની મૂર્તિ થઈ ગઈ. દેરામાં મૂર્તિ બેસાડે છે એ રીતે આ મૂર્તિ થઈ ગઈ. એ ભગવાનનો પુત્ર થયો એટલે જગતનો માવતર થયો. આવી રીતે દેહની શુદ્ધિ થાય છે પછી ભલેને દેહ પંચમહાભૂતનો હોય ને અશુદ્ધ હોય પણ જે દિક્ષા આપી છે એ સાધુ નાના છે પણ એના પગનું ધોયેલું અંગૂઠાનું જળ એ જે પીયે એના પણ પંચમહાપાપ બળી જાય છે. આ હકીકત શાસ્ત્રએ કહી છે.

તમને એક દાખલ આપું મજાનો. દક્ષિણનો શેઠિયાનો સંઘ એ દ્વારિકાની જાત્રા વાસ્તે નીકળ્યા, એને બીજો એક સંઘ ભેગો મળ્યો. બેય જણાં કહે, પહેલા મથુરાની જાત્રાએ જાઈએ પછી દ્વારિકા જાશું. મારવાડનો રસ્તો ક્યાંક વચ્ચે ભેગો થયો એમાં ખીજડા ઘણાંય હતા. ઓલો સંઘ ચાલ્યો આવે અને દ્વારિકાના આ તીર્થોમાંથી સાક્ષાત પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ સ્વામિનારાયણ તો અત્યારે આ ખંડમાં બીરાજે છે. તે દિ' શ્રીકૃષ્ણનો ખરો ભક્ત હતો એણે કમંડળામાં જળ વડે સન્યાસી ચાલ્યો જાતો હતો એને બરાબર આથમણી તરફથી ઉગમણી તરફ જવું અને ઓલા માણસને ખીજડા પાસે આવવું. કમંડળામાં જળ હતું, સંઘ હાલ્યો આવતો હતો. હવે એ સંઘમાં તો દક્ષિણના કોણ કેવા હશે ? પણ એના સંઘમાંથી માથા ઉપરથી તેમના પાપ કાગડા થઈ થઈને ક્રોં ક્રોં કરતાં કરતાં હજારો કાગડા ઉડીને ભાગવા માંડ્યા.

ઓલા સંઘનેય ખીજડા તરફ આવવું. કમંડળામાં જળ હતું, સંઘ હાલ્યો આવતો હતો, પણ એ સંઘના માથા ઉપરથી કાગડા થઈ થઈ ને ઉડવા માંડ્યા, ભાગવા માંડ્યા, ક્રો ક્રો કરતાં ભાગ્યા, હજારો કાગડા ભાગ્યાં, ઓલા કમંડળવાળા સંન્યાસી એ જોયું આ શું ? આ સંઘ હાલ્યો આવે છે ને એમાંથી ઉપર કાગડા થઈ થઈને કોણ ભાગે છે ? એટલે સહેજેવૃત્તિ તણાણી અને સંઘને પૂછ્યું કે આ કોણ છે ? તો સંઘ કે અમને ખબર નથી. તો કે આકાશમાં તો જો. જોયું તો કે એલા તમે કેમ ભાગી જાવ છો ? ત્યાં ઓલા કહે છે, આવડો આ સંન્યાસી આવે છે, એ પ્રત્યક્ષનો ભક્ત છે, ભગવાનના

ચરણ ધોઈને એનું જળ કંમડળામાં લાવે છે, મહાત્માઓના જળ એની અંદર ભર્યા છે. ગોમતી તીર્થના જળ ભર્યા છે, એ આ સંઘના ઉપર છાંટે માથે, તો અમે તેના પાપ છીએ પાપ, તે બિલકુલ એની અગ્નિથી ભસ્મ થઈ જાશું, ભસ્મ થાવું એના કરતાં જીવતું રહેવું અને ભાગી જવું ઈ સારું છે, માટે અમે ભાગતા થઈએ છીએ, એના પાણીના સ્પર્શમાં નો આવીએ, વ્યાસ ભગવાને આ કથા લખી છે. દ્વારિકાખંડમાં છે, સ્કંધપુરાણમાં છે, પદ્મપુરાણમાં પણ છે.

આ આપણા જૂનાગઢનાં આખા સૌરાષ્ટ્ર ખંડની ત્રણ કથાઓ છે. એક સોમનાથની, ગિરનારની અને દ્વારિકાની. ગિરનારમાં જેને આપણે સ્વામિનારાયણ ભગવાનનો નારાયણધરો કહીએ છીએ, આ બિલખાની ભૂમિમાં બલીરાજાનો એકસો એકમો યજ્ઞ હતો. બળી રાજાનો ત્યારે વામન ભગવાન આકાશમાંથી આવ્યા હતા અને ગિરનારની ભૂમિમાં ઉતર્યા હતા. એ વામન થોડાક આગળ ગયા ત્યાં એક નાનું શહેર આવ્યું, શહેર તો શું ગામડું હતું પણ એમાં બધા ટીખળી રહેતા હતા, છોકરાયે ટીખળી. વામનજી ચાલ્યા આવતા હતા. છોકરાનું ટોળું પાછળ દોડ્યું. ધૂળ નાખે, કોઈ કાંઈ કરે એટલે વામનજી કૂદતા જાય ને હસતાં જાય ને ભાગતા જાય અને ગયા બલિના યજ્ઞમાં, બલી રાજા ઊભો થયો, મારો યજ્ઞ હવે પૂરો થયો, તમે બ્રહ્મદેવ છો, ખંભા ઉપર જનોઈ છે. નાનકડા છો, કોણ છો ? મારે ઘેર આવ્યા છો. તો કે હું માંગવા આવ્યો છું. અરે બધુંય માંગો, આપી દઉં. હું જાણું છું તમે કોણ આવ્યા છો ઈ. છેવટે કોણ આવે ? બહુ રાજી થાય તે આવે. તો કહે ઝાઝું બોલમાં. હું જે છું તે છું. મને ત્રણ ડગલાં પૃથ્વી આપ ને. ત્યાં ઓલા શુક્રાચાર્ય કહે છે, રહેવા દે રહેવા દે આ તને મારી નાખશે. આ તો ઓલો છળિયો, બળિયો, કળિયો છે. તો કે ભલે ને એના સારું મેં આ યજ્ઞ કર્યા છે. તો સો મે યજ્ઞે કે એકસો એક હજારે યજ્ઞે મળે, તો મારું શું ગયું ? મને ભગવાન મળી ગયા. તું આઘો રહે, તો કહે ન રહું તો કે પાણી આપ્યું ને કમંડળમાં બેઠો, આડો આવ્યો, પાણી ન દેવા દઉં. ઓલે જોયું ગોર આડો આવ્યો. યજમાન આપે છે તે ગોર બળી મર્યો, પછી તો

કથાઓ લખેલી છે, સળી માલીકોર મેલી તો આંખમાં લાગી. થઈ ગયો કાણો. અને જળ આવ્યું વામનજીના હાથમાં મેલ્યું. બલીરાજાએ કહ્યું, જાવ તમને આપ્યું. માંગો તમે. તો કે ત્રણ ડગલાં પૃથ્વી તો કહે આપી જાવ. પછી ભગવાને એક ડગલું આંહિ રાખ્યું. બીજું બ્રહ્મના લોકમાં મેલ્યું. ત્રીજું ઊંચું મેલવા ગયા ત્યાં તો આખું પડ તૂટી ગયું અને પાણી આવ્યું માલિકોર, આહિ ગંગાજી પરમેશ્વરના ચરણમાં, બ્રહ્માના કમડંળમાં, શંકરની જટામાં પડતાં પડતાં નરનારાયણના આશ્રમમાં ત્યાંથી થઈ અને ગંગાજી હરિદ્વારમાં કાશીમાં થઈ અને સાગરમાં ભળી ગયા. વચ્ચે કથાઓ તો ઘણી છે, ભગીરથ લઈ આવ્યો સગર રાજાના છોકરા, કપિલ ભગવાને બંગાળના સાગરમાં બાળી નાખ્યા. એક કથા અહીં કાઠિયાવાડની છે, આ આપણા સાગરની છે. આવા ગંગાજી પૃથ્વી ઉપર આવ્યા એણે પાવન કર્યાં.

આ સંત પુરુષનું ચરણનું જળ છે તે કેટલું બધું પાવન કરનારું છે એ જોવાનું. બધા કાગડા થઈને ભાગતા હતા ને બોલતા હતા અમને જાવા દો, જાવા દો. તો કે જીવતા શું કામ રયો છો ? બળી જ જાવને. તો કહે તમે સંઘ છો ને ? મથુરા જાવ છો ને ? ત્યાં જો સખણાં ન રહ્યા, નિયમ ન પાળ્યા અને પાછા વળશો તો અમે બધા જીવતા તમને પાછા ચોંટશું. પછી કે હું તો મથુરાની જાત્રા કરી આવ્યો, ગોમતીજીની જાત્રા કરી આવ્યો, સોમનાથ મહાદેવના દર્શન કરી આવ્યો, ચારેય ધામ જઈ આવ્યો. તો આ છેવટે મને આટલી બધી પીડા અને દુઃખ શાનું થયું ? તો ઓલા કાગડાએ કહ્યું, એમ પાછું થયું એટલે થયું. નિયમ વિનાની જિંદગી કાઢે તો પાછા એ બધા વળગે. ત્યારે સંન્યાસીને એમ થયું ઓહોહો આ પ્રત્યક્ષ જળનું આટલું બધું માહાત્મ્ય છે. ઓલો સંઘ આખો હતો એને એ જળની ઝીણી ઝીણી અંજલી આપી અને બધાયે આચમન લીધા. આખા સંઘને સમજણ આવી ગઈ કે હવે જાત્રા કરવી નકામી છે. સંત પુરુષના હાથનું જઈ મળ્યું, આપણી મુક્તિ થઈ ગઈ. સન્યાસી કહે, જો જો હો પાવન કરી દઉં છું પણ પાછા હો એવા ને એવા ન રહેતા. નહીં તો ત્રાજવું તોલે ત્યાં એક કોર મીણનો મીણનો પીંડો મેલે, લેવું હોય તંઈ. આનીકોર દસ શેરી ભેગો મીણનો પીંડો

શેર-બશેરનો હોય. હેઠે ચોંટી જાય. એટલે આમ તોલે તોય બાર શેર મગફળી આવે મજાની, દસને બદલે બાર લ્યે. તે એમ જો આચરણ કરવા માંડ્યા કાં શાકવાળો વેચતો હોય એને આવડતું હોય. આમ કરીને આમ તોલે. ઓલાને કેય આ લે આ મેલ એમ કરીને મારે આમ ઠોંસો એટલે હજું પૂરું શાક ના થયું હોય સામે સમતોલ ત્યાં ઓલું ઊંચુ થઈ જાય. પલ્લું ઊંચુ થઈ જાય કે લે શાક તોળાઈ ગયું. પાછો ઓલો ફરીવાર તોળાવેને આવે તો ખબર પડે કેટલું ઓછું થયું. આ કપટ છે ઈ પાછું પાપ કરનારું છે અને યમપુરીમાં લઈ જનારું છે, દુઃખી કરનારું છે.

ખીજડા પાસે એક મરેલો માણસ કોઈ જૂના જમાનાનો હશે ઈ બેઠેલો. તેને સન્યાસી કહે, ભાઈ તું કોણ છો ? તો કે તમે સંતપુરુષ છો. આવડા આ જાત્રાળુ છે અને હું જૂનો જાત્રાળું છું. ત્યાં એક થાળી આવી નાની, એની પડખે પાણીની લોટી આવી. થાળીમાં રોટલીને શાક, ખાવાનું મજાનું, એકાદો લાડવો, સારી ચીજો આવી. આકાશમાંથી પડ્યું એની પાસે બેઠું. એણે હાથમાં લીધું. ભગવાનને સંભારીને ખાધું. સન્યાસી કહે, ઠીક છે પણ આ સારા જોગ થાય છે, સમજવાની ચીજો છે. ઓને પૂછ્યું. આ તને કોણ દઈ ગયું ? મેં તો દેખ્યું નહીં ? તો કહે, દઈ કોઈ નથી જાતું. મારે મારા ગામમાં ભાઈબંધ ઘણાં હતા. તે હું કંઈક પુણ્યનું કાર્ય કરવા જાઉં તો કહે તારા છોકરાના પેટમાં નાખને. ઈવડા ઈ ભૂખ્યા મરે અને પુણ્ય કરવા બીજે જાવ છો. મને ક્યાંય એક પૈસો કે એક ચીજ પુણ્યનું આપવા દીધું નો'તું. દેવમંદિરમાં મારું કાંઈ પણ કમાણીનું નાણું ઉપયોગમાં આવે એવું મને થાવા દીધું નહીં અને એમાં હું મરણ પામ્યો. આવી મરણાવસ્થામાં મારી અસદ્‌ગતિ થઈ એટલે હું આ અરણ્યનો પ્રેત થયેલો છું. પણ તે વખતે જેમ આ આપણો મહાપાટોત્સવ છે. એમાં પાપીમાં પાપી હોય તોય પણ જોવા તો આવે કે ત્યાં મંદિરમાં વીજળીના ચક્ર ઘણાંય લાલ, પીળા ને ધોળા ને કાળા ને એવા થાય છે માટે એ બધાય જોવા તો જઈએ. ત્યારે મહાપાપીઓ હોય એય જોવા તો આવે જ. જોવાની તો સહુને ઈચ્છા હોય છે કે ચાલો ચાલો સ્વામિનારાયણની વાડીમાં જુઓ તો ખરા, કેટલા મોટા મોટા મંડપ

બાંધ્યા છે. જ્યાં જુઓ ત્યાં પચીસ વિઘાનું ખેતર. આ એની માલિકોર કેવડા કેવડા કેટલું બાંધ્યું છે એ તો જુઓ. લાખો માણસ સામી જાય એવું કામ કર્યું છે. ચાલો ને જોવા તો જઈએ. આ એમ જોવા આવ્યા એમાં ભગવાનનો ભક્ત સાથે હતો. મિત્ર હોય તો ક્યારેક કામ આવી જાય. એના હાથમાં થાળી હતી. સીધું લીધેલું તે દેવ પાસે મેલ્યું. ઓલો કહે, ઠાકર કે કાંઈ ખાતા હશે ? લે ખાતા હોય તો બોલાવ એને. મોઢું કર પહોળું અને એમાં મેલ ઘી ગોળની ગાંગડી, જો ખાતા હોય તો હુંય આપું. ઓલો કહે, ઈ જમનારા તો છે. મારું જમે છે પણ તારે જમાડવા હોય તો તું સંકલ્પ કર તો દઉં. ઓલો કહે, જમતા હોય તો હું આપું. તો કહે ભલે આપી દે, એટલે બે સિદ્ધા અપાવ્યા. એક સીધાને વાસ્તે સંકલ્પ કર્યો, એ પછી આપી જ દીધો. પણ ઓલો પાપી હતો ને તેને ટીખળમાં ને ટીખળમાં આપ્યું અને આ ભક્ત હતો એણે સાચી રીતે અપાવ્યું દેવ પાસે.

ઓલો પ્રેત વાત કરે છે સાધુ ને સન્યાસીને, કે એણે જાણ્યે અજાણ્યે મારી પાસેથી ભક્તે મારા મિત્રે એક સિધુ અપાવ્યું ત્યારપછી મારી અવગતિ થઈ હું મરણ પામી ગયો, પણ ઈ મારું પરમેશ્વરને એક સિધુ જમવાનું કામ આવ્યું. એ ભગવાને મારા પ્રેતપણામાં કાયમને માટે રોજ એટલી એક થાળી આવે છે અને એક પાણીનો લોટો આવે છે, આટલું આપી અને આ થાળીને લોટો ક્યાં વયા જાય છે ઈ ખબર નથી. પણ આટલામાં આખી જિંદગી હું પ્રેત રહીશ ત્યાં સુધી જમીશ. હવે મારી આવરદા પૂરી થશે ત્યારે હું પ્રેતમાંથી મોક્ષમાં ચાલ્યો જઈશ. સન્યાસી કહે, ઓહોહો આટલું બધું આ ફળ છે પુણ્ય છે ? તે હું કમંડળમાં લોટો લઈને જાવ છું તો એ જળ હું શું કામે ન પીઉં ? ઓલા પ્રેતને કહે તું પી. તો કહે ભલે. જેવું એક થોડુંક અંજલિ જળ આપ્યું ઈ પ્રેત એનું શરીર એ બધુંય, જેમ દેવ બેઠો હોય એવું ઝળઝળવા લાગ્યું. મજાનું અંજવાળા વાળું થઈ ગયું, દેવ જેવું થઈ ગયું. સન્યાસી કહે, બોલ તંયે હવે તારે ક્યાં જાવું છે ? તો કે તમે મોકલો ત્યાં. તો કે હજુ વાસનિક છો માટે સ્વર્ગમાં જા અને પછી મને સંભારજે, મને સંભારીને તું ભગવાનના ધામને સંભારજે, શ્રીકૃષ્ણનારાયણને સંભારજે. તે વખતે તારું

કલ્યાણ થાશે. આ વ્યાસજીએ કથા લખી છે. એક સીધાનું ફળ. સ્વર્ગમાંય ગયો અને મોક્ષમાંય ગયો.

બીજી એક કથા લખી છે. એક કઠિયારો હતો. એ આ પાનબીડું ખાતો, ભેગો ચૂનો હતો. ભારો ઉતાર્યો, એક ઓટે બેઠો, સાયંકાળે વરસાદ પડ્યો. સારી રીતે નદી હાલી આવી ગઈ. પછી રાત ગુજારી. પછી પાનબીડું ખાય એટલે શું કરે ? કાંઈ હોય સાધન તો એનાથી માલિકોર ચોપડે. નહિ તો પછી આંગળીથી લઈ અને ચોપડે પાનમાં પછી ખાય. મોઢામાં મેલ્યું પણ આંગળીને ચૂનો ચોંટી ગયો એને ઓલી તડમાં ઘસ્યો તડમાં સાફ કર્યો, પછી તડમાં જેટલું બૂરાણું એટલું બૂરાણું. ત્યાં આગળ વિષ્ણુની મૂર્તિ હતી એ એમનમ અરણ્યના ઓટામાં. ભગવાને વૃત્તિ કરી કે માળો કઠિયારો મારા વનમાં આવે છે વારંવાર, જાણે અજાણે પણ મારા ઓટાનો આશ્રય લીધો અને પાન ખાધું. ખાવાનું બીજું નોતું ત્યાં પણ મને આવીને નમસ્કાર તો કરે છે કે આ પ્રભુનો ઓટો છે હવે આંહિ રાત રહું. માટે મારે એને આ તડ બૂરાણી એટલો ચૂનો માલિકોર નાખ્યો એનું ફળ મારે એને આપવું. ખોરડા તો પડ્યા ભાંગ્યા હશે. રાતનું પાણી ઉતરી ગયું. સવારના પહોરમાં કઠિયારો લાકડા લઈ અને ગામમાં ગયો. જે શેઠિયાને કાષ્ટ આપે તે શેઠિયો પણ સારા લાકડા લ્યે. જેના ધૂમાડાથી આંખ્યું ન બળે. કઠિયારો એવા લાકડા લઈ એને દઈ આવે. ઓલો શેઠિયો કહે છે, ભાઈ તું મારું કામ કરે છે માટે તને રહેવાના સારા ઘરબાર તો કરી દઉં. કઠિયારો કહે, મારે કાંઈ જોતું નથી. હું તો લાકડાનો વાસી છું. ખોરડાનો વાસી નથી. મારૂં જીવન તો જંગલમાં જાય છે. માટે જોઈતું કાંઈ નથી. પણ તમે એવી આશિષ આપો કે મારા જીવની અસદ્ગતિ ન થાય. શેઠિયા પાસેથી નાણું ન લીધું. મકાન બનાવવાની ના પાડી પણ જીવની સદ્ગતિ માંગી. હવે એને ક્યાં ખબર હતી કે આની પાસેથી સદ્ગતિ મને મળશે ? પણ એને અંતરાત્મામાં એમ કહેનારા મળ્યા. તું ભગવાનની સદ્ગતિ માંગ. કોઈ જીવ હશે સદ્ગતિ માગીશ તો આશીર્વાદ દેશે. માળો માણસ સારો છે. પરમેશ્વર સારું કરે.

આમ કઠિયારાને થોડા દિવસમાં પ્રારબ્ધ પૂરું થયું. ત્યાં ઓલા ઓટાની ચતુર્ભુજ મૂર્તિ હતી ઈ મૂર્તિ આવીને ઊભી રહી. કઠિયારો ડહકા ખાય. મૂર્તિ તેની પાસે આવી. આંખને હાથ અડાડ્યો. કઠિયારાએ આંખ ઉઘાડી, જ્યાં દેખ્યા ત્યાં ભગવાન. કઠિયારો કહે, પણ પ્રભુ મેં તમને ભજ્યા નથી. મારી કોઈ દિ' કાંઈ સેવા કરી નહીં. આ તમને પ્રભુ ચાર હાથ છે એ માટે હું પ્રભું માનું છું, પ્રભુ જ હશો. તમે પ્રભુ આવ્યા છો ને. પ્રભુ કહે, હા. તારું કલ્યાણ કરવા આવ્યો છું. પણ મારું પુણ્ય શું ? તો કહે, તને ખબર છે ? જ્યારે વરસાદ પડતો ત્યારે તું ચુનાની ડબી ભેગી રાખતો, એમાં આંગળી મેલી ચૂનો કાઢતો. પાનમાં ચોપડતો પછી આંગળીએ ચૂનો લાગ્યો હોય ઈ મારો ઓટો એની તઈડુંમાં આંગળી સાફ કરતો. તારો ચૂનો તઈડુંમાં ભરાઈ જાતો. એટલે તું એટલું મારા ઘરનું રિપેરિંગ કરતો એમ મેં માન્યું. એટલે તારા ઉપર મેં કૃપા કરી. તારે ત્યાં રાત રહેવું હોય એટલે વાળતો ચોળતો, બેસતો. વળી પાણી બાણી તડકો પડતો હોય તો મારી માથે તું ભારો આડો રાખીને છાંયો કરતો પછેડી ઓઢાડતો કા લીલા પાંદડા લાવતો અને ક્યાંક વનમાં જાંબુડા થતાં હોય તો મારી મૂર્તિ આગળ મેલીને ધરતો. એમ તને ફાવી ગયું હતું. જ્યારે રાત રોકાઈ જા તો ત્યારે મારી પૂજા થાય. આ રીતે મેં તારી ભક્તિ સ્વીકાર કરી છે, માટે હું તને તેડવા આવ્યો છું, તો કહે અરે પ્રભુ તંઈ મારું ભાગ્ય જાણે-અજાણે આવી મારી મુક્તિ મળી તો જે ભક્ત ભક્તિ કરતાં હશે એને શું નહીં મળતું હોય ? તો કહે એને તો હું બધુંય આપું છું, જે જોઈએ તે આપું છું, એને તો હું ના જ પાડતો નથી. આ ઈ કઠિયારાને બ્રહ્મલોકમાં લઈ ગયા. વ્યાસ ભગવાને એવી હકીકત લખી છે, સરસ. તે નિષ્પાપ પુરુષ હતો એનામાં દુર્ગુણ તો બીજા શું હોય ? કઠિયારો હોય તે નાવે ધોવે નહીં, ક્યારેક નાવે ધોવે તો વળી સૂર્યને પગે લાગી લેય, ક્યાંક તીરથનું પાણી પી જાય. પણ જાણે અજાણે એનું દિલ નિર્મળ હતું કે ભગવાને એની મુક્તિ કરી. આ રીતે પુરાણોમાં દાખલા તો ઘણા છે.

ભગવાન કહે છે, તમે જો મારે માટે જરાક કરશો તો હું તમને મોક્ષમાં લઈ જઈશ, મોક્ષના સાધનને ભૂલશો નહીં. ભગવાનના અભિષેકના

જળ પીધા તે મોક્ષનું મોટું સાધન છે, પછી યાજ્ઞવલ્કયની ટીકામાં લખ્યું છે, મહાપાપને કોઈ ઉગારી શકે નહીં, જમરાજાના દૂતને કોઈ પાછો વાળી શકે નહીં, પણ જો તેની પાસે અભિષેકનું જળ હોય અને એનું એક પણ અંજલીનું એક ટીપું મોઢામાં મેલી દે તો જમરાજાના દૂત ત્યાંથી પાછા વળી જાય છે એને કહે છે કે, આ પરમેશ્વરના ધામનો અધિકારી થઈ ગયો, હવે આપણો ગયો. આ ઠાકોરજીને સવારમાં નવરાવે છે એ અભિષેકના જળનો આવો પ્રતાપ છે.



✳ પરાવાણી - ૪૧ ✳

✪ અલૌકિક ધર્મ અને ભાગવત ધર્મના સ્વરૂપની સમજણ
✪ મહાભાગવત ધર્મ પાળવાથી આ લોક-પરલોકમાં સુખી રહેવાય

ધર્મ વડે સુખિયાથી સુખિયો, ઉત્સવથી ઉત્સવ, આનંદથી આનંદ, પુરુષોત્તમની તૃપ્તિથી તૃપ્તિઓ પ્રગટ થાય છે. એક સુખ ગયું ત્યાં બીજું આવ્યું, માટે શ્રદ્ધાવાળા, શાંતિવાળા, ધર્મ કરનારા એવા ભક્તજનો તેને ધનાઢ્ય સમજવા. ધર્મ વિનાનો ધનવાળો છે પણ એ યમપુરીના ધનવાળો છે, ભગવાનના ધનવાળો નથી. ધર્મદેવ બે સ્વરૂપે છે, એક બ્રહ્માના હૃદયમાંથી પ્રગટ થયા, એક પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાં કાયમ વસ્યા એમાંથી પ્રગટ થયા. પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાંથી પ્રગટ થયેલા ધર્મદેવ એનું નામ મહાભાગવત ધર્મ. એ સ્વામિનારાયણ ભગવાનના માવતર. બ્રહ્માના હૃદયમાંથી પ્રગટ થયેલા એનું નામ ધર્મદેવ. જે વર્ણાશ્રમ ચૌદ ભુવનના વતનીઓનો ધર્મ, ઓલો ભાગવત ધર્મ બ્રહ્મલોકનો અને આ પૃથ્વીનો એટલે બ્રહ્માંડોનો ધર્મ.

મહારાજ કહે, હું બેય ધર્મનો ઉપદેશ આપું છું, પણ આ ધર્મને ઓલા ધર્મમાં લેતા જાજો. એમાં ભેગા ભેળવતાં જાજો, વર્ણાશ્રમને ભાગવત ધર્મમાં ભેળવીને પાળજો. ધર્મ વડે પ્રજા વધે છે, ધર્મથી અર્થ, ઘણી જાતના સંકલ્પો, સુખ અને જ્ઞાન પ્રગટ થાય છે. જેને નાણાં ખૂબ જોતાં હોય, તેણે ભગવાન રાજી થાય એવા પુણ્ય કરવા, નાણાં વાપરવા. ભગવાન રાજી થઈ અને નાણાં આપે. ધર્મ થકી કોઈ ચીજ અપ્રાપ્ય નથી. દેડકા એની મેળે,

પક્ષીઓ એની મેળે જળના સરોવરો પ્રતિ ચાલીને જાય. તેને જળ જોઈએ છીએ. એને કોઈ બોલાવતા નથી. જેટલી સારી સંપત્તિઓ, જેટલી સમૃદ્ધિઓ એ ધર્મરૂપી સરોવર જેને ત્યાં છે ત્યાં એની મેળે દોડી આવે છે. માટે ભાગવત ધર્મ સહિત લૌકિક ધર્મ પાળજો.

મહારાજ કહે છે, ધર્મથી રાજ્ય મળે સકામને. ધર્મથી ધનના ગંજ મળે. ઠાલવે જ રાખો, દીધે જ રાખો, ખૂટે જ નહીં. ધર્મથી જીવાત્માની માલિકોર સુખના સાગર આવે, ગમે એવા સમુદ્ર જેવા વાદળ ઉદ્વેગના ઉદ્‌ભવ્યા હોય, પણ એની અસર ન થાય. એવો સુખિયો થઈ જાય. આ બેય લોકમાં જે સુખિયા છે ઈ ધર્મ વડે છે. ધર્મ વધારો તો જીવ પ્રાણી માત્ર વૃદ્ધિને પામે, ધર્મને ઓછો કરો તો પ્રજા, પ્રજાની સંપત ઓછી થતી જાય. શ્રુતિ અને સ્મૃતિમાં ધર્મ કહ્યો છે તેને પાળનારા આ લોકમાં કીર્તિ મેળવે છે અને પરલોકમાં મોટા સુખિયા થાય છે. મહારાજ કહે છે, મારા લોકમાં સુખિયા થાવું હોય તેણે પૂરા મિત્ર એવા ધર્મને ગ્રહણ કરવો, મારા હૃદયમાં રહેનારા પરમ ભાગવતને ગ્રહણ કરજો, શરીરની સાથે બધું વયું જશે. દિલ્હીની ગાદી ઉપર બેઠોને બલૂનમાંથી પડ્યો હેઠો, ગઈ ગાદી. આખી પૃથ્વી વઈ જશે પણ ધર્મ ભેગો ચાલશે. ધર્મને હણનારો, ઈ ધર્મથી હણાય જાય, ધર્મથી રક્ષણ કરનારો તે ધર્મ વડે રક્ષિત થાય. માટે જરૂર ધર્મને સાચવજો. મહારાજ કહે છે, કોઈ પણ કામકાજ ચાલુ કર્યું છે એમાં ધર્મ સાથે રાખવો. કોઈએ લોભ આપ્યો તો લેને થોડુંક લસણ ખાઈ લે ને, સ્વામિનારાયણિયો છે મને ખબર છે, તું કોઈ દિ' લસણ ખાતો નથી હો આખી જિંદગી. પણ આજ મને સવારે વિચાર થ્યો છે કે મારી ભેગો ભળી જાય. આજનો દિવસ લસણ ખાઈ તો એકલાખ રૂપિયા આપી દઉં. લે ને તારું દારિદ્રય કાઢી દઉં. ભગવાન હૃદયમાં બેઠા છે. ઈ દેખે છે કે આ મારો ભક્ત કેટલો છે ? એનું ચક્ર ફરે છે કે નહીં ? જો ન ફરે તો ખરો ધર્મ વાળો.

મહારાજ કહે છે, ધર્મથી કોઈ પણ કાર્ય આરંભ્યું, કોઈ ઉદ્વેગ થયો, કોઈ લોભ આવ્યો, કોઈ મોટો ભય આવ્યો પણ ધર્મ ત્યાગ ન કરવો.

શાસ્ત્રોએ લખ્યું છે, શરીરનો નાશ થવાનું ટાણું આવે અને પછી પ્રાયશ્ચિતથી પાછું પવિત્ર થવાય એવું ટાણું દેખાતું હોય અને જો ધર્મને વળગી રહીએ અને જરાક ધર્મને ખસેડીને બીજી રીતે વર્તવામાં દેહનો ઘાટ થઈ જતો હોય પણ એમ દેખાય કે પ્રાયશ્ચિતથી શુદ્ધિ થશે તો તે ઠેકાણે દેશકાલના ધર્મમાં એ વટાવને ગણ્યો છે. કારણ કે જીવતો તો રહેવાય છે. પછી પ્રાયશ્ચિતથી શુદ્ધિ થઈ જાય છે. આ રીતે ધર્મને ત્યાં અધર્મનો જરાક અંશ એને ધર્મનું સ્વરૂપ આપ્યું છે, કે પાણી નહીં પી તો તલવારે કાપી નાખીશ. અરે હું વટલાય જઈશ. પણ દેખાય છે કે એક ઉપવાસ અને ભગવાનની પ્રસાદી અને એનું પ્રાયશ્ચિત કરીશ એટલે પાછો શુદ્ધ. આ ત્યાં માથું ન જાવા દેવું. જીવન જીવતું રાખવું અને એમ કરતાં જો ખરો એકાંતિક હોય, ધાર્યા પ્રમાણે મૂર્તિ હાજર થાય એમ હોય. દેહનું, કુટુંબનું, વેપારનું ને આ લોકની કાંઈ પડી ન હોય તો કહી દેવું તું તારે માથું લઈ જાને, મારે શું કરવું છે પણ તારું પાણી નહીં પીઉં. આમ ભક્ત ખરેખરા એકાંતિક થવું. એની બાબતમાં આ શ્લોક છે. 'સાચાં શૂરા રે જેના વેરી ઘા વખાણે, જીવન જૂઠું રે પણ મંગળ જાણે, તેની પેઠે રે હરિભક્ત જોઈ તીખા, અંતરશત્રુને લાગે વજ્ર સરીખા, માથું જાતાં રે એ મુખનું પાણી ન જાવે, બ્રહ્માંનદ કહે એવા સંત હરિમન ભાવે'. આ તમે અને અમે બેય સંત છઈએ હો, ભગવાન લેખે થઈ ગયા છીએ માટે સંત છીએ. તમારે ધોળા રંગથી રંગ્યા છે, અમારે ભગવા રંગથી રંગ્યા છે પણ ભગવાન લેખે બેય સાધુ છીએ.

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, જીવવાને માટે પણ ધર્મનો ત્યાગ ન કરવો અને ધર્મ પાળતા પાળતા પણ કદાચ દારિદ્રય આવવા માંડે અને કોક કે લે થાને સ્વામિનારાયણીયો. લે બાંધ કંઠી, કર ગુરુ, તારા ગુરુનું પુણ્ય તને નડ્યું. લે ખોટ ગઈ, ભીખ માંગતો થઈ ગયો. આ શ્લોક એમ કહે છે. ઓલાને કેવું કે, હું પરમેશ્વર અને સંતનો દાસ થયો છું અને મેં બંધન કરનારી માયા મારામાંથી ટાળી છે. તું માયાનો દાસ છો અને ભીખ માંગતો છો, તારી ઉપર જન્મ મરણ છે, મારી ઉપર જન્મ મરણ વયા ગયા છે. એમ કેવું પણ આમ ન કેવું કે, સ્વામી કંઠી બાંધી ત્યારથી મારી પડતી

દશા છે, હવે મારે શું કરવું ? મહારાજે આ શ્લોકનો આ અર્થ કહ્યો. અધાર્મિક પાપીઓની પડતી દશા છે, ધાર્મિક એવા ભગવાનના ભક્તો તેને પડતી દશા નથી. ધરોનું પુખ્ડું લીલું ઉગ્યું, ઝાકળ આવ્યો, એના ઝીણા ઝીણા કણ પાંદડાને અડ્યા. પવન નથી વાતો એટલે કણ ભેગા થયા. એટલે ઝીણા મોતીડાં જામ્યા. જરાક લહેર આવે પવનની એટલે ખસી જાય. આપણું જીવન આટલું છે. ઊભા થવું હોય તો ન થવાય. કોળિયો મોઢામાં મેલવો હોય તો નો મૂકાય, પડખેથી વયો જાય. પુરાણોમાં ઘણાય એવા દાખલા લખ્યા છે, યમનાં અને નચિકેતનાં આખ્યાનોમાં, ત્રણ ફેરા ફેરવાતા ને ચોથે ફેરે ઉડી ગયો, તિલક થાતું'તું રાજગાદીનું અને માથે મુગટ આમ મેલવા ગયા અને ઊડી પડ્યો. માટે ધર્મ છે, એ ભગવાનનો ભાગવત ધર્મ એને ખરેખરો સાચવવો.

મહારાજ કહે છે, સુખી થવા સારું પરમેશ્વરરૂપી ધર્મ એને બરાબર અજર અને અમર થઈ અને પાળજો, વિદ્યાને ને નાણાંને મેળ ન હોય તો હારે પાર ન આવે. વિદ્યા વીસ વર્ષ થાય તંઈ ભણેલો તૈયાર થાય. નાણાં ચાલીસ ચાલીસ વર્ષ મજૂરી કરે, ખંભે ગુણું ઉપાડી ઉપાડીને કોકના ઢસરડા કરી કરીને પછી શેઠિયો રાજી થઈ જાય કે હવે લે તને આપું, બહુ તે ઢસરડાં કર્યા. મારે મિલકત ઘણી છે. કોક દિ' સરખો હાલે. એ બેને તો મરવું જ નથી એમ જાણીને ભેગા કર્યા કરે પણ વાપરવા. એકલા ભેગા કરવા નહીં. અને પુરુષોત્તમ નારાયણની મૂર્તિ, ભજન અને ધર્મ એને તો ડગલે ને પગલે મરી જવું છે, ચોટલીને કાળ પકડે છે એમ ધારી અને પાળતા રહેવા. મૃત્યુ કેશને પકડીને બેઠેલો છે, એક દિવસ પણ જો ભગવાન વિનાનો કે ધર્મ વિનાનો જશે તો લુહારની ધમણ જેવો ઊંધો થશે. ધર્મ વડે ખરેખરો મજબૂત છે અને હાથમાં ઠીકરું માંગીને ખાવું એવું ટાણું આવી જાય એને એમ જાણવું કે ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજીશું શ્રી ગોપાલ હું ધનાઢ્ય છું કઈ બાબતનો ? ભગવાન બાબતનો. આ જગતના ધનાઢ્યની કાંય જરૂર નથી. અર્થ સિદ્ધી એટલે મોક્ષરૂપી સિદ્ધી ઈચ્છવી. તો બરાબર ભાગવત ધર્મ પાળવો. ધર્મ સિવાયનું સ્વર્ગ ભલે અમૃત રહ્યું પણ એ મારી નાંખનારું છે. આ બાબતને બરાબર ધ્યાનમાં રાખવી.

પરલોકમાં લઈ જવા માટે ધર્મ દેવને ભેળા કરીને પાળજો તો ક્યાંક તમને તારશે. તમામ વર્ગને પાળવાના ધર્મ, આશ્રમીઓને પાળવાના, વર્ણાશ્રમ પાળવાના, નિત્ય પાળવાના, કોઈ નૈનેતિક પાળવાના, કોઈ વળી ક્યારેક ગૌવંશ પાળવાના અને કોઈ ને સાધારણ પાળવાના એવા છ પ્રકારે ધર્મ કહ્યા છે. ક્ષમા રાખવી, દયા રાખવી, ઈર્ષ્યા ન કરવી, નાવું, ધોવું. રોજ ભગવાનના દર્શન કરવા, ઉદારતા રાખવી, તૃષ્ણા ન રાખવી. તમામ મનુષ્યોને માટે આ સારા સુખી રહેવાના ધર્મો કહ્યા છે.

સારા સદ્‌ગુણી એને જોઈને પોતાનું દિલ ન દાઝે તો જાણવું અનસૂયા અને જરાક દાઝે તો જાણવું અસૂયા. માંલિકોરથી ઈર્ષ્યા જાગી. ન ખાવાનું ન ખાવું. ભગવાનની પ્રસાદી સિવાય ન ખાવું અને શુદ્ધ અગ્નિય વસ્તુઓ એટલે ઘઉં ચોખા, ચા, પાણી વગેરે ખાવા એ ભોજન પાણીમાં એની શુદ્ધિ. શરીરમાં સ્નાનની શુદ્ધિ. અંતઃકરણમાં નરસા વિચાર ન આવવા દેવા એ શુદ્ધિ અને ક્રિયામાં ભગવાન અને સંત લેખે ચેષ્ટાઓ થવી એનું નામ ક્રિયા શુદ્ધિ. આટલી શુદ્ધિઓ એનું નામ શૌચમ. શરીર જે કર્મ વડે વધારે પીડાય અને ફળમાં કાંઈ માલ ન હોય, રોગ થઈ આવે, મૂર્છા થઈ આવે દુઃખી થઈ આવે અને ભગવાન ભૂલી જવાય, તો એનું નામ તામસી તપ. થોડું કરો અને ભગવાન રાજી થાય તો સાત્ત્વિક તપ. આપણે કથા વાર્તા કરીએ છીએ, નિરાંતે બેઠા છીએ, ભગવાનને સંભારીએ છીએ, ભગવાનનો બ્રહ્મરસ પીએ છીએ. આમાં દાખડો નથી પડતો. આનું નામ અનાયાસ. પણ જ્યાં દાખલો પડે, આકરા આકરા શબ્દો, આકરી આકરી આંખો, આકરા આકરા પોકાર જો હમણાં ક્યાંક થઈ પડ્યા હોય તો ? એનું નામ મહા આયાસ. એ મહા આયાસ ઈ ન થવા દેવો.

મહારાજ કહે છે, કોઈ દિવસ જીવ પ્રાણી માત્રને દુઃખ ન દેવું એનું નામ અદ્રોહ. સારા સારા કામકાજ કરવા કે જે વખણાય તેનું નામ મંગલમ્. થોડુંક હાથમાં હોય તો એમાંથી પણ આપવું. આડા લોભને ભાઈબંધ તરીકે ગઢ ન કરી રાખવો. તેનું નામ ઉદારતા. અતિ કંજુસાઈ વિના આપવું. લ્યો મહારાજ તમારું છે તમને આપું છું. લ્યો, રોજ રોજ કંઈ પણ થયું એમાંથી

ભગવાન લેખે વાપરવું એનું નામ અકૃપણતા. મળ્યું એમાં શાક રોટલો ખાય ને રાજી રહેવું. દેખા દેખીથી સારા કપડામાં ને સારી મોટરમાં સારા બલૂનમાં, સારા બંગલામાં ન દોડવું. બધુંય થઈ ગયું, ઘણુંય સુખે ભગવાનનું ભજન થાય છે, આઠ દસ કલાકનો ઉદ્યમ એમાં વધારે ભગવાન આપી દેય તો લેવું પણ હેરાન ન થાવું. માળું છઈએ ગરીબ પણ આ મોટા શેઠિયા કઈ ઓથ આપે તો નોકરી કરીને મળે. માટે વધારે વફાદાર થાય, વિશ્વાસપાત્ર થાય, એવી રીતે રાખવું. બે આની ભાગ આપો તો મારો કાંઈક ઉદ્ધાર થાય. આપે દયાળુ છે. બે આની, ચાર આની, આઠ આની. તાં માલિકોર વિચાર બદલે કે, હવે મારું આમ કરી લઉં તો ઠીક. બીજે સુવાંગ કરી લેવું એનું નામ પરદ્રવ્ય ચિંતનમ્. એ અંતઃકરણમાં લૂંટારો ઉત્પન્ન થયો. ઈ તમને લૂંટી જશે, ઓલાને નહીં લૂંટી શકે. માટે ભગવાન કહે છે, આ સામાન્ય કર્મ છે. દેહ, ઈન્દ્રિય, અંતઃકરણમાં આપત્તિ ન રાખવી. એનું નામ નિઃસ્પૃહીપણું. જમવા બેસુંને મીઠું લાગે હો, તીખું તમતમતું બધું'ય. એ હવે એમ થાય તમને જોઈએ તેટલું આપું. વધારે નહીં. ત્યાંથી વિચાર થાય એનું નામ નિસ્પૃહીપણું.

હે ભક્તજનો, ધર્મ ધારણ કરનારા એવા સ્વામિનારાયણ ભગવાન કહે છે, મેં તમને મારો ભાગવત ધર્મ અને અલૌકિક ધર્મ આ બેના સ્વરૂપ તમને કહ્યા. આમાંથી તમારા આત્મામાં ઉતરે એવા સ્વરૂપ લેજો. અંતઃકરણમાં બેસે એવા સ્વરૂપ લેજો. ઈન્દ્રિયોની વૃત્તિઓમાં સ્થિરતા થાય એવા સ્વરૂપ ગ્રહણ કરજો અને દેહમાં ભગવાન લેખે બધુંય થાય એવા સ્વરૂપ લેજો. કુળ કુટુંબ પરિવારને એવા શરીર આપજો કે તમે ભગવાનના બેરિસ્ટર થાવ, આપણા આ લોકનું નહીં. આ લોકનું તો હું બેરિસ્ટર સોલીસીટર તરીકે આપણે કામ કરીએ છીએ. પણ આપણે ભગવાન લેખે કરીએ છીએ. એણે શાસ્ત્રમાં લખ્યું છે, એકલા ભગવાન લેખે જેની વાણી છે, ઈ વાણી દિવ્ય કથા છે. તો કે નિર્ગુણમ્. મૌનમ્. કેમ એમ ? માટે એ વાણી બંધન કરનારી નથી, આત્માને પાવન કરનારી છે. મૌનનો અર્થ શું ? તો કે ભગવાનના સંબંધ વિનાની વાણી જ્યાં ત્યાં જેમ તેમ ન વાપરવી પણ ભગવાનના લીલા ચરિત્રો ખૂબ કહેવા અને સાંભળવા. એમાં ખબરદાર રહેવું. પ્રભુ પાસે

પહોંચી જવાય. કદાચ આપણું શરીર આંહીથી ન ઊઠે તો ઈ તો આવે જ. ઈ આવીને આપણી પાસે બેસે કે વાહ મારો ભક્ત મને આનંદથી હિંડોળે લહેર કરાવે છે તો ચાલને બે ઘડી બેસી આવું. એમ ભગવાનમાં ગરકાવ થઈ જાવું.

મહારાજ કહે છે, આ રીતે મેં તમને પુરુષોત્તમ સ્વરૂપ કહ્યું, હું પુરુષોત્તમ, મારી મૂર્તિનો ધર્મ ભાગવત ધર્મ, એનું સ્વરૂપ અને લૌકિક ધર્મ એનું સ્વરૂપ એ મેં તમને કહ્યું. મીમાંસામાં લખ્યું છે, નોંધના લક્ષણો, ઓછો ધર્મ આજ્ઞા અપાયેલી એ કર્મકાંડ એનું નામ ધર્મ. કેટલીક આજ્ઞાઓ પાળી થકી અનર્થો, અનિષ્ટો ઉપજાવનારી હોય એવી આજ્ઞા તેને ધર્મમાંથી એકકોર ખસેડી મેલવી. કેમ ? તો કે અનર્થ કરી. એ કેવી આજ્ઞા ? તો કે મીમાંશા એ સ્મૃતિઓ ઉપર મીમાંશાનો, કર્મકાંડનો દાખલો આપ્યો. એક યજ્ઞ એવો છે જેમાં ચક્ર જેવો કુંડ થાય એમા હોમ-હવન થાય પછી શત્રુને નાશ કરવાના મંત્રો, વૈદિક મંત્રો છે ઈ બોલાઈ અને હોમ થાય. અગ્નિદેવમાંથી ગરમી ઉત્પન્ન થાય એમાંથી એક ચૈતન્ય ભેગું ભળે, આકાશમાંથી. ઈ ચૈતન્ય જેના નામનો હવન કર્યો, ઈ નામવાળો પિંડો શરીર ત્યાં જઈને એની ગળચી દબાવે. શોમ યજ્ઞ કર્યો એટલે છોકરું તરત મરે. આંહિ હોમ થતો હોય અને ત્યાં મરે. આ મીમાંક્ષામાં રીતો લખી છે. યજ્ઞ કરો શત્રુ મારો. ક્ષેમ યજ્ઞ એનું નામ પાડ્યું.

હવે જોજો જૈમિની ઋષિ કહે છે કે, શ્રુતિઓ તો ઘણીય જાતની છે. જગતના જીવ અનંત જાતના છે. સ્મૃતિ સૌની મા છે. કોક છોકરો એમ કહી દે કે મને શત્રુઓ બહુ છે, મારે કેમ મારવા ? એમાં દિતી એમ કહ્યું કે, આ દેવતાઓ અમને નડે છે. મારા છોકરાને ક્યાંય રાજ નથી અપાવા દેતા. માટે મને એકાદો દીકરો એવો આપો કે બધાય દેવતાઓને મારે. કશ્યપ કહે, તથાસ્તુ. કરો પયોવ્રત. વ્રત કરાવ્યું, ફળરૂપે પુત્ર દીધો. એટલે આ લોકમાં માંગણી અનિષ્ટની પણ ઘણાય ને હોય છે. ત્યાં વેદ અને શાસ્ત્ર બેય મનુષ્યોને ભેગા ભળવું પડે છે ઘણે ઠેકાણે. પણ જૈમિની પોતે વ્યાસ ભગવાનને પૂછે છે કે, મારે આનો શું ફેંસલો આપવો ? ત્યારે વ્યાસ કહે છે કે, ગુરુ

હોય એની આજ્ઞાઓ છે કે, તમામનું નામ ધર્મ. માવતરની આજ્ઞા ધર્મ, પતિની આજ્ઞા ધર્મ, સંતની આજ્ઞા ધર્મ, આચાર્યની, માવતરની આજ્ઞાઓ ઈ નો અર્થ શું ? શિક્ષક, ઉપદેશક, આજ્ઞા ધર્મ. તે ધર્મ પાળવો અને પળાવવો.



✳ પરાવાણી - ૪૨ ✳

✪ શાસ્ત્રો દ્વારા વર્ણિત મૂર્તિની સેવામાં મર્યાદા
✪ મુશ્કેલીમાં અંતર્યામી ભગવાનને સંભાળવા

શાસ્ત્રમાં લખ્યું છે કે, ભગવાનને થાળ ધરો ત્યારે મર્યાદાને માટે આડો પડદો કરવો, વસ્ત્રનું આવરણ જરૂર રાખવું. આ મૂર્તિની મર્યાદા પાળવી, ઈ મર્યાદા ધર્મશાસ્ત્રોમાં આવી ગઈ કે ઠાકોરજી જમતા હોય અને આપણે દર્શન કરતાં હોઈએ તો પુણ્યનું કામ છે, તો કે છે તો પુણ્યનું. પણ ભગવાને કહ્યું, આડું વસ્ત્ર રાખીને મને જમાડજો, મારા થાળ જમાડવા લઈ જાવ, ત્યારે ખુલ્લા થાળ ન લઈ જતાં, ઉપર ઢાંકીને લઈ જજો. એવું શું કામ ? ભગવાન કે છે, હું હોઉં ત્યાં કોઈ ચીજ નડતર મને તો ન કરે, પણ જગતના જીવ જુદા જુદા નક્ષત્રોમાં જન્મ પામેલા હોય અને એમાં કોઈ ચૂડેલના સંબંધવાળા નક્ષત્રોમાં જન્મ પામેલા હોય તો એની દૃષ્ટિ આંખની દૃષ્ટિ બહુ વિકરાળ, એટલી બધી ત્રાટક ભરેલી હોય કે એની દૃષ્ટિ ત્રાટકથી કામ કરે અને આવા કુનક્ષત્રના યોગવાળા માણસની દૃષ્ટિ ઈ રાંધેલો દૂધપાક હોય અને તેના ઉપર પડે તો ચોખા અને દૂધપાક બેય જુદા પડી જાય ફાટી જાય અને અંદરથી ચોખા મંડે હલવા, એમાં જંતુનો પ્રવેશ ઉત્પન્ન થઈ જાય, આવી દૃષ્ટિવાળા અને એવા એવા દેવના મંત્રોવાળા પણ હોય છે. માટે ભગવાને મર્યાદા મેલી. કોઈપણ મારા થાળને ધરો તો આડો પડદો રાખજો અને થાળના ઉપર વસ્ત્ર ઢાંકજો.

મને શણગાર ધરાવવા હોય ત્યારે મૂર્તિના દર્શન થાય છે પણ મેં છૂટ મેલી છે કે જ્યારે મને નવરાવતા હોય ત્યારે મારી આખી મૂર્તિના દર્શન કરો પણ નવરાવ્યા પછી મને સાફ સૂફી થતી હોય ત્યારે તો પડદા રાખવા. આભૂષણ પહેરાવવા, ફૂલના હાર પહેરાવવા, પણ તે વખતે ખુલ્લે ખુલ્લા ન પહેરાવવા, તે વખતે પડદો રાખીને મને ફૂલનો હાર પહેરાવવો. આ મોટી મોટી મર્યાદા છે. એ મર્યાદાનું નામ વિધિવાક્ય. આમ કરજો. એની સાથે વિધિ તો છે જ કે દર્શન તો કરવું. આખી મૂર્તિનું દર્શન કરવું. આરપાર દર્શન કરવું, પણ એ વિધિવાક્ય આવા વિશેષ વિધિને આગળ સામાન્યપણાને પામી જાય છે, એટલે સામાન્ય વાક્યને નિર્બળપણું અપાય છે અને વિશેષ આજ્ઞાઓને સબળપણું અપાય છે. માટે પડદો રાખી અને ભગવાનના પૂજન કરી એને ફૂલના હાર ધરાવવા એના પૂજારી અંદર બેઠા છે, તો આપણે સામું તર્ક કરીએ. ખરેખર તર્ક તો સૌ કરી શકે કે તે પૂજારી એક બે ત્રણ જણા હોય તો અંદર આંટા મારતા હોય, ઈ તો થાળનેય જોવે ને બધુંય જોવે. આપણા સારું પડદો છે, એના સારું નહીં ? ઈ યે માણસ છે. તો કે એમ નહીં. દેવની પાસે એનો અંગરક્ષક, અંગસેવક એ પાસે રહી શકે. એને પોતાનું અંગ માન્યું છે, એને અપરાધમાં નથી ગણેલો. ગૃહસ્થાશ્રમીઓને પોતાના સેવક, ઈ જોડલું પાસે રહી શકે, એની અસલ મર્યાદાની માટે શાસ્ત્ર નિષેધ નથી કરતું, એમ રાજાનો એનો ખાસ શિષ્ય કે ત્રીજા કાનમાં મંત્ર ન જાય એવી મંત્રણા કરનારો હોય તે રાજાને એકાંત સ્થળે બેઠો હોય ત્યાં મળે અને ત્યાં ખુલ્લા દિલની વાતો કરે, એને મર્યાદાનો લોપ નથી કહેવાતો. આમ શાસ્ત્રોએ મર્યાદા આપી છે, તે મર્યાદાને મુખ્ય ધર્મ લખ્યો અને પછી સામાન્ય ધર્મમાંથી મર્યાદાઓ તારવી અને બાકી રહે તેની સામાન્ય ધર્મમાં ગણતરી કરી.

ભગવાનની ભક્તિ કરો, નવધા ભક્તિ કરો, તેનું ભજન કરો, તેને વાસ્તે કીર્તન કરો, તેને વાસ્તે થાળ પાણી કરો, એને ભેટ આપો, ઉત્સવ, સમૈયા કરો, આ બધી આજ્ઞાઓ છે. બારેય મહિનાના કામકાજ સરખી રીતે સરખે ટાણે થતા હોય ઈ મર્યાદા બાંધી પણ અભિષેકને દિવસે લાખો માણસો

દર્શન કરવા ભેગા થયા એને અભિષેકનું દર્શન કરાવવું હોય તો શું કરવું ? તો ત્યાં તો બબ્બે બબ્બે ધોળા લૂગડાં પહેર્યા હોય અને ભગવાનની ઉપર દૂધ, દહીં રેડાતા હોય, વાજા વાગતા હોય, લાખો માણસો આવ્યા હોય ને દર્શન કરતાં હોય અને બ્રહ્મચારીઓ અડતાં હોય અને ભગવાનના બારણાં ખુલ્લા હોય, અભિષેકના આમ દર્શન થાય અને તે દિ' તમે સાડા પાંચની છએ આરતી કરતા હો મંગળા. પણ તે દિવસે તો ચાર વાગ્યે કરી નાખજો. જુઓ ત્યાં ફેર પડી ગયો. ભગવાન કહે, મહારાજ તમે આટલા બધા શું ઉતાવળા ? રોજ મને છ વાગે ઊંઘ ઊડે છે અને આજે ચાર વાગ્યે આવીને જગાડ્યો આમ શું કરો છો ? એમ ભગવાન ન બોલે. ઈ તો કે આજ ઠીક કર્યું. મારે ત્યાં ઝાઝા ભક્તો આવ્યા છે, બધાને દર્શન થશે. શ્રીજી મહારાજ ગઢડામાં વહેલા સવારમાં આવીને નાહી ધોઈને પૂજા કરી ને હજુ સાધુ સૂતા હતા ત્યાં તો આસને આવીને બિરાજમાન થઈ ગયા. ચટક ચટક ચટક ચાખડીએ ચડીને, ત્યારે સાધુને ખબર પડી કે શ્રીજી મહારાજ તો નાહી-ધોઈને પૂજા કરીને આસને બેસી ગયા, તો ઈ લાખો માણસો મારી પૂજા અને દર્શન કરવા આવ્યા છે. આજ ભીડ તો જુઓ, ગામમાં ઝાડવા પર એટલા, એટલા મોભાર ઉપર એટલા, નદીએ એટલા, તળાવે એટલા, જ્યાં જુઓ ત્યાં માણસ માણસ. ત્યાં એને દર્શન ક્યારે થાય ? એની પૂજા ક્યારે થાય, જો હું મોડો મોડો ઉઠું તો ? માટે એના સારું વહેલો ઉઠ્યો છું. માટે ભગવાન આ આજ્ઞાઓ આપે છે.

આપણે ખરા ભક્ત થઈએ અને એને જમાડવા વાસ્તે જમાડીને જ જમીએ તો એને જમવા આવવું પડે. એ ભગવાન આપણે માટે તૈયાર છે, ઠેક ઠેકાણે ઊભા છે. ક્યાંય દૂરથી લેવા આવવા પડતાં નથી, પાસે છે, આપણી ભેગા છે અને આપણે પધરાવીએ ત્યાં બિરાજે છે. દ્રૌપદીને જ્યારે વખત આવ્યો કે આ કેશ ખેંચે છે દુઃશાસન. અને મારી આબરૂ જાય છે. પાંડવો મારું રક્ષણ કરે. પાંડવો ઊંચા-નીચા થાય, ભીમડો ઊભો થાય અને યુધિષ્ઠિર જે મારે ને ધક્કો પાછો બેસી જાય. ભીમ કહે, એ હમણાં એકસો એક બે પાંચ, બે જેટલા હોય. ધૃતરાષ્ટ્ર બધાયના ભોડા મેળવી નાખું.

હમણાં મને ઊભો થાવા દે. યુધિષ્ઠિરને કહે, આઘો જા આહિંથી, મારો આડો શું આવે છે ? જ્યારે જ્યારે હોય ત્યારે અટકાવીને બેસે છે, તું કે એમ ન થાય. હું ધર્મરાજા છું, ધર્મની રીત પ્રમાણે થવા દો. પણ કે આવું હોય ? આવી રીત હોય ? પરણેલી પત્નીને બીજો ચોટલાને હાથ અડાડે તેને તો મારી નાખવો જોઈએ. ધર્મરાજા કહે, કંઈક પરમેશ્વરનું ધાર્યું આમાં હશે. શ્રીકૃષ્ણ આપણી ભેગા છે. આ બધા દુઃખ થઈ રહ્યાં. ત્યાર પછીની કથા છે લાંબી. એ દ્રૌપદી માંડ્યા સંભારવા કે હે શ્રીકૃષ્ણ તમે પ્રત્યક્ષ છો, મારી રક્ષા કરજો, અહિંયા બેઠા છો એમ ન બોલ્યા. હે અંતર્યામી મારી રક્ષા કરજો, હે ગોલોકવાસી મારી રક્ષા કરજો, હે વૈકુંઠવાસી મારી રક્ષા કરજો, હે દ્વારકાવાસી મારી રક્ષા કરજો. હે અંતરાત્મા, પાંડવો ભેગા બેઠેલા મારી રક્ષા કરજો. પછી ભગવાન આકાશમાં આવ્યા સુદર્શન લઈને. દ્રૌપદીને વસ્ત્ર મંડ્યા આપવા. ઓલો દુષ્ટ માનસવાળો વસ્ત્ર માંડ્યો ખેંચવા, એને જરાક ચોટલો દેખાઈ આવે કે ખંભો દેખાઈ આવે, એટલે રાણીની મર્યાદા ગઈ. એટલું તાન હતું.

હવે કથાઓ તો ઘણી જાતની છે કે અમુક આભડછેટમાં હોય તે વખતે કેમ આ બધું ? મોટી સભા હોય એમાં કેમ આવવાનું થાય ? શું છે ? એ તો પછી પ્રભુ જાણે. કથાને ખેડુ જેમ પરસંગ મેળવે દોરડું કરવું હોય તંઈ ભીંડીનું. એમ આ બધા પ્રસંગ બધા શાસ્ત્રીઓ મેળવી દેય. આ બધું થઈ રહ્યું અને શ્રીકૃષ્ણ જ્યારે ઉપર આવીને આકાશમાં દેખાણા અને માંડ્યા કપડાં દેવા. બધું પતી ગયા પછી દ્રૌપદીએ પૂછ્યું કે, ભગવાન તમે ભેગા ને ભેગા છો. કહ્યા કરો છો કે હું જ રક્ષણ કરું છું. પણ એટલી બધી આપત્કાળ આવ્યા પછી રક્ષણ કરો છો. તો કૃષ્ણ કહે, જુઓ પાસે બેઠો છું. પણ તમે પહેલાં તો કહ્યું પાંડવો ભેગા બેસનારા હે ભગવાન તમે રક્ષા કરો, ત્યાં હું જરાક આમ સળવળ્યો ને ઊભો થયો ને ત્યાં તમે કહ્યું કે હે ગોલોકવાસી, ત્યાં મને કરોડો ગાઉ આઘો નાખી દીધો છે, જઈને પાછો આવું તંઈ થાય ને ? તો કેઈ મારી ભૂલ થઈ. હવે અહીં પહોંચ્યો ત્યાં તમે એમ કહો હે વૈકુંઠવાસી જલ્દી આવો. વળી નાખ્યો આઘો. વળી ત્યાંથી

આવવામાં વાર લાગી. વળી કેય હે દ્વારકાવાસી. જ્યાં પાસે આવ્યો ત્યાં ફેંક્યો પાછો જે સમુદ્રમાં હવે ત્યાંથી કપડાં બપડાં પલળી ગયા, પાછા બીજા પહેરીને આહિં આવ્યો તો વાર લાગી. શું કરું ? પછી તમે બોલ્યા કે હે અંતર્યામી, પાંડવો ભેગા રહેનારા, મારામાં રહેનારા, આકાશમાં રહેનારા, બ્રહ્મલોકના વતની, સર્વે રહેનારા, અંતર્યામી, સર્વની દૃષ્ટિમાં દેખનારા, સભામાં રહેનારા મારી રક્ષા કરો. એટલું તમે કહ્યું ને હું આકાશમાર્ગે આવીને ઊભો જ તો, કાંઈ વયો નતો ગયો. પણ તમારી ભક્તિ વચન, તેને અનુસારે મારે આઘું પાછું થાવું પડ્યું. આ તો વ્યાસ ભગવાનની પોતાના આત્માની માલિકોરથી નીકળેલી કથા છે. થયેલુંય હતું અને એ કથાને એમણે ગોઠવી, આપણાં શિક્ષણ માટે. એને તો પાસે જ હતા ક્યાં દુઃખ દેવા દીધું જ છે. અને દુઃખનો હિસાબેય નો'તો કે કોઈ દિવસ સુખ ઘરમાં આવ્યું છે. એ ભક્તો હતા. એને દુઃખ હોતું નથી. સુખિયા થઈ ગયા. ભગવાન જેની પડખે છે. આખી દુનિયામાં જેના નામ સહુ લે છે, જેમ પરમેશ્વરના નામ લે છે. મહાભારત નામનો ઈતિહાસ આખો લખાણો અને એ ધર્મિષ્ઠ ગણાયા.

હું તમારી પાસે છું, પણ ચોરી વડે કરીને મને આઘો નાખો તો હું આઘો છું. લે ને આનું લઈ લઉં, આનું ચોરી લઉં, કોણ દેખે છે ? એટલે મને આઘો રાખ્યો મને પાસે ન રાખ્યો, હું દેખનારો છું, ઈ બાબત તમે ન જોઈ, તમે તો મને આંધળો જાણ્યો. આંધળો છે, આઘો છે. શું કરનારો છે ? ક્યાં કોઈને ખબર છે ? પણ તારા ભેગો છું ઈ એય તું ભૂલી ગયો બીજું તો ઠીક. જ્યાં ચોરી કરે છે ત્યાંય છું. સ્વામિનારાયણ ભગવાન કહે છે, આ જે દૃષ્ટિ કે પ્રભુ ભેગા છે, તો પછી ચોરી થાય શેની ? કેની ચોરી કરવી ? શેની ચીજ છે ? જે તમને અધિકાર પ્રમાણે આપ્યું છે, એ ગ્રહણ કરો. એથી વધારે નહીં, માટે ચૌર કર્મ, કોઈ પણ ભક્ત થાવ કોઈની ચોરીનું કામ પોતે કરશો નહીં. આપણે કહીએ છીએ ધર્મ વાસ્તે ચોરીનું કામ કરવું, પણ ઈ ચોરી કેવી ? જેની ચીજ ધર્મને માટે વપરાય અને પછી સાંભળે છે કે માળું તું ઉપાડી આવ્યો. જગનમાં આપ્યું, મારા ખેતરમાં તો સારા ઝાડવા હતા, પીપળો હતો, મજાનો હતો, ખીજડી હતી. પણ મને દેવાનું મન નોતું થાતું

કેમ ? અમારા ભાઈઓનું સહિયારું છે. પણ ઠીક છે તું રાતે જઈને ઉપાડી આવ્યો પણ ઠીક, માળુ કામમાં આવી ગયું. આમ પછીથી જો હા પાડે તો પૂછ્યા વિનાનું લઈ આવ્યો, અંધારે જઈ લઈ આવ્યો. એમ વચ્ચે બખેડા ના થાય માટે. તો એવી ચોરી કરનારે તો કરી પણ એની ચોરીમાં ગણતરી નથી. એની સંમતિમાં ગણતરી છે. ના ના ના એમ કહેતા જવાય અને લેનારો છે ઈ થોડું થોડું માલિકોરથી લેતો જાય. એટલે ઓલો ના કહેનારની હા છે, ઈનો ઝઘડો ન થાય, એને ચોરીના રૂપમાં નથી લખ્યું. ભગવાન કહે છે, મારે માટે ધર્મનું કાર્ય કરો પણ જેનો ઝઘડો ઉત્પન્ન થાય એવી ચોરી રૂપી કાર્ય મારે માટે કરશો નહીં, મારા ધર્મ વાસ્તે કરશો નહીં. જેની માલિકોરથી પછીથી મારામારી થઈ પડે એવું કરશો નહીં.

બેય ભાઈ સત્સંગી હોય, બેયનો શેઢો સહિયારો હોય, બેયને શેઢે પીપળો હોય અને આંહિ જૂનાગઢમાં જરૂર પડી અમારે જગનમાં પીપળો જોઈએ છે અને ભાઈ આવી ચડ્યા. મોટો ભાઈ આવ્યા, ભાઈ પીપળો તો છે પણ શું કરીએ ? બેયનો ઝઘડો છે. છીએ તો સત્સંગી પણ હવે શું થાય ? એમ કહી ન શકાય કે હાલોને લઈ જાવ. પણ ઈ બેથી જબરો હોય ને ઈ પાછો જઈને ઉપાડી આવે તે પરાણે લઈ આવવો તો પડ્યો પણ પછી ઓલા રાજી થાય કે હવે ભલેને ગયો સારા કામમાં છે ને ? આપડે ક્યાં લઈ શકીએ એમ છીએ ? જિંદગી બાજી બાજીને મરી ગયા. પણ પછી ફળમાં સારું આવ્યું. ચોખા તો ગુજરાતમાં બહુ મળે છે. આંહિ જૂનાગઢમાં લાવે કોણ ? કાનજી ભગત. દોઢ હજાર મણ ચોખો લાવ્યા, ચોખો. દોઢ હજાર મણ લાવ્યા, આ તમારા જગન વાસ્તે, ભલેને બે બે લાખ માણસો ખાધે જ રાખે. ખાંડની ગુણીની ગુણિયો આવી, ઘી આવ્યું, ગોળ, ખાંડ ને સાકર ખાધે જ રાખો. ભગવાન આપ્યા જ કરે. પૃથ્વી આપશે. અત્યારે ઘઉંના ખટારા ચાલ્યા આવે છે, ગોદડા ચાલ્યા આવે છે, ખાંડના ડબ્બાઓ, ઘીના ડબ્બાઓ, બધા કોથળીઓ ને કોથળીઓ હાલી આવે છે. ભગવાનને વાસ્તે આવે છે, એમાં ક્યાંક થી પરાણે લીધું. ક્યાંક અનુમતિથી લીધું, ક્યાંક સભા કરીને લીધું, આમ જે લીધેલી ચીજો છે તે દેવને વાસ્તે કામ આવી ગઈ એ ધર્મકાર્ય

વાસ્તે આવી ગઈ. અને જે ધણિયાતું કાષ્ટ વગેરે હોય એ લેવું નહીં, પૂછીને લેવું પણ ભગવાનનેય પૂછવું ખરું. કેને પૂછવું એમ ન રાખવું. છેવટે જમરાજા તમને પૂછશે જો કોઈને નહીં પૂછો તો. કેટલીક જ્ઞાતિ એવી છે, જેને જમીનમાંથી કાંઈ ન મળે પણ ઊભા મોલમાંથી મળે, ડફેર લોકો ઊભા મોલમાંથી ખાઈ જાય. અને ગામમાં બળદ હોય, ખૂંટડા હાંકેલા હોય તો એને કોઈ ખેતરમાં ઘરવા નો દે પણ ઓલો રાતે પહોંચે. ઈ દિવસે આંટો મારી આવે ક્યે ઠેકાણે વાડ નબળી છે ? ચારેકોર ફરી આવે, જોઈ આવે, એને જ્ઞાન છે. હાં આનીકોર છે પણ માળું પાયેલું છે, તે પાયેલું ક્યાં નથી ? ત્યાં જઈને પાછો જોઈ આવ્યે કે ફલાણે ઠેકાણે માથું અડાડું તો વાડ ભાંગી જાય એમ છે અને મારે જાવાની બહુ મજા આવશે. ને ન્યાં પાયેલું નથી. લોથા ઠીક બરાબર બહુ ગાભે આવ્યા છે. ભારે મજા આવી. જોઈ આવે ને પછી રાતે જાય બે વાગે. આવડા આ ઘરર સૂઈ ગયા હોય તંઈ, વાસુપી સૂઈ ગયો હોય અને ધીરેથી માથું મારે. કળળાટિ ન બોલે, અંદર બેઠો બેઠો ધીરે ધીરે ખાય, ફૂંપળા ખાય. ઓલો વાસુપી જાગે ત્યાં પેટ ભરીને વયો જાય. હવે એને ચોરી વિના શું કરવું, ગામમાં આ ધણખૂંટને ?

માટે શાસ્ત્ર તો ઘણી રીતે લખે છે પણ માણસને વાસ્તે કાયદાઓ છે, કાયદાથી કામ કરો, કાયદાથી રહો, ભગવાનને રાજી કરો, ધર્મને પાળો અને સુખે ફળ, મૂળ, કંદ, પાણી એ ચીજને લ્યો, વાપરો, ભગવાનને અર્પણ કરો. ડુંડા થાય તો પોંક ભગવાનને જમાડો, ચણા થાય તો ઓળા જમાડો, ચીભડા થાય તો જીણા જીણા રાજગરિયા જમાડો, કાંઈ નો હોય તો કેયડા એની મેળે થાય છે, સાચવવા પડતાં નથી બે મૂઠી વીણી આવો એને મીઠામાં બોળીને સાધુ-સંતને, ભગવાનને આપો કે ભગવાનને આ ધરજો. હું તો મફતનું લઈ આવ્યો છું. પણ ભગવાન લેખે મારું આ સાર્થક થઈ ગયું, આમ કામ લેવા શીખવું તો જીવાત્મા છે ઈ પરમેશ્વર લેખેનો થઈ જાય છે. માટે ભગવાન શ્રીહરિ કહે છે, કદાચ લેવાઈ ગયું તો ધણીએ એમ કહેવું ભાઈ, હું તારું આટલું લઈ જાઉં છું હો ! ક્યાંક રસ્તે સામે મળે ને ડોળો ફાડેને તો ય એમ થાય કે આવડો આ મને મારશે જાણે એમ થાય કે આ

લઈ જાશે. હેઠું મેલીને તરત દંડવત્ કરી લેવા, એલાં કાં એમ કર ? આ તમારું ચોરીને લઈ જાઉં છું. એ તરત માફ. પરમેશ્વરની પાસે માફી માંગી લેવી. સ્વામિનારાયણ ભગવાન કહે છે, માફી રોજ માંગજો હો. એકાદશ નિયમ લખ્યા છે એમાં તમારા ભક્તનો દ્રોહ ન થાય, તમારો દ્રોહ ન થાય, ચોરી ન કરની કાહૂ કી, કલંક કોઈકું ન લગાત. નિંદત નહીં કોઈ દેવ કું બિન ખપતો નહીં ખાત. આ રોજ સાંજે બોલીએ છીએ, માટે ભગવાન પુરુષોત્તમ નારાયણ આપણી નજર રાખે છે. કદાચ ન મળ્યું તો શાક રોટલો તો મળશે જ એમ કરતાં કદાચ ન મળે તો એક ટંક, બે ટંક ભૂખ્યાય પણ પાછું આપશે ખરા. ભક્તને માટે આવે જ છે અને આપે જ છે ને કોઈ ને કોઈ રીતે એની સંભાળ લ્યે જ છે.

✲ પરાવાણી - ૪૩ ✲

✪ શાસ્ત્રીય ઉપાસનાની સમજણ
✪ શરણાગતિ પછી જ્ઞાન-ભક્તિના બળ-સ્વરૂપની સમજણ

માનવ ધર્મ પરમેશ્વરે બેસાડ્યો છે અને મનુષ્યો સમજે છે કે ભાગવત ધર્મ વડે કરીને પરમેશ્વરની ભક્તિ કરનારા મનુષ્યો છે તેણે ભક્તિ કરવી. વેદાંતોના વિભાગોએ આ રીતે કહ્યા છે કે ભલા દૂધમાં મીઠાશેય છે, દૂધમાં ધોળાશેય છે. પરમેશ્વરમાં મીઠાશેય છે, ધોળાશેય છે. દૂધ ઈ નું ઈ છે પણ એમાંથી ઘી થાય, છાશ થાય, દહીં થાય. પરમેશ્વર ઈના ઈ છે પણ એની માલિકોર ધોળાશ છે, જીવાત્મા. એની માલિકોર ઘી બેઠું છે પુણ્યમ્ એટલે ધર્મ. ઈ પુરુષોત્તમની મૂર્તિમાં વર્તે છે. એની માલિકોર વ્રત, નિયમ, તપ, ઘણા ગુણ, ઘણી શક્તિઓ, ઘણાં સામર્થ્યો પડેલા છે, કરોડો, આ એ બધાં જુદા જુદા દેખાય ત્યારે આ સૃષ્ટિમાં આપણે એમ કહીએ છીએ કે આ તો મારી શક્તિ, પણ છે પરમેશ્વરની, કોઈની શક્તિ સ્વતંત્ર નથી પરમેશ્વરે આપી થકી સૌ કામ કરે છે. વલ્લભાચાર્યના શાસ્ત્રનો આ મત છે, દૂધમાં જેમ ધોળાશ, ઘી અને મીઠાશ રહ્યા છે તેમ બ્રહ્મમાં આપણે પડ્યા છીએ. છૂટા પડીએ અને પાછા બ્રહ્મ સંબંધ લઈએ અને કાં મર્યાદિત થઈએ તો એમાં પાછા ભળીએ. સ્વામિનારાયણ ભગવાનને ત્યાં એ છે કે શરણાગતિ લ્યો અને મારા વાક્ય પ્રમાણે બ્રહ્મચારી રહો અને સાધુ પ્રમાણે પરમેશ્વરને ભજો એટલે ઈ મારા લોકમાં આવશો ઈ તમે મારા મતે કેવા છો ? તો કે દૂધમાં સાકર બે છે, સાકર દૂધ ભેગી ભળી ગઈ પછી હાથ ન આવે પણ

છે ખરી. દૂધ સૂકાઈ જાય, સાકર સુકાઈ જાય તો બેયની પડી સરખી દેખાય. તમે બ્રહ્મલોકને વિષે રહેશો, ત્યાં મારા ભક્ત રહેશો અને મારી ભક્તિ કરશો. આ રીતે સ્વામિનારાયણ પરમાત્મા અને દક્ષિણના રામાનુજાચાર્ય એ બે જણા એમ કહે છે કે, બ્રહ્મધામને વિષે તમે રહેનારા જીવાત્માઓ મારી સામે બેસનારા છો. ત્યારે માધ્વાચાર્ય કહે છે, તમે ત્યાં આદમી તરીકે નહીં બેસો. કબીર સાહેબ કહે છે, તમે સખી થઈને બેસજો, પ્રણામી સંપ્રદાય કહે છે, સખી થઈને બેસજો.

કબીર સંપ્રદાય અને માધવ સંપ્રદાય કહે છે કે, જીવાત્મા કોઈ દિ' નર છે જ નહીં, ઈ પરમેશ્વર પાસે જાય તો નારી નારી અને નારી જ છે. આ એક એ રીતની ઉપાસના છે, બોલો આની આ પૃથ્વી ઉપર લાખો માણસો ઈ રીતે એને ભજે છે, ઉપાસના પ્રમાણે પરમેશ્વર ફળ આપે છે. નિમ્બાર્ક સંપ્રદાય ઈ એમ કહે છે, પરમેશ્વરની પાસે જશો ત્યારે એની રાધિકા જેવી તમે રાધિકાઓ થાશો અને પરમેશ્વર તમારા પતિ તરીકે તમને સુખ આપશે. શૈવ સંપ્રદાયના બે ચાર ભેદ છે. એક કાશ્મીરનો શૈવ સંપ્રદાય, એક દક્ષિણનો શૈવ સંપ્રદાય, એક લિંગાયક શૈવ સંપ્રદાય, એક વિશિષ્ટાદ્વૈત શૈવ સંપ્રદાય અને એ સંપ્રદાયોમાં આ રીતનું છે કે એક બ્રહ્મ વાસુદેવ એનું નામ સદાશિવ એવું નામ અને સદાશિવમાંથી પાંચ શિવ થાય છે અને પાંચ શિવમાંથી આ જીવ અને ઈશ્વરો થાય છે અને માયા પ્રગટ કરે છે એ એની અનાદિ શક્તિ છે પાર્વતીદેવી. અને એ પાર્વતીદેવી છે એ બે રૂપે છે. એક જ્ઞાન અને અજ્ઞાન રૂપે, અજ્ઞાન તરીકે ગ્રહણ કરો એટલે તમે ગૃહસ્થાશ્રમી આખી જિંદગી, જિંદગી તો ઠીક આખી સૃષ્ટિ, આખી સૃષ્ટિને ત્યાં સુધી આમાં ને આમાં રહેનારા અજ્ઞાનને પડ્યા મેલશો અને એકલા થશો શિવરૂપે. જીવ શિવ રૂપે થશે ત્યારે તમે જીવમાં ભળશો અને બ્રહ્મલોકની મુક્તિને મેળવશો.

બોલો આ રીતની ઉપાસનાઓ ભાત ભાતની સૃષ્ટિમાં ચાલે છે પણ શાસ્ત્રીય ઉપાસના એ વ્યાસના જેવી કલમ કોઈની નથી. એ કહી દેય છે તું બટકું ભરે છે, પાણીનો ઘૂંટડો ભરે છે, પગલું ભરે છે, હાથ વડે કરીને કોઈ

દાણા, બાણા ભેગાં કરે છે, ઊંઘ લે છે. તે મને આપી દે ને. તું કેમ કામ કરે એવું માને છે ? અર્જુન કહે, માળું આ કામ પાંસરું. કરવું, ખાવું, પીવું, રહેવું, બધું આપણે અને હે કૃષ્ણ આ તમને આપ્યું. તો કૃષ્ણ કહે છે કે, મને આપ્યું એટલે હવે તારે એનું કાઈ ભોગવવાનું નહીં થાય. જા એનો જિમ્મેદાર હું. વ્યાસ ભગવાન કહે છે, આ રીતે જો તમે શરણાગતિ અંગીકાર કરશો તો જરૂર આ ને આ જન્મે તરી જશો. પણ એમાં જો ભૂલ પડી કે ના ના ઈ તો મેં કર્યું, તે ન કર્યું તો માથે આવી પડ્યું. વ્યાસ ભગવાન આગળ હાલતા કહે છે કે, આ ક્રિયા કર્મકાંડ તમારું પરમેશ્વરમાં આપ્યું. આ શાસ્ત્ર ભાગવત્ આખું બતાવે કર્મકાંડ. પછી બીજે નંબરે જ્ઞાનકાંડ ઈ જ્ઞાનકાંડમાં સમજણમાં પરમેશ્વરને સાકાર સમજીને એની ભક્તિ કરો ઈ વૈષ્ણવ શાસ્ત્ર બધાં બોલે છે. પુરાણશાસ્ત્રો તમામ એમ કહે છે, પરમપુરુષને ભજજો. મહાભારત એમ કહે છે કે, પૃથ્વી ઉપર પરમેશ્વર આવે છે અને અર્જુન ને શ્રીકૃષ્ણ હતા આપણાં સખા થયા, આપણી ભેગાં રહ્યાં, આપણે એને ભજ્યા અને એ ગોલોકમાં લઈ ગયા. બોલો આ રીતે વ્યાસ ભગવાન બોલે છે.

કેટલા વ્યાસ થયા ? વાયુપુરાણનો એક અધ્યાય વાંચજો. આ પૃથ્વી ઉપર બત્રીસ વ્યાસ થયા, બત્રીસ. બત્રીસ વ્યાસમાં એક શ્વેતાયન નામનો વ્યાસ થયો. શ્વેતાયન નામના વ્યાસે પહેલા પહેલા લખાણ લખ્યું છે કે પૃથ્વી ઉપર જ્યારે જ્યારે બ્રહ્માનો દિવસ બદલે ત્યારે પરમેશ્વર એને ભાન આપવા માટે એની સામે આવીને ઊભા રહે છે. અને કહે છે, એલા એય હું કહું એમ કર, ત્યારે બ્રહ્મા એની પાસેથી જ્ઞાન લઈ અને આ સૃષ્ટિનું સંચાલન કરે છે. એવા બત્રીસ વ્યાસ લખાણા છે. બત્રીસમો વ્યાસ એનું નામ કૃષ્ણદ્વૈપાયન. મહાભારતનો રચનાર તે અત્યારનો વ્યાસ છેવટનો ગણાય છે, એણે લખ્યું છે કે તમારી ભેગું છોકરું હોય, તમારું બાલ-બચ્ચું હોય એમાં કૃષ્ણને જોજો, કે મારો કૃષ્ણ, મારો છોકરો કૃષ્ણ જેવો છે. આ તમારી વૃત્તિ બદલી ગઈ. એવી રીતે સગા-સંબંધી, કુટુંબ પરિવાર એમાં જો દૃષ્ટિ કરશો તો એનું નામ બ્રહ્મદૃષ્ટિ. અત્યારના વ્યાસ એમ કહે છે કે, આનું નામ બ્રહ્મદૃષ્ટિ. વેદાંતના વ્યાસ તો એમ કહી દે છે કે, એની દૃષ્ટિમાં કાંઈ ન

આવે. આ કંઈ ના આવે. કશું જ નહીં. તો તો અવધૂત જોગી થઈ જાય જડભરત જેવો. તો પછી દાણાને, નાણાને, ખાવાને, પીવાને, ઈ કયાંથી લાવવા ? માટે એ આ વ્યાસ કહે છે કે, તમને અવધૂત યોગી કરતાં જ્ઞાની યોગી રહેજો, અજ્ઞાનને ટાળી જ્ઞાનવાળા થાજો અને પરમેશ્વરની ભક્તિ કરજો. બોલો અત્યારના શાસ્ત્ર આ રીતે બોલે છે.

આમ બોલતાં બોલતાં ગૌતમ નામના ઋષિ અને કણાદ નામના ઋષિ એમ કહે છે કે, આ વ્યાસ વળી આવો કેવો અકોણો એમ કહી ગયો ? આપણા તો ગુરુ છે એ પણ કાંઈ મને બંધ ન બેઠું એટલે શું કરવું ? તો કે પરમેશ્વર આવે ખરા. છોકરા થાય છે પણ ભૂતડું બેસે ભૂતડું જેનામાં ઈવડો ઈ રોવા માંડે, ધાંધલ કરી મેલે, એને બે ચાર ઠોંઠ મારે, સાંકળું મારે ઈ બધુંય લાગે ઓલા ભૂતડાને, આને ન વાગે, એમ કહેતા આવે છે. પછી લાગતું હોય ભૂત નીકળી ગયા પછી પૂછે કે તને લાગ્યું કાંય ? તો કે ના મને કાંઈ ન લાગ્યું. એટલે સૌ એમ નક્કી કરે કે ભૂતડા ને લાગ્યું, ભૂત જેમ પેસે છે એમ પરમેશ્વર કો'કમાં પેસે, પરશુરામ પેઠા હતા માટે એને પરમેશ્વર કહેવાણા. આ રીતે પરમેશ્વર શરીરધારી થાય છે એમ કણાદ અને ગૌતમ નામના તર્કી પુરુષોએ નક્કી કર્યું. પણ થાય છે ઈ બાબતમાં કાંઈ ફેર નહીં, ગમે તેમાં આવે. વલ્લભાચાર્યજી અગિયાર વર્ષના શ્રીકૃષ્ણને પૂજે છે, પછી મોટા થઈ ગયા રાજા. આ બેય ભેદ પાડી નાખ્યા. આવી રીતે ભગવાન આવે છે. વેદાંત વ્યાસના સૂત્ર, ગૌતમના સૂત્ર, કણાદના સૂત્ર. ઈ સિવાયના ત્રણ જણાં રહ્યાં.

કપિલ ભગવાન કહે છે, હવે ઈ બધુંય તો ઠીક છે હું જ પોતે બ્રહ્મ છું લે ને ! અને આ માલિકોર સાક્ષી તરીકે બેઠો છું ઈ હું જ છું અને એની સાથે માયા છે. બધું માયાનું ટોળું છે. માયા રાજી થાય, માયા કુરાજી થાય, માયા બંધાય અને માયા છૂટે એમાં જીવાત્માને શું છે લેવા દેવા ? કાંઈ મળે નહીં. આટલું સમજે એટલે મોક્ષમાં વર્તે જ છે. એને ક્યાંય જાવુંય નથી અને આવવું ય નથી. કપિલ ભગવાને ત્યાં મેલ્યું એટલું. માતાજી પૂછે છે, બેટા ! સાવ એવું કરવા બેઠો. આજ દિ' લગી એમ જ હતું ને ! કાંઈક નવું

શીખવાડને. કપિલ કહે, તંઈ મા હવે બતાવું. સંત પુરુષોના દર્શન કરશો, નમસ્કાર કરશો, સેવા ચાકરી કરશો એને જમાડશો એના અંતરના આશીર્વાદ લેશો તો તમારા માટે મોક્ષનાં બારણાં ખૂલી જશે. આ ઈ કપિલ ભગવાને છેવટે મેલ્યો છે પોતાનો અભિપ્રાય. મા કહે, તો કે બેટા હવે હું તને સાધુ સમજવા શીખી તો કે તારું સાંખ્ય જ્ઞાન આપ્યું ખરું પણ ઈ મને કામમાં ન આવ્યું. કપિલજી કહે, ઈ તો એવા હોય એના સારું મેં આપેલું છે. કેવા ? તો કે જેને ભક્તિ ન ગમતી હોય એવા. ઈ જ્ઞાન ફૂટ્યા કરે બેઠા બેઠા. શું છે ? તો કે આંખ ને, કાન ને, પગ ને, મરશે તે'દિ જાશે. માલિકોર બેઠો ક્યાં જશે ? કેને ખબર છે ?

પતંજલિ કહે છે, પરમેશ્વર આપણી હારે બેઠેલો છે એને કલેશ નડતો નથી. એને અવિદ્યા, અસ્મિતા, રાગ દ્વેષ અને અભિનિવેશ નડતા નથી એને તમ, મહા મોહ, તામિશ્ર અને અંધતામિશ્ર નડતાં નથી. પરમેશ્વર આપણી ભેગો રમે, જમે, ભમે કામ કરે એને કાંઈ અડતું નથી. એને કર્મ અડતા નથી. ધોળું કર્મ એટલે પુણ્યમ્, કાળું કર્મ એટલે પાપમ્. પાપ ને પુણ્યવાળું મિશ્રિત કર્મ ઈ પણ એને અડતું નથી. વિપાક એટલે વાસના, એના ખજાના ઈ પણ પરમેશ્વરને નથી. આપણે કહીએ કે, માળો વાસનિક છે, પરમેશ્વર થયો તોય વાસનિક છે. ઈ તો આપણે આપણી વૃત્તિઓ એના ઉપર નાખીએ છીએ. રંગારો હોય ને રંગારો, ઈ પાણીને રંગે જ રાખે. કપડાને રંગે રાખે, પાણી ડોળું કર્યું રાખે, રંગે રાખે, રંગારાને પાણી મળે ઈ કોઈ દિ' સારું ન થાય. ઈ ઉજળું થાય જ નહીં. છેવટે ઈનો હાથ અડે તોય પાણી રંગવાળું થઈ જાય. આમ આપણું અંતઃકરણ રંગારું છે તે પરમેશ્વરને રંગારાની પેઠે રંગારો કરી દે છે. પતંજલિ ઋષિ કહે છે, વાસનાના ખજાના એ પરમેશ્વરને અડતા નથી. એવો પુરુષ વિશેષ આપણા જેવો પુરુષ તરીકે વર્તનારો બ્રહ્મલોકમાં મુક્તનો અધિપતિ ઈ પરમેશ્વર છે માટે એને ભજજો. જોઈ લ્યો છ શાસ્ત્રના આ રસ્તા કેવા છે.

છ શાસ્ત્રના જૂજવા મત્તા તેમાં પડીને ખાધા ખપતા. સમજણવાળો પુરુષ હોય ઈ એમાંથી લઈ લે કે આપણે શું કરવું ? પરમપુરુષને આગળ

રાખવો અને એની ભક્તિ કરવી આ ઈ બે તારનારા છે. એટલે છેવટે ગીતાજીએ કહ્યું કે જ્ઞાન વડે કરીને જેના પાતક બળી ગયા, સમજણવાળો થયો. જેને કામ, ક્રોધ, લોભ, મોહ, માલિકોર આશા, તૃષ્ણા મટ્યા, અહમ્ અને મમતા ત્યજયા. આ એ ભક્તિનો અધિકારી થાય છે અને નહીં તો ભક્તિમાં વચ્ચે વચ્ચે કરવત મેલ્યે જ રાખે. ઈ ભક્તિ કોઈ દિ' સજીવન ન થાય માટે આગળ જઈને શ્રીકૃષ્ણ ભગવાને કહી દીધું તું બધુંય મને અર્પણ કર. એમ જ્ઞાન વડે કરીને પણ અર્પણ કર, પણ છેવટે મારી પૂજા કર, મને હૃદયમાં રાખ, મારી મૂર્તિને ધાર. મારા સિવાય બીજું કાંય નથી એમ તું કામ કરી અને મારી સેવાચાકરી કર, હે અર્જુન તું મુક્ત હતો માટે તરી ગયો, ઈ તો એક આદા ચેલાને એક ગુરુ કેય. પણ એમાંથી શબ્દ મળી ગયો લાખોને ને કરોડોને સમજવાનો. મારામાં મન જોડી દે, મારામાં ભક્તિ કરવા માંડ. ભોજન પાણી મને દેતો રહેજે. ઓડકાર તું ખાતો રહે. એમાં વાંધો નહીં તને ના નહીં પાડું. પણ આમાં દે ઈ મને આપજે હો મારી મૂર્તિમાં મેલજે. જો જો તો ખરા એક દિ' તો એવો પ્રયત્ન કરજો થાળીમાં જમવા બેસોને કૃષ્ણની મૂર્તિ આગળ રાખવી ભગવાનની, આમ કરીને કોળિયો લઈને, હોઠમાં મેલ્વો એએએ... કૃષ્ણના હોઠમાં મેલ્યો એમ કરીને ગળી જાવું. એટલો અભ્યાસ તો કરજો, ખબર પડશે કે આમ પરમેશ્વરને અપાય. પરમેશ્વર પી ગયો એમ કહીને આઘા હોય એને સંભળાવીને ઘટક ઘટક પોતે પીવા માંડે. એમ નહીં ઘૂંટડો પીધો'તો ક્યાં નાખ્યો ? તો કે કૃષ્ણના મુખમાં, એણે મુખ પહોળું કર્યું ત્યાં નાખ્યું અને એના ઉદરમાં ગયો. ક્રિયા કરું હું અને સ્વરૂપ દેખું ઈ. આ રીતે એકતા કરી અને તમે જો કર્મ કરશો તો જ્ઞાન વડે કરીને તરી જાશો. તમારો આત્મા શુદ્ધ થઈ જશે અને છેવટે ભાગવતી ભક્તિ તમારામાં પ્રગટ થશે પછી ઈશ્વર જે અંદર બેઠેલા છે ઈ તમારી સાથે હરતા ફરતા કામકાજ કરશે.

આ ત્યારપછી હવે મારું ભજન પૂજન કરનારો તું થયો. આ રીતે ભગવાન તેને અંગીકાર કરશે ત્યારે શરણાગતિમાં લખ્યું છે, આવો ભક્ત થયો તેનો વિશ્વાસ, શ્વાસ અને પ્રશ્વાસ બેય ભગવાનના જીવન ઉપર છે.

ખરો વિશ્વાસ. ક્યે દિવસે ? ક્યાંથી શું થશે ? એની મને ક્યાં ચિંતા છે ? કાં કેમ એમ ? મને શું ચિંતા છે ? અને તું કોણ ? ભગવાન કહે, બોલતો ખરો, તું કોણ ? તો કહે, હું આ પૃથ્વીનું શરીર. તો કે ઈ તો ઈ પૃથ્વી છે. છૂટી જાવાની બાળી નાખશે. ત્યારે જલ માલિકોર ભર્યું છે પીધેલું તો કે ઈ તો પાણીમાં વયું જાશે, સૂકાઈ જશે. અગ્નિ છે ઈ રેડિયામાં ફડાકા મારે એવો માલિકોર અગ્નિ છે, ખરેખરું બોલાવે છે અંદર બેઠો બેઠો તો કે ઈ એય વયુ જશે. અગ્નિમાં અગ્નિ. પ્રાણવાયુ તો કે ઈ આ દાઢીને વાંકી કરી દેશે. આ ત્રીજું ડચકું આવશે ને તરત અહીંથી નીકળી જશે થઈ રહ્યું. ઈ ગયો પ્રાણવાયુ વાયુ ભેગો. ત્યારપછી તો કહે, આકાશ પોલકાર. આ ચાર જણા ઊડી ગયા ઈ પોલકાર ભેગા, હવે ચાર ગયા એટલે ચાર ને ઠેકાણે ચૌદ જણા હતા ઈ એય ગયા. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ઈવડા ઈ પાંચ. ઈ ઋષિઓય ગયા. આ ઈન્દ્રિયો શ્રોત્ર, ત્વક, ચક્ષુ, ઘ્રાણ, વાક, પાણિ, પાદ, પાયુ ને ઉપસ્થ એવા દસ બાર જણા છે આમાં ઈ એય ગયા. માલિકોર મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ઈ એય ગયા, દસ ઈ ને પાંચ ઓલા પંદર અને પાંચ આવડા આ વીસ આવડા આ ચાર ચોવીસ ગયા એની ભેગા. લપ માટી લપ એક હારે જેમ ઓલો અજા હતો ને અજ ને આજા ને નાખી એક હારે. ગઈ બેં બેં કરતી. હવે એકલો થયો. ચોવીસ ગયા ચોવીસ. આમાં તારું કોણ ? પૂછો તો ખરા ?

આને પૂછવું ય થોડું કે પૃથ્વી તું મારી ખરી ? તો કે ના. જે દિ' પેટ દુઃખે તે દિ જોઈ લ્યો. બરાબર ગોટો ચડ્યો હોય ને જીવડાનો તે દિ' પૃથ્વી તમારી નહીં, જળમાં પડો અને પાણી પીવાવા માંડે એ પાણી તમારું નહી. અગ્નિમાં પડો અને સળગાવવા માંડે તે વખતે અગ્નિ તમારો નથી. પ્રાણવાયુ મૂંઝાય જાય તે વખતે તો ઈ પણ તમારો નથી. આકાશ તો પોલકાર છે અને દસ ગાવ ઉપરથી નાખ્યો હોય ને હેઠો ગિરનારના ભૈરવ જપમાં ઈ વખતે આકાશેય તમારો નથી. હાથ ન જાલે કે ભાઈ જીવતો રાખીશ. તને લાગવા નહીં દઉં. શબ્દ સાંભળી સાંભળીને જિંદગી સાંભળ્યા પછી શબ્દને એમ કહી દો કે ભાઈ તું મારી ભેગો ચાલીશ ? તો કે હું નહીં ચાલું. હું તમારો

નથી. સ્પર્શ, રૂપ, રસ, ગંધ, ઘર-બાર ઈ બધા ચાલશો ? એ કહે, અમે તમારા નથી, આંહિ મેલીને તારે જવું હોય ત્યાં જાજે. ઘરબારને પૂછવું, કે ભઈ હવે છેવટે મારી ભેગા થોડાક આવશો ? તો કો'ક કેશે દરવાજા સુધી, કોક કેશે ગામના દરવાજા સુધી, કો'ક કેશે મસાણ સુધી. પછી કોણ આવે ? કાંઈ લેવા દેવા નહીં હો.

આંહિ શાસ્ત્ર લખે છે ઓલી કરેલી ભક્તિ ભગવાનની એનો રાજીપો ઈ ભેગો જાય છે. ઠેઠ પરમેશ્વરના ધામ સુધી પોંચાડી દે એવી છે. ધર્મ કરેલો, પુણ્ય કરેલું, સારાવાના કરેલા, કીર્તિ કરેલી, લોકમાં પ્રસાર થયેલી ઈ ફેલાતી રહે છે અને આંહિ ને આંહિ રહે છે. અને પુરુષ ઈ કરણી ભેગી લઈ અને આગળ ચાલે છે, શાસ્ત્રોએ આ હકીકત લખી છે એને ફળ મળવાનું છે માટે. ખડમાકડીની પેઠે. આગળ ચાલતા ચાલતા જ્યાં જશે ત્યાં સારા નરસા ફળને ભોગવશે. શાસ્ત્રકારો હકિકત લખે છે, જો એકલી ભક્તિ ખરેખરી કરી તો પરમેશ્વરને રાજી કરવા વાસ્તે કરી એટલે એનામાં વિશ્વાસ છે કે પ્રભુ મારું કલ્યાણ કરશે, એવો વિશ્વાસ છે. એની પાસે રોજ રોજ વરદાન માંગવું કે, છેવટે મારી સંભાળ લેજો, ભૂલી જાઉં ક્યાંય શેઢે, સીમાડે, ખાતા-પીતા, વરસાદમાં નદીએ ક્યાંક ડૂબકાં ખાવા માંડુ તો પરમેશ્વર મારી સંભાળ તમે લેજો, ત્યાં મારૂં કોઈ નથી. આનું નામ વરણમ્ અને ન્યાસ, સન્યાસ. એવું શાસ્ત્રોમાં લખ્યું છે કે, ઝાડવાના થડિયામાં નારાયણનું નામ લખવું. બળદને ગાયું ને ભેંસુ એને બધાને ગળાને એક એક તુલસીનો મોટો ગટ્ટો જાડો રાંઢવામાં નાખીને પહેરાવી દેવો. આવી ભક્તિ વૈષ્ણવી ભક્તિ લખી છે. ગાડામાંય લખવું. એને વૈષ્ણવ બનાવવું. એવી રીતે ઘરના પશુ-પક્ષી વગેરે વગેરે પણ જે જે જીવાત્માવાળી છે તેને પરમાત્માની શરણાગતિ આપવી. આમ ઘરબાર બીજું ત્રીજું ઈ બધું પરમેશ્વર લેખે કરી રાખવું. દુનિયામાં એવું છે, ઘણે ઠેકાણે છે. ઘણા મત પંથોમાં એવું છે. એના ઈષ્ટદેવનું મંદિર હોય તો કરામાં જરાક ચિન્હ કરાવે. ઘરમાં માતાજીનાં સાત ચાંદલા ઉપર માતાજીની મઢી જેવું કરે. પરમેશ્વરની મૂર્તિ છાપે. આમ પરમેશ્વર લેખે કરી રાખવું. મારું નથી પ્રભુ તમારું છે પણ મને રહેવા આપ્યું, તમારા વિના મને

સોરવતું નથી. માટે આ તમારું ચિન્હ દર્શન કરવા વાસ્તે કરું છું તે તમને આપું છું. તમે જાણો અને તમારું કામ જાણે. આ રીતે પરમેશ્વરની ભક્તિ કરવી. એનું નામ ન્યાસ.

કાર્પણ્યમ્ - છોકરું જન્મે ત્યારે એમ દેખાય કે ઉજળું છે, ઠીક છે, સારું છે, દૂધ પીએ છે. પણ બધાય સરખા. બાળોતિયા બધાયને જોઈએ. માખીયું ઉડાડી શકાય નહીં. આ બધી રીતે સરખું. મોટું થયા પછી એના પૂર્વના કર્મ અત્યારની કોઈ યોગ સંયોગ, કુળ, કુટુંબ, પરિવાર એની રીત રિવાજ પ્રમાણે એના ફેરફાર થાય. ગરીબડાને ઘેર ગરીબડો અને કોઈ લાખોપતિ હોય તો એની ત્યાં એ રીતે અને ગરીબડામાંથી જો લાખોપતિનો યોગ થઈ ગયો તો રાજનો ગાદીપતિ યે થઈ જાય કે ભાઈ સવારમાં જાવ ને જે છોકરું મળે એને ઉપાડી આવો ને એને રાજને ખોળામાં બેસાડીને ગાદીએ ચડાવી દેવો. તો એમેય થઈ જાય, એવી સ્થિતિ થાય. રાજા થઈ જાય છતાંય પરમેશ્વરની ભક્તિને માટે લખ્યું છે, કાર્પણ્યમ્. દિલ્લીની ગાદી મળે કે પાર્લામેન્ટની મળે કે એથી ઉપરની મળે કે આ પૃથ્વીના પાંચેય ખંડની મળે તોય પણ કાર્પણ્યમ્, જે દિ' કાંય નોતું, ખેતરમાં દોડતા હતા, સાંઠિયું ધોતિયામાં ભરાતી હતી, ધોતિયું તૂટી જતું હતું, ખંભે ભાર લઈને ચાલતા હતા, મજૂરી બે આના મળતી હતી અને એમાંથી દિલ્લીની ગાદી આવી. હજાર, પાંચ હજાર, પચ્ચીસ હજારનો મહિનો જામી ગયો. આકાશનું બલૂન હાથમાં આવી ગયું. ખરેખરું ટાણું આવી ગયું. તે દિ' પણ સાવ ઘરઢી અવસ્થામાં કોઈ સંત પુરુષ મળતા ને તેના જોડા ઉપાડીને ચાલતા ને કે'તા મા-બાપ મને રોટલા પૂરા નથી થતાં આશીર્વાદ આપોને. આ તે દિ' એમ કહેવું મા બાપ રોટલા ખૂબ આપ્યા છે, હવે જમરાજાનો દંડ ન આવે એટલું ધ્યાન રાખજો. આનું નામ કાર્પણ્યમ્ - કૃપણતા. અંબરીશ રાજાએ આ કૃપણતા બરાબર પરમેશ્વરના સંત પ્રત્યે રાખી હતી. તે ભૂલાય નહીં.

સ્થિરામતીઃ - પછી છેવટનો નંબર પરમેશ્વરનું એવું જ્ઞાન દે છે, આમાં શુકે પૂછ્યું. પરિક્ષિતે પૂછ્યું શુકને કે, ભગવાનનો ભક્ત ન હોય એને ઘરે સંપત્તિ લહેરું કરતી હોય છે અને ભક્ત થાય ઈ એને ખાવાય મળે

નહીં. આવું કેવું ? પરમેશ્વરને ઘેરે આવું ? આવો અન્યાય ? શુકદેવજી કહે, અમે ઊંડું સમજીએ, તમે ન સમજો. જેને સંપત્તિ છે એ પાપને માટે છે, એનું દૈવીપણું કોક દિ' ટળાવી દેય છે પણ જો ઈ ખરો દૈવીભક્ત હોય તો પરમેશ્વરને આપે છે, એની સંપત્તિ નથી પરમેશ્વરની છે. પણ ભગવાન એમ જુએ છે કે આ જીવ અધૂરો છે, ઈ અધૂરાને જો સારી પેઠે આપીશ તો મને ભૂલી જાશે. ભૂલી જશે ત્યારે શું થશે ? એ ઊંચી ગતિમાંથી નીચી ગતિમાં જાવા માંડશે. માટે એને દારિદ્રયમાં રાખું છું. રાખું છું તો કેવો રાખું છું ? ભાગવતમાં અધ્યાય લખાયો છે કે પહેલા એને રૂપિયા ઓછા કરી દઉં, પછી બંગલો પાડી નાખું પછી ઢોર-ઢાંખર મારી નાખું. પછી ગામમાં થોડું માન-સન્માન હોય ઈ ઓછું કરી દઉં. પછી ક્યાંકથી મળતું હોય ત્યાં ચોર આવે ને લૂંટી જાય. ગામમાં પાંચ સાત શત્રુઓ ઉત્પન્ન કરી દઉં. કારણ કે મારો ખરો ભક્ત છે, ભક્તિ કરી છે, ખરી ભક્તિ કરી છે પણ સંપત્તિને લઈને ક્યાંક ક્યાંક થોડો થોડો દબાણમાં આવી ગયો. એટલે મારી ભક્તિના માર્ગમાંથી અડખે-પડખે પગ ખેસવે છે. ક્યાંક એક્સિડંટ થઈ જશે. જો પોચી સડક આવી ગઈને. ઉપરથી ઠીક દેખાતી હોય પણ પૈડું જો પોચી સડકમાં ગયુંને થઈ રહ્યું. માટે હું એને એનું પૈડું આઘું નથી જાવા દેતો.

થોડોક તરી જાય ત્યાં દુઃખી. મારે દુઃખ આવ્યું હો, લેને ભગવાન પાસે પ્રાર્થના કરૂં. રોજ પાંચ માળા ફેરવું પાછો. રસ્તે ચડે. લેને સંત પુરુષનો આશીર્વાદ તો લઉં. લેને ગામના છોકરા જમાડું નિશાળિયાને, બિચારા આશીર્વાદ દેશે. લેને કોક નિરાધારને અનાજ તો આપું આશીર્વાદ દેશે. હાલતા કો'કને પગે લાગીશ તોય સારું થાશે. માર્કન્ડેયનું એમ સારું થયું હતું. આ રીતે પરમેશ્વરની ભક્તિને માર્ગે રાખવા સારું થઈને હું એની સંપત્તિને ધીરે ધીરે ખેંચી લઉં છું. બહુ દુઃખિયો થાય ત્યારે એમ કહે, હે પરમેશ્વર હવે તો દુઃખ સહન નથી થાતું હવે તું કર એમ. આ છેવટે મારામાં લીનપણું રાખવા માંડે ત્યારે હું રાજી થઈને એને કહું છું. કાં સંપતમાં કેવું સુખ ? ખસી જવામાં કેવું સુખ ? અને મારી મૂર્તિમાં કેવું સુખ ? તો કે પ્રભુ હવે તમને ઠીક પડે એમ કરો મારી તો આવરદા ગઈ આમ ને આમ. તો કે ઠીક

થયું ચાલ હવે મારા લોકમાં આ ઉપાડી જાઉ છું. બોલો આ રીતે એનું કલ્યાણ કરું છું. હવે આ ઘડ કેને બેસે ? ખરો ભક્ત હોય તો બેસે. નહીં તો એમ દેખે આને બંગલો ને ઓને બંગલો ને ઓને ઘરે કાંય અને આને ઘેરે કાંય. માળું મારે હોય તો ઠીક. આ એમ જ દેખતો હોય. કપિલ ભગવાન કહે છે કે, એક મોટો અતિશય નામનો દોષ છે કે માલિકોર અગ્નિ ઉપજાવવાનો કે આની ભેંસ બહુ સારી છે હો. તો એવડો ઈ કહે, એકટાણું અધમણ દૂધ દે છે હો. ત્યાં ઓલો સાંભળનારો બળી મરે કે, ન દે તો સારું. ભાઈ તારી ભેંસ કેટલું દૂધ દેય છે ? તો કે દસ શેર. મારી ભેંસ કાંઈ એવી બરાબર નથી. તો ખાણ ખવારતો હો તો ? તો કે ક્યાંથી લાવે ? તારે બે ખેતર દુજે છે. મારે એકેય ખેતર નથી ક્યાંથી લાવું ? પણ માલિકોર અગ્નિ સળગે એના વીસ શેર છે ને ઈ મારા જેવા દસ શેર થઈ જાય તો ઠીક. આ અગ્નિ એને અતિશય નામનો દોષ લખ્યો છે. ભગવાન કહે છે, લાંબે કાલે પણ અતિશય નામો દોષ ઉપજવા ન દેવો.

બ્રહ્મચારી નામનો ધર્મ છે ઈ મને રાજી કરનારો છે. મારી કળાઓ પૃથ્વીમાં ફરે છે, એની શરણાગતિ કરી અને સાધુ પુરુષોના આશીર્વાદ લે છે. જેના હૃદયમાં હું વસું છું, એના હૃદયમાં કૃતયુગ એટલે સત્યુગ વસેલો છે એમ જાણજો. આમ દ્વિજની, ગાય માતાની, બ્રાહ્મણની, દેવની, મનુષ્યોની, કપટ વિનાની સેવા કરે તો સેવા કરનારો છે ઈ બ્રહ્મલોકમાં જનારો થાય છે. માટે જરૂર બ્રહ્મચારી જેમ પોતાના બ્રહ્મચર્ય વ્રત તરફ રેય છે, ગૃહસ્થાશ્રમી જેમ પોતાની આબરૂ તરફ રહે છે અને વનવાસીઓ જેમ પોતાના શરીરને સંભાળી અને વનમાં રોગી ન થઈ જાય અને ભોગી ન થઈ જાય એમ રહે છે અને સંન્યાસી જેમ પરમેશ્વરને માટે રહે છે. આ ઈ રીતે તમે ભક્તજનો બ્રહ્મને પ્રાપ્ત કરવાનું આ શરીર છે મનુષ્યોનું, ઈ હલકા મનોરથને વાસ્તે કોઈ દિ' નથી, એમ જાણજો. દુઃખ વેઠવું, તપશ્ચર્યા કરવી અને મર્યા પછી અનંત સુખને પ્રાપ્ત કરવું, તેને માટે છે. આમ બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસીઓના ધર્મ કહ્યા. ત્યારપછી શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે, આવા ધર્મ પાળતો પાળતો પણ પોતાના જ્ઞાનમાં ગાબડું ન પડી જાય એટલે મોટો

જ્ઞાની થઈ અને શુષ્ક વેદાંતી ન થઈ જાય તે ધ્યાન રાખવું. જો સૂકો વેદાંતી થઈ જાય તો પરમેશ્વરના કામકાજ એની ક્રિયાઓ એની અત્યંત ભક્તિને પડી મેલી દે, હવે તું નાયો તો શું છે અને હું ન નાવ તો મને શું વાંધો છે ? માલિકોર નાયલું જ છે. આ એવો બ્રહ્મજ્ઞાની ન થાવું. ભગવાન કહે છે, આ વિજ્ઞાન મારા ભક્તોને વાસ્તે છે અને કદાચ બહુ જ્ઞાની થઈ જાય તો એને એકાદો ત્રિગુણાત્મ એને ત્રણ ગુણનું જોર છે તો કોક દિ' તેને બીજો જન્મ લેવો પડશે. હું રાજી થાઉં એવો આ ભક્તિ યોગ મેં કહ્યો છે.

ઈ ભક્તિ યોગ કાયમ તાજો કેમ રહેશે ? આ શ્રીકૃષ્ણ બોલે છે હે ઉદ્ધવ, જે મારી સેવાચાકરીમાં આદર રાખે. સાવરણી લઈને મંદિર વાળે. મારી કથામાં શ્રદ્ધા રાખે પછી હવે ઈ કોણ સાંભળે ? ઘણુંય સાંભળ્યું તોય નહીં. રોજ રોજ સાંભળવી. મારું કીર્તન કરવું, મારી પૂજામાં નિષ્ઠા રાખવી, મારી સ્તુતી કરવી, સ્તવન કરવા. મારી પરિચર્યા કરવી. આઠેય અંગે લાંબો થઈને પૃથ્વીમાં ભગવાનને દંડવત્ કરે, પાટલૂન પહેર્યું હોય તો મુશ્કેલ પડે. મારી પૂજા કરે પણ મારા ભક્તની ઈ થી વધારે મારા ભક્તની પૂજા કરે. બાળક, યુવાન, વૃદ્ધ, શત્રુ કે મિત્ર પણ એનામાં પરમેશ્વર રહ્યા છે. ભગવાન એમાં રહીને જે કરે તે મારે વાસ્તે સારું કરતા હશે. શરીરના કામકાજ મારે વાસ્તે કરે. વાણીમાં મારા ગુણના વર્ણન કર્યા કરે. મન મારામાં અર્પણ કરે, સર્વ કામના ત્યજી દે. અર્થ એટલે નાણાં એને તજવા એટલે વાપરવા. ક્યાં તો કે મંદિરમાં મારા કામકાજ વાસ્તે. ભોગ અને સુખ એને ઓછા કરવા. કોઈ વહાલી ચીજ, કોઈ દેવાની ચીજ, કોઈ હોમ કરવાની ચીજ, કોઈ માળા ફેરવવાની ચીજ, એ મારે વાસ્તે આપતો રહે. વ્રતમ્ કોઈ ભૂખ તરસ રાખે, એકાદશી રહે તો ભગવાન રાજી થાય એમ કરે. હે ઉદ્ધવજી, આમ પોતાના આત્માને અર્પણ કરનારો મારો ભક્ત છે તે જો આ રીતનો ધર્મ પાળતો હોય તો એની ભક્તિ મારામાં કાયમને વાસ્તે પ્રગટ ને પ્રગટ વર્ત્યા કરે છે. હવે એને કઈ ચીજ બાકી છે ? કે હું ફલાણી ચીજ વિના અધૂરો છું. એકેય ચીજ વિના અધૂરો નથી. મારી મૂર્તિએથી વસવાટ કરાયેલું ચિત, એ ઈન્દ્રિયો - અંતઃકરણ એ જો મારામાં અર્પણ થયા ત્યારે ધર્મમ્, જ્ઞાનમ્,

વૈરાગ્યમ્, ઐશ્વર્યમ્, ઈ એકે એક ચીજ એનામાં આવવા માંડે છે. એના વિધિ અને નિષેધ બધા ધર્મવૃદ્ધ થાય છે, પછી એને પિતૃઓ નડતા નથી, એને ભૂતડું આવતું નથી. તેને પંચભૂત બંધન કરતાં નથી. તેને કુળ-કુટુંબને વિષે બંધન થતાં નથી. તેને વૈરાગ્ય ખરેખરો વર્તે છે. એ જ્યારે જાય ત્યારે પરલોકમાં પરમેશ્વરની પાસે જાય છે, એના શરણમાં આવેલો મોક્ષને પામે છે. ઉદ્ધવજી, આ રીતે મેં મારો ભક્તિ યોગ કહ્યો. આ રીતે ભક્તિનું સ્વરૂપ બતાવ્યું છે.



✳ પરાવાણી - ૪૪ ✳

✪ સદ્‌બુદ્ધિના લાભ અને અસદ્‌ બુદ્ધિના ગેરલાભ
✪ શુદ્ધિ - અશુદ્ધિનું જ્ઞાન ● કથા પારાયણના ધર્મનિયમો

ૐ વર્ણીવેષરમણીયદર્શનમ્‌ મંદહાસસરૂચિરાનનમ્‌બુજમ્‌ ।
પુજિતમ્‌ સુરનરોતમેરમુદા ધર્મનંદનમહમવિચિંતયે ॥
નારાયણોનિલકંઠો સ્વામિનારાયણો હરિઃ
હરિકૃષ્ણશ્ચ સહજાનંદ કૃષ્ણોતુમેરુદી.
ૐ શ્રૃયતામ દેવદેવેશ સ્વામિનારાયણ પ્રભુ,
ત્વદીય નાવ ધાનેન કથયીશ્યે શુભાકથાઃ
ૐ શ્રીસ્વામિનારાયણાય નમો નમઃ, ૐ શ્રીહરિકૃષ્ણાય નમો નમઃ
ૐ શ્રીપૂર્ણપુરુષોત્તમાય નમો નમઃ

હૃદયમાં, આત્મામાં બિરાજમાન એવા બુદ્ધિ આત્માના શ્રીહરિ તેને સદાને વાસ્તે વંદન કરું છું. અક્ષરધામમાં મુક્ત સમુદાયોએ જેમણે કાયમ સેવ્યા છે, દિવ્ય આનંદના સાગરની બનાવેલી ભગવાનની મૂર્તિ છે એ જ ભગવાન એક જ ચૈતન્યઘન, આનંદઘન, મૂર્તિઘન, મીઠાશઘન એવી ઘાટી મૂર્તિ અક્ષરધામમાં બિરાજમાન છે. એ ધર્મથકી ભક્તિમાતાને વિશે આ લોકમાં પ્રગટ થયા એ એક જ તત્વ, એક જ ચૈતન્ય, એક જ અમૃતની મીઠી

મૂર્તિ જેમાં બધા સદ્‌ગુણો ભરેલા છે. કિશોરમૂર્તિ - સોનાની રેખાની મૂછો જેને હજુ ઉગતી આવે છે એવી મૂર્તિ, રમૂજ ભરેલી મૂર્તિ. મધુરરસ, હાસ્યરસ, કરુણારસ, પ્રેમરસ, પ્રિતીરસ, સ્નેહરસ એ બધા રસ એમાં ભર્યા છે એવી મૂર્તિ તે પોતે અહિંયા ઘનશ્યામ મહારાજરૂપે પ્રગટ થયા. શા માટે ? એમને સંભારતા હતા એવા મુક્તોને રમાડવા માટે, એને રાજી કરવા માટે. એટલો રાજીપો હતો કે એના લોકમાં આવી ગયા એના કલ્યાણ માટે, આ બે કામ માટે. પછી ત્રીજું કોઈ કામ ખરું. તો કે આ સંસાર રચાણો છે ધર્મ પાળવા અને ભગવાનના ધામમાં જવા. માટે મનુષ્ય જન્મમાં રહેનારા એવા જીવાત્માઓ તે મોક્ષમાં કઈ રીતે જાય ? તેને ભાગવત ધર્મ પળાવવો. એમ ભાગવત ધર્મ પળાવીને અક્ષરધામમાં લઈ જવા માટે જીવોનું કલ્યાણ કરવા માટે. ચોથું કોઈ કામ ? મનુષ્યોએ ભાગવત ધર્મ પાળવો. ભગવાનના એકાંતિક થવું. એમાં જો કંઈ અવળા-સવળું થઈ જતું હોય તો તેનું નામ અધર્મ. એને નાશ કરવા માટે અધર્મના સ્વરૂપ કેવા છે ? અન્યાય, કોઈ જીવને દુઃખ દેવા, કોઈને છેતરપિંડી કરી લેવી. ભગવાને બ્રહ્મવિદ્યાઓમાં લખ્યું છે કે, આ ફલાણાની સંપત્તિ છે તેને હું કોઈ રીતે લઈ લઉં, પડાવી લઉં. એવી દિલમાં જે કાળપ એનું નામ અધર્મ. એ અધર્મને દૂર કરવા માટે. બીજું કોઈ કામ ? તો કે સાધુની રક્ષા.

સાધુ પવિત્ર છે, સંતનું પૂજન કરવું. મારું ભજન કરે એવા મારા એકાંતિક સાધુ પુરુષો એમની પડખે હું ઊભો રહું છું. બ્રહ્મવિદ્યામાં લખ્યું છે કે, મારા સાધુ થાય એની આગળ, એની અડખે પડખે, પછવાડે, ઉપર, નીચે, ચારેકોર હું રક્ષામાં છું. એને એકેય શસ્ત્ર કોઈનું લાગવા દેતો નથી. આ જીવને સાધુ બનાવવો, ભલે ચોયણી પહેરી હોય પણ તેને મન કર્મે સાધુ કરી દેવો. પછી બીજું કામ ? તો કે મારામાં હેતવાળા મારું ધ્યાન કરે એટલા વાસ્તે આવી મૂર્તિ તમારા જેવી બનાવી છે. સુખિયો થાઉં, દુઃખિયો થાઉં, ભેગો રહું, જમું, હરું ફરું, ક્યારેક ભેગો રમુ. આટલા માટે હું આ લોકમાં આવું છું. ઈ સિવાયનું કામ ? તો કે આ બ્રહ્માંડોમાં મેં રાજા ઘણા બનાવ્યા છે. કોઈને પૃથ્વીના સમ્રાટ, કોઈને સ્વર્ગના સમ્રાટ, કોઈને ઈ થી

ઊંચા સમ્રાટો, ઈ ઈશ્વરો. ઈ ઈશ્વરને કોઈ પ્રત્યે એવું ભાન કરાવી દઉં કે આપણાથી કોક મોટો છે, જે દિ મરવાની અણી થાય, પરાધીન થઈ જાય, તે દિ ઈશ્વરનેય એમ થઈ જાય કે આપણાથી તો મોટા પરમેશ્વર છે. આવા ઈશ્વરોના ઈશ્વરોને પણ પોતાનું ભાન કરાવવા માટે આ લોકમાં પ્રગટ થાઉં છું. ચક્રવર્તી સમ્રાટ હોય સાત સાગરથી મોટેરો, પણ તાવ આવે ને માંદો થાય અને પગમાં વા આવે ને કડે ટચકિયું થાય, ગળું દુઃખે, ને બધે ખખડાટી બોલી જાય તંઈ એ એમ જાણે કે માળો હું સાત સમુંદરનો રાજા છું પણ મારું કોઈ નથી. ઘૂંટડો ઊતરતો નથી ગળે. આ એનું અભિમાન ઉતારવા સારું હું મનુષ્યરૂપે થાઉં છું. તે દિ' મને સંભારે તો એને તારી દઉં કાં સાજો કરી દઉં અને કાં બ્રહ્મલોકમાં લઈ જાઉં. પણ શરણાગતિ લેવી જોઈએ.

પછી કોઈ કામ બાકી રહ્યું ? તો કે મારું કામ બાકી રહ્યું - સદ્‌બુદ્ધિ દઉં. આ તમારી કથા-વાર્તામાં મને એવી બુદ્ધિ આપજો, આખું જીવન જમીએ, રહીએ, મરીએ, સો વર્ષ વયા જાય તો બુદ્ધિ રૂડી દેજો. એમાં કાળાપણું કરશો મા. કાળાપણા વિશે કપિલ ભગવાને લખ્યું છે કે, અયસિદ્ધી, શયસિદ્ધી, ક્ષયસિદ્ધી, આ ત્રણ કાળાપણા. અયસિદ્ધી એટલે બુદ્ધિ બદલવી. અચુકપણે ભાઈયું ભાઈયું મરી જાય. ગામના આડોશી-પાડોશી હોય, ગામના અને પરગામના હોય. બહારવટિયા થઈ જાય. આ શાસ્ત્ર એમ કહે છે કે, મનુષ્યોમાં જન્મ થયો હોય તો બુદ્ધિ રૂડી રાખજો. કોઈનું લૂંટી લઈએ તેઓ વિચાર કરશો નહીં. અને કોઈનું લઈ લઈએ આ બુદ્ધિમાં આવો ઘાટ કરશોમાં. એનું નામ સદ્‌બુદ્ધિ. પતંજલિ નામના ઋષિએ લખ્યું સદ્‌બુદ્ધિ કઈ ? મરવાની અણી થાય બધાય માફી માંગે, પોતે માફી માંગે અને પછી આમ આંખ્યું વીંચે અને જરાક ઊંડો ઉતરે એ ટાણે એને જે બુદ્ધિ થાય છે ઈ સદ્‌બુદ્ધિ. એ ટાણે એમ થઈ જાય કે હું ચાલ્યો, મેં આખું જીવન વિતાવ્યું, ઘણાય ફાંસલા ખાધા, હવે હું ચાલ્યો, હવે હું શું કરીશ ? હવે ભગવાન તારો ગુનેગાર છું, માફ કરજે. આવી સદ્‌બુદ્ધિ. ઈ ટાળે ખરેખરો અફસોસ થાય એનું નામ સદ્‌બુદ્ધિ. ઈ આ ચોથી બુદ્ધિ છે ઈ અમને આપજો. હેતની બુદ્ધિ પછી પણ ચોખ્ખાઈની બુદ્ધિ. વાસણ ઘસીને ચોખ્ખું કરવું, કાટ કાઢી નાખવો ઈ વખતની બુદ્ધિ ઈ સદ્‌બુદ્ધિ. એવી બુદ્ધિ આપજો.

વળી ભગવાન પાસે માંગવું કે, મહારાજ સારાવાના કરજો, સારાવાના એટલે કુટુંબ સુખી રહેજો, રોગી ન થાય. કોઠીમાં દાણા દેજો. ખિસ્સામાં નોટું દેજો. કુળ કુટુંબમાં હેત રહે, ભગવાન, સંત, પરોપકાર એની વાસ્તે વાપરવામાં હાથ છૂટો રહેજો. લોભ રહેશો મા. ન્યાયથી થોડું આપવું પણ ભગવાન રાજી થાય એવું કામ થજો. અપરાધ ક્ષમા કરજો, ઘણાંય વાંક થઈ જાય છે. ઘણાંય ગુના થઈ જાય છે અને ગુનો કરાવનારા પચીસ જણા છે ભેગા. એક ને ઝીંકે તો બીજો તૈયાર થાય. બીજાને ઝીંકે ત્યાં ત્રીજો તૈયાર થાય અને ના કેટલાને પાડવી ? એ બધા ગુનો કરાવે છે. એનાથી અમને બચાવજો. રોજ પ્રાર્થના કરવી. આમ રોજ ધ્યાન રાખવું. હું છેટો છું તો હું તો તમારી ભેગો રહ્યો છું મને છેતરશોમા. તમારા સારાવના થાજો એમ આશીર્વાદ દેવા પણ મને છેતરશોમાં. ઈ છેતરામણી કઈ ? ઘણી જાતની. એણે લખી છે બ્રહ્મવિદ્યા. તો ઉપનિષદોમાં લખ્યું છે, દૈવી અને આસુરી બે સર્ગ એમાં આમાં પ્રવેશ થયા કરે છે. બેય સર્ગના પ્રવેશથી ભગવાનની મૂર્તિના દર્શન થાય, કાને કથા સંભળાય, મનમાં ભજન થાય. ઈ સર્ગ પચીસમાં બે ય. દંડવત્ થાય અને પચીસમાં જો અસૂરનો પ્રવેશ હોય તો ઈ સવળું ન થવા દે, અવળું થાય કે થાકી ગયો છે અત્યારે બંગલો નથી કરવો. ઈ ઓલો અસૂરનો પ્રવેશ. કે હવે ઓણતો વર્ષ મોળું ગયું છે. તો આમાં ફાળામાં આપી શકીએ એમ નથી હવે પોર આપશું. ઓણ તો બહું મંદી જેવું છે તો પોર આપીશ. ઓણ નોંધોમાં પોર આપીશ. ઈ ન નોંધવું એમ જે માલિકોરથી નીકળે ને ઈ એને ઓલો પ્રવેશ, દૈવી પ્રવેશ નહીં. આવી રીતે બુદ્ધિમાં આસુર પ્રવેશ ન થવા દેવો ઈ દૈવીપણું.

પછી સારો પ્રવેશ. કંઠી બાંધી તોય એમ થાય આપણા જીવનું કલ્યાણ થાશે. વધારે સત્સંગ થાય, કથા વર્તા કરે ત્યારે એમ થાય કે હું કાંઈક પાવન થાઉં. મારા દોષ ટળે. સંત પુરુષ આવે તેના ચરણની રજ માથે ચડાવી ત્યારે એમ થાય છે કે મારાથી પાપ થયું છે ઈ બળી જાય. અમે સાધુ થઈએ ત્યારે અમને એમ હોય કે, ઓહોહો આપણે ઉધરી ગયા, પાપમાંથી નીકળ્યા, સંસારમાંથી નીકળી ગયા. ગુરુદેવની સેવા કરીએ એટલે ભગવાનની સેવાનું

પુણ્ય મળે. એમાં ગુરુમાં જ ભગવાન બેઠા છે એવી પરંપરા છે. ગુરુ છે એ ભગવાનના દીકરા છે એને ખોળે બેઠા છે. સ્વામિનારાયણ ભગવાનના દીકરા ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, મોટા મોટા ઈ બધાય સ્વામિનારાયણના ખોળે બેસી ગયા. એને ખોળે બેઠા બાલમુકુંદ સ્વામી મોટા મોટા જબરા. એને ખોળે બેઠા સાધુ, એને ખોળે અમે બેઠા. આ પાંચમી પેઢી અને અમારે ખોળે તમે બેઠા. ક્યાં જાવ ? કંઠી અમારે હાથે, તો આપણે દીકરા કેના છીએ ? ભગવાનના. એનો વંશ થયો. તમે દેશ-પરદેશ જાવ તો કે, ક્યાંનો પંથ પાળો ? તો કે સ્વામિનારાયણનો, માટે તે સાચાં ગુરુ.

શાસ્ત્ર લખે છે કે, સાચાં માવતર કોણ ? તો કે ગુરુ. તો કે ઉદ્ધાર કરે માટે. જન્મ આપે માવતર, મોક્ષનો જન્મ આપે ઈ માવતર. સંસારનો જન્મ આપે ઈ આ લોકના માવતર. ઈ જન્મ આપ્યા પછી મોક્ષનો માર્ગ આપે ઈ ગુરુ ઈ સાચા માવતર. હવે ફરીવાર જન્મ લેવા વાસ્તે માવતર ગોઠવાશે નહીં. માટે સાચા માવતર. ઓળખના માવતર ઈ સાચા માવતર. આમ ભલે પચીસ વર્ષ જીવાય, પચાસ વર્ષ જીવાય પણ પુણ્ય મેળવી લેવું, કૃપા મેળવી લેવી. રાજીપો લઈ લેવો. અપૂણ્ય, અકૃપા, શ્રાપ, કુરાજીપો એનું શું કરવાનું ? ઈ તો કચરો ઘરમાં હતો જ. કેટલા'ય કાળથી આ ભેગું કરતાં આવ્યા છીએ. હજી પાર આવતો નથી. આશીર્વાદ લઈ લેવો. કોઈ પણ રાજી થાવ. ભગવાનનો ભક્ત માલિકોરથી આમ ઉમળકા મારતો મારતો એમ કે આ સાધુ બહુ સારો, આ હરિભગત બહુ સારો. ઈ આશીર્વાદ રાજીપાનો આશીર્વાદ. એની હવા લેવી. ઈ બધુંય અમૃત પીવું. સુધાનો રસ એનું નામ. ભગવાન કે હું જીવના ઉપર રાજી છું. એના અપરાધ હું સહન કરું છું. એને તિતિક્ષામાં રાખું છું, સહન કરાવું છું અને હું સહન કરું છું.

ઘણા વેદાંતોના એક વેદાંતમાં એવું લખ્યું છે કે, ભગવાન બહુ જબરા છે. આકાશથીય પહોળા છે અને ઈ સાવ નાનકડા થાય આપણા જેવા તો એને કેટલું સંકડાવું પડ્યું ? પછી આપણા જેવા શરીરમાં રહે તો એને કેટલું મૂંઝાવું પડ્યું ? આપણને એક ઓરડીમાં પૂરી રાખે તો ? કાયમ તમારે

વાડિયુંમાં અને ખેતરમાં રહેનારા હોય હવા-પાણી અને આવા ટાઢ-તડકો લેનારા એને અડખે પડખેથી હવા આવે. એવામાં ઉનાળામાં એક ઓરડીમાં કલાક પૂરી રાખે તો કેવો મૂંઝાય ? એમ ભગવાને મૂંઝાવું પડે આપણા સારું થઈને. પણ છતાં નથી મૂંઝાતા અને ખુશી ખુશી થાય છે આ એની કૃપા. એવી કૃપા આપણા ઉપર વરસાવો એવી માંગણી કરવી એનું નામ સદ્‌બુદ્ધિ. એ કૃપા કેદી વરસશે ? ઈ રાજી થાય એમ કરશું એટલે. રાજી થાય એમ કરશું એટલે શું ? એટલે અનુવૃત્તિ પાળશું. અનુવૃત્તિ કેની પાળવી ? તો કે મૂર્તિમાન ભગવાનની. મૂર્તિમાન ભગવાન પુરુષોત્તમ નારાયણ ધામમાં બિરાજે છે, બધું સાંભળે છે. આંહિ બેઠા બેઠા સાંભળે છે. આજે એની વાત કરીએ તો ઈ તો સાંભળે ખરા. કાન જબરા. આપણી પેઠે આંહીથી છેક ત્યાં સાભળે ખરાં. માટે પ્રત્યક્ષ છે, જે સાચું સાંભળે અને પ્રત્યક્ષ સાંભળે એ પ્રત્યક્ષ. આપણે આંહિ દર્શન કરીએ અને ઈ દેખે છે કે મારા દર્શન કર્યા. ઈ પ્રત્યક્ષ. અંતર્યામી ભગવાન એની સામે છે, ત્યાં પણ બેઠા છે. ઈ સાંભળે, જાણે છે. માટે પ્રત્યક્ષ. ભગવાન કોઈ દિ' અપ્રત્યક્ષ થતાં નથી.

શાસ્ત્રોમાં લખ્યું કે, પરોક્ષ અને પ્રત્યક્ષ એનો શક. ઈનો અર્થ ઈ જેનો શક વયો ગયો ઈ પરોક્ષ, જેનો શક ચાલુ છે ઈ પ્રત્યક્ષ. અમુક અમુક ભગવાન પછી અમુક અમુક થાય. જુનાનો શક વયો જાય. અત્યારે નૃસિંહ ભગવાન આપણા દેશોમાંથી વયા ગયા. ઈ એનું જ પ્રતિબિંબ, એની જ મૂર્તિઓ, એના જ મંદિરો. રામચંદ્ર ભગવાનના ચોરા ને ચાલતું'તું. ઈ તો કેટલું ઓછું થઈ ગયું. અત્યારે ભગવાન પુરુષોત્તમ નારાયણનો પ્રત્યક્ષ શક ચાલે એને પ્રત્યક્ષ ગણાય. એના સામર્થ્ય, ઐશ્વર્યો એ બધું પ્રત્યક્ષ. આ રીતે એક પછી એક થતાં જ આવે છે. રામ ભગવાન એક વખત આખી દુનિયામાં પૂજાતા હતા. એનું નામ લેવાતું, એનો દંડો હાલતો. પરશુરામની કુહાડી હાલતી, રોજ એની પૂજા થાય, નહીં તો માર્યો જાય. પણ બધો સમય જ્યારે આઘો વાયો જાય. ત્યારે ભગવાન પોતે પોતાનો પ્રભાવ ખેંચી લ્યે છે છતાંય ત્યાં બેઠા થકા દેખે છે. આ દેખે છે એનું નામ પ્રત્યક્ષ, સાંભળે છે જાણે છે. તેવા ભગવાન પાસે માંગવું - રોજ સદ્‌બુદ્ધિ આપજો. માવતરની સેવા કરવી

ઈ પહેલી સદ્‌બુદ્ધિ, એનો નિસાસો લેવો ઈ અસદ્‌બુદ્ધિ, ઘર કુટુંબ ભેગા થઈને રહેવું, સુખી રહેવું, સંપથી રહેવું ઈ પહેલી સદ્‌બુદ્ધિ, અને સામ સામો એક ઉપાડે લાકડી તો બીજી લે જોડા હવે ઈ ક્યાંથી સદ્‌બુદ્ધિ રહે ? જેની સાથે જીવવાનું છે તેના ઘરમાં જ ઝઘડો માટે ભગવાન પાસે માંગવું - મહારાજ એક બીજાની સેવા કરીએ એવી રૂડી બુદ્ધિ દેજો. આ ઘરની સદ્‌બુદ્ધિ. પછી કમાણી છે ઈ ભાગને અનુસાર સહુને દાણા પાણી મળે છે. પણ તમારી સેવા ચાકરી કરીએ અને અમારો મોક્ષ થાય એવું રૂડું રાખજો. એનું નામ સદ્‌બુદ્ધિ. જે વીતી જાવાનું છે પણ વીતતા પહેલાં તમે અને તમારા સાધું કયાંક દર્શન દઈને તેડી જજો, ઠેઠ ન લઈ જાવ તો અડધે પણ લઈ જજો. તે દિ' વળી ત્યાં વચન આપજો કે હવે ફરીવાર આવશું. પણ એટલું કાંઈક કરજો ઈ સદ્‌બુદ્ધિ. પણ અસદ્‌બુદ્ધિ નુકસાન કરનારી છે, નડનારી છે, અધોગતિ આપનારી છે.

શતાનંદ સ્વામી પાસે સ્વામિનારાયણ ભગવાને આવો રૂડો સત્સંગીજીવન ગ્રંથ બનાવ્યો. એનું માહાત્મય મુક્તાનંદ સ્વામીએ લખ્યું, તે રામાનંદ સ્વામીના શિષ્ય હતા પણ મુક્તાનંદ સ્વામી એમ સમજતા હતા આ રામાનંદ સ્વામી પાસે આવેલા તે પરમબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે એમના લીલા ચરિત્રોનો ગ્રંથ મૂર્તિ ખડી કરી દે. એમના ઐશ્વર્યો, લીલા ચરિત્રો સાંભળવા, વિચારવા, મનન કરવા, અભ્યાસ કરવો, અંદર ઉતારવા અને જોતા જાવા. એનું નામ ભક્તિ, હેત સહિત અંદર વિચાર્યા કરવા એનું નામ ભક્તિ. ભજન કરવું ઈ ભક્તિ, હેતથી મૂર્તિ સંભારવી એનું નામ ભક્તિ, સંભારતા સંભારતા મૂર્તિને ઘડવી માલિકોર ઘડ્યા કરવી એનું નામ ભક્તિ. જોતાં જોતાં એમાંથી આનંદ લેતો રહેવો હું આને સુખે સુખિયો છું ઈ ભક્તિનું ફળ. એની બીજી મૂર્તિ નહીં. હેત છે ઈ ભક્તિની મૂર્તિ અને ભગવાનમાંથી સુખ મળે ઈ સુખિયો. એમાં આડા આવે ઈ વિઘ્ન. ખોળનારાએ ઘણું ખોળ્યું, હવે આમાં ક્યાં કાંઈ મળે છે ? એનું નામ વિઘ્ન. નિરાંત કરીને બેસી જાવ ઊંડા ઉતરીને પછી મૂર્તિ સંભારો અને જીવાત્મા પોતે આનંદી છે, મૂર્તિ આનંદી છે અને આનંદ ઉભરાય એનું નામ સુખિયો. કાં કે હું તો

આંખ્યું વીંચીને બેસી ગયો કાંઈ મને તો દેખાતું નથી એનું નામ દુઃખિયો. પરમ દુઃખિયો એનું કારણ શું ? ઓલો કુતર્ક ઈ કુતર્ક ભાઈબંધ નથી, સાચો ભાઈબંધ નથી. ગાડી હાંકે અને ખાળમાં નાખે એ કુતર્ક. એને વિશ્વાસે આપણે બેસીએ અને ઈ નીચે ક્યાંય નાખે.

એમ આ સત્સંગીજીવન ગ્રંથનું મહાત્મય એકાંતિક ભક્તને આનંદ અપાવા માટે જ લખ્યું છે. ઉત્તમ રાજાએ ગઢપુરમાં ગોપીનાથજી મંદિરની સમીપે મોટી સભા ભરી હતી, સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વીમાંથી અદૃશ્ય થયા હતા તે વખતે આ સભામાં અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ, સાધુઓ, મુકુંદાનંદ બ્રહ્મચારી, મયારામ ભટ્ટ, શતાનંદ સ્વામી એ બધા હાજર હતા. શતાનંદ સ્વામી જ્યારે એ સભામાં પધાર્યા હતા ત્યારે બધાય ઊભા થયા. શતાનંદ સ્વામીને આખા ગ્રંથના લીલા ચરિત્રો હથેળીમાં દેખાતા હતા. એમને સભામાં બેઠેલા બે આચાર્યોએ પ્રાર્થના કરી. આ ગ્રંથ ભગવાનના લીલા ચરિત્રો માંયલો ચાલુ જ હતો. પણ એક સારી સભા કરી મને સંભળાવો એમ આચાર્યોએ શતાનંદ સ્વામિને કહ્યું કે, તમને બધું યાદ છે. અમારે સાંભળવું છે. આ ગ્રંથ સાંભળવાથી છેવટે લખ્યું છે આદિથી અંત સુધી ધ્યાન રહે કઈ લીલા પછી કઈ લીલા આવી. એને રોજ સંભારે. એવો સંભારનારો સાત દિવસની કથાને રોજ કલાક થાય. બે કલાક થાય બહુ તો પણ એકલો ધ્યાનમાં બેસીને સોંસરવો સંભારે તો છ મહિનામાં મુક્ત થઈને વયો જાય દેહ મેકાઈ જાય એવું આનું ફળ છે. બોલો આ રીતે જન્મ સફળ થઈ જાય.

આચાર્યોનું વચન સાંભળી અને શતાનંદ સ્વામી એટલે સંતદાસજી તે આકાશમાર્ગે ચાલતા, હિમાચલમાં જાતા, ટાઢ તડકો લાગતા નહીં, અક્ષરધામમાં પહોંચતા અને પાછા અહીં આવતા એનું નામ શતાનંદ સ્વામી - સંતદાસજી. ઈ ખુશી થયા એટલે એણે આ સત્સંગીજીવન ગ્રંથ એની બધી કથાઓ તમને સંભળાવી હતી. ઉત્તમ રાજાના દરબારમાં મોટો મંડપ બંધાવ્યો હતો. આ કથા સારી રીતે સંભળાવી. ધામમાંથી આવવું, જન્મ પછી કેમ રહેવું, ધર્મદેવની ઘેર મોટા થાવું, અનેક જીવોના કલ્યાણ કરવા, અસૂરોના

સંહાર કરવા, ગુરુદેવ પાસે આવવું. સંપ્રદાયની સ્થાપના કરી અને સ્વામિનારાયણ સંપ્રદાય અને સ્વામિનારાયણ નામ એ બંને દૃઢ પાયા મજબૂત કરાવવા અને એ નામ વડે એને મોક્ષમાં મોકલવા. આચાર્યો સ્થાપવા, મંદિરો કરવા, સંતપુરુષો કર્યા, અને સત્સંગ ચાલુ રાખ્યો. આટલી કથા સત્સંગી જીવનમાં બરાબર છે અને તેમાં વચ્ચે ચમત્કાર અને ઐશ્વર્ય ને સમાધિ એનો પાર નથી. ઉત્તમ રાજાએ આવા ગ્રંથની કથા કરાવી અને સાતમે દિવસે સમાપ્તિ કરી.

હેમંતસિંહ રાજા જૂનાગઢના દરબાર ઝીણાભાઈ એ પણ આવ્યા હતા, એમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું મને આનું માહાત્મય તો સંભળાવો. આવી કથાઓ છે તો આનું ફળ શું ? આને સાંભળે કોણ ? અધિકારી કોણ ? ક્યે વખતે કેવા સમયમાં કોણ વાંચે ? અને એની પૂજામાં શું આપવું ? આમ પૂછ્યું ત્યારે શતાનંદ સ્વામીએ રાજી થઈ ઝીણાભાઈને કહ્યું, ચાર વેદ, અઢાર પુરાણ, છ શાસ્ત્ર, મહાભારત અને રામાયણ નામે ઈતિહાસો એમાં મોક્ષને વાસ્તે જે હકીકતો લખી છે એના સારરૂપી ભગવાનની મૂર્તિને જીવમાં સંઘરવા શીખો એ સાર. એ આ કથામાં પહેલે નંબરે છે. ભગવાન અને સંતમાં હેત રાખો ઈ બીજે નંબરે સાર. ત્રીજે નંબરે માયિક સંસારના પ્રવાહ ચાલ્યા જાય છે એમાંથી રાગ ઓછા કરો, ઈ ત્રીજે નંબરે સાર. સકામ ભક્ત હોય તો ધર્મ પુણ્ય કરીને ઊંચે દરજ્જે જાવ, પડતી દશામાં જાશોમાં આ ચોથા નંબરનો સાર અને પછી જેટલા કર્મકાંડ હોય ઈ ભગવાન લેખે કરો. કોઈ કર્મકાંડમાં ભગવાનને ભૂલશો માં. આ પાંચમા નંબરનો સાર. એવા પાંચ પ્રકરણો આમાં છે. આવા સારરૂપી આ શાસ્ત્ર રચાણું છે.

વેદાંતનો સાર ભગવાનને પ્રાપ્ત કરવા, સાંખ્યનો સાર માયા તજવી, યોગશાસ્ત્રનો સાર ભગવાનની ભક્તિ કરવી, ઈતિહાસોનો સાર સુખ દુઃખ આવે એમાં નિર્લેપ રહેવું અને પુરાણોનો સાર મુક્તિ મેળવવી, એકાંતિક ધર્મ પાળવો. ભગવાન જ્યારે પૃથ્વી ઉપર ન હોય ત્યારે આવા શાસ્ત્ર મોક્ષને વાસ્તે છે, વાણીને ઠેકાણે છે. અંધારાનો નાશ કરનારા છે. રાજી થઈ થઈ સમય ગોઠવી ગોઠવી અને આ શાસ્ત્ર સાંભળવા. સ્વામિનારાયણ ભગવાનની

પાસે નિવાસ કરીને આ હકિકતો મેં સાંભળી છે એમ શતાનંદ સ્વામીએ કહ્યું. આ શાસ્ત્ર જ્યારે તૈયાર થયું હતું ત્યારે સ્વામિનારાયણ ભગવાને પોતે સાંભળ્યું હતું. સાંભળ્યા પછી શ્રીજી મહારાજ બોલ્યા કે મારે પ્રગટ થઈને જે કાંઈ મારી હયાતીમાં કરવું હતું એ તમે ગ્રંથમાં ગોઠવ્યું, મને તૃપ્તિ થઈ ગઈ, એમ ભગવાને કહ્યું. હવે મારી મૂર્તિ પ્રત્યક્ષ પચાસ વર્ષની આ પૃથ્વીમાં રહી તે મૂર્તિ તરીકે આ શાસ્ત્ર હશે અને મારા કામ કરતું રહેશે. એવી આમાં ગોઠવણો થઈ ગઈ. આખા જીવનમાં મહારાજના ધ્યેય શું હતા ? મંદિરો કરવા, સંતની પ્રણાલી ચાલુ રાખવી, ધર્માદાઓ આપવા, હરિભક્તો પાસે ધર્મ પળાવવો, લીલા ચરિત્રો ગાવા, ભક્તોને રાજી કરવા અને બ્રહ્મધામમાં મોકલવા એમ આ શાસ્ત્ર બતાવે છે. શાસ્ત્ર ભવરોગનું નાશ કરનારું છે, પવિત્ર છે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિથી ભરેલું છે, પાપના સમુદાયનો નાશ કરનારું છે, મૂળ તો કળીની ખોટ જબરી છે, એને ટાળનારું છે.

ચાલતા ચાલતા અંધારું થઈ જાય, છતે દિવે અંધારું એનું નામ બુદ્ધિની જાડાપણું એટલે ભૂલવું. જો ભગવાનના શાસ્ત્ર વાંચે તો ભૂલો ન થાવા દે. ભૂલ થઈ ગઈ હોય તો એમ કહી દે જો આ તારી ભૂલ છે હો. શાસ્ત્રો વાંચતા વાંચતા ખબર પડે કે આ મારી ભૂલ છે. સર્વ ધર્મના નિર્ણય આપે છે, ભ્રાંતિઓ ટાળે છે, ધાર્યા પૂરા કરે છે. જીવને આનંદ આપે છે, સંશયના ઝાળાં ટાળી નાખે છે, કામ, ક્રોધ આદિકને ઉડાડી દે છે, એવું શાસ્ત્ર છે. વૃક્ષોમાં કલ્પતરું બધાનો મનોરથ પૂરે. કામધેનુ ગાય, કલ્પદેવી. ઈ તો પૂરનારા પૂરશે. જે ઈ કલ્પવૃક્ષ તું મટી જા. તો તે એમ કહી દેશે તું વયો જા. ઈ એવું કામ ન કરે. કામધેનુ પાસે બીજું કાંઈ માંગે તો આપે પણ કામધેનુને આપણે કેમ કહીએ કે, તું ભૂંડળું થઈ જા. તો થાય ? ન થાય. પોતાની ઉપર આવે તો ઈ કહી દે એવો સંકલ્પ હું ન કરું. પણ ભગવાન એમ કહી દે. બે ઘડી ભક્ત ખરેખરો જો એની ઉપર રાજી થઈ ગયા અને ભક્ત એમ માંગે મહારાજ બે ઘડી તમારી ગાદી આપી દો ને ? તો કે ભલે લે લઈ જા જા. જ્યારે રામાનંદસ્વામીને ગાદી આપી અને પછી સહજાનંદ સ્વામીએ ગ્રહણ કરી. ઓલા પઠાણને સમાધિમાં દેખાણું, મહારાજ ગાદી ઉપર બેઠા'તા

રામાનંદ સ્વામી હેઠા બેઠા હતા. સમાધિમાંથી જાગ્યા ત્યારે પૂછ્યું કે, આંયા રામાનંદ સ્વામી ઊંચા બેઠા છે. ત્યાં નીચા બેઠા છે અને જે નીચા બેઠા છે તો કે હું આજ્ઞાથી બેઠો છું, મને એટલી ઘડી આપી'તી ગાદી. ભગવાન ધામ આપે, મોક્ષ આપે, સુખ સંપત્તિ આપે, પોતાના જેવો રૂપાળો કરી દે, ધામમાં રાખે, તેટલું આપે, બે ઘડી એમ કહી દે કે, તું સમ્રાટ થઈ જા, જા તને છૂટ આપું. ઓલા ન આપે, ભગવાન આપે.

મનુષ્ય દેહનું ફળ મોક્ષને વાસ્તે કથાઓ સાંભળવી, મોક્ષ મેળવવો, નર-નારીઓ તમામ અધિકારી છે. ચારેય વર્ણના માણસો અધિકારી છે. યજ્ઞ, દાન, તીર્થ, વ્રત, ફળ, તપશ્ચર્યા જે કાંઈ કરવું હોય તો એકવાર શાસ્ત્ર સાંભળી અને એમાં વરતવા શીખવું એટલે એના બધાય ફળ મળી જાય. તીર્થમાં શું કામ જાય ? પાપ ટાળવા. વ્રત શા માટે કરે ? ભૂલું સુધારવા. દાન શા માટે કરે ? અન્યાયનો પૈસો હોય તો પાપ ટાળવા, શુદ્ધિ કરવા. આ શાસ્ત્ર કહે છે ઈ તમે જેટલા કાર્યો કરો છો, એ આમાંથી શીખી લ્યો તો એવું કામ નહીં કરવું પડે. માટે બધા દાનનું, બધા તીર્થોનું ફળ આને સાંભળવાથી મળે છે. બધા મનોરથ પૂરનારું છે. આવા કળિયુગમાં યજ્ઞ, દાન કરવું ખરા પણ હરિ પ્રત્યે હેત કરવા, શ્રી હરિના રાજીપાની માટે કરવું, તો આ શાસ્ત્ર સાંભળવાના ફળ મળે. આ સત્સંગીજીવનરૂપી અમૃત જેણે પીધું એને કાળરૂપી મોટો સર્પ ઈ ભલેને ઊંચા ઊંચા ફૂંફાડા મારીને દાંતમાંથી ઝેર રેડ્યા કરે. ઈ ઝેર અમૃત થઈ જાશે, નડશે નહીં. આ સંસાર મહાકાળ છે, કળિયુગ ઈ દાઢ્યું માર્યા જ કરે હાલતા ને ચાલતા પણ એનું ઝેર ઈ તમારામાં ભક્તોમાં પડ્યું તો પણ અમૃત થઈને વયું જાય. કળિયુગ એમ કઈ દે માળું હું ત્યાં ગયો તો ને મારે પણ સત્સંગી થઈને આવવું પડ્યું. એમ ભગવાનના ભક્તમાં બળ આપનારું શાસ્ત્ર છે. એકવાર સાંભળ્યું અને આવી રીતે જો હૈયામાં ઉતાર્યું તો એના મોક્ષમાં હરકત નથી. હિત કરનારાઓએ જરૂર આ કથાઓ સાંભળવી.

મુંબઈના સાત આઠ માળના ભેગા નહીં આવે. હવે એંસી એંસી માળના થાય છે. પુત્ર પરિવાર સામગ્રીઓ હાથી જેવા વાહન બલૂન ઘેરે

આવશે. મોટા સામ્રાજ્યો, સંપત્તિઓ પણ મળશે ઈવડા ઈ મૂર્તિમાન થઈને હાજર થાશે પણ જમરાજાના દૂતને દેવા. કે જા જા જા એની ભેગો જા. ઈવડા ઈ એમ નહીં કહે એલા એય દૂત ભાગી જાવ. અમે એની સંપત્તિઓ બળવાન છીએ, ઈ ના નહીં પાડે. પણ ભગવાનના સાધુ અને શાસ્ત્ર ઈ જો રાજી થયા હશે તો એકાદો આવીને ઊભો રહીને ઓલાને તગડશે, ભાગો તમારું કોઈનું કામ નથી. આ શાસ્ત્ર એમ બતાવે છે.

ચાતુર્માસમાં કથા સાંભળવી, શ્રાવણ મહિનામાં કથા સાંભળવી. ચૈત્ર મહિનો ભગવાનના જન્મદિવસનો મહિનો એમાં કથાઓ સાંભળવી. ભગવાનના જન્મ દિવસનો મહિનો શ્રાવણ મહિનો, માગશર મહિનો, આસો મહિનો. પછી બાર મહિનામાં જે દિ' ટાઈમ મળે તે મહિનો. મળ માસ એટલે અધિક મહિનો, સાંજે અને સવારે ભગવાનની કથાઓ સાંભળવી. જેના મુખ થકી વાણી મીઠી લાગે, સંસારને ત્યજાવી દે એવો બોધ આપે, જેવી ભાવનાથી લખાણ છે એવા લખાણ તમને આપે, પીરસે, વાંચનારો ઈર્ષા કરે મને દૂધ આપ્યું નહિ, મને ઘી આપ્યું નહીં, મને એલચી આપી નહીં, હવે એમ રોદળા રોનારો ન જોઈએ વાંચનારો. તમે ગામે ભેગા થઈને મને ખરડો કરી દીધો નહીં, ફાળો ચાલુ કરો, મારે કાંઈ, કુટુંબનું કાંઈ, છોકરો પરણાવવો છે, છોડી પરણાવવી છે. હમણાં માવતર મરી ગયા દાડો કરવો છે. હવે તમારી કથા શું કામ કરે છે ? માટે ઉત્સાહ ભંગ માણસ વાંચવા બેસે એમાં કાંઈ જ ન થાય. ઈ તો આંહિ મોટા ઘરામાં ધોધ હોય તો ધોધ આવે. કથા બહુ રાજીપાથી વાંચવી શાંતિથી અને માલિકોરથી સાર ગ્રહણ કરવો, સારી ચીજ લેવી. છોકરાઓએ સાર ગ્રહણ કરવો કે મા બાપ આપણને રાજી થઈને આશીર્વાદ કેમ દે એમ મોટા થવું. આમ મોટા ન થાવું લાકડી લઈને. દુર્ગુણો તજવા. આમાં લખે છે. મિત્રતા થાય, ધીરગંભીરપણું થાય. માવતર ગમે તેવા હોય પણ એમ ઈચ્છે કે મારો છોકરો આવે તો સારું. મારી સંભાળ લે, ઘરબાર હોય તોય ઈચ્છે. ભલેને સાસરો ગયઢો થયો પણ એને એમ થાય કે મારી ખબર રાખી, ખોટ નથી આવવા દીધી. હું એકલો થઈ ગયો, પણ છોકરા એવા છે મને ખોટ નથી આવવા દીધી.

એમ છોકરાના ઘરવાળાની વહુ થાવું. ઈ આશીર્વાદ મળે સદ્‌ગતિએ જવાય નહિંતર ભૂંડું થાય.

એક દાખલો પુરાણમાં છે, ઘરમાં સાત જણા સાતેય મૂંગા અને સાતેય આંધળા, બેરા. પુરાણમાં વ્યાસે લખ્યું છે. પછી બહુ દુઃખી હોય ઈ ઈશ્વર ભજે, ભજે ત્યારે કંઈક બુદ્ધિ સારી થાય. એવી બુદ્ધિ થાય કે ભગવાનની મૂર્તિ પાસે બેઠા'તા ને મૂર્તિમાંથી કાંઈક અવાજ થયો ત્યાં આવડા આ કહે તમે કોણ ? તો કહે હું બ્રાહ્મણ છું, ભગવાન બોલ્યા હો તમે શું દુઃખિયા છો ? તો કહે અમે સાતેય બેરા, આંધળા અને મૂંગા. મહા દુઃખ. પાછા બ્રાહ્મણ. આ શું દુઃખ હશે. પછી જવાબમાં લખ્યું કે, ભગવાનની કથા સંભળાય તો કાન આડો કરીને આઘા ભાગી જાતા એવા હતા પૂર્વ જન્મમાં અને કો'ક કાંઈક વખાણ કરે આ સાધુ બહુ સારા, આ બ્રાહ્મણ બહુ સારા, આ સત્સંગ સારો છે, આ માણસ દ્રવ્ય વાળો છે તો કે દેખ્યો દેખ્યો. તારા જેવા બધાય એવા ને એવા દેખીએ છીએ, અમે તો આવા દેખીએ છીએ ને તેવા દેખીએ છીએ. ઠીક તો તમારે બધાને છે. આખું ઘર સરખું અને આંખે દેખે કોઈ દાન દેતો દેખે તો દાઝી મરે, સાતેય સરખા, પાછા એક ઠેકાણે સાતેય જન્મ્યા છો. પરાધીનતાનું દુઃખ. ઓલા બ્રાહ્મણના વેશમાં ભગવાન હતા એટલું કહીને વયા ગયા તમે કોણ છો ? તો કે આ તમારું કહેનારા છીએ અમે. એટલે કર્મફળ દેનારા. તો કે અમારો ઉદ્ધાર થાય ? પછી સાતેય જણા આ જન્મે કાંય સાંભળ્યું નથી, સુણ્યું નથી, બેરા છો, મૂંગા છો, આંખે દેખતા નથી પણ મારી કૃપાથી મેં આ અવાજ સંભળાવ્યા તમને, તમે જે કાંઈ સાંભળ્યું ઈ મારી કૃપાથી. બાકી બેરો શેનો સાંભળે ? પણ હવે આખું જીવન તમે કાંઈ નથી સાંભળ્યું અને માલિકોર અફસોસ થાય છે તો તમે એમ સંભારજો કે હવે ભગવાન ભજી લઈએ તો આગળ ઈ કાંઈક સુધારો થાશે, સારું થાશે તો એમ ભજજો, તો ત્રણેય તમે મૂંગા, બહેરા અને આંધળા મટી જશો. તો કહે કે અમને દર્શન દો ને. ભગવાનની કૃપા છે આવ્યા હોય ઈ દર્શન દેવા જ આવ્યા હોય. તરત જ બધાયની આંખ્યું ખૂલી ગઈ, સાતેયની જીભ બોલતી થઈ ગઈ. કાન સાચા સાંભળનારા થઈ ગયા.

ઓલો ભગવાનનો જ અવાજ સાંભળ્યો તો બેરા એ, પણ આ સાચા સાંભળનારા થઈ ગયા. પ્રભુની કૃપા હોય તો શું ન થાય ? સાતેય જણા તે દી'ની રીત પ્રમાણે લખ્યું છે, સંન્યાસ લઈ અને એકલા ભગવાનની મૂર્તિ પધરાવી અને ભગવાનની ભક્તિ કરવા લાગ્યા અને બ્રહ્મલોકમાં ગયા. વ્યાસજીએ આટલું બધું લખ્યું છે.

પૂર્વ જન્મના બધા પાપ ટાળી નાખ્યા, આ જન્મમાં બહુ સંયમ વેઠવો પડ્યો, પ્રાયશ્ચિત થઈ ગયા હેત થયું અને શરણાગતિ થઈ કે હવે ભગવાન ઉદ્ધાર કરે તો ઠીક અને ઉધરી ગયા. માટે પાપી હોય, બહુ હોય પણ જો દિલમાં એમ થાય કે હવે ભગવાન ઉદ્ધાર કરે તો ઠીક અને ઉધરી ગયો માટે પાપી હોય પણ જો દિલમાં એમ થાય કે અરે રે આ હું ભૂલ્યો છું, બહુ થયું. હવે ભગવાન મારો ઉદ્ધાર કરશો. તો કે હા ઈ કરે. સ્વામિનારાયણ ભગવાનના વખતમાં બબે બોકડા ઉપાડી જાય એવા હતા. મુંજોશૂરો એવો હતો. આ એને પાવન કરીને સત્સંગી કરી દીધો, માટે ભગવાનના ભક્ત થાય એટલે એનું બધુંય પાપ વયું જાય અને ધામમાં જવાય. બ્રાહ્મણ, સાધુ આવી ભગવાનની કથા વાંચે, સાંભળનારાએ શ્રદ્ધાથી સાંભળવું, દિલ શુદ્ધ રાખીને કથા સાંભળવી. એ કથાનું ખંડન કરનારો સો જન્મ સુધી કુતરાંના અવતાર લે છે. માટે દિલથી સાંભળવું, વાંચનારને વાંચન સંબંધી કડ્ય શરીર દુખે તો દાબવા, ઊને પાણીએ નવરાવવા, એના શરીરે તંદુરસ્તી સારી સચવાય એમ રાખવા અને દૂધમાં સાકર નાખીને પાવા, વસ્ત્ર, અલંકારો આપવા, કથા થઈ રહે ત્યારે કીર્તન કરવા, ધૂન કરવી આ વિધિ તમને કહ્યો.

શતાનંદ સ્વામી કહે છે, ઝીણાભાઈ આ શાસ્ત્ર જ્યારથી વાંચવું ચાલુ થાય એને સાંભળનારા આવે એનામાં જે જે પાપ હોય ઈ આ શાસ્ત્રનો અવાજ જ્યાં સુધી જાય અને એની ચાલનારા આનીકોર પગલું ભરે એટલે ઓલા પાપ છે ઈ રોવા માંડે છે કે અરે હવે અમારું શું થશે ? ક્યાં જાશું ? કાં બળી જાશું અને કાં મરી જાશું કાં રખડી પડશું. આપણો નાશ થઈ જશે. જાણી જોઈને પાપ થાય ઈ લે, અજાણ્યું થઈ જાય ઈ ખોટું, થોડીક ભૂલ

થઈ'તી ઈ નાની અને જાણી જોઈને મોટી ભૂલ કરે ઈ જબરી. આ બધાય પાપને આ કથા બાળી નાખે છે. ઢોલકું છે આ શરીર ઢોલકું, ચામડાથી મઢેલો. વગાડો તો ઢમ્મક ઢમ્મક થાય. એમાં કીર્તન બોલો, ભગવાનનું ભજન કરો, અને સારું કરે ને તો મોક્ષમાં મોકલી દે અને ઈ ઢોલકું કોક'ના ગળામાં આપો અને ક્યાંક ચોક ગોઠવ્યો હોય ને ક્યાંક નૃત્ય ગોઠવ્યા હોય ને ક્યાંક રમત ગમત હોય ઈ બધે લઈ જાય. આવું ઢોલકું છે. છે તો ખરું પણ એને સાચવવાનું કેવું મન થાય છે. બધાય સારાવાના આને આપીએ આ નઠારા ઢોલકાને, પાછું એને એમ ના કહીએ કે ભાઈ મને બીજે જન્મ લેવા દઈશ'મા, ઊલટું ઈ તમને એમ કહે તમને બીજે જન્મ લેવડાવીશ. તો આપણે કહીએ હા મને દેવતાનો જન્મ મળે તો સારું, આથી રાજા થાઉં તો ઠીક. આ ઢોલકું એવું છે. સંસારના માર્ગમાં ભેગું ભળે એવું છે. ભગવાનના માર્ગમાંથી પાછું વળીને ભાગે એવું છે માટે ઢોલકાને સરખું બાંધવું, સરખું વગાડવું. ઋણબુદ્ધિ આનું નામ કે પોતાનો મોક્ષ સાધે. સવારે રાંધેલું અન્ન સાંજે ઉતરવા માંડે, એવું જમી જમીને આને મજાનું રાખ્યું. પાણીમાં વરસાદ વરસતો હોય ત્યારે જળ અને પવન એ ભેગા થઈને નાના નાના પરપોટા થઈ જાય. કેટલી ઘડી રહેવાના ?

ભગવાનની કથા-વાર્તા નથી સાંભળી અને ભજન નથી કર્યું આ એના ગાંસડા અને પરપોટા પામેલા છે. આ એના જેવું મરણ છે એમ સમજી લેવું. જેનો કોઈ ફાયદો જ નહીં. જન્મે ને મરે. અનાદિકાળથી લખ્યું છે, શરીરની શુદ્ધિ. એટલે હોઠને જળ અડે એટલે આખા શરીરની શુદ્ધિ એને ઘૂંટડો ન ભરવો પડે. એ બહુ મોટો કાયદો છે.

જન્મેજય રાજાની રાણી બંગલામાં બેઠી'તી, પતિવ્રતા હતી, ચોખ્ખો પુરુષ હોય તો એને દર્શન થાય ને બાકીનાને દેખાય નહીં. અદૃશ્ય રહે. ઉત્તમ નામનો ઋષિ હતો એના ગુરુ પાસે ભણ્યો તો. તે કહે, હું શું આપું દક્ષિણામાં ? ઓલો ઋષિ કે, ઓલી રાણી કુંડળ પહેરે છે ઈ લઈ આવ. આકરું, બહુ આકરું. ઓલો કહે જાઉં. ગયો. ક્યાંય દેખાઈ નહીં. રાજા કે જો અંદર બેઠા ફરીવાર ગયો, જોયા, દેખાય નહીં. કે મને તો દેખાતું નથી તો

કે તારામાં અશુદ્ધિ છે. વિચાર કરજે, શું અશુદ્ધિ છે ? કંઈક હશે. રસ્તે આવતા મળ મૂત્ર જોયા છે. મહાભારતમાં કથા છે જનમેજય રાજાની. તો કે અશુદ્ધને એના દર્શન નહીં થાય. બોલો આ કથામાં કેવો અભિપ્રાય મળ્યો ? સ્વામિનારાયણ ભગવાને નાવા-ધોવાની શુદ્ધિ શું કામ કરી ? આમાં ભગવાનના દર્શન થાય માટે. અશુદ્ધિઓ ટળે. પછી નવારયો, ધોવાર્યો, એના નિયમ પ્રમાણે પ્રાણાયામ કરી અને ગાયત્રી જપ કરી લીધા, માળા કરી લીધી, ચોખ્ખો થયો. તો કે હવે જા જઈને જોવા. ત્યાં દેખાણા. તો કે તમારા દર્શન કેમ નતા થતાં ? તો કે શુદ્ધિ હોય તો મારા દર્શન થાય નહિંતર ન થાય. ઈ શુદ્ધિ આચમનથી પણ કરી લેવાય, કોગળા કરીને પણ કરી લેવાય, હાથપગ ધોઈને કરી લેવાય, નાહીને કરી લેવાય. પણ શુદ્ધિ કરવી, અશુદ્ધ ન રહેવું, નાવા-ધોવા, સ્નાન કરવા જેથી રોગના અશુદ્ધ શરીરો છે ઈ મટી જાય. ભગવાનને વસ્ત્ર આપવા, જનોઈ આપવી, ઘરેણાં આપવા, ચંદન આપવા, પુષ્પ આપવા, પુષ્પની માળા પહેરાવવી. સુગંધી તિલક અત્તર આપવા, ધૂપ કરવા, દીવો કરવો, નૈવેદ્ય સારા સારા ધરવા, પાન બીડા આપવા, ફળ-ફૂલ આપવા, દક્ષિણા મેલવી, આરતી ઉતારવી, નમસ્કાર કરવા. આ પૂજા વિધિ.

હવે પ્રાર્થના. આ યાદ રાખવા જેવું. મારા કર્મના ફળ ભોગવવા, સંસારના સાગરમાં પડેલો હું છું. હે દેવના દેવ પુરુષોત્તમ નારાયણ, આમાંથી મને ઉદ્ધારી લ્યો, ઊંચો કરી લ્યો, તારી લ્યો. ભગવાન કહે, તારાં એકના સાધન નથી તો કઈ રીતે તારું ? તો કે હે કરૂણાના સાગર, કૃપાળુ છો, કૃપાથી બાવડું પકડીને ઊંચો લઈ લ્યો. સાધનથી પહોંચી શકું એમ નથી. આંખથી દર્શન થાય એવા તમે પ્રત્યક્ષ પુરુષોત્તમ છો. અને શરણાગતના પગમાં હું આવીને પડ્યો છું હવે તમે કૃપાળુ છો તો ઉદ્ધાર કરી લ્યો અને નહિ તો નામ પડ્યું મેલી દો, આખી સૃષ્ટિના ધણી છો, એકાદો ગરીબડો શરણમાં આવ્યો તમને શું ભારે પડે છે ? માટે કૃપા કરી દો. આવું માંગવા શીખવું. આ ઈ પ્રાર્થના. ભગવાનની આવી પૂજા કરવી, આરતી ઉતારવી પછી વાંચનારાને ચંદનથી પૂજવા. શતાનંદ સ્વામી કહે છે, ઝીણાભાઈ

સ્વામિનારાયણ ભગવાનને સંભારવા, એના કીર્તનો બોલવા, એના નામ બોલવા. નામ લખ્યા છે - સ્વામિનારાયણ, નિલકંઠ, નારાયણ, હરિ, હરિકૃષ્ણ, સહજાનંદ, કૃષ્ણ. આવા ભગવાનના પુરુષોત્તમ નારાયણના નામ લઈ મારા હૃદયમાં વસો એમ કહેવું. સહજાનંદ સ્વામી, ભક્તિ ધર્મના પુત્ર તમારો જય થાવ, એમ કહેવું. સંતોને પગે લાગવું, કથાઓના અધ્યાયો, એના અધ્યાયના પ્રકરણો જેવા જેવા સંબંધવાળા હોય એ કથાઓને પૂરતી રીતે વાંચવા. એના સંબંધો તોડીને જો આગળ જોવાઈ જાય તો સાંભળનારને અનુસંધાન છૂટી જાય.

સાંભળનારા અને વાંચનારા બેય જણાએ શું કરવું ? સાંભળવામાં આળસ ન આવે માટે ઉત્તમમાં ઉત્તમ ઉપવાસ, બીજે નંબરે ફળાહાર, ત્રીજે નંબરે એકટાણું, ચોથે નંબરે બે ટાણા અને પાંચમે નંબરે ત્રણ ટાણા. આ કથા સાંભળનારને આળસ ન આવે માટે. બીજું આમાં લખ્યું છે. વધારે ભોજન કે વાયડુ ભોજન કથાનો રસ, આનંદ આવતો હોય આપણે ભગવાનમાં બે ઘડી બેઠા અને કાન એમ કહી દે કે હાલ જનોઈ ચડાવ. ક્યાંય જાવું પડે, નદીઓને કાંઠે. હવે જો ઈ ભાઈબંધ આડો આવ્યો શું ? ઓલું ભોજન કર્યું વધારે એ. માટે એવો સંયમ પળાવવો ચોવીસ જણાંને, કથામાં આડા ન આવે, કથામાં ભેગા રહેજો, પછી ભલે તોફાન કરો, નવારશું-ધોવારશું, પણ મારી કથામાં આળસ ન કરવી. કથા સંભળાય એવું સાધન રાખવું કાં કે ઉપવાસ રાખતા આળસ આવતી'તી, માથું ચડ્યું, સૂઈ રહ્યો, પણ તંઈ તો ઉપવાસ કરવાનું કામ શું ? કથાનો લાભ ગયો, એવો ઉપવાસ શું કામનો ? એના કરતાં રોટલી ઠબકારવી બે ત્રણ સારી સારી, ઘી ચોપડીને. જો લખ્યું છે. ભોજનને હું ઉત્તમ ગણું છું જો કથા સંભળાવવામાં મદદ કરે. ઉપવાસને અમે ઉત્તમ નથી ગણતાં જો કથામાં વિઘ્ન લાવે. મોટું પૂજન કરવું સાંભળનારાએ. ભક્તજનોએ રેશમી વસ્ત્ર લાવવા, કાનમાં કુંડળ પેરાવવા સોનાના. સોનાના કડા પેરાવવા હાથમાં. શક્તિ પ્રમાણે વસ્તુ, અલંકાર, દક્ષિણાઓ આપવી. ગૃહસ્થ ધર્મને યોગ્ય જો વાંચનારો હોય તો એને ગૃહસ્થની રીત પ્રમાણે બ્રાહ્મણને આપવું. એની ઘરવાળી બે કપડાં પેરે, ઘરેણું પેરે,

એમ કંઈક રોટલા પાણી ખાય. બ્રાહ્મણ ક્યાંક ખરડું કરીને જાતો હોય તો પાંચ દિ' ઘરે બેઠો ખાય અને બેસે. સાત્ત્વિક જો હોય ને તો વસ્ત્રો આપવા, દૂધપાક જમાડવા, આની વાસ્તે હોમ-હવન કરાવવા. ભાવનાથી કથા સાંભળશે, એક, બે, પાંચ કથા પણ યાદ રાખશે અને એને રોજ સંભારશે તો સ્વામિનારાયણ ભગવાન કહે છે એને મોક્ષ કરવાને વાસ્તે હું બંધાયેલો છું, છેવટે મારા ધામમાં લઈ જઈશ. આટલું બધું આમાં બિરુદ આપે છે. અમુક તિથિઓ, અમુક દિવસો, અમુકવાર અને અફસોસના ને કોઈ મરણ થઈ ગયું અને કથા ચાલુ કરવી હોય તે દિ બંધ રાખી દેવી. ચાલુ કથા થઈ ગઈ અને પછી સૂતક આવ્યું તો ઈ સૂતકને આઘું રાખવું, કથામાં આડું ન લાવવું. યજ્ઞ ચાલુ થઈ ગયો. યજ્ઞમાં જોડલું બેઠું છે અને એમાં કોઈ સૂતક વચ્ચે આવી ગયું, ત્રણ દિવસનો યજ્ઞ હોય ઈ નાહી-ધોઈ અને ઉપવાસ કરી લ્યે એટલે પવિત્ર, અડવામાં હવે નહીં અડાય એમ નહીં. એની શુદ્ધિ શાસ્ત્રે લખી છે.

માટે યજમાને કથા ચાલુ થયા પછી વચ્ચે આવેલા સૂતક એને મેલી અને નાહીં લેવું. જન્મ સૂતક બચ્ચાની મા એને એકલાને બહુ ઝાઝું લાગુ પડે છે. ઈ વિભાગો લખ્યાં છે દસ દિવસ, પંદર દિવસ એમ. બીજાઓને જન્મ સૂતક કથા સાંભળવા વગેરેમાં નડતું નથી. મરણ સૂતક એટલે દેહ શુદ્ધિ કરવી પડે ઈ સૂતક છે, એ તેર દિવસનું બરાબર લાગે છે. બારમો દિવસ ગયો તેરમે દિવસે કંઈ નહીં. આ સૂતકની હકિકતો લખી છે, સાત દિવસ, પંદર દિવસ, મહિનો, બે મહિના, છ મહિના. સત્સંગી જીવન અમારે જામનગરમાં એક વર્ષ સુધી વંચાણું. એમાં જેટલા સિદ્ધાંતો છે ઈ બધાય વંચાતા જાતા હતા.

સમાપ્તિને દિવસે શું કરવું ? એની વિશેષ હકિકતો લખી છે. પણ પછી પોતે પહોંચી શકે તેટલી દક્ષિણા મેલવી. વાંચનારે જે દાખડો કર્યો ઈ એના દાખડાને ગામને સીમાડે ઓલી કોર જઈને આમ સાહ નાખે, બળજો ગામ. કાંઈ આપ્યું નહીં એનું નામ વૃથાશ્રમ અને એમ થઈ જાય ઓહોહો મને બહુ ભરી દીધું ઈ સાચો પરિશ્રમ. એમ આપવું. આવી રીતે જે કથા

સાંભળે છે, વાંચે છે અને ભગવાનને સંભારે છે તેનો આ જન્મે મોક્ષ જરૂર થાય છે. આના એક સો ને આઠ પાઠ કરાવવા. પૂનાવાળા શેઠિયાઓએ જૂનાગઢમાં બેસાડ્યા હતા ઘણા વર્ષો પહેલા એને કેવાય પુરશ્ચરણ એટલે ફરી ફરીને વાંચવું, વંચાવવું. દરરોજ પુરશ્ચરણ કરનારને ભોજન આપવા, દક્ષિણાઓ આપવી, વસ્ત્રો આપવા, પુરશ્ચરણ ફળાહાર કરાવવા, છેવટે એનું મોટું પૂજન કરાવો ત્યારે બે હજાર હોમ કરાવવા. શા માટે ? કોઈ શત્રુના દુઃખ હોય તો શમી જાય. બાળક ના હોય તો પુત્ર પરિવાર વાળા થાય. રોગ હોય તો મટી જાય. દારિદ્રય હોય તો ભાગ્ય સારું થાય. ચિંતાઓ હોય તો બધી શાંત થઈ જાય. બે ય છેડા સાજા ન રહેતા હોય તો સાજા રહે, કેના ? દાણા પાણીના. જેટલું કમાતો હોય એટલું વયું જતું હોય, ગમે એટલું કમાય પણ ઘરમાં બરકત ન દેખાય એનું કારણ શું ? ગરુડ પુરાણમાં એમ અધ્યાયમાં લખ્યું છે ઉત્તરાર્ધમાં. તો કે ગમે તે કુળ કુટુંબનું અડખે પડખે શ્વાસ મેલનારો અવગતિયો છે. પછી પાંચ નંબર લખ્યા એમાં. પહેલો શ્વાસ ક્યાં નડે ? તો કે પહેલાં ખેતરમાં નડે. દાણા, પાણી, મોલ સારા ન થવા દેય. બીજે નંબરે ક્યાં નડે ? તો કે નાના નાના છોકરા ગર્ભમાંથી બળી જાય. એનો શ્વાસ ત્યાં નડે. ત્રીજે નંબરે ક્યાં નડે ? પશુઓ, ઘરમાં સમૃદ્ધિઓ સારી ન હોય, કુળ-કુટુંબનો ક્ષય થવા માંડે. ચોથે નંબરે ક્યાં નડે ? તો કે મિલકતો બધી કોતરી લેય, લઈ ખાય જાય. પાંચેય તો કે થઈ રહ્યું એકલો થઈ ગયો એવું કરી નાખ્યું. પાંચમે ગરુડ પુરાણના બે ભાગ છે. એમાં ત્રીસ અધ્યાય વંચાય છે મરણ પછી એમાં લખેલું છે.

⁂ પરાવાણી - ૪૫ ⁂

✪ મોક્ષ ઉપયોગી સાધારણ ધર્મ
✪ ગૃહસ્થ, ત્યાગી, આચાર્ય, સાધુના ધર્મોનું વર્ણન (ટૂંકમાં)

ભગવાન કહે છે, ધર્મવાળું કાર્ય કરવું. ધર્મ બધા અર્થ અને પુરુષાર્થનો આપનારો છે. કોઈ મોટા સમર્થ પુરુષો થઈ જાય અને એના પોતાના આત્માના વેગમાં કેફમાં આવી જાય અને કેફમાં આયા થકા કદાચ આ લોકની રીતથી બીજી રીતનું વર્તન કરી લ્યે તો એવા વર્તનને પોતે આચરણમાં ન લેવું. મહારાજ કહે છે, ઈ એના કેફમા ઉતરી ગયા પણ તમે એવો કેફ ન કરતાં. નિયમમાં રહેજો. તો તમારા રૂડાવાના થાશે. ધર્મને ગ્રહણ કરવો, અધર્મને ગ્રહણ ન કરવો. જે બીજાની પડતી દશા ઈચ્છે છે એ પોતે જરૂર પડતી દશામાં જાય છે. મહારાજ કહે છે, આ મેં તમને મોક્ષની હારે વ્યવહાર બતાવ્યો. હવે એકલો મોક્ષ બતાવું.

શ્રાવણ મહિનો આવે ત્યારે એ ત્રીસ દિવસમાં મારું ભજન કરવું, બ્રહ્મચર્ય પાળવું, પૃથ્વી પર સૂવું, મારી કથા સાંભળવી, મહાપૂજા કરવી, મંત્રપાઠ કરવા, દંડવત વધારે કરવા, માળા જાજી ફેરવવી. આ બધા મેં મોટા-મોટા નિયમો કહ્યા છે. બધા રાખવા, થોડાં રાખવા, અડધા રાખવા કે એક રાખવા એ તમારી મરજીની વાત છે પણ રાખજો. એકાદશીઓના વ્રત કરજો. અગિયાર ઈન્દ્રિયોઓની વૃત્તિઓને નિયમમાં રાખજો. શિવજીને રાજી કરવા માટે શિવરાત્રી વ્રત કરજો. ભગવાનનો જન્મદિવસ તેના ઉત્સવ કરજો. તે દિવસે માણસ બહુ સંતોષ અને આનંદવાળો હોય છે. દેવતાઓ રાજી

થાય છે. માટે ભગવાનના ઉત્સવ ઉજવવા. ભગવાનના જન્મદિવસ કેટલા ? તો શિવપુરાણમાં લખ્યું છે કે, ભગવાને જ્યાં દર્શન આપ્યાં એ ભગવાનનો જન્મદિવસ. મૂર્તિ પધરાવવી એ ભગવાનનો જન્મદિવસ. સાધુદિક્ષા લીધી એ ભગવાનનો જન્મદિવસ. આવા જન્મદિવસ તો ત્રણસો ને પાંસઠ છે. એના ઉત્સવો કરવા. જેને જે યોગ્ય હોય, સંબંધ ધરાવતો હોય એ પ્રમાણે ઉત્સવો કરવા.

દિવસે નાક ઢસડીને ઊંઘવું નહીં, આળસુ થાવું નહીં. કારણ કે, એ રજોગુણી વૃત્તિ છે. કદાચ પોતાએ કરેલા વ્રત-તપ-નિયમ તેનો ભંગ કરાવી દે. માટે એ રાજસ વૃત્તિ ઉપજે એવી નિંદ્રા ન લેવી.

ભગવાનના વ્રત-ઉત્સવના નિર્ણય એ પૂર્વેના આચાર્યો કહી ગયા છે એને અનુસરીને કરવા. દ્વારકાની જાત્રા કરજો, અક્ષરધામનું દ્વાર હોય તેની પણ જાત્રા કરજો. શક્તિ પ્રમાણે ગરીબડાને મદદ કરજો. હું વિષ્ણુમાં રહ્યો છું, શિવમાં રહ્યો છું, ગણેશમાં રહ્યો છું, સૂર્યમાં રહ્યો છું માટે એમની પૂજા કરજો, એમને માનજો, એમને નમસ્કાર કરજો અને એમની માલિકોર મને જોજો. અને ભૂતપ્રેત વળગે તો કોઈ બીજા પાસે ન જાતા અને ગોપાળાનંદ સ્વામીએ પધરાવેલા હનુમાનજી પાસે જજો. અને મેં એક નારાયણ કવચ નામનું બખ્તર એ મેં સંકલ્પથી સિદ્ધ કરેલું છે માટે એનો પાઠ કરજો.

ગ્રહણ લાગે ત્યારે નાહીધોઈને મારું પૂજન કરજો અને વળી ગ્રહણ છૂટી જાય ત્યારે ફરી મારું પૂજન કરજો. આ તમને શુદ્ધિને વાસ્તે કહ્યું છે. મલિન માણસ અડી જાય એને પણ ગ્રહણ લખ્યું છે. એ ગ્રહણ જેવું જ છે. ગ્રહણ પછી ગૃહસ્થોએ દાન આપવું અને ત્યાગીઓએ પૂજા કરવી. સૂતક બધા પાળવા સંબંધને અનુસારે. ચારેય વર્ણને માટે આ આજ્ઞાઓ છે.

સૂતક - ધાવણું બાળક હોય તો એક દિવસનું, દાંત આવ્યા હોય તો ત્રણ દિવસનું, એથી મોટું હોય તો દસ દિવસનું, આ સૂતકના વિભાગ પાડ્યા છે. જન્મનું સૂતક એ મરણના સૂતક જેવું આકરું નથી. મરણનું સૂતક એ અફસોસનું છે, આંસુડા પડાવનારું. જન્મનું સૂતક એ હસાવનારું છે માટે જન્મનું સૂતક એ એવું આકરું નથી માટે જન્મનું સૂતક ત્રણ પ્રકારે લખ્યું છે.

દસ દિવસ, પંદર દિવસ અને એક મહિનો. પછી જેવો સમય. મનુસ્મૃતિમાં લખ્યું છે કે, આવું સૂતક બ્રાહ્મણોએ એક દિવસ પાળવું અને શુદ્ર એ દસ દિવસ પાળવું, બાર દિવસ પાળવું, પંદર દિવસ પાળવું આવી રીતે ત્રણ-ચાર મત લખ્યા છે. પછી તો સમયને અનુસારે દસ દિવસનું સૂતક એ પાકુ સૂતક.

ભગવાનના ભક્તે બ્રાહ્મણ જેવા થાવું અને બ્રાહ્મણના ગુણ ગ્રહણ કરવા. ઈન્દ્રય નિગ્રહ કરવો, સંતોષ રાખવો. ક્ષત્રિયે શૂરવીરપણું રાખવું, પાછુ ન પડવું. વૈશ્ય વર્ણે નાણાં ખૂબ પૈદા કરવા અને મોટા જગન કરવા. જેની પાસે કંઈ ન હોય તેણે સેવાચાકરી કરવી. મહારાજ કહે છે, આ મેં તમને વિભાગ કરી દીધો છે. વર્ણનો વિભાગ તો સાચો પણ મારા વર્ણનો વિભાગ કરી દીધો છે. અમુક અમુક સંસ્થાઓમાં જમાડે છે તેમાં દશા-દાડો બારમાં સુધી ન ખાવું પછી જમવું. નાનું-મોટું પાપ થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત કરી લેવું.

પાપ વડે બે શક્તિઓ રોકાઈ જાય છે. એક સ્વર્ગમાં જવાની એટલે મોક્ષમાં જાવાની શક્તિ રોકાઈ જાય છે. બીજી અહીંના વ્યવહારમાં ભળવાની શક્તિ રોકાઈ જાય છે. પ્રાયશ્ચિત કરે તો વ્યવહારમાં ભળવાની શક્તિ રોકાઈ નહીં. પણ બ્રહ્મલોકમાં જવા માટે જે શક્તિ આડી આવે તેના માટે તો ભગવાન રાજી થાય એવું કરે તો શક્તિ દૂર થાય. માટે ભક્તિ વધારે કરવી.

મહારાજે આઠ સત્શાસ્ત્રો, વેદ-ભાગવત એમાં પણ દશમ અને પંચમ સ્કંધ, ભારતમાં વિષ્ણુસહસ્ત્રનામ, શ્રીમદ્ ભગવત ગીતા, વિદુરનિતી, સ્કંધપુરાણનું વાસુદેવ માહાત્મ્ય, યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, એને દરેક કામકાજમાં પ્રમાણ તરીકે લેજો. એને સાંભળવા, વાંચવા. એને મારા શાસ્ત્રો માનીને વાંચજો. એમાં આચાર, વ્યવહાર, પ્રાયશ્ચિત લખ્યા છે તેને વાંચજો. તેને મેં મારા સત્સંગીજીવનશાસ્ત્રમાં બધાય લખ્યા છે કોઈ બાકી નથી. મારા ગ્રંથો એ મારી દશામાં માપ લાવે ઈ મારું દશમ. પછી બ્રહ્મલોકમાં પહોંચાડે. અને પાંચ ભૂત, પાંચ ઈન્દ્રિયો, પાંચ વિષયો એને ત્યજાવે એનું નામ પંચમ. એવા મારા ગ્રંથો સત્સંગીજીવન, શિક્ષાપત્રી વગેરે મારા શાસ્ત્રો એને ગ્રહણ

કરજો. અને ભાગવતના દશમ અને પંચમ સ્કંધ વાંચજો એમાંથી જ્ઞાન થશે. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનું શું કામ કહ્યું ? કારણ કે એ ધર્મશાસ્ત્ર છે. ચોથું શતાનંદ સ્વામીએ લખ્યું સત્સંગી જીવન. એ પણ ધર્મશાસ્ત્ર છે. જુઓ યજ્ઞ એટલે પુરુષોત્તમ નારાયણ. બીજો વલ્ક્ય એટલે બખ્તર. એ બખ્તર વડે રચાણું શાસ્ત્ર એ રચનારો તેનું નામ યાજ્ઞવલ્ક્ય એટલે શતાનંદ સ્વામી. એની સ્મૃતિ એટલે સત્સંગીજીવન. આ હકીકત જાણવા જેવી છે.

ભગવાન પુરુષોત્તમ નારાયણના ભક્તિ વૈરાગ્યના વચનો ગ્રહણ કરવા. ધર્મવાળી ભક્તિ છે એને ગ્રહણ કરવી. રહસ્ય એ છે કે ભક્તિ વધારે કરજો. સદાચાર બરાબર પાળજો. શુદ્ધિ રાખજો. ભક્તિ પણ સ્નેહવાળી કરજો, સમજણવાળી કરજો, પત્નીવ્રતવાળી કરજો, તન-મન અને ધન આપી દેવાય ભગવાનને એવી ભક્તિ કરજો. સમજણ એવી રાખજો કે કોઈ દુઃખ આવે તો તેમાં ગંભીરતા રહે અને યમનો દૂત આવે તો ઠોઠ મારીને કાઢી મેલજો. આટલું બધું બળ રાખજો.

બીજે હેત ન રાખવું એનું નામ વૈરાગ્ય. જીવાત્મા સમજવો જ્ઞાનનો પીંડો, ઈશ્વરોને સમજવા ઐશ્વર્યોનો પીંડો, માયાને સમજવી રાજસ પીંડો, અક્ષરબ્રહ્મને સમજવા તેજના પીંડ અને પુરુષોત્તમ નારાયણને સમજવા આનંદપિંડ. આમ એના સ્વરૂપને ઓળખવા શીખજો. આ રીતે મહારાજ કહે છે, મેં તમને ટૂંકા સ્વરૂપ કહ્યા.

આ શિક્ષાપત્રીની કથા પૂરી થાય છે. અનાદિશ્રીકૃષ્ણનારાયણ, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ છે એમ તમે માનજો. હું તમારો ઈષ્ટદેવ છું. તમને બ્રહ્મલોકમાં લઈ જનારો છું. હું પરબ્રહ્મ નામથી કહેવાઉં છું. કો'ક મને બ્રહ્મ નામથી કહે છે. વ્યાસજીએ મને બ્રહ્મ નામથી કહ્યો છે. પણ મારા એકાંતિક તો એમ કહે છે કે, બ્રહ્મ એટલે અક્ષરધામ અને પરબ્રહ્મ એટલે પુરુષોત્તમ નારાયણ. બ્રહ્મ વિશિષ્ટ બ્રહ્મ છે અને પરબ્રહ્મ વિશિષ્ટ પુરુષોત્તમ નારાયણ છે. આ રીતે હકીકત સમજજો.

કથાઓ રોજ વાંચજો. ભગવાનના અવતાર અને ભગવાનની મૂર્તિના ધ્યાન કરજો. એ સિવાય કોઈ મોટો અડબંગ થયો હોય તો એની મૂર્તિનું

ધ્યાન ન કરતા. ભગવાનને એક કોર તારવી દેય એવાનું ધ્યાન ન કરવું. ભક્તિ કરવી, સત્સંગ કરવો, પોતાના આત્માને બ્રહ્મરૂપ સમજવો, હું મુક્ત છું ત્રણ દેહની માલિકરો રહ્યો છું. ગાડાવાળો ગાડામાં બેસે, ગાડું હાંકે એવડો એ એમ ન કેય કે હું તારો માલિક છું, તારી સાથે જડાઈ ગયો છું. એમ હું ત્રણ દેહની સાથે જડાઈ ગયો નથી, તારા જેવો જડ નથી. આમ જીવાત્માને બ્રહ્મરૂપ સમજવો. બ્રહ્મરૂપનો અર્થ શું ? બ્રહ્મ એટલે અક્ષરધામ. એના રૂપ બે. એક સાકાર અને એક નિરાકાર. સાકાર રૂપ પરબ્રહ્મની સેવામાં છે. હું તમારી સેવામાં છું આ એક બ્રહ્મરૂપ. બીજું નિરાકાર એવું અક્ષરબ્રહ્મ સર્વત્ર વ્યાપક છે એમાં બધી સૃષ્ટિઓ છે, સૃષ્ટિ વડે નિર્લેપ છે એમ મારો આત્મા આ દેહમાં રહ્યો છે એ સૃષ્ટિ છે. એમાં નિર્લેપ થયો આ બીજું બ્રહ્મનું રૂપ.

દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ પરાભવ ન કરે એવા બળિયા રહેવું. વર્ષમાં એકવાર કથા વાંચવી. મહારાજ કહે છે, મારા ગ્રંથના પુરશ્ચરણ કરો. રોજ બે વચનામૃત વાંચવા. રોજ શિક્ષાપત્રીના બે શ્લોક વાંચવા. આપત્તકાળ આવે ત્યારે રક્ષા થાય એમ વર્તી લેવું, દેશકાળને અનુસારે આચાર-વ્યવહાર સમજી લેવા. આ શરીરમાં જીવ બેઠો છે માટે શરીર વિશિષ્ટ જીવ, જીવમાં ભગવાન બેઠા છે માટે જીવ વિશિષ્ટ પરમાત્મા. આનું નામ શું ? જડ અને ચેતન વિશિષ્ટ પરમાત્મા. પરમાત્મા એક અને જીવાત્મા જાજા. શરીર જાજા માટે જડ જાજા. ચેતન એવા આત્મા જાજા પણ એની અંદર રહેનારા એક પરમાત્મા એ હું એક. જાજામાં રહેનારો એક. માટે જડ અને ચેતન એવા જાજા એમાં રહેનારો વિશિષ્ટ અદ્વૈત એવો હું એક. આ રીતે બધા સમજજો.

ગોલોક આપણું ધામ. ભગવાન કહે છે ગોલોકમાં જાવું છે. ગાવઃ એટલે મોટી મોટી ગાયો જ્યાં છે અને ત્યાં શ્રીકૃષ્ણનું ગાવણું થાય છે આ રીતે કોઈએ ગોલોક અને શ્રીકૃષ્ણ લીધા. શ્રુતિ કહે છે કે તમે ભૂલા પડ્યા. ભૂલા તો નથી પડ્યા પણ એથી કંઈક ઊંચો અર્થ છે એને સમજવા શીખો. ગાવઃ એટલે પુરુષોત્તમ નારાયણની મૂર્તિના કિરણો. એ કિરણોરૂપી અક્ષરધામ કેવું છે ? તો કહે એનો છેડો નથી એવા લાંબા લાંબા કિરણો છે. એ કિરણો

ચાલતાં ચાલતાં વિશ્રાંતી લઈ પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાં સમાઈ જાય એટલા લાંબા છે. તમામ સૃષ્ટિઓમાં પહોંચે એવા છે. મુક્તપુરુષોએ સ્તુતિ કરી એવા ભગવાન પરમપુરુષ મુક્તોએ જેમને મેળવ્યા છે એવા પરમપુરુષ, એમનું પરમ પદ એ મારું અક્ષરધામ છે એમ સમજજો. ત્યાં તમે મારી સેવામાં રહેશો એનું નામ મુક્તિ. એક વાત ખરેખરી સમજવાની છે સમજી લેજો. જે દિવસથી કંઠી લીધી, દીક્ષા લીધી એ દિવસથી પ્રારબ્ધ પૂરું થઈ ગયું. ત્યારથી ભગવાનની ઈચ્છાથી આપણું પ્રારબ્ધ છે. એની પ્રસન્નતા મળે એવું થવા માંડે તો આપણું સારું પ્રારબ્ધ. એની પ્રસન્નતા ન મળે એવું થવા મંડે તો આપણું નરસુ પ્રારબ્ધ. રાજી થઈ જાય તો ધામમાં જવાય અને કુરાજી થઈ જાય તો ઈન્દ્રની ગાદીએ બેસાડી દે. એમ ભગવાને કહ્યું કે, મારા ભક્તોને હું રાખું છું પણ યમપુરીમાં જવા દેતો નથી. માટે મુક્ત મને પ્રાપ્ત કરે છે, મારા જેવા થાય છે આ રીતે સમજજો. આ તમને મોક્ષની વાત કહી, સમજણની વાત કહી. આ રીતે મારી ભક્તિ કરજો, ભજજો.

સ્વાર્થીપણું ન રાખતા, જેને તેને મીથ્યા અપવાદ ન આપતા. મહારાજ કહે છે કે, આ તમને સાધારણ ધર્મ કહ્યા. અને જે આચાર્યો સ્થાપ્યા છે તેમણે સાધુ જેવા ધર્મ પાળવા. પરસ્ત્રીને અડવું નહીં, તેમની સાથે બોલવું નહીં, કોઈની થાપણ ઘરમાં રાખવી નહીં, વાપરવી નહીં, સમીપ સંબંધ એટલે કાકા-બાપા-સાસુ-સસરા-ભાઈઓ-ભત્રીજા એવા સાત કુટુંબ એ સમીપ સંબંધ. એનાથી દૂરના કુટુંબ એ અસમીપ સંબંધ.

વિધવા નારીઓએ ત્યાગીનીઓ જેવા ધર્મ પાળવા. ભગવાનને પતિ તરીકે સમજીને પૂજવા. પિતા, પુત્ર વગેરેની આજ્ઞામાં રહેવું. પોતાની સમીપ સંબંધ વિનાના કોઈપણની પાસે ક્યાંય સંબંધ ન રાખવા.

સંતપુરુષોને માટે સ્વામિનારાયણ ભગવાન કહે છે, તમે મારી મૂર્તિમાં અલમસ્ત રહેજો. આ લોકની પરવા કર્યા વિના ધર્મની અને ભક્તિની પરવા કરીને રહેજો. ત્યાગી એવા બ્રહ્મચારી અને સંતપુરુષો એ સંસારથી આઘુ રહેવું, સ્ત્રીધનથી આઘુ રહેવું, મારી મૂર્તિને ભેગી રાખી ભક્તિ કરવી, જેવા તેવા વેષ ન રાખવા, ગૃહવાર્તા ન કરવી, હોળીના ખેલ ન ખેલવા. ઝીણા

ઝીણા સોનેરી તારના વસ્ત્રો ન પહેરવા, સ્નાન કરવું ત્યારે વસ્ત્ર પહેરીને સ્નાન કરવું નહિતર જળદેવતાનું અપમાન થાય છે. આ રીતે ત્યાગી, સાધુ, ગૃહસ્થો વગેરેના મેં ધર્મ કહ્યા. મહારાજ કહે છે, આવી રીતે ધર્મ પાળશે તે મારા ધામમાં જાશે. હું એના ઉપર પ્રસન્ન થઈ જઈશ. મેં મારા વિશેષ જાજા જાજા ધર્મો સમજાવ્યા છે, સંભળાવ્યા છે, કહ્યા છે એ પ્રમાણે તમે વર્તો છો એથી વધારે વર્તજો.

નિજાશ્રિતાનાં સકલાત્રિહન્તા સદ્ધર્મભક્તે રવનં વિધાતા ।
દાતા સુખાનાં મનસેપ્તિતાનાં તનોતુકૃષ્ણો ખિલમંગલં નઃ ॥

સ્વામિનારાયણ ભગવાન કહે છે, મારા આશ્રિત એવા તમે ભક્તજનો એવા ધર્મ મેં તમને કહ્યા તેમનું રક્ષણ કરનારો હું છું. ધર્મ અને ભક્તિનું રક્ષણ કરનારો હું છું. સંતોનું રક્ષણ કરનારો હું છું. તમને સુખ આપનારો હું છું. કૃષ્ણ નામનો હું ભગવાન છું. મને તમે શ્રીકૃષ્ણ તરીકે સમજો. ધર્મદેવના ચાર પુત્ર નર, નારાયણ, હરિ અને કૃષ્ણ. હિમાચળમાં તપ કરતા હતા તે ભક્તિમાતાએ માંગ્યા હતા. હરિને અક્ષરધામ, શ્રીકૃષ્ણને ગોલોક અને નરનારાયણને બદ્રિકાશ્રમ આપ્યું. તો શ્રીહરિ કહે, મારે સાધુ રહેવું છે. માટે હરિ અવતાર દરેક સાધુનો જ હોય છે.



✳ પરાવાણી - ૪૬ ✳

✪ સત્સંગીજીવન ગ્રંથનું માહાત્મ્ય
✪ ભગવાનની કથા શ્રવણનું ફળ

ભગવાનના રાજીપાથી ધન, પુત્ર, પરિવાર જે કોઈ જાતની ઈચ્છા હોય ઈ ઈચ્છા પ્રમાણે ભગવાનની કથા સાંભળતા, પ્રાર્થનામાં લખ્યું છે ઈ પ્રાર્થનામાં માંગવું કે, પ્રભુ સકામ ભક્ત છું, સંકલ્પો પૂરા કરજો. આખા જીવનમાં કોઈ દિ' કોઈ સારા ભોજન, વસ્ત્ર કે રહેવાના કે માન કાંઈ થયા નથી તો પ્રભુ એકવાર થોડુંક આપજો. તમારો ગરીબ સેવક છું અને પછી વૈરાગ્યવાળો સેવક થઈશ અને ધામમાં જઈશ. ભગવાન જાણે કે આને સંકલ્પ છે. ઈ પૂરું કરનારા છે માટે જરૂર આપશે. ઝીણાભાઈને આ સાંભળીને બહું આનંદ થયો. હે શતાનંદ સ્વામી, તમે મારા ઉપર અનુગ્રહ કર્યો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આનાથી સિદ્ધ થાય છે, એવી હકીકત તમે કહી. આ સત્સંગીજીવન કથાના માહાત્મ્ય સંભળાવ્યા, એની સાથો સાથ હકિકત કહી કે જે દિ' એ કથા અચાર્યોએ ચાલુ કરી હતી તે દિવસે ચાલુ કથામાં સાંભળવા માટે એક દેશાંતરનો બ્રાહ્મણ આવ્યો, શાંતિવાળો હતો. એના નામની કોઈને ખબર ન હતી, એવો બ્રાહ્મણ હતો. ચાલુ કથામાં આચાર્યોએ કથા બેસાડી તે દિ' આ કથા સાંભળવા બ્રાહ્મણ આવ્યો. શતાનંદ સ્વામી આ કથા વાંચતાં હતાં, કહેતા હતા. એને જોઈને પ્રણામ કર્યા. એને આનંદ આવી ગયો. બોલ્યો હું કૃતાર્થ થયો છું, તમે મહાકાળના મોઢામાંથી મને છોડાવ્યો. મારા ઘણી જાતના દુષ્કર્મ હતા ઈ તમારી કથા સાંભળવા વડે બળ્યા. ઘણા સાધન

કરીએ પણ પાપ ન બળે, એવા પાપ તમારી કથા સાંભળવા વડે બળ્યા. આ શાસ્ત્રથી મને એમ જણાયું ભક્તિ ધર્મને ઘેર પરપુરુષોત્તમ નારાયણ શ્રીહરિ બિરાજ્યા છે. એને સાંભળ્યા પછી મને ઈ મૂર્તિનાં દર્શન થયા એમ ઈ બ્રાહ્મણ બોલ્યો. એમની મેં સુગંધ, પુષ્પ, હાર વડે પૂજા કરી. રૂપાળી, સુંદર મૂર્તિ હતી, કરુણા ભરેલી આંખો હતી. એવા ભગવાન એમની પૂજા કરી હું કૃતાર્થ થયો છું. મારો જન્મ સફળ થયો છે અને હું અક્ષરધામમાં જાઉં છું, એમ આ બ્રાહ્મણ બોલ્યો. ત્યાં હું આ પુરુષોત્તમ નારાયણની સેવામાં રહીશ એમ કહી શતાનંદ સ્વામીને પગે લાગી, રજ માથે ચડાવી, બંને આચાર્યોને નમસ્કાર કરી, બીજા ભક્તોને નમસ્કાર કરી અને તે બ્રાહ્મણ ભગવાનના ધામમાં જવા વાસ્તે તૈયાર થયો.

એટલામાં શતાનંદ સ્વામીને આવા બ્રાહ્મણને જોઈ અને આનંદ થઈ રહેલા ભક્તોજનોએ પૂછ્યું, ભાઈ એ કોણ હતો જે કથા સાંભળીને ભગવાનના ધામમાં ગયો ? ત્યારે શતાનંદ સ્વામીએ કહ્યું, બહું સારું. એનું પણ વૃત્તાંત કહું. ભગવાનનો ભક્ત ધામમાં જાય એમાં શું કહેવું ? ભક્તિ ન કરી હોય આશરો ન કર્યો હોય ને જો મૂર્તિને સંભારીને સાંભળવા માંડે તો ય એને ભગવાન ધામમાં લઈ લે. ભારતદેશ, મધ્યપ્રદેશ, જ્યાં ભગવાનના ભક્ત ઘણાં રહે. એવા દેશનો કાનકૂબ્જ બ્રાહ્મણ ઈ આ બ્રાહ્મણ હતો. એના નગરમાં ભગવાનની ભક્તિ બહુ સારી છે, વેદના જાણકાર બહુ બ્રાહ્મણો રેય છે. ગંગાજીને કાંઠે એનું ગામ છે. ગામનું નામ કાનમ એવું નામ પાડ્યું છે. ત્યાં ગર્ગના ગોત્રના અને યજુર્વેદના વેદશાસ્ત્રોના જાણનાર એવા બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલો એવો આ બ્રાહ્મણ માધવરામ બ્રાહ્મણનો પુત્ર કલ્યાણજી નામનો હતો, તે ભગવાનની ભક્તિ કરતો હતો. ભવિષ્યમાં સારું થાવાનું હોય ત્યારે ભગવાન, સાધુ અને કથાનો જોગ થાય. ધૂમાડાબંધ ગામને નોતર્યું હોય અને જગન થાતો હોય અને કો'કનું પુણ્ય હોય તો પંદર ગામનો કો'ક મહેમાન છે ઈ ગાડું લઈને નીકળે કે ભાઈ આ ગામમાં ધૂમાડો આજે બંધ છે. લેને વિસામો તો ખાઉં શું છે ? તો કે ભાઈ ખાધા વિના ન જવાય આ એને ભગવાનની પ્રસાદી મળે એનું નામ પુણ્યોદય, ઓચિંતું ભેગું કરી દે.

એ ભાઈ કથાઓ સારી થાય છે અમારે ત્યાં બાર મહિને બબેવાર થાય છે. તો કહે હવે હું આવીશ. એમ ઈનો જન્મ સુધરી જાય. એમ આ બ્રાહ્મણને સહેજે કથા સંભળાઈ ગઈ. ગર્ભવાસના અસહ્ય રોગ છે ઈ બધાય મટી જાય, પુરુષોત્તમ નારાયણના પ્રત્યક્ષ દર્શન થયા બધા કષ્ટ મટી જાય, આ જીવાત્મા કર્મનું ભોગવવા માટે પરબારો જો વૃક્ષથી પ્રગટ થઈ જતો હોત તો એને વૈરાગ્ય ન થાત પણ વૈરાગ્ય થાવા માટે એવી ગોઠવણી થઈ ગઈ કે એક તો બાળકને એના ગર્ભને સ્થાને ઊંચું ઊંધે માથે લટકતું રહેવાનું, પાકવાનું, જન્મ આપનારને દુખ, એને મોટો કરનારને દુઃખ, મળ-મૂત્ર સાચવીને મોટો કરવો, એને વરાવવા, પરણાવવા સુધી દુઃખ કેવું ? એમ કરતાં અવળું પડે તો ઈ પછી ઘરને ખૂણે બેસીને બાપો રોવે. કેને કહેવું ? દુઃખે દુઃખ. એ દુઃખ બધા મારા મટી ગયા. એમ ઓલો બ્રાહ્મણ કહે. જઠરાગ્નિ ઈ દરરોજ મહેનત કરાવે છે ખાવા જોશે એટલે બધા વશ રે છે હો, ભૂખના માર્યા હોય, આ નોકરી કરે ઈ બધાય ભૂખના નોકરી કરે. ઓલાને કોઈ નો ગણે. જો ભૂખ ન લાગતી હોત તો કોઈ ગણત ? પણ આ ભૂખ લાગે ઈ એને નમ્રતા રાખે કે તું ભૂખ્યો થઈશ તો ક્યાં જઈશ ? તંઈ શું કરું ? તો કે કમા. ઈ ઓલી ભૂખ મોકલે, ત્યાં નમ્ર રહે, બધુંય સહન કરે, આયા બધું કથા સાંભળવાથી મટી ગયું એટલે મોક્ષમાં જવાણું, આ ઢસરડાં મટી ગયા.

ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન થાય ને મોક્ષમાં ન જાય પણ આ કથા સાંભળનારો જાય. જબરા જગન કરનારો મોક્ષમાં ન જાય પણ કથામાં પાંચ રૂપિયા ખર્ચનારો જાય. મહારાજે કૃપા કરી એમ લખ્યું છે કે, ભોજન આપવું, સારા સારા તીર્થોની જાત્રા કરવી પણ આ જાત્રા પહેલી કરવી, કઈ જાત્રા ? કથા સાંભળવી અને સંત જમાડવા અને પોતે પ્રસાદી જમવી આ મોટી જાત્રા છે. ઓલો બ્રાહ્મણ કહે, હું બધાંય તીર્થ કરી આવ્યો. કાશી ગયો, પ્રયાગ ગયો, રામેશ્વર ગયો, દ્વારકા ગયો, રામનાથ, હરિદ્વાર, કુરુક્ષેત્ર, વૃંદાવન, અયોધ્યા, ચિત્રકૂટ, જગન્નાથપુરી, પુષ્પરાજ, પુલહાશ્રમ, શ્વેતપુરમાં પ્રભાત આવ્યો, દ્વારકા આવ્યો. બધાય ક્ષેત્રોમાં ફર્યો પણ માલિકોર

જે ભડકો હતો ઈ સળગતો તો ઈ બંધ ન થયો. ગંગા, જમના, રેવા, સરયૂ, તાપી, ગોદાવરી તીર્થમાં નાયો તોઈ ઈનું ઈ રહ્યું. ગુરુઓ, આચાર્યો ઘણે ઠેકાણે શરણાગતિ લીધી તોઈ કાંઈ મળ્યું નહીં. ઊલટો ઉકરડો ઊંચો થયો. શાંતિ ન મળી. નિરાશઃ હવે આ સંસારનો ઉદ્ધાર કરનારો કોઈ નથી. કાંઈ નહીં કે મૂંગો ગોતીળો સારો. એમ કરીને પાછો વળ્યો. કાઠિયાવાડનો પંચાળ દેશ ગઢડાનો, એમાં સોંસરવો નીકળ્યો ત્યાં મેં સાંભળ્યું સ્વામિનારાયણનું સત્સંગીજીવનશાસ્ત્ર એની કથા દુર્ગપુરમાં ગઢપુરમાં ચાલુ છે, ત્યાં કોઈ મંદિર છે ગોપીનાથજીનું મજાનું, ત્યાં સાધુ પુરુષો મોટા મોટા રહે છે. મને હર્ષ આવ્યો. હું સીમાડામાં આવ્યો ત્યાં મને માલિકોર આનંદ દેખાવા લાગ્યો, જરૂર કોક આ ગામમાં મોટા સત્પુરુષ રહેતા હશે નહીં તો મને શાંતિ ન થાય. ગંગાજીમાં નાયો, ઠાકોરજીના દર્શન કર્યા અને સત્સંગીજીવન જેવું પવિત્ર શાસ્ત્ર સાંભળ્યું. આમાં અમે સાંભળ્યું, એને લઈને એટલું અંદર માહાત્મ્ય આવ્યું કે આને આ જન્મે મોક્ષમાં જવાય એ હકીકત મને જીવમાં બેસી ગઈ. આ સાંભળવા વડે અક્ષરધામનું સુખ આપે, મોક્ષ આપે એવું આ શાસ્ત્ર મેં સાંભળ્યું. માટે હું ધામમાં જાવ છું. એમ તમે સાંભળશો. તો મોક્ષની સિદ્ધિને પામશો. ભગવાનને ઘરેથી ચિઠ્ઠીઓ આવી ગઈ છે આ બધી. પહેલા નો'તી આવી. હવે આવી ગઈ છે. વચને આવે, કાનમાં આવે, આંખમાં આવે, ચિઠ્ઠીઓ આવી ગઈ. એની પેલા આ કામ ભેગે ભેગું કરી નાખી દેવું, એટલે અધૂરું કામ પૂરું. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ઈ ચારેય પુરુષાર્થની આ શાસ્ત્ર વડે સિદ્ધિ થાય છે. અવકાશને અનુસારે સંભાળજો. આમ જીવાત્મા મોક્ષને પામી જાય છે.

રાજકોટમાં બોરડીની નીચે મંદિર નોતું વાડી હતી. હું કાશીથી આવ્યો'તો. હરિલીલાકલ્પતરનું પારાયણ હતું. ચાલતી વાત હતી. એક ડોશી બેઠા'તા તે કે હું તો ધામમાં જાઉં તો ઠીક છે. આ કથામાં આવે છે કે, ભગવાન ધામમાં લઈ જાય છે માટે ધામમાં વઈ જાઉં તો ઠીક. માટે ત્યાં ને ત્યાં રેય, ઘરે નો જાય. બપોરે જમવા આપે. જમી લેય. સાંજે વાળું કરે અને ત્યાં માણસો રહેતા સાચવવા. પાંચમે કે છઠ્ઠે દિ' મને સાંભરે છે કે, આ

કેરીનું ફળ આંહિ પડેલું હતું તે કેરીનું ફળ ઠાકોરજીને ધરીને મેં એમને ચીરિયું આપીને કહ્યું કે, આ ખાજો તો ધામમાં જશો. તે બે કલાક પછી ચીરિયું ખાધા પછી ત્યાં ને ત્યાં બેઠાં બેઠાં ધામમાં વયા ગયા. આ હરિલીલા કલ્પતરુનો દાખલો. કથામાં હું બેઠો હતો રાજકોટનો દાખલો બોરડીની નીચે. આશ્ચર્ય થઈ ગયું સૌને કે મારું હાળું આ ડોશીમા તો વયા ગયા કે મારે ધામમાં જાવું છે હવે આંહિથી ઘેરે નથી જાવું. ભાગવતના માહાત્મ્યમાં લખ્યું છે કે, સાંભળનાર બધાય પણ ફળમાં કેમ ભેદ છે ? તો કોઈને વાસના લાગી હોય, કોઈને ઘર વળગ્યું હોય, કોઈ ને કાંઈ વળગ્યું હોય, કોઈ ને કાંઈ વળગ્યું હોય, ઈ બધું મેલે તંઈ ધામમાં જવાય એટલે ફળમાં ફેર પડી જાય. શુકદેવજીને એમ હતું કે, હું બાપને ઘેર જમ્યો ખરો પણ બાપાનું મોઢું નથી જોવું. વ્યાસ કે એલા ઊભો તો રે. તારું મોઢું તો જોઉં. મારી જેવા છો કે બીજા જેવો છો. જોવા તો દે. શુકદેવજી કે જો બાપનું મોઢું જોવ તો મને સાંભર્યા કરે કે મારો બાપ આવા હતા માટે મોઢું નથી જોવું. એમ ભાગવતમાં લખ્યું છે. માટે હું નઈ જોઉ. પછી સાંભરેને કે બાપનું મોઢું જોવ પછી સાંભરે કે બાપો આવા હતા. ઈ કે મારે નથી જોવું. એમ એવો જે ભક્ત હોય છે તો એને કાંઈ આ લોકની પડી નથી.

પરમ પુરુષાર્થ મોટામાં મોટો મોક્ષ એ પરપુરુષોત્તમ નારાયણ સ્વામિનારાયણ ભગવાન એની પ્રસન્નતા થકી શું શું નથી મળતું ? મુક્તાનંદ સ્વામિ કહે છે, સાચે સાચું ફરીવાર સાચું તમને કઉં છું એકવાર કથા સાંભળીને જો એવું હેત કરશો તો આને આ જન્મે ધામમાં જશો. મુક્તાનંદ સ્વામી કહે છે, સહજ સ્વભાવિ આનંદની મૂર્તિ આનંદ આપનારા એવા શ્રીજી મહારાજને હું વંદન જ કર્યા કરું છું. ધર્મદેવના પુત્ર પ્રગટ થયા છે, દયાના સાગર છે, જેની કથા મોક્ષ આપે એવી છે, અનંત દિવ્ય ગુણના તો સાગર છે, દિવ્ય અક્ષરધામમાં રહેનારા છે, માયાને ટાળનારા છે, એવા મંગળ મૂર્તિ સ્વરૂપ, પોતે ય માળા હાથમાં લઈને ફેરવનારા છે. મંદ હાસ્ય ભરેલું મુખારવિંદ છે. જે ભગવાનને ભાત ભાતના, એના પુરુષોત્તમપણાના અંકિત ચિન્હો છે. એના આભૂષણો પહેર્યા છે એવા શ્રીસ્વામિનારાયણ તમે

વંદનીય છો, આ મહાત્મ્ય છે. ગ્રંથ સાંજે વંચાશે. પુરાણીઓ, શાસ્ત્રીઓ આવશે વાંચશે. અમે આવશું મોડા-મોડા. જે અક્ષરધામમાં રહ્યા છે, અક્ષરમુક્તો પંદર પંદર વર્ષના બધા રૂપાળા ભગવાન જેવા, સોનાની જેવા ચળકતા તમામ પુરુષોત્તમ નારાયણની સેવાચાકરી કરે છે. બ્રહ્મા, શંકર ઈ એવડા થઈ થઈ ને ત્યાં જાય છે. સીમાડેથી પાછું વળવું પડે છે. ભગવાન પાસે નથી પોચાતું. એવા હરિકૃષ્ણ શ્રીજી મહારાજ અમારા મનમાં વસો, મારા જીવમાં બેસો, જે તમે પૂર્ણ દયા વડે અમારી જેવા થઈને દેખાવ છો પણ છો દિવ્ય અને લીલા ચરિત્ર જેવો ભગત ઈ પ્રમાણે કરો છો. નો દેખ્યા, નો સાંભળ્યા, નો કલ્પ્યા પણ ભક્ત આવ્યો અને એણે ઈચ્છયું કે ભગવાનને હું આ રીતે રાજી કરું એનું નામ વિચિત્ર ચરિત્ર. ભાતભાતની તમે લીલા ચરિત્રો કરનારા છો. એવા હરિ શ્રીજી મહારાજ મારા ઉપર રાજી થાવ. આપણે બધા ભમરા છીએ ભમરા, પુષ્પના રસને લેનારા મધુપ છીએ, ભગવાનના ચરણના રસનું પાન કરનારા છીએ. ઈન્દ્રિયોના વેગ જે અસુરો એને રોકી રાખનારા છીએ. બીજાનું કલ્યાણ કરે એવા સત્પુરુષો સાધુ-સંતો મારા પર રાજી થજો.

ઈતિ શ્રી સત્સંગીજીવન માહાત્મ્ય મુક્તાનંદસ્વામી વિરચિતે
શતાનંદ હેમંતસિંહ સંવાદે માહાત્મ્ય ઈતિહાસ કથને નવમો અધ્યાય.

✳ પરાવાણી - ૪૭ ✳

✪ માનસ પ્રત્યક્ષ, લૌકિક પ્રત્યક્ષમાં અલૌકિક પ્રત્યક્ષની વાત
✪ ભગવાનના સંબંધ વિનાના પરધર્મથી દૂર રહેવું

ભગવાન અને સત્પુરુષની છબી પોતાના મકાનમાં, ભગવાન અને સત્પુરુષના બાર મહિને ઘરમાં ચરણારવિંદ, પોતાના ઘરમાં પગલાં કરાવવા. અને ભગવાનની મૂર્તિને રોજ ભજન કરી કરી અને રાજી કરવા, એમના પૂજન કરવા, ધ્યાન ભજન કરવા એમને જમાડવા, આવી રીતે કરતો રહીશ તો એમાં વધારો ખર્ચો નહીં લાગે. આ નવરાશમાં થાય એવું છે. સવારે ઉઠતાંવેત નવરા, સાયંકાળે કામ-ધંધામાંથી છૂટે ત્યારે નવરા. આ નવરાશમાં આટલું કરી લેજે એટલે તારો મોક્ષ થાશે. શ્રીકૃષ્ણ ભગવાન કહે, વાહ ભીષ્મ તમે સારું બતાવ્યું. યુધિષ્ઠિર રાજા કહે, મને સમજાણું બરાબર. ભીષ્મ કહે, હજુ નથી સમજાણું. ત્રણવાના કહ્યા તોય તને નથી સમજાણું. તો કાં ? મને સમજાઈ ગયું છે. હું ઘરે જઈ બંગલામાં નરસિંહ ભગવાનની મૂર્તિ સ્થાપીશ, રામની મૂર્તિ સ્થાપીશ અને રોજ પૂજા કરીશ. રામ રામ કરીશ. એને થાળ ધરીશ. આ ભીષ્મ કહે, આ તારો આ કૃષ્ણ પડખે બેઠો છે ઈ તો જો, ઈ કોણ છે ? આ પ્રત્યક્ષ છે. તું એને પગે લાગ, એને ધરીને જમ. એની સલાહ લે, એનું ભજન કર. આ ખરી ઓળખાણ છે. ઓહો હો આ મારી ભૂલ બહુ જબરી છે. દર્શન કરનારા, એમની મૂર્તિને સંભારનારા એ માનસ પ્રત્યક્ષ.

માનસ પ્રત્યક્ષ થયા પછી એની મૂર્તિઓ પ્રગટ કરી. એના સ્વરૂપ પ્રગટ કર્યા, એના ગ્રંથો લખાણા, જોઈ લ્યો વચનામૃતો. સંવત ૧૮૭૬ના માગશર સુદી ચતુર્થીને દિવસે શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબડી નીચે બિરાજમાન હતા. દેશ દેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પોતે શ્વેત વસ્ત્રો ધારણ કર્યા હતા. આ ત્રણેય બતાવ્યું લૌકિક પ્રત્યક્ષમાં અલૌકિક પ્રત્યક્ષ. સંવત ૧૮૭૬ એકડો, આઠડો, સાતડો, છગડો આ આંક, એ આંકમાં ભગવાન રહ્યા છે. માટે આંક એનું શરીર છે. આ ઈ પ્રત્યક્ષ શરીર શરીરી. સમય વિક્રમ સંવત. વિક્રમ એનું શરીર હતું કારણ કે રાજા ભગવાનનું શરીર છે, તેમાં ભગવાનનો વાસ વિશેષ છે. ચક્રવર્તીમાં વધારે વાસ લખ્યો છે. વિક્રમથી ઉપલબ્ધ સમય માટે વિક્રમ એટલો સમયનો તાત્પર્યકાળ, સમયમાં એકડા લાગુ પડ્યા એટલે વર્ષ. વર્ષમાં ખંડ લાગુ પડ્યા એટલે માગશર માસ. ઈ પરમેશ્વરનું શરીર થયું માર્ગશીર્ષ. માગશર મહિનો. બધું એનું શરીર છે પણ આમાં વિશેષ છે. તત્ત્વ, કાંઈક વધારે છે. એમાંય પણ દાદા ખાચરના દરબારમાં. એની માટે તો બધુંય ભગવાન છે. પણ હું હરતો ફરતો વિચરતો ત્યાં છઉં એટલે આપણને એમ થાય અત્યારે વાંચો તોય શ્રીહરિ ત્યાં બિરાજ્યા છે, બેઠા છે, બોલે છે, સાથે સંત બેઠા છે. અનેક દેશના હરિભક્તો બેઠા છે. બોલો આ તદાકાર થઈ જાય, ઈ તદાકાર થાય એટલે તરત શબ્દો પ્રગટ થવા માંડે, પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, બોલો ઈ શબ્દો પ્રગટ થવા લાગ્યા, સંતના શબ્દો પ્રગટ થાય. આપણે કાનથી સાંભળીએ, એ શબ્દ આકાશમાં લીન રહ્યો હતો તેને એના સાધન વડે પ્રગટ કર્યા. સાધન ક્યું ? આપણી જીભ. જીભથી થોડો પ્રગટ થાય. કારણ કે આમાં બ્રહ્માએ ગોઠવણ એવી કરી છે. પણ આપણે ગોઠવણ એવી કરી છે કે, કોણે ક્યાં ક્યાં જીભો મેલી એટલે બ્રહ્માંડમાં વ્યાપી જાય શબ્દ. આ રીતે શબ્દે એના વર્તમાન અર્થને ભાન કરાવી દીધું માટે અર્થ છે ઈ પ્રત્યક્ષ પ્રમાણ છે.

આ રીતે દિવ્ય માનસ પ્રત્યક્ષ એ દાદા ખાચરનો દરબાર, લીંબડી, નીચે ઓટો ને સભા ને સંત પુરુષો. એના થતાં વાક્યો એના થતાં અર્થો

અને આપણા કાન સાંભળે. વચનામૃત વંચાય અને આપણે સાંભળીએ. ભગવાન એવા દિવ્ય મૂર્તિ એના બોલેલા શબ્દો કાનમાં લેવાણા. જોઈ લો કાનમાં શબ્દ પ્રત્યક્ષ થઈ ગયો. એ શબ્દમાં જરાક શબ્દ વચનામૃતમાં બેઠો. એની રેખાઓ વચનામૃતમાં બેઠી. એ રેખાઓ પ્રમાણે બોલનારો બોલે કે આ મહારાજ બોલ્યા'તા એ શબ્દ તેનાથી આ રેખા છે, તે રેલગાડીની ટિકિટ હાથમાં આવી એટલે ટિકિટ એમ બોલે કે તમને ડબ્બામાં બેસવા મળશે. અને ફલાણે સ્ટેશને ઉતરવા મળશે. ટિકિટ નો બોલે પણ ઓલી રેખા બોલે. રેખામાં શબ્દ રહ્યો છે. ખાલી લાક્ષણિક અર્થ થયો. શબ્દને ઠેકાણે લક્ષણા વાપરવી પડી. એનું નામ શું ? તો કે સત્યાર્થ હોય એની સાથે સંબંધવાળી બીજી ચીજો હાજરી આપે માટે લક્ષણ. સત્ય અર્થને અડખે પડખે રહી અને લક્ષ્યમાં લેવા જેવી ચીજ, ઈ ચીજ લેવાય એમાં આત્માનું જે જ્ઞાન થાય, અર્થબોધ થાય એમાં જે વૃત્તિ પહોંચી ગઈ ઈ લક્ષણા વૃત્તિ. આ રીતે લક્ષણાવૃત્તિથી પ્રત્યક્ષ પ્રમાણ શ્રીહરિ બિરાજે છે. માટે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એમનો શક પ્રત્યક્ષ પ્રમાણ ચાલ્યો આવે છે. ઈ પોતે પ્રત્યક્ષ પ્રમાણ છે. પ્રત્યક્ષ બિરાજે છે. એવા ભગવાન તે અમારી બુદ્ધિને, ઘી ને અને ઘી વાળો એવો આત્મા તેને સત્કાર્યમાં પ્રેરો. સારા સારા કામ કરાવો. ઈ સત્કાર્ય ક્યાં ? તો કે તમારા સંબંધી સત્કાર્ય. હું તમારા નિર્ગુણ કામકાજ કરું એનું નામ સત્કાર્ય. આવા સારા કાર્ય હું કરતો જાઉં.

સ્વામિનારાયણ ભગવાન કહે છે, એવા સત્કાર્યોમાં મેં તમને આજ્ઞાઓ કરી. દેવતાઓમાં હું વસેલો છઉં. દેવાલયોમાં વસું છું. દેવોમાં વસેલો શરીરી હું છું. તમારામાં વસેલો હું છું. દેવો એ શક્તિથી ઉપાસના કરી દેવત્વપણું પ્રાપ્ત કર્યું છે એટલે સિદ્ધીમત્તાપણું, એનું નામ દેવત્વમ્. ત્યારે આપણામાં સિદ્ધીમત્તાપણું ઈ આપણું મુક્તત્વમ્. આપણામાં સિદ્ધી કઈ ? સ્વામિનારાયણ ભગવાનના સમયમાં સંત પુરુષો જીભથી બોલતા એ થતું અને અત્યારે આશીર્વાદ આપે છે ને થાય છે. હરિભક્તો પણ બળિયા ખરેખરા. ભગવાનને માથું આપનારા. અનન્ય શરણાગત. શ્રીહરિના બળવાળા ઈ આજ્ઞાને આશીર્વાદ દઈ દેય ઈ પ્રમાણે ફળીભૂત થાય છે ઈ એની શુદ્ધિ. પુરુષોત્તમ

નારાયણ બળવાળા છે, બળિયા છે પણ એનું બળ ઓળખી, પોતાનામાં બળ લેવા શીખવું. જો લેતો નથી તો બળિયો તો છે પણ બળ વાપરી શકતો નથી. કદાચ વાપરવા જાય તો ઠઠ્ઠા જેવું થાય. કામ ના કરે પકડાય તો ખરું. કામ ન કરે માટે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કહે છે, તમે જે દેવોનું દર્શન કરો તેમાં મને જો જો, તમારા ઈષ્ટદેવને જો જો.

મહારાજ કહે, જગન્નાથપુરીમાં અમે વસતા, એક મહિના સુધી જગન્નાથજીની મૂર્તિમાં રહી અને અંતર્યામી તરીકે ત્યાંના બ્રાહ્મણ એવા પૂજારીનો ભક્તિભાવ દેખતા. પુરાણમાં જગન્નાથની મૂર્તિ એની હકીકતો ઘણી લખી છે. ઈન્દ્રદ્યુમ્ન નામનો રાજા થયો એણે ભગવાન પાસે માંગણી કરી. પ્રભુ આ પૂજા વાસ્તે મને કંઈક આપો. ભગવાને દર્શન દઈને કહ્યું, મેં મારી મૂર્તિ બ્રહ્માને આપી છે, બ્રહ્મા પાસેથી ઈન્દ્ર લઈ આવ્યો છે. ઈન્દ્ર પાસેથી સૂર્યે માંગણી કરી છે અને સૂર્ય ઈન્દ્રદ્યુમ્ના સરોવરથી જગન્નાથપુરીનું ગામડું ત્યાં થઈ અને આગળ સમુદ્ર પાસે જાય, ત્યાં એક દિવ્ય વડલો તેની શાખામાં મારી મૂર્તિ હાથ આવી જશે. સુર્યનારાયણ મેલી જશે. એ મૂર્તિને તમે સ્થાપો. આ રીતે એ મૂર્તિની સ્થાપના કરી. માટે જગન્નાથજીની મૂર્તિ દિવ્ય કહેવાય છે. બહુ લાંબી કથા છે. પુરુષોત્તમ ખંડ સ્કંધપુરાણમાં આ કથા છે. પહેલાં પહેલાં નરસિંહજીની મૂર્તિ હતી, ત્યારપછી વરાહ ભગવાનની મૂર્તિ થઈ, ત્યારપછી આ વડલાની શાખામાં રહેનારા નારાયણની મૂર્તિ થઈ અને એ મૂર્તિ સમુદ્રના વાવાઝોડા વડે કરીને મંદિરો સહિત પૃથ્વીના ઊંડાણમાં ચાલ્યા ગયા એટલે દટાઈ ગયા. એની ઉપર ચકરીઓ થઈ ગઈ. ત્યારપછી ફરીવાર શ્રીકૃષ્ણ ભગવાનની બલદેવની મૂર્તિ અને એમના ભગિની બેનની મૂર્તિ શ્રીકૃષ્ણ ભગવાને દર્શન દઈ પધરાવવા વાસ્તે કહ્યું કે, એ પધરાવેલા છે.

આ આખો ઈતિહાસ સ્કંધ પુરાણના પુરુષોત્તમપુરીના ખંડમાં લખેલો છે, માટે હું મૂર્તિમાં રહું છું. મૂર્તિમાં રહેનારો હોય એમાંય રહું છુ. વિષ્ણુ પંચાયતન એમાં હું રહ્યો છું. માટે દર્શન કરવું. એમાં હું છું એમ સમજી અને આદરથી દર્શન કરજો, એમ સ્વામિનારાયણ ભગવાને કહ્યું. વૃદ્ધને પગે લાગવું, વિપ્ર વેદ અને શાસ્ત્રોના જ્ઞાની એવો બ્રહ્મવેત્તા પુરુષ, બ્રાહ્મણ દેવ

તથા તપસ્વી, સાધુ પુરુષ અને ગુરુ એ અંધારું ત્યજીને જ્ઞાન આપે. સાધુ સંન્યાસી, સાધ્વી, પતિવ્રતા નારી અને આદરણીય માનવા એને જરૂર નમસ્કાર કરવા. વશિષ્ઠ ઋષિ લખે છે કે, એમાં પ્રભુ રહ્યા છે. જે ભગવાનને વાસ્તે રહેલા છે, એમાં પ્રભુ રહ્યા છે. એમ જોઈ અને નમસ્કાર કરજો. આપણો રંગ જેણે કરીને રંગાણો અને ઈ રંગ વડે આપણે રંગાણા. રંગમાં રંગાણાપણું શું છે ? રંગનો ચળકાવ. ઈ ચળકાવ એટલે શું ? તો કે ચમત્કાર. ચમત્કાર એટલે શું ? તો કે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત અને સાધુઓ એનામાં ધર્મનો ચમત્કાર, નિયમનો ચમત્કાર, ઉપાસનાનો ચમત્કાર, ઈષ્ટદેવના બળનો ચમત્કાર, ઈ ચમત્કાર છે ઈ એક જાતનો રંગ છે. રંગમાં રંગ ચમત્કારવાળો રંગ એટલે પોતાના ભક્તજનો એનું બળ, એ ભક્તજનોને ભગવાનનું બળ અને ભગવાનનું બળ છે એ એનો વર્ણ છે, એને શાંતિ લેવાનો આશ્રમ છે.

શ્રીહરિએ કહ્યું, મારી મૂર્તિમાં આવીને બેસો છો કે જ્યાં ત્યાં ? જેને તેને બીજા ત્રીજા ને સંભારી જ્યાં ત્યાં પડ્યા રહો છો ? વચનામૃતમાં ઈ હકીકત લખી છે, ત્યાં હરાયા ઢોરનો દાખલો લખ્યો છે. મારી મૂર્તિનો આશ્રમ, મારી મૂર્તિનો રંગ, ઈ તમારો વર્ણ, તમારો આશ્રમ, તમે ભક્ત છો અને લોક રીતિ પ્રમાણે વર્ણ ને આશ્રમ ગોઠવાણા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે. બ્રહ્મચારી, ગૃહસ્થ વગેરે એનો ધર્મ એ તમે ત્યજશો નહીં. મારી આજ્ઞા છે. માટે આજ્ઞાવાળો ધર્મ ઈ ભલે લૌકિક ધર્મ છે. તોય પણ ભાગવત્ ધર્મમાં સામેલ થઈ જાય છે. એવો મારો ભાગવત્ ધર્મ પાળજો. શાસ્ત્રે વિભાગ કરીને વિશેષ ધર્મો લખ્યા, એ વિશેષમાં એ તમને લોકમાં મળતું ન આવે તેવા રીત રિવાજ હોય તો એવા રીત રિવાજને તમે જે વર્ણ આશ્રમમાં રહ્યા હોય એમાં મળતા ન આવે તેને ગ્રહણ ન કરતાં. માટે વર્ણાશ્રમ ધર્મમાં મારો વર્ણ મારો આશ્રમ એનો ધર્મ ભાગવત્ ધર્મ. તમારા વર્ણ અને તમારો આશ્રમ એને ઘટતો એવો લૌકિક ધર્મ. તે બેયને ભેગા કરી અને ભાગવત્ ધર્મ કરી એને તમે પાળજો અને મારામાં અર્પણ કરજો એટલે મુક્તિ દેનારો, મોક્ષ દેનારો એ ધર્મ થશે. આ વર્ણાશ્રમનો ધર્મ કહ્યો. ઈ તો ભાગવત્ ધર્મમાં સામેલ કરી દીધો.

હવે પરધર્મ ક્યો રહ્યો ? એ સિવાયના બીજા ભાગવત્ ધર્મમાં સામેલ થયેલા જે ધર્મ એ ધર્મને પાળતા પાળતા ભગવાનને કદાચ કો'ક દિક ભૂલી જવાણું. અજાણે અને અજ્ઞાને હું કરું છું, ભગવાનને ભૂલી અને અહમ્ પદથી પોતા વડે આશ્રમ થઈ જાય એવી જાતનો ધર્મ એ કેવો થયો ? પરમેશ્વરને પડતા મેલી અને પર તરીકે હું થયો એવો મારો ધર્મ તે પરધર્મ. એટલે ભગવાનના સંબંધ વિનાનો ધર્મ એનું નામ પરધર્મ. કેનો ધર્મ ? આત્માનો ધર્મ શું છે ? સુખિયા દુઃખિયા ન થાવું. માયાનો ધર્મ શુ છે ? સુખ અને દુઃખવાળા થવું. બોલો માયાનો ધર્મ પોતે ગ્રહણ ન કરવો. આત્માએ નિર્લેપ રહેવું. માયા બંધન કરનારી છે. આત્મા બંધન વિનાનો છે. બંધન માયાનો ધર્મ છે. જ્યારે આત્માનો મુક્તતા ધર્મ છે. માટે પરધર્મ એટલે બંધન ધર્મ. બોલો માયાનો ધર્મ ગ્રહણ ન કરતાં. એટલે જન્મ મરણ થાય એવું ન લેતા. મારા સંબંધી કર્મને ગ્રહણ કરજો. મારા સંબંધ વિનાનો ધર્મ એ પરધર્મ. આવા ધર્મથી આઘું રહેવું. હવે લોકરીતિ પ્રમાણે અર્થ. આપણા હૃદયમાં મળી જાય એવો અર્થ. ઓલો તો બ્રહ્મવેત્તાને મળે એવો અર્થ થયો. હૃદયમાં મળે એવો અર્થ. અમારે સાધુને ભગવા કપડાં પહેરવા. માથે મહારાજે કહ્યું એવા રૂમાલ બાંધવા. એમાંથી કદાચ અત્યારે ગાંધી ટોપી લાલ રંગી માથે પહેરીએ તો કોણ ના પાડે છે ? પણ એમ નહીં કાં એને ભગવી કરીને પહેરવી. રૂમાલને ઠેકાણે ટોપી ભગવી કરી અને ઓઢી લેવી. ભાઈ ભગવું વસ્ત્ર છે ને ? પણ સ્વામિનારાયણ ભગવાન કહે છે એમ નહીં મારી વિલક્ષણ ટોપી. રૂમાલની અંદર રહેનારી ઈ ટોપી ઓઢો તો વાંધો નહીં પણ આવડી આ બેયકોર અણીદાર જેવી ઈ ટોપી તમારે માથામાં ન નાખવી. પરંપરાથી નથી ચાલી આવી, હજુ સુધી એનો કલેશ થયો નથી. પછી કાળે કરીને ગમે એમ થાય પણ એ સ્વધર્મ ન કહેવાય. ધર્મ એટલે ક્રિયા. અમારી ક્રિયામાં એ ન આવ્યું. અમારા કર્મકાંડમાં, અમારા વસ્ત્રકાંડમાં, અમારા રીત રિવાજમાં એ ગ્રહણમાં ન આવ્યું.

ભગવાનને ધર્યા વિનાનું જ્યાં ત્યાં જ્યાં ત્યાંથી જેમ મળ્યું અને ભોજન કરી લીધું. એ પરધર્મ. પરે આપ્યું, પરે લીધું, પર ઠેકાણેથી મળ્યું

અને પરદુઃખમાં થયું અને પર દુઃખમાં મોઢામાં મેલ્યું એવું કર્મ ચાલ્યા કર્યું એ પરધર્મ થઈ ગયો. ભગવાન કહે છે, આ રીતે પરધર્મને ઓળખવો. પછી સાવ સ્થૂળ દશામાં અર્થ - હું બ્રાહ્મણ છું, મારે ક્ષત્રિય ધર્મ કેમ લેવાય ? એ પરધર્મ. દેશકાળ હોય તો એય લેવો પડે. ક્ષત્રિય હોય અને મારે ખેતી કેમ થાય ? એ પરધર્મ. પણ દેશકાલ હોય તો ખેતી કરવી પડે. ક્ષત્રિય હોય અને નોકરી કેમ થાય ? એ ક્ષુદ્ર ધર્મ, પણ દેશકાળ હોય તો કરવો પડે. આ રીતે પરધર્મ ગ્રહણ ન કરવા. પણ મને એમાં સામેલ કરી અને મારા શાસ્ત્રોમાં કહેલ હોય એની રીતે એ જ એની રીતિ એના રિવાજ પ્રમાણે ગ્રહણ કરજો. પર નો અર્થ શું કરવો ? અનેક જાતના પર અર્થ વપરાય છે. ત્યારે એનો અર્થ શાસ્ત્ર રીતિ પ્રમાણે પર છે ઈ સામી બાજુ છે.

✳ પરાવાણી - ૪૯ ✳

✪ દ્રૌપદી, સતી સાવિત્રી આદિક પતિવ્રતા નારીની કથા
✪ પતિવ્રતા નારીનો ધર્મ અને મહિમા

પાંચ પાંડવોના પત્ની દ્રૌપદીનું એક આખ્યાન મહાભારતમાં વ્યાસજીએ લખ્યું છે. એકવાર કુંતાજીએ પાંચ પાંડવો અને દ્રૌપદીને કહ્યું કે, આપણે પરીક્ષા કરીએ કે આપણે ધર્મમાં કેટલા છીએ. પછી એક આંબાનું ફળ હેઠું મેલ્યું. યુધિષ્ઠિરને કુંતાજીએ કહ્યું કે, આ ફળ વૃક્ષને ચોંટી જાય, તે માટે તમે તમારા ધર્મનું કંઈ પાનું બોલો. ધર્મરાજા કહે, હું કોઈ દિ' ખોટું ન બોલ્યો હોવ તો આ ફળ જઈને વૃક્ષમાં ચોંટી જાય. તો હાથ એક ઊંચું થયું પણ ચોંટ્યું નહીં. તો સંદેહમાં પડી ગયા કે મારાથી કોઈ દિવસ ખોટું તો બોલાણું હશે. તો યાદ આવ્યું અશ્વત્થામાં મર્યો ત્યારે નરોવા-કુંજરવા તે વખતે અડધું ખોટું બોલાણું હતું. હાથી મર્યો કે અશ્વત્થામાં મર્યો એની મને ખબર ન પડી. એ ખોટું બોલ્યો. એટલી સ્મૃતિ આવી. આ રીતે ધર્મરાજાને પણ ખોટું બોલવું પડે કોક દિ'. પછી વારો આવ્યો ભીમનો. ભીમ કહે, મેં કુંતાજીનું વચન બરાબર પાળ્યું હોય તો ફળ ઊંચું ચડો. બે હાથ ઊંચું ચડ્યું પણ ચોંટ્યું નહીં. ત્યાં અર્જુન કહે, મેં શ્રીકૃષ્ણની પરિપૂર્ણ ભક્તિ કરી હોય, દરેક વચન પાળ્યું હોય તો આ ફળ ચોંટી જાઓ. તો ફળ ત્રણ હાથ સુધી ઊંચું ચડ્યું પણ ચોંટ્યું નહીં, તો અર્જુનને પણ થયું કે, કંઈક ખામી લાગે છે મારામાં. મેં કૃષ્ણનો ઘણીવાર તિરસ્કાર કર્યા છે અને કહ્યું છે કે, તમે શું જાણો ? આ તો મારું ગાંડીવ ધનુષ્ય કામ કરે છે નહિતર તમારા સારથીનો

સોટો શું કામ કરે ? ત્યારે હવે ઓલા બે બાકી રહ્યાં સહદેવ અને નકુલ. એ કહે કે, અમે અમારાથી મોટેરા એવા આખા કુટુંબનું કોઈ દિવસ દિલ દુઃખી ન કર્યું હોય અને આડે માર્ગે ન ગયા હોઈએ તો આ ફળ ઊંચું ચોંટી જાય. પણ છતાંય ફળ થોડું ઊંચું ચડ્યું પણ ચોંટ્યું નહીં. હવે દ્રૌપદીનો વારો આવ્યો. તો કુંતાજીએ કહ્યું કે, હવે બેટી તમે બોલો. તો દ્રૌપદી કહે કે, મેં મારા મનમાં પાંચ પાંડવો સિવાય છઠ્ઠા નરનો સંકલ્પ કર્યો હોય તો હું પતિવ્રતા ન કહેવાઉં અને મારું પતિવ્રતાપણું સાચું હોય તો ફળ ચોંટી જાઓ. એટલે ફળ એક હાથ ઊંચું તો થયું પણ એક મુઠ્ઠી જેટલું અધૂરું રહ્યું. તો કુંતાજી કહે, બેટી ! વાત તારી ખરી છે પણ ક્યારેક તારા સંકલ્પમાં ફેરફાર થયો લાગે છે. હવે જુઓ પતિવ્રતાપણાનું કેટલું બધું માહાત્મ્ય છે.

કુંતાજી કહે, યાદ કર દ્રૌપદી ! કોઈક દિવસ તો તારું મન આડાઅવળું થયું હશે. ત્યારે દ્રૌપદી કહે, હું માસિક ધર્મમાં હતી, ન્હાયાધોયા વગરની હતી, પાંડવો સભામાં બેઠા હતા તો પણ શિશુપાળે મને હાથ અડાડ્યો અને મારા ચોંટલાને પકડીને સભામાં લઈ આવ્યો. પાંડવો સભામાં બેઠા હતા એ જોઈ મને આંખમાંથી પાંપણ ભીની થાય એટલા આંસુ નીકળ્યા અને પાંડવો સામે મેં જોયું પણ કોઈ પાંડવ ઊભા ન થયા. ત્યાં ભીમ ઊભો થવા ગયો ત્યાં યુધિષ્ઠિરે તેને રોકી લીધો. ભીમે કહ્યું, આપણા પાંચ-પાંચ પતિઓના હોવા છતાં કોઈ પરપુરુષ આપણી પત્નીને હાથ અડાડે તો આપણે પાંચેય કેવા કહેવાઈયે ?

તો યુધિષ્ઠિર કહે, ભીમ અત્યારનો ધર્મ જુદો છે માટે બેસી જા. થોડુંક કામ છે એ નિમિત્તે કરવાનું. ત્યારે દ્રૌપદીને મનમાં એમ થયું કે આવા સમયે મારું રક્ષણ કરનારો કોઈ નહીં. ત્યારે મને એટલો સંકલ્પ થયો હતો કે મારી લગ્ન માટે માંગણી ઘણે ઠેકાણેથી આવતી હતી પણ અર્જુન બાણથી માછલાને વીંધનારો થયો અને મત્સયવેધ થયો એટલે મારા પિતાશ્રીએ મને આયા આપી. નહિતર શિશુપાલની પણ માંગણી હતી, બીજા મોટા-મોટા રાજાઓની પણ માંગણી હતી. એ માંગણી પ્રમાણે એણે મને જો ત્યાં આપી હોત તો મારે આજ આ ટાણું ન આવ્યું હોત અને હું રાજની રાણી હોત, જંગલમાં રખડનારી ન હોત. એ સમયે આટલું મન ડગી ગયું હતું.

ત્યારે કુંતાજી બોલ્યા, બેટી સાચું બોલી. ત્યારે દ્રૌપદી હાથ જોડી અને કુંતાજીના પગમાં માથું નમાવી બોલી, હે માતા ! મારું પાપ બળી જજો. અને ત્યારે કુંતાજીએ કહ્યું, બેટી ! તારું પાપ બળી ગયું. જા તું નિષ્પાપ થઈ. ત્યાં તો તરત જ ઓલી કેરી ફટ દઈને વૃક્ષમાં ચોંટી ગઈ. ત્યાં તો આખી સભામાં તાળીઓ એવી પડી કે ધન્ય છે પતિવ્રતાને. આવી પતિવ્રતા દુનિયામાં હોય તો દુનિયાના તમામ જીવપ્રાણી માત્રનું કલ્યાણ કરી નાખે.

સતિ સાવિત્રીના ધણીને યમરાજા પોતે લઈને ચાલ્યા ત્યારે સાવિત્રીએ કહ્યું, આપ એને લઈ જાઓ પણ હું ય સાથે આવીશ. હું એની પત્ની છું. તો યમરાજા કહે, તારી આવરદા હજી બાકી છે પણ તારા પતિની આવરદા પુરી થઈ છે માટે લઈ જાઉં છું. તો કહે, ભલે લઈ જાઓ પણ હું મારા પતિ વિના બીજે ન રહી શકું. ત્યાં તો યમરાજા આકાશમાર્ગે આગળ ચાલ્યા તો સાવિત્રી પણ પોતાના તપના બળથી આકાશમાર્ગે ઊંચે ચાલી. આ જોઈને યમરાજાને એમ થઈ ગયું કે, આ સતિ તો બહું જબરી લાગે છે. તો યમરાજાએ ફરી કહ્યું, તું માંગ એ આપું પણ પાછી વળ. તો સાવિત્રી કહે, મારું બધું તો મારા પતિ જ છે માટે તેનો આત્મા આપો. આ રીતે યમરાજા પણ સતિ સાવિત્રી પાસે હાર્યા.

પતિવ્રતા તો એવી જોઈએ જે પોતાના ધણીને તારે, કુળકુટુંબને તારે, પણ જો તેના મનમાં ખાંડાપણું આવી જાય તો ત્યાં ધર્મ ખાંડો થઈ જાય.

હવે ત્રીજી એક કથા કહું. ભોજરાજા નામનો એક રાજા પ્રસિદ્ધ છે. તે યજ્ઞમાં હોમ-હવન કરતો. ભોજરાજાની પત્ની, તેનો છોકરો એ યજ્ઞના માંડવામાં બેઠેલા. કુંડમાં અગ્નિ હતો. ભોજરાજાને ઝોલું આવ્યું. ભોજરાજા લાંબો થયો. તેની પત્ની રાણી તેણે પોતાનો સાથળ ભોજરાજાના માથાને ઓશીકા તરીકે આપ્યો અને ભોજરાજાને ઊંઘ આવી ગઈ. તેનું છોકરું પાછળ રમતું હતું તે યજ્ઞકુંડથી ત્રણ-ચાર ફૂટ આઘું હતું. એ રમતું-રમતું કુંડની પાળી પાસે આવ્યું અને અગ્નિમાં લડી પડ્યું. એ અગ્નિમાં લડ્યું પણ અગ્નિ ટાઢો થઈ ગયો. સતિને એમ થયું કે મારા ધણીનું મસ્તક હું જરીક પણ હલાવું તો એમને ઊંઘમાં વિક્ષેપ થાય. અને છોકરાને લેવા જાઉં તો ધણી

જાગી જાય તો મારી પતિવ્રતાની ભક્તિ ખંડિત થઈ જાય. અને ધણી હશે તો બધુંય હશે. મારો ધર્મ હશે તો બધુંય હશે. છોકરું બળવું હશે તો ભલે બળી જાય પણ મારા ધણીની ઊંઘ બગડવા ન દઉં. ધન્ય છે પતિવ્રતાને. ભોજરાજાને સ્વપ્નમાં દેખાણું મારો છોકરો અગ્નિના કુંડમાં પડી ગયો. અને તરત માથું ઊંચું કરી એને જ્યાં અગ્નિકુંડમાંથી લેવા જાય છે ત્યાં અગ્નિ જેમ તાજું ચંદન લીપેલું હોય એમ અગ્નિ ઠંડો થઈ ગયો. તો ભોજરાજાએ પૂછ્યું, હે અગ્નિ ! આનું કારણ શું ? તારો બાળવાનો સ્વભાવ છે. તો ઠંડો કેમ થયો ? તો અગ્નિ કહે, તારી નારીનું પતિવ્રતાપણું મેં જોયું એટલે મેં બાળવાનો સ્વભાવ મેલી દીધો અને છોકરાને સજીવન રાખ્યો.

આવા દાખલા દુનિયાના ઘણાંય છે. અયોધ્યાનો કુરુરાજા એણે આખી અયોધ્યા બ્રાહ્મણોને અર્પણ કરી દીધી અને હિમાચળમાં તપ કરવા ચાલ્યા ગયા. એ રાજા અને રાણી બેય ચાલ્યા ગયા અને આગળ એક નદીને કાંઠે ઉભા રહ્યા. તરસ્યા થયા. ત્યારે પત્ની એ દાસી છે એટલે એણે એમ કહ્યું, હું ક્યાંયથી પાણી લઈ આવું અને તમે અહીં બેસો. અને રાણી આગળ ચાલી. રેતી ઉપર પગ મૂક્યો અને પગમાં સણસણાટી બોલી. રેતી ખૂબ જ ગરમ હતી એટલે પગમાં ફોડફોલા થઈ ગયા. ખરેખરો તડકો હતો. પછી રાણી બેઠા બેઠા ધીરે ધીરે આગળ ચાલ્યા. ત્યાં તો રેતીનો જ્યાં જ્યાં સ્પર્શ થયો ત્યાં બધેય અગ્નિ બાળવા લાગ્યો. એટલે તરત રાણીએ સૂર્યનારાયણ સામે જોઈને કહ્યું, તું આટલો બધો તીખો થઈ ગયો છે ? પડ હેઠો. અને ત્યાં તો સૂર્ય આકાશમાંથી ઘણઘણાટી કરતો નાનો નાનો થાતો થાતો પૃથ્વી ઉપર ભફ દઈને સામે પડ્યો. ત્યાં તો કુરુરાજાને એમ થયું આ શું ? આ તો દુનિયાને પ્રકાશ આપનારો દેવ એને રાણીએ હેઠો પાડ્યો. આ શું થયું ? ત્યાં તો સૂર્યનારાયણ ગુસ્સે થયેલા રાણીની આગળ થરથરતો બે હાથ જોડીને ઉભો હતો. ત્યારે રાજાએ રાણીને કહ્યું, રાણી આ તે શું કર્યું ? આ તો આખી દુનિયાને દર્શન દેનારો, પ્રકાશ દેનારો સૂર્યદેવ એને તે કેમ હેઠો પાડ્યો ? ત્યારે રાણી કહે, રાજા આ મારા પગની પાની તો જુઓ. એમાં માલિકોર ફોડલા પડી ગયા છે. એમાં પાણી ભરાઈ ગયા છે. હવે આવી સ્થિતિમાં હું

કેમ ચાલુ અને તમારે માટે ક્યાંથી પાણી લાઉં ? માટે મારો પતિ મરી જાય એના કરતાં આ સૂર્યનારાયણ ભલે મરી જાય. આ સૂર્યનારાયણ તડકો દેનારો મારા ધણીની સેવામાં આડો શું કામ આવ્યો માટે મારે તેને મારી નાખવો છે. એટલે રાજા કહે છે, હે રાણી ! હજી તો હું જીવતો છું માટે હવે આ સૂર્યનારાયણને છુટો કર. ત્યાં સૂર્યનારાયણ બ્રાહ્મણનું રૂપ લઈને રાણી પાસે આવીને કહે, તમે જેમ કહો તેમ કરું. ત્યાં રાજા સૂર્યને કહે, હવે તમે પાણી ભરી આવો. ત્યાં સૂર્યએ પાણી ભરી રાજા અને રાણી બેયને પાણી આપ્યું. ત્યાં સંધ્યા થઈ અને શાંતિ પણ થઈ. તો રાણી કહે, હવે આ મારા પગની પાનીમાં ફડફોડા કે દિ' મટશે ? ત્યાં સૂર્યનારાયણે ત્યાં હાથ ફેરવ્યો અને અશ્વિનીકુમારને સંભાર્યા. તો તરત જ ફોડલા મટી ગયા અને સારું થઈ ગયું. પછી રાણીએ સૂર્યને કહ્યું કે, આજ પછી જો કોઈ પતિવ્રતાને દુઃખ પહોંચાડ્યું છે ને તો તારો ઘાણ નીકળી જવાનો છે. આ રીતે સૂર્યનારાયણ પણ પતિવ્રતા નારીથી ડરે છે.

માટે, પતિવ્રતા નારીએ ધર્મ પાળવો તો આવો પાળવો. વધારે પાળવો. ન રહી શકે તો અડધો પાળવો. અડધો પણ ન રહી શકે તો પોણો પાળવો પણ પાળવો ખરો. પછી ઘરમાં દાળ કે શાક ન હોય ત્યારે ખીજાવું નહીં કે આ ઘરમાં દાળ કે શાક કાંઈ નથી તો શું કરવું ? આવી રીતે પતિને કોઈપણ રીતે કારણ વગર ખીજાવું નહીં. આવી રીતનું પતિવ્રતાપણું ન રાખવું.

પુરાણોમાં લખ્યું છે કે, બાળકના છઠ્ઠે દિવસે છઠ્ઠીની પૂજા જો સારી રીતે થાય તો એ છઠ્ઠીની દેવી એટલે મંછાદેવી એ બારેય મહિના આખું વર્ષ બાળકની રક્ષા કરે છે. બાળક ક્યાંય દબાય ન જાય, કોઈ જંતુ કરડે નહીં, કંઈ ખારું-ખાટું ખવાય ન જાય, કોઈ રીતે એ છોકરું મરવા ન દે પણ છઠ્ઠીની સારી પૂજા કરી હોય તો. આ જાણી રાખવા જેવુ છે.

❖❖❖❖❖

✳ પરાવાણી - ૫૦ ✳

✪ દ્રોહના વચનો ન બોલવા
✪ કૃતઘ્નીનો સંગ ન કરવો

સ્વામિનારાયણ ભગવાન કહે છે, જે મારો આશ્રિત થયો, જેના દિલમાં પાપનો ભય છે, મારાથી પાપ કેમ થાય, મારા થી ભક્તિ જ થાય, મારા દેહ ઈન્દ્રિયોને અવળે રસ્તે કેમ મોકલાય ? મારે સત્ય ધર્મમાં રહેવું જોઈએ. આવી રીતની સ્મૃતિવાળો ભક્ત તે ભક્ત આત્માના કલ્યાણ માટે જે રિતીને બતાવે તે રિતીને અંગીકાર કરવી. ખંડન કરવાના વચનો એ વચનો ન બોલવા. વચન સાચું હોય પણ દ્રોહ થઈ જતો હોય. દ્રોહનો અર્થ એ જે મૂર્તિની સ્થાપના કરીએ તે વખતે બ્રાહ્મણદેવ મંત્રો બોલે છે. મૂર્તિને ''આમાં દેવ પધારો'' એમ કહે છે. આપણે પણ એવું તો બોલી શકીએ છીએ. માટે બ્રાહ્મણ બોલે તો જ આમા દેવ આવે અને હું બોલું તો ન આવે ? મને ય આવડે છે બોલતા. હું ય એના એ મંત્રો બોલી શકું છું. એ વચન સાચું છે. પણ ધ્યાન કરવું, દેવની પ્રતિષ્ઠા કરવી, પ્રતિષ્ઠા કરનાર જે પ્રતિષ્ઠીત થયેલો બ્રાહ્મણદેવ તે વૈદિક રિતીથી શ્રુતિવાળો, મંત્રવાળો, તેના કર્મકાંડ જાણનારો તે ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવે તે એ પ્રતિષ્ઠાના રીતરીવાજ ન જાણતો હોય અને જેમતેમ પ્રતિષ્ઠા કરનારો હોય ત્યારે બોલવું પડે કે ભાઈ મને આવડતું નથી તો તું રહેવા દે, બીજાને કરવા દે કામ. ત્યારે ઓલો બ્રાહ્મણ બોલી ઉઠે કે, એને આવડે છે તો શું મને નથી આવડતું ? આ ત્યાં દ્રોહનું શિખર ઊભું થાય છે. એવી રીતે ઘણાં કાર્યોમાં સાચું વચન,

જેમ અત્યારે લાખોની મેદની બેઠી છે, ચારેય કોર સભાઓ બેઠી છે, મર્યાદાથી બેઠી છે, કથા વાંચનાર આચાર્ય બ્રાહ્મણ બેઠા છે. એના નેત્રની વૃત્તિ સભામાં લાંબી જાય એ રીતે નેત્રને ગ્રંથ વાંચવાથી થયેલો થાક ન લાગે માટે એના નેત્રની દૂર દૂર વૃત્તિ ચાલી જાય એમ ફેરવવી તો પડે. ત્યારે કોઈ દ્વેષી વ્યક્તિ હોય તો એ જોઈ લે કે આ પુરુષ વર્ગની સભાને દેખે છે. પણ નારી વર્ગની સભા સામે પણ આંખ કરીને ત્યાં પણ દેખે છે. વાત તો એની બોલવાની સાચી રહી. પણ તે મહાપુરુષની નેત્રની દૃષ્ટિ થાકી ગઈ છે માટે તે લાંબી દૃષ્ટિ કરીને જુએ છે. પણ એનો લક્ષ્ય એવો નથી કે જે નિષેધ વસ્તુ છે તેને જુએ છે એવું નથી. પણ બોલનારો તો બોલે. એ બીજાને કેય કે, જોયું જોયું એણે બાયુની સભા સામે જોયું. સત્યં વાક્યં - ઈ બેય જણા બોલે તો સાચું. પણ જોવાની એ વૃત્તિ નથી કે દુર્ગુણ, વાસનાઓ અને કોઈ પ્રકૃત્તિ નો ઉપજી જાય. એટલે શ્રદ્ધા તોડી નાખી. આ સત્ય વચન તો છે પણ દ્રોહ થયો કહેવાય. આવી જાતના વચનો તો અનેક છે.

સ્વામિનારાયણ ભગવાન કહે છે, આવા દ્રોહના વચનો ક્યારેય બોલવા નહીં. કૃતઘ્નીનો સંગ ન કરવો. પરમેશ્વરની ભક્તિ બજાવનારા ગુરુ છે, બતાવનારા ગુરુ છે, પાંચ માળા ફેરવીને પુણ્ય આપનારા પણ ગુરુદેવ છે. સંપ્રદાયના કેટલાય કામકાજ કરનારા ગુરુદેવ છે. રાજ્ય ધર્મકાર્ય ભલે કરે પણ ધર્મકાર્ય સંત કરી શકે તેટલું કોઈ ન કરી શકે. મહાપુરુષ બધું કરી શકે છે કારણ કે એનામા સામર્થ્ય છે. એવા સંતપુરુષોએ ભગવાનની ભક્તિનો માર્ગ પ્રવર્તાવ્યો. પ્રવૃત્ત થયેલા માર્ગને કોઈ એમ કહી દેય કે, તે શું સારું કર્યું ? માણસોને અવળે રવાડે ચડાવી દીધા. કોઈ એમ કહેશે કે મારો છોકરો માંડ કમાતોતો, ખેતી-વાડી કરતોતો, વેપારધંધા કરતોતો, સારે રસ્તે ચાલતોતો, કહ્યું કરતોતો, સવારે વહેલો ઊઠીને હાતિ જોડતોતો, દુકાન ઊઘાડતોતો, બધું જ કામ કરતો હતો પણ આ સ્વામિનારાયણના બાવા મળ્યા તો એણે સવારમાં ન્હાતો કરી દીધો, પૂજા કરતો કરી દીધો. પહેલા તો દૂધ અને સાકર રોજ જમી લેતો પણ હવે તો ભગવાનને પાંચ મિનિટ ધરે પછી જમે. સાધુ તો કામકાજ કરનારાને ધર્મના કામકાજ કરાવી અકર્મી બનાવી દેય છે.

છોકરો કમાણી આપતો હતો તેમાંથી ભગવાનની કમાણી થાવા લાગી એ કમાણીમાં ઓલી ઘરની કમાણીને આડી રાખી અને પછી સાધુએ સારો રસ્તો બતાવ્યો. છતાં પણ એણે આણી નાખે એવા શબ્દો વપરાણા. માટે આવું કૃતઘ્નીપણું અને એવા કૃતઘ્નીનો સંગ ન કરવો. તો હવે શું કરવું ? ઘર મેલીને વયું તો જવાય નહીં, અને કુળ-કુટુંબ છે એનો દ્રોહ થાય નહીં. માટે પરમેશ્વરની ભક્તિ હું કરું છું અને એ કહ્યા કરે છે, એ રીતના એમના વચનો દિલમાં ન ધારી ભગવદ્‌ભક્તિ કર્યા કરવી અને સાથે ઘરના કામકાજ પણ કર્યા કરવા. સંગનો અર્થ એવો છે કે, એવા વચનોના ખરાબ પરિણામ આવી જાય એવો ધંધો ન કરવો.

એક છોકરો ભગવાનનો ભક્ત તો હતો. એને સ્વામિનારાયણના સાધુએ સ્વામિનારાયણનું નામ આપ્યું, મંત્ર આપ્યો. એને કહ્યું તું ડુંગળી ખાઈશ નહીં, લસણ ખાઈશ નહીં, ગાળીને પાણી પીજે, ભગવાનની ભક્તિ કરજે. છોકરો મંડ્યો સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરવા. ધર્મ પાળવા મંડ્યો, ન્હાવા મંડ્યો, પૂજા કરવા મંડ્યો. બાપ તેને કહે, આ તે શું ધંધો માંડ્યો ? આ તો પાંખડ છે. બધું પડ્યું મેલી દે. આપણે ખેડુને આ નો પોષાય. આપણો તો ધર્મ છે સવારમાં ઉઠતાવેત પાણીનો ગ્લાસ લઈ, મોઢું ધોઈ, કોગળો કરી અને બાજરાનો રોટલો અને દહીં ચટકારી હાતિ જોડીને ખેતરમાં વયું જાવું. આવું ન્હાવા ધોવાનું વળી કયાં ધંધો કરવા માંડ્યો ? છોકરો કહે, બાપા શાસ્ત્રોમાં લખ્યું છે કે, સવારમાં ન્હાવું ધોવું અને પછી કામકાજે જાવું. ન્હાયા પછી દેવપૂજન કરવું. શાસ્ત્રો બરાબર લખે છે કે, ન્હાવું ધોવું દેવની પૂજા કરવી પછી શરીરને પોષણ આપવું પછી સારા કામકાજ કરવા જવું. ઉદ્યમ કરવો. છોકરો કહે, આટલું તો લખ્યું છે. સાધુએ મને જે કહ્યું છે એ તો મારે કરવું જ છે નહિતર આ દેહ યમપુરીમાં પડવાનો જ છે. મારો આત્મા યમપુરીમાં જાય એવું મારે કરવું નથી. બાપ બહુ ખીજાણો, સ્વામિનારાયણનો પંથ મેલી દે હો. દિકરો તો એક જ હતો. થોડું થોડું કહેતા કહેતા છોકરાએ જોર પકડ્યું કે મારે તો ધર્મ પાળવો જ છે. બાપ કહે, બીજો ધર્મ પાળવા માંડે એ છોકરો મારે જોતો જ નથી, એ મારો

દિકરો જ નથી માટે તને મારી નાખીશ. તો છોકરો કહે, ધર્મ પાળતા-પાળતા મરી જાઉં તો મારી સદ્‌ગતિ થાશે. પણ ધર્મ પાળવામાં મને શું કામ રોકો છો ? તો બાપ કહે, તને છેલ્લીવાર કહું છું તું ધર્મ પાળવાનું મેલી દે. કંઠી તોડી નાખ ને સ્વામિનારાયણનું નામ લેમા. તારે તો આપણો પંથ એટલે ગ્રહણ. ગ્રહણ આવે એટલે ન્હાવું જોઈએ. એ સિવાય વળી ન્હાવાની શી જરૂર છે ? તો છોકરો કહે, હવે બધી સમજણ પડી છે એટલે હું કાંઈ નહીં કરું. મારે તો દરરોજ ન્હાવું ધોવું જોશે. તો બાપ કહે, આ પંથ-ધર્મ મેલી દે નહિતર તને મારી નાખીશ.

આ છોકરાએ ધર્મને માટે, પોતાના જીવના મોક્ષને માટે ખૂબ જ દૃઢતા રાખી. બાપાને હવે ખીજ ચડી. હળ ભરેલો હતો ગાડાનો. તેમાં બળદના ગળાનું જે જોતર છોડેલું તે જોતર છોકરાના ગળામાં બાંધ્યું અને કહ્યું, બોલ ધર્મ છોડે છે કે નહીં ? છોકરો કહે, હું જીવતો છું ત્યાં સુધી ધર્મ નહીં છોડું. એમ કહી હે સ્વામિનારાયણ પરમાત્મા મારી સંભાળ લેજો એમ જ્યાં છોકરો બોલતો હતો ત્યાં સગા બાપે જોતર છોડી ગાડું કર્યું ઉંચુ અને છોકરાને લટકાવી મેલ્યો. ત્યાં તો થોડી જ વારમાં છોકરાએ જીવ છોડી દીધો.

ધર્મ પાળવામાં આવી રીતના માણસો ધર્મનો નાશ કરી નાખે એવા પણ હોય છે. એની કૃતઘ્નીમાં ગણતરી કરી છે. પરમાત્માએ શરીર આપ્યું એ ધર્મ પાળવા આપ્યું છે છતાં પણ ધર્મ ન પાળવા દેય તો શાસ્ત્રમાં લખ્યું છે કે એ સંબંધી શાના ? તે મનુષ્ય જન્મમાં જન્મ પામેલા હોય છે પણ પરમાત્માને માટે મોક્ષને શું કામમાં આવ્યા ? એટલા વાસ્તે જીવને ઓળખાણ આપી કે ધર્મના કાર્યને ન ગણકારે તેમણે શું કરી લીધું ? આખું જીવન પાલન કર્યું હોય તો કે ભાઈ આટલા કામ કર ને. પણ તે શું પાળ્યું છે ? મારી તકદીરમાં હતું એટલું હું જીવ્યો. આ તને ભણાવ્યો, પરણાવ્યો તેનું શું ? તો કે, આ તો તમારી ફરજ હતી એ તમે કર્યું, એ તમારો ધર્મ છે. પણ પોતે નથી સમજતો કે મારો સાચો ધર્મ શું છે ત્યાં કૃતઘ્નીપણું એમાં આવી ગયું.

આખી જીંદગી તૈયાર કર્યો હોય અને કો'ક ને ત્યાં જઈને બેસી જાય એ એનો કૃતઘ્ની ગણાય. આવી રીતે કૃતઘ્નપણું હોય છે પણ દુનિયા એવી આંધળી હોય છે જે કંઈ ન ગણકારે.

શાસ્ત્રો એમ લખે છે, મિતાક્ષરી ટીકા એમ લખે છે કે, મિત્રને સહાય આપી અને જો એનો તિરસ્કાર કરે, ગઢપણમાં માવતરોને તગડી મેલે, ખાવા-પીવા ન દે, ખાટલે બેઠો-બેઠો બાપા પાણી પી લેજો માટલી મેલી છે અને રોટલો તો ઘડશે ત્યારે દેશે. અને બાપા એમ કહે, છાશ હોય તો આપો ને. તો છોકરો કહે, ઘરમાં ક્યાં પૈસા છે, છાશ ક્યાંથી લાવવી ? ખવાય-ચવાય તો ખાવ નહિતર કાંઈ નહીં. આ બધા કૃતઘ્નના પ્રવેશો છે. માટે શાસ્ત્ર લખે છે કે, એવા કૃતઘ્ની જોડે વાત કરે તો પણ શ્વાસમાં પાપ ચોંટી જાય. પડખે બેસો તો પણ પાપ ચોંટી જાય. સામું મોઢું રાખીને વાતચીત કરવા બેસો તો પણ આપણા કાનમાંથી એની શ્વાસની ફણગી માલિકોર વહી જાય. કૃતઘ્નની સાથે પાંચ-પચ્ચીસ ડગલાં ચાલો તો પણ કાનમાં એવું રેડી દેય કે આમ નહીં ને આમ કરી નાખજો. ભોજન એક થાળીમાં રાખ્યું હોય ને જમવા બેસો અથવા એકબીજાનું ભોજન લેવા માંડો એ ભોજન સાથે લેય તોય પણ કૃતઘ્નીનું પાતક ચોંટી જાય છે.

ભણવા-ભણાવવામાં પણ એવા પ્રસંગો બની જાય, યજ્ઞ-યાગમાં પણ એવા પ્રસંગો બની જાય, ગુરુ થવામાં એવા પ્રસંગો બની જાય છે કે, એકને આમ સમજાવો ને એકને આમ સમજાવો. દરેક જાતનું કૃતઘ્નીપણું રહ્યું જ છે. મનુષ્યના દેહનું કૃતઘ્નીપણું, ધર્મનું કૃતઘ્નીપણું, પરમેશ્વરની ઈચ્છાનું કૃતઘ્નીપણું, આવા કૃતઘ્નીપણા રહ્યાં છે. કોઈની સાથે હાલે-ચાલે, ખાઈ-પીએ તેને પણ કૃતઘ્નીપણાના પાતકો ચોંટી જાય છે.

સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, કોઈની લાંચ ખાશોમા. લાંચ લઈને કોઈનું કામ કરવું નહીં. કામકાજ કરવા માટે તો પગાર મળતો હોય છે છતાં પણ હમણાં કાગળીયું કામ કરતું નથી, હમણાં સાહેબ નથી, હમણાં બરોબર ઠીક નથી, કાલ સાંજે ઘરે આવજો અને જલ્દી આવજો. આ લાલચ માણસને મારી દેય છે જે ધર્મમાં નથી. લાંચ એ અધર્મ છે જે ખાનારાને શાંતિ આપતી નથી. માટે કોઈની લાંચ લેવી નહીં.

સ્વામિનારાયણ ભગવાન કહે છે, ચોર-પાપી-વ્યસની અને પાખંડીનો સંગ ન કરતા. માણસોની છેતરામણી કરે તેવા માણસોનો સંગ ન કરતા.

આ બધા અસંત છે. અસત્ માણસોમાં તેનો સમાવેશ થાય છે. હંસ ગીતામાં લખ્યું છે કે, સાચાં થાવું પણ ખોટાં ન થાવું.

સંગ કરનારો ધોળું કપડું જેવા રંગમાં રંગે તેવા રંગવાળું થઈ જાય છે. ચોખ્ખો માણસ કુળ-કપટવાળાના સંગમાં રહે તો તેવા રંગે રંગાઈ જાય. ભગવાન કહે છે, અમારો અને સાધુનો સંગ કરજો પણ અસત્ નો સંગ કરશો નહીં. નહિતર અસંત થઈ જશો. સંગ બહું મોટી વાત છે માટે સારો સંગ કરવો પણ નરશો નહીં. સંગ કરનારને જો ભક્તિવાનનો સંગ થાય તો ભક્તિ વધે, જ્ઞાનીનો સંગ થાય તો જ્ઞાન વધે, જ્ઞાન-ભક્તિ બંનેનો સંગ થાય તો જ્ઞાન-ભક્તિ વધે અને રાગરહિતપણાનો સંગ થાય તો વૈરાગ્ય વધે અને પરમેશ્વરમાં સાધ્ય ભક્તિવાળાનો સંગ થાય તો અર્જુનની પેઠે હે કૃષ્ણ હું કાંઈ કરતો નથી તમે કરો છો એવી જેદીથી મને સમજણ થઈ માટે હવે તમે જેમ કહો તેમ કરી દઉં. આમ સાધ્ય એવા ભગવાન તેની પ્રવૃત્તિમાં તલ્લીન થયો થકો ભક્તિવાળો ભક્ત, જ્ઞાનવાળો ભક્ત, વૈરાગ્યવાળો ભક્ત, ધર્મવાળો ભક્ત એ ભગવાનની ભેગો હેળમેળ કરીને તમામ કાર્યો કરનારો થાય છે. તેને ત્યાં કોઈ દિવસ ધર્મનો કાયદો ભંગ થતો નથી. પરમેશ્વરની ભક્તિમાં વાંધો આવતો નથી. વૈરાગ્યની સાથે રાગના પ્રસંગ તેના વળગાડ લાગતાં નથી અને મોક્ષમાર્ગમાં ચાલ્યો જાય છે. આખું જીવન સુખી રહેવાય એવું કમાવું. એવી કમાણી કઈ તો ધર્મ ને ભક્તિ. શાસ્ત્રો લખે છે કે, ભગવાનના નામનું રટણ કરવું.



✳ પરાવાણી - ૫૧ ✳

✪ જનકરાજાના વિદેહીપણાની કથા

✪ પંચઇન્દ્રિયોને ભગવાનમાં જોડવાનું અને ભોજનમાં પવિત્રતાનું મહત્વ

ગંગાજીને કાંઠે એક ઋષિ રહેતા. ત્યાં વિદેહી જનકરાજાનો દીકરો ઘોડે બેસીને ઋષિના આશ્રમમાં ગયો. સાંજ પડી ગઈ. ઋષિ બ્રાહ્મણની ઝુંપડીમાં રોકાણા. ઋષિ કહે, કોણ છો ભાઈ ? ઘોડે અસવાર છો ? તો કે વિદેહીનો દીકરો છું. રાજાનો કુમાર છું પણ સાંજ પડી ને મારે અહીં રોકાવું છે. ઋષિ કહે, ભલે રોકાવ. આગલા જમાનામાં એમ કહે છે, એકલા ઘોડેસવાર થઈને રાજાઓ પણ નીકળતા. ગોંડલ બાપુ કોક'દિ નીકળતા. અધરાતે નીકળે એકલા ઘોડે વેશ બદલીને. ઓલાને એમ થયું કે, હું આ ઋષિના આશ્રમમાં આવ્યો તો મારી પાસે ચીજ છે, તે ઋષિને આપું. તો ખાવાની ચીજો આપી. ઋષિએ ગ્રહણ કરી. ઋષિ પાસે તો કંઈક ફળફૂલ પાકેલાં હતા. ઈ ઓલા કુમારને આપ્યા ને એનેય મીઠા લાગ્યા. ઝાઝે દિવસે કોઈ રસકસ સારા મળે તો જીભને ઠીક લાગે વાહ. કંઈ ન હોય અને ચોમાસાનું મીઠું નાનું એવું ચીભડું મીઠાશવાળું માલુમ પડે તો માળું બહું સારું છે, ભલે નાની ચીજ રહી પણ એમાં વાસ્તવિક રસિયાને રસપણાની પ્રીતિ થાય છે. ઋષિઓના ફળ વિદેહીને છોકરે ખાધે. અને વિદેહીના છોકરાની થેલીના પેંડા વગેરે જે કંઈ ખાવાનું ભેગું હશે એ ઋષિએ ખાધું. ભોજનમાં કેટલો ભાગ પોતાના દુર્ગુણને ભજવે છે, તે ઉપર આ કથા લખાયેલી છે. ઋષિને એમ થયું કે, માળું રાજમાં રેવા જેવું છે રોજ દાળ-ભાત ને લાડું ને

મેસૂબ એ ઉડાવવા. ઓલા છોકરાના પણ વિચાર બદલી ગયા. ઋષિએ ફળ ખવાડ્યા, પાણી પાયું, છોકરાને એમ થઈ ગયું આપણે તો ઋષિ થાવું છે. હવે રાજમાં જાવું જ નથી ત્યાં તો પાપ જ દોડે છે. સવારે સાંજે ને બપોરે જ્યાં જુઓ ત્યાં. આંખની આગળ પાપ, કાનની આગળ પાપ, જોવામાં પાપ, અડવામાં પાપ, બોલવામાં પાપ, જ્યાં જુઓ ત્યાં નકરી પલટનો જ ફરતી હોય. ઓહોહો ! કુમારને કંઈ થઈ ગયું. કુમાર ભૂખ્યા થઈ ગયા, કુમારનું માથું ઓળવું છે ને કુમારને નવારવા છે ને કુમારને આસન પાથરી દો ને કુમાર કુમાર ને કુમાર. ઈ કહે આ લોકો મને તો પરમેશ્વર ભજવા જ દેતા નથી. હવે આ પલટનમાંથી નીકળું તો સારું. તે રાજમાં પલટનું ઘૂસી તો ગઈ હોય ત્યાં ઈનો નિર્વાહ થાય. છોકરાની વૃત્તિ એવી સુંદર મજાની થઈ ગઈ. તે કહે, ઋષિરાજ મારે અહિંયા રોકાવું છે. ઋષિ કહે, પણ જનક રાજા મને ક્યાંક દંડ આપશે તો ? કુંવર કહે, નહીં આપે.

શાસ્ત્રો લખે છે કે, જ્યારે વૈરાગ્ય થાય ત્યારે તમે બ્રહ્મલોકમાં જરૂર જવાને અધિકારી થયા છો માટે ત્યાગાશ્રમ ગ્રહણ કરજો. એને માટે શાસ્ત્ર રજા આપે છે. સુખ દુઃખ વગેરે કુળ કુટુંબને તોડવા, બગાડવા, મેલી દેવા એની ત્યાં ગણતરી નથી કરતાં, ઉદ્ધારવા વાસ્તે શાસ્ત્ર છે, ડૂબાડવા માટે નથી. માટે ઉદ્ધાર કરાવે છે. ઋષિ છોકરાને કહે છે, તમે ઝુંપડીએ બિરાજો. અહીં રોકાવ, હું જરાક રાજમાં જઈ આવું. આંહિ ઋષિ ઉપડ્યા, સવાર થયું. સવારના પહોરમાં વિદેહીપણાનો વિચાર હતો. દરવાજા ખોલ્યા, દરવાજો ખોલનારો છે, એ રામ રામ રામ કરતો કરતો ખોલે. ત્યાં આ ઋષિ દેખાણા. નામ તો આપણે ઋષિ લખીએ છીએ પણ તે વખતે નાયા ધોયા વિનાનો અમંગળો બ્રાહ્મણ ઓલો દરવાની પગે લાગ્યો, આવો, આવો. પણ કહે હું નાયો નથી, ધોયો નથી, ટીલું નથી કે કાંઈ નથી, જંગલી માણસ છું. તે તારે ત્યાં આવ્યો છું, તને કાંઈ નથી થતું ? ખીજ નથી ચડતી ? તને અમંગળ ન થયું ? તો ઓલો દરવાણી કેય છે, જીવ છે ઈ દેહનો નથી. જીવ પરમેશ્વરનો છે, હુંય પરમેશ્વરનો છું, તમેય પરમેશ્વરના છો, દરવાજો પરમેશ્વરનો છે, આપણે પરમેશ્વરની ભક્તિ કરનારા છીએ. એકબીજાની સામું જોઈને એ

વળી તું અમંગળ ને હું અમંગળ ને ઈ આ તમે બ્રહ્મદેવ થઈને શું વિચાર કરો છો ? ઓલા ઋષિને થયું માળો દરવાણી છે દરવાજો ઉઘાડે છે. ઈયે અડધો તો વિદેહી છે. થોડોક કોંટો આવ્યો માંલિકોર કે આ ભૂમિ સારી છે. બે મિનિટ ઊભો રહ્યો, બેઠો. ત્યાં ટાણું થયે ઈ સાવરણાવાળો આવ્યો, ઈ વાળવા માંડ્યો. ઋષિ કહે, માર્ગની શાસ્ત્રમાં લખી છે કે સાવરણી સાવરણો વળાતો હોય ત્યારે સાવરણીમાં જંતુ ઝીણા ઝીણા ચેપાય જાય છે. તણીમાં કપાઈ જાય છે. ધૂળમાં દબાઈ જાય છે, મરી જાય છે તે આ તને કાંઈ દયા નથી આવતી ? આમ સાવરણો વળાતો હશે ? ઓલો વાળનારો કહે છે, ઋષિરાજ તમે આકાશમાં રહો છો કે પૃથ્વીમાં ? તો કહે રહું છું તો પૃથ્વીમાં. ક્યે ઠેકાણે ? તો કહે ગંગાના કાંઠે. તો ત્યાં આસન બાસન રાખો છો કે નહીં ? તો કહે રાખું છું. તો કે ધૂળ ને પાંદડાને કાંઈ બધું આવે કાદવને પાણીને ઢોળો એવું બધું થાય ત્યાં ક્યારેક વાળતા હશો ને ? તો કહે, હા વાળું છું. એમાં જીવજંતુ મરે છે કે નથી મરતા ? તો કહે, હું મરવા તો નથી દેતો પણ કોક મરી જાય તો મારું ધ્યાન નથી રહેતું. અરે ઋષિરાજ એમ તો હુંય જાણું છું, હું પણ આમાં મરવા નથી દેતો પણ આ દેહ મારો નથી. તમારો દેહ તમારો નથી, આ સાવરણો મારો નથી, ફળિયું મારું નથી, ઝુંપડી તમારી નથી, આસન તમારું નથી, હુંય તમારો નથી ને તમેય મારા નથી. નકામા શું કામ આપણે કોકના સારું બાઝીએ છીએ ? તમે પરમેશ્વરનું નામ લ્યો. રામ રામ કરો. હું ય રામ રામ કરુ, અને જે કામે આયા હોય એ કરો. આમાં દેહની શું કામ પંચાત અને સાવરણાની શું કામ પંચાત કરો છો ? ઋષિ તો વધારે ગમ ખાઈ ગયા કે માળો આ તો પોણો વિદેહી છે. વિદેહીનો સાવરણો વાળનારો ય વિદેહી.

ઋષિ આગળ ગયા ત્યાં ઘોડાનો નોકર, ઘોડશાળની સેવા કરવા આવ્યો. ઋષિ ઊભા રહ્યા ને કહ્યું કે, માળું અશ્વ બહુ સારા છે હો. કોઈ શ્યામ વર્ણના, કોઈ કાબરા વર્ણના, કોઈ શ્વેત વર્ણના જુદા જુદા. ઓલો વાંસે હાથ અડાડે ત્યાં અશ્વ બધા વાંસો લાંબો કરીને હણહણાટી કરે, રાજી રાજી થઈ જાય, ઓલો ભગવાનના નામ લેતો લેતો બધાની હેર ફેર કરે,

પાણી પાય, ખાવાના બિયા દેય, ઘોડા હણહણાટી કરતાં કરતાં આનંદમાં દેખાય. ઋષિ કહે કે, તું કેટલા વર્ષથી નોકર છો ? આ તને ઓળખતા લાગે છે બધાય. તો કહે હું લાંબા વખતનો નોકર છું, મને ઓળખી જાય છે, બીજો જાય તો આટલા ખુશી નથી થતાં. તો કહે, આટલા વર્ષમાં ઘોડા મર્યા તો હશે ને ? તો કહે, ઘણાય મરી ગયા. પણ પશુ છે એને તું રાજી કર. એમાં તે શું વળવાનું છે, શું મળવાનું છે ? તને રાજા પગાર આપે ઈ જ મળવાનો છે તો આટલી બધી શું કામ મહેનત કરે છે ? રોજ વાળવાની ને ચોળવાની. એને ખાવા આપવાની ને ઈનો વાંસો સાફ કરીને એને આમ હાથ અડાડીને એને મળવાની, ઈ આમ સળેળાટી કરે એના ચામડાને એવી રીતે ખુશી થઈ જાય. ડાબલા ડબક ડબક ડબક પૃથ્વીમાં મેલવા માંડે, આવકાર આપે, અને મોઢું એની સામું ઉછાળવા માંડે, તે આટલું બધું શું કામ કરે છે ? ઘણાય મરી ગયા હશે ને ? ઓલો કે ઠીક ઋષિરાજ, મને રાજા પગાર આપે છે અને હું ઘોડાની સેવા કરું છું, સવારના પહોરમાં કોઈની હારે બોલતો નથી. રામનું નામ લઉં છું, અશ્વોને નામ સંભળાવું છું અને સેવાચાકરી કરું છું. હું જાણું છું કે આની અંદર પરમાત્મા છે, મારામાં છે તે આમાં છે, માટે આ તમે દખલ કરવા શા માટે આવ્યા ? આજ મારું સવાર બગડી ગયું. તો કહે, હું બ્રાહ્મણ આવ્યો ને તારું સવાર બગડી ગયું ? તો કહે, હા મારું સવાર બગડી ગયું. તો કહે બ્રાહ્મણને થઈને તમે મને પરમેશ્વરનું નામ સંભળાવ્યું ? ઈ વાત કરો. તમે તો ઘોડાની આદરી. નોકરી કરે છે ને, આ શું કરે છે ને, તે શું કરે છે ને ?

એટલે ઋષિ કહે, આજ રાજકુમાર મારે ત્યાં સાંજે ઝુંપડીએ આવ્યો. અશ્વ ઉપર બેઠો તો મારી ઝુંપડીમાં એક સાવજ પાણી પીવા માટે પડખે આવ્યો, એને તડાપ મારી તો રાજકુમારને મારી નાખ્યો. ઘોડાને મારી નાખ્યો. હવે હું જાંપું, ઝુંપડી ખુલ્લી મેલીને અહિયાં ખબર દેવા આવ્યો છું. આ ઋષિએ કલ્પના કરી. તંઈ ઓલા ઘોડાના રક્ષકે કહ્યું કે, કેટલાય અશ્વ મરી ગયા, તમારા જેવા ઈ ઝુંપડીમાં. અને ગંગાજીનું પાણી આવે છે તે હજારો જીવ મરી જાય છે ને વયા જાય છે. જો રામ રામ નામ લીધું તો તર્યો.

પરમેશ્વરનું નામ લીધું તો તર્યો. સ્વામિનારાયણ સ્વામિનારાયણ જો નામ લેતો લેતો કે સાંભળતો સાંભળતો પ્રાણ તજે તો એને જીવસૃષ્ટિ, ઈશ્વરની સૃષ્ટિ અને બ્રહ્મલોકની મુક્તોની સૃષ્ટિ, ત્રણેય જણા એને બે હાથ જોડીને મળવા સામા આવે છે, અને પગે લાગીને ભગવાનના ધામમાં પહોંચાડે છે. આનું નામ મોટો અર્ચીમાર્ગ. માટે કેટલાય મરી ગયા એનો હું અફસોસ કરતો નથી. બ્રહ્મલોકમાં કેટલાય વયા ગયા. મારે હાથે અશ્વો મેં મોકલી દીધા પણ ઋષિ તમે રામ નામ સવારમાં લેતા નથી. તો કે હું લઉં છું. પણ જો લેતા હો તો સવારના પહોરમાં તમને કેમ ઈ જીભમાં નો ચડ્યો ? માટે તમને અભ્યાસ નથી. છોકરાને વઢવાનો અભ્યાસ હોય પણ ભગવાનના નામ લેવાનો ન હોય, શેઠિયો દુકાને જાય તો ઓલો મોડો આવેલો નોકર હોય. કેમ પાંચ મિનિટ મોડો આવ્યો ? એમ કરીને હવામાં હાથ ફેરવીને ધક્કો મારે, આ વેદના ઉત્પન્ન કરે. પણ ઈ ભગવાનનું નામ લ્યે તો ? ભલે મોડો આવ્યો, ભગવાનનું નામ લે ઠાકોરજી પાસે દીવો કર. પછી વાળ ચોળ પછી કામકાજ કર. ગ્રાહક ઊભા હોય તો એનેય કહી દે ભાઈ બે મિનિટ પણ હવે ભગવાનનું નામ લ્યો, પછી તમને આપીએ છીએ. આ ઘોડાના રક્ષકે કહી દીધું કે કેટલાય મરી ગયા અને માર્યા જાય છે જો ભગવાનનું ભજન ન કર્યું, સવારમાં ભગવાનનું નામ ન લીધું. તો શું કર્યું ? ઋષિને એમ થઈ ગયું કે, માળો આ તો ઘોડાનો પાલારો ઈ એય વિદેહી. વિદેહીનો નોકરેય વિદેહી. ખરી વાત છે.

પછી ઋષિને થયું કે, તંયે હવે સંકેલો કરીને આગળ જાઉં કે રાજાને કે રાણીને કહું, ત્યાં તો રાણી પગથીએથી નીચે ઉતરતા હતા ત્યાં તો ઋષિ ધબાક ધબાક પડી ગયો અને માંડ્યો હાથ પછાડવા અરે રે બહું ભૂંડી થઈ આજ તે મરી ગયો, મરી ગયો. પણ રાણી કહે, શું તને થયું આવતાવેંત ? અરે પણ શું કરું ? રાજાનો કુમાર એક નો એક ઘોડે બેસીને મારી ઝુંપડીએ સાંજે આવ્યો ત્યાં રાત રોકાણો ત્યાં સાવજ પાણી પીવા આવ્યો. પડખે નેસડામાં પાણી પીતા પહેલા સાવજે તરાપ મારી ઘોડા ઉપર ને ઘોડાને મારી નાખ્યો અને છોકરો પડખે હતો એનેય મારી નાખ્યો, મેં કહ્યું હાય રે સાવજ

એલ્યા એને શું કામ મારે છે ? હું તો ઝુંપડીમાં બેસી ગયો, સાવજ એને લઈને ચાલ્યો ગયો, ખાઈને વયો ગયો, બહું ભૂંડું થયું. અરે રાજકુમાર મારી નાખ્યો, રાજ મારી નાખ્યો, બહું ભૂંડું થયું. રાણી કહે પણ કુમાર મારો કે તારો ? નકામી ધડાપીટ શું કામ કરે છે એટલી બધી અહીં રાજ દરબારમાં આવીને ? અરે કુમારો તો ક્યારેક જન્મે છે ને ક્યારેક મરી જાય છે ઈ તો સંસારની રીત છે, જન્મવું ને મરવું. સાચું મરણ તો પરમેશ્વરની ભક્તિ છે કે જેથી ફરીવાર જન્મવું ન પડે. માટે તમારી ઝુંપડીમાં મર્યો ને તમે ઈશ્વરનું નામ લીધું કે ન લીધું ? તો કે હા. મેં રામ નામ લઈને એના મોઢામાં પાણી નાખ્યું તો કહે તંયે એની સદ્ગતિ થઈ ગઈ. હવે નકામો તરફડ કરમા. મારું આંહિ આ ફળિયું સારું છે, ચોખ્ખું છે, તારા પગમાં વાગશે ખાડા પડી જશે. નકામું બગડશે અને તને છોલાશે તો લોહી નીકળશે. અટાણે અમંગળ થાશે. ઋષિ તો માળો ગમ ખાઈ ગયો કે, રાણીની આંખમાં આંસુ આવ્યું નહીં, અફસોસ થયો નહીં. નહિંતર ઈ અડધેથી હેઠી પડત કે અરે બાપ રે મારો કુંવર મરી ગયો.

ઋષિને થયું આ રાણી પણ વિદેહી તો ખરી. ઋષિ કહે, કે તંઈ હવે મને રાજા પાસે જાવા દેશો ? તો કહે જાવને અમે રોકતા નથી. ગયા તો રાજા તો સૂતેલા હતા અને માંડ્યો રાયડું નાખવા. અરે જનક રાજા તમારી નગરી મરી ગઈ, રાજ મરી ગયું, સર્વસ્વ વયું ગયું, સ્વર્ગ તૂટી ગયું, ખજાનો વેરાન થઈ ગયો, આ બધી સંપત્તિ કાળી થઈ ગઈ, અરે રે એમ કહીને ધડાક દઈને પડ્યો ભફ દઈને. રાજા કહે, અરે રે મારા બંગલામાં કોઈ દિ' આવું નહીં ને આ શું થયું ? ત્યાં જુએ ત્યાં તો ઋષિરાજ જનોળવાળા મજાનાં. વિચારતા ડચકા ખાય કે હમણાં આનો કાળ નીકળી જશે. પરસેવો આવી ગયો, બરાબર ભજવતા આવડ્યું કે રાજાએ ઊભા થઈ, ઋષિને બાથમાં ભીડીને ભીડી રાખ્યા અને હાથ ધ્રુજે એવા ધ્રુજે, એવા ધ્રુજે, સાવજની સામું જેમ બકરું આવ્યું હોય પાસે એમ ધ્રૂજવા માંડે, સરેરાટી. રાજા કહે, ભાઈ આટલું બધું શું તમને થઈ ગયું ? અરેરે મારા બંગલામાં આવીને આ શું થઈ ગયું ? અરે પણ કે'વાય એવું નથી. હું માંડ જીવતો રહ્યો, માંડ આયા

આવ્યો છું, અરે શું કહું મારી દાઢી નથી હલતી, નથી ગળું હલતું, નથી શબ્દ નીકળતો, મરી જાઉં, મરી જાઉં. હવે મારે મર્યા વિના છૂટકો નથી, બીજું મોઢુ શું દેખાડવું ? રાજા કહે, શું થયું તને ઈ તો બોલ. રાજાએ ભીડી રાખી પોતાના ગાદલાં ઉપર બેસાડ્યા, પાણી મંગાવ્યું, મોઢું ધોવરાવ્યું. ઋષિ કહે, હવે હું શું કહું ? અરર મારી વાચા બંધ થઈ ગઈ છે. હવે ઈ બીજું બધું હું બોલી શકીશ નહીં. રાજાએ પગ દાબ્યા, કેડ ડાબી, કંઈક ખાવાનું મંગાવ્યું, લો ખાવ. ઋષિ કહે, પણ કો તો ખરા તો કે શું કરું ? કુંવર ક્યાં ? રાજા કહે, એ તો અરણ્યમાં ફરવા ગયેલ છે, અશ્વને લઈને. ઋષિ કહે, તે મારી ઝુંપડીએ સાંજે આવ્યા, અશ્વને ઝુંપડી પાસે ઊભો રાખ્યો અને પોતે નીચે બેઠા. મેં પાણી પાયું, એને મને કંઈક આપ્યું અમે ખાધા પીધા. એવામાં સાવજ પાણી પીવા આવ્યો અને તડપ્યો ઘોડા ઉપર, આ છોકરો છે ઈ ઘોડુંની રક્ષા કરવા ગયો, ઘોડુનું પાછળથી એનું પેટ તોડી નાખ્યું અને છોકરાને ઝડપ મારી. ઘોડાને સાવજે મારી નાખ્યો, છોકરાને મારી નાખ્યો, મેં આંખ્યે દેખ્યું ને હું અહિંયા આવ્યો છું. રાજા કહે, ઓય ઓય તારા ને મારા જન્મ કેટલાય વયા ગયા. તમે ને હું કેટલી વાર મરી ગયા. તો કે કેટલાય છોકરા મરી ગયા. કેટલાય ઘોડા મરી ગયા, બધી દુનિયા મરી જાય એમાં મારે ને તમારે શું છે ? આપણે તો જીવાત્મા છીએ, ઈશ્વરના ભક્ત ને મુક્ત છીએ. ત્યારે ઋષિને નક્કી થયું કે હવે આ વિદેહી સાચા.

પછી તો ઋષિ જનક રાજાને સત્ય હકિકત કહેવા લાગ્યા કે, તમારા છોકરાએ મને કહ્યું હતું કે, હું વિદેહીનો દીકરો છું. એટલે હું આજ વિદેહીની પરીક્ષા કરવા આવ્યો હતો. પણ રાજા એ તારો છોકરો જીવતો છે, ઘોડો ય એમને એમ છે ને, મારી ઝુંપડીય એમની એમ છે. કોઈ મર્યું ય નથી ને કોઈએ માર્યું ય નથી. પણ જનક રાજા તારા આ વંશનો સાવરણો વાળનારો ય વિદેહી, આ હું આશ્ચર્ય પામું છું. પછી પોતે પોતાની વાત કહી કે, તમે આવા ઋષિમુનિઓ છો પણ છોકરાની જોલીમાંથી મેં બેક ઢેફલા ખાધા તો મને એમ થઈ ગયું કે માળું રાજ રજવાડામાં રહીએ તો આ બધી ખાવા પીવાની આપણી સ્થિતી બહુ સારી થાય. હવે ચાલોને ત્યાં રાજમાં જઈએ.

ત્યાં મારું માનસ કેમ બદલી ગયું. વ્યાસ ભગવાન લખે છે કે જેવો ખોરાક, ભોજનમાં જેવી વાસના ચોંટી હોય જેની ને તેની કે આ સારું છે ને આ આવું છે ને તેવું છે. ઈ વાસના વાળી ચીજ જો ખાવા પીવામાં વાપરવા માંડ્યો તો એનું અંતઃકરણ ઈ ભોજન ઉપર જેની વાસના પડી છે ને પોતાની ય પડી છે, ઈ વાસના ભેગી જાય છે, એની અસર ખાનારાને થાય છે, માટે ખરાબ ચીજ ન ખાવી, ખરાબ ખાવાનું મેલી દેવું. ખરાબ ખાણું પીણું ન પીવું, આ હકીકત વ્યાસજીએ આખ્યાનોમાં સારી લખી. માટે બ્રહ્મલોકમાં જવાય એવું ખાજો, પીણું પીજો.

પરમેશ્વરની પ્રસાદીના જળ પરમેશ્વરને ધરીને પીજો, તેની મૂર્તિને અર્પણ કરી અને પીજો, એમને અર્પણ કરી અને શાકભાજી વગેરે ખાજો પીજો વાપરજો પણ પરમેશ્વરને સમર્પણ કર્યા વિનાનું કાંઈ પણ ગ્રહણ કરશો નહીં. શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાન આ રીતે શિક્ષણ આપે છે. માટે જેના ગ્રહણથી જ પાચક ન થાય તેવી ચીજને ત્યજી દેવી જોઈએ. મન બહુ ચોર છે, ચોરી કર્યા જ કરે, એને પાંપણો આપી તો પાંપણો બીજી જગ્યાએ માલિકોર ચોરી કરતું હોય, પાપણો ઉઘાડી રાખી તો ચોરી કરે, એને જ્યાં ત્યાં ચોરી કરવાનો સ્વભાવ છે. એટલે દર્શનોમાં ચોરી કર્યા જ કરે છે, જેને તેને દેખ્યા કરે. ત્યારે વ્યાસજીએ લખ્યું કે નેત્રની વૃત્તિ જો ક્યાંય ચોંટે નહીં અને કોઈના ઉપર આ વ્યક્તિ આમ છે કે તેમ છે એમ કરીને તેનું વિવેચન કરવા માટે સ્થિર ન રહે, પાછી વળી જાય તો તેને દિવ્ય ચક્ષુ, અચક્ષુ, નિષ્પાપ ચક્ષુ એવો પુરુષ લખ્યો છે. આંખ ચોરી ન કરે એટલા માટે સવારે ઉઠતાવેંત ઠાકોરજીની મૂર્તિ સામી રાખી હોય ઘરમાં, ભીંત ઉપર, સિંહાસનમાં વાસી મોઢે પણ ત્યાં આશ્રિતોએ દર્શન કરી લેવું એટલે નેત્ર પવિત્ર થઈ ગયું. મેં મારા પરમેશ્વરનું દર્શન કર્યું હવે આંખ છે ઈ તો કામ કર્યા કરશે, એમ પોતે બોલી અને જીભ વડે કરીને "વાલા રમજમ કરતાં કાન મારે ઘેર આવો રે, પૂર્વના પુણ્ય પ્રગટ થયા જ્યારે સ્વામિનારાયણ મળ્યા છે ત્યારે, નેણે મોહનવર નીરખ્યા જ્યારે પૂરણ કામ થયું મારું ત્યારે, ત્રિવિધિ તાપ બળ્યા મારા ત્યારે, ચંદન ચર્ચ્યું છે ભાલે, હસતા સુંદર ખાડા પડે છે ગાલે"

આ રીતે કિર્તનો બોલી ભગવાનની મૂર્તિનું ચિંતવન એ વખતે કરી લેવું. જેટલી બે કડી આવડે, ચાર આવડે, આખું આવડે, પણ ઊંઘમાંથી ઊભા થઈને દર્શન કરવા એટલી ઘડી જીભને ભગવાનનું નામ લેવડાવવા. કીર્તન ભક્તિ કરવી. આપણો શબ્દ આપણે સાંભળીએ, એટલે આપણો કાન પણ પાવન થાય.

કેશોદમાં લાલજીબાપા ઠક્કર એ હેમરાજભાઈના બાપ. અમને પંદર દિવસ એમને ઘેર રાખ્યા, પોતે ચાર વાગે ઉઠે, હજુ મને તો ઊંઘ હોય, ટેવ પડેલી ભણવાની મોડો સુવ અને એક ઊંઘે સવાર. ત્યાં સવારમાં બાપા ઉઠી સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરે, એટલે ધીરે ધીરે મારા કાનમાં અવાજ આવે એટલે હું જાગ્યો. આ ભજન વડે કરીને ઊઠીને હું નાહી લઉં. મેં કીધું બાપા આ છોકરા છાબરા સૂતા હશે તે આ તમારા અવાજથી જાગે. તો કહે ઊંઘ તો જમપુરીમાં લઈ જાય એવી છે. અને કાનમાં અવાજ પડે સ્વામિનારાયણ સ્વામિનારાયણ એ ધીરો ધીરો અવાજ થતાં થતાં બે પાંચ મિનિટે કો'ક ખોંખારો કરતો હોય, કોક છોકરું રોતું હોય એટલે મને એમ થાય કે હવે જાગવા માંડ્યા, પછી હું વધારે ઉંચે સ્વરથી બોલીશ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ત્યાં બધાય જાગશે કે હું આ રીતે ભજન કરું છું અને કરાવું છું. એ ભજન વડે નાયો, ભજન વડે તન પવિત્ર કર્યાં, ભજન વડે આત્મા પવિત્ર કર્યાં અને ભજન વડે પોતાનું કુટુંબ પવિત્ર કર્યું. મેં આ નિયમ લીધો છે. એક કલાક ભજન કરી લઉં. ક્યારેક ન બોલું તો છોકરા છાબરા સવારમાં ઊઠીને મને કે બાપા તમે કેમ નથી બોલતા આજ ? તો પડખે બેસીને પરાણે બોલાવે.

આ રીતે શાસ્ત્ર કહે છે, તમે ભગવાનની ભક્તિ કરો, વખત તો વયો જાય છે, દિવસ કપાતા જાય છે, આવરદા ચાલી જાય છે, ઘરડું થાતું જવાય છે. ક્યારે આવીને ચોટલી પકડશે કાળ બાપો ? એની ભેગું ચાલ્યું જાવું પડશે. ઘરમાં કોઈ હાથ આડો નહીં દેય. પકડી રાખશે પણ એય જેને પકડી રાખે એણે આંહિ મેલી દેશે. માલિકોરથી ઉપાડી જશે. માટે મન ચોરી કરે જેવા તેવા સંકલ્પ કરે તેનું નામ ચોરી, કોઈને ન જોવાં જેવું ચિંતવે એનું

નામ ચોરી. ભક્તજનોને તો ભગવાન બતાવે છે તમારું મન ચોખ્ખું રાખજો. ચોરીનું કામકાજ ન કરશો. બહારની ચોરી તો ઘણી છે. સૌ જોવે કે આ ખિસ્સાકાતરું શું કામ કરે છે ? ક્યાં શાહુકારીનું કામ કરે છે ? વિના કહે, વિના માંગ્યે, વિના મહેનતે આ હાથમાં આવ્યું. ઓલા પ્રેતની જેમ ઉપરથી થાળી આવતી'તી એમ. આ હાથમાં ટપક દઈને પડે ખીસ્સામાંથી તો લઈને હાલતો થઈ જાય. ચોરી તો ઠેકઠેકાણે રહી છે, પણ જ્યારે આડી આવશે ત્યાશે એનું કોઈ ઠેકાણું નથી, એટલા બધા યમકુંડો અને અહીંનું અહીં પૃથ્વી ઉપર પણ યમપુરીના દંડો તે એને માટે આપેલા છે, કહેલાય છે, લખેલાય છે. ચોરી કરનારાઓના આગળ રાજાઓ હાથ કાપી નાખતા, ખોટું બોલનારનું તેજ ચાલ્યું જતું, જીભ તો કપાઈ નહીં પણ છતાં ય લખે છે એના મોઢામાં સીસું રેડતા. દંડ તો બહુ જબરા હતા. દૈવી દંડ લખ્યા છે. માટે સુખી થાઉં હોય અને જીવાત્માનો મોક્ષ કરવો હોય તો અધર્મના કર્મો ક્યારેય ન કરવા.

✳ પરાવાણી - ૫૨ ✳

✪ ભગવાનનું સર્વ પ્રકારે સ્વામીપણું
✪ ભક્તોને આનંદ આપવા માટે ભગવાનનું મનુષ્યરૂપ

ૐ શ્રીસ્વામિનારાયણાય નમો નમઃ, શ્રીહરિકૃષ્ણાય નમો નમઃ
શ્રીપૂર્ણપુરુષોત્તમાય નમો નમઃ, શ્રીરાધારમણદેવને નમો નમઃ
સંતપુરુષોને નમો નમઃ, ભક્તોને નમો નમઃ
બ્રહ્મચારીઓને નમો નમઃ, સત્સંગીઓને નમો નમઃ
સત્સંગના અંગોને નમો નમઃ
શિક્ષાપત્રીરૂપી શ્રીસ્વામિનારાયણ ભગવાનને નમો નમઃ

ભગવાન પોતે કહે છે, હું સ્વામી છું. સીધો અર્થ સાધુ છું. એની સાથે મોટો જોઈન્ટ અર્થ તમામ સૃષ્ટિઓનો સત્તા ધરાવનારો એવો સ્વામી છું. સર્વનું નિયામકપણું તેને ધારણ કરનારો છું, હું એક છું. બે જણા હોય તો જ્ઞાતિભાઈ કહેવાય. માટે સ્વામી છું. સ્વામીને સેવકપણું અઈચ્છીત હોય છે. સેવકના સેવક ભગવાન. મુક્તોના ભક્તોના સેવક ભગવાન. સેવા કરે તે સેવક. ભગવાન કહે તમને હું ધામ આપું, મારી ભક્તિ કરો એ હું તમને શીખવાડું. એ સેવા કરો માટે તમારો ભક્ત. ભગવાન આપણી સેવા શું કરે છે ? સેવકે એમ માનવું કે આ મારા છે. એના પ્રતિ અનુકૂળ વર્તવારૂપી સેવકપણું. માટે તમારો સેવક છું, ભક્તનો ભક્ત છું પણ મારું સ્વામીપણું કાયમી છે. ભક્તપણું તો ઘડીક છે. ભક્તને એમ હોય કે, ભગવાન આટલું મારું કામ કરી દે તો ઠીક. તો આપણે સકામ ભક્તો તો છીએ. કોઈને નાણાં

જોઈએ, દાણાં જોઈએ, બાળ-બચ્ચા જોઈએ, સંપત્તિ જોઈએ, રાજ્ય જોઈએ, આરોગ્ય તો પેલું જોઈએ. ઉદરમાં ભૂખ મટે અને ખાવાનું ઘરમાં ખૂબ મળે માટે તો સૂર્ય ઊગે તેની સાથે આરાધના થાય. એ બધું તમે આપો. તમારી પાસેથી લઈએ. ભગાવન કહે છે, મારા ભક્તને હું આપું તે સેવા કરું. પોતે થાળ જમીને પ્રસાદી તમને આપે એ સેવા, એ ન આપે તો આપણે કંઈ ન જમી શકીયે. માટે એ આપે છે અને આપણે જમીએ છીએ. માટે સ્વામી છું, પરતંત્ર નથી, પરઆધિનતા નથી. અને ભક્તની ઈચ્છાને અનુસાર રહું છું. છતાં રાજાસાહેબને દીવાન ગમે. એ એવી આકાંક્ષા રાખે કે, દીવાન કેય એમ કરું. પણ દીવાનજીની સાથે હું મારી બૂદ્ધિ, મતિ, અનુમતિ મેળવું તો દીવાનજી કરી શકે. આપણે બધા એના દીવાનજી છીએ, રાજીપાના ભાગી છીએ, સાચાં સંબંધવાળા છીએ. ઈ એમ ધારે કે આ ભક્ત જેમ ધારે તેમ હું ધારું, તો એની મતિ પ્રમાણે મારી મતિ રાખું.

ભગવાન પોતાની મરજીને આપણી મરજી ભેગી ભેળવી અને વાટ જુએ છે. માટે એમનું ઈચ્છીત એ ખંડિત થતું નથી, છે છે અને છે. પણ આપણું ઈચ્છીત એને અખંડિત કરવા માટે આપણી ભેગા મળે છે. માટે હું સ્વામી તો છું પણ સેવક પણ છું. ઐશ્વર્ય, જ્ઞાન, શક્તિ, બળ, તેજ, વીર્ય, તે બધા એમના જ છે. એને યુક્ત એવો સ્વામી છું. વૃદ્ધ થતો નથી. મને સુષુપ્તિ આવતી નથી, ભૂલકણો નથી. સંસ્કારની જરૂર પડે અને જાગરણ થાય તેવો હું નથી. નિત્ય જ્ઞાની છું.

જીવાત્મા પોતે દૃષ્ટિવાળો છે, જ્ઞાની છે, એનામાં અંતરની આંખો છે. ઈ આંખોથી દેખે છે. ઈ આંખ મનને આપી. મન આંખોથી દેખે છે. મન વડે ચક્ષુના ગોલકને આંખો અપાણી એટલે ચક્ષુ એના ગોલકોને દેખે છે. અને ગોલોક તેમને કિરણોએ આંખો આપી, સૂર્યના કિરણોએ. એટલે કિરણો દેખતા થયા ત્યારે આપણે દેખતા થયા. આપણા બધાયના પ્રતિબિંબો સૂર્ય સુધી પહોંચી જાય છે. આખી સૃષ્ટિને સૂર્ય દેખે છે. સૂર્યને જે આંખ આપી એ એનો સૂર્ય, એનો સૂર્ય, એનો સૂર્ય એમ આગળ જતા જતા પુરૂષોત્તમ નારાયણ એ બધાના સૂર્ય છે. માટે અજવાળું આપનારા સૂર્ય એવા સ્વામી.

અંતર્યામી શક્તિ આપનારા સૂર્ય માટે સ્વામી. પોતાનું સ્વતંત્રપણું પણ કોઈને આપે છે, બહુ રાજી થઈ જાય તો તેને આપે. જાવ ઘડીક મારા બદલે કામ કરી આવો. માટે પુરૂષોત્તમ નારાયણ કહે છે, મારા ભક્તો માટે હું ભજન કરું છું. જો ભક્તો માળા ફેરવું છું, તમારા માટે. હું તમારો સ્વામી છું. ઘણી વસ્તુ છે સ્વામીમાં. એનો સ્વામી છું. અર્થના વિકારો એનો સ્વામી છું. વિકારના ભાવ એનો સ્વામી છું અને ફળ જે મારામાં અર્પણ કરે એનો સ્વામી છું. માટે અર્પણનો સ્વામી છું એ સાચી વાત, બીજે ઠેકાણે થોડો ઘણો સ્વામી છું. સેવક સાચવવો એ બહુ મોટી મહેનત છે. સેવક તો ભગવાનને આખી સૃષ્ટિ છે પણ એને સાચવવા બહુ મોટી મહેનત છે. લાખ સેવક છે એ જુદી જુદી ચીજ માંગે, તે પ્રભુ ઘરમાં બધી ચીજ હોય તો આપી દેય, લે લઈ જા. ઈ સેવકો સચવાઈ જાય. એક કેશે આ ચીજ મને નો મળી માટે હું તમારો સેવક નહીં રહું. માટે ઈ હાલતો થાય. ભગવાનમાં આનંદ ભર્યા છે માટે આપણને મળે છે. તમને એમ થાય કે ભગવાન મારામાંથી આનંદ લેય છે. પણ હું તમને આનંદ દઉં છું. હું મૂર્તિ જ આનંદની છું. પરમાત્મા પોતે આનંદની અખંડ મૂર્તિ છે. માખણના પીંડાની મૂર્તિ બનાવી હોય તો માખણઘન કહેવાય. ઘણી જગ્યાએ એવી મૂર્તિઓ બને છે, હેત-પ્રીતની. દર્શન આંખોને થાય એમ આનંદ મૂર્તિ ભગવાન છે.

માટે આનંદઘન પુરુષોત્તમ નારાયણ છે. એમાંથી આનંદ લીધે રાખો. હું જ્યારે આનંદ આપું ત્યારે તમને આનંદ ઉત્પન્ન થાય, એમ થાય મને ભગવાને આનંદ આપ્યો. ઘરમાં સાકરની કોઠી મેલી હોય તો બાર મહિને મહેમાન ગમે તેટલા આવે તો પણ એમ ન થાય કે આપણે ત્યાં કાંઈક ખામી આવશે. જે કોઈ ભક્ત, જે રીતનો આવશે તેને તે રીતનો હું આનંદ આપીશ. મારા ભક્તજનો વાહ વાહ કરે, પ્રભુ ઘણો આનંદ આપ્યો. આવા સમૈયા ઉત્સવો વડતાલ થઈ ગયા. જૂનાગઢ થાય છે. એ સમૈયાનો કેટલો આનંદ છે. સવારમાં નાસ્તો કરવા બેસો તોય અડધો તો આનંદ ભરાઈ જાય પેટમાં. એમ ભગવાનની મૂર્તિમાં આપણે ધારીએ છીએ કે, પ્રભુનું મને દર્શન થાય. સ્વામિનારાયણ ભગવાનના સંતોનું દર્શન થાય, ગુરૂદેવનું દર્શન થાય, મંદિરનું

દર્શન થાય, રાધા-રમણદેવનું દર્શન થાય, મહારાજનું થાય, ગોપીનાથ દેવનું દર્શન થાય, લક્ષ્મીનારાયણ ભગવાનનું દર્શન થાય, નરનારાયણ ભગવાનનું દર્શન થાય. આ રીતે દર્શન થાય એટલે આનંદના ફૂવારા. ભગવાન એમ નથી કે'તા આ હાથમાં ફળ છે, આ ફળ લઈ જા. હું બહુ રાજી થયો છું. એમ ન કહે. પણ એનો આનંદ છે એ હજારોગણો આપે. આ પુરુષોત્તમ ભગવાન એવો આનંદ આપે છે. પચ્ચીસ હજાર શું ? પચ્ચાસ લાખ, પચાસ કરોડ, અનંતગણું આપે છે. આપણી જ્યારે ભગવાન સંભાળ લ્યે છે ત્યારે આનંદનો કોઈ પાર રહેતો નથી. ભગવાન ભક્તને આનંદ આપવા વાસ્તે ભક્તના સમાનરૂપ વાળા થાય છે અને ભક્ત તે આનંદને લ્યે છે.



✳ પરાવાણી - ૫૩ ✳

✪ અધિક માસના ધર્મ-નિયમ અને માહાત્મ્ય
✪ અધિક માસમાં ભક્તોએ ધ્યાન રાખવા જેવો ઉપદેશ

અધિક મહિનામાં ત્યજવું શું શું ? કઈ માનવ ક્રિયાઓ ન કરવી ? કેવા કેવા સંસ્કારો કરવા લાયક નથી ? કામકાજ બધા. આ મહિનાનું માહાત્મ્ય કેણે કેને ક્યારે કહ્યું ? એવા મહાત્મા પાત્ર, સત્પાત્ર વિચારીને કેવા પ્રકારના દાન આપવા ? વગેરે અમને કહો. શુકપુરાણી કહે છે, ઋષિઓ આ પુરાણની કથા વ્યાસ ભગવાને લખી છે. લક્ષ્મીજી અને નારાયણના સંવાદવાળી આ કથા છે. પાપનો નાશ કરનારી છે, તેને સાંભળનારાને ભગવાન બધું આપનારા છે. લક્ષ્મીજીએ નારાયણને પૂછ્યું હતું કે, હે દેવના દેવ, મુક્તિ અને ભુક્તિ આપનારા જગન્નાથ પ્રભુ પુરુષોત્તમ મહિનાનું વ્રત લોકોને હિત કરવાની ઈચ્છા વડે કરીને પણ તમે અમને તેના સાર રૂપે કંઈક કહો. ભગવાન કહે, લક્ષ્મીજી સાંભળો. 'સર્વ લોકને ઉપકારક એવું આ વ્રત તમને કહું છું. જેનો પુરુષોત્તમ મહિનો શૂન્ય ગયો એના હાથમાં આવેલું અમૃત ઢોળાઈ ગયું. પોતાના જીવન આખામાં પુરુષોત્તમ મહિનો નહીં કરનારને દારદળના ટોળા એટલા બધા વળગે છે કે કાઢ્યા જાતા નથી, ઘર કરેની રહી જાય છે. આવરદાવાળાઓના પ્રાણ સાવ નિષ્ફળ વયા જાય છે. મનુષ્યનો જન્મ મેળવી અને પુરુષોત્તમ મહિનાના વ્રત ન કર્યા તો તેનો જન્મ કોઈ મોટા અરણ્યમાં પુષ્પની સુંદર વેલુ ખીલી હોય, ફૂલળા ઊઘડીને પડી જાય, સુકાઈ જાય. એમ આ મનુષ્યનો જન્મ મળ્યો, સૂકો જાણવો. માટે સાચી વાત. ભરતખંડમાં

મનુષ્યનો જન્મ દેવોને પણ દુર્લભ છે, પુરુષોત્તમ મહિનો પ્રાપ્ત થાય ત્યારે બીજા કામકાજ પડતા મેલી અને એકલા ભગવાનના કામકાજ કરવા. જે કાર્ય પૂરા ન થયા હોય, અધૂરા હોય, તો લેને પુરુષોત્તમ મહિનામાં બે દિવસનું પૂરું કરી અને પછી પાળીશ, એમ ઈ કામકાજને વળગી ન રહેવું. હાલે તો તુરંત જ ત્યાંથી જ પડ્યું મેળવું એનું નામ સમાપ્તિ અને ભગવાનનું કામકાજ કરી લેવું, પુરુષોત્તમ મહિનો હું પાળીશ એમ વિચાર કર્યો અને કદાચ મરણ થઈ ગયું, તો પણ ભગવાન ઈ આત્માને પોતાના પ્રતિ લઈ લે છે. માટે જરૂર મનુષ્ય જન્મ સફળ કરી લેવો.

આ મહિનામાં જન્મ અને મરણના કેટલાક તૂટકો એને અંગે દાન વગેરે કામકાજ ઈ નિમિત, નૈમિત્તિક, નિમિતને આધારે એમાં ભગવાનને રાજી કરવા એવો ઉદ્દેશ કરીને કરવા. પણ પિતૃકાર્ય, દેવકાર્ય એવા કાર્ય જે બીજાઓને રાજી કરવા વાસ્તે હોય તેને ત્યાં લખ્યું, જે શ્રીમંત એટલે જે નારીવર્ગનો સંસ્કાર, મળ માસમાં મહિનાનું શ્રાદ્ધ, મહિનાના દાન, પોતાના દાસ વર્ગને વેતન એ બધા કાર્ય થાય વિના સંકોચે. એને વાસ્તે છૂટ આપી છે. વળી મળ માસમાં જે મહિનાઓ આટલું હું તને આપીશ વગેરે આપવાના કામકાજો હોય એ પણ એને આપવા. ઈ રોકવા નહીં કે ભાઈ મળ મહિનો છે તને પગાર નહીં આપું. તો ઓલો શું કરે ? માટે આ વસ્તુ પણ આમાં ગણતરીમાં લીધી છે. આ છૂટ મેલી આટલાની, શું ન કરવું ? તો કે જેનું ફળ કાન્યમ્. હું આ કામ કરીશ તો એનું આ ફળ મારે લેવું છે. એવા કાન્ય કર્મ ઈ ન કરવા. કે ભાઈ મહિનો મળ માસ છે માટે તીરથમાં જઈએ ચાલો ને. પણ શાસ્ત્રમાં ના પાડે છે. કેમ એમ ? તો કે ભગવાન અર્થે તો છે પણ એનું પૂણ્ય જોઈએ છે માટે. પણ ભગવાન રાજી થવા વાસ્તે કરવું. આપણે ઘેરથી આંહિ આવ્યા ઈ તીર્થ યાત્રા થઈ પણ ભગવાન લેખે કરવું. સકામ કર્મ હોય તો ન કરવું આ આનો સાર છે. તીરથમાં જવું કે મળ મહિનો છે નિરાંત છે, ચાલો ગઢપુર દર્શન કરવા છે, પૂનમના નિયમ છે, તીર્થ યાત્રા થઈ પણ મારા નિયમમાં છે અને એનું આટલું ફળ તો મને મહિને મહિને મળે છે, ઈ ફળ મારે લેવું ઈ મળ માસના મહિનાની પૂનમનું નહીં. પણ

મહારાજ રાજી થાજો. આ રીતે તીર્થયાત્રા કરવી. પણ પોતાના ખજાનામાં પૂણ્ય ગ્રહણ કરવું હોય એવી રીતે તીર્થ યાત્રા ન કરવી. વાવ, કૂવા, તળાવ વગેરે ખોદાવવા એવા સારા કાર્યો ઈ પણ કાન્ય કર્મ છે, પુણ્ય કર્મ છે, પૂણ્ય આપનારા છે અને ઈષ્ટ છે માટે એવા કાર્યો આ પુરુષોત્તમ મહિનામાં ન ચાલુ કરાવવા.

શતચંડીના પાઠ એટલે શંકરના પત્ની પાર્વતીજી માતાના. એ માર્કેન્ડેય પુરાણમાં મહિષાસુરને માર્યો ત્યારે એમના સ્તોત્રો ઋષિમુનિ દેવતાઓએ બોલાવ્યા છે એનું નામ શતચંડીના શ્લોકો. ઈ શ્લોકોના પાઠ ઈ પાઠમાં કાન્ય કર્મ છે કે મને શત્રુ નડે છે માટે માતાજી શત્રુને દૂર કરો. ઈ કાન્ય કર્મમાં એના પાઠ આવી ગયા માટે ઈ ન કરવા. રુદ્ર યજ્ઞ, મહારુદ્ર યજ્ઞ. કોઈ ભયંકર કાર્ય હોય એને પણ પુરુષોત્તમ મહિનામાં ન કરવા એને મિમાંસાના પ્રકરણોમાં હકિકતો લખી છે કે, મહારુદ્ર શું કામ કરે છે ? બહુ આકરો થાય એટલે. શા માટે ? શત્રુનો નાશ કરવા માટે કાન્યકર્મ છે. ઈ ન કરવા. સમીપમાં જે તીર્થ હોય એમાં સ્નાન કરવું, એમાં બધી તીર્થ યાત્રાનું ફળ મળી જાય છે.

હવે જો જો હું શિક્ષાપત્રીમાંથી કહું, પુરુષોત્તમ નારાયણની મૂર્તિને અભિષેક કરેલું જળ લોટીમાં ભરી દેવું. તેને નાવાના જળમાં નાખીને નાહી લેવું. તેથી મોટામાં મોટું તીર્થ થાય છે. એનાથી મોટું ફળ મળે છે. આ મળ મહિનો ત્રીસ મહિના અને પછી સોળ દિવસો એના ઉપર ચાર ઘડી આટલો સમય ગયા પછી મળ માસને વારો આવે છે પોતાનું સ્વરૂપ દેખાડવામાં. એમાં પડવાને દિવસે વ્રતનો આરંભ કરવો. એમાં શું કરવું ? દાંતણ પાણી કરી લેવા. આ જૂનું પુરાણ એમ લખે છે કે દાંતણ કરે એટલે તે દિ' બાવળિયાની ડાળ કાપે ઈ ન કરવું. પણ બાર કોગળા કરી અને મોઢું સાફ કરી લેવું. આગલા દિવસના દાંતણ ચાલ્યા આવતા હોય એવું દાંતણ કરવું. પણ તે દિવસ કોઈપણ પત્ર વેલી વગેરેની ડાળખી તોડવી કે ભાંગવી નહીં. આ વ્રત પહેલા નંબરનું કહ્યું. પછી સૂર્યોદયની પહેલા સ્નાન કરી લેવું અને સ્નાન કરવું ત્યારે ગાયની ખરીયા વાળી મૃતિકા, પંચગવ્યવાળી મૃતિકા એમાં

તલ એને દાભડો અડાડવો તેને જળમાં મેલવા, આમળાનો ચૂરો ઈ પણ જળમાં મેલવો અને એવા જળ વડે કરીને સ્નાન કરે તો એ બ્રહ્મસ્નાન કહેવાય છે. એટલું ન મળે તો એકલું આમળું, એ ન મળે તો ગાયને બાંધવાની જગ્યાની રજ જળમાં મેલવી, શાસ્ત્રમાં લખે છે આ પાંચેય વાનાનો બદલો કોઈ તારે ખરા ? તો કે ભગવાનના એકાંતિક સત્પુરુષ વસતા હોય એવી જગ્યાની ધૂળ. એ વાળી ચણોઠી જેટલી જળમાં નાખો અને સ્નાન કરો એટલે આ તમામનો બદલો વળી જાય છે. પણ મળ માસમાં કાં ગાયના ખરીયાની ધૂળ, કાં આમળાનો ચૂરો, દાભળા અને જરાક છાણ જળમાં આટલું નાખી અને સ્નાન કરવું. આ બીજા નંબરનું વ્રત બતાવ્યું. પછી સવારના પહોરમાં માળા ફેરવવી, ભગવાનની શ્રીહરિની પૂજા કરવી, શંભુની પૂજા કરવી, પુરુષોત્તમ નારાયણની, લક્ષ્મીનારાયણની મૂર્તિ તે એક માત્ર સોનાની બનાવી હોય એવી મૂર્તિમાં ભગવાનની પૂજા કરવી. શાસ્ત્ર લખે છે માત્ર સોનું ન હોય તો તામ્ર, તામ્ર ન હોય તો કાગળની મૂર્તિ, એ ન હોય મંદિરમાં પ્રતિષ્ઠા કરેલા કાયમને વાસ્તે શાશ્વત ભગવાન એમની મૂર્તિની પૂજા કરાવવી. એમની વિધિથી પૂજા કરાવી. ઘીનો દીવો કરવો, એમને ચંદન, કપૂર એને કરીને પૂજવા. વિવિધ પ્રકારના નૈવેદ્ય ધરવા. આ શ્લોક બોલે છે, શાસ્ત્રે આમાં સંમતિ આપી છે. આજ અન્નકૂટ ઠાકોરજી જમે. ભાત ભાતના નૈવેદ્ય અને આરતીઓ ઉતારવી, ધૂપ દીપ કપૂરે સહિત કરવા.

હવે નિયમ આવ્યા. ખોટું ન બોલવું એવો નિયમ લેવો, મૌન રહેવું પણ બોલી ન બેસવું. બોલવું તો સાચું બોલવું પણ પવિત્રતા ભરેલું હોય તો, કોઈ નુકસાન કરે એમ હોય તો ન બોલવું. નારીઓને તેના ચાર દિવસનું અશુદ્ધપણું હોય તો તેણે તેનાથી આઘું રહેવું. દેવને, ગુરુને, બ્રાહ્મણને, મોટાને, વૃદ્ધને કોઈના પણ નિંદાના વચનો ન કાઢવા. આ વ્રતો મનુષ્ય જન્મ મેળવીને આવા મહિનામાં આ કહ્યું તેવું સ્નાન એકેય પણ ન કરે તો ચોરાસી લાખ જાતના જન્મ તેને માથે સાબિત થઈ જાય છે. એટલું બધું તેને દૂષણ લાગે છે. માટે મળ મહિનો નાવું. અધિક મહિનામાં ભગવાનની મૂર્તિ કરી, શંખ, ચક્ર, ગદા, પદ્મધારી અને એમને આગળ મેલી અને ભગવાનની મૂર્તિ સામે

નિયમ ગ્રહણ કરવા. મહિનો પૂરો થાય ત્યારે ઉદ્યાપન કરવું. અથવા લખે છે ચાર મહિના પૂરા થાય ત્યારે ઉદ્યાપન કરજો. દેહ ક્ષણભંગુર છે માટે હું નિયમ લઉં છું કે, ઉદ્યાપન તે દિ' કરીશ અથવા આજથી તમને સોંપી દઉં છું એટલે કદાચ ક્ષણભંગુરમાં મરી જાઉં તો મારું ઉદ્યાપન અધૂરું ન રહી જાય. આ બાબતની ખબરદારી રાખવી. શક્તિ પ્રમાણે બ્રહ્મવેત્તા બ્રાહ્મણ પુરુષોને જમાડવા, ભગવાનની ભક્તિ સારી રીતે કરવી, એમાં પુડલા જમાડવા, માલપુઆ જમાડવા. માલપુઆ અને પુડલા તો અમથા ફરસા લાગે. માલપુઆ ખરેખરા. દૂધપાક જમાડવા. દૂધપાક, માલપુઆ, (કાળીરોટી - ધોળીદાળ) ભગવાનને જમાડવા. રાજાએ ભૂમિ દાન દેવા, સોનાના દાન આપવા, દક્ષિણાઓ આપવી, ફળ મેલવા, એક સો ને આઠ જેવા કાંસાના પાત્રો સામ સામા ડાબરિયા મેલી, માલપુઆથી ભરી અને તેના દાન આપવા. અથવા એથી અડધા એથી અડધા એથી અડધા, એથી અડધા ત્રીસ તો લખ્યા છે આમાં એટલા તો આપવા. બ્રહ્મદેવને આપવા. એમાંય બાળ બચ્ચાવાળાને વધારે આપવા, એના છોકરા જમે. તો ભગવાન રાજી થાય. બ્રાહ્મણને વંદન કરવું, સર્વ દેવમય બ્રાહ્મણ છે, ઈ આવું વ્રત કરે તે કૃતકૃત્ય થાય છે. રાજા રાજ્ય પામે, પુત્રાર્થી પુત્ર પામે, અર્થાથી અર્થ પામે, નિષ્કામ ભક્ત મોક્ષને પામે. અસત્ય બોલનાર, કોઈ ઘાટ કરનાર, વ્રતઘાત કરનાર, અગમ્ય ગમન કરનાર, નઈ રસ્તે ચાલનાર, ચાંડાલ સ્પર્શ કરનાર વગેરે જેને પાતકો લાગ્યા હોય આ અધિક મહિનાનું વ્રત કરે તેને પાતકો તમામ બળી જાય છે.

સર્વેશ્વરના ભક્ત બ્રાહ્મણ બ્રહ્મચારીના ચરણનું જળ ઈ અંજલિ પીવું. બ્રાહ્મણ ભગવાનના ભક્ત મારું રૂપ છે. તે મન, વાણી અને શરીરથી થનાર પાપને બાળી નાખનારા છે. એને વ્યાધિ ન નડે, એમનું આયુષ્ય પણ વધે. દંપતી હોય બ્રાહ્મણ, બ્રાહ્મણી તો એને વસ્ત્ર, ભોજન આપવા, તે રાજી થઈને આશીર્વાદ દે - પુત્રવાન ભવઃ. તો જરૂર દીકરાવાળા થવાય. જીવેત શરદમ્ શતમ્ - સો વર્ષ જીવો એવા આશીર્વાદ મળે, તો એનું જીવન નીરોગી થાય. જુઓ આ લોકમાં, મનુષ્યોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. મનુષ્યો ગાય માતાઓ વગેરેથી

શ્રેષ્ઠ છે. બ્રાહ્મણો અને મનુષ્યો કરતાં દેવતાઓ શ્રેષ્ઠ છે. એના કરતાં ભક્તો શ્રેષ્ઠ છે પણ તેના કરતા અધિક મહિનો શ્રેષ્ઠ છે. માટે એમાં અટકવું નહીં.

શુકપુરાણી કહે છે. એકવાર નારદજી નર નારાયણના આશ્રમમાં આવ્યા હતા. તપસ્વી અને સિદ્ધ પુરુષોએ સેવા કર્યા થકા ત્યાં આવીને બિરાજ્યા હતા. નર નારાયણનો આશ્રમ મજાના ઋષિ મુનિઓથી સેવેલો છે. બદ્રિકાશ્રમમાં ભાત ભાતના ઘણાં ઘણાં વૃક્ષ વેલીઓ છે. નારદજી કહે, ભગવાન વિષ્ણુ ઉપકાર કરનારા છે માટે મને પણ ઉપકાર કરવાની મરજી છે. તમે પણ ઉપકાર કરનારા છો, દેહધારીઓના સગા-સંબંધી વગેરે જે ઘરમાં આસક્તિવાળા છે. તેનું હિત કરનારું કંઈ પણ મને હિતકારી વચન કહેશો તો હું બે ઘડી સાંભળી લઉં. કથાનો સાર શ્રવણ માત્ર વડે પરમપદ, નિર્ભય પદને પમાય, એ મુખ્ય છે. માટે મારે તમારા મુખની કંઈક કથા સાંભળવી છે. આવું નારદજીનું વચન સાંભળી નારાયણઋષિ નારદજીને કહેવા લાગ્યા કે, પુરુષોત્તમ માસ એ મારું નામ છે. એમાં ઊંડાણ હેતુએ સહિત નામ આપ્યું છે. એનું વ્રત કરવાથી પુરુષોત્તમ રાજી થાય છે. નારદજી કહે છે, પુરુષોત્તમ કોણ દેવ ? એનું માહાત્મ્ય કેવું ? એનું મને અદ્‌ભુતપણું દેખાય છે. માટે મને કહેજો. શુક પુરાણીએ નારદજીને આમ કહ્યું હતું અને ભગવાને જે હકીકત કહી હતી તે શૌનક મુનિને અને ઋષિઓને સંભળાવી હતી. માટે ભગવાનના મુખથી ઉપજેલી કથા તે નારાયણ મુનિએ જે કહી હતી તે કહું છું. પુરુષોત્તમ માસ એનું નામ તે હેતુ એ સહિત પડેલું છે. એના સ્વામી પુરુષોત્તમ કૃપાસિંધુ પોતે છે. ઋષિઓએ આ મહિનાને પુરુષોત્તમ મહિનો કહ્યો છે. તેના વ્રત વડે કરીને પુરુષોત્તમ રાજી થાય છે.

નારદજી કહે છે, બીજા મહિના તો ઘણાય છે પણ એ મહિનાના ઈશ્વરો છે. પુરુષોત્તમ મહિનાના કોઈ ઈશ્વર ન કહ્યા, તો એના ઈશ્વર કોણ ? કૃપાનિધિ એવા ભગવાન ? તો કે હા. પુરુષોત્તમ એવા કૃપાનિધિ ભગવાન અધિક માસના અધિષ્ઠાતા દેવ કઈ રીતે થયા ? પુરુષોત્તમ મહિનાને પુરુષોત્તમે પોતાનું સ્વરૂપ કઈ રીતે આપ્યું ? એની વિધિ વગેરે કઈ રીતે બતાવ્યા ? એનું સ્નાન, દાન વગેરે શું બતાવ્યું ? જપ, પૂજા, ઉપવાસ વગેરે શું કહ્યા ? તે

મને કહેજો. તેનું ફળ પણ મને કહેજો. નારાયણે આ રીતે પૂછેલા નારદને એ બધું કહ્યું હતું. દિનવત્સલ એવા સાધુ પુરુષો આ કથાને કહેનારા છે.

પૃથ્વીમાં પ્રથમ એ મારા સંત પુરુષો બીજાના ભાગ્યને ખીલવનારા, દાળદરથી પીડાતાના દાળદરને ટાળનારા, પુત્રની આકાંક્ષાવાળાઓને પુત્ર દેનારા. જડ, મૂંગા, દંભી, આંધળા, વિદ્યા વિનાના, વળી ભાગ્યહીન નાસ્તિક, લંપટ, નીચ, કર્મને ઓથે રહેનારા, મિત્ર, સ્ત્રી, પુત્ર, મા-બાપ વગેરેથી જુદા પડી ગયેલા રખડનારા, શોકને દુઃખ વડે સૂકાઈ ગયેલા અંગવાળા જેને કાંઈ એનું ધાર્યું મળતું નથી એવા માણસો, ઈ જો પુરુષોત્તમ માસનો પાઠ કરે, સાંભળે કે એકાદો દિવસ વ્રત કરે તો તેને શું શું મળે ? તેના દોષ વયા જાય અને દુઃખિયો દુઃખી હોય તો પણ એના દુઃખ બળી જાય. હે ભગવાન કૃપા કરીને આ મને કહો. એમ જ્યારે નારદજીએ નારાયણને કહ્યું હતું ત્યારે નારાયણે આ મહિમા કહ્યો હતો.

શુકપુરાણી કહે છે, આમ જ્યારે નારદજીએ ભગવાનને કહ્યું હતું ત્યારે ભગવાનનું નામ લેતા લેતા આ પુરુષોત્તમ માસની હકિકત કહી હતી. તે નારાયણે નારદજીને કહી હતી તે કહું છું. નારાયણ બોલ્યા ઋષિઓએ પણ પાળવા બહુ મુશ્કેલ પડે એવી જાતના પુરુષોત્તમ માસના ઉત્તમ ઉત્તમ કાર્યો છે. એ ઋષિ તમે મિત્ર છો માટે હું તમને કહું છું. બધા મહિના, બધા પક્ષો, બધી ઘડીઓ, બધા યામ, મુહૂર્તો, બે મહિના, છ મહિના, નદીઓ, કૂવાઓ, વાવો, સરોવરો, ધરાઓ, વૃક્ષ, વેલીઓ, ઔષધો, વનસ્પતિઓ, શહેર, નગરો આ બધાય દેખાય છે જડ પણ જે તે એનામાં ગુણ રહ્યા છે. એનાથી સૌ એને આવકારે છે. ગુણ વડે પૂજાય છે. આ અધિક મહિનો ક્યારેય પણ ભગવાનના યોગમાં ન હતો, ત્યારે એનામાં ગુણ કાંઈ પણ ન હતા. માટે પૂજાતો ન હતો. કારણ કે એમાં સૂર્યનો સંબંધ પણ ન હતો. એટલે એની પૂજા પાઠ થતાં ન હતા. બધા મહિનાઓએ ભેગા થઈ એને નાતથી બારો રાખ્યો હતો એને અસ્પૃશ્ય બનાવ્યો હતો. તો કે કાં ? તો કે ઈ પાપનો મહિનો માટે મળ મહિનો. આવું પુરુષોત્તમે પોતાનું નામ સાંભળ્યું મળ મહિને, ત્યારે બહુ દુઃખી થયો. શોક કરવા લાગ્યો. પછી તો ધીરે ધીરે

ધીરજ રાખી અને તે નારાયણ એવા ભગવાન એવા તે અમે તે અમારા શરણે આવ્યો. મેં તેને વૈકુંઠમાં પહોંચાડ્યો. ત્યાં મારા બંગલામાં બેસાડી અને એ પુરુષોત્તમ નારાયણ વૈકુંઠના વાસી એવા નારાયણની પાસે મેં પુરુષોત્તમ મહિનાને એટલે મળ મહિનાને નારાયણની સમીપે હાજર કરી દીધો ત્યારે તેણે મને દંડવત્ પ્રણામ કર્યા, હાથ જોડ્યા, આંખમાંથી આંસુડા પાડ્યા અને ગદ્ ગદ્ વાણી વડે બોલવા માંડ્યો. ત્યારે મેં એને કહ્યું, ધીરજ રાખ, ધીરજ રાખ, તારું હું સાંભળું, તારા દુઃખને ટાળું. બદ્રીનાથ એવા ભગવાને નારદજીને આટલું કહ્યું. નારદજીએ વળી પૂછ્યું કે ભગવાનના મંદિર પ્રત્યે ગયેલો ભગવાનની ઈ ભક્તિને પામેલો, જગતના પાપને ટાળનારા યોગીઓને ન મળે એવા ભગવાનના ચરણને પામેલો, જગતને અભયદાન આપનારા એવા બ્રહ્મરૂપ મુક્તિ આપનારા એવા ભગવાનના ચરણમાં ગયેલો મળ માસ તેણે શું પૂછ્યું ?

ઈતિ શ્રી પુરાણ સંહિતાયામ્ પુરુષોત્તમ મહાત્મ્યે
અધિક માસસ્ય વૈકુંઠ પ્રાપણ્યમ નામસ્ય પ્રથમોધ્યાય.



✳ પરાવાણી - ૫૪ ✳

✪ સાચા પરમેશ્વરની સમજણ
✪ પંચજ્ઞાનેન્દ્રિય - કર્મેન્દ્રિયને ભગવાનમાં જોડવાની વાત

દેહધારીને આળસ ઘણી છે. તે ધર્મ પાળવા, પળાવવામાં ખબરદાર રહેતો નથી. ભગવાન ધર્મ પાળવા, પળાવવામાં ખબરદાર છે, ભૂલ કરતો જીવાત્મા તેની ભૂલ ટળાવવા માટે ખબરદાર છે. એની દેખરેખ એવી છે કે ઈ નહેરનું પાણી બીજે ન વયું જાય, જંગલમાં જાય તો મોલ ન પાકે. એ કદાચ મનુષ્યરૂપે આપણી ભેગા રહેતા હોય અને દિલમાં પણ વસેલા હોય તો એની બે નજરું હોય. હવે તારે થર આવવાના છે તે બરાબર હું સંભાળું, એમાં ઓછું નહીં થવા દઉં અને અંતરથી ઈચ્છે છે કે મને સારું જ મળો, સારું જ મળો. તો હું ઉપર છું તે જુદો રહીને તને સારું બતાવું ઈ કરતો જાઉ. આ મારા બે કામ છે. પોતાની સમાનતા સમજી લે એવો જીવાત્મા તે પરમેશ્વરનું કહ્યું ન કરે. એમ સમજે કે મને શિક્ષા આપનાર છે, મારી ભૂલને ટાળનાર છે મને ભણાવનાર છે તો વિદ્યાર્થી કાંઈક એની પાસેથી ગ્રહણ કરે અને કહે એમ કરે છતાં જો એની નજર ચૂકાવે તો દંડનો પાત્ર થાય. આ આખી સૃષ્ટિ ઈ રીતે દંડની પાત્ર છે, પણ કૃપાની પાત્ર છે. એક લાકડી હાથમાં મારી અને વળી પાછા અક્ષરો, વિષયો શીખવાડે.

જો જો હવે શાસ્ત્રમાં શું શું લખે છે. બહુ પ્રાચીન સમયમાં બ્રહ્માના વખતમાં હિરણ્યગર્ભ નામના પુરુષ થયા છે. તેના વર્ણનો ઘણાય છે. આપણે લાંબો ગાળો ચાલ્યો ગયો એટલે તેને દેવતા તરીકે ઈશ્વર તરીકે માનીએ

છીએ. હિરણ્યગર્ભ નામનો આપણા જેવો એક પુરુષ પહેલા પહેલા પ્રગટ થયો હતો તે ઈશ્વરથી પ્રગટ થયેલો હતો. એમણે ભૂત પ્રાણી માત્રને માટે સંકલ્પ કર્યો હતો કે મારા જેવા બધા થાવ. તમામને હું ઈશ્વર પાસે પહોંચાડી દઉં એવો મારો સમુદાય રચતો જાઉં તેની ભેગો રહેતો જાઉં. તેને પરમેશ્વર પાસે મોકલતો જાઉં અને જેને જેને રચું છું, ઈ સાત્ત્વિક સાત્ત્વિક મારી ભેગો હું લેતો જાઉં. રાજસ અને તામસ ભાગલાને તો પ્રગટ કરી કરી અને સાત્ત્વિક ભેગો ભેળવતો જાવ. તમોગુણીને રાજસમાં ભેળવું, રજોગુણીને સત્ત્વગુણીમાં ભેળવું, સત્ત્વગુણીને મારામાં ભેળવું અને હું પરમેશ્વર પાસે પહોંચાડી દઉં. આ હિરણ્યગર્ભનો સંકલ્પ. એ પહેલાં પહેલાં પ્રગટ થઈ અને આપણી સૃષ્ટિઓ, માવતરો કોણ કેટલા ? એ કરોડો અને અબજો વર્ષો પહેલાના હતા અને તેઓને ઉપજાવ્યા હતા. પછી જેવી જેની દૃષ્ટિ કોઈ બ્રહ્માનું નામ હિરણ્યગર્ભ કહે છે અને કોઈ ઈશ્વરનું નામ હિરણ્યગર્ભ કહે છે. પુરાણો બ્રહ્માને હિરણ્યગર્ભ કહે છે. કેમ તો કે હીર તો આપણો સાદો શબ્દ પણ થઈ ગયો છે. હિરના દોરા, હિરનું વણતર, હિરનું કપડું, બધા કપડાં કરતાં ઉત્તમ, બધા ધાતુઓ કરતાં સોનું ઉત્તમ. પણ એથીય ઉત્તમ વળી નવું નવું કાંઈક પૃથ્વીમાં હોય છે તો પ્રગટ થાય છે.

હિરમ - ચોખ્ખુ કુંદનપણું. જીવાત્માનું સચ્ચિદાનંદપણું એનું નામ હિરમ. એવો સચ્ચિદાનંદ જીવાત્મા જે આપણો ચોખ્ખો ચટ છે તેને પકડી અને પરમાત્મા પાસે નયતિ લઈ જાય એવો ગુરુદેવ તેનું નામ હિરણ્યગર્ભ. આપણા માવતર આપણને ભજન કરાવે અને પરમેશ્વર પાસે લઈ જાય તો જરૂર જાણવું કે આ માવતર હિરણ્યગર્ભ છે. એવા સત્પુરુષોને હિરણ્ય કહ્યા છે અને એની અંદર પરમેશ્વર વસેલા હોય છે. માટે હિરણ્ય જેના ગર્ભમાં છે, જેની અંદર બેઠા છે એવા પુરુષો એનું નામ હિરણ્યગર્ભ. એ હિરણ્યગર્ભ આપણે લાખો, હજારો, કરોડો છીએ. જે સંત પુરુષો થાય છે તે બધા હિરણ્યગર્ભો છે. ચોખ્ખા કુંદન જેવા છે, તેની અંદર ભેદ ભળેલો નથી, સાચા મોતી છે, સાચો સૂર્યનારાયણ છે ને સાચું બ્રહ્મનું તેજ છે એનું કિરણ છે, એ કિરણની સમીપે આવ્યા તો તેનો ફોટો પડી જાય. એમાં એવું સામર્થ્ય

છે બ્રહ્મવેત્તા કોઈ પણ પુરુષ પૃથ્વીમાં ફરતા હોય ને તેની સમીપે લાખો મનુષ્યો જતાં હોય તેને ઠંડુ થાય. એના તોફાની મનનાં સંકલ્પો બે ઘડી સ્થિર થઈ જાય. લીનપણાને પામી જાય. ઘણા ઘણા ને નિંદ્રા નથી આવતી, ઉદ્વેગ થતાં હોય છે. એટલા મહિના ચાલ્યા જાય પણ કોઈ એવા મહાન પુરુષનો યોગ આવી જાય અને તેની છાયામાં જઈને પગે લાગે, નમસ્કાર કરે. તો તે કહે, પરમેશ્વર સંભારો, રૂડું થાશે આટલું જ કે છે તો એના આંતરિક ઉદ્વેગો મટી જાય છે.

એવા પુરુષો અત્યાર સુધી પૃથ્વીમાં ચાલ્યા આવે છે, પરમેશ્વર પ્રગટ કરે છે અને ઉદ્વેગવાળા જીવાત્માઓ તેને શરણે જાય છે અને તે પુરુષો એમ કહે છે કે જાવ તમારા ઘાટ સંકલ્પો, ઉદ્વેગ, શોક, અવિરામ, વિરહ, અગ્નિ, ઘણી જાતની તૃષ્ણાઓ એ બધી શાંત થઈ જશે, પરમેશ્વરની મૂર્તિને રાખો. આમ સંત પુરુષ ઉપદેશ દે છે હો બીજા કોઈ કહી શકતા નથી. બીજો કહે ભાઈ રામ રામ તો રસ્તે નીકળેલો કહે રામ રામ. તો કે ક્યું ગામ ? એટલે તરત જ એકબીજાના ગામના નામ લ્યે. રામ રામ કહીને ચાલતા થાય. સારું કર્યું ભગવાનનું નામ લીધું અને બેય ભક્તોએ ભગવાન સંભાર્યા પણ માલિકોર ઉદ્વેગની શાંતિ ન થાય. કોર્ટ ખેલવા જતો હોય કે ક્યાંય શત્રુની ઉપર ચડાઈ કરવા જતો હોય અને સામ સામા મળે કે રામ રામ તો કે રામ રામ. જેમ પરશુરામને રામચંદ્રજી મળ્યા હતા તેમ રામ રામ. પણ બે ય જણા ઈ પરમેશ્વરના અવતારો હતા છતાં દુનિયામાં દેખાડી દીધું કે, મહાપુરુષો અને પરમેશ્વરની ભક્તિ કરનારાઓ તેનામાં પરબ્રહ્મનું તેજ વધતું જાય છે અને જેનું તેજ વધતું જાય છે એ મહાપુરુષ પરમેશ્વર તરીકે કહેવાય છે. કાંઈ શરીરની ઉપર ગેરંટી નથી લખાઈ ગયેલી કે આવા શરીરવાળો હોય તો જ ઈશ્વર. બ્રહ્મલોકમાં મોકલનારો એ સાચો પરમેશ્વર. બ્રહ્મદશામાં પોતાનું સ્વરૂપ દેખાડનારો ઈ સાચો પરમેશ્વર, અનેકને પોતામાં બ્રહ્મરૂપ મેળવીને અનેકને બ્રહ્મરૂપ દર્શન દઈ દે અને દર્શન કરાવી દે. અનેકના બ્રહ્મરૂપ એવા સ્વરૂપો બનાવી દે એ મોટો પરમેશ્વર.

જોઈ લ્યો હવે તમને થોડીક વાત કહું હિરણ્યગર્ભની વેદાંતની. આપણે એટલું સમજીએ છીએ કે, જ્યાં જુઓ ત્યાં પોલકાર ભર્યો જ છે. સાચી વાત. કોઈ ના ન પાડે. ક્યાં સુધી હશે એનો છેડો નથી. એમાં પવન ભર્યો છે. કારણ કે આપણે એવા તત્ત્વોને ઓળખવા શીખ્યા છીએ. પવન અને પોલકાર એ બેય ની વચ્ચે શબ્દો ભર્યા છે. પવનને ચામડી ગ્રહણ કરે, શબ્દોને કાન ગ્રહણ કરે, અને પોલકારને આંખો દેખે કે આ વચ્ચે કાંઈ આવરણ નથી, એના દર્શન શાસ્ત્રોમાં કંઈક થોડા થોડા વિવાદ છે, પણ ઉપર આકાશમાં કાળાશ દેખાય છે ઈ આંખ દેખે છે પોલકાર, ઈ થી ઉપર ગઈ તો તારોળિયા દેખાય છે પોલકાર. ધ્રુવ દેખાય છે પોલકાર. એથી ઉપર સ્વર્ગનો એક કેડો દેખાય છે મોટો ધોમ માર્ગ ધોળો ઉજળો એને આંખ દેખ છે ઈ પોલકાર. છે અંજવાળું તેજ, એ તેજ કેનું છે ? આંયા આંખેથી સૂર્યો ન દેખાય એટલે આઘા સૂર્યો છે ઈનો પ્રકાશ આવે છે, એ પ્રકાશ પૃથ્વી સુધી પહોંચ્યો નથી બહુ આઘો છે. એ પ્રકાશ આપનારા સૂર્યોમાં પ્રકાશ કોણે મેલ્યો ? પરમાત્મા એ. આપણી ટૂંકી દૃષ્ટિથી આપણે ત્યાં સુધી શાંતિ પામી જઈએ છીએ.

પરમેશ્વરનું આપેલું અંજવાળું છે. પરમેશ્વરે અંજવાળું કેટલું મેલ્યું ? આકાશમાં અંજવાળું ગોઠવ્યું, આકાશમાં સૂર્ય, ચંદ્ર ગોઠવ્યા. એ અંજવાળું નેત્રમાં આવ્યું, અહિંયા ગોઠવાણું, જીવાત્મામાં મેલ્યું, એમાં અંજવાળું થાય છે. અંજવાળા ભેગું અંજવાળું થાય ત્યારે બીજી વસ્તુ પ્રકાશિત થાય છે તેને આપણે દેખીએ છીએ કે આ ફલાણી ચીજ. એક નેત્રની રોશની આગળ પહોંચી. સૂર્ય કે ચંદ્રનું અંજવાળું કે દીવાનું અંજવાળું ત્યાં પહોંચ્યું. એમાં આપણી આંખના જેટલી મોટાઈ તો જોઈએ. કાંઈ જીણાશ છે એના કરતાં જરાક મોટાપણું જોઈએ. ઈ મોટાપણું એમાં રહ્યું, બે અંજવાળા ભેગા થયા અને એક મોટાપણું રહ્યું, ત્રણ ભેગા થયા. એને ઠેકાણે એક ચોથાની જરૂર પડી. લાલ, પીળું, કાળું, ધોળું એવું રૂપ પણ ત્યાં રહેવું જોઈએ. આ ચાની કીટલી આવે છે આપણે બધાય દેખીએ છીએ કે એમાં પીળું રૂપ છે, નાળિયેર જેવડી મોટી છે. પીળું રૂપ અને ગોળાઈ મોટી. ઈ બે ચીજ એમાં રહી ગઈ,

આપણી આંખ ત્યાં જઈ અને તેને અડી અને આકાશના સૂર્યનો પ્રકાશ પણ તેને અડ્યો. ચારવાના ભેગા થયા ત્યારે કીટલી આપણે દેખી. ચારમાં એક ન હોય તો કીટલી ન દેખાય. એનું પીળું રૂપ છે, રૂપ જો નીકળી જાય તો જોઈ લ્યો. આંખથી વાયુ નથી દેખતા. ચામડીથી દેખાય. આંખ ન દેખે વાયુને. ગોળાઈને મહત્તા ન હોય તો ઈ પણ ન દેખાય. એનામાં દેખાવાની યોગ્યતા જોઈએ. ચાંદરડામાં ઘણાંય પરમાણુ આકાશમાં ઊડતાં હોય છે. પણ જરાક મોટા હોય તો દેખાય, ઈ થી જીણા, ઈ થી જીણા, ઈ થી જીણા, ઈ થી સો મો ભાગ છે એને કોઈ ન દેખે. એને મોટાઈ નથી. આપણી આંખ જેવડી મોટાઈ તો જોઈએ. ઈ બેય વાના હોય અને આંખમાં આવ્યા હોય પણ આંખમાં જ્યાં દેખવાની શક્તિ છે ઈ ઠેકાણે ત્યાં બરાબર આ સામે પડખે ઈ ઠેકાણે ન હોય તો ન દેખાય. બહુ મોટું અંધારું હોય અને ત્રણ ભેગાં થયાં. આંખેય ભેગી થઈ, મોટાઈ ભેગી થઈ, એનું રૂપેય ભેગું થયું તો ય અંધારામાં પડેલું મોટું માટલું હોય તો ઈ ન દેખાય. માટે અંજવાળું જોઈએ બહારનું. આ ચાર અંજવાળા ભેગા થયા પણ જો મન ઠેકાણે ન હોય તો જોયું હોય છતાં પણ એમ કહે કે મેં ન દેખ્યું, મારી ખબર ના રહી. ભાગવતમાં એના દાખલા આવી ગયા. બાણાવળી બાણ મારતો'તો, વીંધતો તો બરાબર, પડખે રાજાનું લશ્કર ચાલ્યું ગયું. કોક નીકળ્યો પાછળથી આંય લશ્કર નીકળ્યું ? તો કે મને કાંય ખબર નથી. પણ આ તું ધુળે ભરાઈ રહ્યો. તો કહે મારું તો મારા લક્ષ્યમાં તાન છે. અંદરની આંખ આ બહારની આંખની ભેગી ન મળી તો બહારની ચીજ નથી દેખાતી.

વેદાંત શાસ્ત્ર હવે શરૂ થાય છે. બહારની વાત પહેલી બતાવીને. માટે અંતરની આંખે જુઓ. કેમ ? કેવી રીતે થાય છે ? તું જીવાત્મા બેઠો છો એમાં પરમાત્મા બેઠા છે, બે જણા તો છો. એની માલિકોર અંજવાળું છે જેમ આ બહારનું અંજવાળું છે તેમ. સ્વામિનારાયણ ભગવાને આ અંજવાળાને બ્રહ્મ શબ્દ આપ્યો છે અને અંજવાળું કરનારને પરબ્રહ્મ શબ્દ આપ્યો છે અને અંજવાળું ધારણ કરનારને જીવાત્મા શબ્દ આપ્યો છે. એટલે ત્રણ તત્ત્વ નક્કી થઈ ગયા કે ત્રણ જણા ભેગા છે. ઈ કોઈ દિ' આઘાપાછા

થતાં નથી. તમે ગમે તેટલું એને ધબધબાવો ને, તો'ય ત્રણે ભેગા છે ઈ છૂટા ન થાય. ઈ કોઈ દિ' ન થાય. યમપુરીમાં જાય તો આવડા આ ત્રણ જણા ભેગા ને ભેગા. તારું કર્મ તું ભોગવ. અમે તારી બરાબર નજર રાખશું અમે ભોગવશું નહીં, કુડમાં પડશું નહીં. તારી હારે જ છીએ. નિર્લેપ છીએ પણ તને કર્મ લાગશે, અમને નહીં લાગે. જીવપ્રાણી માત્રની સાથે આ રીતે સાક્ષી તરીકે અને સાક્ષીના દષ્ટા તરીકે પરમેશ્વર અને બ્રહ્મ રહ્યા છે. આ વસ્તુ નર-નારીઓ, જીવાત્માઓ, બાલ, યુવાન, વૃદ્ધ તેને મનુષ્યમાં સમજવાને માટે શાસ્ત્રોએ લખી છે કે, મનુષ્ય આટલું સમજી શકે. બીજા પ્રાણીને આટલી અક્કલ કદાચ નહીં હોય. હોય તોય ઈ એ જાણે એની ભાષામાં. પણ મનુષ્ય તો સમજે છે કે હું આત્મા છું. હું તો દેહની માલિકોર બેઠો છઉં, શરીરમાં બેઠો છઉં. એમાં મને સમજણ છે, સમજણરૂપી દીવો છે, દીવારૂપી જ્ઞાનના ફળાવા ફૂંટતા જાય છે. બાળક હોય ત્યારે એમ કહે મને રમત બહુ સારી આવડે છે હો જોઈ લ્યો. ઠિકરાની ગાયું ગોઠવી ગોઠવીને રમતમાં છોકરાવને હરાવી દે, થોડોક મોટો થાય અને જો ખરું દૂધ પીધેલું હોય ને તો બાધવામાં મૂઠી ચડાવીને કહે મને કોઈ ન જીતે, આવો પાંચ જણા હમણાં પછાડી દઉં બધાયને, જોઈ લો એનેય સમજણ છે. ઓલી રમતનીય સમજણ હતી પણ ખોટું હતું એવું જાણીને રમતો હતો, ઊભા થઈને ચાલ્યા જાય અને કાં કોઈ ઠેબું મારીને ઊડી જાય. ઊહ ! મારું રમકડું કેમ ઉડાડી દીધું ? એમ કરે જરા, પણ એનો અફસોસ ન થાય. અને ઓલો અહમ મમ થઈ ગયો કે મને કોઈ ન જીતે. હું હરાવી દઉં. તગડો છું, ખરેખરો. જો અહમ અને મમ લાગુ પડી ગયા મોટો થયો એટલે. અંજવાળામાં ડામરનું અંધારુ થોડું થોડું લાગવા માંડ્યું. ધોળામાં કાળું દેખાવા માંડ્યું. ઉજળાશમાં અંધારું દેખાવા માંડ્યુ. આ માલિકોરની આંખમાં અંધારું બેઠું, બહારનું તો હતું, અહમ અને મમ.

ગીતાજીમાં લખે છે, શાસ્ત્રોમાં લખે છે, અહિંયા શ્રીકૃષ્ણ ભગવાન અને ઉદ્ધવજી પૂછતાં જાય અને શ્રીકૃષ્ણ કહેતા જાય કે ઉદ્ધવ, ઊંચામાં ઊંચો ધવ એટલે ધણી તો આ હું તારી સમીપે બેઠેલો છું પણ તારામાં અજ્ઞાન હશે ત્યાં સુધી હું અડધો ધવ, પા ધવ, પોણો ધવ, બાજડો ધવ. પરબારો

જીવાત્માની માલિકોર બેઠેલો ધવ એની તને ઓળખાણ નથી, ત્યાં સુધી તું એમ માને છે હું ઉદ્ધવ. આ રીતે અંધારુ માલિકોર થોડું થોડું અહમ્ અને મમ રૂપી થયું. ઓલો પરમેશ્વર બ્રહ્મ અને જીવાત્મા એ ત્રણનું ભેગાવડા પણું છે તે જીવાત્મા કાયમ ઈ બેયની સામે જોઈ રહ્યો છે, નાનકડો છે એને ઝાઝું કાંઈ વળગ્યું નથી પણ બહારનું થોડું થોડું વળગ્યું. ચાર જણા ભેગા થયાં મેં બતાવ્યા તે. રૂપ, રંગ, મોટાઈ, આંખની એમાં જોવાની રોશની એટલા ભેગા થયા એટલે બહારની ચીજને ગ્રહણ કરી કે આને હું ગ્રહણ કરું છું. વેદાંત શાસ્ત્ર ભણાવે ત્યારે ધોરિયાનું દૃષ્ટાંત આપે છે કે ગામડાના ધોરિયા, કૂવામાં કોશ જોડ્યો. કોશ આવ્યો બહાર પાણી ભરીને થાળામાં આવ્યો તો થાળા જેવું પાણી થયું. કૂવામાં હતું ત્યારે કૂવા જેવું હતું ગોળાકાર.

એમાંથી કોશ ભરાણો તો કોશના જેવું થયું, કોશમાંથી આવીને થાળામાં તો થાળા જેવું થયું, એમાંથી કુંડીમાં ગયું તો કુંડી જેવું થયું. પછી ધોરિયામાં ચાલ્યું તો ધોરિયા જેવું થયું. પાણીનો આકાશ બદલાણો, પાણી પોતે નથી બદલાણું. વળી ક્યાંક કો'ક નાની નીક આવી તો એમાં ગયું, એમાં વળી નાનું નાકું આવ્યું તો એના જેવું થયું. એના કરતાં કેરો આવ્યો તો એમાં ગયું કેરા જેવું થયું. પછી ઝાડવાના મૂળમાં ગયું તો મૂળ જેવું થયું. મૂળની માલિકોર ઝીણા ઝીણા જાવાના રેસા હોય છે એને ચાલવાના રસ્તા તો એના જેવું થયું અને પાંદડામાં ગયું તો પાંદડા જેવું થયું. ફળને પુષ્પ જેવું થઈ ગયું. ફળ જેવું થયું, ફળમાં રહ્યું, એની મીઠાશનો પાક થયો, ફળ હેઠું પડ્યું એટલે પાણી માંડ્યું સૂકાવા, તડકાનું કિરણ છે એને સૂકવવા માંડે, ખાઈ જાવ તોય પણ સૂકાઈ જાય. અમથુંય સૂકાઈ જાય. પાછું પૃથ્વીનું પૃથ્વી, જળ ઊડી જાય. પરમેશ્વર અંદર બેઠેલા છે એ મોટા જ્ઞાનનો ખજાનો છે, અંજવાળાનો ખજાનો પરમેશ્વર છે, એના અંજવાળા વડે આપણે દેખીએ છીએ હો, અંદરથી જો ભગવાન ઊડી જાય તો અંજવાળું બધું વયું જાય. જરીએ જરી અંજવાળું ભાગી જાય. કારણ કે એનું આપેલું અંજવાળું છે, એની પાસે રહેવાથી અંજવાળું છે. આ હિરણ્યગર્ભ તરીકે પરમેશ્વર જીવાત્માની સાથે બેઠા છે માટે અંજવાળું આપનારા છે, ઈ કો'કનું અંજવાળું

કોશ આવ્યું એટલે પડખે બ્રહ્મમાં આવ્યું, બ્રહ્મનું અંજવાળું જીવમાં આવ્યું, એટલે થાળામાં આવ્યું, થાળાનું અંજવાળું જીવમાંથી કુંડીમાં ગયું, એટલે માંલિકોર અહમ્ અને મમ બુદ્ધિના સ્થાન છે, ત્રણ સ્થાન છે ત્રણ. મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર ચાર સ્થાન લખે છે.

એક ન્યાય શાસ્ત્ર ગૌતમનું છે, ઈ એક જ સ્થાન લખે છે. મન, એક જ કુંડી. કપિલ ભગવાન ત્રણ લખે છે મન, બુદ્ધિ અને અહંકાર. જ્યારે પુરાણોમાં ચાર લખ્યા. મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર. હવે જેમ હોય એમ લટકો કરો બે કરો કે એક કરો પણ માલિકોર એક કુંડી તો છે, આ એનું નામ મનજીભાઈ. આ એમાં અંજવાળું આવ્યું, અંજવાળું આવ્યું તો ખરું પણ કેવું ? આ મનજીભાઈ બેઠો બેઠો કહ્યા કરે છે, લે ઈ ગામનો ગામોતી આપણો ગુરુ. કારણ કે એની ગરજ બહુ વેઠવી પડે છે. આખી જિંદગી જ્યાં જાય ત્યાં ભેગીને ભેગી. એ શું કહે છે. આ માલિકોરથી પ્રગટ થયેલું જે અંજવાળું એના હું બે ભાગ પાડું છું. એક અંજવાળું સારામાં મોકલું ને એક અંજવાળું નરસામાં મોકલું અને જો ઈ અંજવાળું બે ભાગ ન પડે એવું હોય તો એકના ઉપર પરબારુ જવા દઉં. અને ઓલી આગલી ચીજ છે ને એના ઉપર હું આસિન મેલું આસિન. આ સારું આ નરસું ઈ મારા આસીન જાણવા. કોના ? મનજીના. આ સારું, આ નરસુ. એક ને આપણા જૂના બળદનું ગાડું સારું લાગે છે એક ને અત્યારના ઘોડાના મજાની ઘોડાગાડીઓ રાજાઓ પ્રમાણે સારી લાગે છે. તો વળી એક ને અત્યારે મોટરું સારી લાગવા માંડી, તો એક ને વળી બલૂન સારા લાગવા માંડ્યા, તો વળી બીજા કહેશે હવે આ મોટા બધાય મોટું, મોટું, મોટું ભેગું કરીને ચાલે છે ને હાલને મારે પગદંડી ઠીક છે. આપણા પગ બે આ જોવો એકમાં સારું, એકમાં નરસું. આ ગોઠવ્યું કે આ સારું. આ મોટી ચીજું બલૂન જેવું છે, તો કે ઈ તો બહુ ખર્ચો, આ મોટર જેવું તો કે ઈ તો ડ્રાઈવર રાખવો પડે, વળી હેરાનગતિ ને એને સાચવવી પડે. મેલને પડ્યું. ઓલો મન બેઠો બેઠો એમ કહે છે આ વાહન સારું, એમાંય જો ખેતર પાકી પડ્યું હોયને પાનસેર ખાંડી મગફળીનું, તો એંસી હજારની ગાડી લઉં હો. જેવી તેવી નહીં. ડામરના રોડ

ઉપર ચાલે અને એમાંય પાછું ઓલું લઉં ઓલું આમ આમ ફરતું આકાશમાંથી પરબારું અગાસીમાં ઉતરે એવું લઉં. આ મનજીભાઈ કામ કરે છે, બીજો નથી કરતો. જેટલાં કાંઈ અહમ અને મમ ઈ મનજીભાઈ કામ કરે છે.

આ તો દાખલા દૃષ્ટાંતો એવા છે જે જલ્દી સમજાય બીજું શું ? જમવા બેઠા હોય ત્યારે મનજીભાઈ એમ કહે આ શાક સારું છે, આ નરસુ છે. આ ઠીક નથી ફાવતું. તમે મરચું કેમ બહુ નાખ્યું ? મને નથી ગમતું. તો બીજા કહે મરચા વિના ગળે ઉતરતું હશે ? વાયુ થઈ જાય વાયુ. મરચું તો જોઈએ. આ મનજીભાઈના બે ફડાવા એક ની એક વાતમાં. એક કે ગુરુને શરણે જાઈએ તો મોક્ષ થાય છે. બીજો કહે ગુરુ તો લૂંટી જાય છે. ગુરુને શરણે શું જાવું ? માલિકોર માલિકોર ભજન કરવા તો વળી પાંસરૂ થાય આપણું. હાલો ઈ મનજીભાઈએ કર્યું તો એમાં શું છે ? એક કે છે શાસ્ત્રોને સાંભળી અને જ્ઞાન મેળવો. ત્યારે બીજો કહે કે, આપણા આત્મામાં ભર્યું છે હવે જ્ઞાનને શું કરવું છે ? આપણે એટલું સમજી લઈએ કે આ બધુંય ખોટું છે, હું એક સાચો છું, ઈશ્વર સાચા છે લે ને મનમાં ને મનમાં ભજન કરું, એ પત્યું. આ એને બહુ દાખડો ન કરવો પડે અને ઈશ્વર તરફ એનું મન તો વળ્યું પણ એને એ ગમ્યું. આ ગમતી વાત. આ અંદર મનજીભાઈ છે ઈ એવી ગમતી વાત કરે છે. માટે અદ્વૈત વેદાન્તે ગમતી વાત કરી, આ ઓલું જળ કુંડીમાં આવ્યું છે હો કુંડીમાં. હજુ આમ હજુ આગળ ધોરિયામાં નથી ગયું, એમાંથી ગમતી વાત કરી. શું ગમતી વાત કરી ? મન કે છે ધોરિયામાં પાણી જાય, ત્યાં આગળ બીજું કાંઈ નાકું બાકું છે ? ઊંડો ઊંડો ધોરિયો આફરે એવું કાંઈ છે ? બાઘડ બાઘડ તો નથી વાગીને અડખે પડખે વયું જાય. તો કે બે બાઘડું છે બે. આ જુઓ આગળ આખું છે ને ઈ બાઘડું છે. ઈ ધોરિયામાં એના છિદ્રો છે. મનથી જ્ઞાનનો ધોરિયો નીકળ્યો એટલે આંખોમાં આવ્યો. ઓલું મન એમ ગોઠવી રાખે છે, આંખ વડે જોઉં તો ફલાણી ચીજ બહુ સારી. કેવી સારી ? તો કે નાક સુગંધવાળી, આંખ એમ કે છે કે રૂપવાળી. હાથ એમ કે છે કે કોમળ. જીભ એમ કે છે કે રસદાર, કઈ જીભ તો કેસર કેરી એના જેવી કોઈ નહીં જાવ. આ

મનજીભાઈએ એને ગોઠવી. બધાય ભેગા થઈ ગયા. ઠોં ઠોં કરતો હોય શરદી લાગુ પડી ગઈ હોય, ખટાશ ખાવાની ના પાડી હોય અને ખાય તો ફોડકા થઈ જતા હોય એને આપીએ. કેસર કેરી બહુ સારી છે, ખાધા જેવી છે. સરસ છે અરે દળદાર લાવ્યો છું. આની અંદર ગોઠલી તો સાવ નાની છે. એવી પાકી છે કે જરીકે ખટાશ નથી ખા તો ખરો, પણ ઓને ભય છે મારે ખાવાલાયક નથી. ઈ મને આપશો મા. મને ગમતી નથી, મને એની ગંધ લઉં તો ફેફસું ભરાય જાય છે પવનથી. શ્વાસ ઉત્પન્ન થઈ જાય છે અને જીભમાં જો નાખું તો દાંત અંબાઈ જાય છે. ગમે એવી મીઠી હોય તોય ખટાશવાળી છે. ઉદરમાં જાય તો પચતી નથી. વાયુ કરી દે છે અને આખા શરીરમાં ફોડકા ઉત્પન્ન કરી દે છે માટે મારે ખાવી નથી. આ મનજીભાઈએ ગોઠવ્યું. શું કામ ? ઓલા બહારના ધોરિયા છે ને ઈ એવા રૂપમાં ઘડાયેલા છે. આ બે નેત્રોની બાઘડું એવી ઘડાયેલી છે. એણે નક્કી કરી રાખ્યું કે, આ મારા શરીરને અનુકૂળ નથી માટે મારે ના જોઈએ અને એકે અનુકૂળ કરી રાખ્યું કે આ મારે અનુકૂળ છે માટે સદા જોઈએ.

બોલો આ બહારની ચીજ. કુંડીએ પાણી આગળ વહેતું કર્યું તે બે ધોરિયામાં ચાલ્યું. ચાલુ કર્યું પણ ઈ એવા છે બંધાર ભેગો ભેગો છે. આગળ જાય પડખે પડખે ચાલ્યા જાય તો જ આગળ કામ કરે. આગળ ક્યારો આવ્યો મજાનો હો. આ જેટલે ઠેકાણે જોવાની ચીજું છે ઈ બધાય કેરા જ છે. ત્યાં જઈને આંખની વૃત્તિ ઠરે એટલે બેઠી. બેઠી એટલે એની હારે સંયોગ થયો. ઈ સંયોગ થયો એટલે સ્થિર થઈ આદિ વસ્તુમાં ઠહેરી, અટકી. અટકી, એની સાથે મનજીભાઈ થોડીક પોતાની સંકલ્પ અને વિકલ્પ આ એમ નહીં, ત્યાં કે ના ના એમ નહીં પણ આમ. આ એને ભેગું મેલ્યું ત્યાં ઓલા કેરા સુધી મન ગયું ભેગું. કે આ કદમનું ઝાડવું બહું સારું, આ આંબાનું ઝાડ બહું સારું, કલમી ઝાડ છે બહુ સારું, પણ પડખે ચંપો ઊગ્યો હોય તો ચંપાને ઉખાડીને નાખી દે. શું કલમનું ઝાડ મુળગુ જાય. કેરીનું ઝાઝું મૂલ્ય. ચંપો તો ખળ ચંપો એના ફૂલને શું કરવા છે ? ઈ મનજીભાઈએ એકની કિંમત ઓછી કરી એકની કિંમત વધુ કરી. કેરામાં તો પહોંચ્યા ઈ

કેરો છે એનું નામ વિષયો. આ વસ્તુઓ બધી આખી દુનિયાની, આખી દુનિયાની ચીજો. અને ઈ વિષયોમાંથી જે નવું નીપજે એના નામ વૃક્ષો, જે કેરામાંથી જે થયું એ વૃક્ષો થયા. અહિંયા લખે આ ઠેકાણે જ્ઞાનમાં. કેરામાંથી શું શું થયું ? તોકે આંબામાંથી શું શું થયું ? બોલો ને. પાંદડા થયા, વૃક્ષ થયા, ફળ થયા, ફૂલ થયા. ઘણુંય થયું. જ્યારે આ ત્યાં સુધી પહોંચ્યા ત્યારપછી ચીજોને ગ્રહણ કરવા માંડ્યા. કોણ ?

નેત્રે કેરામાંથી સારું રૂપ જોયું. ત્યાંથી શબ્દ થતો હોય તો મજાનાં સિનેમાના ગાયનો કાને સાંભળ્યા. એના ફળમાંથી રસ મળતો હોય, ગુંદનો રસ કે પછી પાંદડાનો રસ કે ભાજીનો રસ ઈ જીભે લીધો. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ. ઈ માલિકોરથી વિષયો એટલે વૃક્ષમાં થયેલા પાંદડાને ફળને એને ગ્રહણ કર્યા. જો પાછા વળ્યા ત્યાંથી. ઓલો મનજીભાઈ ગયો છે એને લીધા. આ તાર ટેલિફોનનું દોરડું અહીંથી શબ્દ મેળે ત્યાં મુંબઈ જાય. મુંબઈથી જે બોલે ઈ આવે અહીં. અવળો ને સવળો જાય ભાગ્યો. આ અંદરથી જઈને ઠેઠ ત્યાં સુધી પહોંચીને ત્યાંથી એણે જે પાછો વાળ્યોને સારો ને નરસો એમ કરીને પાછો વાળ્યો, ઈ પાછો વાળ્યો ઈ આંખ સુધી આવ્યો, કાન સુધી આવ્યો, નાસિકા, જીભ સુધી આવ્યો, બધા સુધી આવીને પાછો મનજીભાઈને કહે છે જો હું આવ્યો. તો મનજીભાઈ કહે છે જો હું તને લઈ આવ્યો. માટે દસ જણા તમે ને એક હું માટે આપણે અગિયાર થઈ ને આપણે આ કામ કરીએ છીએ. આમાં દસ જણા અને એક અગિયારમો. આ અગિયાર જણા કામ કરીયે છીએ. પછી તો કે બારમાની જરૂર છે. ઓલો વચ્ચે બેઠો છે. તું આ લાવ્યો ખરો પણ બરાબર મજૂરી ન કરી, સારું ન લાવ્યો, નરસું લાવ્યો, અહંકાર બેઠો બેઠો એમ કહે છે આ ઠીક નહીં. ત્યાં માલિકોર ચિત્ત એમ બેઠું બેઠું ચિંતવે કે આ માળું ઠીક તો છે લેને હવે જરાક બે આની ઓછું હશે તો હાલશે, એ ચાલ્યું. ત્યાંથી વળી આગળ ગયું ત્યાં બુદ્ધિ નક્કી કરીને બેસે છે કે આ કામ છે ઈ ઠીક થયું અને ન પોતાને ગમ્યું તો આપણે શું કરીએ ? હવે પરમેશ્વરની મરજી હશે એમ થયું. જો જીવાત્મા પહોંચ્યો પાછો હતો ત્યાં. ત્રણ જણા હતા એમાં નાખ્યું. આ ભાઈબંધ

આ રીતે અહીંથી બહાર નીકળે. ઓલા બેયનાં સાક્ષી સહિત નીકળે છે પણ એને બેયને પડ્યા મેલીને નીકળે છે અને એને ઠેકાણે બે બીજા લઈ લ્યે છે. અહંકારને મમકાર.

એની સાથે આગળ હાલ્યો ત્યાં નલિની ને નાલિની આ બે નાસિકાઓ અને એની ઉપર બે સૂર્ય ચંદ્ર હવે એને ભેગા લીધા. એથી આગળ ચાલ્યો ત્યાં વિષયો ભેગા લીધા. વિષયોથી આગળ ચાલ્યો ત્યાં તેના રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ સારા નરસા ઈ બધા ભેગા લીધા. એને લઈ પછી ક્યાં જાય ? કારણ કે ત્યાં ઈનો સીમાડો આવી ગયો. હવે ત્યાંથી આઘું જાવાનું નથી કયાંય અને જાવાનું હોય તો મનજીભાઈને પૂછવું પડે. આ આંબો બરાબર નથી. આ દુકાને બરાબર ખાવાની ચીજ ન મળી. હાલોને બીજે જાઈએ. પણ વાત તો એની એ. ઈ ફળ સુધીની. ત્યાંથી પાછો વળ્યો અંદર આવ્યો એટલે એને નક્કી થઈ ગયું કે, જો જો હો ખમનો અર્થ છે આકાશ, ખમનો અર્થ છે ઈન્દ્રિયો. ખમ ખાવાની ચીજ. આ બહું સારું એનું નામ સુખમ્. આ બહું નરસું એનું નામ દુઃખમ્, પોતે ને પોતે કરીશું, કોક બે ફેંટ મારી જાય આ બહુ ખરાબ, મને ગાલ ઉપર માર્યું, પોતે પાંચ સામી મારી હોય તો કે મેં એને પાંચ ઠઠાડી બદલો વાળી લીધો, બમણો બદલો વાળ્યો. જો એ સુખમ્. એલા બેયને લાગ્યું, બેયને દુઃખ થયું, બેયના ગાલ સોજી ગયા એમાં સુખમ્ દુઃખમ્ બેય દુઃખ જ હતું. તો કે ના એણે બે ઠોઠ મારી ખરી પણ મેં એને પાંચ વળગાડી સામી, બદલો વળી ગયો. જો પાંચ વળગાડી ઈ સુખમ્ અને બે ઠોંઠ ખાધી ઈ દુઃખમ્. આ રીતે સુખ અને દુઃખ ઈ રૂપી ફળ, ઈ ફળને ભોગવનારો જીવાત્મા થાય છે પછી સારું કરે ને નરસું કરે. કાં તો અફસોસ કરવા માંડે ને રોવા માંડે અને કાં એમ કરવા માંડે છે કે ઓહોહો મારા જેવો તો કોઈ આનંદિ નથી. લહેરમાં આવી ગયો છું, ખરેખરો સુખી છું, મારા જેવો કોઈ સુખી નથી અને પછી માંડે આનંદથી એવી ને એવી વસ્તુઓ કમાવા. આમ આખી જિંદગી ચાલી જાય છે. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે, અરે ઉદ્ધવજી, આ આખી કૂવામાંથી નીકળેલી જ્ઞાનની વૃત્તિ, તેના કેટલા ફળાવા ફૂટ્યા, આગળ જઈને પાછી વળીને જીવાત્મા સુધી પહોંચી

ત્યારે તેમાંથી એનું એ જ્ઞાન સુખ સ્વરૂપ, દુઃખ સ્વરૂપ, એકનું એક જ્ઞાન એની અવસ્થા અંતર થઈ ગઈ. ઈ વસ્તુ પોતે પોતાના સ્વરૂપમાં સમજણ તરીકે હતી, ઈ સમજણ વડે ગ્રહણ કરાય, એવા રૂપમાં થઈ ગઈ. એનું એ દૂધ હતું તે છાસ ભેગું ભળ્યું એટલે દૂધ એમ કહે છે કે હવે હું દહીં થયું. ખાટું, બાળું, ધોળું તો છું પણ ખાટું બાળું છું. મારામાં ભેગ ભળી ગયો. ઈ ભેગ ભળ્યો ને ખાટું અને બાળું, ઈ આત્મ વડે પાછું વળ્યું અને બેઠું તંઈએ થયું. ત્યારે એના બે સ્વરૂપ શાસ્ત્રએ લખ્યા છે કે, સુખ ને દુઃખ થાય છે ઈ વખતે એની પૂર્વ અવસ્થામાં ત્યાં ધર્મ અને અધર્મ એટલે પુણ્યમ્ અને પાપમ્. ઈ બે રૂપ ત્યાં જમા થઈ જાય છે, પુણ્ય થયું એટલે સુખમ્ અને પાપ થયું એટલે દુઃખમ્.

આ પુણ્ય પાપની જમાવટ મિમાંશા શાસ્ત્ર કરે છે. જે કાંઈ યજ્ઞયાગ કરો તેનાથી પુણ્ય ઉત્પન્ન થાય છે, તેમાં બ્રાહ્મણ દેવ સંકલ્પ કરાવે છે કે સ્વર્ગને માટે અજેત, સ્વર્ગ મળેને યજ્ઞ કરું. યજ્ઞ કરનારો મરી જાય તે દિ' સ્વર્ગ મળે. અત્યારે તો યજ્ઞ પૂરો થઈ ગયો તો અત્યારે ને સ્વર્ગને શું સાંધો ? ટેલિફોનના દોરડાની પેઠે કંઈક જોઈએ ને ? તો કે વચ્ચે પુણ્ય ઉત્પન્ન થયું તે. માટે ધર્મ ઈ પુણ્યમ અને ઈ લાંબો કાળ ટકનારું છે, એના ઉપર આખી સૃષ્ટિ ચાલે છે. શ્રીકૃષ્ણ ભગવાન કહે છે, ઉદ્ધવજી એ ધર્મ એનું સ્વરૂપ સુખમાં ગયું, પણ શ્રીકૃષ્ણ કહે છે, ઉદ્ધવજી એ ધર્મ એટલે મારામાં હેત. જો આટલું આટલું કામ કર્યું પણ ત્યાં જાવ પાછા વળો ત્યારે તમને સુખ માલૂમ પડ્યું ઈ વખતે તમને આવું ભાન રહેવું જોઈએ કે, મારા સાક્ષી અંતર્યામી બે જણા મારી ભેગા બેઠા છે. આ એણે જે મને દેખાડ્યું એનો રાજીપો તે આ મને સારાવાના રૂપી ગમતી વાત એનું નામ સુખમ એટલે પરમેશ્વરની ભક્તિ એટલે રાજીપો, એટલે એનો સ્નેહ, એની કૃપા. જો પરમેશ્વરનો ભક્ત હોય તો ત્યાં ગયો થકો તેને પુણ્ય તરીકે જુદું નહીં માને. પુણ્ય એટલે શું ? તો કે મારા ઈષ્ટદેવનો રાજીપો. હું આટલા કામ કરીને અહીં અંદર આવ્યો મને સારું ગમ્યું. હે પ્રભુ હું આટલું કમાઈને આવ્યો છું આ તમને આપું છું. તમારા સિવાય હું અંગીકાર નથી કરતો. ઈ જે આપ્યું, એનું નામ કૃષ્ણાર્પણમ્.

ઈ કૃષ્ણાર્પણમ્ એ ઓલું બહારથી આવ્યું તો તે અપાઈ ગયું. ભગવાન કહે છે, શાબાશ ધન્ય છે, તું કમાણો ને મને આપે છે. મારો મોકલ્યો થકો ગયો હતો, બધા ઘણાય ભેગા લઈ ગયો. જ્યાં જેવું મળ્યું એને ઠીક માનીને લઈ આવ્યો. લઈ આવ્યા પછી એ બધા સૌ સૌના ઠેકાણે વિરામ પામતા ગયા. પામ્યા પછી ઝાડવાનું ફળ છે ઈ મોઢામાં મેલ્યું ને માલિકોર એમાંથી મીઠાશનો પાછો સ્વાદ આવ્યો, મનજીભાઈ પાસેથી આગળ આવ્યો, બુદ્ધિ સુધી આવ્યો, અહમ્ સુધી આવ્યો, એમાંથી ઊંડો ઉતર્યો ત્યારે પોતામાં આવ્યો, ત્યાં પોતામાં ઈ બે અને ત્રણ રૂપ થઈ ગયા. કાં તો પુણ્યમ્. આ મેં કર્યું ઈ બહુ ઠીક કર્યું એનું નામ ધર્મ. આ મેં કર્યું ઈ મારા ઈષ્ટદેવને મારા અંદર બેઠેલા પરમાત્માને અર્પણ કરવા વાસ્તે કર્યું છે, આનું નામ ભક્તિ. તમે રાજી થાવ, તમને અર્પણ કરું છું. ઈ અર્પણ રૂપી પોતાનું યજ્ઞ અને પરમેશ્વર રાજી થાય એનું નામ ભક્તિ. જો ઈ ની ઈ ચીજ ત્યાં ભક્તિરૂપે થઈ ગઈ અને પરમેશ્વરને અર્પણ ન કરે અને મેં ધર્મ રૂપે આ પુણ્ય મેળવ્યું, સારું કાર્ય કર્યું તો એનું ફળ તો કે બે ઘડી કેફ ચડે કે ઓહોહો મેં બહુ સારું કર્યું હો. ત્યાં બીજો કહે, ઓહોહો તું બહું સારું કામ કરનારો હો. ત્યાં તો માલિકોરથી આમ જરાક કરચલી પડી બધી મટી જાય. સુખિયો થઈ જાય બે ઘડી. ઈ જે સુખ, ઈ છેવટનું ફળ છે. ઘડીક અનુભવ કર્યોને વયું ગયું. ઓલું પુણ્યમ્ તો કે પુણ્યમ્ એમાંથી સુખ થયું અને સુખ થયું એટલે પુણ્યમ્ ખવાઈ ગયું. ફુલડું ખીલ્યું હોય એમાંથી સુગંધ નીકળ્યા કરે, સુગંધ પૂરો થઈ ગયો એટલે ફૂલડું સૂકાઈ જાય. જે ન સૂકાઈ એવી ચીજ કઈ ? આ એ બતાવી. ભાગવત્ ધર્મ એટલે પરમેશ્વરની પ્રીતિ, પ્રસન્નતા. જોયું ? આ ભક્તિ રૂપી શાશ્વત ફળ, જેટલા કામ કરો એનું નામ કર્મકાંડ. આ દાખલો વેદાંતનો.

જ્યારે અમે ભણીએ ત્યારે પેલું એક ગ્રંથ છે એમાં આ પેલી પ્રણાલી દેખાય ભણાવવાની, ત્યારપછી તો આના પ્રમાણો જુદા જુદા પાડે છે, અમારા ગઈઢીયા કહે છે કે, આ ગામમાં વડમાં અહિંયા ભૂતડું રહે છે એટલે આ મારગ ફેરવીએ છીએ. પણ ઈ કોણે દેખ્યું. આમ ગયઢા ગયઢા બોલતા હોય માટે ફરીને ચાલજો. ફલાણા દેશમાં ફલાણા ઠેકાણે વરસાદ બહુ પડે તો

ફોરા પડતા હોય છે. ઉપર જમીન સારી હોય અને અંદર હેઠે રાબડા થઈ ગયા હોય, ઉપરથી ડફ દઈને બેસી જાય ખૂંચી જાય. ઈ તો આંખથીય દેખાય. જૂના કહેતા'ય આવ્યા છે આ ઐતિઈહ નામના પ્રમાણ ઉપર સૃષ્ટિ ચાલી જાય છે અને લગભગ કેટલાક તો સંભવ ઉપર ચાલી જાય છે કે સોમાં પચાસ તો હોય જ. એક, બે, ત્રણ, ચાર, નવ્વાણું સુધી હોય ત્યાર પછી સો થાય. સો રૂપિયા લીધા હોય આપણે સો આપીએ. આગલો માંગી શકે, તે સો આપ્યા પણ નવ્વાણું ન આપ્યા. નવ્વાણું આપીએ તો વળી માંગીએ કે અઠ્ઠાણું ન આપ્યો. કેમ એમ ? તો કે એની અંદર હતો. આપતો જ જા. એકડો આવે ત્યાં સુધી આપતો જા. જો અજ્ઞાન હોય તો આપતો જાય. જ્ઞાન હોય તો કહી દે કે સો આપ્યા. સો લીધા ને સો આપ્યા. હવે તમે નવ્વાણું માંગો છો તે સો લેતી વખતે તમે કહ્યું તું ? કે લે આ નવ્વાણું તો હું નવ્વાણું આપી દઉ. લે અઠ્ઠાણું તો અઠ્ઠાણું આપત. લે સતાણું તો સતાણું આપત, તો ઈ એક સો ને નવ્વાણું થાત. એક સો ને અઠ્ઠાણું થાત. એક સો ને સતાણું થાત. ઈ આપી દેત આનું નામ સંભવ નામના પ્રમાણ. આખી દુનિયા અજ્ઞાનમાં ને અજ્ઞાનમાં, સંભવમાં ને સંભવમાં હેરાન થાય છે.

એક વેદાંત શાસ્ત્ર આમ કહે છે કે, કેમ એમ ? તો કે નિર્ગુણ ને નિરાકાર છે અને મિથ્યા છે, નાશ પામનારું છે. એને એવું સૂજ્યું. ખોટું છે. જીવાત્મા ક્યાં જાય છે કે હાથમાં આવતો નથી. બીજું વેદાંત એમ કહે છે કે એમ નહીં. શ્રુતિઓ વર્ણન કરે છે. પરમેશ્વર, જીવાત્મા, બ્રહ્મ અને માયા આ બધા નક્કી છે, નિત્ય છે, ઝીણા છે, જાડા છે. આ લોકના છે અને પરલોકના'ય છે. ઈ એય પરમેશ્વરના વાક્યો અને ઓલા'ય પરમેશ્વરના વાક્યો પણ એમાં બળાબળના પ્રકરણો હોય છે કે આટલા આટલા બળવાળા વાક્યો હોય તો ઓલા વાક્યો હટી જાય છે અને શબ્દને તોડી નાખે છે. એના ઘણાંય રસ્તાઓ છે. શરૂઆતમાં કેમ છે ? મધ્યે મધ્યે શું છે ? અને છેવટે શું લખ્યું છે ? પછી એમાં લખનારો અને બોલનારો કઈ વાત ઉપર ભાર દે છે ને કઈ વાતને ઉડાડી દે છે. તો ઈ ચિન્હો બરાબર શબ્દના અર્થો બતાવે, આ વેદાંત શાસ્ત્રના રસ્તા છે. ઓલો મીમાંસા શાસ્ત્ર એક કોર બોલે

છે કે, કોક વખાણ કરતાં હોય એનામાં હોય નહીં કાંય પણ વખાણ બહુસારા હોય ઈ પ્રશંસા. લાખો ઠેકાણે એક નો એક શબ્દ હોય, કાં તો નિંદામાં હોય ને કા પ્રશંસામાં હોય. કાં એની સિદ્ધી અડખાં પડખાના પ્રકરણો કરી દેતા હોય. કેવી સિદ્ધી કરી દે ? અડખાં પડખાના પ્રકરણો કરી દે. અત્યારે આંહિ પારાયણ વંચાય છે, શુભ મુહૂર્ત છે, કંકોત્રીઓ મોકલાવી છે. જે ગામડેથી ભક્તજનો આવતા હશે કહેતા હશે કે અહિંયા સમઢીયાળામાં પારાયણ છે, સાંભળવા જઈએ છીએ અને પૂજાનો ને દર્શનનો લાભ લેશું, કથાનો લાભ લેશું. એની અડખાં પડખાંના માણસો છે એને સિદ્ધી થઈ ગઈ કે માળું સમઢીયાળામાં પારાયણ છે ખરું. કેમ એમ ? તો કે સિદ્ધિ કરનારા માણસો જાય છે. બાકી પૈસો ખર્ચીને ચાલીને કોણ જાય ? આ જોઈ લ્યો આપણે બધા છે. માંસ, મદિરા નહીં કરનારા અહિંયા બેઠા છીએ અને પરમેશ્વરની ભક્તિ કરીએ છીએ. પણ એવો કોઈ હોય તો એને અંદર આવવું મુશ્કેલ પડે. ઈ કહે આપણે બાપુ આઘા રહેશું. હું શું કામ આભડછેટ કરાવું. ઈ જાતિથી સાબિત થઈ જાય કે આ કોણ છે ? તો કે બ્રાહ્મણ છે. તો કે એના ઘરનું પાણી ખપે. એવી રીતે ઈશ્વરે પરમેશ્વરે પ્રશંસા કરી છે કે ધર્મ એટલે ભાગવત ધર્મ, ભાગવત ધર્મ એટલે પરમેશ્વર લેખેના કામકાજ, એનું નામ ક્રિયા એટલે કર્મકાંડ, ઈ કર્મકાંડને ઈશ્વરમાં જોડવો માટે વ્યાપક એવી સર્વત્ર મોટામાં મોટી સૃષ્ટિ કે જે નિત્ય અને શાશ્વત સૃષ્ટિ એનું નામ જ્ઞાન, વિજ્ઞાન અને આનંદ. એનું નામ સચ્ચિદાનંદ પરમેશ્વર. એ સર્વત્ર વ્યાપક પૂર્ણ બ્રહ્મ ભરેલા છે પણ આંખથી ન દેખીએ એટલે એને એક શાસ્ત્ર કહે છે નિરાકાર.

એક શાસ્ત્ર એમ કહે છે કે, અભ્યાસ કર્યા પછી દેખાય છે માટે સાકાર. કેવા સાકાર ? તો કે તમને કોક'દિ દેખાય છે માટે તે દિ' સાકાર. કોકને દેખાણા હશે માટે સાકાર, એથી જૂનામાં જૂનાને દેખાણા હશે માટે સાકાર. આ સૃષ્ટિ જ્યારથી નોતી રચી ત્યારે તેણે પુરુષસુક્તના મંત્રમાં લખ્યું છે કે તેણે એક પુરુષ ઉત્પન્ન કર્યો, એ પોતાના સ્વરૂપનાં જેવું સામું સ્વરૂપ કર્યું. માટે એની પહેલા પણ એની મૂર્તિ સાકાર. અત્યારના આદમી જેવા દેખાય છે એવો એ છે. માટે આ આદમી છે દેવ જેવા, દેવ આદમી છે

ઋષિ જેવા, ઋષિ આદમી છે પિતૃ જેવા, પિતૃ આદમી છે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવા. બ્રહ્મા, વિષ્ણુ, મહેશરૂપી આદમી છે વૈરાટ અને ભૂમા જેવા, વૈરાટ અને ભૂમા એ આદમીઓ છે પ્રધાનપુરુષ અને વાસુદેવ જેવા, વાસુદેવ અને પ્રધાનપુરુષ એ આદમીઓ છે પ્રકૃતિપુરુષ જેવા, પ્રકૃતિપુરુષ વાસુદેવ અને પ્રધાન એ પણ આદમીઓ છે. માટે જે આદમીમાંથી છૂટા પડ્યા, નીકળ્યા છે અને કામકાજ કરે છે, ઈ પણ આદમીઓ છે, ઈ છે બધા મુક્ત આદમીઓ અને મુક્ત છે ઈ જેની સામું જોઈને બેઠા છે, ઈ પણ એક મોટો આદમી છે. ઈ મોટો આદમી એનું નામ પરમાત્મા. આ રીતે પરમાત્માની આપણા આદમીપણાથી ઠેઠ સુધી સિદ્ધી થઈ જાય. જો એ આદમી ન હોય તો આવા આદમી ન બનાવે. સૃષ્ટિ સૃષ્ટિમાં આવા પુરુષો છે. માટે જરૂર પરમ પુરુષ આપણા જેવા છે.

શ્રીહરિએ પોતાની મૂર્તિ જેવી મૂર્તિ કરવા વાસ્તે અક્ષરધામના મુક્ત જેવો આત્મા થવા માટે અક્ષરબ્રહ્મલોકના મોટા લોકમાં, ધરામાં ઈ મુક્ત પુરુષને સ્નાન કરાવે એટલે તરત જ એ આત્મા વિકાસ પામ્યો, મૂર્તિમાન થયો, મુક્તના જેવો થયો. મુક્ત સમાન મુક્ત થયો. તેને પુરુષોત્તમ નારાયણની મૂર્તિમાં પ્રવેશ કરાવ્યો, તેથી મૂર્તિ સમાન મૂર્તિ ઘડાઈ ગયો, ઈ મૂર્તિ પુરુષોત્તમ નારાયણની મૂર્તિ આપણે જોનારા મુક્ત પુરુષોને માટે થઈ. તે મૂર્તિ સમાન મૂર્તિ થઈ. આ રીતે મુક્તને પુરુષોત્તમ નારાયણ પોતાની મૂર્તિ સમાન મૂર્તિ બનાવી દે છે. ઐશ્વર્ય સમાન ઐશ્વર્ય આપે છે, સર્વ સ્વરૂપ પુરુષોત્તમ નારાયણના છે, એની અનંત શક્તિઓ એ તમામ મળી ગઈ. સ્વામી સેવક ભાવ પુરુષોત્તમ નારાયણે કાયમ રાખ્યો અને સેવકને એવુ જ્ઞાન આપ્યું હું શ્રીહરિ તમારો સ્વામી છું તમે સેવક છો આ વાતને ભૂલી ન જવી. સર્વજ્ઞપણું છે, પણ સર્વજ્ઞપણામાં માયીક સૃષ્ટિ દેખાતી નથી, માટે માયિકનું જ્ઞાન એ બ્રહ્મ-પરબ્રહ્મના વિજ્ઞાનની છાયાની માલિકોર દબાઈ ગયું ઈ અજ્ઞાન તરીકે એને નડતું નથી, ઊડી જાય છે. માટે સાર્વજ્ઞપણું, પરબ્રહ્મ સાર્વજ્ઞપણું, વિશિષ્ટ સાર્વજ્ઞપણું એ બરાબર મુક્ત પુરુષોને પ્રાપ્ત થઈ જાય છે, આપણે આપણા જીવાત્માનું રોજ પ્રત્યક્ષ કરીએ છીએ, આત્માનું પ્રત્યક્ષ નથી થતું સ્થૂળ

દૃષ્ટિથી. આત્માનું સ્વરૂપ છે જ્ઞાન સ્વરૂપ. જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચના સ્વરૂપો. જીવાત્મા જ્ઞાનઘન, આ જીવાત્મા એટલે કોણ ચીજ છે ? સાકર એટલે શેરડીનો રસ. લોટ એટલે ઘઉંના દાણાની ચીજ. એમ જીવાત્મા ક્યાં ક્ષેત્રનો દાણો ? કઈ શેરડીની સાકર ? જ્ઞાનક્ષેત્રની સાકર, વિજ્ઞાનક્ષેત્રની સાકર, જ્ઞાન વિજ્ઞાન ઈ બહુ વ્યાપક મોટું તત્ત્વ છે, સર્વત્ર રહ્યું છે અને જ્ઞાન વિજ્ઞાનને ધારી રાખનારા પુરુષોત્તમ નારાયણ સર્વત્ર છે, જો પૃથ્વી છે એના રજકણ ઊડે છે, જવ છે એની રિછડીઓ આકાશમાં ઠંડક આપે છે, અગ્નિ તેજ છે તે બ્રહ્માંડોમાં અજવાળા આપે છે, એથી ઝીણો વાયુ છે, આ બ્રહ્માંડના જીવોને અને બ્રહ્માંડની બહાર રહેનારા ઈશ્વરો એ તમામને પ્રાણ અને શક્તિ એટલે જીવાડવાની શક્તિ આપે છે.

વાયુ કરતા પાતળો આકાશ - પોલકાર. પોલકાર સર્વત્ર છે. ઝીણામાં ઝીણી ચીજમાં પણ પોલકાર બેઠેલો છે, માટે વેદાંત શાસ્ત્ર ખાટી જાય છે, બીજા શાસ્ત્ર હલકા થઈ જાય છે. ન્યાય શાસ્ત્ર કહે, પરમાણુમાં છિદ્ર નથી. વેદાંત કહે તારા પરમાણુમાં હજાર છિદ્રો છે, તો નાશ થઈ જાય. ભલે ને થઈ જાય. એમાં અમને શી હાની છે ? તો સૃષ્ટિ ક્યાંથી થશે ? તો નાશ થયા પછી જે રહેશે એમાંથી થશે. પરમાણુ બધા નાશ પામ્યા પછી કોણ રહે છે, તો કે ચેતન. ચેતન કોણ ? તો કે સર્વત્ર રહેનારો. બધે પહોંચી વળનારો, એવો ચેતન કોણ ? બ્રહ્મ. તો કે બ્રહ્મમાંથી સૃષ્ટિ થઈ ? વેદાંત કે હા. જ્યારે બ્રહ્મમાં સૃષ્ટિ થવા માંડે ત્યારે બ્રહ્મના રૂપ રૂપાંતર થઈ ગયા. ઈ રૂપ રૂપાંતર બ્રહ્મને નડ્યા. બ્રહ્મના શરીરમાં ભાત ભાતની ચીજો થઈ, નાટક રચાણું, આ માયાનું નાટક, માટે બ્રહ્મને લેપ લાગી જાય. તો કે ન લાગે ન. બ્રહ્મની માલિકોર બેઠેલા પરબ્રહ્મમાં છે ઈ લેપ લાગવા દેતા નથી. ઈ નિર્લેપ છે, એનામાં શક્તિ એવી છે એ ચીજ પ્રગટ કરે પણ એ ચીજ એને ન અડે, ઈ પોતે ચીજને અડે પણ ચીજનો લેપ પોતાને ન થાય, પોતાનો લેપ ચીજને લગાવી દેય. માયા પુરુષોત્તમ નારાયણનું શરીર છે પણ ભગવાન વિશેષ રૂપે જુએ કે આ માયા મારું શરીર તો છે પણ સૃષ્ટિ ઉપજાવનારી થાવ, એટલે માયામાં બ્રહ્મનો અંશ બિરાજે અને માયામાં રૂપ રૂપાંતર થવા માંડે.

એની વિકૃતિઓ થવા માંડે એટલે પરિણામો થવા માંડે એટલે દૂધમાંથી દહીં થયું એવું દેખાવા માંડે, એના સાત્ત્વિક ભાવમાંથી શાંતિઓ પ્રગટ થઈ, રાજસ ભાવમાંથી પ્રવૃત્તિઓ પ્રગટ થઈ, તામસ ભાવમાંથી સુષુપ્તિ પ્રગટ થઈ માટે આરામ ઝંઝાળ અને છેવટે થકાવટ. આ ત્રણ ગુણ, ત્રણના કામકાજ. આરામમાં હોય ત્યારે આત્મા સ્વ સ્વરૂપમાં બેઠો છે, ઝંઝાળમાં હોય ત્યારે પોતાના ખજાનાની નોટોના થોડકા બહાર ઈન્દ્રિયો અંતઃકરણ ને આપી આપી અને વ્યાપાર કરે છે, એટલે ઝંઝાળ થયો, થાકી જાય કે હવે મને ઊંઘ આવે છે પરાણે, પાછો વળે એટલે પોતાના સ્વરૂપમાં બેસી જાય એટલે સુષુપ્તિમાં વયો જાય. સુષુપ્તિમાં જાય એનો અર્થ શું ? પોતે જ્ઞાન સ્વરૂપમાં છે કે જ્ઞાન સ્વરૂપમાં ટાઢક પામી ગયો, એને ઠંડક થઈ ગઈ, ઢીમ જેવો થઈ ગયો, ઢીમ જેવો. ઢીમ થઈ જાય એટલે ઠંડક થઈ જાય અને પોતે ઢીમ જેવો થઈ ગયો એનું નામ સુષુપ્તિ. એમાં ગરમી આવી, ઉકળાટ થયો અને સાલું ઉકળ્યું રસ રૂપે થયો એનું નામ જંજાળ, અને આ જંજાળમાંથી વિરામ વ્યક્તિને ગ્રહણ કરનાર થયો એ સંતોષી, સુખિયો, આનંદના સાગરમાં ડૂબેલો.

એમ જ્યારે પોતાના સ્વરૂપના આનંદમાં મગ્ન હોય ત્યારે પોતાનો સ્વયમભાવ, પોતાનું યથાર્થપણું, પોતાના જ્ઞાનના પ્રવાહો, પોતાની સમજણના અડખાં પડખાંના ફંડા, એના સ્વરૂપને દેખતો દેખાતો આનંદ માને છે, શું આનંદ માને છે ? હું મને ઓળખું છું, હું જ્ઞાની છું, હું સમજણવાળો છું, હું મને ઓળખું છું, હું અહંકાર રહિત છું, છતાં હું એમ મને ઓળખું છું. શાસ્ત્રે છૂટ મેલી છે. સાંખ્યશાસ્ત્ર કહે છે કે, હું હોય ત્યાં સુધી માયા. વેદાંત શાસ્ત્ર કહે છે કે, આ ભગવાન પણ પ્રયોગ કરે છે, પોતાના જ્ઞાન વડે, પોતાના વ્યવહાર પૂરતો અહમ્ એ ભગવાનનો જ શબ્દ છે. કાંઈ માયાનો છે ને થોડી વાત છે, ભગવાન પાસેથી ઉછીનો લઈ અને માયાએ પોતાના દીકરાને આપ્યો, માયાથી દીકરો ઉત્પન્ન થયો એનું નામ મહત્ત્વ.

મહત્ત્વને માયાએ ખોરડા વ્હેંચી આપ્યા કે મારે મિલકત છે એમાંથી થોડી ઘણી તું રાખ, તારા છોકરાને કામ આવશે. માયામા ત્રણ ભાવ પડેલા છે, હું મારાપણું, અહમ્ અને મમ અને બેયનું મિશ્ર ખાતું. આ હું, આ મારું

અને તારું મારું સહિયારું. હું મારું અને તારું મારું સહિયારું. આ માયામાં પડેલા છે. માયામાં હું છે એ અહંકારનુ સ્વરૂપ. માયામાં મારું છે ઈ મિલકતનું સ્વરૂપ, અને તારું મારું સહિયારું ઈ માયામાં પડ્યું છે એ એમ કહે છે હું ભલેને જડ રહી, અજ્ઞાની રહી, પાણા જેવી રહી પણ તને જીવાત્માને મારા બંધનમાં નાખી દઉં તો તું અને હું બેય સહિયારા. બોલો માયામાં આ ત્રીજો ભાગ પડ્યો છે. ઈ ત્રણ ભાગ માયાએ પોતાના પુત્રને મહતત્ત્વને આપ્યા. એટલે મહત્ત્વને એક દીકરો થયો અહમ્, એને ત્રણ આપી દીધા. ત્યારે અહમ્ એમ કહેવા માંડ્યો મારા બાપની મિલકત છે, મારા માતાજીએ આપી છે એટલા માટે હું પોતે અહમ્. તારું નામ શું તો કે અહમ્. તો કે એમ કાં કર્યું ? તો કે જનકની ગાદી એ બેઠા છે માટે અહમ્, મારા મા બાપના જે મિલકતો વગેરે મળ્યા હવે એનું નામ હું રાખું. અહંકારે અહમ્ એ પોતાનું નામ રાખી લીધું. એમાં મમતા સાથે ભાઈબંધી રાખી અને હું અને તું સહિયારા, હું અહંકાર. એની સાથે મમતા ઈ બેયની વચ્ચે આવી ગઈ આત્મા. એને કે છે તુ આપણામાં સહિયારો. અહમ્ માંય તે અને મમ માં ય તે, એટલે આત્મા કહે આ ઠીક થયું, પરબારું, આ સાથે ભાઈબંધી થઈ તો કાંઈક નવીન રાજ્ય મળ્યું. પણ કાંઈ એમ નથી સમજતો કે મારી પોતાની ગાદી વઈ ગઈ. મારું પોતાનું સાચું નાણું ભૂલી જવાણું. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ આત્માની અંદર કાયમ રહ્યા છે. એ પ્રભુને ભૂલી જવાણા અને અહમ્ અને મમ ઈ બેયને લઈ લેવાણા. અને એને લઈ વચ્ચે હું આભડછેટ વાળો થયો એટલે અહમ્કાર અને મમ્કાર મારામાં ઘુસી ગયો.

પછી ભગવાન કહે, બેય આભલાના અંદરગાળે બેય કોર આભલો. એક કોર આભલામાં જીવાત્મા જોવા માંડ્યો, બીજી કોરના આભલામાં માયા જોવા માંડી. માયાનું પ્રતિબિંબ આભલાના વચલા ગાળામાં રહ્યું. જીવાત્માનુ પ્રતિબિંબ ઈ આભલાના વચલા ગાળામાં જઈ અને બેઠું. આ બે બિંબ થયા ભેગા, બિંબ અને પ્રતિબિંબ એક જ છે, ત્યાં જુદા નથી. છતાં શાસ્ત્રે સમજાવા વાસ્તે પ્રતિબિંબ એટલે સામું બિંબ. બિંબનું બિંબ. જીવાત્મા પોતાના અંતર્યામી એવા પરબ્રહ્મ પરમાત્માને લઈ, અંતર્યામીને ભેગા લઈ અને આભલામાં

બેઠો. કેફ તો જબરો છે પણ રોજ રોજ ટેકો હોય એટલે ઘડીક વાંહો વાળીને ય બેસી જાય, એમ માળો વાંહો વાળીને બેસી ગયો. કેમ એમ ? તો કે આગળ જોવાની પ્રદર્શની બહુ સારી થઈ, ખીલી માયા ખીલી. એની પ્રદર્શની જોવા માટે એની સામે મુખ કર્યું તો આમ ભગવાન તરફથી મુખ અવળું થઈ ગયું. ઓલી પ્રદર્શની દેખાડનારી માયા ઈ આખા ઝંઝાળના જેટલા વિષયો, જેટલા રૂપ, રંગ, રાગ, વિલાસ ઉપજાવ્યા હતા એ બધાય પોતાના આભલામાં મેલ્યા. જીવાત્મા જોતો જોતો થાકતો જ નથી. આખી જિંદગી વઈ ગઈ, જોવા જ માંડ્યો. એટલે કહેવા માંડ્યો. માયા મારી, માયાના તત્ત્વો મારા, માયામાંથી આવતા વિષયો મારા, એનો નિયામક હું. માયા એમ કહે છે કે મને કોઈ સંચાલન કરનારો કે દેખનારો નતો માટે આ રાજ્ય તારું જા, ગ્રહણ કરી લે. માળો આત્મા રાજી થઈ ગયો. લઈ લીધું રાજ્ય હાથમાં, માયા કે ઠીક થયું, બંધન સારું થયું. આપણે એકલા હતા તે બેકલા થયા. માયા ખુશ થઈ.

પછી કોલ કરાર કર્યા કે તારે મારી સામું જ જોતું રેવું હો, હવે પાછું વાળીને જોઈશમાં. માયા જાણતી હતી કે જો મારું સામું જોવું પડ્યું મેલ્યું ને હવે પાછળ જોવા માંડશે. તો એમાં અંતર્યામી પ્રભુ બેઠા છે, એવું દર્શન થઈ જશે. જેવું દર્શન થયું કે ભાન થઈ રહેશે એ હું જુદો પડ્યો મને મેલીને વયો જશે. માટે કોલ કરાર કર્યાં. હું જ્યાં સુધી હોઉં ત્યાં સુધી તું પાછું વાળીને જોઈશ નહીં. પાછળ બેઠા છે એની સામું જોઈશ નહીં. આત્મા કહે બહુ સારું. આ રીતે તમામ જીવાત્માઓ માયાની સામે દૃષ્ટિ કરીને સંસારી થયા છે અને સુખ દુઃખને ગ્રહણ કરનારા થયા છે. બહારની ચીજો ઈન્દ્રિયો અંતઃકરણમાં લઈ જાય. બહારની ચીજો કે બાહ્ય વસ્તુઓ માટે બાહ્ય આકારો અને ઈન્દ્રિયોની વૃત્તિમાં ધારણ થઈ જાય માટે ધાર્યા આકારો એ અંતઃકરણમાં પહોંચ્યા એટલે ભોજ્ય આકારો અને એના ફળરૂપ સુખ અને દુઃખને માનતો થકો અહમ્ બદ્ધ, અહમ્ સંસારી, અહમ્ દુઃખી, અહમ્ સમકાલીન, અહમ્ સપરિજનઃ, અહમ્ સંપન્ન, અહમ્ સશક્ત, અહમ્ શ્રેષ્ઠ વિજ્ઞાતા, અહમ્ સંચાલક, અહમ્ વ્યવહારે અતિ નિપુણ, સર્વમ્ જાનામી, સર્વમ્ કરોમી,

સર્વમ્ વેદમી, સર્વમ્ પ્રવર્તયામી, આમ મનન કરનારો બંધનમાં પડેલો છે. માયાએ તને આપી દીધું, માયાએ બહુ સત્કાર કર્યો, આત્મા રાજી થયો પણ સત્કારે બંધનમ્ ઈ ન સમજ્યો કે આ મારો સત્કાર થયો ઈ સત્કાર બંધન છે.

કોઈ બહુ મોટી પૂજા કરે, ભેટ સામગ્રી આપે, બૃહસ્પતિના પ્રકરણોમાં લખેલા છે, દેવતાઓ પૂજા કરે બૃહસ્પતિની ઘણી વસ્તુઓ આપે, પછી દેવો એમ કહે કે હવે આટલું અમારું કામકાજ કરી દેજો એટલે બૃહસ્પતિ મસ્તક નમાવીને એમ કહે હા બહું સારું. ઓલી વસ્તુ પ્રાપ્ત થઈ તેને બંધન નામનો એક સંસ્કાર ઉત્પન્ન કર્યો એ સંસ્કારે આત્માને બંધન દીધું. આત્મા બંધાણો પણ ઈ રાજીપો છે. ઈ રાજીપાએ બંધનને ઓળખવા ન દીધો. શું લાભ થયો ? લાભ છે ઈનો ભાઈબંધ છે બંધન પણ લાભ બંધનથી ઓળખાણ પડાવા દેતો નથી એટલે લાભે ન બંધનમ્. આ જીવાત્મા લાભમાં બંધન નથી માનતો, હોય તો ખરેખરું બંધન પણ જે દિ' ગેરલાભ થાય તે દિ' એમ થઈ જાય કે આ મારું મને નડતર થઈ, હવે બંધન થઈ ગયું, હવે નીકળી જાઉં, તે દિ' છૂટો થાય છે. તે સિવાય છૂટો થતો નથી. ખરો આફત આવે તે દિ' નીકળે. આપણે કહીએ ભગવાન ભજે તો ન ભજે પણ ક્યાંક ચાલ્યો જાતો હોય રસ્તે અને આડું આરણ્ય આવ્યું અને વચ્ચે બે પાંચ. લાકડીઓ વાળાને ડંડાવાળા કે સોનાની બંડી અને આ સોનાની આ કંઠમાં પહેરેલી માળા હાથમાં બીજા ત્રીજા ઈ બધા કાઢી દે, નહિંતર લાકડી ઉપડશે તો કે ભાઈ'સાબ કાઢી દઉં છું. એમાંય જો એવા મળે કે પાંચ સાત એવી લાકડી મારીશને તારી કડ ભાંગી નાખીશ. ભગવાન ભજવા મંડ, સાધુ સન્યાસી થઈ જા તો કે ભાઈ'સાબ ભજી લઉં છું. હવે સાધુ થઈ ગયો. ઓલો મહાકાળે'ય એવો છે હો ઠોઠ મારે એવો. શંકરની પાસે સાત કરોડ ગણ શિવ પુરાણમાં લખ્યા છે. ઈ સાત કરોડ યમરાજાના દૂતના જેવા ભાઈબંધો છે. જેને છેવટે પોતે ભગવાનને શરણે લઈ જાય. જો ભગવાનનું ભજન કરવા માંડે તો ઈ દૂત આઘો જાય, નહિં તો એને ગળે બાંધીને ઉતારી જાય છે. શંકરના સાત કરોડ દૂત, વરુણનાં દૂત તો પછી. પદ્મપુરાણમાં હકીકત લખી, યમરાજાના દૂત એટલે જમદૂત. ઈ જમદૂતોની ભરતી કેમાંથી થાય છે ? તો એનો જન્મ થાય

છે ? કે ત્યાં વસ્તી છે ? ઈ આવે છે ક્યાંથી ? એના જવાબમાં લખ્યું છે. જે ભગવાનની ભક્તિ કરતાં નથી એવા જીવાત્મા, એને તો બાદ કર્યો પણ જેની પાસે ધર્મ કાર્ય કરેલું નથી, જેના બાળબચ્ચાં પાછળ પરમેશ્વરને સંભારે એવા નથી, સત્કાર્યો કરે એવા નથી એટલે બીજો નંબર પણ નીકળી ગયો. પરલોક વાસ્તે પોતે પુણ્ય કાર્ય કરી અને પોતે ગયેલા નથી. ઝાઝાના આશીર્વાદ મેળવ્યા નથી. ઈ આશીર્વાદ શૂન્ય છે.

માટે જેનામાં પુણ્ય નથી, જેણે પરલોકને વાસ્તે સત્કર્મ કર્યા નથી. જેના સંતાને પાછળ સારી ક્રિયા કરેલ નથી. જેણે પોતે ભક્તિ કરી નથી અને ખાસ મુદ્દો તો આ વાત ઉપર છે કે, ભગવાનના અને સંતના અને ભગવાનના ભક્ત એવા માવતરના જેણે આશીર્વાદ મેળવ્યા નથી, આ મોક્ષમાં જતાં નથી. ભક્તિ કરનારો મોક્ષમાં જાય, આશીર્વાદનો પાત્ર મોક્ષમાં ગયા પછી પરમેશ્વરના સુખને મેળવે. પુણ્યનો પાત્ર સ્વર્ગમાં પહોંચે. સત્કર્મ કરનારો સારા જન્માંતર ગ્રહણ કરે. પાછળ સત્કર્મ કરે એવા સંતાનવાળો કોઈ પણ પરલોકમાં જાય, કોઈ પણ જન્મ લ્યે, પોતાના કર્મને અનુસારે કદાચ મનુષ્યમાં, પશુઓમાં કે દેવતાઓમાં તો ત્યાં તેને પાછલું સંતાન સત્કર્મ કરે તેનું પુણ્ય પ્રાપ્ત થાય અને ત્યાં સુખિયો થાય છે એ પુણ્ય કોઈ ને કોઈ રૂપે મળે છે. શાસ્ત્ર લખે કોઈ ગાય વિગેરેનો જન્મ હોય તો એને સારા ઘાસ, સારા ખાણ ખાવાના, સારી રક્ષા કરે એવો ઘરધણી, એવા સારા સંજોગો તેને પ્રાપ્ત થાય છે. પાછળ સંતાનોએ કરેલા સત્કર્મનું ફળ તેને મળે છે. ગોલોકમાં ગયો તે પોતાના પુણ્યથી ગયો, એની પાછળ સંતાન સત્કર્મ કરે. સત્કર્મ ક્યા ? માર્કન્ડેય પુરાણમાં અઢાર દાન લખ્યા છે એ માંયલા. એ માંયલા એટલે શું ? દરેક સત્કર્મમાં પરમેશ્વર પ્રસન્નોસ્તુ. શ્રીહરિ રાજી રહો. એમ ભગવાનની પ્રસન્નતાનું ધ્યેય રાખી અને આપે, ભગવાન રાજી થાય એ ભગવાનની પ્રસન્નતા ઉપજાવનારું થયું માટે પ્રસન્નતા સર્વજ્ઞ એવા પરમેશ્વરની પાસે ગયેલો આત્મા એ જે પ્રદેશમાં રહેતો હોય, ત્યાં ભગવાન વરસાવે છે. એ પ્રસન્નતા મળી એટલે દેવલોકમાં રહેતો હોય એટલે દેવ હોય, તો પણ મહાસુખિયો થાય છે. એના સુખ કરતાં હજારો અને લાખો ગણો સુખિયો થઈ જાય છે

અને પાછલી સંતાન એમ સંકલ્પ કરે કે મારા પૂર્વજો અસદ્‌ગતિમાં ગયા હોય આપણે મનુષ્યની રીત પ્રમાણે મનુષ્યથી હલકા જન્મ એનું નામ અસદ્‌ગતિ. શાસ્ત્ર જ્ઞાનીઓની રીત પ્રમાણે, સત્પુરુષોની દૃષ્ટિએ બ્રહ્માના સત્યલોક સુધીના જે કોઈ દેવતાઓ, મનુષ્ય વગેરે બધી અસદ્‌ગતિ અને બ્રહ્મનિષ્ઠ બ્રહ્મવેત્તા પરમેશ્વરના એકાંતિક ભક્તજનો તેની દૃષ્ટિએ પ્રકૃતિ પુરુષની સૃષ્ટિ સુધીના, મહાવિષ્ણુ સુધીના, ભુમાપુરુષ સુધીના, પ્રકૃતિપુરુષ પ્રધાનપુરુષ સુધીના તમામ જન્મ એ બધી અસદ્‌ગતિઓ છે. પરબ્રહ્મ એવા પુરુષોત્તમ નારાયણ તેના બ્રહ્મલોકની આગળ પ્રકૃતિપુરુષના, પ્રધાનપુરુષના, મહાવિષ્ણુના, ભુમાપુરુષના, વૈરાટનારાયણના, ઈશ્વરોના, મહાલક્ષ્મીજીના એવા એવા ધામ, નિવાસો, ઈશ્વરકોટિઓ એ બધા નિરય.

ભગવાન સંબંધી સંપત્તિ જ્યાં નથી તેનું નામ નિરય એટલે નરક. એનું નામ નરક. નિરય બહુ વિચારીને વિદ્વાનોએ શબ્દ આપ્યો છે. છે પર્યાય, કેનો ? નરકનો. નરક પણ સ્વયં ઈ ચીજમાં શબ્દ વપરાઈ જાય છે. જ્યારે નિરય એટલે પરમેશ્વરની સંપત્તિ વિનાના સ્થળમાં પણ વપરાય. મેદાન પડ્યું હોય, કોઈ જાતની સંપત્તિ ન હોય, તો એ મેદાનને એમ કહેવાય સંપત શૂન્યમ્, ઈ સંપત શૂન્યમ્ એનું નામ નિરયમ્. જ્યારે મહાવિષ્ણુના ધામમાં કાંઈ સંપત્તિ ઓછી નહીં હોય. સૂર્યનારાયણને કેટલી સંપત્તિઓ છે ? વર્ણન કોણ કરે ? વર્ણન કરવા બેસે તો એનો પાર ન આવે. આપણે તો મગજમાં કેટલું લઈએ. એમ જાણીએ કે આવા લાખો સૂર્ય છે એની લાખો સંપત્તિઓ છે. પણ છતાં નિરયમ્. જ્યાં ભગવાન કોઈ દિ' હાથમાં આવે નહીં. જેની સમીપે જવાય નહીં. એનુ નામ નિરય. જેના ખોરડામાં ભગવાન કે સંત નથી એ ઘર કેવું તો કે નિરય. એને નિરય સમાન લખ્યું છે.

યુધિષ્ઠિર રાજાએ પૂછ્યું, ભીષ્મપિતાને મારું જલ્દી કલ્યાણ થાય એવું કંઈક બતાવોને ? ભીષ્મપિતા કહે છે, યુધિષ્ઠિર તારે પડખે શ્રીકૃષ્ણ ભગવાન છે, તારે ત્યાં કલ્યાણ છે. તારો ભાઈ ઈન્દ્ર છે, તારા ભાઈને ત્યાં કલ્યાણ છે. હવે તારે કલ્યાણમાં શું વાંધો છે ? તો કે મારો સંશય. મને સંશય છે એ નરક છે, નિરય છે, સંશયવાળો આત્મા ઈ નાશ પામેલો છે.

હા અને ના મળેલો, કાં ઘડીકમાં હા અને ઘડીકમાં ના એમાં એકેયમાં ફળ ન મળે. ફળ મળે કેવું ? તો હાલ ઘોડી હામાપર. તે કાઠિયાવાડમાં છે. ત્યાં બ્રાહ્મણ ઘોડી પર બેસીને ચાલ્યા. ઓલા ઢોલ વાગે ને ઘોડી હાંકે, ઢોલ ઝાઝો વાગે એની કોર ઘોડી હાલે. તો બીજા ગામમાં વાગે વળી એની કોર ચલાવે. કાં આની કોર ચલાવે. એમ કરતાં કરતાં કલાક વીતી ગઈ, બેય ગામ પહોંચાણું નહીં. બેય ઠેકાણે ઢોલ વાગતા બંધ થઈ ગયા. ત્યાં ઝાંપે પહોંચ્યા. બદરાણું બંધ થઈ ગયું. તો કે હાલ ઘોડી હામાપર. હવે હામાપરના બ્રાહ્મણ હતા તે ગયા હામાપર પાછા. આ રીતે આ જીવાત્મા પરમાત્માની પાસે જાય પણ એને નિરય. વિધિ એટલે આજ્ઞાઓ, વિધિવાક્ય એટલે વિધાન કરવું, શું કામ કરવું ? કોઈ પૂછે તમે શું કરો છો ? તો કે હું વ્યાપાર કરું છું ? શું કરો છો ? તો કે નવરો છું. પણ એમ કહેતા હોય તો હું ભગવાન ભજું છું. તો અમથું અમથું'ય રાજી થવાય. ભગવાનના બે નામ તો લે સાંભળનાર અને બોલનાર. એ કાંય ન લે, તો એના હૃદયમાં નિરયમ્. ભગવાનની પ્રાપ્તિ ત્યાં નથી. શુભ વિધિ ત્યાં નથી.

પૃથ્વીમાં બ્રહ્મ દેવતાઓ થયા, ભગવાનો થયા, આચાર્યો થયા, શાસ્ત્રો રચનારા થયા તેમણે આ હકીકતો જોઈને લખી કે પૃથ્વીમાં ભગવાનના અવતારો થાય છે, પધારે છે, આપણી ભેગા રમે, જમે છે અને બધું સહન કરે અને છેવટે એમ કહી દે કે તારું કલ્યાણ હું કરીશ હો, તું મુંજાઈશ નહીં. હું કહું એમ કર. બધા પરમેશ્વરે આમ કહ્યું છે. જે સેવક છે એને એમ કહ્યું છે કે, હું કહું એમ કર. ઓલો કેય છે કે પણ આ સારું નરસું બેય મને લાગુ પડી જાય. ભગવાન કહે, ના હું લાગું પડ્યો છું, હવે સારું નરસું તને લાગુ પડવાનું છે ? હું આડો ઊભો છું ને. બોલો ઈ આપણને મળે, આપણા ઉપર કૃપા કરે છે. માટે આપણે ત્યાં નિરય તે નથી. ત્યારે આપણી પાસે શું છે ? આપણા શાસ્ત્રોમાં છે પણ અજાણ્યું રહી જાય છે. સમય - સમ અને અય ઓલો નિર અને અય. આપણે કહીએ કે, તમારો સમય છે. સમ અને અય. ભગવાન જેને મળે એનું નામ સમય અને ન મળે એનું નામ નિરય. ન મળે તે નિરય અને મળ્યા તો સમય, આપણો સમય છે, ભગવાન ભજી લઈએ

છીએ માટે ભગવાનના અવતારો, બ્રહ્મવેત્તાઓ, સત્પુરુષો, એકાંતિકો, એમની ભેગા ભગવાન વિચરે છે, રહે છે, આવે છે, હળે મળે છે, બોલે છે, જમે છે, ભેગા રહી અને એમ કહે છે, અફસોસ કરીશ નહીં તું સંદેહથી તું પાપ ચોંટાડનારો હોઈશ તો હું ઉખેડનારો છું, પાપ ઉખેડી નાખીશ. એટલું નક્કી કરી લેને કે આ ભગવાન છે, નિર્લેપ છે, એને યોગે હું પણ નિર્લેપ છું. ભગવાન આપણામાં ભક્તિ પ્રવર્તાવવા માટે અનેક પ્રકારના જન્મ અવતાર લ્યે છે, આપણી ભેગા ફરે છે, ઈતિ અને સ્મૃતિઓ રચે છે, આપણી ભેગા રહીને જે ક્રિયા કરે છે, એ મોક્ષ દેનારી થાય છે અને તેને પુરાણ તરીકે લખાય છે, એ ભગવાનની લીલાઓ કહેવાય છે.

માણસના નિંદાના ભય થકી ભગવાનની ભક્તિ ત્યાગ ન કરવી. શાસ્ત્ર લખે છે કે, હાથી હાલ્યો જાતો હોય તો શિયાળિયું માંડે રોવા, કુતરા માંડે રોવા તો હાથી સામું ગણકારે'ય નહીં, ભગવાનનો ભક્તિવાળો હાથી જેવો છે જબરો. ભગવાનના મંદિરોના ઉત્સવ કરવા, ઉત્સવમાં હાજરી દેવી, ભજન કરવું, નર-નારીઓએ એક બીજાને અડવું નહીં, એ મોટી મર્યાદા છે. ભગવાનની સમીપે મંદિરોમાં એક બીજાના સ્પર્શ ન કરવા, ધીરજ રાખવાથી ઈન્દ્રિયો જીતાય. આંખ વડે જોઈને ચાલીયે તો ઠેસ ન વાગે. મનથી સંભાળીને રહીએ તો ઈન્દ્રિયો તોફાન ન કરે અને વિષયને પચાવીએ તો ઈન્દ્રિયો અંતઃકરણ સહિત સાત્ત્વિકપણું થઈ જાય. ભગવાનને ચડેલા એવા તુલસી, એની કરેલી કંઠી કંઠમાં પહેરજો. જેના કંઠમાં કંઠી હશે તેને નારદ પંચરાત્ર લખે છે કે, જમરાજાનો દૂત એની પડખે ઊભો નહીં રહે, એના પાપો બળી જશે. રામાનુજના ગ્રંથોમાં લખ્યું છે કે, જેને ઝાડવા બગીચામાં ઉગ્યા હોય, ઈ ઝાડવાને કંઠી બાંધવી તુલસીની. અને એને મોટું તિલક કરવું, એને ચાંદલો કરવો, ઈ વૃક્ષને દીક્ષા આપવી તો વૃક્ષ પણ ધામમાં જશે. રામાનુજ આચાર્યના બ્રહ્મસરમાં લખ્યું છે કે, કબીર સંપ્રદાયમાં લખ્યું છે કે, તમારા નામ પાડો એની પાછળ રામ નામ રાખજો. લ્યો દાળ રામ, લ્યો ભાત રામ, લ્યો રોટી રામ, એની હારે રામ લગાડવું. એમ લ્યો સ્વામિનારાયણ, લ્યો ઈષ્ટદેવ શ્રીહરિ. એમ ભગવાનના ભજન કર્યા કરવા,

વિજાતિઓએ ગાયત્રીનું પૂજન કરવું ષોડ્શોપચારથી, કંઠમાં તુલસીની માળા પહેરવી, તુલસીની કંઠી વિનાના હોય એને જમરાજાના દૂતો ખોળે છે, કેની પાસે કંઠી નથી ? એને પકડો, ઉપાડો. ભોજનમાં, શયનમાં, મળ-મૂત્ર ત્યાગ કરવામાં પણ કંઠી કંઠમાંથી ન કાઢવી, કંઠ ખાલી ન રાખવો, લલાટમાં ભગવાનના ચરણની રેખાનું તિલક કરવું, તેની મધ્યે ભગવાનની પ્રસન્નતાનો ચાંદલો કરવો. મહારાજ લખે છે કે, લક્ષ્મીજીનો ચાંદલો કરવો, એને ઉર્ધ્વપુંડ્ર એટલે ઊભું તિલક કહેવાય. બ્રાહ્મણ, ક્ષત્રિય એ વૈશ્યને આવું તિલક કરવાને માટે કૂર્મપુરાણમાં લખ્યું છે, નારદ પુરાણમાં લખ્યું છે, સ્મૃતિઓમાં લખ્યું છે, શાંડિલ્ય સ્મૃતિઓમાં લખ્યું છે, વિષ્ણુ પુરાણમાં લખ્યું છે, જેના લલાટમાં ભગવાનના તિલક ચાંદલા નથી એનું કપાળ અમંગળ જાણવું. બ્રાહ્મણોએ તેલ માથામાં નાખ્યું હોય અને ચોટલી વિનાના હોય તો તો અતિ અમંગળ. દક્ષિણમાં એને મંગળ ગણે છે. એક ઋષિના બ્રાહ્મણો ચોટલી વિનાના છે, એને મંગળ ગણે છે, પણ શાસ્ત્રોએ ના પાડી તે મંગળ નથી.

આચારદ્વિપમાં લખ્યું છે કે, વૈષ્ણવ સર્વમાં શ્રેષ્ઠ છે. પરાશર સ્મૃતિમાં લખ્યું છે કે, યજ્ઞોપવિત જનોઈનું રક્ષણ કરો એટલું કંઠીનું રક્ષણ કરજો. બાવડામાં ભગવાનના શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરજો. એટલે પોતાની મૂર્તિમાં ભગવાનની મૂર્તિ વસાવજો. પોતાના શરીરને ભગવાનના ચિહ્નવાળા કરજો, તિલક ચંદન વડે, કુમકુમ વડે કરજો, એની વચ્ચે ચાંદલો રાધા અને લક્ષ્મીજીની પ્રસાદીના કુમકુમ વડે કરજો. 'રાધ' એટલે પુરુષોત્તમ નારાયણે કહેલી આજ્ઞા. 'લક્ષ્મ' એટલે ભગવાને બતાવેલું ચિન્હ. લક્ષ્મ જેને છે એનું નામ લક્ષ્મીન. ભગવાને કરેલી આજ્ઞા અને ભગવાને બતાવેલા ચિન્હ, એવી જાતની રેખાવાળું તિલક કરજો. મહારાજ કહે, પાતળી સળી હોય એવું તિલક મેં પસંદ કર્યું છે, આ મારી આજ્ઞા. તિલક વાંસના પાંદડા જેવું થાય, ઘડિયાળના પટ્ટા જેવું થાય અને ભેંસ ભડકે એવા મોટા શિંગડા જેવું ય થાય. પછી તો ઘણી જાતના તિલક લખે છે, પણ પાતળી સળી જેવું ચંદનનું તિલક અને તેની વચ્ચે કુમકુમનો ચાંદલો એ બરાબર કરજો. શાસ્ત્રે મર્યાદા બાંધી છે, જેના હાથનું પાણી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યને ખપે એવા કુંભકાર,

કોળી વર્ગ, સગર વર્ગ, સુથાર હોય, લુહાર હોય, દરજી હોય, એને સત્શુદ્ર એટલે સાચા સારા, પવિત્ર સેવક. જે મલીન હોય એનું નામ અસત્ શુદ્ર એટલે કચરો વાળતા હોય, ઉકરડા ઉઠાવતા હોય, ઢોર ઢસડતા હોય. જેના ચામડા સાથે વ્યવહાર હોય એ મલીન, મલીનને માટે તિલકની ના પાડી છે, કેમ એમ ? તો કે ધર્મશાસ્ત્રે કાયદો કર્યો. હવે સાંભળો એક હકીકત કહું, કાશીમાં એક મોટો પ્રશ્ન ઉદ્ભવેલો હતો બ્રાહ્મણ મહાસંમેલનમાં. આપણી આ સભા છે એવી તો ત્રણગણી સભાઓ પંડિતોની ભરાણી હતી અને એમાં પ્રશ્ન થયો કે, ભાઈ તમે બધા વર્ગને તિલક-ચાંદલો કરાવો છો અને બધા વર્ણને 'શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ' આવો મંત્ર આપો છો, આ અહંકાર શું કામ બેસાડી દીધો અવૈદીકોને ? ઘાંચીને, મોચીને, બીજાને ત્રીજાને એને શું કામને અહંકાર દો છો ?

એ વખતે સભામાં આચાર્યો બેઠા હતા. લક્ષ્મણ શાસ્ત્રી ઉપાધ્યાય, રાજશ્રી શાસ્ત્રીના બાપ. એ સભામાં પોતે વૈષ્ણવ તરીકે ઊભા થયા અને આચાર્યની ખુરસીઓ ઉપર હતી અને હું આ વખતે સાંભળતો હતો તે દિ' અવસ્થા મારી ભણવાની હતી, પંડિતાઈની નોતી, પણ આ મેં નક્કી કાનોકાન સાંભળ્યું. લક્ષ્મણ શાસ્ત્રીએ કહ્યું, વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય મૌન સહિત મંત્ર આપે છે, પોતાના ચારેય વર્ણના શિષ્યને આપે, કેમ કે આચાર્યને પરમેશ્વરે અધિકાર આપ્યો છે કે તમે આચાર્ય મારા સ્થાન ઉપર છો, મેં વેદ રચ્યા છે એમ તમે જેમ રચના કરીને તમારા શિષ્યને આપજો ઈ વેદના જેવો ચડિયાતો મંત્ર ગણાશે માટે શુદ્રોને પણ મંત્રો આચાર્યો આપે છે ઈ બરાબર છે અને વેદ જો આનાથી વિરુદ્ધ હોય તો ઈ વેદ પોતે અવૈદિક થાય. પણ પરમેશ્વરનું વાક્ય અવૈદિક થાતું નથી. માટે આચાર્યોના વાક્ય ઈ વૈદિક છે આ રીતે પરમેશ્વર કહે છે. મારા આચાર્ય જે વર્ણાશ્રમના ધર્મને પાળે, પળાવે, વચન આપે, ચિહ્ન ધારણ કરવાને માટે કહે તે બધું વૈદિક છે પણ અવૈદિક નથી. મારા એકાંતિક ભક્તજનો તે તિલક-ચાંદલો બધાય કરે. તે સ્વામિનારાયણના સેવક છે અને મોટો રૂપાળો તિલક-ચાંદલો જબરજસ્ત કરે છે. કેમ એમ ? તો કે શિક્ષાપત્રીમાં લખ્યુ છે કે, અસત્ શુદ્ર હોય તો ઈ ચાંદલો તિલક ન કરે. અમે હવે અસત્માંથી નીકળી ગયા. ચામડું મેલી દીધું, ઢોર મેલી દીધા.

શાસ્ત્રો લખે છે કે, ત્રણ કુટુંબની પેઢી બરાબર બ્રાહ્મણનો ધર્મ પાળતો આવતો હોય તો ઈ તે દિ' બ્રાહ્મણ રૂપમાં થઈ જાય છે, ભલે જાતથી બ્રાહ્મણ નથી પણ કર્મથી બ્રાહ્મણ છે, માટે અધિકારને વાસ્તે યોગ્ય થાય છે માટે એને શાસ્ત્ર બાધ કરતું નથી. ભગવાનની પૂજા સ્વતંત્ર કરી શકે એને ના ન પડાય. ઈ ધ્યાનમાં બેસે અને ધ્યાનમાં સમાધિમાં જઈ શકે. એને ના ન પડાય. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યને સ્નાનનો ધર્મ કહ્યો પણ એ જો ચંડાળ સ્નાન કરે તો એ ના ન પડાય. નારાયણ એવા વિષ્ણુને મહેશ એવા શંકર એ બેય બ્રહ્મમાંથી પ્રગટ થયા. બેયના અંતરાત્મા પરમેશ્વર છે માટે બેય ને બ્રહ્મરૂપે પ્રતિપાલન કર્યાં છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, વેદમાં, શાસ્ત્રોમાં, રુદ્રીમાં, મંત્રોમાં, સ્મૃતિઓમાં, પુરાણોમાં ઈ બેયનું એકાત્મપણું છે એટલે શું ? એની અંદર જે રહ્યા છે. તે આની અંદર રહ્યા છે. વિષ્ણુમાં છે તે શિવમાં છે, શિવમાં છે તે વિષ્ણુમાં છે. બેયનું એકાત્મપણું એટલે છે એની અંદર રહેલો આત્મા એક છે માટે મેં બેયને પસંદ કર્યાં છે. આમ એકાત્મપણું જાણવું. આમ શું કામ કહ્યું ? દ્વેષ કેને થાય ? અલ્પ જ્ઞાનીને, એકાત્મ જ્ઞાનીને દ્વેષ થાતો નથી. આપત્તકાળના ધર્મ તે ઝીણા ઝીણા આપત્તકાળમાં માથું દુખ્યું કે મારે નાવું નથી. એમ ચાલે ? ગરમ પાણીથી નાવ, પેટમાં દુખે અને કહે મારે પંજરીની પ્રસાદી જમવી નથી. ભઈ જમીશ તો ઊલટું પેટ મટી જશે.

રોજ સવારમાં સૂર્યોદય પહેલા જાગવું, ભગવાનનું સ્મરણ કરવું, નાવું-ધોવું, દાતણ ઊઠીને છાતીમાં છાંટા ન ઊડે અને જ્યાં ત્યાં થૂંકવું ન પડે માટે એક ઠેકાણે બેસીને કરવું. પવિત્ર વસ્ત્રો પહેરવા, શુદ્ધ આસને બેસવું, ઉત્તર મુખે, ઉગમણે મુખે બેસીને ભગવાનની પૂજા પાઠ કરવા, તિલક-ચાંદલા કરી લેવા. ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. વખત પ્રમાણે માળા ફેરવવી, બ્રાહ્મમુહૂર્ત ત્રણ વાગ્યાથી આરંભીને, ચાર વાગે આરંભીને તે બ્રાહ્મમુહૂર્તમાં પરમેશ્વરનું કામકાજ કરી લેવું. સૂર્યોદય પહેલાં સુધી બધી ભગવાનની ભક્તિ કરી લેવી. સ્વામિનારાયણ ભગવાન કહે છે, હું આ તમને મોક્ષના સાધનરૂપી ધર્મ સોંપું છું. અમરીશ રાજાની પેઠે તમે મને સર્વ

અર્પણ કરતાં રહેજો, તમારી સંપત્તિ, તમારું શરીર, તમારી ઈન્દ્રિયો અંતઃકરણ, તમારી ચીજ સંપત્તિ મને અર્પણ કરીને વાપરજો, માનસી પૂજામાં તો બધુંય આપજો, ઉપરથી ભલે થોડું આપો. વશિષ્ઠ ગૌતમ વગેરેનો આ મત છે. અમરીશ રાજાએ આ રીતે પોતાના ખજાના વગેરે ભગવાન લેખે કરી રાખ્યા હતા. ભગવાનની મૂર્તિની પૂજા કરવી, મૂર્તિઓ આઠ પ્રકારની હોય છે, એમાંય પણ શાલિગ્રામ મળે તો વધારે સારુ, એમાંય પણ દ્વિભુજ એવા હરિકૃષ્ણ મહારાજ મળે તો સર્વોપરિતા, એમની પૂજા કરવી. ધ્યાન, આહ્વાન, આસન, પગ ધોવા, પૂજાનું જળ, આચમનનું જળ, પંચામૃતથી નવરાવવા, દૂધ-દહીંથી નવરાવવા, અભિષેક કરાવવો, વસ્ત્ર આપવા, યજ્ઞોપવિત આપવું, અલંકાર પહેરાવવા. ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ ભગવાનને આપવા, આરતી કરવી, પ્રદક્ષિણા, દંડવત્, સ્તુતિ, નમસ્કાર કરવા. આ બધા કલ્યાણના સાધન છે. માટે બધા કરજો.

વરાહ પુરાણમાં લખ્યું છે કે, એકેય અપરાધ ભગવાનનો ન થવા દેવો. તો શું ? દર્શન કરવા ગયા અને બે જણા ઊભા ઊભા મહેમાન મળ્યા અને વાતો કરવા મંડ્યા. ભગવાન કહે, માળા આવ્યા મારે ત્યાં સામા અને વાત કરે પોતાની. પ્રભુની મૂર્તિ હોય ત્યાં ડખો ન કરવો, અશુદ્ધ શરીરે ન જાવું. ભગવાનને એક હાથે લાંબી લચક સલામ ન કરવી. તે જો પ્રમાદથી થઈ જાય તો એનું પ્રાયશ્ચિત કરી લેવું. ભગવાનના કીર્તન બોલવા, એના સ્તોત્રના પાઠ કરવા. મહારાજ કહે છે કે, મારી શિક્ષાપત્રી વાંચજો. નૈવેદ્ય, અન્ન, જળ મને ધરીને જમજો, હું તમારું કલ્યાણ કરીશ, મારી સેવાભક્તિ કર્યા કરજો, તમારાથી થાય એટલી કરજો, હું વધારે ગણીશ. મારા સંબંધ વડે કરીને તમે નિર્ગુણ એમ સમજજો. જે દિ' થી સમજાય તે દિ' થી સમજજો કે આ ભગવાનની પ્રસન્નતા, ભગવાનની પ્રસાદી જમીએ છીએ, ભગવાનની મૂર્તિનો યોગ રાખીએ છીએ અને સત્સંગ મળ્યો છે. જ્ઞાન કરવું, જીવને સાધુ બનાવવો. શરીરને સાધુ બનાવવો. આ આપણે બધાય સાધુ થયા માટે આપણી મુક્ત સ્થિતિ થઈ ગઈ. આ રીતે સંપત્તિ, ઈન્દ્રિયો, અંતઃકરણ, જ્ઞાન અને આત્મા એની અંદર રહેનારા સાક્ષી એ બધાને સાધુ

બનાવવા અને અક્ષરધામમાં પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે એમ પહોંચાડી દેવા. આજથી સમજી લેવું કે આપણે મુક્ત છીએ, નિર્ગુણ છીએ, માયા આપણને લેપ કરનારી નથી. આ વાત બરાબર સમજી લેવી તો બધી ક્રિયા નિર્ગુણ થઈ જશે. ભગવાનને ધર્યા વિનાનું પાણી ન પીવું, એક પાંદડું પણ મોઢામાં ન નાખવું. ગઢપણ આવે તો બીજાને પૂજા કરવા પૂજા દઈ દેવી.

ભગવાનના મંદિરમાં સાયંકાળે જાજો. રોજ ઊંચે સ્વરે મારું કીર્તન કરજો, ધૂન કરજો. એક મુહૂર્ત પણ ખાલી જાવા દેશો માં. મારી કથા-વાર્તા રોજ કરજો, રોજ કથા-વાર્તા કરનાર હોય તેનાથી કથા સાંભળજો, ગાવણા કરજો, વાજિંત્ર વગાડજો, ઉત્સવ વગેરેમાં ધામધૂમ કરજો. અરે રોજ રોજ ગાવણા કરજો, વાજિંત્ર વગાડજો, મારી મૂર્તિને રાજી કરી દેજો. હું અંદર બેઠો થકો રાજી થઈશ અને તમને આશિષ આપીશ. બુદ્ધિ પ્રમાણે શાસ્ત્રનો અભ્યાસ કરજો. દાખડો ખૂબ કરવો, કદાચ ન આવડ્યું તો કાંઈ નહીં. આપણો દાખડો ભગવાન જોવે છે કે આણે મહેનત બહુ કરી, એનું ફળ આપે છે, બુદ્ધિ યોગ આપે છે, જેનામાં જેવા ગુણ હોય એ ગુણને અનુસારે એની સાથે વ્યવહાર કરવો, બોલાવવા, કામકાજ સોંપવા, આ વાત એમ જ છે તો એ કામ સાંગોપાંગ પાર ઉતરે. અધુરાને સોંપે તો વચ્ચેથી બધું ભાંગી પડે.



✳ परावाणी - ५५ ✳

✪ शरणागति में छे प्रकार के ज्ञान की समझण

✪ विश्वास, वरणम्, न्यास, कार्पण्यम्, स्थिरामतिः, अनुकुल संकल्प

जिस देश में जो भक्त जिस भाषा का जानने वाला होता है, उस भक्त के लिये उसी भाषा में भगवान अपना ज्ञान, समज, बोध देते रहते है । भगवान को यह आवश्यक है कि मैं सृष्टि में जाऊ तो मुजे उपदेश द्वारा पहचानेंगे, मेरी मूर्ति के स्वरुप के दर्शन कर के पहचानेंगे । मूर्ति में कई प्रकार के ऐश्वर्य रहते है, भगवान के चिह्न रहते है । उन चिह्नो का दर्शन कर के भी भक्त भगवान को पहचान लेते है । प्रभु के चमत्कार अलौकिक है । बहुत से चमत्कार है । क्षण क्षण में, मिनिट मिनिट में बड़े बड़े चमत्कार भगवान के होते जाते है । उनको पहचानने वाले सच्चे भक्त जो पवित्र हृदयवाले है, वे प्रभु को चमत्कारो से जानकर प्रभु की भक्ति करने को तत्पर हो जाते है ।

जो लोग भगवान के जहाँ निवासस्थान, मूर्ति, विचरण, रहना आदि है उस क्षेत्र में अगर भक्त नहीं आ सका तो उस भक्त के लिये भगवान उस को मूर्ति द्वारा दर्शन देते है, शास्त्र द्वारा भी उनके जीव में बैठते है । उनको कोई वक्त कोई सुख, दुःख या सकाम स्थिति उपस्थित होती है तो उस वक्त वो भक्त वैसा विचार करता है

कि भगवान मेरे लिये कुछ अनुकूल बना दे, मेरा कामकाज पूरा कर दे, मेरी इष्टभावना को सफल कर दे, मेरा इस लोक में रहने का घरबार, स्त्री, पुत्र, परिवार, सत्ता, ऐश्वर्य, सामर्थ्य, सन्मान, आदिक जो मुजे इष्ट है और योग्य है उतना अगर भगवान दे देवे तो मैं भगवान का अनंतगुना भजन भक्ति कर सकु । बार बार सेवा कर सकु, फिर तो मैं किसी का पकड़ा नहीं रहु । किसी के साथ जाऊ भी नहीं । कोई रोके तो मैं रुकु भी नहीं । और कह दू कि मेरे ओर भगवान के बीच में मत आना नहीं तो उड़ जाओगे । तोप के भड़ाके समान उड जाओगे । मेरे परमेश्वर मेरे स्वामी है, और मैं उनका संत हूँ, दासी हूँ, सेवक हूँ, स्वामिनी हूँ, स्वामी स्वामिनी का मनोरथ पूरा करता है । वैसे भगवान भक्तो के मनोरथ पूरते है । भक्तजन को पहेले इतना समझना चाहिये ।

जीवात्मा का मोक्ष होने के लिये भगवान की शरणागति ग्रहण करते है । जीव शरण में जाता है, दंडवत् भी करता है, नमस्कार करता है, फल, फूल, द्रव्य आदिक अपनी श्रद्धा से शक्कर या चीज या वस्त्र, गहने आदि धन भगवान के सामने रखता है । क्योकिं भगवान को पसंद करने की भक्त के लिये ये जगत की चीजों बहुत उपयोगी है । फिर उसका बदला भी हजारोगुना भगवान देवे तो उनही चीजों से वह सुखी भी रहे और भगवान को सेवे भी । ऐसी सेवा करने के लिये वह कंठी ग्रहण करते है, मंत्र ग्रहण करते है । वो भगवान का खास मंत्र है - "काल, माया, पाप, कर्म, यमदूत भयात । शूल, मीन, ध्वज, धनुष्य, चक्र, स्वस्तिकवान अव । मेरा रक्षण करो । अनादिश्रीकृष्णनारायणः स्वामी पतिश्चमे । मैं उनकी स्वामिनी और पत्नी हूँ । वह मेरा नाथ है, हुं मैं उसकी नाथिनी हूँ, वह मेरा गुरु है, मैं उसकी शिष्या हूँ, भगवान मेरे मोक्ष देने वाले है, मैं मुक्ति पानेवाली हूँ । आत्मा ऐसी भगवान के पास

मांगती रहेती है । तो शरण में गये, और श्रीहरिः शरणं मम, में श्रीहरि उनका चरण में अर्पण होती हूँ, मेरी आत्मा अर्पण की जाती है । तो यह भगवान शरण में मुझे रखते है ।

इस प्रकार आठ ही अक्षर का अर्थ समझकर के भगवान के चरण में, शरण में, गोद में भगवान के हृदय में, उसकी मूर्ति में समर्पित हो जाता है, वैसा भक्त, उस भक्त की आत्मा वह भगवान की चेली हुई, भगवानी की अंगना हुई, भगवान के पास से सभी मिलकत उसको मिल गई । भगवानने उस आत्मा को अपनी आत्मा बनाई । अपनी शिष्या बनाई । अपने अनेक ऐश्वर्य, गुण सब भी उस आत्मा को दिया । वह आत्मा मंत्र लेके तब भगवान से इस बात को ग्रहण करे । पहले भगवान के चरण को तीर्थजलो से धो के पीओ । भगवान की प्रसादी जमकर जमे । भगवान को पुष्प से पूजे । भगवान को चंदन चर्चे, भगवान को धूप, दीप, नैवेद्य दे । भगवान की आरती उतारे । भगवान को दंडवत्, प्रदक्षिणा, स्तुति, नमस्कार करे । भेट अर्पण करे । भगवान प्रसन्न किस प्रकार से होते है वैसी चीजें अर्पण करे ।

शरणागति में मूर्ति का इस प्रकार से पूजन हुआ । शक्कर पेंडा, बरफी, मिष्ठान्न का भोग भगवान को लगाओ, भगवान को मीठे मीठे जल पीलाओ । भगवान को सुगंध, अत्तर, तेल, फूलेल, मजे मजे की सुगंध फैले वैसी चीजें भगवान की मूर्ति में चोलो, मर्दन करो, उसका सुगंध लो । भगवान की मूर्ति को दूध से नहलाओ, फीर मध लगाकर नहलाओ, और अत्तर तो खूब चोलो और शर्करा मजे की चीनी शरीर में चारो ओर बहुत लगाकर के नहलाओ, ठंडे अच्छे जल से स्नान करवाओ । तब भगवान की मूर्ति को बाथ भीड़कर के छाती में ले ले कर के बार बार भैंटो, तो भगवान की मूर्ति की पूजा की है उसका सब प्रकार का अंश,

सुगंध, मीठाश, तेज, ऐश्वर्य, उजलापन सब तुम को मिलेगी । फीर अच्छे जल से नहलाओ, साबुन दे दे करके नहलाओ । भगवान का अभिषेक भगवान को इष्ट हो तो ठंडा जल, भगवान को इष्ट न हो तो गरम जल, इन जलो से भगवान को नहलाओ, उसके बाद अच्छे कोमल सुमृदुल वस्त्र से भगवान की मूर्ति चारो तरफ पोंछो, साफसूक करो, उसके बाद भगवान को जो जो तुमको अच्छा लगे वैसा वेश पहनाओ ।

चरणो में चाखड़ी, पादुकाये सोने की पहेनाओ, रुपे की पहेनाओ, मशरु, मखमल, रेशम की पहेनाओ, मोजे धाराओ, भगवान को धोती पहेनाओ, पाटलून पहेनाओ । भगवान को अनंत जात के वस्त्र धारण कराओ, प्रभु को पेर के गहने पहेनाओ, भगवान को उस की कटि में, केड में बड़ा सोने का मजाका कड़बंध कंदोरा सत्ताईश सेर का कंदोरा, उसका नाम है कडधनी रसनी, यह कडधनी भगवान को पहेनाओ । उसके बाद भगवान को कंधे पर, भुजाओं में पहनने का वस्त्र पहेनाओ, अंगरक्षक आदि आदि वस्त्र पहेनाओ । उनकी अँगुलीओ में सोने की अँगूठीया पहेनाओ, मजे के भगवान के पोचे, उन के कंध, उनके हाथ, उनकी भुजाए, उनके मस्तक के सब गहने पहेनाओ । मस्तक पे मोरपींछ धारण कराओ, पुष्प का मुगट, सोने का मुगट, अंदर मणि चळके चारो ओर तेज तेज हो जाये वैसे गहने पहेनाओ । कंठ में बिनगुण हार, जो हार दोरे से नहीं गूंथा है, पुष्प पुष्प से ही गूंथा है, उसका नाम है बिनगुण हार । वैसा हार बड़ी बड़ी मालाए कंठ में पहेनाओ । कौस्तुभ मणि पहेनाओ अबजो रुपिये का, जो एक मणि पहने तो सूर्यसम उजाला हो जाये । ऐसे अपने मन की भावना से भगवान को पहेनाओ । कान में कुंडल धारण कराओ, फीर पुष्प की मालाए पहेनाओ, फीर भगवान को ईतनी पूजा होने के बाद अब जो ज्ञान लेना है उस ज्ञान को समझकर के लो । पूजा के बाद का ज्ञान क्या ?

"विश्वासो वरणम् न्यासः कार्पण्यम् स्थिरामितिः आनुकूलश्य संकल्पः प्रतिकूल्य विवरजनम्, षडविद्या शरणागतिः ।" छ प्रकार का ज्ञान, शरण में आना, और ये समजण पूजा कर के भगवान से लेना । भाई तुम शरण मे आया, अब मेरा शिष्य हुआ, अब शिष्य को पहले क्या चाहिये ? विश्वास - तुम भगवान हो तो दुःख हरोगे, सुख दिओगे । तुम भगवान के पास में शिष्य हुआ हूँ इसलिये हे भगवान प्रभु, आपका मुजे विश्वास है । तुम मेरे मा-बाप हो, मा-बाप ही पुत्र की रक्षा करते है । वैसे भक्त की रक्षा हे मा-बाप तुम करते रहोगे, ऐसा मेरा विश्वास है, कभी हमारी मति में एक अंश भी इस विश्वास में न्यूनता नहीं होनी चाहिये की भगवान आयेंगे की नहीं ? रक्षा करेंगे की नहीं ? दुःख हरेंगे की नहीं ? क्या जाने क्या करेंगे ? परेशान तो हो रहा हूँ । अब किस दिन दर्शन देंगे ? आते तो नहीं । कहा करते है की आयेंगे आयेंगे और दर्शन देंगे । और कई दिन चले जाते है, सालो तक चले जाते है फीर दिखते तो नहीं, दिखलाई देते तो नहीं । तो हमारे में गौणता होगी विश्वास में, नहीं तो रोज रोज दर्शन देते । बहुत नदी की तरह प्रेम का प्रवाह उछले तो रात में आहि जाय, छोड़े नहीं, काम पर आ के भक्त को त्यजते ही नहीं । तो मा-बाप की तरह प्रभु में विश्वास करना । मैं उसका बच्चा हूँ, इसलिये मेरी रक्षा करेंगे । दूसरा विश्वास राजा की तरह रखना । राजा प्रजा को दुःखी नहीं करता है, प्रजा का रक्षण करता है, कोई भी शत्रु आया उससे प्रजा का रक्षण करता है । वैसी ही अपने भक्त का रक्षण भक्त के शत्रुओ को हटा हटा करके करते है, भक्त के लिये भगवान भक्त के शत्रुओ को साथे लड़ाई खेलने को तैयार हो जाते है, और भक्त को अपनी बगल में रखकर रक्षा करते है । देखिए प्रहलाद, हिरण्यकशिपु का लड़का रहा फिर भी हिरण्यकशिपु को प्रहलाद की बगल में रह कर के मारा, दूर किया । सारी दुनिया

को पत्ता है की भक्त के लिये भगवान है और अभक्त के लिये नहीं है । भक्त का जो शत्रु है वो भगवान का शत्रु है इस बात का ध्यान रखना चाहिए । इसलिये राजा की तरह भगवान में विश्वास रखना की यह राजा मेरी रक्षा ही करेगा । पक्षी आकाश में उड़ता जा रहा है । और कोई धनुषधारी पक्षी को मारना चाहे और पक्षी भागकर किसी की झोंपड़ी में चला गया और झोंपड़ीवाला अगर क्षत्रिय है तो पक्षी को बैठने देगा और शिकारी को कहेगा की चले जाओ, पक्षी मेरी शरण में आया है, तेरे को नहीं दूँगा । तब पक्षी उसका बच्चा नहीं है मगर शरणागत है ।

पक्षी को विश्वास है कि यह आदमी मुझे नहीं मारेगा, वह मारेगा । आदमी तो दोनो है । लेकिन एक आदमी उसकी झोंपड़ी में जाने से मेरी रक्षा करेगा और एक आदमी मेरे पीछे धनुषबाण लेकर के आ रहा है वो मुझे मारेगा । भक्त की इस प्रकार राजा रक्षा करता है । मनुष्य रक्षा करता है पशु-पक्षी की । पारधी हिंसा करता है तो भगवान पारधी को मारते है, हटाते है और पक्षी की रक्षा करनेवाले की तरह भगवान अपने झोंपड़ी में भक्त को लेकर रक्षा करते है । इसलिये राजा की तरह, रक्षक की तरह भक्त भगवान में विश्वास रखते है ।

अन्न-फल-भोजन खीलानेवाली, रसोई करनेवाली जो है उस में विश्वास है, तो सारी जिंदगी रसोई खाते है, कभी अविश्वास नहीं होता की यह मुझे जहर दे देगी और मैं मर जाऊंगा । भोजन करानेवाली में, पानी पीलानेवाली में, सेवा करनेवाली में जैसे बालक को विश्वास है, पति को विश्वास है, भाई-बहन को विश्वास है, सगा-संबंधीओ को विश्वास है, वैसा विश्वास अन्न-जल देनेवाले परमेश्वर में रखना की ये मेरी जिंदगी निभानेवाले है, कभी भी जिंदगी को मारनेवाले नहीं है, मेरी रक्षा-पोषण करनेवाले ये है,

कभी ना कभी मुझे खिलायेंगे, पोषण करेंगे, भुखे मारेंगे नहीं । अगर इस बात की शरणागति हो तो भक्त कभी अन्न-जल के बिना रहेता नहीं । दु:खी होता नहीं ।

चौथा नंबर धनाढ्य की तरह । धनवान मनुष्य के पास बहुत संपत्ति है तो वो नौकरो को समय समय पर बहुत चीजें देते है । खाने के समय खाने की चीजें देते है, पहनने की देते है, वाहन देने है, उनको अच्छे अच्छे उत्सवो में उमंग देते है, सहाय देते है, रुपये देते है । सेवक नोकर उनका विश्वास शेठ में है की शेठ उसका मैं वफादारी से नौकरी करु तो वह मेरा कुटुंब का सभी व्यवहार निभाने के लिए अपने धन के खजानो में से जरुर देगा, और मेरा व्यवहार निभेगा । उसको मालूम है की ये मेरा भक्त अपना पूरा व्यवहार चलाने के लिये अशक्त है, उसका व्यवहार मुझे चलाना चाहीअे । नरसिंह महेता का मामेरा परमेश्वरने पूरा किया । ऐसा विश्वास होना चाहिए तो भगवान हररोज उसकी नजर रखेंगे ।

पांचमे शबरी के बोर । शबरी जंगल में थी । छोटे छोटे बैर । पके पके मीठे मीठे ले लेकर भगवान के लिये अलग रखती थी । उसके पास कहाँ भगवान आते ? फीर भी विश्वास था मेरे प्रभु को दूंगी । प्रभु को देकर उनकी प्रसन्नता प्राप्त करुंगी । उसको भगवान में विश्वास था । भगवान आये भी, मागे भी । मगर उसने दिये नहीं, आकाश में उडा दिये, तो भगवानने हजारो हाथ करके हर एक बेर एक एक करके ले लिए और खाये भी । तब शबरी को आश्चर्य हुआ की ओहोहो प्रभु आप यहाँ ? यहाँ कहाँ से आये ? क्यू आये ? प्रभु ने कहा, तेरे प्रेम से खींचा चला आया । ये तेरा बेर तु कहाँ किसको देती अगर मैं यहा नहीं आता तो ? इसलिये मैं तेरे लिए आया हूँ । मुझे बेर दो और भी खाऊ । और आओ मेरे पास, सुखी हो जाओ, मेरी इस मूर्ति को याद रखना । तुम को अब कोई

दूसरा कामका, भजन, भक्ति मेरे लिये करने का नहीं है । ये मेरी मूर्ति को याद करना, देखते रहना । इस प्रकार विश्वास चाहिए । तब भगवान आते है ।

भैंस, गैया, बकरी, इनको चरानेवाला एक ही आदमी है और वो सब समझते है कि हम पशु है लेकिन ये आदमी हमारा रक्षण करेंगे । वो जंगलो में जहाँ जहाँ चराने जाता है वहाँ वो समझते है कि हमारे पीछे रक्षण करनेवाला एक है । वो कहे वैसा करना और कोई सिंह, व्याघ्र हिंसक अगर कोई आ गया तो तुरंत हमारी रक्षा करनेवाला हमारे साथ है । वैसी रक्षा करना भगवान का काम है । और वह दूध दोहता है, तो वह खड़ी होकर खुशी होकर दूध देती है । अगर कोई दूसरा आके लेंगा तो खड़ी नहीं रहेगी । सिंग चडायेंगी, मारेगी । ऐसा विश्वास परमेश्वर में होना चाहिए कि ये हमारा रक्षक है । कुंज पक्षी अपने अंडे को किसी टापु में रखकर के चले जाते है । महिने महिने चारा चरकर के आते है । लेकिन आते है तब कुंज पक्षी के बच्चे तैयार रहते है । कुंज उसके सेवक है, छोड़ नहीं देते । भगवान चाहे जहाँ भी हो अपने भक्त को सेवते है, रक्षण करते है । ऐसी शरणागति बहुत प्रकार की है । सिंह अपने बच्चे की रक्षा करते है और दूसरे पशु को खा जाते है । बिल्ली अपने बच्चे की रक्षा करती है और मूषक को खा जाती है । जीवप्राणी मात्र भगवान में विश्वास वैसा रखे कि यह मेरा है और मैं उसका हूँ, तो भगवान अवश्य रक्षा करते है । इस प्रकार की शरणागति में पहेला विश्वास जो देते है उसका हजारो गूना भगवान देते है ।

भगवानने पृथ्वी बनाई, जल बनाया, खाओ और पीओ । भगवानने प्रकाश बनाया, वायु बनाया, जीवो, प्रकाश में आनंद करो । भगवानने संपत्ति दी, वापरो, खाओ-पीओ, सुखी रहो ।

भगवानने थोड़ी बार आनंद प्राप्त करने के लिये कुटुंब बनाया । वो कुटुंब में समय समय अनुसार आनंद से रहो, सुख लो, देखो, सूनो, गाओ, किर्तन करो, गाँव को सूनाओ, नाचो, भजन करो, प्रभु का नैवेद्य का प्रसाद खाओ, उत्सव करो । वाजिंत्र से फिरो, प्रभु की मूर्ति के घर में कई प्रकार के तोरण हरे पत्ते के बांधो । भगवान की मूर्ति का शणगार करो । बहुत आनंद से प्रभु के सामने विश्वास रखो कि ये प्रभु हमारा है और हम उनके है, वे जरुर हमारी संभाळ कभी ना कभी लेंगे । ये हुआ विश्वास का अंग ।

मछली को पानी में विश्वास है कि पानी मेरा जीवन है । बालक को मा का विश्वास है कि मा ही मेरी रक्षक है, शिष्य को गुरु में विश्वास है कि यह गुरु मुझे विद्यादान देंगे, पढायेंगे और रक्षा करेंगे । वैसे सभी लोगों को जहाँ जीसका विश्वास है, वैसा विश्वास भगवान में रखो । ये एक ज्ञान हुआ ऐसी विशालता रखो ।

दूसरा नंबर है वरणम् । वरणम् माने वरना, ब्याह कर लेना भगवान से, वरदान मांग लेना की मेरी जिंदगी के रक्षक तुम हो, तुम मेरे स्वामि हो, तुम मेरे पति हो, तुम मेरे नाथ हो, तुम मेरे परमेश्वर हो, तुम मेरे घरधणी हो, मैं तुमसे वरती हूँ, तुमसे ब्याहित होती हूँ । तुम मेरी रक्षा ही करते रहना, मुझे देखते रहना । मुझे जिस प्रकार से काम में लेना हो, काम में लेते रहेना, मुझे छोड़ना नहीं, कही वियोग में रखना नहीं । वरणम् इसका नाम है वरदान मांगना । सब लोग वरदान मांगते है की महाराज, मेरी आत्मा का रक्षण करना । गुरुदेव मेरा कुळ-कुटुंब का रक्षण करना । हे भगवान पापो से हमारी रक्षा करना, हे प्रभु कोई दुष्टो से मेरी रक्षा करना, हे भगवान सभी तरह से मेरी रक्षा करना, दुष्काळ से रक्षा करना, दुष्टों से रक्षा करना, रोगो से रक्षा करना, मेरी रात-दिन की अव्यवस्था

हो तो उसमें से रक्षण करना, कही में अन्यत्र पर फंस गया हूँ तो वहाँ से रक्षा करना, कही कोई मीरे पीछे पड़ गया हो तो उससे रक्षा करना, कही मैं भूल गया हूँ तो वहाँ से रक्षा करना, आपकी गदा, आपका सुदर्शन चक्र, आपकी माला, आपकी मूर्ति, आपका हथियार ये सब हमारी रक्षा करते रहो, वैसा भगवान से वरदान मांगते ही रहना। मेरे बाल-बच्चे है तो वह आपके है, मेरा कुळ-कुटुंब है वह आपका है, वर्ष की उपज है वह सब आपकी है। आपने कमाने में बुद्धि दी है तो कमाता हूँ, सब आपका है, आप ले लिजीए, ये आपका ही है। जैसा भक्त वैसा भगवान वरदान देते है।

तीसरा नंबर है न्यास। न्यास का मतलब है गीरो देना। गीरो रखना। चीज अच्छी है, मगर घर में हम नहीं रक्षा कर सकते है तो बड़े घर में रखते है तो वहाँ रक्षा होगी। वो जो रक्षा होगी उसका नाम है न्यास। थापण, भगवान को देना। महाराज, जो कुछ है मैं आपकी थापण हूँ, मेरी घरवाली आपकी थापण है। मेरे बाल-बच्चे आपकी थापण है, मेरे घरबार-बगीचा सब कुछ आप को गिरवी दिया, आप रक्षा करना। उसका बदला व्याज मुझे नहीं चाहिए, व्याज में तो उतना ही की आप सेवो ओर सेवा का आनंद दियो। जैसे कि मैं बहुत छोटा भक्त हूँ तो आनंद में मेरा जीवन सुखी हररोज रहे, बरते, उदास न हो जाऊ। ऐसा न्यास गीरो रखना। थापण ये मैंने आप की गोद में दिये है। आपके साथ में मैं हूँ, सभी कुछ आपका है।

तीसरा नंबर ये भी समज रखना चाहिए। और राजा की गद्दी मिले, दिवानजी हो जाओ, सेनापति बनो, दिल्ली की खुरसी पर बैठो, गवर्नर हो, कलेक्टर साहेब हो जाओ, चैरमेन हो जाओ, गाँव के अधिपति सरपंच हो जाओ, मंत्री बनो, सत्तावान हो, बुद्धिमान हो, लाखो आदमीओ के गुरु हो जाओ। फिर भी

कार्पण्यम् ये चौथा नंबर । आपका मैं कृष्णदास चेला हूँ । आपके पास ये मेरा जो जो है वो आपने दिया है, इसलिये इस दास को दिया है तो मैं तो आपका दास हूँ । जो दिया है वो सब आपका है, इसलिये दास का दास, उसका दास, उसका दास, अंतिम कोटि का छोटा दास । इस दासपने का अनुसंधान भगवान के प्रति रखना चाहिये । ऐसा दासपणा हो तो वो दासपणा काम देगा । भगवान जिस में जमे हो वैसे पात्र, उसको मांजने में बीच में मान नहीं रखेगा, खड़ा होकर मांज लेना । भगवान के पैर चांपेंगा, इस में बड़ाई को बीच में नहीं रखेगा, अभिमान नहीं रखेगा, राजा हो फिर भी भगवान के चरण में मुख, ललाट, नेत्र, स्पर्श कराके दंडवत् करेगा, ये दासपणा का काम है । और दासी जैसा कहे वैसा काम करेगी । तो दास दासपणा मेरे में जो है वह हे भगवान आपके लिये चाहे जो भी संपत्ति हो वो आपने दिया है, इसलिये आपके लिये है, आपने दासी के लिये दिया है तो दास-दासी सुखी रहेगा और आपका सेवा में हररोज उपस्थित होता रहेगा, दूर मत करना । ये हे सेवा, ये हे दास दासीपणा ।

फिर चौथा नंबर है कार्पण्यम् । कोई गरीब हो उसको उसके बड़े लोग कुछ तिरस्कार करेंगे, तो उसको अपमान नहीं मानना । वो तो कहेंगे अपना धणी है, मालिक है । तो दास है कृपण है तो उसको भगवान दास के रुप में ही बुलायेंगे, दास के रुप में ही कहेंगे, दास के रुप में ही उसको अपनायेंगे, सेवेंगे, पास रखेंगे और दास के रुप में उसको शिक्षा भी देंगे, कहेंगे भी । इस प्रकार भगवान दास-दासी को अपने पास अपनी गृहिणी, अपना पुत्र, अपना शिष्य उन से भी बढकर स्नेह से उनका निभाव करते रहेंगे । ये है दासपणा, गरीबपणा, कोमलपणा, नम्रपणा, निष्कपट भाव से रहना ।

भगवान तो भगवान और मैं भक्त तो भक्त, भगवान और भक्त के बीच में दूसरा कोई आवे तो कह देना कि भाई मैं तो पतिव्रता भक्त हूँ, ये मेरे भगवान है और मैं उनका भक्त हूँ । तुम बीच में मत आना, तुमको भजना हो तो भजो, सेवा करना हो तो करो, चलो, और नहीं तो दूर हो जाओ, हट जाओ, हमारी भक्ति में बीच में मत आओ । इस प्रकार भक्त को चाहिये दास-दासीपणा, भ्रर्त्यपणा, नोकरपणा । इस चाल से जो भक्त भगवान में कायमी अर्पित है उसका नाम है कार्पण्यम्, कृपणता ।

बहुत गरीबाई, बहुत कोमलता, बहुत विनय, ये चौथा नंबर का ज्ञान चाहिये । राजा हो या प्रजा हो, बड़े हो या छोटे हो, भगवान की मूर्ति के सामने बड़े बडाई नहीं रखना की भगवान की मूर्ति का प्रोसेसन है, गाँव में फिरता है, तो मैं तो राजा हूँ, और ये तो सब छोटे लोग है तो मैं इसके साथ कैसे चलुं ? तो छोटे लोग है ना वो भक्ति से बड़े है और तुमको ये लोकदृष्टि है कि मैं राजा हूँ । लेकिन भगवान के आगे कोई राजा नहीं है, इसलिये बिलकुल सादे होकर उनके साथ उत्सव समैया में जाना, फिरना, किर्तन करना, बोलना, मदद देना, द्रव्य से मदद देना, सबकुछ करते रहना । ये चौथा नंबर का ध्यान रखना ।

स्थिरामतिः - पांचमा नंबर आया । स्थिरामती पांचवा नंबर है । ये देखने लायक है, सूनने लायक है । भगवान की भक्ति करता हूँ, वह कहे वैसा करता हूँ, वो मेरी नजर रखते है, वो समर्थ है, में उसके लिये सबकुछ वैसा करता हूँ । फिर भी लोकरीति में रहने से कोई भूल पड़ जाती है तो कभी कोई उपाधि या दुःख दुसरों की तरफ से पैदा होता है, उस वक्त भगवान मेरा दुःख क्यो नहीं दूर करते ? अरे भाई तेरी भूल तुने कि इसके लिये भगवान क्या करे ? तुम राजा का दंड में आया । अरे घर में तुम दो जन है गृह और

गृहिनी । उसने रसोई बनाया । तुम भोजन करने बैठा । थोड़ा सा नमक कम रह गया तो फिर कया गृहिनी है ? रसोई तो आती ही नहीं है । इस में तो नमक आधा डाला, आधा नहीं डाला है । तुम गुस्सा होगा । तो वो भी सामने गुस्सा हो जायेगी और कह देगी तो दूसरी ले आना पूरा नमक देनेवाली । ये दोनो में हुआ झगडा । अब इस झगडे को भगवान कहाँ मिटाने आवे ? क्या नमक डालने आवे ? क्या तेरी औरत को समझाने आवे, क्या तेरी औरत को ना कहने आवे ? अब दोनो झघड गये, कुछ बात बिना । अब इस में करना क्या ?

इसलिये स्थिरामतिः रखना । उस वक्त मति याने समझण को स्थिर रखना, ऐसी रखना की ये तो अपना झघडा है दूसरे का नहीं है । वो तो अपने दोनो को समझना चाहीये तो इसमें भगवान को क्या ? तो फीर कहेगा, भगवान के लिये थाल बना बनाकर के नैवैद्य बना बनाकर के, न्हावा न्हावा करके, दूध पीला पीला करके मैं तो थक गई । भगवान तो कभी देखता ही नहीं है । आता ही नहीं और मुझे बुखार आता है तो बुखार उतारते ही नहीं है । अब क्या भगवान इस में करे ? लांबे काल में भी वैसे ही नहीं होने देना । स्थिरमति रखना कि भगवान है । और में तो चीभड़ा खाती हूँ तो बुखार आयेगा । क्या करु ? थोड़ा खाना । छास बहुत पीती हुं तो कळतर आयेगी । बात का रोग होनेसे पैर बैर दुखेगा और बहुत चटनी खायेंगी तो माथा चडेगा, दुखेगा । इस प्रकार जो अपनी भूल से शरीर में कुछ होता है और कोई भी रीति से कुछ थोड़ा ज्यादा जो जो सुख दुःख होता है उसके लिये भगवान में स्थिरमति ही रखना । कायम स्थिरमती रखना । प्रभु मेरी बुद्धि स्थिर रखेंगे, वे मेरे लीये बहुत अच्छा ही करेंगे, खराब करेंगे ही नहीं ।

देखो दूसरी बात । कभी लड़का मर जाये, औरत मर गयी, पति मर गया, अच्छी गैया-भैंस मर गयी । ऐसा होते होते क्या होता है कि ये साला भजन भजन करते करते, सत्संग करते करते, भगवान को भजते भजते अब ये बच्चा मर गया । दुनिया कहती है ने लो तुमने उसका कंठी बांधा, उसका चेला हुआ तो तुम्हारा लड़का मर गया । तोड़ डालो कंठी, मत उसका चेला हो, इधर आ जाओ । दुसरा लड़का होगा । कई आदमीओ को, कई लोगो को, कई नारीओ को ऐसा ऐसा कहनेवाला मिलता है की तुमने उस गुरु का आश्रय किया इसलिये तुमको दु:ख आने लगा है, तो वो संसारी दु:ख है, कोई भगवान के आश्रय से दु:ख आया है ऐसा थोड़ा है ? लेकिन जगत के जीव कहेंगे की तुम दु:खी हो गये उस भगवान के आश्रय से । उस समय रखना है स्थिरामतिः ।

शास्त्रो में लिखा है, कोई गाम गिरास के लिये भगवान की भक्ति नहीं करना । कोई बाल-बच्चे मर मर जाते है तो उसके जिंदा रहने के लिये भक्ति करना और कंठी बांधना तो ऐसी शरणागति नहीं लेना कि मैं शरीर में बहुत बीमार रहता हूँ तो बीमारी चली जाये इसलिये भक्ति शरणागति नहीं लेना । कंठी बांधो, नावो, धोवो, प्रभु का पूजापाठ करो, उसकी प्रसादी जमो, उसको आनंद से सेवो और कोई तकलीफ आये तो उसमें मन पीछे नहीं पाड़ना, श्रद्धा को नहीं तोड़ना, भाग नहीं जाना । जो पतिव्रता है, जिस पति के साथे शादी हुई, पति के यहाँ धन है तो बहुत सुखी रहेगी । बंगला है, धन है वो अगर कोई काल के वेग से, वायु वेग से, पृथ्वी के वेग से, वरसाद के वेग से, अग्नि के वेग से अगर कई बंगला जल गया, कोई धन-संपत्ति जल गई तो फिर कहेगी की अब इस घर में रहकर क्या करे ? अब तो खाना ही नहीं मिलता, दरिद्र हो गये, चलो छूटाछेडा कर लो और दूसरे का शय्या अपना

ले । तो वो पतिव्रता कहाँ भाई ? वो तो स्वार्थव्रता बाई । एक में ठीक था तब तक भोगा, और वह शिथिल हो गया तो छोड़ के चली गई । वो तो स्वार्थी है । वहाँ स्थिरमित रखना ।

भगवान कहते है शरणागति में एक बात है, वो नळ राजा के साथ दमयंती निकल गयी जंगलो में, वो पतिव्रता है । रामचंद्रजी के साथ सीताजी वन में गये । कई सालो दुःख निभाये, लेकिन अंत में अयोध्या में साथ में होकर आये तो वहाँ भगवानने उसको संभाल लिया । वैसी शरणागति, इसी का नाम है स्थिरामति । जो पति के दुःखे दुःख, पति के सुखे सुख । वैसे ही भगवान की मरजी में सुख, भगवान की मरजी में दुःख । वैसी शरणागति से मंडळ बढो, और प्रभु की भक्ति करो । भगवान सब के लिये है । ब्राह्मण, क्षत्रिय, वैश्य, शुद्र और अच्छे अच्छे सब के लिये है । भगवान तो हरिजन के लिये भी है । सब के लिये है, सब भजो, सब आनंद करो, स्थिरमित रखो । तो भगवान तुम्हारे सब धन, संपत्ति, सब स्थिर रखेंगे ।

अब छठ्ठा नंबर - आनुकुलस्य संकल्पः प्रातीकुल्य विवर्जनम् । अनुकूलता विचार । भगवान को कौन सी चीज गमती है ? उसको क्या प्रिय है ? उसको कैसा प्रकार अनुकूल है ? किस रीतभात में प्रभु खुश है ? उस रीतभात में मैं रहूँ । जैसे यह प्रत्यक्ष भगवान तुम भजन करो, मूर्ति सेवो, भगवान को नैवेद्य अर्पण करके तुम खाओ-पीओ और उत्सव समैया करो और धून भजन करो । किर्तन भगवान को प्रिय है, बस उतना करो, बहुत ज्यादा नहीं कहते है । थोड़ा तो कुछ करना चाहीये । क्योंकि जीवात्मा को भगवान अपने पास रखेंगे तो पवित्र होगा तो रखेंगे । इसलिये कुळ, कपट, अन्याय, कोई अनीति, कोई किसी को दुःख देना आदि आदि नहीं

होना चाहिये । ये भगवान जीस में खुश है, ये करना चाहीये । मंदिर में सब सायंकाल में एकत्रित हो, किर्तन करो, वार्जित्र बजाओ, प्रसाद धरो, प्रसादी लो । कोई महिने, दो महिने, चार महिने अच्छे दिन आते है, तब भगवान को हार-तोरा, गजरा, फूल, पुष्प, सुगंध, जल सें इस भगवान की सेवा करो । गरमी के दिनो में भगवान को जल ठंडा मिष्ट पाओ । चोमासे में देखो भादरवा है तो दूधपाक खिलाओ, दूध-पूरी खिलाओ ।

आसो महिना है, पूनम आई है तो भगवान को रास रमाडो, भगवान को दुग्ध और पौआ और सक्कर खिलाओ । शरद ऋतु है भगवान को मजे मजे के आनंद में हिलसाओ । कार्तिक है, मागशर है, पोष है, भगवान को ठंडी तो लगती नहीं है फिर भी लगे, न लगने पावे इसलिये कंबल गरम गरम पहेनाओ । मुरब्बा खिलाओ, अच्छे अच्छे माल, गुलाबजामून खिलाओ, भगवान को अच्छे अच्छे मिष्टान्न दियो । मजे के पकवान खिलाओ और तुम प्रसादी जमो । वैसे भगवान की बारह मासो की सेवा किया करो । अनुकूल, इसका नाम है अनुकूल । भगवान को जो अनुकूल है ये होना चाहिये, भगवान को अनुकूल है तो सत्संग करो, सत्संग बढो । ज्यादा सत्संगी हो और प्रभु भजन करो, तो भगवान तुमको धाम में ले जायेंगे । नहीं तो ये दुनिया का फेल फतुर लगेगा, पाप लगेगा । जिस किसी का अच्छा बूरा करते रहोगे वो भी खराब होगा, इस का पाप भी लगेगा । तो छूटेंगे कहाँ ? मगर भगवान के लिये सब कुछ अनुकूल बर्तो तो सब छूट जायेगा । भगवान का जन्मदिन आश्विनी वदी अष्टमी, उस दिन खूब धामधूम करो । प्रभु के लिये महासमैया करो, उत्सव करो, धून करो, बालको को खिलाओ, खाओ, पीओ, ये उत्सव के दिन भोजन पानी कराके सबको आनंद कराओ । भगवान का कई अच्छे दिन आते है । उस में

समझ समझ करके अनुकूलता का काम करो । मंदिर में कदली के थंभ खड़े करो । पल्लव हरित पल्लव, लीले पल्लव से तोरण बांधो । अच्छे अच्छे कपड़े का मंडप करो । मंडप में सिंहासन करा के मूर्ति स्थापन करके बहुत भगवान की सेवा, आरती, पूजा, धून आदि आदि करो । इसका नाम है भगवान को अनुकूल रहना । अनुकूलता के अनुसार भगवान का पूजापाठ करते ही रहना । तो आनुकूल्य का वर्तन भक्त के लिये पूरा हुआ । अब प्रातिकुल्य विवर्जनम् ।

छठ्ठा नंबर मे ये भी है की भगवान कहे वैसा करना । लेकिन अपने को जो अनुकूल हो तो ये नहीं कहना, नहीं मैं नहीं करुंगा वैसे ना नहीं कहना । प्रतिकूल माने भगवान को जो गमती बात नहीं है वो प्रतिकूल । उसका वर्जन । वो जात को त्यज देना । मैं तो ऐसा नहीं करुंगा । भगवान के आश्रित हो उस के लिये कुछ नियम है । तो जो प्रतिकूल नियम है जैसे की किसी को खाने-पीने में अशुद्ध वस्तु आई, किसी को कोई अपवित्र चीज का उपयोग हुआ । ये सब प्रतिकूल है । भगवान को रुचि नहीं है । भगवान को गंदी चीज जैसे की प्याज आदि प्रभु को रुचते नहीं है । उसने बनाये है लेकिन उनको उसमें रुचि नहीं है । वैसे प्रभु को जब प्रभु की भक्ति करते हो तब प्रभु में ही अपनी क्रियाये, सेवाये, अपनी आँखे, अपना कान, अपनी भावना, ये सब प्रभु में एकत्रित होकर लगना चाहिये । तब बीच बीच में प्रभु को रख दिया एक तरफ और अपनी मित्राणी आई, ओहोहो सखी देवी रागिनी शेठाणी आपको कैसा है ? आपका बेटा-बेटी ठीक है ना ? शरीर तो अच्छा है ना ? कोई शेठिया आया, आपका व्यापार तो ठीक है ना ? कोई साहब आया, साहब सलाम, नमस्कार जय जय । चलिये अपने घर । ये प्रोसेसन चला जा रहा है लेकिन आप मेरे घर आईये । चा-पानी पीते जाईये । वहाँ से लौट जाईये । ये है प्रतिकूलता भगवान के लीये । भगवान

का काम पूरा करके करना, पूरा न करे और बीच मैं दुसरे में चला जाये तो ये प्रतिकूल का अंगीकार किया । उस अंगीकार का वर्जनम् । वो नहीं होना चाहीये । भगवान के सामने, मंदिर के सामने, जहाँ बैठे है वहाँ प्रभु को जो न गमे ऐसी चीजें नही करना । प्रभु के सामने शास्त्रो कहते है कि कई प्रकार के अपराध भी होते है । भगवान की मूर्ति के सामने किसी को हुकम से दंड नहीं देना राजा को कहा है । भगवान के पास, भगवान के सामने पैर करके नहीं सोना । भगवान के सभी प्रकार के सुख लेना । प्रभु की चीजें जहाँ तहाँ उपयोग में नहीं ले जाना । प्रभु के मंदिर में देना । मंदिर की चीजें अपने उपयोग में नहीं ले जाना, उससे करज लगता है ।

भगवान संतरुप में रहते है । भगवान और भगवान के संत जगत के कल्याणकारी है । आप सब प्रभु का भजन करना, तो प्रभु आपके लिये तैयार है । आगे आगे भक्ति में बढना और ये कही हुई शरणागति का ख्याल रखना । अब ये तो भक्त की बात कही । अब भगवान की बात, देखिये चाहे जैसा अपराधी हो, या चाहे जैसा भक्त हो फीर भी उस भक्त को भगवान अपना अपराधी नहीं गिनते है । भक्त चाहे जिस ज्ञाति का हो, भगवान उसकी अशुद्धि नहीं मानते है । भगवान का बालक वह भगवान के लिये सदा शुद्ध है, भगवान के भक्त भगवान के लिये शुद्ध ही है । भगवान की मिलकत भक्त की मिलकत एक है । भगवान का जो कुछ है वो भक्तो का ही है । आप लोग भक्त है तो सत्संग करीये, आगे आगे बढीये, कथा-किर्तन करीये और योग्य हो वैसे शास्त्र वांचीये । शास्त्रो में सभी जगह भगवान लीखे है । कही रामरुप है, कही कृष्णरुप है, कही कृष्णवल्लभरुप है, कही श्वेतायन व्यास है, कही शास्त्र करनेवाले है, कही ये बोध देनेवाले स्वयं भगवान संतरुप केसेट में बोल रहे है, तुम लोग सून रहे हो । सब कोई मूर्ति की

प्रसादी लेना, भजन करना और कंठी रखना, ओर मंत्र कहा ये रखना और सत्संग बढाना । शरणागति मंडल बढाना । मंदिर करना, सुखी होना ।

इस भगवान का अनन्य आत्मनिवेदी रह के भी भक्ति करना । आत्मनिवेदीता में कोई क्षति नहीं आने देना । और जिस किसी के बगल में चढ जाना नहीं । कोई भी आये, कैसा भी उपदेश दे लेकिन भक्ति में से, भगवान की प्रसन्नता में से हटा दे वैसा नहीं करना । बहुत मजबूत रहेना । आप लोग सब भगवान की भक्ति करनेवाले एकत्रित हुये है । इसलिये आनंद में रहना, सुख-शांति करना, प्रभु को भजना । सभी लोग प्रभु की भक्ति ही करते है । भक्ति बिना कभी उद्धार नहीं है । इसलिये भगवान भजीये, प्रभु का सत्संग करीये और आगे मरने के बाद प्रभु के धाम में जाइये । वहाँ रहीये और सुखी होइये ।

स्वामिनारायण भगवान की जय । श्रीकृष्णवल्लभाचार्यजी महाराज की जय ।
श्रीश्वेतायन व्यास की जय । श्रीहरि की जय । सब संतजन की जय ।
सब हरिभक्तो की जय । आज के उत्सव की जय ।

